

# ભુવનભાનુ એન્સાઇક્લોપીડિયા

## શ્રી શાંતિનાથ ભગવાન ભવ - ૮ થી ૧૦

### ભાગ-૩૪





# ભુવનભાનુ એન્સાઇક્લોપીડિયા

## (દિવ્ય-દર્શન પ્રવચન મહોદધિ)

શ્રી શાંતિનાથ ભગવાન ભવ-૮ થી ૧૦

## ભાગ-૩૪

◆ પ્રવચનકાર ◆

ન્યાય વિશારદ, સેંકડો ભવ્યાત્માઓના રાહબર

**પ.પૂ. આચાર્ય શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.**

◆ પ્રકાશક ◆

કુમારપાળભાઇ વી. શાહ

દિવ્યદર્શન ટ્રસ્ટ, ૩૯, કલિકુંડ સોસાયટી,

કલિકુંડ-ધોળકા, (અમદાવાદ).

# ભુવનભાનુ એન્સાઇક્લોપીડિયા (ભાગ-૩૪)

## દિવ્ય-દર્શન પ્રવચન મહોદધિ-શ્રી શાંતિનાથ ભગવાન ભવ-૮ થી ૧૦

**-: શુભાશિષ :-**

તપગચ્છભૂષણ સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્ય

**શ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજા**

**-: પ્રેરક-માર્ગદર્શક :-**

સંઘ શાસન કૌશલ્યાધાર પ.પૂ.આચાર્ય

**શ્રી વિજય જયસુંદરસૂરીશ્વરજી મહારાજા**

**-: સહાયક :-**

સરળ સ્વભાવી **પ.પૂ.પં. શ્રી પદ્મસેનવિજયજી મ.સા.**


**પ્રથમ આવૃત્તિ : ૨૫૦** **કિંમત : રૂા. ૧૫૦/-**

**વિમોચન : અષાઢ વદ-૨, વિ.સં. ૨૦૬૭, રવિવાર ૧૭-૭-૨૦૧૧**

**સુવિશાલ ગચ્છાધિપતિ જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબનો, ૭૬માં વર્ષે પ્રવેશ દિન**

**-: પ્રાપ્તિ સ્થાન :-**

| | |
|---|---|
| **દિવ્યદર્શન ટ્રસ્ટ**<br>૩૯, કલિકુંડ સોસાયટી,<br>ધોળકા, | **દિવ્યદર્શન ટ્રસ્ટ**<br>૨૯/૩૦, વાસપૂજ્ય બંગલો,<br>સેટેલાઇટ, અમદાવાદ |
| **ડૉ. હેમંતભાઇ-અમદાવાદ**<br>ફોન : ૦૨૭૯-૨૬૬૩૦૦૦૬ | **ડૉ. સંજયભાઇ-સુરત**<br>મો. ૯૮૨૫૧૨૧૪૫૫ |
| **શ્રી ભુવનભાનૂસૂરિ જૈન જ્ઞાન શાળા**<br>૩૬, જ્ઞાનમંદિર સોસાયટી,<br>નવકાર જૈન દેરાસર સામે,<br>વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭.<br>**રાહુલભાઇ** મો. ૯૪૨૭૦૩૭૪૯૧ | **શ્રેયંસ્કર અંધેરી ગુજરાતી જૈન સંઘ**<br>૧૦૬, એસ.વી. રોડ,<br>ઇર્લા-પાર્લા (વેસ્ટ),<br>ફોન : ૨૬૭૧૯૩૫૭ |

**મુદ્રક : શુભાય આર્ટસ્,**

૯૦ ફીટ રોડ, ઘાટકોપર (ઇ), મુંબઇ-૭૭. મો. ૯૮૨૦૫૩૦૨૯૯

# પ્રકાશકીય

અપ્રમત્ત, મૈત્રીભાવના સ્વામી, અનાસક્ત યોગી **પ.પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાએ** જીવોના રગેરગમાં જિનશાસનને વસાવવા, શાસન પ્રભાવનાના ઉત્કૃષ્ટ કાર્યો સાથે ચાંદનીના પ્રકાશમાં પણ, પોતાની નિદ્રાનો ત્યાગ કરી જે ચિંતનો લખેલા હતા. તે દિવ્યદર્શન ટ્રસ્ટ વતી દિવ્યદર્શન સાપ્તાહિકમાં છપાયેલા હતા.

વર્તમાનકાળમાં સકલ સંઘના કલ્યાણ અર્થે **શ્રી ભુવનભાનુસૂરિ જન્મશતાબ્દીનું નિમિત્ત પામી** જેઓશ્રીની સતત કૃપા અમારા ટ્રસ્ટ ઉપર છે એવા સુવિશાલ **ગચ્છાધિપતિ પ.પૂ.આચાર્ય શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજાના** આશિષ પામી તેમના વિનીત પટ્ટધર **પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયસુંદરસૂરીશ્વરજી મહારાજાના** માર્ગદર્શન હેઠળ તે અમૂલ્ય ચિંતનો-પ્રવચનોનો રસથાળ **''ભુવનભાનુ એન્સાઇક્લોપીડિયા''**માં સંગ્રહિત કરવાનું નક્કી કર્યું છે.

વર્ષોથી સ્વર્ગસ્થ પૂજ્યપાદ ગુરુદેવશ્રીની અનન્ય ભક્તિ-વૈયાવચ્ચ કરનાર **પ.પૂ.પંન્યાસ શ્રી પદ્મસેનવિજયજી મ.સા., પૂ. મુનિ શ્રી કાશ્યપરત્નવિજયજી મ.સા.**, તથા **પૂ. મુનિ શ્રી મૃગાંકરત્નવિજયજી મ.સા.** એ પુનઃમુદ્રણ માટે પરિમાર્જન કરી આપ્યું તે બદલ તેઓશ્રીને ખૂબ ધન્યવાદ.

આ સેટના મુદ્રણમાં જ્ઞાનખાતાનું દ્રવ્ય વાપરી સુકૃતના સહભાગી બનેલા સંઘો તથા વ્યક્તિગત લાભ લઇ સંપત્તિનો સદુપયોગ કરવા બદલ તે મહાનુભાવોના તથા ગ્રંથનું ટાઇપ સેટીંગ તથા મુદ્રણ કરનાર **શુભાય આર્ટસ્, મુંબઇ**ના અમે આભારી છીએ.

આ પુસ્તકમાં કોઇ પણ પ્રિન્ટિંગાદિ ભૂલ રહી ગયેલ હોય તો પ્રબુદ્ધજનો જણાવીને અનુગ્રહ કરશો.

**કુમારપાળભાઇ વી. શાહ**

## -: સુકૃત અનુમોદન :-

પ.પૂ. મુનિરાજ

**શ્રી અનંતયશવિજયજી મ.સા.**ના પર્યુષણ

પર્વની આરાધનાની અનુમોદનાર્થે

**શ્રી શાંતિ-સુધા પાર્ક જૈન સંઘે**

**(ઘાટકોપર-ઇસ્ટ), મુંબઇ**

જ્ઞાનનિધિમાંથી આ પુસ્તક

પ્રકાશનમાં સદ્વ્યય કર્યો છે.

# ધન્યવાદ !



વર્ધમાન તપોનિધિ સંયમદાતા...
આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા...

હે ગુરુદેવ! ગુણ તારા આકાશે ને થોડું મારું જ્ઞાન... કેમ કરી ગાવા મારે તારા ગુણગાન...
...જેમના ગુણોની ઊંચાઈ માપવા જેટલી શક્તિ નથી છતાંય ચર્મચક્ષુથી જે જે ગુણોના દર્શન થયા છે તે ગાવા માટે મારી જાત આજે ધન્ય બની છે. કેવા હતા પરમવૈરાગી ત્યાગી, તપસ્વી, સંયમી, જ્ઞાની ગુરુદેવ જેમનો (૧) સ્વાધ્યાયનો પ્રેમ અજબ ગજબનો. શિષ્યવર્ગને સતત સ્વાધ્યાયમાં લીન રાખતા રાત્રે પણ પાઠ કરવાનો આગ્રહ રાખતા હતા જાતે સ્વયં જિનશાસનના આગમ ગ્રંથોનું ચિંતન કરી ચંદ્રના પ્રકાશમાં બેસી રાતોની રાત લેખન કાર્ય કરી... જીવોને પ્રતિબોધ કરવા દિવ્યદર્શન... માસિક દ્વારા સતત પ્રેરણા કરતા રહ્યા.
(૨) સંયમજીવનનો પ્રેમ અદ્ભુત હતો. નિર્દોષ ગોચરી, જયણા માટેનો આગ્રહ. ક્રિયાસૂત્રોની આંતરપ્રીતિ જીવનભર જાગૃત રહી

….. નિષ્કારણ કોઈ સિ. માં વિહાર ન કરવો એવી તેમની ભાવના. ગ્લાન કે વૃદ્ધોની સમાધિ માટેની સતત કાળજી રહી.

(૩) જેમનો દર્શનાચાર પ્રભુભક્તિ તેમના જીવનનો પ્રાણ હતો. જે અંતરંગની પ્રભુની ભક્તિમાં સાક્ષાત્ દૃશ્યમાન થતો હતો. પ્રભુજી આવ્યા, બિરાજ આવ્યા... દર્શન ગાતી વખતે જાણે કે.. પૂજ્યશ્રી પ્રભુને આવતા નિહાળી રહ્યા છે. તેમ જણાતું. છેલ્લા વરસોમાં ભલે બેઠી સ્થિતિમાં હતા.. પરમાત્માને ઊભા-ઊભા ખમાસમણા આપવાનો જ તેમનો આગ્રહ રહેતો હતો. સ્વતિથિના ચૈત્યપરિપાટી પણ.. કરતા હતા.

તપનો પ્રેમ..: આહાર ગોચરી વાપરતી વખતે શક્ય માત્રામાં ઓછાઈ વપરાઈ જાય. તો કહે.. સાધુઓ! ગઈકાલે રાતે તમે ધન્ના અણગારની સજ્ઝાય સાંભળી હતી? ગુરુદેવ! કંઈ લક્ષમાં અસર થઈ ખરી! છઠ્ઠને પારણે છઠ્ઠ. અને પારણે આયંબિલ..!! કમાલ! આ વાતનો વિચાર કરતા.. મારા રોમે [illegible] ગયો ત્યારથી મેં આજીવન મિઠાઈનો ત્યાગ કર્યો છે

... શાસ્ત્રપ્રેમ, કેવો અજબ !

અમયચંદની સમદ્રષ્ટિ પરમતત્વ જેવા
અનેક ગ્રંથોના સર્જન દ્વારા જૈનશાસનને
અણમોલ ભેટ ધરી. જેના પાને પાને
વૈરાગ્ય નીતરતો દેખાય છે.

વૈરાગ્ય નીતરતી દેશના દ્વારા
~~મુ...~~ આચાર્યો, ~~[illegible]~~ તથા મુનિઓને
~~[illegible]~~ તૈયાર કરીને શાસન સોંપ્યા. કુમારપાળ જેવા
શાહ જેવા શ્રાવકોને જિનશાસનના
ગગનમાં ચમકતા કરી દીધા.

જેમની પાટે સૌમ્યમૂર્તિ મહાપ્રતાપી
વાત્સલ્યવારિધિ પ.પૂ. ગચ્છાધિપતિ શ્રી
આચાર્યદેવ શ્રીમદ્ વિજય ... સૂરીશ્વરજી મ.સા.ને
સ્થાપીને સમુદાયને સદાય ઉજાગર
રાખ્યા છે.

આ ટોચ સમય યુગો સુધી
ઉજાગર રહેશે ભુવનભાનુના અજવાળાં.

દ.
પ.પૂ.પં. ચન્દ્રશેખરવિજયજી
શિષ્યાણુ ...

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પે.નં. |
|---|---|---|
| ૧. | વજ્રાયુધની બે વિદ્યાધરને ભવિષ્યવાણી | ૮ |
| ૨. | દેવતાઇ ઉપદ્રવ સામે વિદ્યાધરો | ૧૭ |
| ૩. | કનકશક્તિ મુનિને કેવળજ્ઞાન | ૨૪ |
| ૪. | વજ્રાયુધ મુનિ વાર્ષિક પ્રતિમામાં | ૩૨ |
| ૫. | સહસ્રાયુધ રાજાને વૈરાગ્ય | ૪૯ |
| ૬. | હરિવંશનો ઉદ્‌ગમ | ૬૦ |
| ૭. | શ્રી શાંતિનાથ ભવ ૧૦ મો મેઘરથ-દૃઢરથ | ૬૮ |
| ૮. | શાંતિનાથ ૮ મા ભવનું પુનઃસ્મરણ | ૭૫ |
| ૯. | સુરેંદ્રદત્તની હાર : મેઘરથની શિખામણ | ૮૩ |
| ૧૦. | કૂકડાની લડાઇ | ૮૫ |
| ૧૧. | વિદ્યાધરોનો પૂર્વભવ | ૯૩ |
| ૧૨. | અભયઘોષ-પૃથ્વીસેનાનું લગ્ન | ૧૦૦ |
| ૧૩. | અભયઘોષને વૈરાગ્ય વૃદ્ધિ | ૧૨૮ |
| ૧૪. | અભયઘોષ એ જ મહારાજા ઘનરથ | ૧૬૪ |
| ૧૫. | ધનિક વાણિયાની ક્રૂરતા | ૧૭૬ |
| ૧૬. | લોકપ્રિય થવાની ચાવી | ૧૯૪ |
| ૧૭. | મેઘરથરાજા ઉદ્યાનમાં : ભૂત સંગીત | ૨૧૦ |
| ૧૮. | રાજા સિંહરથ સમવસરણનાં દર્શને | ૨૧૯ |
| ૧૯. | સિંહરથ દર્શન બાદઃ વિમાનને સ્ખલના | ૨૩૬ |
| ૨૦. | મેઘરથ ખુલાસો કરે છે | ૨૩૯ |
| ૨૧. | 'સંવેગ' એટલે ? | ૨૪૮ |
| ૨૨. | રાજગુપ્તનો મહાત્માને સવાલ | ૨૫૫ |
| ૨૩. | ધનાજીની હરામનું ન ખાવાની ટેક | ૨૫૬ |
| ૨૪. | ધર્મમાં વિકાસ કરવાનો એટલે શું કરવાનું ? | ૨૭૬ |
| ૨૫. | ધર્મશ્રદ્ધા એટલે ? | ૨૭૯ |
| ૨૬. | પાપાનુબંધો તોડવાના ઉપાય | ૨૮૩ |
| ૨૭. | જો જો દુર્બુદ્ધિઓમાં શું શું આવે ? | ૨૯૧ |

**પાપકથાનું ધર્મીની નિંદાનું બોલીને સામાની ભાવકત્લ જ કરી ને ?**

ધર્મના ભાવ, શ્રદ્ધાનો ભાવ, ધર્મ-પ્રવૃત્તિનો ભાવ એ ભાવપ્રાણ છે, ભાવજીવન છે, પાપકથાથી એની કત્લ થાય છે, નાશ થાય છે.

કોઇના સમ્યગ્દર્શનનો ભાવ મોળો પાડનારી, ત્યાગનો-તપસ્યાનો ભાવ, સમ્યગ્જ્ઞાન-પ્રાપ્તિનો ભાવ, સમ્યગ્જ્ઞાનના બહુમાનનો ભાવ, બ્રહ્મચર્ય સદાચાર ને સંયમનો ભાવ, મોળો પાડનારાં વચન એ પાપકથા છે. ત્યાં વિચાર નથી કે 'બીજાના રાગદ્વેષ હું ઘટાડી તો શકતો નથી, પરંતુ કમમાં કમ બીજાના રાગદ્વેષને વધારનારો તો ન બનું ?''

**મુખ છે માટે બોલ્યા કરવું એ લાકડી છે માટે ફેરવતા ચાલવા જેવું છે.**

શું 'મુખમસ્તીતિ વક્તવ્યમ્' શું મોઢું મળ્યું છે માટે બોલ બોલ જ કરવું ? ગમે તે ગમે તે બોલવું ? એ તો શેના જેવું છે ? હાથમાં લાકડીવાળો રસ્તે ચાલતો લાકડી આડી અવળી ગમે તેમ ફેરવતો ચાલે, એના જેવું છે. અલ્યા ! પણ લાકડી કોઇક રસ્તે ચાલતાને વાગશે તો ?' એમ કોણ એને કહે ? કિન્તુ હજી એને વારનારા મળે છે, પરંતુ નિંદા-વિકથા-કુથલી-પાપકથા કરનારને કોઇ વારનારું ટોકનારું જ મળતું નથી ! કેમકે લગભગ સૌને આવું સાંભળવાની કુટેવ છે, સાંભળવાનો રસ છે. પછી કોણ કોને રોકે-ટોકે ?

**લબાડ જ બીજાની લબાડી જુએ : સારાથી પીક્ચર ન જોવાય :-**

પિકચર ટી.વી. માં જોનારા સૌ પરસ્ત્રી જોવાના લંપટ, તે ડોળાં ફાડીને તાકી તાકીને પરસ્ત્રીનો અંગોપાંગ જોનારા કોને કોણ ટોકે ?' કે 'ચાલ્યા આર્ય સજ્જન માનવથી પરસ્ત્રીના અંગો સામે ન જોવાય. એ તો અનાર્ય દુર્જન માણસોનાં કામ કે પરસ્ત્રીઓના અંગો જોઇ ખુશી થાય. સારા માણસોથી લબાડી જોવાય ? એ તો લબાડ માણસો કે જે બીજા હલકા નરનારીની લબાડી અને બિભત્સ ચેનચાળા જુએ. સારા માણસથી બીજા નાગડાઓની લબાડ રમત ન જોવાય.' પરંતુ આજે આની સૂગ જ નથી રહી. મનની મોજ માની એ નથી જોવું કે 'મોજ નિર્દોષ જોઇએ ? કે દોષ ભરી ? પછી તો વેશ્યાગીરીવાળો ય મનની મોજ કહે છે તો એનો ય વાંધો નહિ એમ ને ?

યુગ ભયંકર આવ્યો છે, ભયંકર બનાવી દીધો છે, રાગદ્વેષ તે પણ તીવ્ર સંક્લેશભર્યા રાગ-દ્વેષ વધારનારાં સાધન અને રાગદ્વેષ વધારનારી વિકથા-પાપકથા-

કુથલી અને પિકચર-ટી.વી., રિસેપ્શન કલબ, વગેરે વગેરેની પ્રવૃત્તિ બેફામ વધી ગઇ ! આમાં ક્યાં જાગૃતિ-સાવધાની રહે કે ''તહ તહ પયટ્ટિયવ્વં જહ જહ રાગદ્દોસા વિલિજ્જંતિ'' અર્થાત્ તેવી તેવી રીતે પ્રવર્તવું કે જેથી રાગદ્વેષ ઘસાતા આવે ઘટતા આવે ?

**નરદમ રાગદ્વેષ પોષનારાં જીવન એ માનવના જીવન ? કે જનાવરનાં ?**

વાત એ ચાલી હતી કે પ્રભુને કરાતા અભિષેક પૂજામાં વૈરાગ્ય વધે છે, કષાયો મોળા પડે છે, સમ્યકત્વ ચળકે છે, હિંસાદિ-પાપયોગો પર ઘૃણા થાય છે. વીતરાગને અભિષેક છે તેથી રાગાદિની ઘૃણા થાય. વૈરાગ્ય જાગે, વૈરાગ્ય પોષાય. એમ 'પ્રભુ કષાયોનો નાશ કરી જગતના નાથ બન્યા છે માટે એમને હું અભિષેક કરું છું,' એ ભાવથી કરાતા અભિષેક દ્વારા કષાય તરફ નફરત છૂટે, ને એમ રોજ ને રોજ કરાતાં પોતાના જીવનમાંથી કષાયો ઓછા કરવાની જાગૃતિ આવે, ઉત્સાહ વધે.

એમ અભિષેક કરતાં ''હું આ ત્રણ જગતના ચક્રવર્તીને અભિષેક કરું છું. એ દયાના સાગર પ્રભુ ત્રણ ભુવનના જીવોના નાથ છે એવા આ પ્રભુને અભિષેક કરવાનું સૌભાગ્ય મને મળે ક્યાંથી ? ધન્ય ઘડી ! ધન્ય પળ ! પ્રભુ તમારા વિના મારો કોણ નાથ છે ? કર્મના જુલ્મો વરસી રહેલા આ વિરાટ વિશ્વમાં તમારા વિના કોણ મારો બેલી ? કોણ શરણ આપી શકનાર ? પ્રભુ તું હી તું હી...'

સતી જેમ સમર્થ પતિને આ ભાવથી માથે ધરે અને એના પર અપરંપાર પ્રીતિ ધરે, બહુમાન ધરે, એમ પ્રભુને અભિષેક આ ભાવથી રોજ ને રોજ કરાતો રહે, તો એથી પરમાત્મા પર ભારોભાર પ્રેમ ઊલ્લસે, બહુમાન ઉછળતું રહે.

મોટા ઇન્દ્રો જન્માભિષેક ઊજવતાં સ્વર્ગના આનંદ કરતાં કેઇ ગુણો આનંદ શી રીતે અનુભવતા હશે ? પોતાના અંતરમાં એવા જ ભાવો જગાવવાથીસ્તો. અંતરમાં ઉછળતી ભક્તિ, ઉછળતું બહુમાન અને પ્રભુ પ્રત્યે અનન્ય શરણભાવ, એમને અભિષેક કરતાં અપાર આનંદનો અનુભવ કરાવે છે. એ સમજે છે કે 'સ્વર્ગના વિષયોનો આનંદ ઉન્માદના ઘરનો છે, ત્યારે આ અભિષેકનો આનંદ આત્માની શાંત-સૌમ્ય અવસ્થાનો છે.

આ અભિષેકનો અપાર આત્મિક આનંદ ક્યારે ઉઠ્યો ? સ્વર્ગના વિષયસુખો તુચ્છ લાગ્યા, ઉન્માદકારક લાગ્યા, મારક લાગ્યા, ત્યારે એ અપાર આત્મિક આનંદ ઊઠ્યો, વિષયો મારક લાગ્યા, એટલે કહો, વિષયોનો આંધળો રાગ રહ્યો ? ના,

**આંધળા રાગવાળાને વિષયો મારક શાના લાગે ?**

કુલટા નારીમાં અંધ બનેલાને એ નારી મારક નથી લાગતી ! એ તો પ્રાણથી અધિક પ્રિય અને મહાવિશ્વાસપાત્ર લાગે છે ! હા, જે સાવધાન હોય પણ વાસના જેને પીડતી હોય તેથી એના પર જેને રાગ થઇ જતો હોય એ સમજે છે કે 'આના પર રાગ ખોટો છે, એક દિ' મને આ કેવો ધોખો દેશે ! એનો પત્તો નહિ. પરંતુ શું કરું વાસનાથી મરી રહ્યો છું તેથી આને છોડી શકતો નથી. બાકી સાવધાન છું ક્યારે મોકો મળે અને ક્યારે આનો પલ્લો છોડું. આ શું કર્યું ? કુલટા પર રાગ ખરો પણ આંધળો રાગ નહિં.

એમ સમકિતી ઇન્દ્રો, દેવો, ને દેવતાઇ વિષયો ઉન્માદકારી ને મારક લાગે છે, તેથી એના પર આંધળો રાગ નથી. એટલે એને છોડી શકતા નથી એમાં પોતાની નબળાઇ સમજે છે, બાકી સાવધાન છે. પહેલી તકે એને છોડવા જેવા સમજે છે. એમાં વાસ્તવિક આનંદ એ માનતા નથી, સમજતા નથી. તેથી જ જિન-જન્માભિષેકમાં અપાર આત્મિક આનંદ અનુભવે છે. જિનેશ્વર ભગવાનને ભગવાન અરિહંત દેવને ઓળખ્યા છે કે 'એમણે સ્વયં રાગાદિ કષાય મૂક્યા છે, અને ભક્તોને રાગાદિ કષાયો જાલિમ હોવાનું સમજાવી એમની પાસે પહેલાં આંધળા રાગાદિ કષાયો મુકાવનારા છે. એ રીતે અરિહંતને ઓળખ્યા એટલે એમના અભિષેકનાં અપાર આનંદ કેમ ન અનુભવે ? આ શું સૂચવે છે ?

**અરિહંતની સાચી ઓળખ ત્યારે જ થાય કે રાગાદિ કષાયો જાલિમ લાગે. અંધ રાગાદિ મરે.**

**અંધ વિષયરાગ કેવા હોય ?**

તો જ વિષયોના અંધરાગ ન હોય તો એના આનંદ કરતાં અરિહંતને અભિષેકાદિ-ભક્તિનો કેઇ ગુણો ખરો આનંદ આવે. બાકી તો જેને વિષયોના અંધ રાગાદિ હોય એટલે કે વિષયો ગુણકારી હિતકારી સર્વસ્વ જ લાગ્યા કરે એમ લાગે. પછી વિષયો પર રાગ કરવામાં કશો ગુન્હો જ ન લાગે ! કશું ખોટું જ ન લાગે ! ત્યાં એને મન અરિહંતે વિષય-રાગાદિ તોડ્યાની કશી વિશેષતા ન લાગે, અરિહંતે વિષયરાગ તોડવાનો ઉપદેશ કર્યાની કશી વિશેષતા ન લાગે. ઊલટું એને એ બધું અજુગતું-ગેરવાજબી-વાહિયાત લાગે છે. આમાં અરિહંતને ક્યાં ઓળખ્યા ? માટે કહો, ''ક્રોધાદિક સહુ શત્રુ વિનાશી, તેણે ઓળખ્યો તુજને.'' અરિહંતને કરાયેલ

આ કવિની સ્તુતિ યથાર્થ છે. ક્રોધાદિ-ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ વગેરે અંધરૂપના હોય એનો નાશ કર્યો ત્યારે અરિહંત ભગવાનની ઓળખ થઇ.

આ પરથી સમજાય એવું છે કે 'અરિહંતની ઓળખ થયા પછીથી આંધળા રાગાદિ કષાયો નાશ પામે' એમ નહિ, પરંતુ 'પહેલાં આંધળા રાગાદિ કષાયો નાશ પામે પછી જ અરિહંતની ઓળખ થાય.' તેથી અરિહંતની ઓળખ કરવા માટે આંધળા વિષય રાગાદિ કષાયોનો નાશ કરવો જોઇએ.

ત્યારે બોલો, અંધ વિષયરાગ નાશ પામે એટલે વિષયો કેવા લાગે ? હિતકર કે અહિતકર ? મારક કે તારક ? ઘૃણાસ્પદ લાગે કે રળિયામણા ? ઝટ પૂછશો,

**ઘૃણાસ્પદ વિષયોને અડે શું કામ ? :-**

પ્ર.-વિષયો વિષ્ટા જેવા ઘૃણાસ્પદ લાગે તો તો પછી એને અડે જ શું કામ ? છોડી જ ન દે ?

ઉ.-એવો નિયમ નથી કે વસ્તુ ઘૃણાસ્પદ લાગી એટલે માણસ એને અડતો જ નથી. ભંગીને પૂછો મેલું સાફ કરે છે. તે ઘૃણાસ્પદ નથી લાગતું ? લાગે છે છતાં કેમ એને અડે છે ? લાચાર છે, પેટિયું એના પર છે. શું માણસ પોતે પોતાની જ અશુચિને અડીને સાફ નથી કરતો ? કરે જ છે છતાં ઘૃણાસ્પદ નથી લાગતી ? લાગે જ છે. તો પછી શું કામ અડે છે ? પણ શું કરે ? છુટકો નથી, મોટો શેઠિયો હોય તો ય થોડો જ નોકર પાસે સાફ કરાવે ? માણસ પાયખાનામાં જાય છે. તે પાયખાનું પણ શું રળિયામણું લાગે છે ? કે ઘૃણાસ્પદ ? જો રળિયામણું લાગે છે. તો તો કલાકો સુધી એમાં મોજથી બેસી જ ન રહે ? પણ ના, રળિયામણું નહિ, કિન્તુ ઘૃણાસ્પદ જ લાગે છે. છતાં લાચારી છે, એટલે શરીરની અશુચિ કાઢવા જવું પડે છે.

બસ, વિષયના વૈરાગ્યવાળાની આ સ્થિતિ છે. એને વિષયો અંતરથી રળિયામણા નહિ, અંતરથી ઘૃણાસ્પદ જ લાગે છે, છતાં એવા ય વિષયો અવિરતિના કર્મને વશ વાસનાને વશ એને સેવવા પડે છે. એટલે જ તાકાત વધી જતાં એ વિષયોને લાતે ફગાવે છે.

ઇન્દ્રોને પ્રભુના અભિષેકમાં સ્વર્ગીય વિષયોના સુખો કરતાં કેઇ ગુણો આનંદ કેમ આવે છે ? આટલા જ માટે, કે સ્વર્ગીય સુખો દેવતાઇ વિષયો એને ઘૃણાસ્પદ લાગે છે, ત્યારે જિન-અભિષેક મહારમણીય લાગે છે. મોટા ઇન્દ્રોનો

કેવો ઊંચો વિષય-વૈરાગ્ય ! તો જ એ વિષયોમાં જે આનંદનો અનુભવ નહિ, એવા અપાર આનંદનો અનુભવ તીર્થંકર ભગવાનના જન્માભિષેકનો અનુભવે છે.

**વિષય-વૈરાગ્ય એટલે વિષયો ઘૃણાસ્પદ લાગે.**

આ વ્યાખ્યા બરાબર મનમાં કોતરી રાખો, પછી પણ વિષયો પર રાગ થઇ આવશે ખરો, કિન્તુ એમાં પોતાના આત્માની મૂઢતા દેખાશે, મનને ખટકો થશે કે 'આ હું કોના પર રાગ કરી રહ્યો છું ? ઘૃણાસ્પદ માનેલા વિષયો પર ? કેવી મારી મૂર્ખતા !' એમ જાતને મૂઢતા લાગ્યા પછી વિષયો પરનો રાગ સનેપાતનો ચાળો દેખાશે.

વાત આ હતી કે-

વજ્રાયુધ ચક્રવર્તી અવધિજ્ઞાનથી જોઇને પેલા બે વિદ્યાધરોને કહે છે કે 'આ શાન્તિમતી તીર્થંકર ભગવાન પાસે ચારિત્ર લઇ રત્નાવલિ વગેરે તપ તપી અંતે અનશનથી પંડિત મરણ પામી ઇંદ્ર થશે.'

ઇન્દ્ર એટલે પોતાના જીવનકાળમાં અસંખ્ય તીર્થંકર ભગવાનના મેરુ પર જન્માભિષેક ઉજવનાર ! અને એમાં અપાર આનંદ અનુભવનાર ! આ જિનભક્તિ ક્યાંથી આવી ? પૂર્વભવે જિનભક્તિ-બહુમાન અવર્ણનીય અનુભવ્યા વિના આવે ? ત્યારે અહીં પૂછવાનું મન થશે કે

**તામલિને ક્યાં જિનભક્તિ :-**

પ્ર.-તો પછી તામલિ તાપસે ક્યાં જિનભક્તિ બહુમાન રાખ્યા હતા ? કેમકે એમને તો જિનશાસન જ મળ્યું નહોતું. છતાં એ ઇશાનેન્દ્ર થયેલ છે ને ?

ઉ.-આ અપવાદનો દાખલો સમજવો. રાજમાર્ગે પૂર્વભવે અપરંપાર જિનભક્તિ-બહુમાન લાવે તો જ ઇન્દ્ર બને છે, ને ત્યાં જિન-અભિષેક ભક્તિ નાચી-નાચીને કરે છે. તામલિ તાપસના દાખલાને અપવાદિક ન ગણીયે તો ય એને વિષય-વૈરાગ્ય એટલો બધો જ્વલંત હતો કે દેવલોકની ઇન્દ્રાણીઓ એને લલચાવી એમના સ્વામી ઇન્દ્ર બનવાનું નિયાણું કરાવવા આવેલી એમને અવગણી નિરાશ કરી પાછી વાળેલી. આ એક જ વિચાર પર, કે-

'જે આ સાઠ હજાર વરસના તપથી, વિષય-વૈરાગ્યની પરાકાષ્ઠાએ વીતરાગ બની મોક્ષ પમાય, અને જન્મ-મરણની ગોઝારી પરંપરા તૂટે એ આ તપથી અસાર અને નાશવંત વિષય સુખો માગું ? અને વીતરાગ બની મુક્ત થવાનું ગુમાવું ? છટ્.'

આ શું છે ? વીતરાગતાની શુદ્ધ ધગશ. એમાં વીતરાગ પર અપાર ભક્તિ-બહુમાન ગર્ભિત પડેલા છે. વીતરાગતા પર બહુમાન એટલે વીતરાગ પર બહુમાન. તામલિને આમ ભલે તીર્થંકર તરીકે તીર્થંકર નહોતા મળ્યા, પરંતુ વીતરાગ મલી ગયા હતા, પૂછો-

પ્ર.-મિથ્યા ધર્મમાં વીતરાગ હોય ?

ઉ.-ખરેખર વીતરાગ ન હોય, કેમકે ત્યાં વીતરાગ બનવાની સાચી પ્રક્રિયા નથી. પરંતુ વીતરાગ આદર્શ તરીકે માન્ય હોય, કેમકે ઇન્દ્રિયોના વિષયોને એ ભૂંડા માની એમાંથી ઇન્દ્રિયોનો પ્રત્યાહર-વિકર્ષણ કરવાનું માને, એટલે વિષયોનો રાગ ત્યાજ્ય જ માનતા હોય. આમ તામલિની નજર સામે વીતરાગ આદર્શ તરીકે હોઇ એને થતું વીતરાગતા પર બહુમાન એ વીતરાગ પર બહુમાન ગણાય. અલબત એને વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર નથી મળ્યા એટલી ખામી છે. તેથી સર્વજ્ઞ-વચન પર અનન્ય શ્રદ્ધા સ્વરૂપ સમ્યક્ત્વ એને નથી મળ્યું પરંતુ વીતરાગ પરનું બહુમાન તામલિને ઇન્દ્ર બનતા વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર ભગવાનની ઓળખ થવાથી હવે વીતરાગ તીર્થંકર પ્રભુ પર અતિશય બહુમાન-ભક્તિ લઇ આવે, અને જિન-જન્માભિષેકમાં અપાર આનંદ પ્રગટાવે એ સહજ છે. સવાલ થાય.

**'ભક્તિ' નો સાચો અર્થ :-**

પ્ર.-તામલિએ ૬૦ હજાર વર્ષ ઘોર તપસ્યા કરેલી એમાં વીતરાગની ભક્તિ ક્યાં કરી હતી ?

એમ સીતાજી ઇન્દ્ર થયા તે એમણે તો દિવ્ય કર્યા પછી તરત જ ચારિત્ર લીધેલું, તો એમણે ય વીતરાગ અરિહંત ભગવાનની ભક્તિ ક્યાં કરી હતી ?

ઉ.-આ સવાલ 'ભક્તિ' પદાર્થના ટૂંકા ખ્યાલને લઇને થાય છે. 'ભક્તિ' એટલે માત્ર સારાં દ્રવ્ય જળ-ચંદન-પુષ્પ-આભરણ વગેરેથી પૂજા કરવી એટલું જ નથી, એ તો દ્રવ્યભક્તિ છે. એ તો

(૧) દિલમાં વિષયોનો જ પ્રેમ હોય તેથી એની લાલચે પણ એ ભક્તિ થાય. એમાં દિલમાં ખરેખર પ્રેમ-બહુમાન વિષયો પર છે, કિન્તુ વીતરાગ પર નહિ. એમ.

(૨) એક બાજુ વીતરાગની દ્રવ્યભક્તિ તો કરે, પરંતુ, બીજી બાજુ વીતરાગની આજ્ઞાની પરવા ન કરે એમ બને, ત્યાં પણ હૈયામાં વીતરાગ પર બહુમાન ન રહ્યું. તો એવી કોરી લુખ્ખી-સુક્કી દ્રવ્યભક્તિની શી કિંમત ?

વ્યવહારમાં પણ દીકરો બાપની સારાં સુખસગવડના સાધનથી ભક્તિ કરતો હોય પરંતુ (૧) બાપને લલચાવી બાપ પાસેથી મોટી મિલકત પડાવી લેવા માટે કરતો હોય, અથવા (૨) બાપની આજ્ઞા ન માનતો હોય, તો એની ભક્તિ કર્યાની શી કિંમત ?

અહીં પ્રશ્ન થાય,

**તામલિ તાપસને જિનાજ્ઞાપાલન ક્યાં ? :-**

પ્ર.-તામલિ તાપસે વીતરાગ અરિહંતની આજ્ઞાનું પાલન ક્યાં કરેલું ? એમને વીતરાગ અરિહંત પ્રભુનું શાસન તો મળેલું નહિ.

ઉ.-વાત સાચી એને જિનશાસન મળેલું નહિ, પરંતુ એ શાસનની એટલા બધા નિકટ હતા કે એમને એથી એવું ઇશાનેન્દ્રપણું મળ્યું કે ત્યાં તરત જિનશાસન મળી ગયું. ઇન્દ્રને નિર્મળ અવધિજ્ઞાન ખરું ને ? એ અવધિજ્ઞાનથી દેખી લીધું કે જગતમાં વાસ્તવિક ધર્મ કોનો ? વાસ્તવિક સત્ય તત્ત્વો કહેનાર કોણ ? વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર ભગવાનનો ધર્મ જ વાસ્તવિક છે, સત્ય તત્ત્વો કહેનાર એ જ તીર્થંકર ભગવાન છે, આમાં એને સમકિત પામતાં કેટલી વાર ? ત્યાં વીતરાગ અરિહંત ભગવાનની આજ્ઞાનો ભગવાનનાં વચનોનો સર્વેસર્વા સ્વીકાર આવી ગયો. એટલે,

**સમકિતની અત્યંત નિકટ સ્થિતિ તામલિ તાપસના તીવ્ર મોક્ષરાગ અને ઉત્કટ વૈરાગ્યમાં હતી.**

સમકિતની અત્યંત નિકટ સ્થિતિમાં વ્યવહાર થાય કે એ વીતરાગની આજ્ઞાના પાલનમાં આવી ગયો, એને એ ઉત્કટ વૈરાગ્ય સાથેનો મહાતપ હતો એને વીતરાગભક્તિ કહેવાય. જ્યારે,

વીતરાગપ્રભુની લાખ રૂપિયા ખરચી આંગી અંગરચના કરતો હોય છતાં જો વીતરાગની આજ્ઞાનો વિરોધ કરતો હોય, તો એની એ દ્રવ્યભક્તિ વાસ્તવમાં પ્રભુભક્તિ જ નથી, કેમકે અંતરમાં પ્રભુવચન સર્વેસર્વા માન્ય, પ્રભુ સર્વેસર્વા માન્ય, એ વસ્યું જ નથી.

એમ, દ્રવ્યભક્તિ કરીને દુન્યવી સુખની જ તીવ્ર આશંસા રાખે, તો એ પણ વાસ્તવમાં ભક્તિ જ નથી.

વાસ્તવમાં વીતરાગ અરિહંત પરમાત્માની ભક્તિ (૧) અંતરથી જોઇએ, તેમજ (૨) વિષયોની લાલસા કે આશંસા વિનાની શુદ્ધ જોઇએ. સાથે (૩) પૂજ્યની

આજ્ઞા પર અતિશય શ્રદ્ધા બહુમાનવાળી જોઇએ.

**આવી ભક્તિ પરાકાષ્ઠાએ આજ્ઞાના સર્વાંશે પાલનમાં પર્યવસાન પામે.** અર્થાત્ આજ્ઞાનું સર્વોત્કૃષ્ટ પાલન એ સર્વોચ્ચ ભક્તિ.

આ પરથી સમજાશે કે તામલિને તીર્થંકર ભગવાન નહિ મળેલ પરંતુ તીર્થંકર ભગવાનની એક મહાન આજ્ઞા 'વિષયરાગ છોડી વિષયત્યાગ કરીને કઠોર તપસ્યા કરવાની.' તેનું તામલિએ સુંદર પાલન કરેલું એ ખરેખર વીતરાગની ભાવ-ભક્તિ જ છે. એમ સીતાજીએ ચારિત્ર પાળ્યું એ પણ તીર્થંકર ભગવાનની સર્વ પાપ-ત્યાગની મહાન આજ્ઞાનું સુંદર પાલન કર્યું એ પણ ભગવાનની ઉચ્ચ ભાવભક્તિ જ છે. એમ ઇન્દ્રના પૂર્વ ભવે ઉચ્ચ કોટિની ભાવથી વીતરાગ ભક્તિ સીતાએ સાધેલી, તે પછીના ભવે ઇન્દ્રપણે ભક્તિ જિન-જન્માભિષેકમાં સાકાર બની.

**વજ્રાયુધની બે વિદ્યાધરને ભવિષ્યવાણી :-**

વજ્રાયુધ ચક્રવર્તી અવધિજ્ઞાનથી જોઇ 'વિદ્યાધર કન્યા શાન્તિમતી ચારિત્ર લઇ સુંદર તપ સાથે પાળી ઇન્દ્ર થશે એમ કહે છે. બાકી બે વિદ્યાધરોને કહે છે 'તમે બંને પણ ચારિત્ર લઇ કર્મક્ષય કરી કેવળજ્ઞાન અને મોક્ષ પામશો.'

''ઇન્દ્ર થનાર શાન્તિમતી ઇન્દ્ર બન્યા પછી જે પોતાનું પૂર્વ શરીર ઘોર તપસ્યાથી પવિત્ર અને કૃશ કરી મૂકેલું તે તપસ્વી શરીરનો અહીં નીચે આવી સત્કાર કરશે, એટલે લોકો દેવતા દ્વારા તપસ્વી માણસના શરીરનો સત્કાર કરાતો જોઇ તપ માટે વિશેષ ઉત્સાહવાળા બનશે.''

વજ્રાયુધ ચક્રવર્તીની ભૂત-ભવિષ્યની વાણી સાંભળી સભા એમનું દિવ્યજ્ઞાન જોઇ ચકિત થઇ ગઇ ! 'અહો ! અહો !' ને વાહ વાહ કરે છે. 'અહો ! અહો ! કેવું અદ્ભુત જ્ઞાન ! વાહ વાહ કેવા જ્ઞાની આપણા ચક્રવર્તી !'' આશ્ચર્ય અને હરખ માતો નથી.

જ્ઞાનીની બલિહારી છે. એ જ્ઞાની અલબત દુનિયાનો એવા પદાર્થ ને એવા તત્ત્વોનો પ્રકાશ આપે છે કે એથી દુનિયા દેખતી થઇ જાય છે, હિતાહિતના માર્ગ સમજતી થાય છે. એને એ વખતે જાણે કોઇ નિધાન દેખાઇ ગયું ! એવો આનંદ થાય એમાં નવાઇ નથી.

**ધન કરતાં જ્ઞાન કેમ કિંમતી ? :-**

વસ્તુની કદર જોઇએ. એક બાજુ ધન મળે, ને બીજી બાજુ ધન બનાવવાનો

કીમિયો કે મંત્રવિધિ મળે તો એમાં વધુ આનંદ ક્યાં થાય ? કીમિયાનું કે મંત્રવિધિનું જ્ઞાન મળવામાં જ વિશેષ આનંદ થાય ને ? કેમ ? સમજે છે કે 'આનાથી તો ઘણું ઘણું ધન બનાવી શકીશ ને તે પણ જ્યારે જોઇએ ત્યારે !' ત્યારે, કોણ કિંમતી ? ધન કિંમતી ? કે ધન બનાવવાની રીતનું જ્ઞાન કિંમતી ? કીમિયાનું જ્ઞાન કિંમતી લાગે છે તેથી એની વિશેષ કદર થાય છે.

બસ, એજ રીતે સમ્યગ્જ્ઞાનથી હિતા હિતના માર્ગ જડે છે, આશ્રવ-સંવરના વિવેક મળે છે, સ્વપરનું ભાન થાય છે, અને પછી જ સ્વના હિત માટે પ્રયત્ન થાય છે. તેથી મૂળ પ્રેરક જ્ઞાન છે, પ્રકાશ છે એ મહાકિંમતી છે. એવા અદ્ભુત જ્ઞાનવાળા જ્ઞાની પુરુષ મહાન ઉપકારી છે. અવધિજ્ઞાની વજ્રાયુધ ચક્રવર્તીના દિવ્ય-જ્ઞાન પૂર્વકની વાણી ઉપર સભા ચકિત થઇ જાય છે, અહો ! અહો ! કરે છે.

**વિદ્યાધરો અને કન્યા પ્રકાશ ઝીલે છે :-**

પેલા બે વિદ્યાધરો અને વિદ્યાધર કન્યા ચક્રવર્તી ને કહે છે, ''હે જગત્પતિ ! હે કરુણાધાર ! આજે તમે આ પ્રકાશ આપી અમારા પર કેટલો બધો અપરંપાર ઉપકાર કર્યો ! નરક તરફ દોટ મૂકતા એવા અમને તમે પકડી રાખી નરકમાં પડતા બચાવ્યા ! આ જગાએ તમારા જેવા પરમ દયાળુ જ્ઞાની ન મળ્યા હોત તો અમારું શું થાત ? વૈરના અનુબંધ બાંધી અમે ભવોભવ વૈરમાં લડી મરત. હે કૃપાળુ વિશ્વનાથ ! આપ સરખા દયા સાગર મળ્યા પછી હવે અમે સંસાર-કૂવામાં બૂડતા રહીશું ? ના, હવે અમે વૈરને તો સર્વથા વોસરાવી દઇએ જ છીએ, પરંતુ હવે અમે **આ કષાયોની ભૂમિસમા સંસારવાસથી** ઊભગી ગયા છીએ, તેથી અમને સંસારવાસ ત્યજી ચારિત્ર પંથે જવાની અનુજ્ઞા આપો.''

**જ્ઞાનીના પ્રકાશથી હૃદયાઘાત :-**

ચક્રવર્તી વજ્રાયુધે આપેલા પૂર્વભવનાં વર્ણન અને વર્તમાન ભવમાં કરાતા અનંતાનુબંધી કષાયના નરકદાયી ફળનાં વર્ણન પર એ વિદ્યાધરોને એવો હૃદયઘાત પહોંચી ગયો કે 'હાય ! અમે આ શું કર્યું ? આટલી બધી અજ્ઞાન અને મૂઢ દશા અમારી ?' આ હૃદયાઘાત ઉપરાંત એમને આવા ઉપકારી મળ્યાનો ઉપકારભાર એટલો બધો માથે આવી ગયો કે એ એ ઉપકારી ચક્રવર્તીની ભૂરિ ભૂરિ પ્રશંસા કરે છે, અને હવે પોતાના જ દ્રષ્ટાન્તથી સંસારને કષાયોની ભૂમિ દેખે છે.

એમ મંદિર-ઉપાશ્રય માટે પોતાની દુકાનનો માલ વેચવો હોય, તો ય એમાં નફો કમાઇ લેવો છે ! એ સુકૃતની તકને હડસેલી દેવાનું થાય છે.

ટ્રસ્ટના નાણા જે બેંકમાં હોય તેની પાસેથી ઓછા વ્યાજે તમારા પોતાના વેપાર માટે ક્રેડીટ લેવાનું મન થાય એ ટ્રસ્ટ સંભાળ્યાના સુકૃતને શું વેચી નાખવાનું નહિ ગણાય ?

એમ દેરાસરનું ટ્રસ્ટ સંભાળતાં દેરાસર માટે જે દુકાનેથી માલ-સામાન લેવાતો હોય, એ દુકાનેથી પોતાના માટે ઓછા ભાવમાં માલ લેવો, એ પણ પેલા સુકૃતને વટાવી નાખવા જેવું નથી ?

વિદ્યાધરને ઉપકારની કૃતજ્ઞતા બજાવવી જ છે એટલે કહે છે 'મહાનુભાવ ! તમારા સુકૃતના બદલામાં કશું મારું લેવાની વાત બાજુએ રાખો, પરંતુ તમે જેમ સુકૃત કમાયા. એમ તમારા જેવા મહા ગુણિયલની ભક્તિ કરવાનું સુકૃત મને કમાવવાની તક નહિ આપો ? મહેરબાની કરો, આ વિદ્યા લ્યો અને મને સુકૃત કમાઇ કરવા દો. તમારે સુકૃતની ગરજ છે, એમ મને સુકૃત કમાવી આપવા ઉદાર બનો.

કેવો હોશિયાર અને પ્રત્યુપકારનો ગરજુ છે ! આ એણે એવી વાત મૂકી કે કુમારને પણ હવે વિચાર થઇ પડે.

**મહાન આત્માઓ સામાની બહુ પ્રાર્થનાનો ભંગ કરતા નથી.**

એવા એ દાક્ષિણ્યવાળા અનુરોધવાળા હોય છે.

કુમારને આ હિસાબે વિદ્યાધરની વાત સ્વીકારવી પડી અને એટલે જ વિદ્યાધરની પાસેથી વિદ્યા શીખી લેવી પડી. શીખ્યા એટલું જ નહિ પણ એણે વિદ્યાને સાધી પણ લીધી. એના પ્રભાવે પોતે હવે આકાશગામી પર્યટન કરવા માંડ્યું, એમાં પોતે પોતાની બંને પત્નીઓ કનકમાળા અને વસંતસેનાને લઇને ઉદ્યાનોમાં યથેચ્છ વિહરણ કરે છે, આનંદ મોજ માણે છે.

**કનકશક્તિ પર પત્ની વસંતસેનાનો ફોઇનો પુત્ર શું કરે છે ? :-**

અહીં પેલો વસંતસેનાનો ફોઇનો પુત્ર જે એને પરણવા ચાહતો હતો, ને પરણવા ન મળી એટલે કનકશક્તિ પર ઇર્ષ્યાથી એને મહાત કરવા ઝંખી રહ્યો હતો, એના તો હવે કનકશક્તિના પત્ની સહિત આકાશમાર્ગે યથેચ્છ વિહરણ દેખી મોતિયાં જ મરી ગયા ? મનને થયું કે 'અરે ! આ કુમાર તો મારી વસંતસેના સાથે

આકાશગામિની વિદ્યાથી ધાર્યા સ્થળોમાં મનગમતાં વિહરણ કરે છે ! ત્યારે મારું કાંઇ ન ઊપજે ! એને મહાત ન કરી શકું ? વસંતસેના એકલી ય ક્યાં પડે કે હું એને આખીને આખી ઉઠાવી જાઉં.

ખેર, પણ આમાં તો મારી લાજ ગયા જેવું થયું. વસંતસેનાના પ્રેમી તરીકે ઓળખાયો, ને હવે કશું કરી શકતો નથી. એથી લોકની મને શરમ લાગે છે. લોકને હવે મારે મોં શું બતાવવું ? તો આપઘાત કરું ? એમાં ય પાછળ નાલેશી કે 'જોયું ? બાયડી ન મળી એટલે મરી ગયા !'

**વાસનાની કેટલી વિટંબણા છે ?**

અંતે એણે વિચાર્યું કે 'જિંદગીભરનું અનશન જ કરી લઉં ? અનશનથી મોત વહેલું આવશે, પરંતુ એ આપઘાત નહિ ગણાય, લોકમાં નિંદા નહિ થાય, અને અનશનના ફળમાં કદાચ દેવ અવતાર મળશે તો પછી આ કનકશક્તિની ખબર લઇ નાખીશ, ને વસંતસેનાને હાથ કરીશ.' જુઓ વિટંબણા ! દેવ થઇને ય માનવી સ્ત્રીને ચાહે છે !

આ બાજુ કનકશક્તિ બે પત્નીઓ સાથે ગગન માર્ગે જઇને રળિયામણા સ્થાનોમાં વિચરી રહ્યો છે, એમાં એકવાર એ હિમવંત પર્વત પર ગયેલો, ત્યાં વિપુલમતિ મનઃપર્યાય જ્ઞાનીનાં એને દર્શન થયાં ! હૈયું પારાવાર આનંદ અનુભવે છે. એમાં વળી મુનિમહાત્માની ધર્મદેશના સાંભળવા મળી. દેશનામાં જ્યાં સમૃદ્ધિભર્યા પણ સંસારનો અંત અત્યંત ભયંકર કરુણ સાંભળ્યો, તેમજ બીજી અનેક રીતે સંસારની વિટંબણાનું વર્ણન સાંભળ્યું, ત્યાં સંસારના નગુણા સ્વરૂપનું ભાન થઇ જાય છે. એના મનને થયું-

**કનકશક્તિને વૈરાગ્ય ભાવના :-**

''અરે ! શું સંસાર આવો સર્વેસર્વા નગુણો છે ? તો હું ક્યા ભરોસે આવા ગોઝારા રંગરાગમાં ફસી રહ્યો છું ? કેમ આ બે મનમાની રૂપાળી પત્નીઓ અને આકાશગામીની વિદ્યા તથા અન્ય રાજશાહી સમૃદ્ધિના ફંદામાં બેસી રહ્યો છું ? કેમ નિશ્ચિન્તપણે એના ભોગમાં ફસ્યો રહ્યો છું ? આ વિષયોની વેઠમાં ઉત્તમ જનમ સંસાર વધારનારો બની બરબાદ કર્યા પછી મારે ક્યાં જવાનું ? ગુરુ વાજબી જ કહે છે કે-

**આ ઉત્તમ ભવ તો મોક્ષમાર્ગ સંયમની સાધના માટે જ છે. તે મોહની ઊંઘમાં**

**સાધવો રહી જાય છે.**

તો હવે મોહની ઊંઘમાં ઊંઘવાની જરૂર નથી, મોહની ઊંઘમાં બહુ ઊંઘ્યો, વિષય વિલાસ અનંતવાર કર્યા, તો ય જીવને તૃપ્તિ થઇ નહિ. એનાથી તૃપ્તિ થવાની નથી. માટે લાવ હવે એનો ત્યાગ કરી સંયમ-સાધના કરી લઉં."

બસ, એટલી જ વાર, કનકશક્તિ રાજકુમાર ત્યાં બંને પત્નીઓને સમજાવી બંનેની સાથે દીક્ષા લઇ લે છે. હવે મુનિ બનેલા કનકશક્તિ ગુરુ પાસે રહી સંયમશિક્ષા–જ્ઞાનશિક્ષા લે છે, ને પછી યોગ્ય બની એકાકી વિચરે છે.

**કનકશક્તિ મુનિ પર ઉપદ્રવ :-**

પેલો વસંતસેનાની ફોઇનો પુત્ર અનશન કરી કાળ કરીને હિમવંત પર્વત પર હિમચૂલ નામનો દેવતા થાય છે.

એ અવધિજ્ઞાનથી પૂર્વ સ્થિતિ જોઇ હિમવંત પર કાયોત્સર્ગ ધ્યાનમાં રહેલા કનકશક્તિ મુનિ પર ગુસ્સે ભરાય છે, ને એમને કઠોર ઉપસર્ગ કરે છે.

મુનિ મહાવૈરાગ્યથી મહાત્યાગી બની સંયમમાં આવ્યા છે તેથી શરીર પરની મૂર્ચ્છાય છોડી દીધી છે. એટલે જ દેવતાઇ કઠોર પણ ઉપદ્રવોને પ્રસન્ન મને સહન કરે છે. સંયમ સુકોમળ બનવા નથી લીધું, કેમકે સમજે છે,

શરીરની સુકોમળતામાં શરીરનો ભારે રાગ-મૂર્ચ્છા પોષાય છે ને

**શરીરની મૂર્ચ્છા આત્માના મમત્વને હણે છે.**

જુઓ શરીર સુકોમળ કેમ રખાય છે ? "મારાથી તપ ન થાય, મારાથી રસત્યાગ ન થાય, મનની આ નબળાઇ કોણ રખાવે છે ? શરીરની સુંવાળાશ-સુકોમળતા મનમાં બેઠું છે કે 'મારે શરીર સાચવીને કામ લેવાનું. મારા શરીરને તપની તકલીફ નહિ આપવાની, ત્યાગનું કષ્ટ નહિ આપવાનું. મારે તો કાયાને ફાવે ત્યારે ખાતી અને ફાવે તે રસ ઉડાવતી રાખવાની, એટલે બીજું કામ બરાબર થઇ શકે. શરીર સારું ખાતું-પીતું રહેશે તો કામ આપશે.'' આ બધું કાયાની સુકોમળતા સુંવાળાશ છે. એ એટલા માટે રખાય છે કે આત્માનું મમત્વ નથી.

એમ કોઇ ધર્મ-સાધનાની વાત આવી, દા.ત. સવારે વહેલા ઊઠી પ્રતિક્રમણ કરો, તો ત્યાં 'આપણાથી વહેલા ન ઉઠાય. ઊંઘ ન બગાડાય', એમ કાયાને સુંવાળી રખાય છે. અરે ભાઇ ! વહેલા ન ઉઠાય તો કાંઇ નહિ, જ્યારે ઉઠાય ત્યારે તો પ્રતિક્રમણ કર' એમ એને કહો તો કહેશે, 'પછી બધા કામને સમય ક્યાંથી પહોંચે ?'

આ જવાબ દે. ત્યાં પૂછો-

'એ બધા કામોમાં કદાચ નવું કોઇ એવું જ કામ આવે તો એને પહોંચી વળે ને ?' ત્યારે કહેશે 'એ તો કરવું જ પડે ને ?'

તો પછી પ્રતિક્રમણ ન કરવું પડે ? પણ કાયાની સુંવાળાશ નડે છે- 'પ્રતિક્રમણની મહેનત શે થાય ?' એમ લાગે છે. પરંતુ કાયાની સુંવાળાશ દુન્યવી કામોમાં નથી નડતી. એ તો તન ઘસીને દુનિયાનું બધું સંભાળવું પડે એમ માને છે. જો આત્માનું મમત્વ જોરદાર રખાય તો કાયાની મમતા છૂટે. જુઓ-

**કેવી પામર દશા ! અનંત સંસારવર્ધક દુન્યવી વેઠમાં કાયા સુંવાળી નથી થતી ને અનંત કલ્યાણકર ધર્મક્રિયા ન કરવા માટે કાયા સુંવાળી થાય છે ! આ ઘોર મિથ્યાત્વ છે.**

દીક્ષા ય લીધી હોય, સાધુ ય થયો હોય, અને કહેતો હોય કે 'મને કાંઇ કાયાની મૂર્ચ્છા નથી,' પણ જો ત્યાં એમ દેખાય કે એ ક્રિયામાં ને સેવા વૈયાવચ્ચમાં ગાપચી મારે છે, તો એ સુંવાળો થયો. એને જોવું નથી કે 'સંસારમાં હોત તો સંસાર ચલાવવાની કેટકેટલી ક્રિયાઓ કરતે ? અને કેટલાયની સેવા ચાકરી કરતો રહેતે ?'

**વિદ્યાધરો ઉપદ્રવ હટાવે છે :-**

પેલા કનકશક્તિ મહાત્મા પર પેલો હિમચૂલ દેવતા ઉપદ્રવ વરસાવે છે. એટલામાં વિદ્યાધરો ત્યાં આવી લાગતાં આ જોઇને પ્રજ્ઞપ્તિ વિદ્યાથી ઉપદ્રવ કરનાર દેવને ઓળખી લઇ બહુ ગુસ્સે ભરાય છે, 'અરે ? આવા મહાત્યાગી જગદ્વન્દ્ય મહાત્માને નમવા પૂજવાનું તો બાજુએ રહ્યું, ઉપરથી એમના પર આ જુલ્મ વરસાવવાનો ? આ દેવતા કેટલો બધો કમભાગી ? કેટલો બધો નીચ ? હરામીની ખબર લઇ નાખો' એમ કરી વિદ્યાધરોએ વિદ્યાના બળે દેવતાને ભારે ત્રાસ પમાડવા માંડ્યો. દેવતાને ખસી જવું પડ્યું. એના તરફના ઉપદ્રવ બંધ થઇ ગયા.

ખૂબી જુઓ, મહાત્માને મન દેવતાઇ ઉપદ્રવોમાં ખેદ નહોતો, કેમકે એમાં તો એ 'પોતે ભયંકર દુશ્મન માનેલા કર્મોનો ફેંસલો નિકાલ થઇ રહ્યો' દેખતા હતા.

**કર્મ દુશ્મન કેમ ? એટલા જ માટે કે કર્મ જ નગુણો સંસાર સરજે છે.**

મનઃપર્યાય જ્ઞાની મુનિવર પાસેથી સંસારની નિર્ગુણતા નગુણિ સ્થિતિ સાંભળીને તો સંસારનો ત્યાગ કરેલો. એટલે

એવા નગુણા સંસારને સરજનારા કર્મો જો ઉપદ્રવથી ઊખડી જતા હોય તો શું કામ ઉપદ્રવમાં દુઃખ કરે ?

કનકશક્તિ મહાત્માનો કેટલો જ્વલંત વૈરાગ્ય !

ખબર છે ને ? જે રૂપાળી વસંતસેનાને એનો ફોઇનો દીકરો પરણી લેવા અને એની સાથેના વિલાસમાં દેવતાઇ આનંદ માણવા ઝંખતો હતો, એ વસંતસેના કનકશક્તિને પોતાને સહેજે પરણવા મળેલી ! તથા બીજી એવી કે એથી ય ચડિયાતી સૌંદર્યવાળી રાજકન્યા કનકમાળા પરણવા મળેલી ! એના સંયોગ સાથે ગગનગામિની વિદ્યાથી યથેચ્છ વિહરવાનું અને મનમાન્યા વૈષયિક આનંદમાં મહાલવાનું કરતા હતા, એ આ કનકશક્તિ અચાનક મનઃપર્યાય જ્ઞાનીની દેશના સાંભળી, એ અપ્સરાસમી પત્નીઓ તથા સમસ્ત સંસાર છોડી ચારિત્ર લેનારા બનેલા છે ! ત્યારે એમનો વૈરાગ્ય કેટલો બધો જોરદાર ?

**કનકશક્તિએ ભવ્યત્યાગ કેમ કર્યો ? :-**

વિચારી જુઓ તમારા જીવનમાં શા એમના જેવા ઊંચા ભોગ-સાધન મળ્યા છે ? કશા જ નહિ, એની અપેક્ષાએ ઠીકરા જેવા સુખ સાધન મળ્યા છે, છતાં એમાં કેટલી બધી રાગ દશા ? કેટલી બધી આસક્તિ ? અને કેટલી બધી મમતા હૈયે જમાવી દીધી છે ? શ્લેષ્મમાં માખીની જેમ કેવા ચિટકી પડ્યા છો કે એમાંથી બહાર નીકળી જ શકો નહિ. કનકશક્તિને મહાસમૃદ્ધ પણ સંસારનો અંત થવા વખતે પોતાના આત્માની ભયંકર કરુણ દશા આવવાની દેખાઇ, માટે તરત ઊઠ્યા, ને છોડી ચારિત્ર માર્ગે નીકળી પડ્યા ! તો તમારે ઠીકરા જેવા સંસારના અંત વખતે ભયંકર કરુણ દશા નથી આવવાની તે આમ જ બેસી રહ્યા છો ? ચારિત્ર લેવું તો દુર, પરંતુ ચારિત્ર ભવિષ્યમાં ય ક્યારે મળે એ માટેની ભૂમિકારૂપ જોરદાર ધર્મ સાધના ય નથી કરવી ?

**અંતકાળની કરુણ દશા નજર સામે રખાય તો ધર્મ જ વહાલો કરાય.**

કનકશક્તિએ કેવી ગુલાબના ગોટા જેવી બે અપ્સરા તુલ્ય રાજકન્યા-પત્નીઓ મુનિનો ઉપદેશ સાંભળતાં જ છોડી દીધી, એ એમનો જ્વલંત વૈરાગ્ય કેવો ? અને ત્યાગની હિંમત કેવી ? શું સમજીને આવી. અત્યંત વહાલસોયી અને રૂપરૂપના અંબારરુપ સુશીલ અને સદ્ગુણી પત્નીઓને તિલાંજલિ આપી દીધી ? એ બેમાંની એક જે વસંતસેનાને પરણવા પેલો એની ફોઇનો પુત્ર ઝૂરી મરતો હતો,

એ રૂપાળી વસંતસેનાને આ કનકશક્તિ પળમાં છોડી દઇ ચારિત્ર લે છે ! કેવો ભેદ ? મોહની આગળ પામર બને એના જીગર નહિ કે મોટો ઉપદેશ મળવા છતાં પત્નીનો ત્યાગ કરી શકે ?

**ત્યાગ કરવો હોય તો મોહની આગળ પામર ન બનો.**

ત્યારે કહે છે ને કે 'હરિનું ભજન છે શૂરાનું, નહિ કાયરનું કામ જો ને ?' હરિના ભજનમાં શૂરવીરતા ? હા, હરિનું ભજન એટલે ખાલી મંજીરા વગાડવાના નથી, પરંતુ અનંત અનંત કાળથી અત્યંત વહાલી કરેલી કાયા અને માયાને અકારી લગાડી ભગવાનને મહાસુખદાયી લગાડવાના છે, એમનું જ શરણું લેવાનું છે.

**હરિભજનમાં શૂરવીરતા શી ? :-**

હરિભજન યાને પ્રભુભક્તિમાં આ શૂરવીરતા, કે પ્રભુ પ્યારા અને કાયામાયા અકારા એવા લાગ્યા કે પ્રભુને ભજતાં કદાચ માયા-મિલકત ઉપર યા કાયા ઉપર *આપત્તિ આવે તો ય પ્રભુભક્તિમાંથી ડગવાનું નહિ, કાયા-માયા પરના ત્રાસ* સહન કરી લઇને પણ પ્રભુભક્તિ અખંડિત સાચવવાની, કેમકે પ્રભુ પ્યારા છે, ત્યાં જો કાયા-માયા સાચવવા ગયા અને ભક્તિ પડતી મૂકી, તો એનો અર્થ એ, કે અનંત અનંત કાળ જે કાયા-માયા પ્યારી લાગી રહી હતી તે હજી પણ એવી જ પ્યારી કરી રાખી છે, અને એની ખાતર પ્રભુને પ્યારા રાખવાનું પડતું મૂક્યું !! ત્યારે જો બે વાત છે, કે

(૧) પ્રભુભક્તિ અખંડ સાચવી રાખવા માટે કાયા કે માયાને સાચવવાનું પડતું મૂકી એના પર આફત સહી લેવી પડે છે.

(૨) કાયા કે માયાની આફતથી બચવા એને સાચવી લેવા જતાં પ્રભુ-ભક્તિ સાચવવાનું પડતું મૂકવું પડે છે.

તો બેમાંથી કોને જતું કરી કોને સાચવવું ?

આ નિયમ છે કે,

**જેના પર અધિક પ્યાર, એને સાચવી લઇ બીજાને જતું કરાશે.**

ત્યારે જો પ્રભુને જ અધિક પ્યારા રાખી એમની ભક્તિ અખંડ સાચવવી છે તો અનંત અનંત કાળથી પ્યારી કરી રાખેલ કાયા કે માયાને સાચવવાનું જતું કરવું પડશે, એના પરની આફતને વધાવી લેવી પડશે, ને આફત વધાવી લેવામાં તથા કાયા-માયાના પ્યાર મૂકી દેવામાં શૂરવીરતા જ દાખવવી પડશે.

**શું શૂરવીરતા વિના અનંતા કાળ પ્યારી કરેલી કાયા-માયાના અકારી કરી જતી કરવાનું બની શકે ?**

ના, શૂરવીર બનાય તો જ એ જતી કરાય અને પ્રભુભક્તિ પકડી લેવાય. માટે કહ્યું-

**''હરિનું ભજન છે શૂરાનું, નહિ કાયરનું કામ જો ને.''**

**સુધર્મા ગણધરે શું કહ્યું ? :-**

જંબુકુમારને ૯૯ ક્રોડ સોનૈયાની માયા પ્યારી હતી, માટે એને વળગીને બેઠા હતા. તેને દેવાંગનાશી આઠ કન્યા પ્યારી હતી, માટે એની સાથે સગાઇ કરીને બેઠા હતા. પરંતુ હવે સુધર્મા ગણધર મહારાજનો કોલ છૂટ્યો, કાયા-માયાને શું સાચવો ? મહાવીર પ્રભુ મળ્યા છે તો પ્રભુની ઉત્કૃષ્ટ ભક્તિ સાચવી લ્યો.

જીવનભર માયા જ સાચવી લેશો તો ય અંતે માયા જવાની, અને ભવના ફેરા લાંબા લચક વધી ગયા હશે !

માયા જતી કરી પ્રભુ-ભક્તિ સાચવી લેશો તો એ ભક્તિ મૃત્યુ પછી પણ (૧) કાં અક્ષય ભક્તિ એટલે કે પરમાત્મ પદે પહોંચશે, અથવા (૨) ભવાંતરે સદ્‌ગતિ ઊભી થઇ પ્રભુ-ભક્તિ આગળ ચાલશે.'

સુધર્મા ગણધર મહારાજનો કોલ જંબૂએ ઝીલ્યો, પ્રભુની ઉત્કૃષ્ટ ભક્તિરૂપે ચારિત્ર લઇ લેવાનો નિર્ધાર કરી લીધો !

એમ જો પ્રભુ અને ઉત્કૃષ્ટ પ્રભુભક્તિ પ્યારા કરવા છે, ને એજ સાચવવા છે, તો વર્તમાનમાં ઉત્કૃષ્ટ દેખાતી સંપત્તિ અને રમણીઓ જતા કરવામાં શો આંચકો ? જંબુકુમારે મૂક્યું ને એ બધું ? ત્યારે પૂછશો,

પ્ર.-ઉત્કૃષ્ટ પ્રભુભક્તિ ચારિત્ર જ કેમ ? સંસારમાં રહીને પ્રભુ-ભક્તિના માર્ગે ક્રોડો ખરચ્યે જાય એ ઉત્કૃષ્ટ ભક્તિ નહિ ?

ઉ.-ના, કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી આચાર્ય ભગવાન કહે છે-

**वीतराग ! सपर्याया स्तवाज्ञा-पालनं परम्**

અર્થાત્ 'હે વીતરાગ ભગવાન ! તમારી સપર્યા એટલે કે દ્રવ્ય-ભક્તિ કરતાં તમારી આજ્ઞાનું પાલન યાને ભાવભક્તિ ચડિયાતી છે.' પૂછો-

પ્ર.-દ્રવ્યભક્તિ કરતાં ભાવભક્તિ કેમ ચડિયાતી ?

ઉ.-પૂછો વ્યવહારમાં ય આ દેખાય છે કે એક દીકરો બાપની લાખો રૂપિયાથી ભક્તિ કરતો હોય, પણ બાપની આજ્ઞા ન માનતો હોય તો શિષ્ટ લોકમાં એ સારો નથી ગણાતો, ત્યારે બીજો દીકરો તેની પુણ્યાઇના અભાવે લાખો રુપિયાની પહોંચ નહિ હોવાથી લાખો રુપિયાથી બાપની ભક્તિ ન કરી શકતો હોય, પરંતુ જો બાપની સંપૂર્ણ આજ્ઞાઓનું પાલન કરતો હોય, તો લોકમાં એનો યશ વધે છે, ને બાપની નજરમાં લાયક તરીકે ખપે છે, ત્યારે પેલો લાખો રૂપિયાથી ભક્તિ કરવા છતાં બાપની આજ્ઞા અવગણી બાપનું અપમાન કરતો હોય તો લોકની ને ડાહ્યા બાપની નજરમાં નાલાયકમાં ખપે છે.

પ્ર.-અલબત અહીં બાપનું અપમાન થવામાં બાપનું મન દુભાય છે એટલે દીકરાને અયોગ્ય ગણે છે, ત્યારે અરિહંત ભગવાનની આજ્ઞા ન માની ભગવાનની અવગણના કરી ત્યાં વીતરાગ ભગવાનનું દિલ કશું દુભાતું નથી, તો પછી આજ્ઞા અવગણનારને અરિહંત પોતે નાલાયક શાના ઠેરવે ?

ઉ.-ભગવાન પોતે પોતાના જ્ઞાનમાં એની જે કક્ષા જુએ છે એ કક્ષા જ આજ્ઞા વિરુદ્ધ ભાવની અર્થાત્ વિરુદ્ધ વર્તાવની નીચા દરજ્જાની જુએ છે, અને પ્રભુની નજરમાં એ જ અયોગ્યતા છે, નાલાયકી છે. તાત્પર્ય, આજ્ઞાપાલન એ દ્રવ્યભક્તિ કરતાં ઊંચી ભક્તિ છે, ને એ કોણ કરી શકે ?

**જેને મન આ જનમમાં જિનેશ્વર ભગવાન એક જ અત્યંત આરાધવા યોગ્ય લાગે એ જિનાજ્ઞાપાલનમાં મગ્ન બને.**

હવે એ માટે એમની આજ્ઞાનું પાલન યાને ઉચ્ચ ભક્તિ કરવા લાગ્યા, ત્યાં કાયા-માયાના પ્રલોભન કે આફતોથી ફુલાઇ કરમાઇ ન જવાની શૂરવીરતા હોય.

**શૂરવીર બન્યા વિના પ્રભુની ભક્તિ નહિ થાય.**

આ હિસાબ ઉપર કનકશક્તિ મહામુનિ શૂરવીર બનેલા છે, તે પ્રતિમા (અભિગ્રહવાળા) ધ્યાનમાં રહેલા એમની કાયા ઉપર દેવતા ઉપદ્રવ વરસાવે છે, પરંતુ કાયાની તકલીફને વિસાતમાં નથી લેખતા ! એમને તો જિનાજ્ઞા પાલન કરવું છે, જિનાજ્ઞા મુજબનું ચારિત્ર પાળવું છે, એમાં પરીસહો-ઉપસર્ગો ગમે તેવા આવો સહી લેવાની તૈયારી છે.

**દેવતાઇ ઉપદ્રવ સામે વિદ્યાધરો :-**

હવે અહીં ભાગ્યશાળીને ભૂત રળે જેવું થાય છે, દેવતા આ ઉપદ્રવ કરે છે.

ત્યાં, વિદ્યાધરો આવી લાગે છે, ને મહાત્મા કનકશક્તિ ઉપર ત્રાસ વર્તાતો જુએ છે, ત્યાં જ સખ્ત આઘાત પામે છે કે ''અરે ! આવા જગદ્વત્સલ મહાત્મા ઉપર ત્રાસ ?'' 'સામે દેવતા છે એને આપણે કેમ પહોંચી શકીએ ?' એનો વિચાર કર્યા વિના તરત જ વિદ્યાધરોએ દેવતાને પડકાર કર્યો કે 'દુષ્ટ ! આવા મહાત્મા પર જુલ્મ વરસાવે છે ? આવી જા સામે, વિદ્યાધરો પાસે વિદ્યાઓનું બળ છે, એ બળથી દેવતાને ભારે ત્રાસ આપ્યો, દેવતાને પરાસ્ત કર્યા, મહાત્મા પરના જુલ્મ બંધ કરાવ્યા.

તીર્થની, મહાત્માની, સતીની રક્ષા માટે અંતરના ભારે કકળાટથી યા હોમ કરીને કૂદી પડાય તો કુદરત સહાયમાં ઊભી રહે છે. યા હોમ કરીને કૂદી પડવું જોઇએ. કહે છે ને ?

**''યા હોમ કરીને પડો, ફતેહ છે આગે.''**

**રામ લક્ષ્મણને ગેબી સહાય -**

રાવણ પ્રતિવાસુદેવ છે, હજારો વિદ્યાધર રાજાઓ એની આજ્ઞા નીચે છે. એવા એણે મહાસતી સીતાને ઉપાડ્યા, પોતાની નગરી લંકાની અશોક વાટિકામાં કેદ પૂર્યા. રામ-લક્ષ્મણ સતીના રક્ષણાર્થે લડવા આવ્યા, લડાઇમાં એમના લશ્કર પર રાવણે જરા વિદ્યા ફેલાવી દીધી ! લશ્કર તદ્દન મૂર્છિત થઇને પોઢ્યું જમીન પર ! રામ-લક્ષ્મણ મુંઝવણમાં પડ્યા કે 'હવે શું કરવું ? રાત વીતી જાય એટલે સવારે તો રાવણ આપણા આવા મૂર્છિત લશ્કરની લણણી જ કરી નાંખે !' બોલો, આવી જરા વિદ્યા સામે એમનું શું ચાલે ?

પરન્તુ સતીના રક્ષણ માટે મોટા માંધાતા સામે રામ-લક્ષ્મણ યા હોમ કરીને પડ્યા છે એટલે કુદરત સહાયમાં આવે છે.

ત્યાં કોઇકે કહ્યું 'લક્ષ્મણને વરેલી વિશલ્યા રાજકુમારી વિશુદ્ધ બ્રહ્મચર્ય પાળનારી અને પૂર્વભવની આરાધનાવાળી હોવાથી એના સ્નાન-જળને લશ્કર પર છાંટો તો 'જરા' વિદ્યા ભાગી જશે.'

બસ, આ જાણ્યું એટલી જ વાર ! રાતોરાત વિશલ્યાને ત્યાં લાવવામાં આવી. એને સ્નાન કર્યું, અને એ સ્નાન-જળ મૂર્છિત લશ્કર પર છાંટવામાં આવ્યું, ત્યાં ફટાક કરતાંક આખી સેના આળસ મરડીને બેઠી થઇ ગઇ, લઇ શસ્ત્રને યુદ્ધભૂમિ પર સુભટો ખડા થઇ ગયા.

**બ્રહ્મચર્યનો પ્રભાવ :-**

વિચારો બ્રહ્મચર્યનું બળ કેટલું ? બ્રહ્મચારી બાઇના સ્નાનજળે આખી જરા વિદ્યાને હંફાવી દીધી ! બ્રહ્મચર્યનો કેટલો પ્રભાવ ! જીવનમાં પ્રભાવ જોઇએ છે ? તો પહેલું કામ આ કરો, બ્રહ્મચર્ય પાળો. એટલું સમજી રાખો કે કામવાસના એ ખરજવા જેવો રોગ છે, તે પણ આપણે મનથી એને ઉઠાડીએ તો જ ઊઠે. માટે મનમાં બીજા સારા વિચાર સતત ચાલુ રાખી કામ સંબંધી કોઇ જ વિચાર ઊઠવા જ નહિ દેવાનો. પછી બ્રહ્મચારી મનની પવિત્રતાનો દિવ્ય અનુભવ થશે, જેનો અદ્રશ્ય પ્રભાવ અદ્ભૂત છે.

રાવણનો રકાસ થયો, સવારે આશાભેર આવીને જુએ છે તો લશ્કર શસ્ત્ર સાથે મરણિયું થઇને ખડું છે ! મનની મનમાં રહી ગઇ.

અહીં પણ એવું બન્યું કનકશક્તિ મહાત્મા ઉપર દેવતા ઉપદ્રવ કરે છે. ત્યાં વિદ્યાધરો આવી પહોંચ્યા અને મહાત્માની રક્ષા અર્થે દેવ પર તૂટી પડ્યા. એને ત્રાસ આપીને પરાસ્ત કર્યો, દેવતા ભાગી ગયો. વિદ્યાધરો મહાત્માને નમીને સ્તુતિ કરે છે 'અહો પરાક્રમી ભગવંત ! આપ કેટલી બધી સમતાથી દેવતાઇ જુલ્મ સહન કરતા હતા ! ધન્ય જીવન !'

ખૂબી જુઓ કે મહાત્મા કનકશક્તિને મન ઉપદ્રવ કે શાંતિમાં કોઇ વિશેષતા નથી ! એ આનંદિત નથી થતા કે 'હાશ ! જુલ્મ ટળ્યો સારું થયું !'

**ત્રાસ મટ્યો તો આનંદ કેમ નહિ ? :-**

પ્ર.-આટલો બધો દેવતાઇ ત્રાસ મટ્યો તો આનંદ કેમ ન થાય ?

ઉ.-આનંદ ન થવાનું કારણ એ કે એમને ત્રાસ વખતે ઉદ્વેગ નહોતો કે 'હાય ! કેટલો ત્રાસ ! આ ક્યારે ટળશે ?' પછી એ ટળવાનો આનંદ શાનો થાય ? નિયમ છે- **જે દુઃખનો ઉદ્વેગ નહિ, એના વિયોગનો આનંદ નહિ.**

સંતોષી જીવને સારા પૈસા ન મળ્યાનું દુઃખ નથી લાગતું, ઉદ્વેગ નથી થતો, તો નસીબજોગે એ દુઃખ ટળે ને સારા પૈસા મળે તો એને કશો આનંદ નથી થતો. જો સારા પૈસા મળ્યાનો હરખ થાય છે તો સમજી રાખવું કે એ પહેલાં નહોતા મળ્યા એનો ખેદ હતો, ઉદ્વેગ હતો. આ પરથી ફલિત થાય છે કે-**મહાપુરુષોનાં દુઃખ નજર સામે રાખી દુન્યવી દુઃખમાં આકુલ-વ્યાકુલ ન થાઓ.**

તો એ દુઃખ ટળ્યા પર હરખથી ગાંડાઘેલા નહિ થવાય. એમ, આનાથી

વિપરીત આ નિયમ બને છે કે-**જે વસ્તુનો હરખ નહિ, એના વિયોગમાં ખેદ નહિ.**

ઓરમાન માતાને શોકયપુત્ર હોવાનો આનંદ નથી તો એને એ પુત્ર જુદો થવાનું કે મરી જવાનું દુઃખ નથી થતું. એટલે તો જો આ દુઃખમય સંસારમાં મનને વારે વારે ખેદ-ઉદ્વેગ-વ્યાકુળતા ન થવા દેવી હોય તો તત્ત્વદ્રષ્ટિ કેળવીને સંસારમાં વારે વારે અનુકૂળ અનુકૂળ બની આવે એમાં હરખ થતો અટકાવવો જોઇએ. જો હરખ માણ્યો તો એમાં વાંધો આવતાં ખેદ થયો જ સમજો, મન દુઃખાયું જ સમજો.

મહાત્મા કનકશક્તિ ત્યાંથી વિહાર કરીને રત્ન સંચય નગરીએ ગયા ત્યાં ઉદ્યાનમાં પ્રતિમા ધ્યાનમાં રહ્યા છે. એમનો આત્મા ઘણો ઊંચો છે, દેવતાઇ ઉપસર્ગમાંથી સો ટચના સોનાની જેમ વિશુદ્ધ પાર ઉતર્યો છે, એ હવે અહીં ધ્યાનમાં રહે કેટલા બધા આત્મનિષ્ઠ બની ગયા હોય ?

**આત્મનિષ્ઠ એટલે આત્મામાં અર્થાત્ આત્માના જ્ઞાનાદિ ગુણોમાં, ક્ષમાદિ સ્વભાવમાં અને અરૂપી સ્વરૂપમાં લીન.**

પછી ત્યાં શરીરનાં ધર્મ શાતા-અશાતા, વેદના-શાંતિ, માન-અપમાન, સત્કાર-તિરસ્કાર વગેરેમાં મન લઇ જવાની વાત જ નહિ. એમ ઇન્દ્રિયોના ઇષ્ટ-અનિષ્ટ, અનુકૂળ-પ્રતિકૂળ વગેરેમાં મન લઇ જવાની વાત નહિ, એટલું બધું મન આત્મામાં લયલીન કરેલું.

આવું આત્મનિષ્ઠ ધ્યાન હોય પછી ત્યાં તૈયારી હોય કે માથે ઘણના ઘા પડો ને ? શરીરને એ વાગે, વેદના થાય, પણ એમાં મન લઇ જવાની વાત કરવી નહિ. એટલે ? 'આ ઘા ખરાબ !' કે 'ઘા ઠોકનારો ખરાબ !' એટલો પણ વિચાર લાવવાનો નહિ.

**આ અસમાધિ છે. ઇષ્ટ સારું છે, અનિષ્ટ ખરાબ', આવો ભાવ થાય.**

તેમ 'આ આપદા ક્યારે ટળશે' એવું પણ મનમાં લાવવાની વાત નહિ રાખવાની. પૂછો-

**ઘણના ઘામાં મન શી રીતે સ્વસ્થ રહે ? :-**

પ્ર.-આ કેમ બને ? ઘણનો માથે ઘા ઝીકાય, પ્રબળ વેદના ઊઠે છતાં મનને લાગે નહિ ?

ઉ.-ના, મનને જરાય ન લાગે, કેમકે મનને બીજી બાજુ આત્મગુણોમાં રોકી દીધું છે. મન એકમાં રોકાઇ જાય એટલે કુદરતી રીતે બીજું મનમાં નહિ પેસે.

વાણિયો રોજમેળમાંથી ખાતાવહી ખતવતો હોય છે તો મન એમાં એવું રોકાયેલું રહે છે કે એ વખતે એના મનમાં 'ગરમી લાગે છે, માકણ મચ્છર છે,' એવું નથી પેસતું. મન રૂપિયાની નોટો ગણવામાં લાગ્યું હોય છે ત્યાં એને કોઇ બહારથી બોલાવતું હશે તો તે લક્ષમાં નથી આવતું. પિક્ચર જોવામાં મન લીન હોય એને એ વખતે 'ખુરસી સાંકડી, બેસવું નથી ફાવતું,' એવું કાંઇ મનમાં નથી આવતું, બસ, એ રીતે મહાત્માને મન આત્માના ગુણ-સ્વભાવ-સ્વરૂપ જોવામાં મન લાગેલું હોય ત્યાં એ મનમાં વેદના લક્ષમાં ન આવે, મન વેદનામાં ન જાય, એ સ્વાભાવિક છે.

વાત એટલી કે મન આત્માના ગુણ વગેરેમાં બરાબર લયલીન લાગેલું જોઇએ જો એમાં મન ઉપલકિયું લાગ્યું હોય તો શારીરિક વેદના આવતાં મન ઝટ ઊઠીને એમાં જતાં વાર નહિ લાગે. ત્યારે પૂછો-

**મન ગુણોથી ભાવિત કેમ બને ? :-**

**પ્ર.-આત્મગુણોમાં મન એવું લયલીન શી રીતે બને કે જેથી એ વેદનામાં ન જાય ?**

ઉ.-મનને આત્મગુણોથી ભાવિત કરતું રહેવાય તો એમાં લયલીન બન્યું રહે.

'ભાવિત' એટલે સમજો છો ? માત્ર ચિંતન કર્યે ન ચાલે, પરંતુ મન એનો સાક્ષાત્ અનુભવ કરતું હોય એવું કરવું જોઇએ.

દા.ત. આત્માનો ગુણ છે અહિંસા-ક્ષમા એનાથી મનને ભાવિત કરવું છે તો કલ્પનાથી ભયંકર વિકટ પ્રસંગ કલ્પી ત્યાં સામા જીવ માટે નીતરતી અહિંસાની ભાવના કરવી જોઇએ. ભગવાન અગાધ શક્તિવાળા છતાં ઉપદ્રવ કરવા આવેલા હલકા માણસની હિંસા કરવાનો યા એને લાત કે ઠોંસો મારી હટાવવાનો લેશ પણ વિચાર લાવતા નથી, એમ આપણા માટે એવો ઉપદ્રવનો પ્રસંગ કલ્પી એમાં 'આપણે સામાની લેશ પણ હિંસા કરવાનો કે એને લેશ પણ દુઃખ પહોંચાડવાનો વિચાર જ નથી કરતા,' એમ ધારવાનું કલ્પવાનું.

**ઉપસર્ગ સહવાની કલ્પનાથી બળ મળે છે.**

''શરીર પર કીડી ચોંટી ચટકા મારી રહી છે, પરંતુ એને ઉપાડવા ઉખેડવા જતાં એને દુઃખ થાય માટે એને ઉપાડવાનો જરાય વિચાર ન કરતાં એની અહિંસાનો

જ વિચાર રાખ્યો છે," એમ કલ્પવાનું.

આ માત્ર મનથી કલ્પનાની વાત છે, પરંતુ એવા શરીર પર ઉપદ્રવો બહુ આનંદથી સહવાની કલ્પના વારંવાર કરતાં એના એવા સુંદર સંસ્કાર ઊભા થાય છે કે એનાથી આત્મામાં એક જાતનું બળ જન્મે છે કે પ્રસંગે પ્રસંગે થોડું ખરેખર સહવાનું ઊભું થાય ત્યાં દિલમાં ખામોશ-સૌમ્યભાવ સાથે એ આનંદથી સહી લેવાનું બને છે, પરંતુ દિલમાં ઉગ્રતા કે કષાય ઊઠતા નથી. અરે ! આગળ વધતાં ભારી સહવાનું આવે તો પણ મન શાંત-સૌમ્ય-ક્ષમાશીલ બન્યું રહે છે, પૂછશો-

પ્ર.-શું માત્ર મનની કલ્પનાથી આવું બળ ઉભું થાય ?

ઉ.-હા, જુઓ મોટા તાર્કિક સિદ્ધસેન દિવાકર મહારાજ તાર્કિક એટલે તર્ક પર ઝઝુમનારા, એકેક વાતને તર્કથી ચકાસનારા ! એ પણ શ્રી કલ્યાણ મંદિર સ્તોત્રમાં શું કહે છે ?

**માત્ર મનની કલ્પના કેવી બળવાન ? :- 'મનથી પાણી અમૃત બને.'**

**"પાનીયમપ્યમૃતમિત્યનુ ચિંત્યમાનં, કિં નામંનો વિષવિકારમપા ક રોતિ ?"**

અર્થાત્ "આ પાણી પણ 'અમૃત છે, અમૃત છે' એવું ઉપરાપર ચિંતવતાં, શું એ ઝેરના વિકારને નાબૂદ નથી કરતું ?' આમાં શું છે ? માત્ર મનની વાત છે. મનથી પાણીને ભાવના આપી કે 'આ અમૃત છે, અમૃત છે, અમૃત છે...' એથી એ પાણી પછીથી અમૃતનું કામ કરે છે, ઝેરને ઉતારી નાખે !

બોલો આમાં કોઇ તર્ક-યુક્તિ-દલીલ લાગે એમ છે કે 'આ કેમ બને ?' અહીં તો એક વાત છે કે અનુભવ કરી જુઓ એટલે સમજાશે કે ખરેખર આમ બને છે, 'શી રીતે બનતું હશે ? બનવામાં યુક્તિ શી ?' એવું કશું પૂછતા નહિ. એક હકીકત છે એમ માની લો, 'પાણી પણ એને ભાવના આપતાં અમૃત જેવું થઇ જાય' આવું કોણ કહે છે ? મહાન તાર્કિક પુરુષ સિદ્ધસેન દિવાકર મહારાજ કહે છે. ત્યારે એવા મહાતાર્કિક પુરુષે પણ આ તર્ક વિના હકીકત પરથી સીધે સીધું માની લીધું. હકીકતનો ઇનકાર કેમ કરાય ? હકીકતે એમ બનતું જ હોય છતાં એમ કેમ બની શકે ? એવી એના પર શંકા કરવી, એમ ન બની શકે એ માટે કુતર્ક લડાવવા, એ અક્કલહીનતા છે.

**હકીકત સામે તર્ક નકામો :-**

વાત આ છે-જો પાણી પણ માત્ર મનની ભાવનાથી અમૃતસમ બની શકે,

તો માત્ર માનસિક કલ્પનાથી દુ:ખદ પ્રસંગ કલ્પી એને સમતાથી સહી લેવાનું કલ્પ્યું, વારંવાર કલ્પ્યું, એથી આત્માને ખરેખર દુ:ખદ પ્રસંગમાં સહી લેવાનું ખરેખર કેમ ન બની શકે ? મહાન આત્માઓ એમ બતાવી શકે છે એ હકીકત છે. તેથી હકીકતની સામે અર્થાત્ હકીકતને ઉડાવવા તર્કબાજી નકામી. આ તો એના જેવું છે કે-

**કુતર્કી પંડિત મરે છે -**

એકવાર એક હાથી ગાંડો બની શહેરના રાજમાર્ગ ઉપર દોડ્યો આવતો હતો એટલે બુમરાડ પડી કે ''ભાગો ભાગો ગાંડો હાથી દોડતો આવે છે, મારી નાખશે.''

ત્યારે ત્યાં બીજા લોકો તો ભાગંભાગ કરી ઘરોમાં પેસી ગયા, પણ એક પંડિત તર્ક કરે છે ? કે

''હાથી પ્રાપ્તને મારે ? કે અપ્રાપ્તને ?''

''જો પ્રાપ્તને મારી નાખતો હોય તો એના માથે બેઠેલો માવત એને પ્રાપ્ત છે, તો એને કેમ મારી નાખતો નથી ? અને જો અપ્રાપ્તને મારતો હોય તો ઘરોમાં ઘુસી ગયેલા લોક હાથીને અપ્રાપ્ત છે, તો એમને કેમ મારી ન નાખે ? માટે તર્કથી જોતા સિદ્ધ થાય છે કે હાથી પ્રાપ્ત-અપ્રાપ્ત કોઇને મારી નાખતો નથી. તેથી અહીંથી ભાગવાની જરૂર નથી.''

જુઓ પંડિતે તર્ક લડાવ્યા, હકીકત ન જોઇ કે માવત પાસે તો અંકુશ છે જે લગાવતાં હાથીનું મગજ ચીરી નાખે, તેથી માવત પ્રાપ્ત છતાં એને હાથી અડતો નથી. ત્યારે બીજાઓ ઘરોમાં પેઠેલાને એમને હાથીની સૂંઢ પહોંચતી નથી. તેથી એમને મારતો નથી. બાકી રસ્તા પર કોઇ ભલે ઓટલે ચડેલો હોય પરંતુ ગાંડો હાથી એને સૂંઢથી લપેટામાં લઇ એનો ઘડો-લાડવો કરી દે છે. આ હકીકત છે. પંડિત હકીકતને ઉડાવવા તર્ક લડાવે એનું શું પરિણામ ? મરે જ ને ?

**હકીકત સામે તર્કમાં મોત :-**

એ તો સારું થયું કે કોઇ દયાળુએ પંડિતને બળાત્કારે ઘરમાં ઘસડી લીધો તે બચી ગયો, નહિતર 'હાથી પ્રાપ્તને મારે ? કે અપ્રાપ્તને ?' એના તર્કની ખુમારીમાં રસ્તા પર ઊભો રહેનાર પંડિત ગાંડા હાથીનો શિકાર બની ગયો હોત ! છુંદાઇને રામશરણ થઇ ગયા હોત ! હકીકતની સામે તર્ક ન લડાવાય.

**'મન બળવાન' આ હકીકત છે.**

(૧) પાણીને અમૃતની માનસિક ભાવના આપો, એ અમૃતનું કામ કરશે. એમ,

(૨) ઘોર કાલ્પનિક ઉપદ્રવો શાંતિથી સહી લેવાની માનસિક કલ્પના વારંવાર કરો. એ તમને ક્યારેક આવી પડેલ વાસ્તવિક ઉપદ્રવ શાંતિથી સહી લેવાનું બળ આપશે.

ગુર્વાજ્ઞાથી એકાકી વિહારી બનેલા પ્રતિમાધારી મુનિઓ માનસિક કલ્પનાથી આવું બળ ઊભું કરતા હોય, પછી ખરેખર કોઇ ઉપદ્રવ આવ્યો તો શાંતિથી સહી લેતાં એમને કોઇ સંકોચ નહિ. આજ હિસાબે

**કનકશક્તિ મુનિને કેવળજ્ઞાન :-**

મોટા ચક્રવર્તીના પૌત્ર રાજકુમારપણામાંથી મુનિ બનેલા કનકશક્તિ મહામુનિએ પેલા હિમચૂલ દેવના ભારી ઉપસર્ગો પણ શાંતિથી સહી લીધેલા, તે હવે વિહાર કરી રત્નસંચય નગરીના ઉદ્યાનમાં આવી કાયોત્સર્ગ ધ્યાને રહ્યા છે. કાયાને કલ્પનામાંથી કાઢી અર્થાત્ નાખી કલ્પનામાં પોતાના આત્માને ચડાવ્યો છે, કાયચિંતા મૂકી આત્માના ચિંતનમાં ચડ્યા છે, એ ચિંતનમાં પરમાત્મ-સ્વરૂપ તથા જગતના તત્ત્વોનું સ્વરૂપ ચિંતવી રહ્યા છે, એમાં વધુને વધુ સ્થિર થતાં આગળ વધીને શુક્લ ધ્યાનને ધ્યાવે છે. ત્યાં ક્ષપકશ્રેણિ માંડીને મોહક્ષય કરી વીતરાગ બને છે, ને તરત જ બાકીના ત્રણ ઘાતીકર્મનો ભૂક્કો કરી કેવળજ્ઞાન પામે છે.

**કેવળજ્ઞાન શાના પર ? માનસિક કલ્પનામાંથી કાયાને કાઢી નાખી આત્માને સ્થાપવા પર !**

ઉપરથી દેવતાઓ ઝનઝન ઝનઝન ઝનનનના વાજિંત્રનાદ સાથે ગીત ગાતાં ગાતાં નીચે ઊતરી આવે છે. વજ્રાયુધ ચક્રવર્તીને પણ વધામણી મળતાં પોતાના પુત્ર સહસ્ત્રાયુધના પુત્ર મુનિ કનકશક્તિ મહાત્માને કેવળજ્ઞાન જાણી રસાલા સાથે એ પણ ત્યાં પહોંચી જાય છે, અને કેવળજ્ઞાનનો મહિમા ભારે ઠાઠથી ઉજવે છે.

ઘરના કુટુંબીને કેવળજ્ઞાનના પ્રસંગથી વધીને ક્યો બીજો પ્રસંગ જ છે ? સામાન્ય લગ્ન-પ્રસંગમાં પણ ઠાઠ-ઠઠારા કરાય છે, તો કેવળજ્ઞાનના ઉત્કૃષ્ટ શુભ પ્રસંગમાં તો કેટલોય ઠાઠ-ઠઠારો કરાય ? દેવો અને ચક્રવર્તી વગેરે સૌ ત્યાં કેવલજ્ઞાનીની ભવ્ય દેશના સાંભળે છે, અને ચક્રવર્તી એ સાંભળવા પર ઊંડા વિચારમાં ચડી જાય છે.

**દેશનાથી ચક્રવર્તીને ભારે મનોમંથન ચાલ્યું.**

અહો ! આ તો મારા દીકરાના દીકરા, ને આટલા મોટા પરાક્રમમાં ચડી ગયા ? ને હું મોટો માંધાતા ચક્રવર્તી ! તે બાળકથી ય ગયો ? આ ઊંચો માનવભવ શા માટે છે ? એનાથી શું સાધી લેવા જેવું ? ને હું શું કરી રહ્યો છું ? ક્યાં મારું છ ખંડ સાધવાનું ગોઝારું અને તુચ્છ પરાક્રમ ? ને ક્યાં કનકશક્તિનું ચારિત્ર તથા કેવળજ્ઞાન પામવાનું તારણહાર અને મહાન પરાક્રમ ? ચિંતામણિરત્ન સમાન ઉચ્ચ માનવ અવતાર પામીને મારણહાર તુચ્છ પરાક્રમ કરવાના ?

**દેશના સાંભળી શેને કહેવાય ?**

ચક્રવર્તી ઉદ્વિગ્ન થઇ ઘરે આવે છે, મોટો માંધાતા ચક્રવર્તી છે, છ ખંડ, ૩૨ હજાર દેશ, ૩૨ હજાર આજ્ઞાંકિત મહારાજાઓ, ૧૪ રત્ન, ૯ નિધાન, ૧ લાખ ૯૨ હજાર રાણીઓ, ૯૬ ક્રોડનું પાયદળ, ૮૪-૮૪ લાખનું હસ્તીદળ-અશ્વદળ-રથદળ...! કેવો જંગી સમૃદ્ધિ સરંજામ ! એનો માલિક છે એમાં કમીના નથી આવી, છતાં ચક્રવર્તી કેવલજ્ઞાની મહર્ષિની દેશના સાંભળી અત્યંત ઉદ્વિગ્ન બનેલા છે. ધર્મ દેશના સાંભળી શેને કહેવાય ?

ધર્મનું વ્યાખ્યાન સાંભળો છો ને ? સાંભળતાં અને સાંભળ્યા પછી કેવી અસર ? મન ઉદ્વિગ્ન બને ખરું ? ઉદ્વિગ્ન મને જ ઘરે જાઓ ખરા ? હાં,

**રસ્તામાં બજાર ઉથલ્યો વગેરે મોંકાણના સમાચાર મળે, કે રસ્તા વચ્ચે કોઇ અપમાન કરી નાખે, તો તો ઉદ્વિગ્ન મને જ ઘરે પહોંચાય, પરંતુ વ્યાખ્યાન સાંભળીને ઉદ્વિગ્ન બનવું નથી ! કેવી પામર ને મૂઢ દશા !**

**વ્યાખ્યાન શું શું સમજાવે છે ?**

પ્ર.-વ્યાખ્યાન સાંભળી શા માટે ઉદ્વિગ્ન બનવાનું ?

ઉ.-એટલા માટે કે જગતની વચ્ચે મોહપાત્રો અને મોહકર વસ્તુઓના ઘેરાવામાં રહેતાં જીવ કાયા-કંચન-કુટુંબના જ હિસાબ-ધોરણ-ઉન્નતિના વિચારોમાં રમતો રહે છે ! રાત ને દિવસ એની જ લગન, એની જ વિચારણા ને એની જ ચિંતા રાખ્યા કરે છે ! એમાંથી જિનવાણીનું વ્યાખ્યાન આત્માનું ભાન કરાવી ચમકાવે છે, સંવેગ વૈરાગ્ય પેદા કરે છે,

'જીવ ! તું કોણ ? ક્યાંથી આવ્યો ? ક્યાં ઉભો છે ?

તારું સાથે ચાલનાર કોણ ? પરભવે ઓથ આપનાર કોણ અને કઇ વસ્તુ ?

**અરે ! અહીં પણ મોટી વ્યાધિ-ઉપાધિ વગેરેમાં હૈયાને વિવેક આપનાર, હૈયાને**

**હુંફ આપનાર ને હૈયાને બાહ્યની પરવા મુકાવનાર કોણ ?**

કોણ તારું પુણ્ય લૂટે છે ? ને કોણ તને પુણ્યના થોક કમાવી આપે છે ?

કોણ તને રાગદ્વેષાદિ પાપસ્થાનકોમાં ડુબાડે છે ? ને કોણ એમાંથી છોડાવી દયા, ધર્મવાણી, ન્યાયનીતિ, ભક્તિવ્રત, નિયમ વગેરેના સુંદર ધર્મસ્થાનકોમાં રક્ત બનાવે છે ?

વગેરે વગેરે સમજાવનાર વ્યાખ્યાન છે. એ સમજી લઇ એ સુંદર કર્તવ્યો મૂકી કચરાકલાસ પાપાચરણ-મોહાચરણ ભરચક સેવી રહ્યાનો પોતાને ખેદ થાય છે કે 'અરેરે ! આટલું ઊંચું સમજવા-આચરવાનો સોના જેવો મહાન માનવભવ પામીને હું પણ ભવની માટી કરી રહ્યો છું ? મારું શું થશે ?...' વ્યાખ્યાન સાંભળીને આ ખેદ-ઉદ્વેગ કરવો ન પડે, પણ થાય જ.

આવા ઊંચા સંવેદનો મનમાં વ્યાપી જાય, શું ત્યાં ઉદ્વેગ ન થાય ?

વજ્રાયુધ ચક્રવર્તીના પોતાના પૌત્ર મુનિ કનકશક્તિ કેવળજ્ઞાનીની દેશના સાંભળ્યા પછી ભવ-ઉદ્વેગ અને ધર્મસંવેગમાં દિવસો જઇ રહ્યા છે, એટલામાં પોતાના પિતા તીર્થંકર શ્રી ક્ષેમંકર ભગવાન ત્યાં હજારો સાધુ-સાધ્વી અને એક ક્રોડ દેવતાઓના પરિવાર સાથે પધારે છે. પ્રભુ પધાર્યાની વધામણી આપનારને ચક્રવર્તી જનમ-દારિદ્રયના નાશક સાડા બાર ક્રોડ સોનૈયા વધામણી દાન આપે છે ! ને પોતે પછી પરિવાર સાથે પ્રભુને વંદનાદિ અર્થે જાય છે,

દેવતાઓએ ત્યાં સમવસરણ રચ્યું છે, એમાં ઉપરના રત્નસિંહાસને તીર્થંકર ભગવાન બિરાજી દેશના આપી રહ્યા છે. ચક્રવર્તી પ્રભુને જોઇ હર્ષઘેલા થઇ પ્રદક્ષિણા દઇ વંદન-સ્તુતિ કરીને દેશના સાંભળવા બેસે છે. જગદ્‌ગુરુ ફરમાવી રહ્યા છે.

**પ્રભુની દેશના :-**

હે ભવ્યાત્માઓ ! તમારા અનાદિ-સિદ્ધ આત્માને આ ભયંકર ભવાટવીમાં ક્યાં સુધી રખડતો રાખશો ? આહાર-વિષય-પરિગ્રહ- આરામી અને ક્રોધાદિ કષાયોની સંજ્ઞાની પરવશતાએ જીવ ભવમાં ભટકે છે. આહારાદિ સંજ્ઞાઓને સેવતાં સેવતાં, અનંતાનંત પુદ્‌ગલ પરાવર્તકાળ વહી ચૂક્યા ! હજી જીવને એ આહારાદિની તૃપ્તિ ન થઇ, તે ફરી ફરી એની જ સંજ્ઞાઓ અને સંજ્ઞાપોષક પદાર્થોની સેવના ચાલુ ! જે આ મોંઘેરો માનવભવ જ એ સંજ્ઞાઓની ગુલામી ફગાવી દઇ નિર્મળ જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપની સાધના માટે સમર્થ છે, એવો ભવ બીજો સમર્થ નથી.

તો આ ઉત્તમ ભવમાં આની જ સાધના કરી લો.'

ચક્રવર્તી વજ્રાયુધ આમે ય ભવથી ઉદ્વિગ્ન તો હતા જે, એમાં ખુદ તીર્થંકર ભગવાનના શ્રીમુખે આ દેશના સાંભળી એમનો વૈરાગ્ય ઉત્કટ વધી ગયો, એટલે ઊભા થઇ પ્રભુને પ્રાર્થના કરે છે-

**ચક્રવર્તીની પ્રાર્થના :-**

''હે જગતના તારક વિશ્વબંધુ ! આપ તત્ત્વવાણી પ્રકાશી જગતના ઉપર કેટકેટલો ભવ્ય ઉપકાર કરી રહ્યા છો ! આપની આ વાણી સાંભળી મારું મન સંસારથી ભય પામી સંસારવાસ પરથી ઊઠી ગયું છે. પાપસંજ્ઞાઓ સેવરાવનારા ઘરવાસને છોડી એક માત્ર જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપની સંપૂર્ણ સાધના કરાવનાર મુનિપણું સ્વીકારવા મારું મન ઊજમાળ બન્યું છે. તો પ્રભુ ! કૃપા કરી આપ અત્રે રોકાઇ જાઓ, હું તુરંત જ રાજ્ય-વ્યવસ્થા કરી આપના ચરણની સેવામાં આવું છું.''

ભગવાન કહે છે ''મા પડિબંધં કુણહ મહાનુભાવ ! હે મહાનુભાવ સંસારમાં ક્યાંય મમતામાં ફસાતા નહિ.''

બસ, પછી તો ચક્રવર્તીએ ઘરે આવી વિશાળ દાન અને જિન-મંદિરોમાં અષ્ટાહ્નિકા મહોત્સવ માંડ્યા. પુત્ર સહસ્ત્રાયુધને રાજ્યગાદી પર બેસાડી સંસાર-ત્યાગ કરી ચારિત્ર લેવા તૈયાર થાય છે.

આવા મહાસમૃદ્ધ ચક્રવર્તીને સકલ સમૃદ્ધિનો ત્યાગ કરી ચારિત્ર લેવાની તૈયારી કરતાં જોઇ એમની ૪૦૦૦ રાણીઓ પણ એમની સાથે જ ચારિત્ર લેવા ઊભી થઇ ગઇ ! ક્યા હિસાબ પર ? હિસાબ આ જ કે-

**રાણીઓ ક્યા હિસાબ પર ચારિત્ર માર્ગે ? :-**

'આવો મહાન આત્મા અતિશય વિપુલ સંસાર લીલા બધી હસ્તગત છતાં જો આ એનો સર્વેસર્વા ત્યાગ કરી દે છે, તો પછી અમારે શા વિષયના ઠીકરા ચાટવા બેસી રહેવું ? આવા નજર સામે ભવ્ય ત્યાગીના ત્યાગનું આલંબન નહિ લઇએ તો આવા આલંબન વિના એમ ને એમ તો અમારે ત્યાગ કરવાનું શું ગજું ? વળી પતિ સાથે વિષયોમાં મહાલતા આવડ્યું, તો હવે પતિ જ્યારે ત્યાગના માર્ગે સંચરે છે એ વખતે પતિની સાથે ત્યાગમાં મહાલવાનું ન કરીએ તો તે અમારી કેવી ધિટ્ઠાઇ ?'

ચક્રવર્તીની સાથે માત્ર એમની ૪૦૦૦ રાણીઓ જ નહિ, પરંતુ એમના ૭૦૦ પુત્રો પણ ચારિત્ર લેવા તૈયાર થઇ ગયા ! એમ જ ૪૦૦૦ રાજાઓ પણ

દીક્ષા માટે ખડા થઇ ગયા !

ત્યારે એ પુત્રો કેવા ? એ રાજાઓ કેવા ?

**પુત્રોનો દીક્ષા માટે શો હિસાબ ? :-**

પુત્રો સમજે છે 'ધનભાગ્ય અમારા કે અમને આવા ધર્મી પિતા મળ્યા છે ! આવા ધર્મી પિતા નહોતા મળ્યા ત્યારે તો અધર્મી પિતાની પાછળ પાછળ પાપમય જીવન જીવતા રહેવાની ભૂલમાં પડેલા, પરંતુ અહીં જો આવા ધર્મપરાયણ પિતા મળ્યા છે તો એમની સાથે અમારે પણ ચારિત્ર ધર્મનું જ શરણ હો !'

**રાજાઓનો દીક્ષા માટે શો હિસાબ ? :-**

રાજાઓ સમજે છે, 'અમને જે સુખ સાધન મળ્યા છે તેના કરતાં હજારો-લાખોગુણા ઊંચા સુખ સાધન હસ્તગત છતાં આ ચક્રવર્તી સાહેબ એનો ત્યાગ કરી દે છે, તે અક્કલહીનતાથી નહિ, કિન્તુ પરભવ સુધારી લેવાની મહા અક્કલથી. અક્કલહીનતા તો અમારી છે કે જીવનના અંતે ફરરર ફુ થઇ અવશ્ય ઊડી જવાની નાશવંત સંપત્તિને વળગી રહી પરલોક હિત સાધ્યા વિના બેઠા છીએ. 'મહાજનો યેન ગતઃ સપંથાઃ' 'મોટા પુરુષે આદર્યું પ્રમાણ.' પૂર્વના અનંતા ભવની જેમ આ માનવભવ અક્કલહીન બુધ્ધુ બન્યા રહેવા માટે નથી, કિન્તુ બુદ્ધિમાન બનવા માટે છે, ને

**બુદ્ધિમત્તા તો નાશવંત જડ સંપત્તિને છોડી અવિનાશી અને આત્માની સહગામિની આત્મસંપત્તિ આરાધી લેવામાં છે.**

માટે ઊઠો આપણે મહારાજાધિરાજને અનુસરો.'

વજ્રાયુધ ચક્રવર્તી અને ૪૦૦૦ રાણીઓ, ૭૦૦ પુત્ર, તથા ૪૦૦૦ રાજાઓનો ભવ્ય દીક્ષા વરઘોડો ચડ્યો, અને ઉદ્યાનમાં આવી શ્રી ક્ષેમંકર જિન પાસે એમણે ચારિત્ર લીધું.

એ ચારિત્ર સ્વીકારવાનું દ્રશ્ય કેવુંક ભવ્ય હશે !

**ચારિત્ર સ્વીકારનું ભવ્ય દ્રશ્ય : ધર્મની જાહોજલાલી :-**

દીક્ષા આપનાર તીર્થંકર ભગવાન છે, એટલે ભગવાનની સાથે બહુ વિશાળ સાધુ–સાધ્વીઓનો પરિવાર છે, તેમજ ઓછામાં ઓછો એક ક્રોડ દેવતાઓનો પરિવાર છે ! દીક્ષા લેનાર ચક્રવર્તી છે ! એટલે એના આજ્ઞાધીન હજારો રાજા

મહારાજાઓ છે, તે વળી પોત પોતાના પરિવાર સાથે છે, ચક્રવર્તીની એક લાખ બાણું હજાર રાણીઓ, હજારો પુત્રપૌત્રાદિ છે, હજારો સાસુ-સસરા, વેવાઇ-વેવાણો હોય, લાખોની સંખ્યાનું હયદળ-ગજદળ-રથદળ અને ક્રોડોનું પાયદળ હોય, તેમજ મોટી રાજધાનીના અને આજુબાજુના માઇલોથી આવેલા લાખો લોકો છે ! આવા અતિ વિશાળ સરંજામની વચ્ચે ચક્રવર્તીની ૪૦૦૦ રાણીઓ, ૭૦૦ પુત્રો અને ૪૦૦૦ રાજાઓની આગેવાની સાથે ચારિત્રનો સ્વીકાર કરે છે ! કેવું ક ભવ્ય દ્રશ્ય !

આપણે આ દ્રશ્ય કલ્પનામાં લાવીએ તોય છક્કડ ખાઇ જઇએ ! ત્યારે જેને એ નજરોનજર જોવા મળે એને ચમકારો કેવોક લાગે ? કેઇકના મિથ્યાત્વના, કેઇકના મોહના, ને કેઇકની વિષયાસકિત-કષાયો તથા કાયરતાના છક્કા છૂટી જાય !

**ધર્મની જાહોજલાલી જ્યાં મળે એ ભવ કેટલો ઊંચો ? :-**

ધર્મની આ જાહોજલાલી દેવલોકમાં જોવા ન મળે, એ તો આ માનવલોકમાં જ જોવા મળે. તો ભવ્ય કોણ ? દેવલોક ? કે માનવલોક ? માનવલોકમાં પણ આવેલા દેવતાઓને આ અતિ અદ્ભુત ધર્મ-જાહોજલાલી જોવા તો મળે, પરંતુ એમને વિષયત્યાગ, કષાયત્યાગ, વ્રતોનિયમો, તથા પવિત્ર દાન-શીલ-તપના-અનુષ્ઠાનો, સામાયિક-પોષધ-પ્રતિક્રમણની ક્રિયાઓ, જિનમંદિર-તીર્થ-પોષધશાળા નિર્માણનાં, અનુષ્ઠાનો, સંઘયાત્રા, સાધર્મિક ભક્તિ વગેરે વગેરેના આચાર અનુષ્ઠાન ધર્મક્રિયાઓ કરવાનું દેવોને ય ન મળે ! એ તો માનવોને જ મળે.

આ પરથી તમારી પુણ્યાઇનો ખ્યાલ આવે છે ? તમારા પુણ્યોદયની વડાઇ કેવી ? ને તમારી પુરુષાર્થ શક્તિની વડાઇ કેવી ? એની સામે દેવલોકના દેવતાઇ ભવનોની કે અહીંના બંગલાઓની, દેવતાઇ વિમાનો કે અહીંના પ્લેઇન-મોટરોની, દિવ્ય નંદનવન કે અહીંના બાગ-બગીચાઓની, તથા હીરા-માણેક-મોતી-સોનૈયાની વડાઇ માનતા હશો, જાહોજલાલી એ જડ સમૃદ્ધિ અને રંગરાગના દિવ્ય વિલાસોની સમજતા હશો, પણ

**મારણહાર કોણ ? ને તારણહાર કોણ ? :-**

એ વડાઇ ને એ જાહોજલાલી તો ક્ષણભંગુર, નાશવંત અને જીવને કારમા મોહનો ગુલામ બનાવનારી ને મારણહાર છે. ત્યારે ધર્મ-સામગ્રીની પુણ્યાઇની વડાઇ, ધર્મપુરુષાર્થ-શક્તિની વડાઇ, તથા ધર્મની જાહોજલાલી એ મહાન ધર્મ-ભાવના અને ધર્મ-પુરુષાર્થ જગાવનારી તેમજ તારણહાર છે.

**દુન્યવી જાહોજલાલીમાં ન આકર્ષાવા શું કરવું ? :-**

જ્યારે જ્યારે જડ સમૃદ્ધિ ને વિષય-વિલાસો જોઇ મન પાગલ બનવા જાય ત્યારે ત્યારે વજ્રાયુધ ચક્રવર્તી જેવાનું તીર્થંકર ભગવાન પાસે દીક્ષા સ્વીકારવાનું આવું ભવ્ય દ્રશ્ય અને ધર્મની જાહોજલાલી મનની સામે લાવજો, એટલે જડ વિષયો તથા વિષય-વિલાસોની જાહોજલાલી અતિ તુચ્છ રાંકડી ને પામર દેખાશે, મન મહેકી નહિ જાય, આત્માનું વિસ્મરણ નહિ થાય.

**આત્માનું સ્મરણ-વિસ્મરણ ક્યાં ? :-**

આત્માનું વિસ્મરણ કોણ કરાવે છે ?

જડ વિષયો અને વિલાસોની જાહોજલાલીનાં દ્રશ્ય અને કલ્પના.

આત્માનું સ્મરણ કોણ કરાવે ?

ધર્મ-ધર્મ પ્રસંગોની જાહોજલાલીનાં વાસ્તવ દ્રશ્ય યા એની કલ્પના આત્માનું સ્મરણ રખાવે.

આત્માનું વિસ્મરણ નથી થવા દેવું ? આત્માનું સ્મરણ જાગતું રાખવું છે ? તો પેલી જડની તથા વિષયો અને વિલાસોની જાહોજલાલી જોવી પડતી મૂકો, અને ધર્મની જાહોજલાલીના પ્રસંગ બહુ જુઓ. પિક્ચર ને પ્રદર્શનો જોવાથી તો આત્માનું સ્મરણ નહિ વિસ્મરણ થાય. મોટર-બંગલા અને ધનના ઢેર જોવાથી આત્માનું સ્મરણ નહિ થાય, ત્યારે ચોવીસ તીર્થંકર ભગવાનનાં અને બીજા મહાપુરુષોનાં ચરિત્રો વાંચવાથી ધર્મની જાહોજલાલીની કલ્પના લાવીને આત્માનું સ્મરણ થશે. દેવદર્શન-પૂજા-સામાયિક વગેરે ધર્મની આચરણા કરતાં આત્માનું સ્મરણ થશે, તીર્થયાત્રા-સાધુદર્શનયાત્રા તથા ઉપધાન વગેરેથી આત્માનું સ્મરણ થશે.

☘ ☘ ☘ ☘ ☘ ☘

મોહના બોલ ને મોહનાં ભાષણ સાંભળીને આત્માનું સ્મરણ નહિ, પરંતુ ધર્મવચન, ધર્મશિક્ષા અને ધર્મના વ્યાખ્યાનો સાંભળીને આત્માનું સ્મરણ થશે.

તો શું કરવા જેવું ? શું કરવા દોડશો ?

**કમ્મે સૂરા તે ધમ્મે સૂરા :-**

વજ્રાયુધ ચક્રવર્તીએ ચારિત્ર લીધું ! પછી એ પાળવાનું કેવું ? 'કમ્મે સૂરા તે ધમ્મે સૂરા' કહેવાય છે ને ? કેમ ? કમ્મે સૂરા કર્મે શૂરવીર માણસો ધર્મ હાથમાં

આવતાં સમજે છે કે 'કર્મ યાને દુનિયાદારીમાં શૂરવીર બનીને અઢળક પાપોનાં પોટલાં માથે ચડાવ્યા છે. અઢળક કુસંસ્કારોનાં પોટલાં માથે ચડાવ્યા છે. એ નીચે ઉતારવા સમર્થ કોણ છે ? માત્ર સામાન્ય ધર્મ નહિ, કિન્તુ શૂરવીરતાવાળો ધર્મ, ધર્મની શૂરવીરતા. તો ધર્મ હવે હાથમાં આવ્યા પછી આરાધનામાં બાકી શી રાખવાની હોય ?

**જે હોંશથી રૂડા ખાનપાન વગેરે કરતાં આવડ્યા, એના કરતાં કેઇ ગુણી હોંશથી ત્યાગ અને તપ સેવાય સેવતાં આવડે, તો જ પાપનાં પોટલાં નીચે ઊતરે.**

વજ્રાયુધ મુનિ ધમ્મે શૂરા બની કઠોર પરીસહોને સહન કરે છે. નથી જોતા ટાઢ કે નથી જોતા ગરમી, નથી કોઇ ડાંસ-મચ્છરની પરવા, કે નથી કોઇ અપમાન આક્રોશની પરવા, મુનિ બનેલા છે તે ભલેને પૂર્વના ચક્રવર્તી, પરંતુ હવે વિચારવાનું છે. જંગલો વચ્ચેથી, અને મુકામ કરવા છે ગામડાઓમાં. ત્યાં કોણ ઓળખે છે કે આ તો પહેલાં ચક્રવર્તી હતા એ ? ઓળખાતા નથી એટલે અનાડી માણસો તાડના-તર્જના ય કરે, ગોચરી જાય તો હડધૂત પણ કરે, કિન્તુ આ સમતાભાવી મહાત્માને મન કશો ખેદ નથી ! લેશ પણ એમ માનવું નથી કે 'આ ભારે કષ્ટ આવ્યું, બહુ ખરાબ થયું !'

આ મનને ન થવું કઠણ છે. હજી ઉપદ્રવ સહી લેવાય ઉપદ્રવ કરનાર પર ગુસ્સો ન કરાય, પરંતુ 'ઉપદ્રવ એ ખરાબ' એવું મનમાં આવ્યા વિના રહે નહિ. શી રીતે એટલું ય મનમાં ન આવે ? કહો,

**ઉપદ્રવ એ ખરાબ કેમ ન લાગે ? :-**

લગન એક છે, 'કર્મોનાં બંધનથી જનમ મરણનાં દુઃખ અને નાલેશી વેઠવી-પડે છે, માટે કર્મબંધનોને તોડી નાખું ! એ તોડનારા ઉપદ્રવોને આનંદથી વધાવું ! મનમાં આ ગોખ્યા કરું-

**''કર્મ ખપાવવાનો અવસર એહવો ફરી નહિ મળશે પ્રાણી રે...''**

ચક્રવર્તી મહાત્મા પરીસહો સહે છે, એટલું જ નહિ પણ કર્મ તોડવાની જ એક માત્ર લગન છે ને ? તે ઉગ્ર કોટિના અભિગ્રહો ધારણ કરે છે ! કેમકે

**''જાવ મણે હોઇ નિયમ સંજુત્તો, છિન્નઇ અસુહં કમ્મં''**

**જ્યાં સુધી આત્મા મનમાં નિયમના ઉપયોગવાળો હોય ત્યાં સુધી અશુભ કર્મ છેદે છે.**

આપણે તો માત્ર મન જરા કાઠું કરી અભિગ્રહ નિયમ લેવાનું ને એ યાદ

રાખવાનું કામ, બસ, પછી કર્મક્ષયની મશીનરી આંતરિક રીતે ચાલુ થઇ ગઇ ! આના પર સર્વજ્ઞ ભગવાનનો સિક્કો છે, એટલે આમાં લેશ પણ શંકા નહિ લાવવાની. 'ખરેખર એમ બને છે,' એ સચોટ માની લેવાનું. એ માની લીધું એટલે પછી કર્મક્ષય પ્રતિસમય થતો રહ્યાનો આનંદ આનંદ માનવાનો.

જોજો પૂર્વે ચક્રવર્તી એટલે કે છ ખંડ, ૩૨ હજાર દેશ અને ૯૬ ક્રોડ ગામોનો અધિપતિ, એ આ પરીસહ-સહન અને અભિગ્રહ-ધારણ કરી રહ્યા છે ! તમને આના પર વિચાર આવે ખરો કે 'અરે ! ત્યારે હું આટલી બધી ઊંચી તો સાધના નહિ. પણ એની અપેક્ષાએ સામાન્ય સામાન્ય પરીસહો સહવાનું ને નિયમો કરવાનું કેમ મને સૂઝતું નથી ? ના, વિચાર નથી, કેમકે કર્મ ખપાવવાની લગન નથી. લગન છે ઘણી બધી, પણ શેની શેની ? હોંશે હોંશે ધંધો ધાપો કરવાની, રૂપિયા ઘર ભેગા કરવાની ! મોકો મળે ત્યાં રોફ-રોષ કરવાની ! પત્ની અને પરિવારને સારા સારા રાખવાની ! આવી બધી લગન છે. આમાં મનને કશો ખેદ નથી કે 'ખોટું કરી રહ્યો છું.' એમ માનવું નથી. તો બોલો, સમકિત રહે ?

**વજ્રાયુધ મુનિ વાર્ષિક પ્રતિમામાં :-**

મહાત્મા વજ્રાયુધ મુનિ વિહાર કરતાં કરતાં સિદ્ધ પર્વત પર પહોંચે છે. પર્વતનું નામ 'સિદ્ધ', કારણ કાંઇ ? એમ કે આ પર્વત પરથી સારી સારી સંખ્યામાં ભવ્યાત્માઓ સિદ્ધ થયેલા હોય અથવા કોઇ અવસરે મોટી સંખ્યામાં ભોગી આત્માઓ અહીં પ્રતિબોધ પામીને યોગી બની પરાક્રમી થઇ મહા અહિંસા-સંયમ-તપની સાધનામાં એવા લાગી ગયા હોય કે અહીંના સર્વે કર્મોનો ક્ષય કરી સિદ્ધપદ પામ્યા હોય, પર્વત પવિત્ર થઇ ગયો ગણાય, એના પર ચક્રવર્તી મુનિ વજ્રાયુધ એક વર્ષભરની પ્રતિમામાં સ્થિર થાય છે. પ્રતિમા એટલે વિશિષ્ટ કડક અભિગ્રહનું પાલન, જેમાંથી લેશ પણ ડગવાની વાત નહિ, પછી ભલેને મોટા દેવતાઇ ઉપસર્ગો આવો !

**કોણ બળવાન ? દેવતાઇ ઉપસર્ગ બળવાન ? કે મનની સ્થિરતા બળવાન ?**

આત્માનું વિજ્ઞાન સમજ્યા હોય એ મહાત્માની મનની સ્થિરતા બળવાન હોય છે. એની આગળ દેવતાઇ ઉપસર્ગ કાંઇ કરી શકે નહિ એનું કારણ કે એ મહાત્મા સમજે છે કે આત્મા તો નરકમાં જઇ આવ્યો ત્યાં અસંખ્યવાર એનો દેહ કપાયો, છુંદાયો, ભેદાયો, પીલાયો, પીસાયો, પરંતુ આત્મા તો અખંડ રહેલો, એનો એક પ્રદેશ પણ કપાયો નહિ, છુંદાયો નહિ, બળ્યો નહિ. એવું અનંતીવાર નરકમાં જઇ

આવ્યો છતાં કશું થયું નહિ, માત્ર શરીર સંબંધના યોગે એને વેદના થાય એટલું જ. એમાંથી ય પસાર થઇને આજે ય અણી શુદ્ધ આત્મા ઊભો છે ને ?

આત્માનું વિજ્ઞાન સમજ્યા પછી મન એટલું કાઠું કરવું પડે કે માત્ર વેદનાને ગણકારવાની નહિ, એને મન પર બહુ લેવાની નહિ, વેદનાથી મન બગાડવાનું નહિ. એ માટે વિચારવાનું કે-

**વેદનામાં મન ન બગાડવા વિચારણા :-**

કર્મ-સત્તાએ આ કાયા-પુદ્‌ગલનો લોચો આત્માને એવો પકડાવ્યો છે કે એને બિચારાના માથે કાયાની, એનાં એકેક ગાત્રોની, અને એકેક ઇન્દ્રિયની વેઠ કરવી પડે છે. જો કાયા જ ન વળગી હોત તો કોને ખવરાવવા-પીવરાવવાનું ? કોને પહેરાવવા-ઓઢાડવાનું ? કોને ઊંઘાડવાનું ને આરામ કરાવવાનું ? કાયા જ ન વળગી હોત તો કોને સારું જોવરાવવાનું ? કોને સારું સંભળાવવાનું ? કોને સારું ? સ્પર્શાવવાનું ? સારું ચખાડવાનું ?

**આ બધી ખવરાવવા-પીવરાવવા-જોવરાવવા સંભળાવવા વગેરેની વેઠ અનાડી કાયાના વળગાડથી કરવી પડે છે.**

કાયા અનાડી છે કે આત્માને પોતાનું ભુલાવી એની પાસે આ બધી વેઠ કરાવે છે. માટે કાયા પર દ્વેષ કરીને કાયાની સુખાકારિતાની પરવા જ નહિ કરવાની. વ્યવહારમાં આ બને છે. લોકો પ્રત્યે કોઇ ભારે અનાડીપણાનું કામ કરતો હોય તો એના પર અરુચિ થાય છે, ને એ માંદો પડે, કષ્ટમાં પડે, તો એમ થાય છે કે એ ભલે કુટાતો, એની સુખાકારિતાની લાગણી જ થતી નથી.'

બસ, એ રીતે શરીરનું અનાડીપણું મહાત્માઓને નજર સામે તરવરે પછી એના પર વેદના આવી તો એની સુખાકારિતાની જરાય લાગણી જ ન કરે, ભલે પોતાના આત્માને વેદના સહન કરવાનું આવે છતાં મન મક્કમ રહે છે કે 'ભલે હું વેદના સહન કરી લઇશ પરંતુ આ કુટિલ અનાડી કાયા પર તો જરાય લાગણી-મમતા નહિ કરું. એ તો સારી રીતે કુટાય એ જ બરાબર છે. કેમકે એમાં મારે ફાયદો છે, મારા પાપના કચરા સાફ થતા જાય છે.'

**ઉપસર્ગમાં ક્ષમતા માટે ૩ લક્ષ :-**

બોલો, આત્મ વિજ્ઞાન બરાબર સમજનાર મહાત્માને નજર સામે જ્યાં આ તરવરતું હોય-

(૧) કાયાનો ભયંકર વળગાડ,

(૨) કાયાનું ભારે અનાડીપણું, ને

(૩) કાયા અંગેની વેદનામાં ફાયદામાં ધરખમ પાપ-કચરા સાફ થવાનું,

નજર સામે આ તરવર્યા કરતું હોય, ત્યાં ઘોર દેવતાઇ ઉપસર્ગમાં પણ મન શાનું દુ:ખી થાય ? મન મક્કમતાથી સદા પ્રસન્ન જ હોય, મનની સ્થિરતા, કર્મક્ષય માટેનો ભેખ લીધો ત્યારથી, અકબંધ રહે, વધતી રહે.

તો હારે કોણ ? મન ? કે દેવતા ?

**સ્વવેદના ભૂલી પરવેદના મન પર લેતાં કેવળજ્ઞાન :-**

અર્ણિકાપુત્ર આચાર્યને દેવતાએ આકાશમાં ભાલે પરોવી કદાચ ઘણું ય ચક્કર ચક્કર ફેરવ્યા હશે, પરંતુ ત્રણની વેદનામાંથી આચાર્ય મહારાજે પોતાની વેદનાને જરાય ન ગણતાં બાકી બેમાંથી પાપ કરનાર દેવતાને ભવિષ્યમાં આવનારી વેદનાને ગણી, તથા ટપકતા લોહીથી નીચે મરતા પાણીના જીવોની વર્તમાન વેદનાને જ મન પર રાખી, એમની દયા જ ચિંતવી, એ ચિંતવતાં પોતાની કાયા તરફ ઘૃણા અને અનાશક્તિમાં ચડી ગયા ! મનની ધીરતા-સ્થિરતા એટલી બધી વધી ગઇ કે દેવતા ઉપસર્ગ કરતો રહ્યો ને આચાર્ય મહારાજનો આત્મા કેવલજ્ઞાન અને મોક્ષ પામી ઉપર ચાલી ગયો !

કોણ બળવાન ? દેવતાઇ ઉપસર્ગ ? કે મનની સ્થિરતા ?

**કષ્ટમાં મનની સ્થિરતા અખંડ જાળવવી હોય તો કાયાનું અનાડીપણું ને આત્માનું વિજ્ઞાન નજર સામે તરવરતું ને તરવરતું રાખો.**

આત્માનું વિજ્ઞાન આ-

(૧) કાયા એ કર્મે પકડાવેલ ભયંકર પિશાચ જેવો વળગાડ છે.

(૨) કાયા નગુણી ને ભયંકર અનાડી છે.

(૩) કાયા પરનાં કષ્ટ આત્માને પાપ કચરા સાફ થવાના ફાયદામાં છે.

પેલા ચક્રવર્તી વજ્રાયુદ્ધ મુનિ બાર માસની પ્રતિમામાં વિચરી રહ્યા છે, ને એમના પર બે અસુરો ઉપસર્ગ કરવા આવ્યા.

**વજ્રાયુધ મુનિ પર બે અસુરોનો ઉપસર્ગ :-**

એ બે અસુર કોણ ? પૂર્વે ત્રિપૃષ્ઠ વાસુદેવે જેનો સંહાર કરેલો તે અશ્વગ્રીવ

પ્રતિવાસુદેવના બે પુત્ર મણિકુંભ ને મણિકેતુ કાળ કરીને ક્રમશઃ ભવનપતિ અસુરનિકાયમાં ઉત્પન્ન થયેલા તે.

ક્યાંથી વૈર સ્ફુરી આવ્યું ? વજ્રાયુધ એ વખતે ત્રિપૃષ્ઠ વાસુદેવની પટ્ટરાણી સ્વયંપ્રભાના ભાઇના દીકરા અમિતતેજ હતા, અને સ્વયંપ્રભાના પુત્ર શ્રીવિજયના ખાસ સહાયક મિત્ર હતા. મણિકુંભ-મણિકેતુને મન બાપ અશ્વગ્રીવનો ઘાતક ત્રિપૃષ્ઠ વાસુદેવ દુશ્મન હતો. એનો વારસદાર દીકરો શ્રીવિજય પણ દુશ્મન, અને એનો પરમ સહાયક અમિતતેજ પણ દુશ્મન ! તે હવે અમિતતેજ અહીં ચક્રવર્તી વજ્રાયુધ થયા છે, ને સંસાર ત્યાગ કરી મુનિ બન્યા છે, તો પેલા બે અસુરને દુશ્મનાવટની ભાવના ઉછળી આવે છે, ને મહાત્મા પર ઘોર ઉપસર્ગ વરસાવે છે.

**વજ્રાયુધ પર કેવા ઉપસર્ગો ? :-**

એ અસુરો જ્યાં મુનિ ધ્યાનમાં ઊભા છે ત્યાં સામેથી મોટી ગર્જના કરતો સિંહ વિકુર્વે છે, ને એ મુનિ પર આક્રમણ કરવા ફાળ મારે છે. મુનિ ત્યાં ભાગવાની તો શું પણ સહેજ કંપવાની ય ચેષ્ટા નથી કરતા. ચક્રવર્તીની કાયા છે. સિંહનો સામનો કરી શકે ! જાણો છો ને ત્રિપૃષ્ઠ તો વાસુદેવ હતા, ચક્રવર્તી કરતાં અડધા બળવાળા, છતાં એમણે ફાળ મારીને તુટી પડતા સિંહને જડબામાંથી ઝાલી એના બે જડબા ચીરી નાખેલા ! તો આ તો ચક્રવર્તીની કાયા ધરાવનારા, તે સિંહને શું ન કરી શકે ?

પરંતુ વજ્રાયુધ ચક્રવર્તી મુનિએ સિંહનો કશો જ સામનો કર્યો નહિ, સિંહને પોતાના દેહ પર ફાળ મારતો પડવા દીધો, એટલું જ નહિ, પણ હવે સિંહ મુનિના શરીર પર તિક્ષ્ણ નહોર મારે છે, તો મારવા દીધા ! મોંઢેથી ચાવી ખાવાનો દેખાવ કરે છે, તો 'ભલે ખાય' કહે છે ! મુનિ જરાય ગભરાતા નથી, કંપતા નથી. પોતે સ્વીકારેલા અભિગ્રહ-ધ્યાનમાં સ્થિર રહે છે. મહાત્માએ હિસાબ એક રાખ્યો છે કે-

**કાયરતા કાઢવા એક હિસાબ :-**

"કર્મ ખપાવવાનો અવસર એવો ફરી નહિ મળશે પ્રાણી રે" આટલી બધી વીરતા ? કવિ કહે છે ને ? કે

"હરિનું ભજન છે શૂરાનું, નહિ કાયરનું કામ જો ને"

કાયરતા લાવતા પહેલાં જો આ જોવાય, "નરકમાં જીવે કેટકેટલું સહ્યું છે ? આજે ય નરકમાં જીવો કેવું ભયંકર સહી રહ્યા છે ? એની અપેક્ષાએ આ શું

સહવાનું છે ? અનાડીનું સહન કરવું જ પડવાનું છે. તો પછી શા માટે જંગે બહાદુર બની સહર્ષ ન સહી લઉં ?''

જો આ વિચાર કરાય, તો કાયરતા આવતી ભાગી જાય.

**કાયરતા ભગાડી દઇએ તો સહિષ્ણુતાની જેમ ત્યાગ-તપસ્યાદિ પણ આવકારાય.**

**હાથીનો ઉપસર્ગ :-**

દેવતા સિંહના ઉપસર્ગથી મુનિને ડગાવી શક્યો નહિ, એટલે હવે વિકરાળ જંગલી હાથીનો ઉપદ્રવ કરે છે ! એવો હાથી વિકુર્વીને સામેથી દોડતો આવતો બતાવે છે ! મુનિ જરાય ગભરાયા વિના ત્યાં જ ઊભા રહે છે, ભાગતા નથી કે લેશ ખસી જતા પણ નથી. હાથી નજીક આવીને સૂંઢથી ઊંચકે છે. કેમ જાણે ઊંચકીને જમીન પર મહાત્માનું માથું પછાડી પછાડી ફોડવું ન હોય ! એમ હવામાં ચક્કર ચક્કર ઘુમાવી નીચે લઇ જાય છે, વળી પછાડ્યાં વિના ઊંચે ઉચકી લે છે. એમાં જોતો રહે છે કે મુનિ મનથી ઢીલા પડે છે ?'

એમાં અડગ જાણી મુનિને નીચે મૂકી દંતુશળના ગોદા ઠોકે છે ! હાથીના જોરથી ગોદા એટલે દંતૂશળના ઘા કેવા લાગે ? પણ લેશ પણ ડગવાની વાત મુનિ પાસે નથી.

**સર્પનો ઉપસર્ગ :-**

હવે દેવતા લાંબા સાપનું રૂપ કરે છે. વળી અહીં બે અસુર છે તે બે સર્પના રૂપ કરી મહાત્માની સામે ઉગ્ર ફણા કરી દોડ્યા આવે છે. આવીને પગ પર કુતરાની જેમ જોસથી બચકું ભરે છે. અતુલ વેદના ઊભી થાય છે, પરંતુ વજ્રાયુધ મહાત્મા બિલકુલ સ્વસ્થતાથી પોતાના ધ્યાનમાં છે.

'છેવટે બંને સાપ મહાત્માના શરીરે ભરડો લે છે. કડક તંગ થઇ જાય છે. મહાત્માના હાડકા અને હાડકાના સાંધા કચરાય છે. એથી આખા શરીરે ભયંકર દુખાવો થાય છે, પરંતુ મહાત્માનો વૈરાગ્યભાવ અને ઉપશમભાવ અદ્‌ભૂત કોટિનો રહ્યો છે ! પૂછો-

પ્ર.-આટઆટલા ભયંકર સર્વાંગીણ દુખાવો ત્રાસ-યાતના ચાલતા હોય તો શી રીતે વૈરાગ્ય અને ઉપશમભાવ ટકી રહેતા હશે ?

**ઉ.-વૈરાગ્ય અને ઉપશમભાવ ટકી રહેવામાં મુખ્ય કારણ આત્મદ્રષ્ટિ છે.**

**ધર્મ કરતાં ય દેહદ્રષ્ટિ :-**

ચાલુ જીવનમાં આપણે આપણા આત્માનો ખ્યાલ તો રાખીએ છીએ, અને આત્મહિતની પ્રવૃત્તિ ય કરીએ છીએ પરંતુ એમાંય દેહદ્રષ્ટિ જીવતી જાગતી ઊભી રહી હોય છે ! દા.ત. ભગવાનનાં દર્શન કરવા નીકળ્યા, શા માટે ? દેવદર્શન આત્માને હિતકારી છે માટે, ત્યાં આત્માનો ખ્યાલ રાખ્યો, પરંતુ સાથે દેહદ્રષ્ટિ ઊભેલી રાખી જં છે તેથી જો રસ્તામાં કોઇ હરિનો લાલ મળી ગયો અને દુન્યવી વાતચીતમાં લીધા, તો ઝટ ઊભા રહી સારી રીતે અર્થાત્ મન દઇને વાતમાં પડાય છે ! આ શું છે ? દુન્યવી વાતચીત એટલે દેહને સંબંધવાળી વાતો જ ને ? એમાં શું કશી અફસોસી ખરી કે આમાં મારો દેવદર્શન કરવા જવાનો રંગ ઘવાય છે ? અરે ! આમાં મારી આત્મદ્રષ્ટિ પડતી મૂકાય છે ? આ ખેદ ખરો ? ના રે ના, એ તો માની લીધું છે કે 'ધરમ કરવાનો તો ખરો, પણ કાંઇ સામાનું મોં તોડી નખાય ?

અરે પણ ! મોં સાચવવા વાતે મંડવાનું ? તો કહે છે 'એની બે વાતો ય સાંભળવી પડે.'

**ભગવાનને ખોટું લગાડવું ? કે બીજાને ? :-**

તો શું એમ ન કહેવાય કે ભાઇ પછી મળજો. હમણાં હું દેવદર્શને જાઉં છું.

ના, એમ કહેતાં શરમ નડે છે, સામાને 'ખોટું લાગે એવો ભય રહે છે.'

તો સવાલ આ છે કે તું ભગવાનનાં દર્શને નીકળ્યો એમાં વચમાં સામાને ખોટું ન લગાડતાં બીજું લફરું પકડી લઇ દર્શનને ગૌણ કરે, દર્શનના ભાવ બાજુએ મૂકી દે, દુન્યવી વાતના ભાવ મનમાં ઘાલે એથી ભગવાનને ખોટું નહિ લાગે ? અર્થાત્ ભગવાનનું અપમાન નહિ ? પણ એનો વિચાર તો ક્યારે થાય ? કે આત્માનો ખ્યાલ કરાય ત્યારે, આત્મદ્રષ્ટિ હાથમાં લીધા પછી દેહદ્રષ્ટિને દફનાવી દેવાય ત્યારે. વાત આ છે કે આત્મદ્રષ્ટિ ઊભી તો કરી પરંતુ દેહદ્રષ્ટિ બરાબર હૈયામાં પકડી રાખેલી છે, તેથી આત્મદ્રષ્ટિ દુબળી રહે છે, ને સબળ કામ કરતી નથી.

દા.ત. દાન દેવા નીકળ્યા, એમાં કોઇક પાછળ ઘસાતું બોલ્યું. તો એ સાંભળીને ઝટ મનને લાગી જાય કે 'અરે ! એક તો દાન દઇએ ને ઉપરથી આવું ખોટું સાંભળવાનું ? આ શું થયું ? દાન દેવામાં તો આત્મદ્રષ્ટિ આવી, પણ નિંદા સાંભળીને મનને દુઃખ થયું એ દેહદ્રષ્ટિ આવી. નિંદા સાંભળી એમાં આપણા આત્માને કશી હાનિ નથી, ઊલટું એનાં અશુભ અપયશ નામકર્મ ખપ્યાં એ લાભ થયો,

પરંતુ 'શ્રોત્રેન્દ્રિયને એટલે કે દેહને આવું કર્કશ કેમ સાંભળવા મળ્યું ?' એ દેહના દુઃખનો ખ્યાલ આવ્યો, એ દેહદ્રષ્ટિ થઇ.

કહેવાનું તાત્પર્ય આ છે કે આત્મદ્રષ્ટિ જાગ્યા પછી પણ દેહદ્રષ્ટિ કામ કરતી રહે છે, ને કેટલીકવાર એ દેહનો ખ્યાલ જોરદાર બની જાય છે. તે,

**આપણા સુકૃતની નિંદાના શ્રવણમાં દેહદ્રષ્ટિ આત્મહિતની પ્રવૃત્તિના મહાલાભને ભૂલાવી દેહ દુઃખનો ખ્યાલ એવો જોરદાર બનાવી દે છે કે આ દુઃખની લાગણી આગળ પેલા સુકૃતના આત્મિક આનંદની લાગણી મોળી પડી જાય છે.**

આમાં પછી પોતાને તો કોઇ ઉપદ્રવ નહિ, પણ કોઇ મહાત્મા પર ઉપદ્રવ વરસતાનું સાંભળે એટલે કમકમી થાય કે હાય ! આટલું બધું કેમ સહન થાય ? ''કેમ આમ થાય છે ? પોતાને ચાલુ સાધનામાં પણ દેહદ્રષ્ટિ ઊભી રાખેલી, પોષેલી, ને આત્મિક આનંદ અનુભવેલો નહિ, તેથી અહીં આ સાંભળતા મહાત્માને આત્મિક આનંદ કેવો હશે એની કલ્પના ય ક્યાંથી આવે ? આટલું લખી રાખો-

**આપણી દેહદ્રષ્ટિ મહાત્માઓને ભયંકર દેહવેદના વખતે ય કેવો આત્મિક આનંદ હોય છે એની કલ્પના ય નથી થવા દેતી.**

એટલે પછી મનને એમ થાય છે ''હાય ! બિચારા નિર્દોષ મહાત્મા પર કેટલો બધો જુલ્મ ! હેં ?'' પજુષણમાં શ્રી મહાવીર પ્રભુના ઉપસર્ગ સાંભળતાં મનને શું થાય છે ? આવું જ કાંઇક ? ને કે 'બિચારા ભગવાન પર કેટલા બધાં દુઃખ ! કેવા જુલ્મ !' પ્રભુ પરના ઉપસર્ગ સાંભળતાં આ વિચારવાનું ? પ્રભુને બિચારા બનાવવાના ? પણ એમ થવામાં કારણ આપણી જીવતી જાગતી દેહદ્રષ્ટિ છે. દેહના દુઃખ જલ્દી નજર સામે આવે છે.

**આત્મદ્રષ્ટિમાં કેવી અસર ? :-**

જો આત્મદ્રષ્ટિ હોય તો સુકૃત કર્યા પર બીજા તરફથી નિંદા થતી સાંભળવા મળતાં મનને થાય કે એના સર્ટિફીકેટ પર મારા સુકૃતની સફળતા નથી, એ તો સુકૃત અંગેની મારી નિષ્ઠા પર સફળતા છે. મેં શુભ નિષ્ઠાથી સુકૃત કર્યું છે એ સફળ જ છે. તો બીજા નિંદા કરે તેથી મારે શી ખોટ ? હું નિંદાથી શું કામ દુઃખી થાઉં ? મારે તો સુકૃતનો પરમ આનંદ છે.

જો આત્મદ્રષ્ટિ હોત તો પ્રભુના ઉપસર્ગ સાંભળતાં મનને એમ થાત કે-

''ધન્ય મારા વીર ! આટઆટલા જાલિમ જુલ્મ વખતે ય આપે સમતા રાખી !

જુલ્મગારને ય ખરાબ ન લેખ્યો ! ને જુલ્મને ય ખરાબ ન લેખ્યો ! માત્ર અનંત કર્મોના ક્ષય અને કર્મકચરા જવાથી થતી આત્મવિશુદ્ધિની કમાઇને જ ધ્યાનમાં રાખી જરાય આકુળ-વ્યાકુળ ન થયા ! કેવી કમાલ કરી ! અરે ! જુલ્મથી ભાગવાનું તો નહિ, પણ કેમ જાણે વધારે જુલ્મની ઝંખના રાખી કે 'આવો, આવો, હજી પણ ભારે જુલ્મ આવો, તમે આવો તેમ મારા ભારે કર્મ ખપી જાય.' ધન્ય તમારી સમતા ! ધન્ય તમારો આત્મિક આનંદ !"

આપણને આત્મદ્રષ્ટિ કંઇક પણ જાગી હોય તો પ્રભુના ઉપસર્ગ વખતે પ્રભુને આવેલ દેહકષ્ટની દેહના દુઃખની કમકમી નહિ, પરંતુ કષ્ટમાં ય પ્રભુએ ઉછળતો રાખેલ આત્મ-સંતોષ, આત્મ-આનંદ મનમાં લાવવાનું થાય, આ હિસાબ છે-

**દેહદ્રષ્ટિ દેહના અનુકૂળ-પ્રતિકૂળને જુએ છે.**

**આત્મ દ્રષ્ટિ આત્માના અનુકુળ-પ્રતિકૂળને જુએ છે.**

**દેહદ્રષ્ટિથી સંસાર, અને આત્મદ્રષ્ટિથી મોક્ષ.**

**દેહદ્રષ્ટિ-આત્મદ્રષ્ટિ બને સાથે ન રખાય :-**

મોક્ષની કામના છે ને દેહદ્રષ્ટિ મૂકવી નથી, એ મોક્ષ-ઇચ્છા કેવી ? પ્રભુને કહ્યા કરીએ, 'સેવક અરજ કરે છે રાજ, શિવ સુખ અમને આપો,' પરંતુ એ માગવું નથી કે આત્મદૃષ્ટિ અમને આપો, દેહદ્રષ્ટિનો ત્યાગ અમને આપો,' ત્યારે વચલો માર્ગ પૂછો-

❀ ❀ ❀ ❀ ❀ ❀

પ્ર.-શું દેહદ્રષ્ટિ ને આત્મદ્રષ્ટિ બેને સાથે ન રાખી શકાય ?

ઉ-ના, દેહદ્રષ્ટિમાં દેહને અનુકૂળ સારાં સારાં ખાનપાન અને વિષયવિલાસ તથા આરામી છે, ને એજ આત્મદ્રષ્ટિમાં પ્રતિકૂળ છે. કેમકે આત્મદ્રષ્ટિમાં આત્માને અનુકૂળ ત્યાગ, તપ, ઇન્દ્રિય સંયમ, કષાય-નિગ્રહ વગેરે છે.

મિયા-મહાદેવનો જોગ ક્યાં ખાય ?

જુઓ, સારા સારા વિષય-વિલાસો ઉડાવી ત્રિપૃષ્ઠ, બ્રહ્મદત્ત, વગેરે નરકમાં સિધાવ્યા, ત્યારે મહાવૈરાગ્ય, મહાત્યાગ, મહાતપ કરીને શાલિભદ્ર, મેઘકુમાર, ધન્નો વગેરે મહામુનિઓ ભવ ટૂંકો કરી ગયા.

દેહદ્રષ્ટિમાં દેહ અને ઇન્દ્રિયોની પૂજા-સરભરા કરવી છે, ને એ જ આત્માને પ્રતિકૂળ છે, તો બંનેનો મેળ ક્યાં જામે ?

દેહને અનુકૂળ અનુકૂળ કરીને ભવપાર થતો હોત તો જીવો ક્યારના ય મોક્ષ પામી ગયા હોત. અરે ! આપણે પણ હજી સુધી શું કામ કર્મની જકડામણ ભોગવતા હોત ? કહો,

**કર્મની જકડામણ દેહદ્રષ્ટિના કારણે જ મટતી નથી.**

**ધર્મ આ, કે વારે વારે દેહદ્રષ્ટિ પડતી મૂકીએ.**

**દાન-શીલ-તપ-ભાવના એ ધર્મ આટલા માટે જ છે કે એ દેહદ્રષ્ટિ પડતી મૂકાવી આત્મદ્રષ્ટિને પોષે છે.**

હિંસા-જુઠ-ચોરી-મૈથુન-પરિગ્રહ એ અધર્મ એટલા માટે જ છે કે એ આત્મદ્રષ્ટિને પડતી મૂકાવી દેહદ્રષ્ટિને પોષે છે.

દુશ્મનને મારીને જીવ ખુશી થયો કેમ ? 'ચાલો હવે આંખને એ દુશ્મન દેખવાનો ન રહ્યો. આંખ માટે સારું થયું.' આ દેહદ્રષ્ટિ છે. એના બદલે દુશ્મન મારવા આવ્યો ને ખંધકમુનિ ખુશી થયા ! કેમ ? 'ચાલો આણે કર્મ ખપાવવાનો અવસર આપ્યો, માટે આ ભાઇ થકી ભલેરો'. એમ કરી અહિંસા જાળવી એ આત્મદ્રષ્ટિ છે. આત્માને પ્રતિકૂળ કર્મ, તે એના નિકાલ તરફ દ્રષ્ટિ રાખી રાજી થયા.

**આ જીવનસૂત્ર-ઊંચી આત્મદ્રષ્ટિ લાવવા માટે ચાલુ જીવનમાં વારે વારે ઊઠીને દેહદ્રષ્ટિને દબાવો.**

એ માટે સારું ખાઇને ખુશી, મોટર-બંગલા વગેરે સારુ જોઇને ખુશી, સંગીત સાંભળીને ખુશી, મુલાયમ સ્પર્શવા મળ્યું ને ખુશી, આ બધા દેહદ્રષ્ટિના ચાળા છે. ત્યાં બધે અનુકૂળ અનુકૂળ વિષયોમાં મનને ખેદ જોઇએ કે 'આ લપેટામાં મારા આત્માનું શું થશે ? એમ તો ગોળ ખાઇને કીડી ય ખુશી થાય છે. દીવાની જ્યોત દેખી પતંગિયું આનંદ અનુભવે છે. કમળની સુવાસમાં ભમરો ખુશ થાય છે. સાપ પણ મોરલીના સંગીત પર રીઝે છે. પણ એમાં એનું શું ભલું થયું ?

જગતના જીવ વિષયોની ખુશીને લીધે જ સંસારમાં ભટકે છે.

**જીવન-કર્તવ્યો :-**

આ સમજી રાખીને રોજિંદા જીવનમાં

(૧) વારે ને વારે દેહદ્રષ્ટિ પડતી મૂકી આત્મ દ્રષ્ટિ કેળવવા જેવી છે.

(૨) હાલતાં ને ચાલતાં ઇન્દ્રિયોને એના વિષયથી પરાઙ્મુખ કરવા જેવી છે.

(૩) ઇષ્ટ વિષયોમાં વૈરાગ્યની ભાવના ભાવવા જેવી.

(૪) હાલતાં ને ચાલતાં વ્રત-નિયમ-બાધા કરવા જેવી, એમ

(૫) હાલતાં ને ચાલતાં ક્રોધ રોકો, અભિમાનને મારો, માયા પ્રપંચ અટકાવો, લોભ-મમતા-આસક્તિ છોડો.

(૬) દુન્યવી મનગમતા જડ-ચેતનના સંયોગ પડતા મૂકી આત્મહિતકર દેવ-ગુરુ-કલ્યાણ મિત્રના પડખાં સેવો.

(૭) દુન્યવી પ્રવૃત્તિ બને તેટલી બંધ કરી આત્માહિતની પ્રવૃત્તિ કર્યા કરો.

'રવિવાર રજા છે ચાલો સ્નેહીઓને મળી આવીયે,' એ ન કરતાં 'ચાલો સાધુ સમાગમ કરીએ, સારાં ધર્મગ્રન્થો વાંચીએ,' સફળ જીવનમાં આ કર્તવ્યો છે.

**દુન્યવી વિષયો તરફ મન જાય ત્યાં ત્યાં વિચારવું કે આ કેટલા કાળ માટે ? પછી દીર્ઘ પરલોકમાં મારું શું ?**

હાલતાં ને ચાલતાં દેહદ્રષ્ટિ પડતી મૂકી આત્મદ્રષ્ટિ રાખ્યા કરવાની ટેવ હોય, તો પછી મહાત્માઓ ઘોર ઉપસર્ગોમાં જે આત્મદ્રષ્ટિ રાખીને પ્રસન્ન રહ્યા, અડગ રહ્યા, એમાં નવાઇ ન લાગે, પણ એ જ કર્તવ્ય લાગે, એમાં શાબાશી લાગે. 'હાય બાપ ! આટલું બધું કેમ સહન થાય ?' એવી કાયરતા ન આવે, પણ 'ધન્ય જીવન ! ધન્ય સહિષ્ણુતા !' એમ ભારોભાર અનુમોદના થાય.

મહાત્માઓના ઉપસર્ગ-સહન જોઇ 'હાય બાપ !' કેમ થાય છે ? કહો દેહદ્રષ્ટિમાં જ ડૂબ્યા રહ્યા છીએ માટે.

**દેહદ્રષ્ટિમાંથી આંખ જ ઊંચી ન કરવી હોય એના ભાગ્યમાં મહાપુરુષોના મહાન સુકૃતોની અનુમોદના ય ન હોય.**

**વજ્રાયુધ મુનિ પરનો ઉપસર્ગ રંભા-ઉર્વશી હટાવે છે :-**

મહાત્મા વજ્રાયુધ ચક્રવર્તી મુનિને પેલા બે અસુરો સાપના રૂપ કરી ભરડો લઇ ભયંકર અંગતોડની વેદના ઊભી કરી રહ્યા છે, છતાં મહાત્મા પ્રસન્ન છે, પ્રશાંત છે, અડગતાથી સમતાપૂર્વક એ સહન કરી રહ્યા છે !

ત્યાં રંભા અને ઉર્વશી આવી જાય છે અને એ અસુરોની નિર્ભર્ત્સના કરે છે,

તિરસ્કાર કરે છે, ને એમને ભગાડી મૂકે છે. મહાત્માને આમાં રાજીપો નથી. એ તો મધ્યસ્થ ભાવમાં રમે છે. પોતાની પ્રતિમા પોતાનો અભિગ્રહ પૂર્ણ કરે છે.

મહાત્મા વજ્રાયુધ મુનિ પ્રતિમા અખંડ પૂર્ણ કરી હવે યમનિયમના પાલનમાં ઉદ્યત રહે છે.

'યમ' એટલે અહિંસા-સત્ય-અસ્તેય-બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એના પાલનમાં ઉજમાળ કેવા ?

**અહિંસાદિ શાસ્ત્રાજ્ઞાથી કે પાપભયથી પળે :-**

તો કે એ અહિંસાદિ ધર્મ આત્માના સ્વભાવભૂત બની જાય એવું એનું પાલન. અહિંસાદિનું પહેલા પાલન થતું હતું તે શાસ્ત્ર કહે છે એમાં આત્મહિત છે માટે પાલન થતું હતું. 'હિંસાદિ સેવવામાં પાપ લાગે છે ને પાપથી ભવમાં ભટકવાનું થાય, જનમમરણની પરંપરા અનાદિ અનંતકાળથી ચાલુ હતી તે હજી પણ ચાલુ રહે. માટે હિંસાદિ નહિ કરવાના, ને અહિંસાદિ કડકપણે પાળવાના.' એમ પાપભયથી અહિંસા પળાતી. એમાં મન પર કડક અંકુશ મૂકવો પડે, કેમકે

**મન અનાદિ કાળથી હિંસાદિના સ્વભાવવાળું છે.**

હિંસાનો ભાવ, અસત્ય ભાષણનો ભાવ વગેરે સહેજે સહેજે ઊઠે છે. જરાક કાંક કોકે વાંકુ કર્યું કે એને તડકાવવાનો વિચાર આવે છે. અથવા પોતાને કોઇ સ્વાર્થ સાધવો છે તો ઝટ આરંભ-સમારંભનો વિચાર આવે છે. આ શું છે હિંસાનો સ્વભાવ. એને વાળવા માટે પહેલાં કહ્યું તેમ (૧) શાસ્ત્રાજ્ઞાનો માથે ભાર રાખવો પડે, (૨) પાપનો ભય, (૩) પરલોક બગડવાનો ભય, (૪) જનમ-મરણ વધવાનો ભય હૈયામાં લાવવો પડે, ને તેથી હિંસાદિનો ભાવ અટકે. અહિંસાદિનો ભાવ મનમાં લાવવો પડે. એટલે હિંસાદિ રોકાય. આનો અર્થ એ કે હજી અહિંસાદિ સ્વભાવમાં નથી.

**સ્વભાવમાં અહિંસાદિ :-**

ત્યારે હવે અહિંસાદિ ભાવ સહેજે ચોવીસે કલાક મનમાં રમતો રહે, દુન્યવી ગમે તેવાં પ્રલોભન આવો કે આપત્તિ આવો, પણ હિંસાદિનો ભાવ ઊઠે જ નહિ, એ અહિંસાદિ ભાવ સ્વભાવભૂત બન્યો કહેવાય.

વજ્રાયુધ મુનિ આ કરી રહ્યા છે. મનમાં અહિંસા-સત્ય-બ્રહ્મચર્ય વગેરે ભાવોનું સતત ધ્યાન રાખી એ પ્રમાણે ચિંતન મનન ને આત્મવૃત્તિ કરી રહ્યા છે. 'રખે ક્યાંય હિંસા આરંભ-સમારંભ વગેરેની અનુમોદના પણ ન થઇ જાય,' એ

ચીવટ છે, ચોકસાઇ છે. એટલા જ માટે જગતના પદાર્થ પ્રત્યે રાગ કે દ્વેષ ન થઇ જાય એની કાળજી રાખી રહ્યા છે.

આ સમજવા જેવું છે કે

**અપ્રશસ્ત પ્રવૃત્તિ યા દુન્યવી પદાર્થ ઉપર રાગ કે દ્વેષ કરવા જતાં હિંસાની અનુમોદના થઇ જાય છે.**

શાસ્ત્ર કહે છે- ''**અપસત્થા ય જે જોગા, પરિણામા ય દારુણા,**

**પાણાઇવાયસ્ય વેરમણે, એસ વુત્તે અઇક્કમે.**''

અર્થાત્ મન, વચન કે કાયાના જે અશુભયોગ યાને અશુભ પ્રવૃત્તિ કરાય. અર્થાત્ જે અશુભ વિચાર-વાણી-વર્તાવની પ્રવૃત્તિ થાય ને જે પરિણામે ભયંકર છે, એ અશુભયોગ એ હિંસાત્યાગના વ્રતમાં સ્ખલના છે. રાગથી આંખ જરા બંગલા પર નાખી તો એ અશુભ વર્તાવ છે, એમ કરવામાં રાગ થવાથી અહિંસાનું સ્ખલન થાય છે, હિંસા તરફ ઝુકાવ થાય છે. પૂછો, સારું જોવામાં હિંસા કેમ ?

પ્ર.-સારી ચીજ સહેજ જોવા ગયા એમાં હિંસા તરફ ઝુકાવ ?

ઉ.-હા, એનું કારણ આ છે, કે સારું જોવાની મનમાં આતુરતા થઇ ત્યારે તો એ તરફ આંખ લઇ ગયા. એ આતુરતામાં રાગ ભળેલો છે. રાગથી એ જોવા માટે જિજ્ઞાસા થઇ કે 'આ ચીજ શી છે ? કેવી સારી છે ?' આ આતુરતા પછી ચીજ જોઇએ સારી યા ખરાબ લાગી, એમાં રાગ કે દ્વેષ પોષાયો. એટલે ત્યાં મનને શું થવાનું ? આ જ, કે 'આ સુંદર બની,' અથવા 'સારી ન બની.'

'વસ્તુ સારી બની' એવા વિચારમાં ક્યાં પહોંચ્યા ? સારી બનાવટમાં જે આરંભ-સમારંભમાં હિંસા થઇ એની અનુમોદના સુધી પહોંચ્યા ! જો એમ મનને થયું કે 'સારી ન બની' તો તો એમાં પણ હિંસાની અનુમોદના છે. કેમકે સારી ન બની એટલે કે બનાવટમાં જે હિંસા, આરંભ-સમારંભ થયા, એ સારા ન થયા, એ ભાવ છે. એમાં હિંસા તરફ ઝુકાવ થયો.

ત્યારે હવે વિચારો કે,

**દિવસમાં કેટલી બધી વાર આ સારું, આ ખરાબ, એવું થયા કરે છે ? એટલી બધી વાર હિંસા તરફ ઝુકાવ રહે છે.**

હિંસાની આ ભરચક અનુમોદના અર્થાત્ હિંસા તરફ ઝુકાવ વારે ને વારે

થયા કરે, પછી મન અહિંસાથી શે ભાવિત થાય ? અરે ! અહિંસા સારી એટલું પણ મનને શી રીતે જચે ? જો એ ન જચે તો સમ્યક્ત્વ પણ ક્યારે આવે ? શું લાગતું નથી કે તો પછી

**'હિંસા ખરાબ' એ જચ્યા વિના સમકિત ન આવે.**

સમકિતમાં 'આશ્રવો ખરાબ અને સંવર સારા' એ શ્રદ્ધા જોઇએ. હિંસા-જૂઠ વગેરે એ આશ્રવો છે.

'એ હિંસાદિ ખરાબ' એવી શ્રદ્ધા થવી એટલે ? દિલને બરાબર જચી જવું જોઇએ કે 'હિંસાદિ ખરેખર ખરાબ છે.'

એ જચી જાય એટલે પછી હિંસાજન્ય વસ્તુઓ વારે વારે જોવાનો રસ રહે ? જોવાની આતુરતા થયા કરે ? ના, મનને ભડક રહે કે 'રખે ને આ જોવાનું તો પછી, પણ જોવાની માત્ર આતુરતા કરીશ, તો એમાં ય રાગ આવીને હિંસા તરફ ઝુકાવ થશે !'

આ ઊંચો માનવભવ શું દુન્યવી વસ્તુઓ પર રાગ કરી કરી એ જોવા ને ખુશી થવા માટે છે ? કે રાગથી ખેંચાવાનું બંધ કરી, એ જોવાની આતુરતા જ બંધ કરવા માટે છે ? આ જો બંધ કરવું હોય તો એવી આતુરતા કરવા પહેલાં 'અરે ! એવી આતુરતા કરવામાં ડગલે ને પગલે હિંસાની અનુમોદનાના ભરચક પાપ લાગ્યા કરે ? એવી ભડક લગાડવી જોઇએ.

**બહિર્મુખતામાં રાગ ને હિંસાનું સમર્થન :-**

વજ્રાયુધ મુનિવર જેવા મહાત્માઓ કેમ તદ્દન અંતર્મુખ બની ગયેલા ? આટલા જ માટે કે એ સમજતા હતા કે 'બહિર્મુખ થવામાં પોતાના આત્માને હિતકર ન હોય એવી બાહ્ય દુન્યવી ચીજવસ્તુમાં મન ઘાલવામાં રાગ-દ્વેષ પોષાય છે, અને એમાં હિંસાદિનાં સમર્થન તથા અનુમોદનાના થોક પાપ ઊભાં થાય છે ! અનંતો કાળ તો આ કરતા જ રહ્યા હતા, પણ હવે આ ઉત્તમ ભવમાં ય આ ચાલુ જ રાખવાનું ? ના, અહીં તો હવે એ બહિર્મુખતા બંધ જ કરી અંતર્મુખતા જ કેળવ્યે જવાની.

બહિર્મુખતાથી હિંસાદિ પાપોને અનંતકાળ ઘુંટ્યા, હવે તો અહિંસાદિ પાંચ યમને કેળવવાનો સુવર્ણ અવસર છે.

બહિર્મુખતામાં હિંસાદિની અનુમોદના છે. બહિર્મુખ થાઓ એટલે કે બાહ્યની આતુરતા કરો એની પાછળ બાહ્યનો રાગ આવીને ઊભો રહેવાનો, કેમકે બાહ્ય

દુન્યવી ચીજ વસ્તુ સારી લાગી, જોવા-ચાખવા જેવી લાગી, એટલે તો મન એમાં મળ્યું, મનને આતુરતા થઇ કે, 'લાવ જોઉં કેવીક છે ?' ને પછી જોઇ ત્યાં મનને થવાનું કે 'આ સારી બની છે.' આમા સારી બનાવટની અનુમોદનામાં બનાવટ અંગેના આરંભ- સમારંભની હિંસાની જ અનુમોદના થઇ ને ?

**આત્માને અહિંસાથી ભાવિત કરવો હોય તો બાહ્યની આતુરતા જ પડતી મૂકવાની.**

મોટા વજાયુધ ચક્રવર્તી મુનિએ આ બાહ્યની આતુરતા વગેરે બહિર્મુખતા જ પડતી મૂકેલી, કે જેથી અહિંસાદિ વ્રતથી પોતાના આત્માને ભાવિત કરી શકાય, અહિંસાદિ સહજ બનાવી શકાય. એક વખતના ચક્રવર્તી માટે આ કેટલું બધું કપરું કામ ? કેમકે એમણે ચક્રવર્તીપણામાં કેટકેટલાય બાહ્ય જડ પદાર્થોના સંપર્ક કર્યા હોય ? એના સંસ્કાર મનમાં કેટલા બધા વિપુલ પ્રમાણમાં ઊભા થયા હોય ? એ હવે સર્વથા દબાવી દેવા, અને મનને બાહ્ય જડમાં ન જવા દેવું, એ સહેલું કામ નથી. પરંતુ કહો,

**'દેહદ્રષ્ટિ અને બહિર્મુખતા ઝેરી માની અમૃતસમી આત્મદ્રષ્ટિને અંતમુર્ખતાનો ખપ કરવો હોય, એણે બાહ્યની આતુરતા સરાસર વિસરવી જ જોઇએ :- દેહદ્રષ્ટિ ને બહિર્મુખતામાં મન હિંસાથી ભાવિત થાય છે.**

આ સૂત્ર બરાબર સમજી રાખે એને જુના બાહ્યના ભરચક પણ સંસ્કારો દબાવવા સહેલા. એ સમજે છે કે 'હવે આત્મજ્ઞ બન્યા પછી મારે આત્માને અહિંસાદિ પાંચ યમથી ભાવિત કરવો છે, તો હિંસાદિની ઝીણામાં ઝીણી પણ અનુમોદના ન ઊભી કરાય. બહિર્મુખ થવામાં યાને મનને બાહ્યમાં લઇ જવામાં રાગનાં પોષણ અને ગર્ભિત હિંસાદિની અનુમોદના થાય છે.

ચક્રવર્તી મુનિની અહિંસાદિની ને અંતર્મુખતાની આ તકેદારી, આ જબ્બર પુરુષાર્થ ને રાત-દિવસની આ જાગૃતિ ધ્યાન પર લેવા જેવી છે. છ ખંડના સામ્રાજ્ય-સત્તા-ઠકુરાઇ તથા ભરચક વિષય-વિલાસ એમણે જોયા છે, એની આગળ આપણને શું મળ્યું છે ? ઠીકરા જ ને ? ત્યાં દેખાય કે ચક્રવર્તીએ પણ બાહ્યની આતુરતા છોડી, તો આપણે એ છોડવું શું કઠીન ? મનને સમજાવી દો કે-

હાલતાં ને ચાલતાં દેહદ્રષ્ટિના પાગલ ચેનચાળા ને ઇન્દ્રિયોને મનગમતી ચેષ્ટાઓ-પ્રવૃત્તિઓના સનેપાતના ચાળા શું જીવનના છેડા સુધી કર્યે જવાના ? તો પછી શુદ્ધ આત્મદ્રષ્ટિ અને અંતર્મુખતા ક્યારે કેળવવાની ? સમજી જ રાખવાનું કે

**બહિર્મુખતાના ઝેર પડતા મૂકાય તો જ અંતર્મુખતા કેળવી શકાશે.**

**દેવો અને માનવોનાં પુણ્ય વચ્ચે મોટો ફરક :-**

વજ્રાયુધ મહાત્મા એક વર્ષભરની પ્રતિમાનું વહન બહુ અડગ રીતે પૂર્ણ કરી રહ્યા છે. એમાં પેલા બે અસુરો વિવિધ ઉપસર્ગોથી મહામુનિને રંજાડતા હતા *ત્યાં રંભા અને તિલોત્તમા* આકાશમાંથી જતી અવધિજ્ઞાનથી જોતી મહાત્મા પર ઉપસર્ગ વરસતા જાણી ત્યાં આવી ને ઊભી રહી.

ક્યાં અસુરોનું અલ્પ તેજ ? અલ્પ પ્રભાવ ? અને ક્યાં આ વૈમાનિક દેવલોકની રંભા-તિલોત્તમાનું મહા તેજ ? અને મહા પ્રભાવ ? અસુરો બિચારા ડઘાઇ ગયા, ઉપસર્ગ સંકેલી લીધા, અને રંભા-તિલોત્તમાએ એવો એમને ફિટકાર-તિરસ્કાર કર્યો કે એ માફી માગીને રવાના થઇ ગયા. પૂછો-

પ્ર.-અસુરોએ કેમ આ દેવલોકની સ્ત્રીજાત રંભા-તિલોત્તમા સામે રોફ ન ચલાવ્યો ?

ઉ.-હજી મનુષ્યોમાં એમ બને કે હલકો માણસ ક્યારેક મોટા રાજા સામે હલ્લો કરે કે રાજાના તેજમાં અંજાય નહિ, બળથી રાજાને મહાત પણ કરે, પરંતુ દેવોમાં વ્યંતર-ભવનપતિ-જ્યોતિષી અને વૈમાનિક દેવોમાં ઉત્તરોત્તર તેજ-પ્રભાવ-બળ એટલા વધુ જોરદાર હોય છે કે ઉપરના દેવતાથી નીચેનો દેવતા અલ્પતેજ બળવાળો હોઇ એ ઉપરના દેવતાના તેજ ને પ્રભાવથી અંજાઇ જ જાય છે, સામાનાં મહાન તેજ જોઇ સામનો કરવાની એને હિંમત જ નથી ચાલતી. હરણિયું સિંહનો સામનો કરે ? બકરું વાઘનો સામનો કરે ? ના, એવી સ્થિતિ ઉપરના દેવ આગળ નીચેના દેવની હોય છે. કારણ ? ઉપરના દેવતાની પુણ્યાઇ એટલી જોરદાર છે કે એથી મળેલ તેજ-પ્રભાવ-બળ આગળ હીન પુણ્યવાળા દેવતાનું કશું ઉપજે જ નહિ, એની સામે થવાની હામ જ નહિ.

**માનવ અભિમાન કેમ દબાવી શકે ?**

**દેવતાના, વિશિષ્ટ પુણ્યનો વિચાર કરાય તો પોતાના હલકા પુણ્ય પર અભિમાન થતું અટકાવાય.**

મનને એમ થાય કે 'મોટો રાજા હોઉં તો ય શું ? એકાંતમાં હલકો માણસ ગુંડો કોઇ વૈરભાવ લઇને આવ્યો હોય તો મને દબડાવી ય નાખે, ને ઠોકી ય પાડે ! ત્યારે ઉપરના દેવતા આગળ નીચેનો કોઇ હલકો દેવતા જનમ્યો નથી કે જે એને એકાંતમાં ય દબડાવી શકે ને ઠોકી પાડી શકે. એવું મારું પુણ્ય નહિ, તો શાના ઉપર

અભિમાન કરું કે હું મોટો ! મારાથી બધાં દબાયેલા રહે છે !'

જરૂર પડ્યે તમારે બીજાને દબાવવો પડે એ બને, પણ ઉપર અભિમાન કરો એ ફોગટિયું છે. એનાથી કાંઇ સરે નહિ. કહેતા નહિ કે-

પ્ર.-અભિમાન-રોફ બતાવીએ તો સામો દબાઇને ચાલે ને ?

ઉ.-ના, આ એ તો દબાઇ ને ચાલવાનો ના. તે તમારી કોઇ નક્કર સજા દેખીને ચાલવાનો. દા.ત. નોકર ખોટો ગેરહાજર રહ્યો કે આડાઇ કરી, ત્યાં શેઠ એનો પગાર કાપી લે એ નક્કર સજા કરી, પરંતુ શેઠ અભિમાનના બખાળા કાઢે એ ફોગટિયાં કેમકે અભિમાનથી કાંઇ વળે નહિ, ને પાપકર્મ ખાસાં બંધાય. અનાદિના માનના સંસ્કાર મજબૂત થાય, ભવાંતરમાં મરતાં હોય છતાં માન ન મૂકે, ક્યાં ? પાપકર્મથી દુર્ગતિઓની પરંપરા ચાલે એમાં અભિમાન ફોગટિયું જ નહિ, ભૂંડું પણ છે-લોકમાં યશ ન મળે, અપયશ મળે, લોકો પીઠ પાછળ નિંદા કરે કે આ અભિમાની છે.

વાલિરાજાએ જરૂર પડી તો રાવણને દબાવ્યો એને બગલમાં મારી વાલિએ જંબૂદ્વીપને રોન મારીને પછી લાવીને મેદાન પર ઊભો કર્યો કિન્તુ એની આગળ અભિમાનના બખાળા ન કાઢ્યા કિન્તુ શાંતચિત્તે કહ્યું, 'જો રાવણ ! ચંદ્રહાસ ખડ્ગ મળ્યાના પુણ્ય પર વિશ્વાસ રાખી દોડ્યો, તો પુણ્યે તને દગો દીધો-માટે

**પુણ્યના ભરોસા ખોટા**

પ્ર.-વાલિનું આટલું બધું બળ છતાં રાવણ સામે વાલિએ અભિમાનના બખાળા ને હલકટ શબ્દો ગાલી પ્રદાન વગેરે કેમ નહિ ચલાવ્યા ?

ઉ.-એનું કારણ એ કે વાલિ સમજતા હતા કે 'રાવણને બળ બતાવવું જરૂરી હતું તે બતાવ્યું, ને એનું ફળ આવ્યું કે રાવણ ઢીલો ઘેંસ થઇ ગયો. પરંતુ એની આગળ અભિમાનના બખાળા કાઢવા નકામા, એનું કશું ફળ આવે નહિ, ને મારે કષાય તથા કર્મ પોષાય.' વાલિ સમજે છે કે 'રાવણ કરતાં ઓછા ઐશ્વર્યવાળો હું, છતાં મારાથી રાવણ દબાયો ! પણ કાલે મારાથી ય ઓછા ઐશ્વર્યવાળાથી મારે પણ દબાવું પડે, તેથી જેમ રાવણનો પુણ્યનો ભરોસો ખોટો, એમ મારો ય પુણ્યનો ભરોસો ખોટો.

**તો પછી પુણ્યના ભરોસે બેસી રહી શા સારુ સંયમજીવનની સુવર્ણતક બરબાદ કરવી ? માનવને પુણ્ય-તક ભારી :-**

આ સમજ પર વાલિ રાજા ત્યાં જ સંયમ લઇ લે છે ! વાત પણ સાચી, દેવતાના ઐશ્વર્ય-પુણ્ય નક્કર, તે એને ઓછા ઐશ્વર્ય પુણ્યવાળા દેવથી દબાવું ન પડે, કિંતુ માનવના પુણ્ય તકલાદી, તે ઓછા ઐશ્વર્ય પુણ્યવાળાથી ય દબાવવું પડે. આ જો મનમાં બરાબર ધારી રખાય તો આપણાં પુણ્યની વસ્તુ પર અભિમાન ન થાય.

રંભા-તિલોત્તમા ઇન્દ્રની અપ્સરાઓ ભારે મોટા પુણ્યવાળી, તે એમણે વજ્રાયુદ્ધ મુનિ પર ઉપસર્ગ કરતા અસુરોને તડકાવી ભગાડી દીધા. હવે મહાત્મા વર્ષભરની પ્રતિમા પૂર્ણ કરી અહિંસાદિ યમનિયમને આત્મસાત્ કરી રહ્યા છે જાણે યમ-નિયમ એ જ પોતાનો સ્વભાવ છે ! 'યમ' એટલે અહિંસાદિ પાંચ અને 'નિયમ' એટલે શૌચ-સંતોષ-તપ-સ્વાધ્યાય અને પરમાત્મ-પ્રણિધાન, એને આત્માના *સ્વભાવમાં ઉતારી રહ્યા છે, અર્થાત્ અહિંસાદિનો જ સ્વભાવ બનાવી રહ્યા છે.*

'શૌચ નો સ્વભાવ એટલે ? શૌચ અર્થાત્ મનની પવિત્રતા રાખવાની. તે એ રીતે નહિ કે 'શાસ્ત્રો એ રાખવાનું કહે છે, મનને અપવિત્ર બનાવવાની ના પાડે છે માટે પવિત્રતા રાખવાની, અથવા મન અપવિત્ર કરીએ તો કાળાં કર્મ બંધાય, માટે પવિત્રતા રાખવાની'' આ સમજીને પવિત્રતા નહિ, પરંતુ સહજ સ્વાભાવિક રીતે મનને પવિત્ર રાખવાનું. ત્યાં એક જ સમજ કે 'મનને અપવિત્ર શુદ્ધ-મલિન કરાય જ નહિ.'

❀ ❀ ❀ ❀ ❀ ❀

શરીર માટે આ ભાવ સહેજે રહે છે ને ?

રસ્તે ચાલતાં પગ વિષ્ટાથી ખરડાયો તો પગ તરત જ ધોઇ નાખવાનું મન થાય છે ને ? નાક છિંટકારતાં શ્લેષ્મ હાથ પર લાગ્યું તો તરત લૂછી નખાય છે ને ? બાજુમાં બીજો કોઇ નાક છિંટકારતો હોય તો જરા આઘા થઇ જવાય છે ને ? કેમ વારુ ? રખેને આપણા પર એના શ્લેષ્મના છાંટા લાગે તો ?

બસ, જેમ શરીર પવિત્ર રાખવાનું સ્હેજે સ્ફુરે છે, એમ મહાન આત્માને મન પવિત્ર રાખવાનું સહેજે સ્ફુરે છે. એમાં પાપનો ભય જ્ઞાનીની આજ્ઞા વગેરે કશું વચમાં લાવવાની જરૂર નથી રહેતી.

એટલે પછી ચોરી અનીતિ કેમ ન કરાય ? તો કે મન બગડે માટે ન કરાય.

જૂઠ કેમ ન બોલાય ? તો કે મન બગડે માટે જુઠ્ઠું ન બોલાય.

પરસ્ત્રીં સામે કેમ ન જોવાય ? તો કે મન બગડે માટે ન જોવાય.

બધા જ દોષ-દુર્ગુણો મનને બગાડનારા છે, મનને અપવિત્ર અશુચિ કરનારા છે, માટે દોષ-દુર્ગુણ ન સેવાય.

જેમ આ મનની પવિત્રતાને અર્થાત્ શૌચને સહજ સ્વાભાવિક નિયમ બનાવી દેવાનો, એમ સંતોષ-તપ-સ્વાધ્યાય-ઇશ્વરપ્રણિધાનને પણ સહજ નિયમ બનાવી દેવાના, એવા જીવનની કેવી મજા !

માનવ ખોળિયે માનવ હૃદય રાખવું છે ? રાક્ષસી હૃદય ? પાશવી હૃદય ?

**માનવહૃદય રાખવું હોય તો આ કરો, જીવનમાં શૌચ-સંતોષ વગેરે નિયમ સ્વાભાવિક બનાવી દો.**

મહાત્મા વજ્રાયુધ મુનિ યમ નિયમને આત્મસાત્ કરી રહ્યા હતા.

હવે બીજી બાજુ જુઓ શું બને છે.

**સહસ્રાયુધ રાજાને વૈરાગ્ય :-**

વજ્રાયુધ ચક્રવર્તીએ ચારિત્ર લેતા પહેલાં પોતાના પુત્ર સહસ્રાયુધને રાજ્યગાદી સોંપી છે. એ રાજા સહસ્રાયુધને એકવાર મુનિની દેશના સાંભળવા મળે છે.

રાજા શું ધર્મદેશના સાંભળવા નવરો ?

નવરો નહિ, ઇંતજાર.

અસલના કાળમાં મોટા રાજા મહારાજાઓ એવા મહાત્માનો યોગ મળતાં એમના ઉપદેશના બે બોલ સાંભળવા ઇંતેજાર રહેતા. કારણ ? એમના હૃદય પર વૈભવ અને વિલાસનું અને અહંત્વનું એટલું દબાણ નહિ, વૈભવ-વિલાસનો એવો નશો-અંધાપો નહિ કે જેથી સંતના ધર્મ-ઉપદેશ સાંભળવાની પરવા ન હોય.

આજનો તો કાળ જ વિલક્ષણ આવી લાગ્યો છે. મોટા પ્રધાનો અને અમલદારોના મન પર સત્તા ઐશ્વર્યનો એટલો બધો નશો ચડ્યો છે કે એમને સંતોની ધર્મ-દેશના સાંભળવાની જીવનમાં જરૂર જ નથી લાગતી ! કદાચ ક્યાંક કોક પ્રભાવક મહાત્માની વ્યાખ્યાન સભામાં જશે તો તે જાત માટે કશું સારું સાંભળવા નહિ, પણ સભાને પોતાનું સંભળાવવા જશે ! તે પણ સંભળાવવાનું શું ? પોતે જે ઝેરી જડવાદની આંધીમાં ફસ્યા છે એ ઝેરી જડવાદની દલાલીનું સંભળાવવાનું ! અથવા પોતે ભલે લાંચ-રુશ્વત-સ્વાર્થ સાધનામાં પડ્યા હોય પરંતુ સભાને ન્યાય-નીતિ-પરોપકારનું સંભળાવશે ! કેવી દુર્દશા !

ધર્મદેશના ન સાંભળવાની દુર્દશાનું કારણ શું ?

**મન પર અહંત્વ ઐશ્વર્ય અને વિષય વિલાસનો નશો ધર્મ ન સાંભળવાની દુર્દશા ઊભી કરે છે.**

પૂર્વના મહાન પુરુષોને આવો નશો નહોતો એટલે સંત-સાધુની વાણી સાંભળવા ઇંતેજારી રહેતી ને અવસરે સાંભળવા દોડ્યા જતા.

વિચારો, સમ્રાટ અકબર બાદશાહને કેમ જગદ્‌ગુરુ હીરસૂરિજી મહારાજની વાણી સાંભળવા ઇંતેજારી રહી હશે ? અહંત્વ મહાવૈભવ અને વિલાસનો જો અંધાપો હોય નશો હોય, તો આ ઇંતેજારી રહે ?

માત્ર આજના પ્રધાનો અમલદારો જ નહિ, પણ શેઠિયાઓની ય કેવી દુર્દશા છે ? એમને પેઢી વેપાર તથા પ્રતિષ્ઠા પરિવાર સંભાળવાની ઇંતેજારી છે, પણ ધર્મદેશના સાંભળવાની ઇંતેજારી નહિ. દુર્દશા તે કયાં સુધીની ? કે પોતે ધર્મ ખાતાનો ટ્રસ્ટી હશે, સંઘનો પ્રમુખ હશે, તો ય એને ધર્મદેશનાની પડી નહિ હોય ! કારણ ?

**રંગવિલાસ, સત્તા અને સંપત્તિના અંધાપા ભૂંડા.**

રાજા સહસ્ત્રાયુધમાં આ અંધાપો નહોતો, એટલે યોગ મળતાં પિહિતાશ્રવ ગણધર મહાત્માની ધર્મદેશના સાંભળવા જાય છે. જઇને સાંભળે છે, ને સાંભળીને એનો વૈરાગ્ય વધી જવાથી એ રાજ્યપાટ-સંસારનો ત્યાગ કરી એમની પાસે ચારિત્રમાર્ગે ઝુકાવે છે.

કોણ દીક્ષા લે છે ? મોટા રાજા ! એમ આશ્ચર્ય થાય છે ? પરંતુ ભગવાન શ્રી ઋષભદેવ પ્રભુના ઇક્ષ્વાકુ વંશમાં આ આશ્ચર્ય નથી. એ પ્રભુની પાટપરંપરામાં અસંખ્ય રાજાઓ દીક્ષા લઇ ચૂક્યા છે તે ય બીજા શ્રી અજિતનાથ ભગવાન થયા ત્યાં સુધીના ૫૦ લાખ ક્રોડ સાગરોપમ જેવા જંગી કાળ સુધી પાટ પરંપરાએ જેટલા રાજા થયા તે એકાએક રાજા દીક્ષા લેનારા બન્યા હતા ! આવડી જંગી મોટી પાટ પરંપરામાં એક પણ રાજા બોદો રૂપિયો નહિ કે જેણે દીક્ષા ન લીધી હોય ! બધા જ ખડિંગ ખખડે એવા રાણી છાપ રૂપિયા ! બધા જ દીક્ષિત !! ને દીક્ષા પણ કેવીક પાળનારા ? કે એના પ્રતાપે કાં સીધા મોક્ષમાં જનારા, કાં અનુત્તર વિમાનમાં જનારા !

**એક સાગરોપમ એટલે ? :-**

આ કયા કાળમાં ? આ અવસર્પિણી કાળમાં કે જેને હુંડા અવસર્પિણી કહેવાય છે ! એમાં ૫૦ લાખ ક્રોડ સાગરોપમનો કાળ એટલે ? જેના એકેક સાગરોપમમાં ૧૦-૧૦ કોટાકોટિ પલ્યોપમ પસાર થાય છે, ૧૦ કોટાકોટિ પલ્યોપમ શેને કહે છે ? એને કે જેમાં એકેક ક્રોડ પલ્યોપમ કાળ એકવાર બેવાર પસાર થાય એમ નહિ, સો-બસો વાર નહિ, હજાર બેહજાર કે લાખ બેલાખ વાર પસાર થાય એમ નહિ, ૧-૨ ક્રોડ વાર પસાર થાય એમ પણ નહિ, કિન્તુ ૧૦ ક્રોડ વાર ક્રોડ ક્રોડ પલ્યોપમ પસાર થાય તેટલો કાળ ! અર્થાત્ એક ક્રોડ પલ્યોપમ કાળ પસાર થયો, પછી એકડે એકથી દિવસ ગુણો, એમાં ૧ વરસ ગયું, બે વરસ ગયા, ત્રણ વરસ ગયા...એમ કરતાં ક્રોડ વરસ ગયા, ક્રોડ ક્રોડ વરસ ગયા, ક્રોડ ક્રોડ ક્રોડ વરસ ગયા. તે ય કેટલા ક્રોડ-ક્રોડ-ક્રોડ-ક્રોડ એનો હિસાબ માંડવો મુશ્કેલ ! આંકડા-સંખ્યા ન માંડી શકાય. યાવત્ અસંખ્ય વરસો પસાર થાય ત્યારે માત્ર એક પલ્યોપમ કાળ બને.

એવા અસંખ્ય અસંખ્ય વરસના પલ્યોપમો બે વાર નહિ, પણ એક ક્રોડવાર પસાર થાય એ દ્વિતીય ક્રોડ પલ્યોપમ કાળ પસાર થયો. પછી પાછું એકડે એકથી ગણવાનું, ૧ વરસ, ૨ વરસ, ૩ વરસ...એમ અસંખ્ય વરસો પસાર થાય એ તૃતીય ક્રોડ પલ્યોપમ કાળ થયો.

એવા કેટલા ક્રોડ પલ્યોપમ ? તો કે હજાર બે હજાર નહિ, લાખ બે લાખ નહિ, કિન્તુ ક્રોડ વાર એકેક કરોડ પલ્યોપમ પસાર થાય તેને ૧ કોટાકોટિ પલ્યોપમ કાળ કહેવાય. આવા ૧૦ ક્રોડ વાર ક્રોડ-ક્રોડ પલ્યોપમ કાળ થાય એ ૧૦ કોટાકોટિ પલ્યોપમ, ને એને એક સાગરોપમ કાળ કહેવાય.

આવા સાગરોપમ પણ કેટલા ? લાખ બે લાખ નહિ, એક બે ક્રોડ નહિ, ૧૦૦-૨૦૦, ૧૦૦૦-૨૦૦૦ કે ૧ લાખ ૨ લાખ નહિ, કિન્તુ ૫૦ લાખ ક્રોડ સાગરોપમનો કાળ શ્રી ઋષભદેવ ભગવાન અને શ્રી અજિતનાથ ભગવાનની વચ્ચે પસાર થયો !

આ ૫૦ લાખ ક્રોડ સાગરોપમનો કાળ કેવો જંગી કાળ ? એમાં પ્રથમ પ્રભુની પાટ-પરંપરાએ ભરત, સૂર્યયશા, મહાયશા...વગેરે અસંખ્ય રાજાઓ થયે ગયા એ બધા જ ચારિત્ર લેનારા ! ત્યારે એ એકેકની હારોહાર બીજા તો વળી કેટલાય રાજાઓ-દિવાનો-શેઠ-શાહુકારો પણ દીક્ષા લેનાર બનેલા, તે તો જુદા !

ચારિત્ર મોંઘું કે સસ્તું ? એટલે હવે 'હેં ? સહસ્ત્રાયુધ મોટો રાજા દીક્ષા લે છે ?' એમ ચમકારો પામવા જેવો નથી. પણ ચમકારો લાગે છે તેથી પૂછવાનું કદાચ મન થશે,-

પ્ર.-તો પછી અમને કેમ ચારિત્રના ભાવ થતા નથી ?

**ઉ.જ્યાં સુધી પૈસાને અડવામાં ય પાપ છે, સ્ત્રીને જોવામાં ય પાપ છે, એમ મનને સમજાય નહિ ત્યાં સુધી ચારિત્રના ભાવ શી રીતે થાય ?**

ચારિત્રના ભાવ એટલે કંચન-કામિનીના સર્વેસર્વા ત્યાગના ભાવ. એને અડવાનું તો નહિ, પણ અડે એને સારા પુણ્યશાળી માનવાની વાત પણ નહિ. જેણે કંચન કે કામિનીનો સંગ રાખ્યો એણે સારું કર્યું એટલું ય ન મનાઇ જાય માટે એના ય ત્યાગની પ્રતિજ્ઞા. અર્થાત્ 'કંચન-કામિનીના સંગની અનુમોદના પણ જીવનભર નહિ કરું' એવી પ્રતિજ્ઞા એ ચારિત્ર...

આવા ચારિત્રનો ભાવ ક્યારે થાય ?

કહો, કંચન-કામિનીનો સંગ કરવો એ તો પાપ, સંગ કરાવવો એ પણ પાપ, એટલું જ નહિ કિન્તુ સંગની અનુમોદના એ ય પાપ. અર્થાત્ કોઇએ સંગ રાખ્યો એ સારું કર્યું એવી ખુશી માનવી એ પણ પાપ. એમ સમજાય ત્યારે અને પાપનો ભય લાગે ત્યારે પાપ પર ઘૃણા થાય.

**આ ઉચ્ચ માનવભવ પાપાચરણ માટે નહિ કિન્તુ પાપત્યાગ માટે જ છે.**

એવો હૃદયથી નિર્ધાર થાય ત્યારે ચારિત્રના ભાવ જાગે.

બોલો, આમાનું શું શું થાય છે ? કંચન-કામિનીનો સંગ રાખવો ખોટો એવું મનને થાય છે ? સંગ રખાવવો ય પાપ એમ લાગે છે ? સંગ રાખ્યો એણે સારું ન કર્યું એવું દિલને જચે છે ? ના, તો પછી એમાં ભય લાગવાની ને એના તરફ ઘૃણા થવાની વાત જ ક્યાં ? કંચન-કામિનીના સંગ મીઠા લાગી કશા અહિતકારી ન લાગતા હોય ત્યાં એના તરફ ઘૃણા થવાની વાતે ય શી ?

કહો છો 'ચારિત્રના ભાવ કેમ થતા નથી ?' પણ શી રીતે થાય ? પાપને પાપ જ માનવું નથી, કંચન-કામિનીના સંગ ભૂંડા એમ મનને લાગવા જ દેવું નથી, પછી એનાથી ભય પામવાની અને એના તરફ ઘૃણા કરવાની ય વાત શે બને ? ને જો એ ઘૃણા નહિ, તો 'ક્યારે એના ભયંકર ફાંસલામાંથી છૂટું ?' એવો ભાવ શે થાય ? એ ભાવ વિના ચારિત્ર લેવાનો ભાવ શી રીતે જન્મે ?

**ચારિત્રના ભાવ થવા પાયામાં શું જોઇએ ? :-**

આ જ મુશ્કેલી છે-પાપમાં 'કંચન અને કામિનીનો સંગ ભૂંડો, એટલે કે કંચન અને કામિની પૈસા, સ્ત્રી અને વિષયો ભૂંડા' એમ મનને લાગવા જ ન દેવાય, પછી 'ચારિત્ર સારું' એટલું ય ક્યાંથી લાગે ? એ જાત માટે ય નહિ, તો છોકરા-છોકરીને માટે પણ 'એ ભૂંડા' એવું ક્યાંથી લાગે ? બોલો, છોકરાને ધંધે લગાડતાં અને લગ્નમાં જોડતાં શું મનને એમ થાય છે ખરું કે હું આને ભૂંડાના સંગમાં જોડી રહ્યો છું, આ બિચારો ભવી જીવ પૂર્વભવે તો ધર્મ સાધના કરીને આવ્યો, હવે એને ભૂંડાના સંગમાં જોડું તો એ બિચારાની ભવાંતરે શી વલે ? કેવી કાગડા-કૂતરાની ગતિ કે કીડા-મંકોડા વગેરેની વિકલેન્દ્રિની ય એકેન્દ્રિયની ગતિઓમાં રખડવું પડે ! છોકરાની આ ભાવદયા ક્યાંથી આવે ?

કુમાર વજ્રબાહુએ પરણીને આવતાં રસ્તામાં જ દીક્ષા લઇ લીધી. એ સમાચાર મળતાં બાપ રાજાને કુમાર માટે માન ઉપજ્યું અને જાત માટે ફિટકાર છૂટ્યો. ''અહો ! કુમાર કેવો ભાગ્યશાળી કે એણે ભૂંડા કંચન-કામિનીનો ત્યાગ કરી ચારિત્ર લીધું ! ત્યારે એ તો હજી ઉગીને ઊભો થાય છે ને સંસારના લહાવા લીધા વિના જ ચારિત્ર લે છે, ત્યારે હું પ્રૌઢ પણ થઇ ગયો અને સંસારના લહાવા પણ લઇ લીધા, છતાં હજી રાજ્યગાદીને ચિટકીને બેઠો છું ? ભૂંડા કંચન-કામિનીના સંગ હજી ય છોડતો નથી ? ધિક્કાર છે મને ! ધોળામાં ધૂલ પડી,'' આમ વૈરાગ્ય પામી એ પણ ચારિત્ર લઇ લે છે. કેટલાક કહે છે-

પ્ર.-કંચન-કામિનીનો સંગ ભૂંડો, પણ કંચન-કામિની પોતે શી રીતે ભૂંડા ? કેમકે કંચનથી તો ધર્મના કામ થાય છે, તેમજ કામિની સારો ધર્મ કરતી હોય છે એ ભૂંડા ?

ઉ.-જો 'કંચન-કામિની ભૂંડા નહિ, પણ એનો સંગ ભૂંડો' એમ કહેતા હો, તો તો એમ જ કહોને કે 'એનો સંગ પણ ભૂંડો નહિ, માત્ર એનો રાગ જ ભૂંડો, કેમકે કંચનનો સંગ તો ધર્મ ખાતાનું નાણું સાચવનારને પણ હોય છે, છતાં એ એને મારનારો નથી, કેમકે એને સંગ છતાં રાગ અર્થાત્ મમત્વ નથી કે 'આ મારા નાણાં. પરંતુ આમ એકલો રાગ ભૂંડો એમ માનવામાં ખોટી સમજ છે, કારણ સ્પષ્ટ છે.

**કંચન-કામિની સાપની જેમ ભૂંડા.**

જેમ સાપના ડંસનું ઝેર ભૂંડું એમ દંશ પણ ભૂંડો, ને સાપની નિકટતા ય

ભૂંડી, તેમજ સાપનું દર પણ ભૂંડું, ને સાપ પોતે પણ ભૂંડો, એજ રીતે પૈસા સ્ત્રીના રાગ ભૂંડા, એના સંગ ભૂંડા એની નિકટતા ભૂંડી, ને એ પોતે ય ભૂંડા.

જુઓ લોકો શું કરે છે ? કોઇ સાપના દરમાં હાથ નહિ ઘાલે, સાપના વાસ(દર)ની નજીકમાં સૂઇ નહિ જાય, સાપને અડશે નહિ, કેમ વારું ? સમજે છે કે 'સાપ ભયંકર, સાપ ભૂંડો.' બચ્ચાને નાનપણથી સમજાવાય છે કે જો ''સાપ બહુ ખરાબ, કરડે તો મરી જઇએ''. ત્યાં એ નથી શિખવાડાતું કે 'સાપ ખરાબ નહિ, એ કરડે એય ખરાબ નહિ, કેમકે ઝેર વિનાનો સાપ કરડવાથી મરી નથી જવાતું. માત્ર આપણને એનું ઝેર ચડે એ 'ખરાબ', એવું નથી શિખવાડાતું, શિખવાડાય તો એ છે કે-સાપ ખરાબ, એનો દંશ ખરાબ, એનું દર ખરાબ, ને એની નિકટમાં વાસ પણ ખરાબ, આ શિખવણીથી જ બચ્ચું એ બધાંથી આઘું રહે છે.

બસ, કંચન અને કામિની અંગે પણ આવું જ સમજી રાખવાનું છે.

**જો કંચન-કામિનીને પોતાને જ ભૂંડા સમજી રાખ્યા હોય તો જ એનો પડછાયો લેવાથી પણ આઘા રહેવાય...**

**પૂછો, વસ્તુ ખરાબ ? કે એને સારી સમજવી એટલું જ ખરાબ ?**

પ્ર.-તો તો માત્ર સમજી જ રાખવાનું ને ? વસ્તુ તો ખરાબ નહિ ને ?

ઉ.-કંચન-કામિની વસ્તુ ય ખરાબ છે, કેમકે એ આકર્ષક છે તો જ એને જોવાનું મન થાય છે, જોતાં મન લલચાય છે, એનો સંગ કરાય છે, ને એના પર અઢળક રાગ-મમત્વ કરાય છે. એવું બીજી વસ્તુ માટે નથી બનતું. એ સૂચવે છે કે બીજી વસ્તુ એવી ખરાબ નહિ, જેવા કંચન કામિની ખરાબ.

અનંતા માનવો કંચન-કામિનીમાં ખુવાર થયા, એજ સૂચવે છે કે એ કંચન-કામિની ખરાબ છે. એ મળ્યા તો જ એનો સંગ કરવાનું મન થયું, સંગ કર્યો, ને એથી પાયમાલ થયા.

એથી પણ આગળ જુઓ, કંચન-કામિનીનો સંગ પણ પછી, કિન્તુ

**કંચન-કામિનીને મનમાં ય ઘાલ્યા તો ય માણસ પાયમાલ થાય છે. એ જ એની પોતાની ખરાબી સૂચવે છે.**

બોલો, હૈયામાં કંચન કે કામિની હોય ને મરે તો સદ્ગતિમાં જાય ? કે હૈયામાં ભગવાન હોય ને મરે તો સદ્ગતિમાં જાય ? હકીકત છે કે હૈયામાં કંચન-કામિની રાખીને મરે તો દુર્ગતિમાં જાય.

મમ્મણના હૈયામાં પૈસા હતા ને મર્યો તો સાતમી નરકે ગયો.

રુપસેનના હૈયામાં રાજકુમારી સુનંદા હતી ને મર્યો તો અનેક દુર્ગતિના ભવ થયા. હજી એણે સુનંદાનો સંગ પણ નથી કર્યો છતાં દુર્ગતિ ! કેમ ? કામિની ભૂંડી છે એ ચિત્તમાં આવતાં મન બગડે છે, ને દુર્ગતિના કર્મ બંધાય છે.

**મનમાં કંચન-કામિનીનું માત્ર અસ્તિત્વ પણ મન બગાડે છે. ને દુર્ગતિનાં કર્મ બંધાવે છે.**

જુઓ, ભગવાનનું સુંદર ધ્યાન કરી રહ્યા હો, ચૈત્યવંદન કરી રહ્યા હો, પણ એમાં જો મનમાં કંચન કે કામિની આવ્યા તો ઝટ મન બગડ્યું જ સમજો. માટે તો કહેવાય કે-**ભગવાન સારા, ભામિની ખોટી.**

**પ્ર.-નારી ભૂંડી એ નિંદા નથી ?**

ઉ. ના, નારી ભૂંડી એમ કહીને નારીના શરીરને ભૂંડુ કહ્યું છે, પણ નારીના આત્માને ભૂંડો નથી કહ્યો, માટે તો રોજ સવારના યાદ કરીએ છીએ.

**''સુલસા ચંદનબાલા, મણોરમા મયણરેહા દમયંતી...**
**ઇચ્ચાઇ મહાસઇઓ, જયંતિ અકલંક સીલ કલિઆઓ,**
**અજ્જવિ વજ્જઇ જાસિં, જસપડહો તિહુયણે સયલે.''**

અર્થાત્ સુલસા ચંદનબાલા...ઇત્યાદિ મહાસતીઓ અકલંક્તિ શીલથી યુક્ત જયવંતી વર્તે છે, જેમનો યશડંકો આજે પણ વાગી રહ્યો છે.

આ ગુણ કોના ગાયા ? સતી સ્ત્રીઓના, એટલે કે સતી સ્ત્રીઓના આત્માના ગુણ ગાયા, કેમકે શીલયુક્ત કોણ હતું, સતીઓનો આત્મા શીલગુણથી યુક્ત હતો. એ આત્માઓના આજે ય યશડંકા બજે છે.

એટલે જ સ્ત્રીના આત્માને ભૂંડો નથી કહ્યો, પણ એમના શરીરને, કેમકે એ પુરુષો માટે કામરાગને જગાડનારો ને પોષનારો, અને ઉત્તેજિત કરનારો છે. જેમકે મેવા-મિઠાઇ કેવા ? તો કે ભૂંડા, કેમકે એ જીભના વિષય રાગને ઉત્તેજિત કરનારા-પોષનારા જગાડનારા છે. વળી,

**વિષયો ભૂંડા :-**

નારીદેહ ભૂંડો કહ્યો, નારીનો આત્મા ભૂંડો નથી કહ્યો, ને એ સ્પષ્ટ સમજાય એવી વાત છે. તમે મનમાં ચંદનબાળાના આત્માને લાવો તો ગુણાનુરાગ ગુણ

બહુમાન પ્રગટે. પરંતુ ચંદનબાળાનું અતિશય રૂપાળું શરીર ને એના અંગોપાંગ મનમાં લાવો, તો તમને વિષયરાગ જન્મે. એમ કહેતા નહિ-

પ્ર.-નારી શરીર જોઇને આપણે મન બગાડીએ તો જ કામરાગ જાગે ને ? મન ન બગાડીએ તો રાગ ન જાગે. એ શું નથી સૂચવતું કે ખરેખર નારી શરીર ભૂંડુ નહિ, પણ બગડેલું વિકારી મન ભૂંડુ ?

ઉ.-આ કથન જ સૂચવે છે કે મન જો બગડે તો શાથી બગડે ? નારીશરીર જોઇને બગડે, માટે જ નારી શરીર ભૂંડું મનને બગાડનારું નારીશરીર કહેવાય. નારીશરીર મનમાં પેઠું કે તરત મોટા ભગવાન પણ વિસરાઇ જાય છે. દેવાધિદેવનાં દર્શન કરતા હો, ને વચમાં કોઇ પુરુષ આડે આવી ઊભો તો મનમાં એ પુરુષ સહેજ આવે, પણ તે તો ઉદ્વેગથી કે 'ક્યાં આ ભાઇ વચમાં ઊભા ને મને ભગવાન દેખતા બંધ થયા ?' એટલે એમાં ય ભગવાનનું અનુસંધાન ઊભું છે. પરંતુ વચમાં જો કોઇ ઉદ્‌ભટ વેશવાળી યુવતી આડી આવીને ઊભી રહી, તો ત્યાં એમ નથી થતું કે 'આ ક્યાં આડી આવી ઊભી ને મને ભગવાન દેખાતા બંધ થયા ?' ત્યાં તો એને રાગથી જોવાનું કરાય છે, જોઇને મિઠાશ અનુભવાય છે. એ વખતે ભગવાનનું અનુસંધાન ક્યાં રહ્યું ? ભગવાન ક્યાં મનમાં રહ્યા ?

**નારી દેહ ભૂંડો, મન બગાડે, ને ભગવાનને ય ભુલાવે.**

આટલા જ માટે કહ્યું કે,

**''નારી નરકની દીવડી, દુર્ગતિની દાતારી રે,**
**વીરે વખાણી વખાણમાં, મેં આ જ સુણ્યો અધિકાર રે...**
**કહે ધન્નો કામિની પ્રત્યે''**

નરકમાં જવા અંધારું છે, જલદી માર્ગ ન જડે, પણ નારી ટોર્ચ લાઇટ છે, એ સીધો નરકનો રસ્તો દેખાડી આપે છે. નારીદેહ મનમાં લાવ્યા, ગાઢ આંધળો રાગ થયો, એ અતિસંક્લિષ્ટ રાગ નરક માર્ગ છે. એ પ્રગટાવનાર નારી છે, નારીદેહ છે.

આ જગતની વચમાં રહેતાં બહુ સાવધાન રહેવા જેવું છે.

**પરસ્ત્રી દર્શન આયુર્વેદની દ્રષ્ટિએ ય ખરાબ :-**

નારી-દર્શને રાગ થાય છે, એટલે રાગથી લોહી ગરમ થાય છે, ને એ પાસેની વીર્યની નાડીના ઘટ્ટ વીર્યને ગરમ કરી પાતળું પાડી દે છે. પછી એ ગમે તે રસ્તે બહાર ફેંકાઇ જાય છે. બસ, આમ જ વારંવાર પરસ્ત્રીનાં દર્શન કરી કરી સત્ત્વ

ખલાસ થતું જાય છે. વળી,

**નારી દર્શને ચિત્ત વિહ્વલ બને છે.**

ચિત્ત અસ્વસ્થ બને છે, જુના કામરાગના સંસ્કાર તાજા થાય છે, દ્રઢ થતા જાય છે. કેમકે એ રાગ થવામાં કંપારો નથી, અફસોસી નથી, નીરાંતે મિઠાશ અનુભવાય છે. ત્યારે પરણેલા જીવનમાં એવા સંસ્કાર કેટલીવાર દ્રઢ કરવાના ? એકેક દિવસના રૂપાળી પત્નીનાં દર્શન અને સ્મરણ કેટલીવાર ? તો હજારો દિવસના દર્શન-સ્મરણો કેટલા હજાર ? એટલા નવા સંસ્કારો પડી પડી કામરાગના સંસ્કારો કેટલા ગાઢ કરે ?

**નારી ને નાણું કેમ ત્યાજ્ય ? :-**

જંબુકુમાર-મેઘકુમાર-સનત્કુમાર વગેરે મૂર્ખા નહોતા કે અપસરા શી સ્ત્રીઓ અને વૈભવી સંસાર છોડ્યો. ભલે જોવામાં પરસ્ત્રી નહિ, કિન્તુ પોતાની પત્ની નારી, પણ એનાં દેહદર્શન હજારોવાર કરાયે શું મળે ? કદાચ કૂતરા-ગધેડાના અવતારે જે કામ રાગના હજારોવાર કુસંસ્કાર કમાવાનું ન મળે, એ અહીં માનવભવે મળે ! આવી ભયંકરતા જોઇ જંબુકુમાર વગેરે એનાથી બચી જવા સંસાર છોડી ગયા.

**નારીદેહના હજારોવાર દર્શને હજારો રાગ સંસ્કાર પોષાતા હોઇ એના ત્યાગમાં મૂર્ખતા નહિ, મહાબુદ્ધિમત્તા છે. શાસ્ત્રો નારીના નિંદક નહિ. પરિચાયક છે -**

આ ઉચ્ચ માનવભવમાં રાગના કુસંસ્કારોના ઢેર વધારવામાં, ને પછી નરકાદિ દુર્ગતિ સર્જવામાં નારી ને નાણું કામ કરી રહ્યા છે. તેથી એની એવી ઓળખ શાસ્ત્ર કરાવે એમાં શું શાસ્ત્રોએ નારીની ને નાણાંની નિંદા કરી ? એ સ્વરૂપવાળી નારી ને નાણાંને ભૂંડા ન કહે તો શું કહે ? સારા કહે ? ને ભૂંડા કહે એટલે શું એને ઉતારી પાડ્યા ? ખાસ યાદ રાખો-

**નારી ભૂંડી એટલે નારીનો દેહ ભૂંડો, નારીનો આત્મા નહિ.**

**સુશીલ નારીની પતિને સલાહ-**

સુશીલ નારીઓ પતિને આ સાવધાની આપે છે કે ''મારા શરીર સામું બહુ ન જુઓ એ તો મારનારું છે, મનમાં એ રહે તો પાપ જ બાંધવાનું થાય. મનમાં એ રહે ને મરવાનું આવે તો દુર્ગતિમાં જ જવાનું થાય. માટે એ ભૂલશો તો જ મનમાં ભગવાન રહી શકશે, ને પુણ્ય અને સદ્ગતિ મળશે.''

સુશીલ નારીના આ શિખામણ જો પતિ ધ્યાનમાં નથી લેતો અને પત્નીના શરીર-અંગોપાંગ સામે જ જોયાં કરે છે, અડપલાં કર્યે રાખે છે, તો એ પત્નીને પારાવાર ખેદ થાય છે કે 'હાય ! આ પતિની પરલોકે કેવી ભયંકર દુર્ગતિ ને દુર્દશા થશે ! હાય ! મારું કેવું કમભાગ્ય કે મને આ નારીશરીર મળ્યું ! ધિક્કાર પડો મારા નારી દેહને કે બિચારા પતિ અને બીજા હજારો માણસને મોહમાં પાડનારું બને છે ! કામરાગના ઘેરા કુસંસ્કાર નાખનારું બને છે ! આ લોકોની ભવાન્તરે દુર્ગતિની પરંપરા સર્જનારું બને છે !''

સુશીલ નારી શું સમજે છે ? 'સામાનો રાગ ભૂંડો ? સામાથી કરાતું દર્શન ભૂંડું ? કે મૂળ પાયામાં પહેલું તો પોતાનું નારીશરીર જ ભૂંડું ?' એટલે ગુરુ વ્યાખ્યાનમાં શાસ્ત્રમાંથી સંભળાવે કે 'નારી નરકની દીવડી' ત્યારે કાંઇ સુશીલ સ્ત્રીઓ ગુરુ અને શાસ્ત્ર પર નારાજ નથી થતી, પરંતુ એ સત્ય હકીકત હોવાનું સમજે છે. અને પોતાને બહુજન મારક સ્ત્રીપણું મળ્યાની અફસોસી કરે છે. બાકી ગુરુ અને શાસ્ત્ર પર આવા વચને નારાજ થનાર અજ્ઞાન અભિમાની કુશીલ સ્ત્રીઓ અને પુરુષો જ હોય છે, એમાં એવા પુરુષો નારીની દલાલી કરવા નીકળી પડે છે.

એવા પુરુષોને કોણે સ્ત્રીના વડીલ નીમ્યા ? સ્ત્રીઓએ નહિ, પણ પોતાની સ્ત્રી લંપટતાએ. બિચારા સ્ત્રી પર મુસ્તાક, તે સ્ત્રીની વકિલાત જ કરે ને ? એજ બોલે ને કે 'શાસ્ત્રોએ નારીની બહુ નિંદા કરી નારીજાતને ઉતારી પાડી છે.' પણ એ વિષયાંધોને જોવા આંખ હોત તો દેખત કે રસ્તા પરથી પુરુષો પસાર થાય એમને જોવાની સ્ત્રીઓને કાંઇ પડી નથી હોતી, પરંતુ સ્ત્રીઓ પસાર થાય એ પુરુષોને જોવાની બહુ પડી હોય છે. કારણ સ્પષ્ટ છે, પુરુષ ભોક્તા છે, સ્ત્રીઓ ભોગ્ય છે. એટલે જ

**હલકી સ્ત્રીઓને પુરુષો જોવાની પડી નથી, પરંતુ પુરુષો પાસે પોતાને જોવરાવવાની પડી હોય છે.**

દેરાસરોમાંય સ્ત્રીઓ ઉદ્ભટ વેશે કેમ આવે છે ? આ જ માટે કે પુરુષો પોતાને જુએ ને આકર્ષાય. એનો અર્થ એ કે એવી સ્ત્રીઓ પ્રભુદર્શન કરવા નથી જતી પણ જાતનાં દર્શન કરાવવા જાય છે ! આવી સ્ત્રીઓ ઉત્તમ ન ગણાય, હલકી જ ગણાય. કેમ હલકી ? સમજાય એવું છે કે જ્યાં ભવ્યાત્માઓ વીતરાગનાં દર્શન કરી પાવન થવા આવે છે, એ આ ઉદ્ભટ વેશવાળી નારીનાં દર્શન કરીને પાવન થાય ? કે મલિન થાય ? વીતરાગ પ્રભુને જોઇને તો મન સુધરે, શુભ ભાવવાળું બને, પરંતુ નારીના રૂપાળા અંગોપાંગ જોઇને મન સુધરે ખરું ? શુભ ભાવવાળું

બને ? વીતરાગને જોઇને તો વૈરાગ્ય થાય, પરંતુ નારીના રૂપાળાં અંગ જોઇને રાગ થાય કે વૈરાગ્ય થાય ?

પુરુષો માટે એક તો નારીશરીર અને તેમાં ય એના રૂપાળા ખૂલ્લા અંગોપાંગ જોવા મળે, પછી મન બગડે, રાગ ભભૂકે, ને મોહના વિચાર આવે, એમાં શી નવાઇ ? આવું થવામાં ચાહીને નિમિત્તભૂત બનનાર ઉદ્‌ભટ વેશવાળી નારીઓ ઉત્તમ ગણાય ? કે અધમ ?

નારી-શરીર પુરુષો માટે ભયંકર છે, અનર્થકારી અને મન બગાડનાર છે. **નારીનો આત્મા સારો છે માટે જો એનું શરીર સારું મીઠું લાગ્યું તો મોત છે.**

કેમકે નારી ને નાણું બહુ મીઠા લાગ્યા એટલે એનો અંધાપો એવો આવી જાય છે કે મહાત્માઓની વૈરાગ્યવાણી સાંભળવા જીવની તૈયારી જ નથી હોતી, જ્યાં સાંભળવા જ તૈયારી નહિ, ત્યાં એ વાણીના શાસ્ત્ર વાંચવાની તો તૈયારી હોય જ શાની ? તો સાંભળ્યાં કે વાંચ્યાં એની અસર લેવાની તો આશા જ શી ? નાણું ને નારીના અંધાપામાં એના પર અંધરાગ થાય એ ભૂંડો.

**સહસ્રાયુધ દીક્ષા લે છે :-**

સહસ્રાયુધ મોટા રાજા હતા છતાં મન પર લક્ષ્મી લલનાનો એવો અંધાપો નહિ, એટલે નગરમાં ગુરુ પધાર્યાની જાણ થતાં એમના, દર્શન-વંદનાર્થે ગયા, અને એમની આધ્યાત્મિક વાણી સાંભળી. અરે ! સાંભળી એટલું જ નહિ, પણ એની અસર લીધી, વૈરાગ્ય વધી ગયો, અને સંસાર ત્યાગ કરી ચારિત્ર ધર્મ સ્વીકારી લે છે. બોલો, મોટી રાજ્ય સંપત્તિ, અંતઃપુરમાં દેવાંગના શી રાણીઓ વગેરે સેવાકરી પરિવાર અને માલ-ખજાના લહાવલશ્કર વગેરે આ બધાની મોહિની એમ છુટે ? પરંતુ વિવેકચક્ષુ અને સદ્‌વીર્ય ઉઘાડવાની જરૂર છે.

**વિવેકચક્ષુ અને સદ્‌વીર્યનો ઉઘાડ માયા મોહિનીના મોટા પહાડ લંઘી નંખાવે.**

તળેટીએ ભય સમજાઇ જાય તો વિવેક પ્રગટે છે કે 'અહીં તળેટીએ પડી રહેવામાં કે સીધું જમીન પર આગળ ચાલવામાં લૂંટારાથી જાન ખત્મ છે, અને મોટા પહાડ લંઘી જવામાં ભલે થાક લાગે, શરીર નખાઇ જાય, કમર તૂટે, પગ દુખે, પરંતુ જીવતા રહી જવાય એમ છે,' આવો વિવેક પ્રગટે, પછી વીર્ય જગાડી પહાડ ચડવા મંડાય છે અને ભારે કષ્ટ વેઠીને ય ધીરે ધીરે પણ પહાડ ઓળંઘી જવાય છે.

એમ અહીં પરલોકનો ભય લાગીને વિવેક પ્રગટે કે 'આત્માની શત્રુભૂત

ઇંદ્રિયોની વિષયોથી તુષ્ટિપુષ્ટિ કરવાનું જીવન અલબત તળેટીનું સુખદ જીવન છે, પરંતુ વ્રત-નિયમ વિનાનું એ રાગ-દ્વેષ-મદભર્યું ને મનની મોજનું જીવન જીવવામાં જન્મોજન્મ કર્મગુંડાથી કત્લ જોવાની છે, એના બદલે સદ્વીર્ય પ્રગટાવી જો પહાડ ચડી જવા તુલ્ય સર્વવિરતિનું નિષ્પાપ મુનિ જીવન જીવાય તો ભલે અહીં કષ્ટ-તકલીફ પડે, કમ્મર તૂટે, પગ દુખે, પરંતુ પરલોક દીર્ઘકાળ સુધી સુખ શાંતિ અને ધર્મવાણી સદ્ગતિઓ ચાલવાની' આવો વિવેક પ્રગટી જાય અને સદ્વીર્ય પ્રગટ કરી ચારિત્ર જીવન સ્વીકારાય, તો મોટા પહાડ લંઘવા તુલ્ય સર્વ રાજ્યસંપત્તિ-પરિવાર ને રાજશાહી વિષયોની મોહિની છોડવી કાંઇ કઠીન નથી.

વિવેક અને સદ્વીર્ય પ્રગટાવ્યાની બલિહારી છે. આવા વજ્રાયુધ ચક્રવર્તી કે સહસ્રાયુધ સમ્રાટ રાજા જેવાના મહાત્યાગ જો મૂર્ખાઇભર્યા લાગતા હોય યા 'હાય ! આ કેમ બને ?' એમ ચમકારો લાગતો હોય તો સમજી રાખો કે પહેલાં નંબરમાં હજી વિવેક પ્રગટયો નથી.

**'અહીંના વૈભવ-વિલાસના પરલોકે દારુણ દુઃખદ વિપાક, એ ચારિત્ર-જીવનના કષ્ટ કરતાં કેઇ ગણા દુઃખદ છે.'**

એવો વિવેક નથી જાગ્યો અને પરલોકના એ ભયંકર દુઃખનો ભય નથી લાગ્યો એટલે જ સમ્રાટ રાજા રાજ્ય-સંપત્તિની મોહિનીનો ત્યાગ કરે એમાં મૂર્ખાઇ યા ચમકારો લાગે છે કે 'હેં આ શું ?' નહિતર જો સ્વયં વિવેક અને ભય જાગ્યો હોય તો મનને એમ થાય કે 'ધન્યવાદ ! ખરેખર કરવાનું કર્યું.'

**મોટી રાજ્યસંપત્તિ વગેરેમાં શા માલ બળ્યા છે કે જેની પાછળ કારમી દુર્ગતિઓની જેલ છે ?**

**હરિવંશનો ઉદ્ગમ :-**

પેલા હરિવંશના ઉદ્ગમની ખબર છે ને ?

એક રાજાએ સાળવીની અતિરૂપાળી પત્ની વનમાળાને રસ્તામાંથી ઉપાડી પટ્ટરાણી બનાવી દીધી ! એનો પતિ પાગલ થઇ 'હે વનમાળા ? હે વનમાળા ! તું ક્યાં ગઇ ?' એમ કરુણ સ્વરે પોક મૂકતો મૂકતો નગરમાં શોધતો ફરે છે. એમાં એકવાર રાજા અને આ પત્ની બગીચામાં બેઠેલા. ત્યાં એ ગયો. તો એ લોકોએ આની પાગલતા અને કરુણ સ્વરે એનું રુદન જોઇ દ્રવિત થઇ ગયા ! પોતાના અપકૃત્ય પર બન્નેને ભારે પસ્તાવો થયો કે 'અરેરેરે ! આ આપણે કેવું ગોઝારું કૃત્ય કર્યું !

અને બરાબર એ જ વખતે અચાનક આકાશમાંથી આ બન્નેના માથા પર વિજળી પડી અને તત્કાલ બન્ને આ મૃત્યુ પામ્યા !

જીવનમાં પાપ આચર્યું હતું, પરંતુ માત્ર એનો સાચા દિલનો પસ્તાવો પણ થયો તો ઇનામમાં યુગલિકનો અવતાર મલ્યો ! બંનેએ પાપ ઘોર કર્યું છે. રાજાએ પરસ્ત્રી ઉઠાવી પોતાની રાણી બનાવી છે, ને એ સ્ત્રીએ પતિને મૂકી રાજા સાથે લહેર માંડી શીલભંગ કર્યો છે, અને બન્નેએ સામાનો પાગલ થઇ જવા સુધીનો હૃદયઘાત કર્યો છે. આ ઘોર પાપનો અત્યારે માત્ર પસ્તાવો કર્યો છે એનું ઇનામ કેવુંક ! બંનેને યુગલિક મનુષ્ય અવતાર મળે છે !

પરસ્ત્રીહરણ અને પરસ્ત્રીસેવન એ પાપ કેટલું મોટું ? તો કે એમાં તીવ્ર રાગસંકલેશ થવાથી તીવ્ર દ્વેષસંકલેશની માફક નરકગતિના પાપ બંધાય, ને એમાં મરે તો સીધા નરકમાં ચાલ્યા જાય. રાજા અને સાળવી પત્ની બંનેએ અપકૃત્ય કરતાં મનમાં થોડો જ પાપનો ડંખ રાખ્યો હોય ? ના, રાજા સત્તાધીશ છે એટલે સમજતો હોય કે 'મારી પ્રજા પર મારી માલિકી છે, એટલે માલિકીની ગમે તે વસ્તુ લઇ શકું ને ભોગવી શકું, આમાં પછી અને પરસ્ત્રીહરણ અને પરસ્ત્રીસેવનમાં લેશ પણ ખેદ-સૂગ-અફસોસી કે પાપનો ડંખ શાનો રહે ? ત્યારે

**જે પાપનો ડંખ નહિ એ પાપના રાગનો સંકલેશ તીવ્ર હોય.**

**રાગ કે દ્વેષના તીવ્ર સંકલેશ નરકનાં ભાતાં બંધાવે.**

આ પરથી વિચારવા જેવું છે કે જેને વાતવાતમાં બીજાઓ સાથે ઝગડવા જોઇએ છે, બીજાઓના વાંક પર તીવ્રદ્વેષ ને ગુસ્સો કરવા જોઇએ છે, અને ઝગડવા જોઇએ છે, એમને દિલમાં આ દ્વેષ-ગુસ્સો-કલહની અફસોસી ખરી ? અફસોસી કેમ ? દ્વેષ વગેરે એ પાપ છે માટે. શું દ્વેષ-ગુસ્સો-કલહ એ પાપ નથી ? અઢાર પાપસ્થાનકમાં ૧૧ મે શું બોલો છો ? ૧૦ મે રાગ, ૧૧ મે દ્વેષ, એ જ બોલાય છે ને ? ત્યાં શું બાદબાકી છે કે આપણે સાચા હોઇએ ને સામો ખોટો હોય, તો સામા પર કરેલ દ્વેષ એ પાપસ્થાનકમાં ન ગણાય ? ના, આ દ્વેષ પણ પાપસ્થાનક જ છે. માટે તો મહાત્મા પર ખોટા આરોપ ચડાવી અનાડીએ ઉપસર્ગ કર્યાં તો મહાત્માઓએ એના પરના દ્વેષને પાપસ્થાનક ગણી મુદ્દલ દ્વેષ ન કર્યો, ઊલટું અને ઉપકારી મિત્ર માની ઉપસર્ગ સહર્ષ વધાવી લીધો. તો જ મોક્ષ પામ્યા.

**ખંધક મુનિને શું થયું ?**

પોતાની બેન રાજાની રાણી છે. આ બેનને ઘણા વરસે ભાઇ મુનિના દર્શન થતાં એની આંખમાં આંસુ ઉભરાયા. એ આંસુ દેખી પાસે બેઠેલા રાજાએ કલ્પના કરી કે 'આ સાધુ રાણીનો પૂર્વનો યાર લાગે છે. બેનના લગ્ન પહેલાં જ ભાઇ ખંધકે દીક્ષા લઇ લીધી હશે, ને પછી લગ્ન થતાં બનેવી રાજાને સાળા ખંધક મુનિની અહીં ઓળખ ન પડી, તેથી આ યારની કલ્પના કરી લીધી. પાછો એ રાણીને પૂછતો ય નથી કે 'તને કેમ આને દેખી આંસુ આવ્યાં ? આ કોણ છે ? તારો કોઇ સગો છે ?' પૂછ્યા ગાછ્યા વિના કલ્પી લીધું કે રાણીનો આ યાર છે, અને તરત અંદર જઇ ખાનગીમાં મારાઓ બોલાવી કહી દીધું. 'જાઓ પેલા મહારાજની ચામડી ઉતારી લાવો.' મારાઓએ જઇ ખંધકમુનિને કહ્યું કે 'અમારા રાજાની એવી આજ્ઞા છે કે તમારી ચામડી ઉતારી નાખવી.'

વગર ગુન્હે આ ભયંકર સજા સાંભળી મુનિને દ્વેષ ન થાય ? પરંતુ ના, મુનિ સમજે છે કે 'સામો ખોટો હોય અન્યાયી હોય, તો પણ એના પર દ્વેષ એ પાપસ્થાનક છે.'

**અન્યાયી પ્રત્યે દ્વેષની પાપસ્થાનકમાંથી બાદબાકી ન કરી :-**

કે 'આવો દ્વેષ એ પાપસ્થાનક નહિ.' ના, દ્વેષ એ પાપસ્થાનક એટલે પાપસ્થાનક. અહીં,

પ્ર.-શું પ્રશસ્ત દ્વેષ એ પણ પાપસ્થાનક ?

ઉ.-અહીં જાત પ્રત્યેના વૈયક્તિક અન્યાય કરનારની વાત ચાલે છે, કે એના પર દ્વેષ કરવો કે ન કરવો ? એ વાત ચાલે છે. ત્યાં શાસન-પ્રત્યનીક પ્રત્યેના દ્વેષની અથવા આપણા અસંયમ-અનાચાર પ્રત્યેના પ્રશસ્ત દ્વેષની વાત લાવી જાત અંગેના વિચારને મારી નાખો નહિ.

અહીં જાત અંગેનો વિચાર ચાલે છે કે ''આપણી જાત પ્રત્યે કોઇ અન્યાય કરે છે કે આપણો અપરાધ કરે છે, આ આપેણને ખોટી રીતે દબડાવે છે, સતાવે છે, અથવા આપણું અપમાન કરે છે, યા આપણને ખોટા ઉતારી પાડે છે, અથવા આપણને પીડે છે કે આપણું કશું નુકશાન કરે છે, બગાડે છે, તો એના પ્રત્યે દ્વેષ કરાય કે નહિ ? ને દ્વેષ કરીએ એ પાપસ્થાનક ગણાય ?'' મહાત્મા ખંધકમુનિ આવા દ્વેષને પાપસ્થાનક ગણે છે માટે જ લેશ પણ દ્વેષ ન લાવતાં, જુઓ, શું વિચારે છે-

**એક જન્મમાં કોઇના પર કરેલ અભાવ-વૈર વિરોધને વોસિરાવ્યા વિના મર્યા તો ભવાંતરે એ તો મહાપુરુષ થઇ એમનાથી જગત તરતું હશે. પણ આ અભાવ-વૈર-વિરોધવાળો એમના પર અભાવ જ કરવાનો.**

ખેડુતની મહાદુર્દશા નથી ? આવા અલૌકિક સમવસરણ પર જીવતા જાગતા ને અનુપમ રૂપવાળા તીર્થંકર ભગવાન જોવા મળે, એમના પર તો 'અહો અહો' થઇ જાય, સદ્ભાવના પૂર ઊછળે, એના બદલે રાંકડાને અભાવ થયો ! તે એવો અભાવ કે અહીં સુધી વૈરાગ્યથી ચારિત્ર લઇને આવેલો છતાં એ અભાવના લીધે પ્રભુથી ઊભગી જઇ ચારિત્ર મૂકીને ભાગ્યો !

અલ્યા ! ક્યાં જઇશ ? ઘેર ? કુટુંબ પાસે ? તું તો સમજી ને આવેલો કે

**"આ કુટુંબ માટે મારે કરવી પડતી હજારો લાખો જીવોની હિંસાનાં દુઃખદ ફળ તો મારે જ ભોગવવા પડશે."**

આ એને પૂછો તો એ શું કહે ? આ જ કે "ભલે એ ભોગવીશ, પરંતુ મહાવીર પાસે તો ન જ જાઉં."

ત્યારે અભાવ-વૈર-વિરોધ કેવા ભયાનક કે એ તત્ત્વસમજ અને વૈરાગ્ય વગેરે બધું ય ભુલાવી દે !

ખેડુત ભાગ્યો એટલે ગૌતમસ્વામી કંઇક નિરાશ તો થયા પરંતુ પ્રભુએ એમને સમજાવ્યા કે 'ગૌતમ ! નિરાશ ન થશો. ખેડુત તમારાથી પામી ગયો. એને મારા ત્રિપૃષ્ટ વાસુદેવના અવતાર વખતે મારા પર અભાવ થયેલો તેના અનુબંધ અહીં સુધી રહ્યા, એટલે બિચારો મારા પર અભાવ કરી ભાગ્યો, પરંતુ તમે એને વૈરાગ્ય પમાડ્યો, ને એણે સંસાર-ત્યાગ કર્યો એથી એ બોધિબીજ પામી ગયો. એકવાર તો એને ચારિત્ર પર માન ઉપજી ગયું એ આગળ પર એને સુલભબોધિ કરશે, ઊંચે લાવશે."

અલબત ખેડુતને અભાવ હૈયામાં બેઠેલો છતાં વૈરાગ્ય અને ચારિત્ર મળ્યા, કિન્તુ અભાવે ભાવ ભજવ્યો. અભાવ-વૈર-વિરોધ ખતરનાક છે.

**દેવતાની વેર વાળવાની ભયાનક યોજના :-**

પેલો શાળવી-દેવતા પોતાની પત્ની રાણી બનેલી તે અને રાજા મરીને સુખી યુગલિક બનેલા જોઇ વેરથી ગુસ્સે થાય છે, અને વેર વાળવા વિચારે છે કે

'આ યુગલિકોનાં શરીર સંક્ષેપી ભરત ક્ષેત્રમાં રાજા-રાણી બનાવી સાતે વ્યસન શીખવી વિષયોમાં ચકચૂર કરું તો તો એ મરીને નરકે જાય ને ત્યાં અસંખ્ય વરસો સુધી ઘોર નરક-વેદનાઓ ભોગવે એવું કરું, જેથી એ દુષ્ટોને બરાબર સજા મળી જાય, ને મને પાકું વૈર વાળ્યાથી કલેજે ભારે ઠંડક થાય !'

કેટલો બધો ભયાનક વિચાર છે ! કેવીક ભયાનક યોજના !

દેવતા માત્ર વિચાર કરીને જંપ્યો નહિ, પરંતુ યુગલિક ક્ષેત્રમાં સાત વ્યસન ચાલે નહિ, એટલે એમના દેહ અને આયુષ્ય સંક્ષેપી એમને ઉપાડીને ભરત ક્ષેત્રમાં લઇ આવ્યો. પૂછો.

પ્ર.-યુગલિકના આયુષ્ય તો અનપર્વતનીય એમાં ફેરફાર થાય નહિ, તો આ શી રીતે બન્યું ?

ઉ.-માટે જ શાસ્ત્રકારો આને આશ્ચર્ય કહે છે. અનંતાકાળે આવું આવું કોઇક આશ્ચર્ય બને, જે નિયમ વિરુદ્ધ હોય. આશ્ચર્ય માટે પ્રશ્ન ન હોય કે 'આમ કેમ બને ?'

**સિદ્ધાન્ત-નિયમથી બહાર બને માટે આશ્ચર્ય કહેવાય.**

શ્રી મલ્લિનાથ પ્રભુ સ્ત્રી-તીર્થંકર થયા ! તીર્થંકર ભગવાન શ્રી મહાવીર સ્વામી હલકા બ્રાહ્મણ કુળમાં જનમ્યા ! આ બધું આશ્ચર્યભૂત. દેવતાએ યુગલિકને ભરત ક્ષેત્રમાં લાવી ક્યાંક રાજા-રાણી બનાવી દીધા, અને પોતે સાથે સલાહકાર મંત્રીનું રૂપ કરી રહ્યો, અને એમને જુગાર-શિકાર-માંસાહાર-મદિરાપાન વગેરે સાતે ય વ્યસન શિખવાડ્યા.

પ્ર.-યુગલિકને આ આવડે ?

ઉ.-જીવને અનાદિકાળથી કારમી વિષયવાસના બેઠી છે, માત્ર સંયોગ મળવા જોઇએ, સંયોગ મળે એ પ્રમાણે એ વાસના નાચવા કૂદવા તૈયાર છે. યુગલિકને આ ક્ષેત્રમાં લઇ આવ્યો એટલે અહીંના સંયોગ-સગવડો વિષયવાસનાને ઉત્તેજિત કરવા માટે અનુકૂળ છે, તેમ રાજા-રાણીને દેવતા તરફથી બધી સગવડ મળે છે, એટલે લોભાયા ને સાતે વ્યસનમાં લીન બની ગયા. સંસાર સુખની ભારે લહેરો ઉડાવીને નરકગતિના ભાતાં બાંધ્યા, ને છેવટે મરીને નરકે ગયા.

**બોલો, દેવતાએ યુગલિકને રાજા-રાણી બનાવી સંસાર સુખોની સગવડ કરી આપી તો એ ઉપકારી ખરો કે નહિ ?**

તમે ડાહ્યાં હો તો ના જ કહેવાના. એમ કહેવાના ઉપકારી શાના ? મહાઅપકારી કહેવાય, પરંતુ જો કોઇ શાણો ન હોય, તો તો ઝટ કહી દે કે 'દેવતાએ ભારે ઉપકાર કર્યો ! કેટલા બધા સુખોની સગવડ કરી આપી !' હવે એને પૂછીએ 'અલ્યા પણ પછી શું ?' ત્યારે મૂરખ કહે છે 'એ પછીનું જોવા ન બેસાય. કોને ખબર છે પછી શું થાય છે ? પછી જે થવાનું હોય તે થાય, પરંતુ હમણાં તો મહાસુખો આપ્યા ને ?' કહો, આવું બોલવું એ મૂર્ખતા નથી ?

આ મૂર્ખતા, 'પેલા મ્લેચ્છના બોકડાને માલિકે સુખ આપી ઉપકાર કર્યો' એમ કહેવા જેવી મૂર્ખતા છે. મ્લેચ્છ માણસ બોકડાને પાળે છે, એને મેવા-મિઠાઇ ફળફળાદિ ખવરાવે છે, ફરવા ય લઇ જાય છે, પીઠ થાબડે છે. એમ વિવિધ સુખ આપે છે. પરંતુ શા માટે ? બોકડો તગડો થાય એટલે અને મારી કાપીને ખાઇ જવા માટે. તો જો આ બધા સુખ આપે છે એટલે શું મ્લેચ્છે સુખ આપ્યા એ એના પર ઉપકાર કર્યો ? ના, નથી ને જે વખતે એક બોકડાને આ મેવા-ફળ-વહાલ આપતો દેખતા હો, એજ વખતે ત્યાંજ બીજા તગડા બનેલા બોકડાને ક્રૂર રીતે જો કપાતો દેખો તો પેલા જીવંત બોકડાને મ્લેચ્છ-માલિક સુખ આપી ઉપકાર કરતો લાગે ? ન જ લાગે.

મનને એમ થાય કે 'ભલે અત્યારે આ બોકડો સુખી દેખાય, પરંતુ એને થોડો વિલંબ છે, પછીથી એ પણ આ બોકડાની જેમ જ ક્રૂર રીતે કપાઇ મરવાનો છે. એટલે

**મ્લેચ્છના બોકડાને વર્તમાન સુખ એ સુખ નથી પણ ભયંકર દુઃખની તૈયારી છે.**

**વર્તમાન સંસારસુખો એ દુર્ગતિનાં ભયંકર દુઃખોની તૈયારી :-**

છાપરા પર કપાઇ આવેલા પતંગને લેવા દોડતો છોકરો પતંગ તો પકડી પાડે, પરંતુ ઠેઠ છાપરાના કિનારે આવી ગયો દેખાય, તો એ સુખી થયો લાગે ? ના, દેખાય છે કે પતંગ પકડ્યાના હરખમાં હમણાં કિનારેથી નીચે પડવાનો છે !

બસ, એમ વર્તમાન સંસારસુખો પછી ભયંકર દુર્ગતિના દુઃખો આવવાને જરા વિલંબ છે એટલું જ, બાકી તો એ દુર્ગતિના ભયંકર દુઃખોની તૈયારી છે એને સુખ કેમ કહેવાય ? એ સુખો પૂરા પાડનાર એ ઉપકારી શાનો કહેવાય ?

ધર્મ વિનાના સંસાર-સુખ એટલે દુર્ગતિની તૈયારી. તો બોલો, તમે દીકરાને ધર્મ ન શીખવો અને એકલા સંસાર-સુખોની સગવડ કરી આપો તો તમે એના પર ઉપકાર કરી રહ્યા છો કહેવાય ? કે દુર્ગતિના ભયંકર દુઃખોની એને તૈયારી કરી

આપનારા ભારે અપકારી કહેવાઓ ?

**પુત્રને એકલો સંસાર સુખલીન બનાવનાર બાપ એનો મહાઅપકારી.**

પેલા દેવતાને નજર સામે રાખજો, એણે રાજા-રાણીને સંસારના ભરચક સુખોની સગવડ કરી આપી એ એણે ઉપકારનું કામ નથી કર્યું, પરંતુ નરકનાં સીતમ દુઃખોની તૈયારી કરી આપવાનું કાતિલ વૈર વાળ્યું છે, આ ખાસ ધ્યાન પર રાખ્યા કરજો.

આજે માબાપો છોકરા-છોકરીને મોટા ડીગ્રીધારી બનાવી ખુશી થાય છે.

છોકરાને મોટો વેપારી બનાવી ખુશી થાય છે.

રૂપાળી લટકાળી કન્યા પરણાવી ખુશી થાય છે.

છોકરીને શ્રીમંત લટકાળા છોકરાને પરણાવી ખુશી થાય છે.

છોકરાને સારી મૂડી-બંગલો-મોટર આપી ખુશી થાય છે.

બોલો, આ બધા માબાપ છોકરાના ઉપકારી ? કે ભયંકર અપકાર કરનારા ? મિત્ર ? કે વૈરી ? પણ અફસોસ કે તમને આ વાત મગજમાં બેસતી નથી. ભલે કહો કે

પ્ર.-સંતાનને અમે અમારી સેવા કરાવવાના સ્વાર્થ માટે કાંઇ ઉછેરતા નથી, કિન્તુ એને સુખી જોવાની ઇચ્છાથી ઉછેરીએ છીએ, એમાં અમે અપકાર કરનારા શી રીતે?

ઉ-ભલે તમે સંતાનને સુખી જોવા ઇચ્છતા હો, પરંતુ પેલા મ્લેચ્છના બોકડા જેવો સુખી તો નહિ ને કે જેની પાછળ ભયંકર કત્લેઆમ એના પર વરસવાની આવે ? જો માત્ર આ જીવનના અલ્પકાળનું સુખ જોવાનું હોય, તો તો પેલા દેવતાએ યુગલિકને રાજા-રાણી બનાવી સાતે વ્યસનના મનમાન્યા સુખ મોજમાં ઝીલાવ્યા એ એમના પર ઉપકાર જ કર્યો ને ?

સાચો ઉપકાર કોને કહેવાય ?

અલ્પકાળ અલ્પસુખ પછી દીર્ઘકાળ ભયંકર દુઃખ આવે એ એના પર ઉપકાર છે ? તમારા મર્યા પછી તમારા છોકરાને કોઇ જુગારી ને દારૂડિયો બનાવે, ને એમાં ધીમે ધીમે તમે આપેલી મૂડી બરબાદ કરાવે, તો તમે દીકરાને મનમાન્યા જુગાર અને મદિરાપાનના સુખ દેખાડનારને ઉપકારી કહેશો ? ના, તો પછી અહીં પણ શું છે ?

**ધર્મ જતો કરી સંસાર સુખ ભોગવવા, એ પુણ્ય મૂડીનો જુગાર છે.**

**સંસાર સુખ જતા કરી ધર્મ કરવો, એ પુણ્ય મૂડીનો નફાનો વેપાર છે.**

**તમે જુગારી ? કે વેપારી ? :-**

બોલો, તમે અત્યારે વેપાર કરી રહ્યા છો ? કે જુગાર ખેલી રહ્યા છો ? તમારા દીકરા દીકરીને વેપારી બનાવી રહ્યા છો ? કે જુગારી ?

જુગારના ચંડસવાળાને તત્કાલમાં મહાસુખ દેખાય છે. પણ તમે સમજો છો કે એ એની નરી ભ્રમણા છે, એમ તમારા દીકરાને પૈસા અને વિષય-વિલાસમાં સુખી દેખો એ તમારી નરી ભ્રમણા ખરી કે નહિ ? ભ્રમણા એટલા માટે કે પછી એને ધર્મ વિહોણા વૈભવ-વિલાસોના પાપે દુર્ગતિઓની જેલોમાં પૂરાવું પડવાનું છે.

જે ચોરીનું સુખ જેલમાં ઘસડી જાય એને સુખ કહેવાય ? ચોરી શીખવનારે એને સુખી કર્યો કહેવાય ? એના પર ઉપકાર કર્યો કહેવાય ? ના, તો

**ચોરીના સુખની જેમ જે સંસાર-સુખોની પછી દુર્ગતિઓની કારમી જેલોમાં પૂરાવું પડે, એ સુખને સુખ ન કહેવાય.**

દીકરાને એવા સુખ દેખાડનાર તમે એના ઉપકારી ગણાઓ ?

સમ્રાટ વજ્રાયુધ અને સહસ્રાયુધે મબલખ સંપત્તિ સત્તા-સન્માન ને રાજશાહી વિલાસોના સુખોને કેમ લાત મારી સાધુપણું લીધું ?

કહો, એમણે આ સુખોની પછી કારમી દુર્ગતિઓની જેલોમાં પૂરાવાનું દેખ્યું, તેથી જેલ ભેગા કરનાર ચોરીના સુખની જેમ એ સુખ છોડ્યા, ને ચારિત્ર લીધું.

એમાં હવે સહસ્રાયુધ મહાત્મા ક્રમશઃ પિતા વજ્રાયુધ મહાત્માને ભેગા થઇ જાય છે, ને બંને મહાત્મા સંયમ-ધર્મની કઠોર સાધનાઓ કર્યે જાય છે. સમજ-પૂર્વક સંસાર અને મહાઅનુકૂળતાઓ છોડી છે એટલે સાધનામાં શું કામ બાકી રાખે ? અંતે બંને જણ અનશન કરીને પંડિત મરણ પામી ગ્રૈવેયક દેવલોકમાં નિર્વિકાર દેવતા તરીકે મહાસુખનો અવતાર પામે છે.

**વારંવાર વિચારણાથી દ્રઢ સંસ્કાર :-**

સોળમાં તીર્થંકર ભગવાન શ્રી શાંતિનાથ પ્રભુના આઠમા ભવનો અધિકાર અહીં પૂર્ણ થાય છે. એમાંથી ઘણો ઘણો બોધપાઠ મળે છે, માત્ર એને એકવાર નહિ પરંતુ વારંવાર વાંચી વિચારવા જેવો છે, જેથી એના સંસ્કાર દ્રઢ થાય, તો એ ઉત્તમ પુરુષોનાં આત્મ-પરાક્રમ આપણાં જીવનમાં જીવતા કરી શકાય.

જીવને અનાદિકાળથી સારી વસ્તુનો રસ નથી, સારી વસ્તુના સંસ્કાર નથી, તેથી સારી વસ્તુ આદરવાનું ક્યાંથી બને ? સારી વસ્તુ આદરવા માટે તો એનો રસ અને એના દ્રઢ સંસ્કાર ઊભા કરવા જોઇએ. એટલા જ માટે ઉત્તમ પુરુષોનાં ચરિત્ર એકવાર નહિ, પણ વારંવાર સંભળાય-વંચાય-વિચારાય એવું કરવાની જરૂર છે. તેથી એના દ્રઢ સંસ્કાર ઊભા થાય, એનો રસ વધે, ને તેથી સારી વસ્તુરૂપ આત્મ-પરાક્રમો આદરવાનું બની આવે. વીતરાગ પ્રભુની આજ્ઞા વિરુદ્ધ કહેવાયું હોય એનો મિચ્છામિ દુક્કડં :

*-: ૮ મો ભવ સમાપ્ત :-*

## 'શ્રી શાંતિનાથ ભવ ૧૦ મો મેઘરથ-દ્દઢરથ

**"ઉત્તમનાં ગુણ ગાવતાં, ગુણ આવે નિજ અંગ,**
**વાત ઘણી વૈરાગ્યની, સાંભળજો મન રંગ."**

**ગુણ ગાતાં ગુણ આવે :-**

કવિ શ્રી જીવવિજયજી મહારાજ પૃથ્વીચંદ્ર ગુણસાગરની સજ્ઝાયમાં પ્રારંભે આ શબ્દો ટાંકે છે, "ઉત્તમના ગુણ ગાવતાં ગુણ આવે નિજ અંગ" આ જ શબ્દો અહીં અનંત ઉપકારી ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન શ્રી શાન્તિનાથના પૂર્વભવો વિચારવામાં લાગુ પડે છે. કારણ ?

પ્રભુના એકેક ભવ એવા છે કે એમાં એ ઉત્તમ પુરુષના મહાન ગુણ ગાવા વિચારવાનો અવસર મળે છે કદાચ પૂછશો-

પ્ર.-ઉત્તમ પુરુષના ગુણ ગાવાથી આપણને શો લાભ ?

ઉ.-લાભ આ, કે 'ગુણ આવે નિજ અંગ.' આપણા અંગમાં અર્થાત્ આત્મામાં એ ગુણો આવવા માંડે છે, ત્યારે સવાલ થાય,

પ્ર.-આપણામાં ય ગુણ તો આપણે લાવવો હોય તો લાવી શકીએ, ન લાવવો હોય તો ગુણ ન આવે. એમ, માત્ર ઉત્તમ પુરુષના ગુણની માત્ર વિચારણા શું કામ કરે ?

**(૧) ઉત્તમના ગુણની વિચારણાથી ગુણની પ્રેરણા મળે -**

ઉ.-ઉત્તમ પુરુષના ગુણભર્યા ચરિત્રની વિચારણા કરતાં, પહેલું તો આપણને ગુણની પ્રેરણા મળે છે, ને પ્રેરણા મળે ત્યારે આપણે ગુણ લાવવા પ્રયત્ન કરીએ

છીએ. એમાં પણ એ ગુણભર્યા ઉત્તમ પુરુષને નજર સામે રાખીએ તેથી ગુણપ્રેરક બળ મળે છે, એથી ગુણ માટેનો પ્રયત્ન જોરદાર થાય છે.

**નજર સામેના પ્રેરક ગુણીનાં દ્રષ્ટાન્તો :-**

પ્રભવ ચોરને જાણો છો ને ? જંબૂકુમારના લગ્ન નિમિત્તે લાખોનું ઝવેરાત બહાર કઢાયું હોય તેથી એ ચોરવા માટે ૫૦૦ સાગ્રીત સાથે ચોરી કરવા આવેલો. પરંતુ રાતના નવોઢા પત્નીઓ સાથેની જંબૂકુમારની વાતચીતમાં જોયું કે આ જંબૂ તો બધું ત્યાગ કરનાર છે ! વળી પોતે જંબૂકુમારને પોતાની બે વિદ્યા આપવાની તૈયારી સાથે જંબૂ પાસેથી બે વિદ્યાની માગણી મૂકતાં જંબૂકુમારે જ્યારે કહ્યું-

'ભાઇ ! કાલ પ્રભાતે આવડી મોટી ૯૯ ક્રોડ સૌનૈયાની મહાસંપત્તિને પણ તણખલાની જેમ છોડી જવાનો છું, તો તારી બે તુચ્છ વિદ્યાની મારે શી જરૂર છે ?' એ વખતે નજર સામે જંબૂનો આ મહાન ત્યાગગુણ વિચારતાં પ્રભવને પણ ત્યાગની એવી જોરદાર પ્રેરણા મળી ને ત્યાગનો પ્રયત્ન પણ એવો કર્યો કે સવારે જંબૂકુમારની હારોહાર પોતાના ૫૦૦ સાગ્રીતો સાથે પ્રભવ ચારિત્ર લેવા નીકળ્યો ! 'ઉત્તમના ગુણ ગાવતાં, ગુણ આવે નિજ અંગ', આ મહાન સત્ય સૂત્ર છે.

થાવચ્ચા-કુમાર અને કાર્તિક શેઠ જેવા મહાત્યાગ કરી એકદમ જ ચારિત્ર લેવા તૈયાર થયા હતા ત્યારે નજર સામેના એ મહાન ત્યાગગુણ પર વિચાર કરી ૧૦૦૦ જણ ત્યાગની પ્રેરણા લઇને એમની સાથોસાથ સંસાર-ત્યાગ કરી દીક્ષા લેવા તૈયાર થઇ ગયેલા.

તીર્થંકર ભગવાનોના તથા મહાપુરુષોનાં ચરિત્ર વાંચી વાંચીને કે સાંભળી ગામડે ગામડે જનતાએ ગુણોની પ્રેરણા મેળવી છે, ને ગુણોના પ્રયત્ન પણ કર્યા છે, જીવન ઉત્તરોત્તર ગુણિયલ કરે છે. ઘરોમાં રિવાજ હતા કે રાતના તીર્થંકર ભગવાનના અથવા મહાપુરુષોનાં ચરિત્ર વંચાતા, નાના મોટા સૌ સાંભળતાં, અને એમાંથી ગુણોની, સુકૃતોની અને આત્મ પરાક્રમોની ભવ્ય પ્રેરણા મેળવતા, તેમજ એના આધારે જીવન ઘડતા.

**શ્રાદ્ધવિધિ-શાસ્ત્રમાંથી :-**

સાંભળ્યું કે ધર્મદત્ત રાજકુમાર જન્મીને એક મહિના પછી પ્રભુનું દર્શન મળતાં જાતિસ્મરણ જ્ઞાનથી એણે જોયું કે પૂર્વભવે માળીના અવતારે પ્રભુને એક

ભવ્ય કમળ ચડાવ્યું, ને એની ખૂબજ અનુમોદના કરી જીવન ધન્ય માન્યું, તો પછીથી સ્વર્ગે જઇ અહીં આવ્યો, તો એ જ્ઞાન પર અભિગ્રહ કર્યો કે "પ્રભુ દર્શન કર્યા વિના મોંમા પાણીનું ટીંપુ પણ નહિ નાખવું." હમણાંના જન્મેલા રાજકુમારનો આ અભિગ્રહ સાંભળી અને એના પર બીજે દિવસે બપોર સુધી પ્રભુનું દર્શન ન મળતાં એણે માતાનું દૂધ લેવાનું બંધ કર્યું એ સાંભળી પ્રેરણા મળે છે કે 'હું પણ પ્રભુનાં દર્શન વિના મોંમાં પાણીનું ટીંપુ ન નાખું.' એ પ્રેરણા પર નાના છોકરા પણ એ પ્રમાણે ટેક રાખતા.

ભગવાનના અને ઉત્તમ પુરુષોનાં ચરિત્રોમાં એમના ગુણ ગાવા-સાંભળવાનો આ પ્રભાવ કે એથી ગુણોની પ્રેરણા મળે પ્રોત્સાહન મળે, અને એના માટે પ્રયત્ન થાય.

આપણાં અહોભાગ્ય છે કે આપણને એવો જૈનધર્મ મળ્યો છે કે જેમાં જે અદ્‌ભુત ચરિત્રો મળ્યાં છે એવા દુનિયાના બીજા ધર્મોમાં નથી.

**શાલિભદ્રના ચરિત્રમાં :-**

વિચારો, શાલિભદ્ર અને સ્થૂલભદ્રનું જે ચરિત્ર મળે છે એવું ક્યા ધર્મમાં મળે ? શાલિભદ્રને રોજની નવાણું નવી દેવતાઇ પેટીઓના માલ ભોગવવા મળે અને રોજે રોજ ગઇકાલની દેવતાઇ પેટીઓના ઝવેરાતના માલ હાર, કંઠીઓ, વીંટીઓ વગેરે આજે એંઠવાડિયા કૂવામાં પધરાવાય એ શાલિભદ્ર. 'શ્રેણિક રાજા માથે માલિક છે.' એવું માતાના મુખેથી સાંભળવાનું મલવા પર 'રાજા માલિક શાનો ? માલિક તો મારે એક શ્રી મહાવીર ભગવાન' એમ વિચારી ઊભો થઇ જાય ! ને ચારિત્રમાર્ગે નીકળી પડે ! નીકળીને છઠ્ઠ-અઠ્ઠમ, અઠ્ઠાઇ-પાખમણ અને માસખમણની ઉગ્ર તપસ્યામાં લાગી જાય ! એથી કાયા એવી ઓગાળી નાખે કે પાછા દેશમાં આવતાં પોતાના સાંસારિક ઘરે ગોચરી જાય ત્યારે ઘરે ઓળખાય નહિ કે આ અમારા મહારાજ ! આવું ચારિત્ર બીજા ક્યા ધર્મમાં મળી રહે છે ? દુનિયાના કયા ઇતિહાસમાં આ ઇતિહાસ જોવા મળે ? જૈન ધર્મની જ બલિહારી છે કે એમાં આવા ઉત્તમ પુરુષોનાં ચરિત્ર મળે છે ! એ આપણને મળ્યા પર વારંવાર એ મળ્યાનું અહોભાગ્ય માનવું જોઇએ, ને એ પરાક્રમી પૂર્વજોના પગલે ચાલવું જોઇએ.

**સ્થૂલભદ્રના ચરિત્રમાં :-**

સ્થૂલભદ્ર સામે રાજા તરફથી મંત્રિ-મુદ્રિકા સ્વીકારી મંત્રી દિવાન બનવાની

માગણી મૂકાય, ને સ્થૂલભદ્ર એના પર વિચાર કરવા બેસે છે,-

"જો મંત્રી બનું તો રાજ્યની ખટપટ સંભાળવામાં જગતમાં અનુપમ રૂપ-લાવણ્યવાળી કોશા વેશ્યાના ચોવીસે કલાકના સુખ જાય. સુખ બાર વરસથી જે ચોવીસે કલાક ભોગવી રહ્યો છું, એ હવે ચોવીસે કલાક ભોગવવાના ન મળે. માટે મંત્રિપદથી સર્યું પરંતુ હું આટલું જ કેમ વિચારી રહ્યો છું ? એમ તો જે આ ઉચ્ચ ભવથી જ મોક્ષના અનંતા સુખને સિદ્ધ કરી આપનાર ચારિત્રની સાધના મળી શકે છે, એ સાધનાને પણ સંસારના સુખ લેવામાં ગુમાવી રહ્યો છું. ચારિત્રની સાધના બીજા કયા ભવમાં મળવાની હતી ?

**કોશાના સંસાર-સુખ મંત્રીપણું લેવામાં ગુમાવવા પડે, તો ચારિત્રની સાધના પણ કોશાના અને સંસારના સંગમાં બેસી રહેવાથી ગુમાવવા જ પડે.**

"માટે મારે હવે તો મંત્રીપણું ય ન જોઇએ કોશા ય ન જોઇએ અને સંસારવાસ પણ ન જોઇએ. મારે તો હવે ચારિત્ર જ ખપે,"-એમ વિચારીને ત્યાંને ત્યાં જ કેશનો લોચ કરી સાધુપણું લઇ લીધું !

જૈન ધર્મના સ્થૂલભદ્રના ચરિત્રમાં આ મળે છે, એવું દુનિયાના બીજા કયા ધર્મમાં મળે ? એમાં વળી સાધુ થયા પછી ચોમાસુ એજ કોશાની શ્રુંગારી ચિત્રામણશાળામાં કરે ! અને જરાય બ્રહ્મચર્યથી ચલિત સ્ખલિત ન થાય ! ઊલટું વેશ્યાને શ્રાવિકા બનાવે, એવું અન્ય ધર્મના કયા ચરિત્રમાં મળે ? ત્યારે

**ભરત ચક્રવર્તીના ચરિત્રમાં :-**

ભરત મહારાજા પૂર્વભવે ચક્રવર્તીના દીકરા હતા. ત્યાં એ રાજાશાહી સુખો ત્યજી સાધુ બને અને ૫૦૦ મુનિઓની એકલે હાથે ગોચરીની ભક્તિ કરે, વળી એમાં ગોચરીમાં લાવેલ કોઇવાર કોઇને નાપસંદ હોય, પ્રતિકૂળ હોય, અને એ અરુચિ બતાવે છતાં આમણે જરાય કષાય ન થવા દેતાં ઉપશમભાવ કેવો સાચવ્યો હશે કે ત્યાંથી પછીના ભવે ઠેઠ ઊંચે અનુત્તર વિમાનમાં દેવ અવતાર પામ્યા ! એ દેવ એટલે ઉપશમના મહાસાગર વીતરાગ જેવા નિર્વિકાર દેવ ! તો એની પૃષ્ઠભૂમિમાં ઉપશમ કેવોક સાધ્યો હોય ?

ત્યાંથી પછી ભરત ચક્રવર્તી થયા તો છ ખંડના આખા ભરતક્ષેત્રની ઠકુરાઇ ! ચૌદ રત્ન, નવનિધાનની સમૃદ્ધિ ! ૧ લાખ ૯૨ હજાર રાણીઓ ! ૯૬ ક્રોડનું પાયદળ ! ૮૪-૮૪ લાખ હયદળ-ગજદળ-રથદળનો પરિવાર ! આવી મબલખ

સંપત્તિમાં વિષય-વિલાસની સામગ્રી સરંજામ કેટલા ઊંચા હોય ? છતાં એમાં ભરત મહારાજા કેવા પરલોક-ભય અને ભર્યા ભર્યા વૈરાગ્યથી રહેતા હશે કે અરિસા-ભવનમાં એક વીંટી પડી જતાં સર્વ અલંકાર પોષાક ઉતારી કાયાને શોભા વિનાની જોતાં વૈરાગ્ય ભાવનામાં ચડી ત્યાં ને ત્યાં જ વીતરાગ બની કેવળજ્ઞાન પામે ! અબજોના અબજો વરસ વૈરાગ્ય રોજ ને રોજ કેવોક જમાવ્યા ગયા હશે કે અરિસા-ભવનમાં વીતરાગ સર્વજ્ઞ બની જાય !

આ બધું કયા ધર્મના ચરિત્રોમાં મળે ? ત્યારે જૈન ધર્મે આપણને આવા કેટલા અદ્‌ભુત અને અનન્યલભ્ય ચરિત્રોની બક્ષીસ કરી છે !

**બાહુબલજીના ચરિત્રમાં :-**

બાહુબલજી અથાગ બળવાળા, તે એમની સામે ભરત ચક્રવર્તી પણ ઠરાવેલ યુદ્ધોમાં મહાત થઇ જાય ! અને પછી એ ભરતચક્રી અન્યાયનું યુદ્ધ કરે, બાહુબલ પર ચક્ર છોડે, એ એક ગોત્રમાં ચાલે નહિ તેથી એમજ પાછું આવી એ વખતે બાહુબલજી ગુસ્સે થઇને આવા અન્યાયના યુદ્ધની ભરતને શિકસ્ત આપવા મુઠ્ઠિ ઉપાડી ભરતના માથામાં ઠોકવા દોડે, પરંતુ અધરસ્તે ઊભા રહી જાય ! અને વિચારમાં ચડે કે-

'અરે ! આ હું શું કરવા જઇ રહ્યા છું ? જે પિતા શ્રી ઋષભદેવ ભગવાને અનંતા જીવોને અભયદાન દીધું, અને જગતને એ જ શીખવ્યું, એ પ્રભુનો હું નાનો પુત્ર મોટાભાઇને મારી નાખનારો બનું ? કુળ પર કેવું કલંક લાગે ? ઇતિહાસમાં કાળા અક્ષરે લખાય ! તે ય શેની ખાતર ? એક જમીનના ટૂકડા ખાતર ? સંસાર જ એવો છે કે આવા ભયંકર અજુગતાં કરાવે ! ધિક્કર પડો સંસારવાસને ?'

બસ, આ વિચારણા પર ત્યાંજ, ભરતને મારવા ઉપાડેલી મુઠ્ઠીથી પોતાના કેશનો લોચ કરી નાખ્યો ! અને ચારિત્ર સ્વીકારી ત્યાંજ ધ્યાનમાં ઊભા રહી ગયા ! તે પણ કેટલા વખતે માટે ? જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી કાયોત્સર્ગ ધ્યાન ! ૧૨ મહિના લાગ્યા ! એમાં ન ખાન ન પાન, ન ઊંઘ ન આરામ ! એક વરસના ચોવિહારા ઉપવાસ થયા !

આવા પ્રખર વિરાગી બાહુબલજીનાં આત્મ-પરાક્રમનો જોટો કયા ધર્મના ઇતિહાસમાં મળે ?

જૈન ધર્મ તરફથી આવા ઉત્તમ પુરુષની બક્ષીસ આપણને મળી છે એનું

મૂલ્યાંકન કરશો ?

એવા અનન્ય પૂર્વજોના પંથે પગલાં માંડશો ?

આવા અદ્‌ભુત ગુણ સંપન્ન પુરુષોના ગુણ ગાતાં શું ગુણની પ્રેરણા ન મળે ? અને શું ગુણ માટેનો પ્રયત્ન ન થાય ?

અને પ્રયત્ન થાય તો ગુણ પ્રાપ્ત થાય જ ને ? માટે સાચું જ કહ્યું કે 'ઉત્તમના ગુણ ગાવતાં, ગુણ આવે નિજ અંગ.' ગુણ ગાતાં ગુણની પ્રેરણા-પ્રયત્ન મળે એ ગુણપ્રાપ્તિમાં એક કારણ. હવે

**(૨) ગુણ ગાતાં ગુણ-પ્રાપ્તિમાં બીજું કારણ :-**

આમાં બીજું પણ એક કારણ છે. તે એ કે ઉત્તમ પુરુષોનાં ગુણની પ્રશંસા-અનુમોદના કરતાં આપણા દિલમાં એ ગુણોનું બીજાધાન થાય છે. કહ્યું છે-

**'बीजं सत्प्रशंसादि'**

**કોઇપણ દાનાદિધર્મ, ક્ષમાદિગુણ કે જિનભક્તિ આદિ સુકૃતની સમ્યક્ પ્રશંસા-આકર્ષણ-અહોભાવ આદિ એ એનું બીજ છે.**

**આપણાં પ્રભાવક સુકૃતથી ઇતરોને બોધિબીજ :-**

બીજ પર અંકુર, નાળ, પત્ર, પુષ્પાદિ થઇને ફળ નીપજે છે, પાક નીપજે છે. એ હિસાબે 'અહો કેવો સરસ જૈન ધર્મ !' એવી પ્રશંસા-અનુમોદના-અહોભાવ થયો તો એ જૈનધર્મના બીજનું વાવેતર થયું. હવે એના પર આગળ ઉપર ક્રમશઃ ફળમાં જૈન ધર્મની પ્રાપ્તિ થવાની માટે તો પ્રભુ-પ્રતિષ્ઠા, યાત્રાસંઘ, રથયાત્રા, જિનેન્દ્રભક્તિ-મહોત્સવ, ઔચિત્યદાન, પરોપકાર...વગેરે પ્રભાવક સુકૃતો કરવાનાં વિધાન છે. કેમકે એ વિધિપૂર્વક ઉદારતાથી કરતાં ઇતરોના દિલમાં જૈનધર્મ માટે માન ઉપજે છે, જૈન ધર્મ પ્રત્યે અહોભાવ જાગે છે, ને એનામાં એ બોધિનું બીજ પડ્યું. એથી કદાચ આ ભવમાં નહિ, તો ભવાંતરે એ બોધિ યાને જૈનધર્મ પામવાનો.

પૂર્વના કાળે શ્રાવક શ્રેષ્ઠિપુત્રો પરદેશથી ધન કમાઇ લાવી વિપુલ દાન દેતા ! અને એથી લોકમાં જૈનધર્મની વાહવાહ થતી, લોકનાં દિલમાં 'અહો જૈન ધર્મ કેવો રુડો કે એ આવાં લાખોના દાન શીખવે છે !'

**ચંદ્રકુમારનું દ્રષ્ટાન્ત :-**

એટલે તો શાસ્ત્રમાં ચંદ્રકુમાર શ્રેષ્ઠિપુત્રનો પ્રસંગ આવે છે કે એ રસ્તેથી

જતાં આડું જોઇને ચાલતો હશે એમાં એક વેશ્યા જોડે અથડાઇ ગયો. ત્યાં વેશ્યા તાડુકી, વેશ્યાએ ટોણો માર્યો કે 'શાનો બાપ કમાઇ ઉપર આટલાં અભિમાન કરે છે કે રસ્તામાં જેને તેને ધક્કો મારતો ચાલે ? કંઇ તેં આપકમાઇ કરી લાવી મોટું દાન ઉછાળ્યું છે, તે ફુલાઇને ફરે છે ?'

વેશ્યાનાં આ ટોણાં પર ચંદ્રકુમારને ચાનક લાગી તે ઘરે જઇને હઠ પકડી કે 'મારે પરદેશ કમાવા જવું છે.'

બાપ કહે 'અહીં આપણો વેપાર ચાલુ છે એમાં વેપાર કરી કમાઇ કર, પરદેશ જવામાં જોખમ ઘણાં. એવા જોખમમાં ઊતરવા કરતાં અહીં જ વેપાર કર.

બાકી તો પ્રભુની મહેરબાનીએ પૈસા બહુ છે તારે શી બહુ ખટપટ કરવાની શી જરૂર છે ?

ચંદ્ર કહે 'મારે મોટા દાન દેવાં છે.'

બાપ કહે 'ઓહો ! તે દાન પણ મન માન્યાં દે ને ? આપણે ત્યાં શી ખોટ છે, ને એમાં ક્યાં મારી ના છે ?'

ચંદ્રકુમાર કહે છે 'એ તો આપની કમાઇમાંથી દાન ને ? મારે તો આપ-કમાઇ કરી એમાંથી એવા મોટાં દાન દેવાં છે કે દુનિયાં જોઇ રહે.'

પછી એના બહુ આગ્રહથી બાપ એને માલ-સામાનની સગવડ કરી આપે છે, ને એ લઇ એ પરદેશ ઊપડે છે.

શું આ ? પૂર્વે એવા રિવાજ કે આપકમાઇ કરી સારાં દાન દેતા, મંદિર-નિર્માણ, ધર્મશાળા-પોષધશાળા નિર્માણ, ગુપ્ત સાધર્મિક ઉદ્ધાર...વગેરે વગેરે એવાં સુકૃત કરતા કે એનાથી જૈનધર્મ દીપતો રહેતો.

સાધર્મિક ઉદ્ધારમાં ઘરે દુઝાણાં, તે વલોણાની છાશ ગરીબો લઇ જતા, એમાં એવા સાધર્મિક ગરીબ દેખાય તો દોણીમાં છાશ ભેગી ખાનગી સોનામહોર નાખી દેતા ! એમ લાડુ વહેંચે એમાં ય લાડુમાં ખાનગી સોનામહોર નાખી દેતા ! એમ નિશાળિયાને પ્રભાવના વહેંચે એમાં ખાનગી નાણું નાખી દેતા ! દેવું છે ? તો દેવાના રસ્તા ઘણા.

મંત્રી વસ્તુપાલને આંગણે રોજ ૫૦૦ સાધુ-સાધ્વીની ભક્તિ થતી ને ૧૫૦૦ બાવા જોગી-ભિખારીને દાન દેવાતું ! બોલો, એનાથી લોકમાં જૈનધર્મ પ્રત્યે કેવો અહોભાવ થતો હશે ? એ અહોભાવથી લોક બોધિનું અર્થાત્ જૈનધર્મ-

પ્રાપ્તિનું બીજ પામ્યા ગણાય. એ બીજમાંથી આગળ પર એ જૈનધર્મ પામવાના.

**મહાવીર પ્રભુનો ક્ષમાગુણ કેમ આવે ? :-**

ઉત્તમ પુરુષનાં ગુણ ગાતાં આ બને છે. ગુણ પ્રત્યે અહોભાવ થાય એટલે ગુણનું બીજાધાન-બીજ-સ્થાપન થાય છે. પછી એના પર કાળે કરીને ગુણ-અભિલાષ ગુણ અંગે શાસ્ત્રશ્રવણ આદિ અંકુર નાળ વગેરેથી પાકરૂપે એ ગુણની હૈયામાં સ્પર્શના થાય છે. દા.ત. શ્રી મહાવીર પ્રભુની ક્ષમાના ગુણ ગાતાં આપણામાં એ ક્ષમાગુણ પ્રત્યે અહોભાવ જાગે છે, અને એ ક્ષમાનું બીજાધાન થયું. પછી કાળે કરીને ક્ષમાની અભિલાષા, ક્ષમા પર શાસ્ત્રશ્રવણ, પ્રસંગે પ્રસંગે ક્ષમાનો અભ્યાસ, વગેરે કરતાં કરતાં હૈયામાં ક્ષમાગુણની સ્પર્શના થાય. એવા બીજા નમ્રતાદિ ગુણો ને દાન-દયા-શીલ-તપ વગેરે ધર્મો, એના પ્રત્યે અહોભાવ થવાથી એનાં બીજાધાન વગેરે થઇને એ પ્રાપ્ત થઇ શકે.

તીર્થંકર ભગવાન અને અન્ય મહાપુરુષોનાં ચરિત્ર સાંભળતાં આ ગુણબીજ પમાય છે, એટલે જ શ્રાવકોને ત્યાં રિવાજ કે ઘરના વડેરા રાત પડે એટલે કુટુંબને બેસાડી ચરિત્રો વાંચી સંભળાવે.

ભગવાન શ્રી શાંતિનાથ પ્રભુનું ચરિત્ર ખૂબ જ રોચક છે, ને એમાંથી ઘણો ઘણો બોધ મળે છે, માટે એ વિચારી રહ્યા છીએ. આપણને કેટકેટલાય ગુણ-બીજોની પ્રાપ્તિ થાય છે.

**'શાંતિનાથના ૮ મા ભવનું પુનઃસ્મરણઃ'**

શ્રી શાંતિનાથ પ્રભુના ૮ મા ભવનો વજ્રાયુધ ચક્રવર્તી તરીકેનો અવતાર જોયો. ચક્રવર્તી અવતારે એ વિશાળ રાજપાટ વગેરે સઘળું છોડી ચારિત્રમાર્ગે નીકળ્યા, અને એ મહાવિદેહ ક્ષેત્ર હતું એટલે ત્યાં આયુષ્ય ઉત્કૃષ્ટથી એક ક્રોડ પૂર્વ વર્ષ સુધીના ! એમાં એક લાખ પૂર્વ ચારિત્ર-સાધનામાં એટલે એક લાખ પૂર્વ વર્ષ સુધી ચારિત્ર પાળ્યું !

એક 'પૂર્વવર્ષ' એટલે કેટલા, એ જાણો છો ને ?

૮૪ લાખ વર્ષનો એક 'પૂર્વાંગ' થાય. ૮૪ લાખ પૂર્વાંગનો એક 'પૂર્વ' થાય.

એટલે એક પૂર્વમાં વર્ષ કેટલા ? ૮૪ લાખ ગુણ્યા ૮૪ લાખ, એમાં કેટલા વર્ષ આવે ?

**૭૦૫૬૦ અબજ વર્ષ એક પૂર્વમાં !**

આ તો એક પૂર્વના વર્ષ ! પણ પછી એક લાખ પૂર્વના વર્ષ કેટલા થાય ? ચક્રવર્તી-શરીરે આટલા બધા વરસ ચારિત્રની સાધના ! કલ્પનામાં આવે છે કાંઇ ? અહીં ૨૫-૫૦ વરસ ચારિત્ર પાળવું હોય તો વિચાર થઇ પડે છે કે 'આટલા બધા વર્ષ ચારિત્ર કેમ પળાય ?' તો પૂછો-

**બહુ લાંબા વરસ ચારિત્ર પાળવાનો કંટાળો કેમ નહિ ?**

પ્ર.-એવા જંગી સંખ્યાના વરસો સુધી ચારિત્ર પાળવાનો એમને કેમ ભય, સંકોચ કે કંટાળો નહિ આવ્યો હોય ?

ઉ.-એટલા માટે ભય-સંકોચ નહિ કે પાપભર્યા જીવનનો એમને ભય રહેતો કે "આ જંગી રકમના વરસો સુધી મારે પાપ જ પાપ, વિચારમાં પાપ ! વાણીમાં પાપ ! વર્તાવ પાપના ! અર્થાત્ પાપ વિચારો, પાપશબ્દો ને પાપપ્રવૃત્તિ કરી કરીને પરલોકમાં મારું શું થશે ? કેટકેટલા દુર્ગતિના ભવોમાં એ પાપોની જંગી હારમાળાની સજાઓ ભોગવતાં રહેવાનું ?' આ ભયના લીધે એમને નિષ્પાપ સાધુજીવન જંગી રકમનાં વરસોનાં વરસો સુધી પાળવા મળે એનો ભય શાને થાય ? કંટાળો શાનો આવે ? કહો-

**બહુ વરસોના જંગી વિચાર-વાણી-વર્તાવનાં પાપોથી અગણિત ભવો સર્જાય એનો ભય લાગે એને બહુ વરસ ચારિત્ર પાળવાનો કંટાળો ન આવે.**

શું ખબર નથી કે મરીચિએ ઉત્સૂત્ર ભાષણ કર્યું તો જૈનધર્મથી એવા ડીસમીસ થયા, કેવા ? પછી અલબત મરીચિ-અવતારના શ્રાવકના અણુવ્રત અને ત્યાગ તપના પ્રભાવે એકવાર તો ચોથા ભવે દેવલોક દેખી આવ્યા. પરંતુ પછી પાંચમા ભવે બ્રાહ્મણ અવતારે જૈનધર્મથી વંચિત છે, તેથી એવા વિષયાસક્ત બ્રાહ્મણ થયા કે એના પ્રતાપે મરીને છઠ્ઠો ભવ આવતાં પહેલાં એમને એકેન્દ્રિયાદિના દુઃખદ અગણિત ક્ષુદ્ર ભવો થયા !

**વિષયાસક્તિનું કેવું દુઃખદ પરિણામ કે અગણિત દુઃખદ ભવો !**

**પાપો અને વિષયાસક્તિની સજામાં એકેન્દ્રિયાદિના અગણિત દુઃખદ ભવોની જેલ જોઇ સંસારના પાપ વિષયો પર કંટાળો-વૈરાગ્ય ન આવે ?**

એ વૈરાગ્ય જો આવે તો વિષયત્યાગ પાપત્યાગનાં ચારિત્ર જીવન વરસોના વરસો પાળવા મળે એમાં શું કંટાળો આવે ? કે કેમ આનંદ ન આવે ? આનંદ-આનંદ જ આવે. પરંતુ આ તો પાપો અને વિષયોની આસક્તિ હોંશે હોંશે કરવાની

કુટેવ છે, પાપો અને વિષયોનો ભારે રસ છે, તેથી એના પર વૈરાગ્ય નહિ પણ નિષ્પાપ ચારિત્ર પર વૈરાગ્ય થાય છે ! વાહ રે વાહ ! કેટલું ઊંધું વેતરણ ?

## શ્રી શાન્તિનાથ ભવ-૧૦ મો મેઘરથ-દઢરથ

વજ્રાયુધ ચક્રવર્તીએ એક લાખ પૂર્વ વર્ષ સુધી ચારિત્ર આનંદથી પાળ્યું અને ૯ મા ભવે બહુ ઊંચે ગ્રૈવેયક દેવલોક ગયા, જ્યાં સદા નિર્વિકાર વીતરાગ જેવી સ્થિતિ ! અહીંના બહુ વરસના નિર્વિકાર ચારિત્ર પાલનનું એ ફળ છે.

હવે ૧૦ મા ભવે મેઘરથ અને દ્રઢરથ બને છે. એમાં વજ્રાયુધ પોતે જે શ્રી શાંતિનાથ પ્રભુનો જીવ છે એ રાજા મેઘરથ બને છે, અને સહસ્રાયુધ પુત્ર, જે આગળ છેલ્લે શ્રી શાંતિનાથ પ્રભુના પુત્ર અને ગણધર બનવાના છે તે સહસ્રાયુધ હવે દ્રઢરથ બને છે એ મેઘરથ-દ્રઢરથનો ભવ જોવાનો છે.

**શ્રી શાંતિનાથ પ્રભુ ૧૦માં ભવે મેઘરથ :-**

આ જંબુદ્વીપમાં પૂર્વ મહાવિદેહ ક્ષેત્રમાં પુષ્કલાવતી વિજય અને પુંડરીકિણી નગરી છે. જ્યાં અત્યારે શ્રી સીમંધર ભગવાન વિચરી રહ્યા છે, ત્યાં પૂર્વે હેમાંગદ રાજા અને વજ્રમાલિની રાણીના પુત્ર ઘનરથ તીર્થંકર ભગવાન થઇ ગયા. એ ઘનરથ, પિતાએ ચારિત્ર લીધા પછી, જ્યારે રાજા હતા ત્યારે એમને ત્યાં આ વજ્રાયુધ સહસ્રાયુધ દેવપણેથી અવતાર પામે છે. એ કેવી રીતે ?

**વજ્રાયુધ-સહસ્રાયુધનો રાજા ઘનરથને ત્યાં અવતાર**

**મોટી રાણીને મેઘનું સ્વપ્ન :-**

રાજા ઘનરથને બે રાણીઓ છે, પ્રિયમતી અને મનોરમાં. પ્રિયમતીને એકવાર સ્વપ્ન આવે છે, એમાં 'એક મેઘ આકાશમાંથી ઉતરી એના મુખમાં પ્રવેશ કરી કુક્ષીમાં સ્થિર થાય છે,' એવું સ્વપ્નમાં દેખે છે. મેઘ કેવો છે ? ગાજતો, વરસતો અને એમાં વચ્ચે વચ્ચે વિજળીના ચમકારા કરતો મેઘ છે. આવો મેઘ મુખમાં પ્રવેશી ઉદરમાં સ્થિર થતો જોઇ રાણી જાગીને આનંદ અનુભવે છે. ઊઠીને પતિ રાજા ઘનરથના શયનખંડમાં જાય છે અને મંગળ શબ્દોથી રાજાને જગાડે છે. જગાડીને પોતાનું સ્વપ્ન કહી એનું ફળ પૂછે છે.

અહીં જોવા જેવું છે કે રાણીના શયનખંડ કરતાં રાજાનો શયનખંડ જુદો

છે. રાજાને આ રાણી કેવી મળી હશે ? કાળી કૂબડી નહિ, પણ ગોરી ગુલાબી અપ્સરા જેવી ! શું એના ભોગવિલાસ રાત્રિભર એક જ ખંડમાં એક જ શય્યામાં રહીને લેવાનું મન ન થાય ? ના, સમજે છે કે એમાં તો શરીર આખું ધોવાઇ જાય.

**શરીરનો રાજા વીર્ય, તે જેટલા કામરાગમાં રાચો એટલું પ્રમાણમાં પાતળું પડી ખળમાં વહી જાય.**

રાગથી એક પરસ્ત્રીદર્શન કરો એમાં લોહી ગરમ થઇ પાસેની વીર્યનાડીના વીર્યને પાતળું પાડી ખળમાં વહેવડાવી દે. તો પછી એથી આગળ વધીને રાગથી સ્ત્રીસ્પર્શમાં કેટલો ઉત્કટ રાગ ને કેટલું વીર્ય ખત્મ કરે ? ને તે પણ રાત્રિભર માટે ! એટલે કેટલો બધો વીર્યસંહાર કરે ? આમ શરીરનો રાજા ક્ષીણ થઇ જાય એના ભયંકર પરિણામ !

પૂર્વ પુરુષો આ વીર્યની ભયંકર હોનારત સમજતા એટલે એમાં નિમિત્તભૂત એવા રાત્રિભરનાં સહશયનથી દૂર રહેતા. તેથી વૃદ્ધ ઉંમર સુધી એમના આંખ-કાન વગેરે તથા શરીર-શક્તિ, સ્મરણ-શક્તિ, આરોગ્ય અને દીર્ઘઆયુષ્ય સલામત રહેતા. એટલે જ આ ઘનરથ રાજાનો પણ શયનખંડ જુદો રહેતો.

ત્યાં રાણી પોતાના શયનખંડમાંથી આવી રાજાને મેઘના સ્વપ્નનો ફળાદેશ પૂછે છે.

રાજા કહે છે-''દેવી ! તમે સુંદર સ્વપ્ન જોયું. એના ઉત્તમ ફળની શી વાત કરવી ? જેમ મેઘ આવીને પૃથ્વીના તાપ-સંતાપ હરે છે. એમ તમને એવો પુત્ર જનમશે કે જે જગતના જીવોના તાપ સંતાપને હરનારો બનશે.''

રાજાના મુખેથી બોલાયેલી ભવિષ્યવાણી રાણી મસ્તકે હાથ જોડી તથાસ્તુ કહી વધાવી લે છે, ને એવો અદ્‌ભુત સુપુત્ર ઉદરમાં આવ્યાનો અપરંપાર આનંદ અનુભવે છે !

આનંદ કેવા પુત્રનો છે ? મોટા સમ્રાટ રાજા બનનાર પુત્રનો આનંદ નહિ, કિન્તુ લોકના દુઃખો હરી એમને સુખશાન્તિ આપનારો પુત્ર મળવાનો આનંદ છે. તમને એમ થશે-

પ્ર.-પોતાને ત્યાં રાજ્ય છે એટલે પુત્ર રાજા થાય એ સ્વાભાવિક છે, એટલે એવી સ્વાભાવિક વસ્તુમાં ખાસ આનંદ શાનો હોય ? એટલે આનંદ પુત્ર જનતાના *દુઃખ સંતાપ હરનારો બને એનો જ હોય ને ?*

ઉ.-ના, એમ તો આજે મોટા શેઠિયાઓને ત્યાં પુત્ર થાય એ સ્વાભાવિક છે કે શેઠિયો બનવાનો છતાં કેમ માબાપને વારસો ખાનાર પુત્ર મળ્યાનો ખાસ આનંદ થાય છે ? કેમ એ પુત્ર પરોપકારી બને, ધર્માત્મા બને, સાધુ બને, એનો આનંદ નથી થતો ? અંતરમાં.

**'ધર્મ અને પરોપકાર એ મહાન છે, ધન મહાન નહિ.'**

એવું બેઠું ન હોય, ને 'ધર્મ અને પરોપકાર કરતાં ધન મહાન છે.' એજ બેઠું હોય ત્યાં સુધી પુત્ર ધર્મી અને પરોપકારી મળે એનો આનંદ શાનો થાય ? તમે જ બોલોને કે

ધર્મ-પરોપકારહીન ધનવાન સ્વાર્થી પુત્ર સારો ? કે ધનહીન પણ ધર્માત્મા અને પરોપકારી પુત્ર સારો ?

કહેશો-'અમે પુત્ર ધનવાન પણ હોય અને ધર્માત્મા ને પરોપકારી પણ હોય એ સારું' એવું માનીએ છીએ.

તો પછી સવાલ એ છે કે તમારા જીવનમાં ધર્મ અને પરોપકારને સ્થાન કેટલું છે ? કદાચ તમારાથી ધન ન છૂટતું હોય પણ તમારા ઘરવાળા કે પુત્ર ધર્મમાં ને પરોપકારમાં ખર્ચી આવે તો એ તમને કેટલું ગમે ? કે મોં બગાડીને ફરીથી એવો ખર્ચ ન કરીશ એવી તાકીદ આપી દો ખરા ?

**ધન જતું કરી ધર્મ ગમે છે ? કે ધર્મ જતો કરી ધન ગમે છે ? એના પરથી માપ નીકળે કે ધન ગમે છે ? કે ધર્મ ?**

અસલમાં આજના મોટા ભાગના શેઠિયાઓને પુત્ર ધર્માત્મા અને પરોપકારી બને એવું જોઇતું જ નથી. ધર્મી શેઠિયાઓને પુત્ર ધર્મી બને એ જોઇએ છે, પરંતુ પુત્રમાં ધર્મ લિમિટેડ મર્યાદિત અને ધન અન્‌લિમિટેડ અમર્યાદિત જોઇએ છે કેમકે એમને પોતાના માટે ધર્મ માપસર અને ધન માપ વિનાનું ગમે છે નહિતર એમના ઘરમંદિરને આંટ મારે એવી શોભાવાળા દિવાનખાના ને શયનખંડ ન હોત. ઘરમંદિર ન હોય તો ય એમના પૂજાના દ્રવ્યોને આંટ મારે એવી કિંમતનાં મોજશોખનાં અને શોભા-ઠઠારાની ચીજ-વસ્તુ એ ન વાપરતા હોત.

**ધર્મ-ખર્ચ લિમિટમાં ? ને ભોગ-ખર્ચ લિમિટ બહાર ? એ ધર્મપ્રેમ કેવો ?**

કહે છે શ્રીમંતોને ત્યાં દિવાળીમાં હજાર રૂપિયાનું દારુખાનું લવાય છે. પતંગની સિઝનમાં પાંચસો રુ. ના પતંગ દોરી ! વેકેશનમાં બે-પાંચ હજારના

ખર્ચે ટૂર ! પહેરવેશ માટે ભારે કિંમતી નવનવી ડિઝાઇનના કપડાના સ્ટોક ! આની સામે ધર્મસામગ્રી કેવી ને કેટલી ? રોજિંદો પ્રભુ-ભક્તિ, સાધુ-સેવા, સાધર્મિક ભક્તિ, અતિથિ-સત્કાર, દીન-દયા, સંતાનને ધર્મશિક્ષણ વગેરેનો ખર્ચ કેટલો ?

**ધર્મ વધુ ગમે છે કે રંગરાગ ? એનું માપ ધનના વળાંક પર નીકળે છે કે ધન ક્યાં વળે છે ? ધર્મ તરફ કે ભોગોપભોગ તરફ ?**

છતાં હજી ધર્મ ગમતો હોય, પરંતુ પરોપકાર ગમવો કઠિન છે. નાક ઊંચું રાખવા ખાતર પરોપકાર થાય એની કિંમત નથી. પરંતુ શુદ્ધ પરહિત કરવાની બુદ્ધિથી પરોપકાર કેટલો ગમે છે ? આજના શેઠિયાઓને જો આ ગમતું હોત તો સાધર્મિક સીદાતાની બૂમ પડે ? આજે મુંબઇમાં એટલા બધા શ્રીમંતો છે કે જે મુંબઇના કુલહોલ સીદાતા સાધર્મિકોનો ઉદ્ધાર કરી શકે, સીદાતા સાધર્મિકોને સસ્તું ભોજનાલય ને સસ્તું અનાજ પાણી પુરું પાડી શકે, પરંતુ નામનાનો ડંકો ન વાગે એવાં શુદ્ધ પરહિત અને સાધર્મિક-વાત્સલ્ય કરવાની તમન્ના ક્યાં છે ? અરે ! પોતાની જ દુકાન-પેઢીમાં હજારો-લાખોની રકમના નફા કેવા જંગી ! છતાં માણસોનાં પગાર કેવા કંગાળ ! કેવા કસી કસીને આપવાના ! એમાં શ્રાવકોને કેવા ઊંચા લાવવાના ? રંગઢંગ કેવા ?

**પાયામાં ધન ગમે છે એવો શુદ્ધ પરોપકાર નથી ગમતો એજ આજની સાધર્મિક-સીદામણ, સાધારણ ખાતે તોટા, પાઠશાળાઓની ગરીબડી કંગાળ હાલત વગેરે ફરિયાદોનું કારણ છે.**

પુત્ર ધર્માત્મા અને પરોપકારી મળે એનો આનંદ તો જ થાય કે જાતને ધર્મ અને પરોપકાર ગમતો હોય.

પેલી પ્રિયમતી રાણી પતિ પાસેથી સ્વપ્નના આદેશમાં જગતના જીવોના સંતાપને હરનારો પરોપકારી પુત્ર થવાનું સાંભળી ખુશીખુશી થઇ જાય છે. ક્રમે કરીને એને પુત્ર જન્મે છે, ને એનું નામ મેઘના સ્વપ્ન પરથી મેઘરથ એવું રાખવામાં આવે છે.

આ મેઘરથ કોણ ? વજ્રાયુધનો જીવ. હવે સહસ્ત્રાયુધનો જીવ દ્રઢરથ તરીકે જન્મે છે, એ જોઇએ.

**દ્રઢરથની માતાને ધ્વજનું સ્વપ્ન :-**

બીજી રાણી મનોરમાને એકવાર સ્વપ્ન આવે છે. એમાં દેખે છે કે એક

સુંદર ધ્વજદંડ પર રેશમી મોટી ધજા લહેરી રહી છે, દંડ પર સોનાની ઘુઘરીઓ લાગી છે, અને ચારે બાજુ અનેક નાની નાની પતાકાઓ લાગેલી છે. એ આખો ધ્વજ આકાશમાંથી ઊતરી પોતાના મુખમાં પેસી ઉદરમાં જઇ સ્થિર થાય છે ! સ્વપ્ન જોઇને જાગી, રાજા પાસે જઇને સ્વપ્ન કહે છે, એનું શું ફળ એમ પૂછે છે.

રાજા કહે છે-'સ્વપ્ન ઉત્તમ છે. ધ્વજ એ મોટા વિજેતાનું ચિહ્ન છે એટલે સ્વપ્ન સૂચવે છે કે તમને મહારથીઓમાં અગ્રેસર એવો પુત્ર જનમશે. તમને ધન્ય છે કે આવું સુંદર સ્વપ્ન તમને આવ્યું ને એવા પુત્રની માતા બનશો.'

રાણીને એ સાંભળી હરખનો પાર ન રહ્યો, અને હવે સ્વપ્નનું ફળ ન ચાલ્યું જાય માટે શેષ રાત્રિ ધર્મકથા-ધર્મધ્યાનમાં વીતાવે છે. સ્વપ્ન આવ્યા પછી ઊંઘી જવાથી સ્વપ્નનું ફળ માર્યું જાય છે. તેથી જ !

**નરસું સ્વપ્ન લાગ્યા પછી ઊંઘી જવું જોઇએ અને સારું સ્વપ્ન લાગ્યા પછી જાગતા રહી ધર્મધ્યાનમાં રહેવું જોઇએ.**

ધર્મધ્યાનમાં રહેવા માટે અહોભાવ લાવીને પ્રભુનાં સ્તોત્રો બોલાય, સુંદર સ્તવનો-સ્તુતિઓ બોલાય, અધ્યાત્મના-વૈરાગ્યના પદો બોલાય-વિચારાય, તીર્થંકર પ્રભુ અને મહાપુરુષોનાં ચરિત્રો યાદ કરાય, સૂત્ર-પાઠ, અર્થપાઠ કરાય, તીર્થાધિરાજ શ્રી શત્રુંજય વગેરે તીર્થોની માનસિક યાત્રા અહોભાવ સાથે કરાય. આવા ધર્મધ્યાનમાં રહેવાથી સારા સ્વપ્નનું સુંદર ફળ નિશ્ચિત ને દ્રઢ બને છે. કેમકે

**ધર્મધ્યાનનું ફળ છે-'સારી વસ્તુનું પોષણ કરવું.'**

**પાપધ્યાનથી નરસી વસ્તુ પોષાય છે.**

**ધર્મધ્યાનથી સારી વસ્તુ પોષાય છે.**

નરસી વસ્તુ છે-કુશીલ, અસદ્ આચારો, દુર્ગુણો, દુષ્કૃત્યો વગેરે. પાપધ્યાનથી એને પોષણ મળે છે. પાપકથાઓ, કુથલી, નિંદા, શૃંગારી કથા-લેખનું વાંચન, અશ્લીલ ચિત્ર-દર્શન, અન્યના વિલાસોનાં દર્શન વગેરેમાં પાપધ્યાન રહ્યા કરે છે. પાપોપદેશ સાંભળવામાં પણ પાપધ્યાન રહે છે. એથી આપણા આત્મામાં નરસી વસ્તુઓ પોષાય છે અને કર્મ તો કેવા બંધાય ? ચિકણાં પાપકર્મ બંધાય. સાથે ગાઢ પાપાનુબંધો પાપ-સંસ્કારો જમા થાય.

ઉત્તમ આર્ય માનવ ભવમાં આવીને શું કમાઇ જવાનું ?

**ઉત્તમ ભવમાં પાપધ્યાનમાં રમતા રહી શું કાળાં પાપકર્મોના થોક અને ભરચક**

દુઃખદ પાપસંસ્કારો કમાઇ જવા ?

એક પુરોહિત પુત્ર હતો. બાપ રાજાને ધર્મ ક્રિયા કરાવવા જાય તે એ પણ સાથે જાય. એટલે રાજકુમાર સાથે દોસ્તી જામી. રાજકુમાર એની સાથે પ્રેમથી વાતો કરે, એની આગતા સ્વાગતા કરે, એમાં પુરોહિત પુત્રને અભિમાન ચડી ગયું 'બસ, મને રાજકુમાર કેવો સરસ માને છે ! એના નોકરો પણ કેવું મારું માન કરે છે ! હું કોણ ? માનવંતો પુરુષ' આમ અભિમાનમાં ને અભિમાનમાં રહેતો. આ એની પાપધ્યાનમાં રમણતા હતી.

**ક્રોધ-અભિમાન-રાગ વગેરે એક પણ કષાય મનમાં જો ઘર કરી જાય તો પાપધ્યાન ચાલ્યા કરે છે.**

**ચોંટવાળાં પાપધ્યાનની ભયંકરતાઃ ચંડકોશિકઃ**

થોડા સમય માટેનું પણ પાપધ્યાન ચોંટવાળું બનતાં દુઃખદ ભવિષ્ય ઊભું કરે છે.

જુઓ ચંડકોશિક સર્પ પૂર્વે સાધુપણે નાના સાધુ પર દ્વેષવાળો બનતાં અલ્પ સમય પણ એવા ચોંટવાળા પાપધ્યાનમાં રમતો રહ્યો, તો પરિણામ કેટલું બધું ભયંકર આવ્યું ! પછીના ભવે તાપસ કુલપતિના અવતારે એ વાડીના ફળની રક્ષાના જ અને વાડીનું ફળ લેવા આવે એને ડંડો ઠોકું એવા પાપધ્યાનમાં રમતો રહ્યો, અને પછી ચંડકોશિક સાપના અવતારે બિનગુનેગાર પણ માણસ-પશુ-પંખી દ્રષ્ટિમાં પડે કે એને મારી નાખવાના જ પાપધ્યાનમાં રમતો રહ્યો ! પાપધ્યાન એટલે માત્ર પાપ વિચારણા જ નહિ, કિન્તુ કાયિક પાપપ્રવૃત્તિ પણ પાપધ્યાન છે. સાપ એ કરતો રહ્યો, તે એમજ મર્યો હોત તો કઇ નરકમાં અને પછી કેવી દુઃખદ દુર્ગતિઓની પરંપરામાં પડી જાત ? એ તો એના સદ્ભાગ્યે ત્યાં અનંત દયાળુ પરમાત્મા શ્રી મહાવીર ભગવાન પધાર્યા, તે એના ડંસ ખાઇને પણ એનો ઉદ્ધાર કર્યો. પ્રભુએ ભયંકર પાપધ્યાનમાંથી અતિ ઉજ્જવલ શુભધ્યાન-ધર્મધ્યાનમાં વાળ્યો તે મહાસહિષ્ણુ મહાત્મા ચંડકોશિક બની ગયો ! બાકી સાધુપણામાં કરેલ પાપધ્યાન અંતે એને ક્યાં પહોંચાડત ?

પાપધ્યાન નરસી વસ્તુઓ પોષે છે. ધર્મધ્યાન સારી વસ્તુઓ પોષે છે. એટલે જ પેલી મનોરમા રાણી સારું સ્વપ્ન આવ્યા પછી ધર્મધ્યાનમાં લાગી જાય છે, તેથી

**સારી વસ્તુઓ એટલે કે શુભવિચારો, શુભવાણી, શુભકરણી, મહાપુરુષોના ગુણો-સુકૃતોની અનુમોદના, સ્વયં એના મનોરથ...વગેરેને ધર્મધ્યાનથી પોષણ મળે.**

એની અસર શુભ સ્થાનમાં સારાં ફળ પર પડે.

રાણી મનોરમાને યોગ્ય કાળે પુત્ર જન્મે છે. આ પૂર્વના સહસ્રાયુધનો જીવ છે, એનું નામ દ્રઢરથ પાડવામાં આવે છે.

આમ, રાજા ઘનરથના બે પુત્ર મેઘરથ અને દ્રઢરથ, એમાં મેઘરથ એ શ્રી શાંતિનાથ ભગવાનનો જીવ છે અને દ્રઢરથ એ શ્રી શાંતિનાથ ભગવાનના પુત્ર તથા પ્રથમ ગણધર ચક્રાયુધ મહર્ષિનો જીવ છે. ૧૦મા ભવના આ જીવો છે. એમનું ચરિત્ર ચાલશે.

મેઘરથ અને દ્રઢરથ સારી રીતે ઊછરીને મોટા થાય છે. એમના સદ્ગુણો તથા કળા-વિજ્ઞાનની પ્રવીણતા વગેરે સાંભળી રાજા નિહતશત્રુ દૂત મોકલીને રાજા ઘનરથને કહેવરાવે છે કે "તમારા સુપુત્રો વેરે મારી કન્યાઓ આપવી છે. તો તેનો કૃપા કરી સ્વીકાર કરો, અને પુત્રોને અત્રે લગ્ન માટે મોકલવા મહેરબાની કરો."

**રાજા સુરેન્દ્રદત્તની શિરજોરી : મેઘરથનો પડકાર :-**

મહારાજા ઘનરથ મંજૂર થાય છે અને બન્ને પુત્રોને લ્હાવ-લશ્કર સાથે રાજકન્યાઓને પરણવા મોકલે છે. એમાં એવું બને છે કે વચમાં એ રસાલા સાથે એક રાજા સુરેંદ્રદત્તના સીમાડામાં પ્રવેશ કરી આગળ વધ્યા ત્યારે એ રાજા પોતાના માણસોથી આ પ્રવેશ જાણીને કહેવરાવે છે કે 'તમે મારી રજા વિના કેમ મારા રાજ્યની સરહદમાં દાખલ થયા ?' એની માફી માગો, મારી રજા મેળવો, યા પાછા ચાલ્યા જાઓ, નહિતર તમને ખોખરા કરી નાખીશ."

રાજાએ ભલે દમ માર્યો પણ આ તો મહાન સ્વપ્નથી સૂચિત જન્મ પામેલા મેઘરથ-દ્રઢરથ છે. એ ગાંજ્યા જાય ? એમણે કહેવરાવી દીધું કે "રાજાઓ કેઇ આવ્યા ને ગયા, પણ પૃથ્વી એની એ જ અહીં શાશ્વતી પડી છે, ને એ સૌ કોઇને પ્રવાસ માટે ખુલ્લી છે. એમાં રજા શાની લેવાની ? છતાં તારે લડવાના કોડ હોય તો પૂરા કર. આવી જા મેદાનમાં."

દૂત પાસેથી આ સાંભળીને રાજા ધુંધવાઇ ગયો, ક્રોધથી સળગી ઊઠ્યો અને લશ્કર લઇ ચડી આવ્યો.

**સુરેંદ્રદત્તની હાર : મેઘરથની શિખામણ :-**

લડાઇ કરતાં એ રાજા સુરેંદ્રદત્ત અને મેઘરથ બે સામસામા બાહુયુદ્ધ પર આવી ગયા. બીજી બાજુ એનો યુવરાજ પાટવીકુમાર અને દઢરથ સામસામા આવી ગયા. મેઘરથ-દઢરથ બંને પુણ્યવંતા છે. બંનેએ બંને દુશ્મનોને પછાડી એમની છાતી ઉપર એ ચઢી બેઠા. હવે મજાલ નથી કે પેલા બંને ઊઠી શકે. હાર કબૂલ કરી. બાપ-દીકરો બંને મેઘરથ-દ્રઢરથના પગમાં પડયા, ક્ષમા માંગતાં કહે છે, 'ક્ષમા કરો અમારા અપરાધને, અમે તમને ઓળખ્યા નહિ, અને ખોટું સાહસ કરી તમારું અપમાન કર્યું. ઉદાર દિલે અમને ક્ષમા આપો, અમે તમારા દાસ છીએ.''

મેઘરથ કહે છે, ''મહાનુભાવો ! એવું બોલવાની જરૂર નથી. તમે અમારા દાસ નહિ, આપણે બંને મિત્રો છીએ. માત્ર તમારે એટલું જોવું જોઇતું હતું કે પૃથ્વી પર હકદાવો કરવા જઇએ ખરા, પરંતુ કોઇ પૃથ્વીને સાથે લઇ નથી ગયું, કે કોઇના મરવા અને પરલોક ચાલી જવા પર પૃથ્વી મરી નથી, યા અહીંથી બીજે ચાલી નથી ગઇ. પૃથ્વી શાશ્વત છે.

**પૃથ્વી એક ધર્મશાળા જેવી છે.**

એમાં જીવ-મુસાફરો આવે છે થોડીવાર ઠહેરે છે, ને પછી ચાલતી પકડે છે. ધર્મશાળા પર મુસાફર જીવ હકદાવો કરે એ કેટલું બધું અજુગતું છે !'

આવા પરાક્રમી મેઘરથ પેલા રાજા-કુમારને જેલમાં બેસાડી ન દેતાં સારી તત્ત્વભરી વાણી સૌમ્ય ભાષામાં સંભળાવી રહ્યા છે. એ સાંભળીને પેલા બાપ-દીકરો સ્તબ્ધ થઇ જાય છે. હજી આગળ મેઘરથ કહે છે-

''વળી પુણ્યશાળીઓ ! બીજી વસ્તુ એ છે કે આંગણે અજાણ્યા મહેમાન આવી ચડ્યા, ને એ જો ચોર-લૂંટારા નથી તો એમના તો સ્વાગત કરવા જોઇએ ? કે એમની સામે ચડાભડી કરવી જોઇએ ? માફ કરજો, ખોટું ન લગાડશો, પરંતુ કૂતરાની જાત એવી છે કે એમને ત્યાં પરદેશી કૂતરો આવે તો એની સામે ચડાભડીનો મોરચો જ માંડે. જ્યારે આપણે તો ઉત્તમ માનવભવ પામેલા એટલે વિવેકી મન પામેલા, તે આપણું કર્તવ્ય તો અતિથિ-સત્કારના વ્યસનવાળું હોય.

❀ ❀ ❀ ❀ ❀ ❀

વ્યસની માણસ વ્યસનની વસ્તુની તડપવાળો હોય છે. શોધ્યા કરે છે કે 'એ વસ્તુ ક્યાં મળે છે ?' એમાં જો ખબર પડે કે અમુક ઠેકાણે મળે એમ છે, તો એ લેવા દોડી પોકે છે, અને મળતા આનંદથી વધાવી લે છે. ''એમ આપણને અતિથિ-

સત્કારનું વ્યસન હોય તો આપણને એની તડપ હોય કે અતિથિ ક્યાં મળે ને હું એનો સત્કાર કરું ! એમાં વળી જો અતિથિ સામેથી આવતા દેખાયા તો તો એને સામેથી સત્કારવા જઇએ, ને અતિથિ મળતાં આનંદથી વધાવી લઇએ.

''તમે આ જો ખ્યાલ રાખ્યો હોત તો અપજશ ન મળત ખેર ! પણ સારું થયું. આ નિમિત્તે આપણે મિત્રાચારી અને સ્નેહના સંબંધ બંધાયા ! નહિતર તો તમે જો કાંઇ બોલ્યા ન હોત તો અમે તો સીધેસીધા તમારી રાજભૂમિ લંઘીને ચાલ્યા ગયા હોત. લ્યો હવે પધારો વિવાહ મહોત્સવમાં,'' એમ આમંત્રણ આપીને પોતે જે કાર્ય માટે નીકળ્યા છે એની બધી વિગત કહે છે.

પેલો રાજા એ સાંભળીને તો આમને મહાન રાજા ઘનરથના સુપુત્રો જાણી વિશેષ ચકિત ને લજ્જિત થઇ જાય છે, અને કહે છે-'હવે તો અમે તમને મોઢું બતાવવા લાયક નથી. માફ કરો, અમે તમારી સાથે આવવા યોગ્ય નથી !'

**મેઘરથને બે પત્ની, દઢરથને એક : ત્રણને ત્રણ પુત્ર :-**

પત્યું, મેઘરથ-દઢરથ સવારી આગળ ઉપાડે છે, ને ક્રમશઃ રાજા નિહતશત્રુને ત્યાં પહોંચી જાય છે. રાજા એમનો મહાન સ્વાગત-વરઘોડો કાઢી પોતાના મહેલમાં લઇ આવે છે, ને ભવ્ય આગતા-સ્વાગતા કરી પોતાની બે કન્યા પ્રિયમિત્રા અને મનોરમા મેઘરથ સાથે અને સુમતિ નામની કન્યા દઢરથ સાથે પરણાવે છે. સસરો બે જમાઇને દાયજામાં ઘણી સમૃદ્ધિ આપી વિદાય આપે છે અને એ બંને ભાઇ નવી પત્નીઓ અને પરિવાર સાથે પોતાના નગરે પાછા ફરે છે.

આ મેઘરથને પ્રિયમિત્રા પત્નીથી નંદીષેણ નામે પુત્ર અને મનોરમા પત્નીથી મેઘસેન પુત્ર થાય છે, ત્યારે દ્રઢરથને સુમતિ પત્નીથી રથસેન નામે પુત્ર થાય છે.

**કૂકડાની લડાઇ :-**

એકવારનો પ્રસંગ છે, રાજા ઘનરથ કુટુંબ સાથે બેઠા છે, એમાં સૂરસેના નામની ગણિકા એક કૂકડો લઇ આવે છે, ને રાજાને કહે છે, ''મહારાજા ! આ મારો કૂકડો એવો કેળવાયેલો છે કે એ કોઇપણ કૂકડાથી જિતાય નહિ. છતાં જો કોઇનો કૂકડો આને જીતે તો હું એને એક લાખ સોનૈયા આપી દઉં.''

આ સમયે ત્યાં બેઠેલા રાણી મનોરમા મહારાજાની રજા માગે છે કે-''આપની આજ્ઞા હોય તો હું મારા કૂકડાને લઇ આવું, જે આને જોરદાર લડાઇ આપી જીતી જવા સંભવ છે.''

મહારાજા ઘનરથ કોણ છે ? અહીં તીર્થંકર થનાર લોકોત્તર પુરુષ છે. એ રજા આપે ? એમને એવી આતુરતા હોય નહિ કે જોઇને બે કૂકડા કેવીક લડાઇ કરે છે ! એનું કારણ ?

એમનો જળહળતો વૈરાગ્ય એમને એવી તૃપ્તિ સંતોષ આપી દે છે કે કોઇ કૌતુકની ઉર્મિ જ ન ઉઠે.

**વૈરાગ્યથી વિષયોની તૃપ્તિ આવે છે, અને રાગાંધતાથી વિષયોની તપ્તિ-બળતરા ભુખારવાપણું આવે છે.**

જીવે રૂપરસ વગેરે અનેકાનેકવાર જોયા, ચાખ્યા, અનુભવ્યા છતાં તૃપ્તિ સંતોષ ધરપત કેમ નથી થતી ? કારણ આ જ કે વિષયો પ્રત્યે વૈરાગ્ય-વૈમનસ્ય ઉદાસીતા નથી આવતી, વિષયોમાં ભયંકર પરલોકનો ભય નથી દેખાતો, આત્માની મહાન ખરાબી નથી દેખાતી. વિષયરંગથી મન ભારે વિહ્વળ રહે છે એ ખટકતું નથી. એમ નથી થતું કે 'અરેરે ! હું જાતે જ મારા શાંત મનને વિહ્વળ બનાવી રહ્યો છું ? શા સારું ખરજવું ખણવા જેવા ક્ષણિક વિષય સુખનો લાલચુડો બન્યો રહી વિષયોની ગુલામી ભોગવી રહ્યો છું ? વિષયોમાં મનને કેમ વિહ્વળ કરી રહ્યો છું ? મન તો શાંતપણે તત્ત્વચિંતન અને પરમાત્મ-ચરિત્રની વિચારણા કરી શકે છે, અને એમાં વિષયસુખ કરતાં પરમ અને અખૂટ આનંદ રહે છે.'

આવો કોઇ વિચાર નહિ, મનની સ્વસ્થતા-શાંતતા ગમતી નથી, બસ, એક જ ધૂન 'વિષયસુખો કેમ વધુમાં વધુ મળે ! કેમ ઉંચામાં ઉંચા મળે !' એટલે વિષયોની લંપટતા ભારે. ત્યાં વિષયવૈરાગ્ય શાનો આવે ? અને અનંતીવાર વિષયસુખો જોયા છતાં એની તૃપ્તિ શે આવે ?

મહારાજા ઘનરથ તીર્થંકર થનાર છે, મહાવૈરાગી છે. દેવલોકમાંથી મહાવૈરાગ્ય લઇ આવેલા છે, એમને વિષયો પ્રત્યે આંતર તૃપ્તિ છે, એટલે અહીં બે કૂકડા કેવાક લડે છે, એ જોવાનું એમને કશું કોતુક નથી કશી આતુરતા નથી, તો પછી એ અહીં રાણી મનોરમા પોતાનો કૂકડો લાવી લડાવવાની રજા માગે છે, તો રજા આપે કે નહિ ?

**તીર્થંકર થનાર રાજાએ કૌતુકની રજા કેમ આપી ?**

પરંતુ સિક્કાની બીજી બાજુ જુઓ.

મહારાજા એક બાજુ જેવા વૈરાગી છે, એવા બીજી બાજુ ભક્તવત્સલ છે,

એટલે મિત્રજન-સેવકજનનું મન સાચવનારા છે.

એટલા માટે તો જુઓ કે તીર્થંકર દેવોને બાળવયે ક્રીડા કરવાનું કોઇ કૌતુક નથી હોતું, છતાં બાળમિત્રોના અનુરોધથી અર્થાત્ મિત્રોનું મન સાચવવા એમની સાથે ક્રીડા કરે છે.

શ્રી ઋષભદેવ ભગવાન જન્મીને એક વર્ષની ઉંમરના થયા ત્યારે ઇન્દ્ર પ્રભુના ગોત્ર અને વંશની સ્થાપના કરવા આવ્યા, તે સાથે હાથમાં શેરડી સાંઠો લેતા આવ્યા. પ્રભુ પાસે આવી શેરડી બતાવી પૂછે 'લ્યો આ ખાશો ?' ત્યારે પ્રભુ એ લેવા હાથ લંબાવે છે.

અહીં પ્રશ્ન થાય કે 'શું પ્રભુને શેરડી પર રાગ થયો માટે એ લેવા હાથ લંબાવ્યો ?'

એનો ઉત્તર એ છે કે 'ના, મહાવૈરાગ્યવંતા પ્રભુને આવા તુચ્છ ખાદ્ય પર રાગ શાનો થાય ?'

મહાવૈરાગ્ય તો મોટમોટા કિંમતી દેવતાઇ વિષયો પ્રત્યે પણ નફરત કરવે છે.

ત્યાં તુચ્છ માનવીય વસ્તુનો રાગ શો ? આકર્ષણ શા ?

પરંતુ બાળ શ્રી ઋષભદેવ પ્રભુએ ભક્ત ઇન્દ્રનું મન સાચવવા માટે જ શેરડી લેવા હાથ લંબાવ્યો, નહિ કે રાગથી. શું ?

**મહાપુરુષો રાગથી નહિ, પણ ભક્તના ભાવ વધારવા રાગની પ્રવૃત્તિ કરે છે :-**

તમે અંતરથી વૈરાગી હો છતાં કુટુંબ લઇને બેઠા હો અને કોઇ વિષય સામે આવ્યો એને રાગની નહિ કિન્તુ કુટુંબીનું માત્ર મન સાચવવા પૂરતું જો સ્વીકારો, તો વૈરાગ્યને વાંધો નથી આવતો. હા, કુટુંબી-સ્નેહીનું મન સાચવવાનો સવાલ ન હોય ત્યાંય વિષયો પ્રત્યે ભારે નફરત રહેવી જોઇએ અને રાગાંધની જેમ એના પર આંખ મીંચીને તૂટી પડવું ન જોઇએ.

મહારાજા ઘનરથ રાણી મનોરમાનું મન સાચવવા સંમતિ આપે છે, ને મનોરમા જઇને પોતાનો વજ્ર જેવા મુખવાળો કૂકડો લઇ આવી ગણિકાના કૂકડા સાથે ભટકાવી દે છે.

બંને કૂકડાની લડાઇ ચાલી, પરંતુ એકેય હારતો નથી, પાછો પડતો નથી, બંને એક-બીજાના શરીરમાં ચાંચ ભોંકે છે, તેથી સામસામા લોહિયાળ થાય છે.

છતાં બને અણનમ છે.

આ જોઇને મેઘરથ પિતાજીને પૂછે છે 'બાપુ ! આ બે કૂકડામાંથી કેમ એકેય પાછો પડતો નથી ? શું બે સરખા બળવાન છે ?'

**મેઘરથ અવધિજ્ઞાની છતાં કેમ ખુલાસો પૂછે છે ?**

પિતા રાજા ઘનરથ તીર્થંકર થનાર લોકોત્તર પુરુષ છે, અવધિજ્ઞાની છે, તેથી અવધિજ્ઞાનથી જોઇને એનો ખુલાસો કરે છે, એમ તો કુમાર મેઘરથ પણ અવધિજ્ઞાની છે, તેથી કારણ જાણી શકે છે, કિન્તુ બધાની જાણકારી માટે પોતે ઊઠીને ખુલાસો કરવો એ ધૃષ્ટતા સમજે છે, અવિનય સમજે છે, તેથી પોતે વડિલ પિતાને ખુલાસો પૂછે છે.

આ બતાવે છે કે

**વડિલની આગળ સ્વતંત્રપણે પોતાનું જ્ઞાન ડહાપણ બતાવવું એ અજુગતું છે, અવિનય છે, ધિટ્ઠાઇ છે.**

વડિલ પૂછે ને કહેવું એ જુદી વસ્તુ છે, એ કાંઇ સ્વતંત્રપણે ડહાપણ બતાવ્યું ન કહેવાય.

એટલા માટે તો 'અબ્ભુટ્ઠિઓ' સૂત્રમાં 'અંતર ભાસાએ, ઉવરિભાસાએ' બોલાય છે એ શું છે ? ગુરુની આશાતનાનો એક પ્રકાર છે, ગુરુ કોઇની સાથે વાત કરતા હોય એમાં 'અંતર' એટલે કે વચમાં બોલે એ આશાતના છે, એમ 'ઉવરિ' એટલે કે ગુરુ બોલી રહ્યા ઉપર પોતાનું ડહાપણ દેખાડવા વિશેષ ભાષણ કરે એ આશાતના છે. આ સૂચવે છે કે વડિલ કોઇ સાથે વાત કરતા હોય એમાં પોતાને ખબર હોય કે આગળ ગુરુ શું કહેવાના છે, છતાં વચમાં બોલાય નહિ. અરે ! એમ લાગે કે 'કદાચ ગુરુને ખબર નથી મને ખબર છે માટે લાવ હું કહું' તો પણ વચ્ચે ન બોલાય. એ બોલવું એ આશાતના છે. પૂછો,

પ્ર.-વડિલની વાતમાં વચ્ચે બોલવામાં આશાતના કેમ ?

ઉ.-એ આશાતના એટલા માટે કે એમાં ગુરુની લઘુતા થાય કે 'વડિલ ઓછું જાણે છે તેથી આ નાનડિયાને વાતમાં પૂર્તિ કરવી પડે છે.' અથવા 'આ વડિલને ત્યાં *શિસ્ત નથી કે નાનડિયાથી, વચમાં ડોયો ન હલાવાય તે હલાવે છે.' આમ વડિલની* લઘુતા કરાય એ આશાતના છે.

ત્યારે અહીં પણ મેઘરથ પાસે અવધિજ્ઞાન હોવાથી જોઇ શકે છે કે બંને

કૂકડામાંથી કેમ કોઇ એક હારતું નથી જીતતું નથી, અને એ જોઇને પોતે ત્યાં બેઠેલાઓને આના રહસ્યનો ખુલાસો કરે, એમાં વડિલની લઘુતા થાય, આશાતના થાય. તેથી એ લઘુતા ન થવા દેવા માટે પોતે જ જાણે આ બાબતમાં અજ્ઞાન છે તે મેઘરથ પિતાને રહસ્યનો ખુલાસો પૂછે છે. અવધિજ્ઞાન એ મોટું જ્ઞાન છે, એ પાસે છતાં વડિલ આગળ પોતે અજ્ઞાન હોવાનું બતાવે છે.

**જ્ઞાનીની દિલની કેવી મહાનતા !**

**ત્યારે જ્ઞાનીનાં દિલ મહાન ન હોય તો શું અજ્ઞાનીનાં દિલ મહાન હોય ?**

આ જો આપણે ધ્યાનમાં રાખીએ તો આપણામાં જેમ જેમ જ્ઞાન વધે, જાણકારી વધે, તેમ તેમ આપણું દિલ વધુને વધુ મહાન બનાવતા જવાય. એજ સવાલ ઉમદા-ઉદાર દિલ અંગે કરવાનો.

જ્ઞાનીનાં દિલ જો ઉમદા ન હોય, ક્ષુદ્ર હોય, તો શું અજ્ઞાનીનાં દિલ ઉદાર હોય ? એમ,

જ્ઞાનીનાં દિલ ઉદાર ન હોય, સાંકડા હોય, તો શું અજ્ઞાનીનાં દિલ ઉદાર હોય ?

આ ચીમકી મનને આપી આ જ નિર્ધાર કરવાનો છે કે 'જેમ જેમ મારામાં જ્ઞાન વધે, જાણકારી વધે, ડહાપણ વધે, તેમ તેમ મારે વધુને વધુ ઉમદા દિલ બનાવવાનું. પ્રસંગ પ્રસંગમાં ઉમદા બોલ ને ઉમદા વર્તાવ રાખવાના. માથે જ્ઞાન અને ડહાપણનો ભાર જોઇએ કે મારાથી અજ્ઞાનીની જેમ ક્ષુદ્ર-તુચ્છ-સંકુચિત દિલવાળા ન બનાય, કૃપણ સ્વાર્થી ને અભિમાની ન બનાય.

મેઘરથના પ્રશ્ન પર પિતા ઘનરથ મહારાજા રહસ્યનું ઉદ્‌ઘાટન કરતાં કહે છે-'આ બે કૂકડા એક તો પૂર્વભવના વૈરવાળા છે, અને બીજું એ બે વિદ્યાધરોથી અત્યારે અધિષ્ઠિત છે, તેથી બેમાંથી એકેય પાછો પડતો નથી. પૂર્વભવનું પરસ્પર વૈર આ રીતે થયેલું,

**કૂકડાઓનો પૂર્વભવ 'માલ-સામગ્રી લોભ કરાવે છે'**

બંને કૂકડાઓના જીવ પૂર્વભવે ધનવસુ અને દત્ત નામે બે મિત્રો હતા. સુખી ઘરના એટલે બંને વિચાર કરે છે, 'ચાલોને પરદેશ વેપાર કરવા જઇએ તો સારી કમાઇ કરી લાવીએ.' બસ ચાલ્યા માલનું ગાડું ભરી પરદેશ કમાણી કરવા. ગામમાં શું જીવન નહોતું ચાલતું ? પરંતુ માલ-સામગ્રી લોભ કરાવે છે. શાસ્ત્ર

કહે છે 'લાહા લોહો પવઢ્ઢઇ,' લાભથી લોભ વધે છે. એમાં એ ભાન નથી હોતું કે 'ધન કમાઇના લોભમાં કોઇ આફત, કોઇ અપજશ, કે કોઇ ખરાબ ભવિષ્યને તો નથી નોંતરી રહ્યા ?'

**બળદો પર ક્રૂરતા**

બંને જણ પોતપોતાના માલનું ગાડું લઇ નીકળ્યા. ગાડામાં માલ ખીચોખીચ ભરેલો, તે બળદ બિચારા એના બહુ ભારથી ધીમા ચાલે ત્યારે આ લોભિયા એને જોરથી ચલાવવા લાકડી ફટકારે છે, અને ચાબુકના જોરદાર પ્રહાર કરે છે ! વળી એનું પૂછડું જોરથી આમળે છે, એવું કે જાણે હમણાં તૂટી જશે. બળદોને વેદનાનો પાર નથી. ગજા બહારનો ભાર ખેંચી શકે ? તેથી સ્વાભાવિક છે કે ધીમા પડી જાય, ત્યારે આ નિર્દય માણસો લગામ એવી જોર જોરથી ખેંચીને ઉપરથી ફટકારે છે કે નાસિકાના વેધ તૂટી જાય છે ! ત્યારે નાસિકામાં નવનવા વેધ કરી લગામ-દોરડું પરોવી દે છે. એક તો એની વેદના, ઉપરાંત પરોણીની તીક્ષ્ણ આર બળદોના શરીરમાં ભોંકાય છે, કેમ જાણે બળદો જીવતા જીવ જ નથી તે શરીરમાં જ્યાં ને ત્યાં આ ક્રૂર ભાઇઓ અણીદાર ખીલી ભોંકે એ કેટલી નિષ્ઠુરતા !

અબોલ પ્રાણીને આ ત્રાસનો પાર નહિ. કોણ એમનો બેલી ? એટલું છતાં પાછું બળદોને ખાવા પણ પૂરું ન આપે, અને ચલાવવાનું ઘણું ! રસ્તામાં ઉનાળામાં બળદોને તરસ પણ લાગે, કિન્તુ આમને પાણી ય ક્યાં પીવડાવવું છે ? બળદો કોને કહે ? અને બીજા જોનારા માણસોને આ ત્રાસ જોઇ દયા આવી જાય, કિન્તુ આ અભિમાનના પૂતળાઓને કહી શકતા નથી, ને કોઇક કહે તો આ માને શાના ?

**પડશે એવા દેવાશે–**

બળદો ઉપર આ ત્રાસ વરસતો જોઇ તમને દયા તો આવે, પરંતુ સાથે સાથે એ વિચારવા જેવું છે કે આ ત્રાસ એમને શાથી આવ્યો ? માણસ બીજાને ત્રાસ આપે, અપમાન-તિરસ્કાર કરે, કે બીજા પાપ કરે, ત્યારે જો ડાહ્યો માણસ કહે 'ભાઇ ! પરલોકનો વિચાર રાખો,' તો કહેશે 'પડશે એવા દેવાશે' પરંતુ જો નજરોનજર આ ત્રાસ દેખે તો ખબર પડે કે 'પડે ત્યારે કેવું દેવાનું બનશે ?' માટે અહીં જ પાપથી પાછા ફરવા જેવું છે.

**મોટું પાપ વિષયોનું.**

**જીવ દુર્ગતિઓમાં મારપીટ વગેરે ત્રાસ કેમ અનુભવે છે ?**

**એ સ્પર્શનેન્દ્રિય પરનાં દુઃખો છે, ને એના મૂળમાં કારણભૂત સ્પર્શનેન્દ્રિયનાં વિષયસુખોની લંપટતા પણ છે.**

*જીવને કામવાસનાના અંધાપામાં આ નજર સામે નથી એટલે પશુચેષ્ટામાં* રાચે-માચે છે, પણ કુદરત કેવો ન્યાય તોલે છે ! જીવને જાણે કહે છે-

'તને સ્પર્શનેન્દ્રિયના વિષયો બહુ ગમ્યા ? તો હવે એના બદલા રૂપે એ સ્પર્શનેન્દ્રિય પર જ દુઃખો લેતો જા.' પૂછજો

પ્ર.-સ્પર્શનેન્દ્રિયની મજા લૂંટી એટલે શો મોટો ગુનો કર્યો ?

ઉ.-ગુનો એ, કે જીવ એ મજા લૂંટતી વખતે એવો એમાં લીન-મસ્ત બનતો હોય છે, એના શરીરમાં એવી ઝણઝણાટી અનુભવે છે કે-દા.ત. શરીર પર કોરડા ઝીકાતા હોય શરીરમાં વેદનાની ઝણઝણાટી અનુભવાય છે ને ? એ અનિષ્ટ સ્પર્શની ઝણઝણાટી છે, એમ સ્પર્શનેન્દ્રિયનાં સુખોમાં ઇષ્ટ સ્પર્શની એવી ઝણઝણાટી અનુભવાય છે કે આત્માને બીજા વિષયો કરતાં આ સ્પર્શનેન્દ્રિયના વિષયનું સંવેદન બહુ ઊંડું હોય છે, અને એ અત્યધિક સુખદ લાગે છે. માટે તો શાસ્ત્રે લખ્યું કે,

**ઘોર ઉપસર્ગમાં ય યોગીઓ બ્રહ્મલીન, એમ કામી કષ્ટમાં ય કામલીન**

'શું યોગીઓને ઉપસર્ગ પરીસહમાં ય શુદ્ધ બ્રહ્મમાં લીન રહેવાનો આનંદ હોય ? હા, જેમ કામીઓને માથું સજ્જડ દુઃખતું હોય કે પગ-કમ્મર બહુ તૂટતા હોય, તો ય કામભોગમાં આનંદ લાગે છે, તેમ યોગીઓને ભારે કષ્ટમાં ય શુદ્ધ બ્રહ્મમાં લીન રહેવાનો અનેરો આનંદ હોય છે.

મસ્તક-શૂળ, ઉદર-શૂળ જેવા વ્યાધિમાં ખાવાનું ન ગમે, પીવાનું ન ગમે, ગીત-વાજિંત્ર-નૃત્ય ન ગમે, બીજા રસમય વેપાર-ધંધાદિનું કામ ન ગમે, કિન્તુ કામભોગ ગમે, એ શું સૂચવે છે ? જીવને સ્પર્શનેન્દ્રિયનાં સુખ પર ગાઢ રાગ બતાવે છે. રાગનો એ તીવ્ર સંકલેશ છે.

**ઇન્દ્રિયવિષયના રાગનો તીવ્ર સંક્લેશ આત્મભાન ભુલાવી દે છે, અને એ જ જીવનો મોટામાં મોટા ગુનો છે.**

એના પર બંધાયેલ તીવ્ર અશાતા વેદનીય કર્મ સ્પર્શનેન્દ્રિય પર તીવ્ર દુઃખ આપે એમાં નવાઇ નથી. એટલા માટે જ

**બ્રહ્મચર્યનું મહામૂલ્ય શાથી ?**

તો કહો, બ્રહ્મચર્ય કામરાગના તીવ્ર સંકલેશથી બચાવી તીવ્ર અશાતાદાયી કર્મથી બચાવે છે, તેથી અહીં આત્મભાન અને ભવાંતરે શાતાને અવકાશ રહે છે, ને આત્મસદ્‌ગતિ-આત્મભાન, ને આત્મહિતની પ્રવૃત્તિ સુસંભવિત રહે છે.

માટે બ્રહ્મચર્ય મહામૂલ્યવાન છે.

પેલા બળદ બિચારાએ પૂર્વ જન્મમાં આવા ગોઝારા કામસુખોમાં લીનતા કરી હશે, એટલે અહીં સ્પર્શનેન્દ્રિયના તીવ્ર દુઃખો ભોગવી રહ્યા છે. શરીર પર મારપીટ ને છેદન-ભેદનના ભયંકર ત્રાસ ભોગવવા પડે છે. ત્યારે એમને ભયંકર ત્રાસ આપનાર પેલા બે મિત્રો ભવાંતર માટે પોતાને જ ભયંકર ત્રાસ પામવાની તૈયારી કરી રહ્યા છે ! બંનેને ભૂત-ભવિષ્યની ખબર નથી, બળદિયા પોતાની ભૂતકાળની ભૂલ જોઇ શકતા નથી, તેથી હાયવોય અને દુર્ધ્યાનથી પીડાઇ રહ્યા છે. ત્યારે બે મિત્રોને ભવિષ્યની પીડા જોવી નથી એટલે બેફામ પાપ કરી રહ્યા છે. સંસારી જીવોની કેવી કારમી અજ્ઞાન અને મૂઢ દશા ! કેવી દયા પાત્ર સ્થતિ ?

**આપણે આપણા જીવનમાં દુઃખ વખતે ભૂતકાળ અને પાપ વખતે ભવિષ્યકાળ જોતા રહેવું જોઇએ.**

**કામસુખથી ત્રાસનાં કર્મ બાંધે, એમ બીજાને ત્રાસ આપીને પણ ત્રાસના કર્મ બાંધે.**

આ ધનવસુ અને દત્ત બે મિત્રો જનાવર પ્રત્યે જ નિર્દય છે એટલું જ નહિ, પણ માણસજાત પ્રત્યે પણ નિર્દય છે, તે નગરમાં પહોંચ્યા પછી ધંધામાં પણ ખોટાં માન-માપાં રાખી, તેમજ ખોટાં તોલ કૂડકપટ કરી, ઉપરાંત માલમાં ભેળસેળ કરી લોકોને ઠગે છે. આ પણ નિર્દયતા જ છે ને ? જૂઠ-અનીતિ-વિશ્વાસઘાત વગેરેનો તો એમને જાણે સ્વભાવ પડી ગયો ! એમાં અનેકોની સાથે ઝગડે છે, રગડે છે...એકવારના પ્રસંગે શ્રીનદી તીર્થમાં બે મિત્રો વચ્ચે ઝગડો ઊભો થયો. એમાં પરસ્પર બાથંબાથીમાં ચડી ગયા, અને અંતે બંને મર્યા.

પ્ર.-સહેજ ઝગડામાંથી આટલે સુધી પહોંચ્યા ?

ઉ.-હા, કારણ છે-

**મૂળ સ્વભાવ જો નિર્દયતા અને આવેશનો હોય, તો સહેજ ઝગડામાંથી મારામારી પર પહોંચી જવાને અવકાશ છે.**

બંને ભાઇઓ મરીને હાથી થયા. ત્યાં ય મારામારી પર પહોંચ્યા, ને મર્યા !

પછી માતેલા બળદ થયા, તો પણ મારામારી પર ઊતર્યા ને મર્યા ! અને પછી ઉન્મત્ત બોકડા થયા, તો ય પરસ્પર મારામારીમાં મર્યા ! તે હવે અહીંયા બે કૂકડા થઇ મારામારી પર ચડ્યા છે. એમાં વળી બે વિદ્યાધરોથી અધિષ્ઠિત થયેલા છે, અને વિદ્યાધરોને આમની લડાઇ ચાલવા દેવી છે, તેથી આ બેમાંથી એકેય પાછો પડતો નથી."

મહારાજા ઘનરથ ત્યાં બેઠેલા પરિવારને કહે છે કે "તમને લાગશે કે વિદ્યાધરોને એવું શું કારણ તે બંને કૂકડાની લડાઇ બંધ થવા નથી દેતા ? એનું કારણ તમને મેઘરથ કહેશે." એમ કહીને મેઘરથને એ કહેવા ઇસારો કરે છે.

હવે અહીં તો પિતાનો આદેશ જ છે, તેમ મેઘરથ પોતે ય અવધિજ્ઞાન ધરાવે છે, એટલે પિતાના આદેશથી અવધિજ્ઞાનથી જોઇને પોતે કારણ કહે છે-

**બે વિદ્યાધરો ચંદ્રતિલક અને સુરતિલક :-**

આ બે વિદ્યાધરો અહીં વૈતાઢય પર્વત પર રહેનારા છે, ને ચંદ્રતિલક તથા સુરતિલક નામે પ્રસિદ્ધ છે, અને તે અહીં આપણા ઘનરથ મહારાજાનાં દર્શન માટે આવેલા છે. આવવાનું કારણ એ બન્યું કે એકવાર એ બંને ગગનગામિની વિદ્યાના બળે મેરુપર્વતના શિખર પર રહેલ શાશ્વત જિનની યાત્રા માટે ગયેલા, ત્યાં એમના સદ્‌ભાગ્યે, સાગરચંદ્ર નામે વિદ્યાધર મુનિ પણ કે જે ત્યાં પહોંચેલા, એમનાં દર્શનનો એમને લાભ મળ્યો.

✤ ✤ ✤ ✤ ✤ ✤

આ બે વિદ્યાધરો મુનિને પૂછે છે-"પ્રભુ ! અમારાં અહોભાગ્ય કે આપ મહર્ષિના આવા સ્થળે દર્શન થયા ! આપ જ્ઞાનદીપક છો, અમારા પૂર્વભવ ઉપર પ્રકાશ પાથરવા કૃપા કરો."

મુનિ તે સાંભળીને એમનો પૂર્વભવ કહે છે-

**વિદ્યાધરોનો પૂર્વભવ :-**

"જુઓ, પૂર્વે ઐરવત ક્ષેત્રમાં વજ્રપુર નામના નગરમાં અભયઘોષ નામે રાજા હતા, ને એમની સ્વર્ણતિલકા નામે રાણી હતી. એમના તમે બે વિજય અને જયંત નામના પુત્ર હતા, રાજા બહુ ગુણિયલ અને પ્રતાપી હતા, એમની દેશાન્તરે કીર્તિ પ્રસરેલી, તે શંખ નામના રાજાને એમની ગુણિયલતા સાંભળી મનને થયું કે 'મારી સુયોગ્ય પુત્રી પૃથ્વીસેના માટે, ચાલો હવે સુયોગ્ય ઉમેદવારની ચિંતા ટળશે. આ રાજા અભયઘોષને જ મારી દીકરી દઉં.'

એમ વિચારીને શંખરાજાએ પોતાના મંત્રી-અમલદારોને રાજા અભયઘોષ પાસે મોકલ્યા, એ આવીને રાજાને કહે છે.

**કન્યા પૃથ્વીસેના માટે માગું આવે છે -**

''અમો શંખમહારાજાના સેવકો છીએ. મહારાજાને પૃથ્વીસેના નામે એક સુપુત્રી છે. એનું રૂપ એટલે જાણે આ નરલોકની એક ઇન્દ્રાણી જોઇ લો-મુખ પર કાન્તિ ને લાવણ્ય એટલું બધું ઊભરાઇ રહ્યું છે કે જાણે રંભા-ઉર્વશી જેનાથી હારીને જ અહીંથી સ્વર્ગમાં ભાગી ગઇ છે ! વળી એ એકલી બાહ્યથી જ અતિ સુંદર છે એમ નહિ, કિન્તુ એનું આભ્યન્તર સૌંદર્ય પણ અજબ ખીલી ઊઠેલું છે, કેમકે એ ઔદાર્ય ને દાક્ષિણ્ય, સુશીલતા ને સુવિનીતતા, ગંભીરતા ને મૃદુતા-મુલાયમતા, સ્નેહ ને સૌમ્યભાવ વગેરે ગુણો એનામાં મઘમઘી રહ્યા છે ! સાથે એ કળા-વિજ્ઞાન વગેરેમાં પણ નિષ્ણાત બની ચૂકેલી છે. એવી એ સૌભાગ્યવંતી છે કે માતા-પિતા જ શું, પણ સૌ કોઇને એમ થાય કે એ અમારી નજરમાંથી ન ખસે, અને અમારા સાંનિધ્યમાં જ રહે. એમ સૌને લાગ્યા કરે છે. માનોને બ્રહ્માએ સ્વર્ગની અપ્સરાને ગુણગણનો ભંડાર બનાવીને જ અહીં ઉતારી છે ! બાકી એનાં એકેક અંગના લચબચ સૌંદર્યના શું વખાણ કરીએ ?''

એમ કહીને શંખરાજાના માણસો કન્યા પૃથ્વીસેનાના અંગોનું વર્ણન કરે છે. વર્ણન કરીને કહે છે-

''અમારા મહારાજા આપને વિનંતિ સાથે કહેવરાવે છે કે આપ પણ રૂપ-કાન્તિ-લાવણ્ય તથા ગુણ-નિધિ, કળા-વિજ્ઞાન અને પરાક્રમથી ભરેલા છો. તેથી આ મારી કન્યા પૃથ્વીસેના આપની સાથે જ સંબંધ પામવા લાયક છે. તો આપ એનો સ્વીકાર કરો, અને એને પરણવા માટે પધારો, અથવા અમારા મહારાજા કન્યાને લઇને આપને પરણાવવા અત્રે આવે. આપ સંમતિ આપવા ઉદારતા કરો, કન્યાને સ્વીકારો, ને એમ અમારા પર અનુગ્રહ કરો. એવી અમારા મહારાજાની વિનંતી છે.''

શંખરાજાના માણસો કેવા દલાલ છે ! કેવા સેલ્સમેન છે ! ઝવેરાતનો હોશિયાર સેલ્સમેન સારા ઘરાક આગળ માલ-ઝવેરાતનાં વર્ણન એવાં કરે છે કે ઘરાકના ગળે એ પધરાવ્યા વિના રહે નહિ. એમ અહીં શંખરાજાના માણસોએ કન્યાની બધી વાતે સુયોગ્યતાના એવાં વર્ણન કર્યા કે રાજા અભયઘોષને લાગ્યું કે ''રૂપ

વગેરે તો ઠીક, પરંતુ જો કન્યા એવી ગુણિયલ હોય, તો એને સ્વીકારી લેવી જોઇએ. ગુણિયલ આત્માના સંગે મને પણ ગુણનો લાભ થાય.'' શું ?

**ગુણિયલના સંગ ગુણકારી બને છે.**

**રૂપ અને ગુણ વચ્ચે મોટો ફરક :-**

રાજા અભયઘોષ રૂપથી આકર્ષાઇ જતો નથી, પણ ગુણથી આકર્ષાય છે, કેમકે સમજે છે કે ચામડાનાં રૂપની બહુ કિંમત નથી રૂપ તો આજે છે ને કાલે નથી. રૂપ અંતે હતપ્રહત થઇ જવાનું છે. ઉંમર વધતાં એજ ગોરી ગુલાબી ચામડીમાં કરચલીઓ પડે છે, ને કાળા ભમ્મર કેશમાં ધોળા પળિયાં આવે છે. તો રૂપની શી બહુ કિંમત ? કિંમત છે ગુણોની, કે જેમાં

(૧) ગુણો કરમાવાને બદલે ઉત્તરોત્તર જીવનના છેડા સુધી વિકસ્યે જાય છે.

(૨) વળી એ અહીં ઉત્તમ સુખ સુકૃત અને પુણ્ય સંચયનો લાભ આપે છે, અને

(૩) ભવાંતરે સારી સદ્ગતિ ઉપરાંત સુસંસ્કારનો વારસો આપે છે.

ત્યારે આવા મહાલાભદાયી ગુણોનો અભ્યાસ અને આ સંચય માનવભવે કોણ ન કરે ? એ માટે ગુણવાન આત્માના સંગ રાખવાના છે. એવા ગુણિયલના સંગમાં આપણા આત્મામાં પણ ગુણ આવે. સંગ તેવો રંગ એ કહેવત છે. એટલા માટે ઉત્તમ જીવો ગુણવાનના સંગને ઇચ્છે છે. માર્ગાનુસારી જીવનના અનેક ગુણવાનના સંગને ઇચ્છે છે. માર્ગાનુસારી જીવનના અનેક ગુણોમાં એક ગુણ 'સત્સંગ' છે, એ ય શું બતાવે છે ? સત્પુરુષો યાને ગુણિયલ પુરુષોનો સંગ કરવો.

ત્યાં શાસ્ત્રમાં લખ્યું છે કે-

**સંગ એ સંસાર-પોષક રોગ છે,**

**પરંતુ સત્સંગ એ સંગરોગ-નિવારક ઓષધ છે.**

શું સમજ્યા ? સંસાર કેમ પોષાયો રહે છે ? સંગના રોગ ઉપર.

જીવને-ધનનો સંગ, ઇન્દ્રિય-વિષયોનો સંગ, કામિની-કુટુંબનો સંગ, ધંધા-ધાપાનો સંગ, વગેરે સંગ (૧) રાગ-દ્વેષ-કષાયોને પોષ્યા કરે છે, (૨) આરંભ-સમારંભમય હિંસાને પોષ્યા કરે છે, (૩) જૂઠ-અનીતિ-દુરાચારોને પોષે છે, અને (૪) એથી પાપકર્મો બંધાય છે, એટલે પરિણામે સંસાર પુષ્ટ રહે છે. **શ્રી આચારાંગ** શાસ્ત્ર કહે છે કે,

**રાગ-દ્વેષાદિ કષાયો એ સંસારવૃક્ષનું મૂળ છે.**

મૂળ સલામત, તો વૃક્ષ સલામત, એમ રાગ-દ્વેષાદિ કષાયો જીવતા, તો સંસાર જીવતો રહે છે, જન્મ-મરણની પરંપરા ચાલુ રહે છે. આ કોના પર ? પાયામાં સંગ ઉપર, કંચન-કાનિની વગેરેનો સંગ ટેસથી રાખતા રહો એટલે જનમ-મરણની આપદા ચાલુ રહેવાની.

સાધુ મહાત્માઓએ એ સંગો છોડી દીક્ષા, તો એમના જીવનમાંથી એવા કષાયો ને હિંસાદિ પાપો નીકળી ગયા. પરંતુ એ સાધુ થયા ક્યારે ? એમણે સત્સંગ કર્યો ત્યારે. સંત પુરુષોનો સંપર્ક સંખ્યા કર્યો એટલે દુન્યવી પદાર્થોના સંગ ભૂંડા લાગ્યા, અને એ સંગ છોડી સાધુ થયા. માટે કહો–

**સત્સંગ કરો એટલે દુન્યવી વસ્તુના સંગ જાય, સંગવશ થતા કષાયો જાય.**

**સત્સંગની દવા એ કષાય-પ્રેરક દુન્યવી વસ્તુના સંગનો રોગ કાઢે છે. સંગ જવાથી કષાયો જાય.**

સત્સંગ કરતા રહ્યા એમાંથી સમજાતું ગયું કે 'દુન્યવી વસ્તુના સંગ મારણહાર છે, માટે એ સંગ છોડો.' એમ સંગ છોડી સાધુ થયા એટલે કર્મક્ષય કરી મોક્ષ સધાય. આમ સત્સંગ તારણહાર.

રાજા અકબરે સંતપુરુષ જગદ્‌ગુરુ શ્રી હીરસૂરિજી મહારાજનો સંગ સાધ્યો, તો એના જીવનમાં ઘણો ઘણો સુધારો થઇ ગયો ! શિકાર-માંસાહાર વગેરેના સંગ પોતે છોડયા, એટલું જ નહિ પણ પોતાની પ્રજામાં ય વરસમાં છ મહિના હિંસા બંધ કરાવી !

અઢાર દેશના મહારાજા કુમારપાલને સંતપુરુષ કલિકાલ સર્વજ્ઞ આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજનો સંગ મળ્યો, તો એ મહાન પ્રભાવક શ્રાવક થયા.

સંતપુરુષ સુધર્મા ગણધર મહારાજના સંગથી જંબૂકુમાર ૯૯ ક્રોડ સોનૈયાની સંપત્તિ, વહાલસોયા માતાપિતા, અને દેવાંગનાશી નવી પરણેલી પત્નીઓનો સંગ છોડી સાધુ થયા.

**સંત પુરુષના સંગથી સંત બનાય.**

ગુણિયલ પુરુષના સંગથી ગુણિયલ બનાય.

કલ્યાણ મિત્રના સંગથી કલ્યાણ મળે.

એટલે જ ઉત્તમ જીવો અ-કલ્યાણમિત્રનો સંગ છોડી કલ્યાણમિત્રનો સંગ સેવે છે, ગુણિયલનો સંગ સાધે છે. જાણો છો ને-

**અનામિકાએ નિયાણું કર્યું છતાં કેમ ન ડૂબી ?**

**નિયાણું સ્વર્ગના સુખ માટે નહિ, પણ ગુણિયલના સંગ માટે કરેલું, તેથી અનામિકા ન ડૂબી.**

આ હિસાબ ઉપર જ આપણે જોઇ શકીએ છીએ કે અનામિકાએ નિયાણું કર્યું કે 'મારો તપ-અનશન તથા વ્રત-નિયમોની આરાધનાના ફળ રૂપે હું લલિતાંગ દેવની સ્વયંપ્રભા નામની ફરીથી દેવી થાઉં.'

કોણ લલિતાંગ ? ઋષભદેવ ભગવાનનો જીવ પાંચમા ભવે પહેલા દેવલોકમાં લલિતાંગ નામે દેવ હતો. એની અતિપ્રિય દેવી તે સ્વયંપ્રભા. એ કાળ કરી ગયેલી, તે એના શોકમાં લલિતાંગ ઝૂરતો હતો. એને મિત્રદેવતાએ ખ્યાલ આપ્યો કે 'શાનો વ્યર્થ ખેદ કરે ?'

જાણે છે સ્વયંપ્રભાનું શું થયું ?

એ તો બિચારી મરીને ગરીબ બ્રાહ્મણીની એવા સાતમી દીકરી થઇ તે એનો બાપ ભરણ-પોષણની અશક્તિથી ભાગી જ ગયો ! માતાએ એના પ્રત્યેના દુઃખમાં એનું નામ પણ નહિ પાડેલું, તેથી અનામિકા તરીકે ઓળખાય છે ! બોલ, તેં એને પ્રિય કરીને એનું શું ભલું કર્યું તે એનો ખેદ કરે છે ? એ તો સારું થયું કે સદ્ગુરુના યોગે એ વ્રત-નિયમધારી બની તપસ્યા કરવા લાગી, અને હવે એણે અંતિમ અનશન આદર્યું છે. માટે ગુરુએ એનું ભલું કર્યું. તેં તો એને મોહ કરાવ્યો, ને જાતે મોહ કર્યો, એમાં શું ભલું ? તેથી એનો વ્યર્થ શોક મૂકી દે.'

ત્યારે લલિતાંગ કહે "પરંતુ એ એવી ગુણિયલ હતી કે એને હું ભૂલી શકતો નથી."

ત્યારે મિત્રદેવતા કહે "તો તારે જો એને પાછી લાવવી હોય તો એને નિયાણું કરાવ."

આ હિસાબે લલિતાંગ દેવે અહીં આવીને અનામિકાને દેખાવ આપી જાતિસ્મરણ કરાવ્યું, અને નિયાણું કરાવ્યું છે, પરંતુ જૈન શાસનમાં નિયમ છે કે, **નિયાણું કરવાથી પુણ્ય પાપાનુબંધી થઇ જાય, ને એ પુણ્યના ભોગવટા ભૂંડા.**

ત્રિલોકનાથ મહાવીર પ્રભુના જીવ વિશ્વભુતિ મુનિએ એક હજાર વર્ષ નિરાશંસભાવે તપ અને સંયમની સાધના કરી મહાન પુણ્ય ઉપાર્જ્યાં છે. પરંતુ જ્યાં અંતે નિયાણું કર્યું કે 'હું આ તપ-સંયમના પ્રભાવે અખૂટ બળવાળો થાઉં,' ત્યાં એ પુણ્ય પાપાનુબંધી થઇ ગયું. તો એ પુણ્યના ભોગવટામાં ત્રિપૃષ્ટ વાસુદેવ થઇ સાતમી નરકે ગયા ! અને પછી પણ સિંહ થઇ ચોથી નરકે ગયા ! ત્યારબાદ પણ આ દુઃખદ સંસારની દુર્ગતિઓમાં અગણિત ભવ થયા.

**દુન્યવી લાલસામાં પુણ્યને પાપાનુબંધી બનાવવાના કેટલા ભયંકર દુઃખદ પરિણામ !**

ત્યારે અહીં સવાલ થાય કે-

પ્ર.-જૈનશાસને બતાવેલા આ નિયમ મુજબ અનામિકાને નિયાણું ખતરનાક કેમ ન નીવડ્યું ? કેમ એ સ્વયં પ્રભાદેવીના અવતાર પછી દુઃખદ દુર્ગતિઓમાં ન રખડી ? ને ઊલટું લલિતાંગ દેવની સાથોસાથ કેમ ઉત્તરોત્તર સદ્ગતિઓમાં જતી ગઇ ?

ઉ. આનું સમાધાન સ્પષ્ટ છે કે–

**નિયાણું વિષયરાગના ઘરનું નહિ, પણ ગુણરાગના ઘરનું હોવાથી એનાં દુઃખદ પરિણામ ન આવ્યાં.**

અનામિકાને સ્વયંપ્રભાદેવી થવાનું મન થયું, પરંતુ તે સ્વર્ગના સુખો ભોગવવાના લોભે નહિ, કિન્તુ લલિતાંગ એક ઉત્તમ ગુણિયલ આત્મા છે, એવો એને પૂર્વે સ્વયંપ્રભાદેવીના અવતારે અનુભવ થયો છે, અને 'આ જીવનની ધર્મ-આરાધનાથી તરત જ કાંઇ મોક્ષ મળે એવું લાગતું નથી. કોઇ દેવલોકમાં અવતાર મળે, પરંતુ ત્યાં આવા ગુણગણ ભંડારના સુયોગ વિનાનો ભવ મળે એનાં કરતાં આવા ગુણસંપન્ન લલિતાંગ દેવનો સુયોગવાળો અવતાર મળે તે સારો, જેથી ગુણિયલના સંપર્કમાં આપણામાં ગુણનો સંગ થાય.' આવી આંતરિક ભાવના અનામિકાના દિલની હશે, તેથી નિયાણું દુઃખદ ન બન્યું. અહીં પૂછવાનું મન થશે કે-

**અનામિકાએ દેવ નહિ, ને દેવીનો જનમ કેમ માંગ્યો ?**

પ્ર૦- તો પછી એણે લલિતાંગના મિત્રદેવ તરીકેનો અવતાર કેમ ન માગ્યો ? એમાં ગુણિયલનો સંગ તો મળત. તો મિત્રદેવ નહિ, ને કેમ સ્વયંપ્રભાદેવીનો અવતાર માગ્યો ? દેવી અવતાર તો એ દેવની સાથે ભોગ માટે જ

ઇચ્છ્યો એમ ન કહેવાય ?

ઉ૦- ના, એમ તો દેવ અવતારમાં લાંબો કાળ લાખો ક્રોડ દેવીના ભોગ મળે. કેમકે દેવનું આયુષ્ય મોટું, ને દેવીનું આયુષ્ય બહુ થોડું, તે એક મરીને બીજી દેવી આવે, એ મરીને ત્રીજી આવે, એમ લાખો ક્રોડ દેવીના ભોગ એક દેવના અવતારમાં મળે. એટલે અહીં અનામિકાને દેવતાઇ ભોગની જ જો ભૂખ હોત, તો તો દેવ-અવતાર જ માગે ને ? દેવી-અવતાર શું કામ માગે ? પરંતુ એને નિયાણું કરીને દેવતાઇ ભોગ-સુખ જોઇતા નહોતા, એટલે સમજવાનું છે કે અનામિકાએ દેવી-અવતાર માગ્યો તે વિષયભોગની ભૂખથી નહિ, પરંતુ ગુણિયલ લલિતાંગ દેવનો અતિગાઢ સંપર્ક મળે, એ આશયથી ફરીથી એની સ્વયંપ્રભાદેવી થવાનો અવતાર માગ્યો. દુનિયામાં ય દેખાય છે ને કે મિત્ર કરતાં પત્નીનો ગાઢ નિકટનો પરિચય અને સંપર્ક હોય છે.

**મિત્ર કરતાં પત્નીની વિશેષતાઓ :**

બીજું એ પણ અનામિકાને લાગ્યું હોય કે 'આવા ગુણિયલ દેવતાની સેવા, વિનય અને આજ્ઞાંકિતતા મિત્ર તરીકે રહીને જેટલી નહિ થાય, એટલી એની પત્ની દેવી તરીકેની થઇને થઇ શકશે મિત્ર તરીકરેની સેવા, વિનય, આજ્ઞાંકિતતા મર્યાદિત હોય છે. પત્ની તરીકેની સેવા સરભરા ચોવીસે કલાકની, વિનય અને આજ્ઞાપાલન વિશિષ્ટકોટિની જે એક નોકર તરીકેની સેવા કરતાં ય વિશિષ્ટ અને વ્યાપકકોટિની હોય છે. પત્ની પતિના સર્વ પ્રકારના સ્વભાવ અને રસ-રુચિ-લાગણીઓ વગેરેની જાણકાર હોય છે. તેથી પતિને અનુકુળ બધા વર્તાવ-વાણી એ જે જાળવી શકે, એવું મિત્ર કે નોકર વગેરે જાણી ય ન શકે, અને એટલી અનુકૂળ સેવાઓ આપી ય ન શકે. આ હિસાબ પર ગુણિયલ લલિતાંગ દેવની સેવાનો લાભ મળે, વિનયનો લાભ મળે, આજ્ઞા ઉઠાવવાનો લાભ મળે, અને એના ગુણોનો સુયોગ મળે, એ આશયથી અનામિકાએ સ્વયંપ્રભાદેવી થવાનું નિયાણું કર્યું હોય, ત્યાં દેવતાઇ સુખ-ભોગની લાલસા ક્યાં આવી ?

આમાં એટલું ધ્યાનમાં રાખવાનું છે કે પરભવ માટે નથી તો કોઇની પત્ની થવાનું ઇચ્છવાનું કે નથી તો મિત્ર તરીકે થવાનું ઇચ્છવાનું, કેમકે આ અનામિકાના ઉચ્ચ આત્મા જેવી લાયકાત આપણામાં ક્યાં છે કે દેવ અવતારે દિવ્ય સુખોની નહિ કિન્તુ શુદ્ધ સેવા વિનય-આજ્ઞાપાલન અને ગુણ સંપર્કની જ કામના રહે ? વળી

**ઇચ્છીએ ત્યારે પરમાત્માના જ એકમાત્ર ભક્ત તરીકે થવાનું કેમ ન ઇચ્છીએ ?**

**પરમાત્મા જેવા સ્નેહી સાજન જગતમાં નથી.**

પરલોકે જો પરમાત્માના અવ્વલ ભક્ત બની જઇએ, તો તો આપણા આત્માના દેદાર ફરી જાય. દુન્યવી સર્વ વિષયો પ્રત્યે જ્વલંત વૈરાગ્ય આવી જાય, વિષયત્યાગ ને સર્વ પાપત્યાગ આવી જાય. પછી ન્યાલ થવામાં શું બાકી છે ? વાત આ છે, કે અનામિકાએ ગુણિયલનો સંગ ઇચ્છ્યો, તેથી નિયાણું દુઃખદ ન નીવડ્યું. માટે કહો,

**ગુણિયલનો જ સંગ કરવો.**

તેથી આપણને ગુણની પ્રેરણા મળે. પ્રયત્ન થાય અને આપણે પણ ગુણિયલ બનીએ.

પેલો રાજા અભયઘોષ ગુણિયલ છે, અને પરદેશી રાજાના દૂત પાસેથી એની પુત્રી પૃથ્વીસેનાના ગુણોનું વર્ણન સાંભળે છે તેથી મન લલચાયું કે આવા ગુણિયલ આત્માનો પત્ની તરીકે સંબંધ થાય તો ખોટું નથી. તેથી દૂત દ્વારા આવેલી એ રાજાની માગણી સ્વીકારવાનું કબૂલ કર્યું, અને ક્રમશઃ પૃથ્વીસેના સાથે રાજા અભયઘોષનાં લગ્ન પણ થઇ ગયા.

**અભયઘોષ-પૃથ્વીસેનાનું લગ્ન :-**

મેઘરથકુમાર શાન્તિનાથ ભગવાનનો જીવ છે. બે કૂકડાની લડાઇમાં અધિષ્ઠિત થયેલા બે વિદ્યાધરોનો પૂર્વ અધિકાર કહી રહ્યા છે કે આ બે વિદ્યાધરો અભયઘોષ રાજાના બે પુત્ર છે, જયંત અને વિજય એમનાં નામ છે. એમાં રાજા અભયઘોષ નવી રાજકન્યા પૃથ્વીસેનાને ગુણિયલ જાણીને પરણે છે.

હવે એ કેવી ગુણિયલ છે, અને ગુણિયલતાનું કેવું અદ્‌ભુત પરિણામ લાવે છે ! એ જુઓ.

એકવાર વસંતઋતુ ખીલી છે, રાજા પોતે રાણીઓ અને પરિવાર સાથે ઉદ્યાનમાં વસંતઋતુની શોભા નિહાળવા જાય છે. ત્યાં ઉદ્યાનમાં એક બાજુ આકાશમાંથી મુનિ ઊતરી આવે છે. રાજા પરિવાર સાથે ત્યાં જઇ મુનિને વંદન કરી, દેશના સાંભળવા બેસે છે.

**મુનિ શું કહે દેશનામાં ?**

સામે રાજા છે એટલે સમાલી સમાલીને સામાન્ય સામાન્ય હિતની જ વાત કરવી જોઇએ ? નહિતર શું રાજા નારાજ થવાનો ભય રહે ? આર્યદેશના રાજાઓ માટે આવો ભય રાખવાનું કારણ નહિ. રાજા હો કે રંક, એને મહાત્માઓએ ભાન કરાવવું જોઇએ કે

(૧) આત્મા કોણ છે. (૨) આ વિશ્વ કેવું દુઃખદ ચારગતિમય છે ? અને (૩) એમાં આત્માને જનમ-મરણ કેવા કરવા પડે છે ? (૪) કેમ કરવા પડે છે ? (૫) વર્તમાન જનમ કેટલો બધો ઊંચો મળ્યો છે ? એમાં શું કરવા માટે આ જનમ મળ્યો ? (૬) પરંતુ મોહરાજા કેવા ભુલાવે છે ? કેવી પશુથી બદતર કામ કરાવે છે ? પશુથી બદતર કષાયના ભાવો કરાવે છે ? એનું ભાવી પરિણામ કેવું ?

વગેરે વગેરે વાત સંભળાવાય. ત્યારે સાંભળનાર શ્રોતા તરીકે મોટો રાજા પણ હોય છતાં જો સારો ભવી જીવ હોય, તો પામી જાય. અને શ્રોતા દૂર્ભવી હોય તો કદાચ ન પણ બૂઝે. બાકી મહાત્માઓનો ઉપદેશ આત્માનું ભાન કરાવનારો, અને એને હિતકર શું છે એ જણાવનારો હોય. રાજા ચાહીને જિજ્ઞાસાથી સાંભળવા આવ્યો છે, તો 'ઉપદેશથી એને ખોટું લાગશે તો ?' એવો ભય શા માટે રાખવાનો ? ભય તો જિજ્ઞાસા વિનાના માણસને માટે રખાય કે સામાને જિજ્ઞાસા છે નહિ, અને ઉપર પડતા એને સંભળાવવા જઇએ તો સંભવ છે કે એને સાંભળવું ન ગમે, ને નારાજ થાય. પરંતુ

**મહાન આત્માઓ જિજ્ઞાસા વિનાનાને ઉપદેશ આપતા નથી.**

કેમકે એ નિષ્ફળ પ્રયત્ન છે. જાણવાની આતુરતા જ નથી, એને જણાવીને શું કરવાનું ? સામામાં જિજ્ઞાસા ઊભી કરાવતા આવડે તો એ કરાવાય, પછી ઉપદેશ અપાય.

આ સૂચવે છે કે મહાત્માનો યોગ મળે તે જિજ્ઞાસા લઇને જઇએ, તો કાંઇક હિતની વાત મળે. માટે જિજ્ઞાસા અર્થાત્ હિતનું સાંભળવવા આતુરતા ઊભી કરવી જોઇએ, તો જ મહાત્માનો યોગ ફળે.

કેટલાક માણસોને મહાત્માનો યોગ મળે છે, પરંતુ એમને મહાત્માનું સાંભળવાને બદલે મહાત્માને પોતે જ સંભળાવવાની તાલાવેલી હોય છે. એટલે એ મહાત્મા પાસે રોજ જાય ખરા, કિન્તુ એ રોજ જઇને કાંઇ ને કાંઇ સંભળાવી આવે છે. મહાત્માનું એ ભાગ્યે જ સાંભળે ! આવા માણસોને એ મહાત્માનો યોગ શો

ફળે ? હા, જે-તે આચડ-કુચડ સંભળાવી એમાં પોતાનું વડપણ દેખાડશે, યા બીજાની નિંદા કરશે ને એમાં તો અભિમાન કષાય પોષાવાનું ફળ મળે.

❀ ❀ ❀ ❀ ❀ ❀

**સંસારમાં તો કષાયો પોષાય જ છે પરંતુ દેવ-ગુરુ પાસે જઇને ય કષાય પોષવાના ?**

તો પછી રાગ-દ્વેષ આદિ કષાયોનું શોષણ ક્યાં કરવાનું ? માણસ જો આ વિચાર રાખે, તો દેરાસર ઉપાશ્રયમાં સાવધાન બની જાય કે રખેને અહીં મારે કષાયોનું પોષણ ન થાય ! નહિતર "ઘરના બળ્યા વનમાં ગયા, ને વનમાં લાગી આગ," એના જેવું થાય.

**મંદિર-ઉપાશ્રયો કષાયોનું શોષણ કરવાનાં ઉચ્ચ સ્થાન છે.**

જેમ, ઝાડીની વચમાં સુંદર સરોવર એ ઠંડક મેળવવાનું ઉચ્ચ સ્થાન છે, પરંતુ ત્યાં જઇને કિનારા પર ખોટી આગ સળગાવીને બેસે, તો એને ઠંઠક ક્યાંથી મળે ?

મંદિરમાં દેવાધિદેવ પ્રશાંતરસ અને વીતરાગતાથી ભરેલા છે. ઉપાશ્રયમાં સુસાધુઓ પ્રશાંતરસથી ભરેલા છે. એમની પાસેથી ભરપૂર પ્રશમરસ મળે, કષાયોનો ઉપશમ મળે. કષાયોનું શોષણ મળે. ત્યાં જઇને પણ આપણી અજ્ઞાનતાથી કષાયોનું પોષણ કરવાનું હોય ? આપણા તુચ્છ

**સંતરૂપી સરોવરની પાસે સ્વાર્થ, અહંત્ત્વા અને મોહની ગણતરીઓની જ આગ સળગાવીએ, તો એ ઉપશમરસના દરિયા દેવ-ગુરુ મળ્યા છતાં કષાયોનું શોષણ શે કરાય ?**

**એ તો સંતના સંગથી સર્વ સંગ-ત્યાગ અને સર્વ પાપ-ત્યાગ કરાય તો જ કષાયના પોષણ અટકે.**

આ માટે જ આ ઉત્તમ ભવ છે."

રાજા અભયઘોષ અને પરિવારે મુનિની ભવ્ય દેશના સાંભળી એમાં જીવ કામ અને કષાય વશ કેવો અનંત અનંત કાળથી ભમતો રહ્યો છે એ સાંભળ્યું, પરંતુ નવી રાણી પૃથ્વીસેનાને તો આ ઉપદેશે હૃદય વીધી નાખ્યું ! એનો જીવ ઊકળી ઉઠ્યો કે-

**પૃથ્વીસેનાની વૈરાગ્યમય વિચારધારા :-**

અહો ! આ મહાત્મા શું કહી રહ્યા છે ? ને હું શું કરી રહી છું ? આમાં તો સરાસર રાગ-દ્વેષાદિ કષાયોનાં પોષણ જ થઇ રહ્યાં છે. અનંત અનંત કાળ કષાયો પોષી પોષીને જન્મ-મરણની વિટંબણા ચાલુ રાખી, તે હવે શું અહીં પણ આટલી ઉત્તમ દેવ-ગુરુ-ધર્મની સામગ્રી પામ્યા છતાં ય કષાયો પોષીને જનમ-મરણની વિટંબણા ઊભી રાખવાની ? ઇષ્ટ-ઇષ્ટ પર રાગ અને અનિષ્ટ-અનિષ્ટ પર દ્વેષ, અને એ ઇષ્ટ-અનિષ્ટ ખાતર ભરપૂર ક્રોધાદિ કષાયો જ અહીં સેવ્યે જાઉં, તો આગળ માટે પણ જનમ-મરણની વિટંબણા નિશ્ચિત ઊભી રહેવાની.

"હાય ! આવા ઉચ્ચ ભવે જે આ વિટંબણાનો અંત લાવવાનું અને એ માટે રાગાદિ કષાયોનું શોષણ કરી નાખવાની ઉત્તમોત્તમ તક છે, એવો ભવ પામીને ઊંધાં વેતરણ કરું ? "ધિક્કાર પડો આ સંસાર સુખોને ! કે જે સુખો આ કષાયો પોષી પોષીને જન્મ-મરણની વિટંબણા નિશ્ચિત ઊભી રખાવે છે ! માટે હવે આ વિટંબણા જોઇતી નથી. હાય ! ચારે ગતિ અને ૮૪ લાખ યોનિઓમાં કેવા ભયંકર જનમ-મરણ ! હવે તો સંસાર ત્યાગનો જ માર્ગ લઇ લઉં, જેથી રાગાદિ કષાયોનાં પોષણ અટકી જાય."

**પૃથ્વીસેનાને કેમ એકદમ વૈરાગ્ય ?**

પૃથ્વીસેનાની વિચારસરણી જુઓ. રાજાની માનીતી નવી રાણી બની કેટકેટલાં લાલન-પાલન પામી રહી છે ! કેવા રાજાશાહી સુખો એના પગમાં લોટે છે ! એમાં વળી કોઇએ એને ગાળ દીધી નથી, કોઇએ એનું અપમાન કર્યું નથી, કોઇએ અવગણના તિરસ્કાર કર્યો નથી, ઊલટું ફૂલે પૂજાય છે, મોટાં માન-સન્માન પામી રહી છે, રાજા જેવો એને બહુ માને, પછી કેમ એ ધર્મદેશના સાંભળી એકાએક વિરાગી બની ગઇ ? ને તરતમાં દીક્ષા લેવા ચાહે છે ?

આનો આ જ જવાબ છે, એ ગુણિયલ હતી. મનુષ્યમાં પ્રશંસનીય કોટિના ગણાય તેવા ગુણોની એ સ્વામીની હતી, એટલે મુનિની દેશના એના ગળે ઝટ ઊતરી ગઇ, એની રગરગમાં વ્યાપી ગઇ. અને એના હૃદયને વીંધી નાખનારી બની. વાત આ છે.

**ગુણ સંપન્નને ઉપદેશ ઝટ લાગે.**

**સુંદર ગુણોની ભૂમિમાં ધર્મદેશનાનો વરસાદ ભવ્ય આત્મ-પરાક્રમ ઉગાડી દે છે.**

એવું ભવ્ય આત્મ-પરાક્રમ આપણામાં ન ઊગે, તો આપણે સમજવું જોઇએ કે આપણામાં હજી ગુણોની ભૂમિ તૈયાર નથી.

એવા એ ક્યા ગુણો હશે ?

કહો નિખાલસતા, પ્રજ્ઞાપનીયતા, દાક્ષિણ્ય, ધર્મરુચિ, સત્પુરુષ પર બહુમાન, ઇન્દ્રિય-જય, ઔદાર્ય, ગાંભીર્ય...વગેરે વગેરે એવા ગુણો છે કે એ ગુણોથી હૃદયભૂમિ રસાળ હોય છે. એમાં બીજ વવાય અને વરસાદ પડે એટલે સુંદર પાક નીપજતાં વાર નહિ. મહાવિરાગી મુનિનો ઉપદેશ બીજ-વાવણી અને વરસાદનું કામ કરે છે.

અષ્ટાપદજીના પગથિયે તપ તપતાં ૧૫૦૦ તાપસોને શું હતું ? આવી જ ગુણભૂમિકા હતી એટલે ગૌતમ મહારાજ એમને મળ્યા અને એમની વાણી સાંભળી કે

**૧૫૦૦ તાપસોને ગૌતમ મહારાજે શું કહ્યું**

અષ્ટાપદ ઉપર તો મૂર્તિરૂપે મૌન કૈલાસનાથ છે, અને આ પૃથ્વી ઉપર બોલતા-ચાલતા વીતરાગ સર્વજ્ઞ જીવંત કૈલાસનાથ વિચરે છે. તમારે મૌન કૈલાશનાથનાં દર્શન કરવાં છે ? કે જીવંત બોલતા ચાલતા કૈલાસનાથનાં દર્શન કરવાં છે ? જો જીવંત કૈલાસનાથનાં દર્શન કરવા હોય તો એ પ્રભુ પણ મળેલા ફળે ક્યારે ? દિલમાંથી હિંસાદિ-પાપોની અપેક્ષા પણ કાઢી નાખી હોય, મન-વચન-કાયાથી સીધા કે આડકતરા કોઇપણ જાતના હિંસાદિ પાપ ન લાગે એવી પ્રતિજ્ઞા સાથે જ્ઞાનાદિ આચારમય જીવન જીવતા રહો, ત્યારે જ જીવંત વીતરાગ કૈલાસનાથનો ભેટો ફળે.

''તમે તપ તપો છો એ સારું છે, પરંતુ આ સર્વેસર્વા પાપત્યાગ ન હોય તો જીવ કર્મ-બંધનથી બંધાયે જ જાય છે તો એ પાપથી બચ્યા વિના કોરા તપથી ઉદ્ધાર કેમ થાય ? જીવંત કૈલાસનાથ પણ આપણા સર્વે-સર્વા પાપ-ત્યાગ વિના આપણો શી રીતે ઉદ્ધાર કરે ?

''તમે સમજતા હો કે અમે તો હિંસાદિ પાપ કશું કરતા નથી, અમે તો એનો ત્યાગ કર્યો છે, અમે ક્યાં પાપ કરીએ છીએ ? વળી અમારે આ જીવનમાં પાપ કરવા નથી પછી અમારે એની અપેક્ષા ક્યાં રહી ?''

''પરંતુ હે મહાનુભાવો ! તમે એ જુઓ કે તમે કાચું પાણી વાપરો છો.

એમાં અસંખ્ય અપકાય જીવો છે ને એ ગળાયેલું ન હોય એમાં લાખો ક્રોડો હાલતા ચાલતા ત્રસ જીવો છે. એની હિંસાનું પાપ ચાલુ જ છે. તેથી તમે કહેશો અમે અસત્ય, ચોરી, વગેરે પાપ તો કરતા નથી ને ? પરંતુ એ જુઓ કે તમે પારણે સૂકી સેવાલ, સૂકા પાંદડા ઉઠાવી ખાઓ, એ ઉઠાવ્યા એ અદત્તાદાન છે, ચોરી છે, કેમકે કોઇ માલિકે તમને આપેલા નથી, ને કદાચ તમે એમ સમજતા હો કે 'એ તો કુદરતે પડેલા અમે વાપરીએ છીએ', તો એનો અર્થ એ થયો કે એ તમે તમારા પોતાના માની લીધા ને વાપર્યા, તો પોતાના માનવામાં તો એ તમારો પરિગ્રહ થયો ! પરિગ્રહ તે કેટલો ? આમાં આખા પર્વત પર કુદરતે પડેલું બધું પોતાનું માની લીધું ! તો જ ગમે ત્યાં ગમે ત્યાંથી એને છૂટથી લઇ વાપરી શકો છો. વિચારો, આમાં સર્વે-સર્વા પાપત્યાગ ક્યાં આવ્યો ?

"વળી હે પુણ્યવાનો ! તમે કદાચ કહો કે બીજા પાપોનો તો અમારે ત્યાગ છે ને ? પરંતુ અહીં તમે સમજો કે જ્યાં સુધી બીજા પણ પાપોની અપેક્ષાનો ત્યાગ તમે નથી કર્યો, ત્યાં સુધી એ પાપોનો ય સર્વેસર્વા ત્યાગ ક્યાં આવ્યો ?

'તમે કદાચ કહેશો, 'અમારે વળી એ પાપોની અપેક્ષા શી ?'

"પરંતુ હે પુણ્યશાળીઓ ! સમજો કે જ્યાં સુધી તમે એ પાપોની વિરતિ નથી કરી, અર્થાત્ ત્રિવિધ ત્રિવિધે પાપત્યાગની પ્રતિજ્ઞા નથી કરી, ત્યાં સુધી એની અ-વિરતિમાં બેઠા છો, ત્યાં સુધી મનને માટે એની અપેક્ષા ઊભી જ છે કે જરૂર પડ્યે એ પાપ કરીશ.

**મન પર પ્રતિજ્ઞાનું બંધન નથી એટલે જરૂર પડ્યે પાપ સેવી લેવાની છૂટ ઊભી છે.**

ત્યાં જરૂર પડ્યે પાપ સેવનમાં મનને સંકોચ નહિ થાય કે 'મારે તો આના ત્યાગની પ્રતિજ્ઞા છે, તો આ કેમ આચરાય ?' ત્યાં તો મન માની લેશે કે આમ તો હું પાપ આચરતો નથી, પરંતુ મારે કોઇ એના ત્યાગની પ્રતિજ્ઞા નથી, તેથી અવસરે પાપ આચરી લઉં તો કાંઇ પ્રતિજ્ઞા ભાંગતી નથી.'

"માણસ પાપ ન આચરતો હોય છતાં એના ત્યાગની પ્રતિજ્ઞા બાધા કેમ નથી લેતો ? કારણ આ જ કે 'કદાચ પ્રસંગ આવે તો પ્રતિજ્ઞા હોય તો પાપ ન આચરાય, માટે પ્રતિજ્ઞા ન લઉં.' આ ભાવ છે ને એ અંતરની પાપની અપેક્ષાનો છે. ત્યારે

"હે ભવ્યાત્માઓ ! માટે સમજો કે જેમ પાપનું આચરણ એ પાપ છે,

પાપની વાણી એ પાપ છે, પાપના વિચાર અને પાપની અનુમોદના એ પાપ છે, તેમ પાપત્યાગની પ્રતિજ્ઞા નહી લઇને ઊભી રાખેલી દૂર દૂરનાય પાપની અપેક્ષા એ પણ પાપ છે.

**આ સમસ્ત પાપોનો ત્યાગ ત્રિવિધ ત્રિવિધે જીવનભર માટે ત્યાગની પ્રતિજ્ઞા કરવાથી જ થાય.**

''હે બુદ્ધિમાનો ! કૈલાસનાથ વીતરાગ ભગવાન છે. એમનાં દર્શન અને સમાગમ પણ વીતરાગ બનવા માટે છે, ને એ શી રીતે બનાય ? સર્વેસર્વા પાપત્યાગ પૂર્વક વૈરાગ્યને જળહળાવવાથી વીતરાગ બનવાનું થાય.

''તપ કરવાના, સંયમ પાળવાનું, સંયમના નિષ્પાપ આચારો પાળવાના, એ બધું આ પાપત્યાગ અને વૈરાગ્યના ભાવ જળહળાવવા માટે કરવાનું છે. જેથી પરાકાષ્ઠાએ આપણો આત્મા વીતરાગ પરમાત્મા બની મુક્તિ પામે.''

૧૫૦૦ તાપસ ગુણિયલ હતા સરળતા-નિખાલસતા પ્રજ્ઞાપનીયતા...વગેરે ગુણોથી અલંકૃત હતા એટલે ગૌતમ મહારાજની મૌલિક તત્ત્વને સમજાવનારી વાણી એમને સીધી ગળે ઊતરી ગઇ. એમણે જોયું કે

**૧૫૦૦ તાપસોએ શું વિચાર્યું ? પ્રભુદર્શન શા માટે ?'**

'આપણે તપ કરીને ઊંચે ચડી કૈલાસનાથને ભેટવા ઇચ્છીએ છીએ, પરંતુ ભેટ્યા પછી શું ? જ્યાં સુધી સર્વ પાપ-ત્યાગની પ્રતિજ્ઞા કરીને અંતરની પાપની છૂપી અપેક્ષા-આસક્તિ પણ ન છોડીએ ત્યાં સુધી સર્વ પાપ-ત્યાગ પૂર્વકનો વૈરાગ્ય આપણામાં આવે નહિ. એ આવ્યા વિના વીતરાગ અવસ્થાને શાનું પહોંચાય ? કૈલાસનાથને ભેટવું છે, પણ શા માટે ? પ્રભુદર્શનમાં પ્રભુને ભેટીને શું કરવું છે ? એ લક્ષ્ય જ આપણે વિચાર્યું નહિ, પરંતુ હવે આ મહાન ગુરુએ સમજાવ્યું કે સાચું લક્ષ્ય વીતરાગ બનવાનું છે, તો હવે આ માટેના આ ગુરુએ બતાવેલા સર્વવિરતિના માર્ગને અપનાવી લઇએ.'

તાપસો સરળ ભદ્રક પ્રકૃતિના, તે તરત જ ગૌતમ સ્વામીને પ્રાર્થના કરીને ત્યાં જ સર્વવિરતિ-સાધુદીક્ષા સ્વીકારી લીધી ! સાધુદીક્ષા લઇ લીધી એટલું જ નહિ, પણ ૫૦૦ને પારણું કરતાં, ૫૦૦ને પ્રભુનું સમપસરણ જોતાં અને ૫૦૦ને પ્રભુની વાણીનો રણકાર સાંભળતાં ક્રમશ ૫૦૦-૫૦૦-૫૦૦ કેવળજ્ઞાન પણ પામી ગયા ! સરળતા નિખાલસતાદિ મૌલિક ગુણોની તૈયાર ભૂમિકાનો કેવો પ્રભાવ !

**સરળતા-નિખાલસતા પાયાનો ગુણ કેમ ?**

સરળતા-નિખાલસતા ગુણને શું સમજો છો ? આપણો જીવ આ સંસારમાં ભટકતો રહ્યો હોય તો આ ગુણને બદલે હઠાગ્રહ-આપમતિ વક્રતા ને ગુઢ હૃદયનાં કારણે જ. સારા સંયોગો તો અનંતીવાર મળેલા પરંતુ મૂળ પાયામાં સરળતા-નિખાલસતા નહિ એટલે ગુરુએ કહ્યું 'આ સંસાર નિર્ગુણ છે એને બહુ સાચવવા છતાં એ અંતે દગો જ દઇ જીવને દુર્ગતિમાં ધકેલે છે, માટે એની માયા મૂકી જિનેશ્વર ભગવાનનો ધર્મ આરાધો સંસારમાં રહેવું પડે ત્યાં સુધી પણ એ ધર્મ જીવને પુણ્યાઇ, સદ્‌ગતિ, ને સારી સામગ્રી આપે છે. અર્થ-કામ પણ ધર્મથી જ સિદ્ધ થાય છે, અને ધર્મથી અંતે મોક્ષ મળે છે, ને જનમ-મરણની વિટંબણાનો અંત આવે છે. પણ જોજો

**ધર્મ મોક્ષ માટે જ કરજો. નહિતર ધર્મથી પણ સંસાર ચાલુ રહેશે.**

ગુરુએ તો ઉપદેશ આપ્યો, પરંતુ સરળતા હતી નહિ, વક્રતા હતી, તેથી 'ધર્મથી સંસારનાં સુખ મળે, કંચન કામિની મળે,' એ માની લીધું પણ મોક્ષ ? મોક્ષની કશી જરૂર નથી, એમ કહી મલિન આશયે ધર્મ કર્યો. આત્માનું શું લીલું વળે ? આમ અનંતીવાર ધર્મ કરતા રહ્યા, અને છતાં સંસારમાં રખડતા રહ્યા ! પાપથી તો સંસાર ચાલે, પરંતુ ધર્મથી ય સંસાર ચલાવવાનો ?

જો સરળતા ગુણ હોત તો ગુરુએ કહ્યું સીધે સીધું દિલમાં ઉતારી લેત, અને ગુરુએ કહ્યા મુજબ એક માત્ર મોક્ષ માટે જ ધર્મ કરત, ને મોક્ષ માટે ધર્મ કરવા માંડ્યો એટલે તો સમજો જ કે મોક્ષ નિકટ કરવા માંડ્યો !

માટે તો **'અધ્યાત્મસાર'** નામના શાસ્ત્રમાં પૂ. ઉપા. શ્રી યશોવિજયજી મહારાજે દંભત્યાગનો પહેલો ગુણ મૂક્યો છે, કેમકે દંભ છે ત્યાં સુધી પોતાની લાલસાઓ ગુરુને જાણવા દે નહિ. ગુરુ આગળ સારો દેખાવ કરે, તેથી ગુરુ પાસેથી પોતાને સુધરવા માટે જરૂરી માર્ગદર્શન ન મળે, અને સારા દેખાવાના દંભમાં એવું ઊંધુ વેતરણ કરે કે જે સમ્યક્ત્વ તો નહિ કિન્તુ વૈરાગ્ય પણ ન આવવા દે. કહેશો-

પ્ર.-ચારિત્ર પાળે ને વૈરાગ્ય નહિ ?

ઉ.-હા, ચારિત્ર પાળે તે લોકસન્માન અથવા ભાવી દેવતાઇ સમૃદ્ધિ વગેરેની આશંસાથી પાળે, તે માયા એવી કે બીજાની દ્રષ્ટિમાં એ વિરાગીમાં ખપે ! પણ આમાં વિષય-વૈરાગ્ય ક્યાં આવે ?

**સરળ હોય એ ગુરુવચન તહત્તિ કરે -**

ત્યારે સરળ અને નિખાલસ હોય એ તો ગુરુ વચન તહત્તિ-શાસ્ત્ર વચન તહત્તિ કરી શક્ય સાધના શુદ્ધ દિલથી કરતો જાય. અત્યાર સુધી ભલે અજ્ઞાનતાથી સંસાર સુખમાં જ મહાલ્યો હોય, પરંતુ સરળ છે એટલે ગુરુનો યોગ્ય બોધ મળતાં તરત ઝીલી લે છે ! સાથે નિખાલસ છે એટલે પોતાના આત્માની સ્થિતિ ગુરુ આગળ યથાસ્થિત રજુ કરે છે. તેથી ગુરુ એના પર બરાબર લાગુ પડે એવી ધર્મ દવા આપે છે, ધર્મની એવી પ્રેરણા-પ્રોત્સાહન આપે છે સાધનાના યોગ્ય રાહ દેખાડે છે નિખાલસપણે ગુરુ આગળ પોતાના આત્મ દર્દ કહ્યા હોય તો જ આ મળે ને ? એમ સાધના કરતા કરતાં ય ભૂલ થાય, સ્ખલના થાય, મનમાં અસત્ વિચારેય આવી જાય, અને પોતાના મનથી યોગ્ય રાહ માની અયોગ્ય અનિચ્છનીય વર્તાયે ય કર્યા હોય, પરંતુ દિલ જો નિખાલસ હશે તો ગુરુની આગળ યથાસ્થિત ઇકરાર કરશે અને ગુરુ એને એવા નિખાલસ ઇકરાર માટે ધન્યવાદ આપી શુદ્ધિનું પ્રાયશ્ચિત્ત તથા હવે આચરવાના સુયોગ આચારનાં માર્ગદર્શન-પ્રેરણા-પ્રોત્સાહન આપશે એટલું જ નહિ પણ આની ભૂલના નિખાલસ ઇકરારના ગુણથી ગુરુ આકર્ષાઇ એના પ્રત્યે વધુ વાત્સલ્ય દેખાડશે ! કેવા મહાન લાભો !

પરંતુ આ મહાન લાભો ક્યારે મળે ? સરળતા અને નિખાલસતા હોય ત્યારે સરળતા નિખાલસતાં તો મિથ્યાત્વને કાઢીને માત્ર સમ્યક્ત્વ જ નહિ, પરંતુ ઠેઠ સર્વવિરતિ ચારિત્રના ગુણસ્થાનકે ચડાવી દે છે. જુઓ -

**ઇંદ્રનાગ તાપસ સરળતાથી મિથ્યામાર્ગમાંથી ખસી સીધું ચારિત્ર પામે છે.**

એકવાર ત્રિભુવન ગુરુ શ્રી મહાવીર પરમાત્મા જ્યાં સમવસર્યા હતા ત્યાં આ ઇંદ્રનાગ તાપસ છઠ્ઠ છઠ્ઠની, ૧૧ પારણે, સળંગ તપસ્યા કરતો હતો. લોક એવા આકર્ષાયેલા કે પારણા માટે જઇ જઇને વિનંતી કરે, પરંતુ કોઇનું આમંત્રણ એ માનતો નહિ, ને પારણું કરવા જ્યાં શેરીઓમાં જાય ત્યાં લોક એને આવકારવા ખડે પગે ઊભા રહેતા ! એમાંથી તાપસના મનમાં આવે તે એક ઘેર પ્રવેશ કરી પારણું કરી લેતો, અને પારણા માટે પ્રવેશે એટલે થાળી વાગતી, ને લોક જાણી લેતા કે 'હવે આપણને તાપસના પારણાનો લાભ નહિ મળે.'

હવે અહીં પ્રભુ સમવસર્યા, અને ભિક્ષાના સમયે ગૌતમ મહારાજને પ્રભુ કહે હમણાં સાધુ ગોચરી ન જાય. કેમકે ઇંદ્રનાગ તાપસ પારણા માટે નીકળે છે. એનું પારણું પતે પછી સાધુઓ ભિક્ષાર્થે જાય, પરંતુ તમે એક કામ કરો, તમે

જાઓ અને રસ્તા વચ્ચે ઊભા રહી ઇંદ્રનાગ તાપસ આવે એટલે એને કહો,

"ભો અણેગ પિંડિઆ ! તં અપિંડિઓ દટ્ઠુમિચ્છઇ"

અર્થાત્ "હે અનેકપિંડવાળા ! તમને પિંડ વિનાના મળવા ઇચ્છે છે."

ગૌતમ મહારાજ એ મુજબ જઇને રસ્તા વચ્ચે ઊભા. તાપસ આવ્યો એટલે એને એ પ્રમાણે સંભળાવ્યું. તાપસ સરળ ભદ્રક હતો એટલે એને લાગ્યું કે અનેક પિંડવાળા કરતાં પિંડવિનાના હોય તે સારા, તો લાવ એમને જઇને મળું ને જાણું કે હું એકજ ઘેર ભોજન લેનારો તે અનેક પિંડવાળા અર્થાત્ અનેક ઘરનાં ભોજન લેનારો શી રીતે ? અને આ મળવા ઇચ્છનાર એ પોતે પિંડ વિનાના જ કેવી રીતે ?

ઇન્દ્રનાગ પારણે જવાનું પડતું મૂકીને આવ્યો પ્રભુ પાસે ને પોતાની જિજ્ઞાસા જણાવે છે.

પ્રભુ સમજાવે છે કે "જો મહાનુભાવ ! તું ભલે એક જ ઘરનું ભોજન લે પરંતુ તારા માટે ઘર ઘર લોકોના મનને એમ હોય છે કે 'કદાચ અમારે ઘેર મહાતાપસ આવે તો અમને લાભ મળે,' તેથી તારા માટે ઘર ઘર આંધણ મુકાય છે. માટે તું અનેક પિંડવાળો કહેવાય. જ્યારે, અમારે તો અમારા માટે બનાવ્યું હોય તે ખપે જ નહિ, અમે એ લઇએ જ નહિ, કેમકે એ લેવામાં હિંસાની અનુમોદના થાય. અમે તો ગૃહસ્થોએ પોતાના માટે બનાવ્યું હોય તે જ લઇએ, એટલે એક જ ઘરમાં પણ અમારા માટે બનાવેલું અમારે ખપે નહિ. તો અનેક ઘરોમાં અમારા માટે બનાવવાની વાતે ય ક્યાં ? તેથી અમારે જાતે હિંસા કરવા કરાવવાની તો નહિ, પણ બીજાએ અમારે માટે હિંસા આરંભ-સમારંભ કરીને બનાવ્યું હોય તે લેવા દ્વારા હિંસામાં અનુમોદના કરવાનું થાય તે પણ અમારે નહિ ! એટલે અમારે માટે રાંધી તૈયાર કરેલ એક પણ પિંડ ખપે નહિ. એ હિસાબે અમે અપિંડિક કહેવાઇએ."

પ્રભુની આ સમજુતી સાંભળી ઇન્દ્રનાગ સજ્જડ થઇ ગયો ! સરળ હતો તેથી વાણી એના દિલમાં સોંસરી ઊતરી ગઇ. એને ભારે ખેદ થયો કે 'અરેરેરે ! મેં સંસાર છોડી સંન્યાસ તો લીધો, છતાં આજ સુધી મારા માટે કેટલીયવાર કેટકેટલા ઘરે આંધણ મુકાયા ! એમાં મારા માટે કેટલી બધી ઢગલો હિંસા થઇ ! આમાં ક્યાં મારો સંસાર-ત્યાગ થયો ? ક્યાં પાપથી બચ્યો ?'

પ્રભુએ આગળ કહ્યું કે "હે ભાગ્યવાન ! આમ અનેક પિંડિક બનવાનું

કારણ તેં હિંસા-ત્યાગની જીવનભર માટે ત્રિવિધ ત્રિવિધે ત્યાગ કરવાની પ્રતિજ્ઞા કરી નથી એ. સમજજે કે આપણે જાતે હિંસા ન કરતા હોઇએ, છતાં એ હિંસા ન કરવાની પ્રતિજ્ઞા કરી નથી અર્થાત્ હિંસાની વિરતિ નથી કરી, તો પણ આપણા માથે અ-વિરતિ પાપનો ભાર છે. એ ભારથી બચવા માટે હિંસા સર્વથા કરું નહિ કરાવું નહિ અનુમોદું નહિ, તે પણ મનથી નહિ, વચનથી નહિ, ને કાયાથી કરું નહિ, કરાવું નહિ, અનુમોદું નહિ, એવી પ્રતિજ્ઞા સાથે હિંસા ત્યાગ એટલે કે હિંસાદિ સર્વ પાપોની વિરતિ કરી લેવાથી જ પાપના ભારથી બચાય !''

ઇન્દ્રનાગ સરળ હતો, નિખાલસ હતો, તેથી પ્રભુની વાણી ઝીલી લીધી ! ને ત્યાં ને ત્યાં પ્રભુની પાસે સર્વ પાપત્યાગ યાને સર્વવિરતિ દીક્ષા લઇ લીધી.

**સરળતા-નિખાલસતાએ ઇન્દ્રનાગ તાપસને કેટલો ઊંચો ચડાવી દીધો ! મિથ્યાત્વમાંથી કાઢી ઠેઠ છઠ્ઠા ગુણઠાણે મૂકી દીધો !**

સરળ-નિખાલસને આવા અનેક લાભ મળે છે, માયાવીને નહિ, સરળ-નિખાલસ હોય એ લોકપ્રિય બને છે, માયાવી નહિ.

જેટલી લોકપ્રિયતા નિખાલસ માણસ મેળવે છે, એટલી માયાવી મુત્સદી માણસ લોકપ્રિયતા પામતો નથી. કહેશો-

પ્ર.-લોકપ્રિય ન થવાય તો શું બગડી ગયું ? મુત્સદીગીરીથી બીજા સ્વાર્થના લાભ મળે ને ?

ઉ.-અહીં સમજવા જેવું છે.

**સ્વાર્થના લાભ મળવાનું તો પુણ્યને આધીન છે. મુત્સદીગીરીને આધીન નહિ.**

પુણ્ય પાધરું હોય તો કદાચ મુત્સદગીરી કુહાડીના હાથાની જેમ નિમિત્તરૂપ બની જાય, ને લાગે કે મુત્સદીગીરીથી સ્વાર્થલાભ મળ્યો. પરંતુ માણસ અજ્ઞાન દશામાં મુત્સદગીરીથી લાભ મળ્યાના વિશ્વાસે રહી આગળ બધે મુત્સદગીરી લડાવવા જાય છે, ને બધે તેમજ બધી વખતે પુણ્ય પાધરું નથી હોતું, તેથી કર્મની ક્યાંક જબરદસ્ત થપાડ એવી ખાય છે કે જે પૂર્વના બધા લાભના ઉપર બધા આનંદ ઉપર કૂચડો ફેરવી દે છે ! નિખાલસને આ વિટંબણા નહિ.

**માયાનાં મહાનુકશાન :-**

પરંતુ માયા-મુત્સદીગીરીમાં મોટું નુકશાન એ છે કે સામાના દિલમાં અભાવ તિરસ્કાર વગેરે અશુભ ભાવો જાગે છે. એથી સામો માણસ કેટલાય કર્મ બાંધે છે, તેમ પોતે પણ માયા-મુત્સદીગીરીમાં એની અફસોસી હોતી નથી એટલે સમકિત ગુમાવે છે ! ને કદાચ સમકિત ન પામ્યો હોય, મિથ્યાત્વ હોય, તો તે મિથ્યાત્વને દઢ કરે છે ! ને પાપકર્મો જાલિમ બાંધે છે ! તેમજ પરભવે દીર્ઘકાળ ચાલે એવા દુ:ખદ અશુભ અનુબંધો ઊભા કરે છે, જે ભવોભવ હલકા પાપિષ્ઠ ભવો આપે છે ! તો કહો, મુત્સદગીરીના આ ભયંકર નુકસાનોની સામે પેલા દુન્યવી તુચ્છ લાભ શી વિસાતમાં ?

ત્યારે, નિખાલસ સરળ માણસને (૧) આ ભયંકર નુકસાનો જોવાનાં નહિ. (૨) પાપઘૃણાથી સમકિત ગુમાવવાનું નહિ. (૩) પાપાનુબંધો ઊભા કરવાના નહિ. (૪) બીજાઓને દિલમાં સૂગ-અભાવ-તિરસ્કાર ઊભા કરવાના નહિ.

રાણી પૃથ્વીસેના સરળ અને નિખાલસ હતી, તેથી લોકપ્રિય હતી, જો જો એ દીક્ષા લેતાં લોકોની આંખમાંથી આંસુ પડાવે છે ! એની સરળતા અને નિખાલસતાએ ગુરુની વાણી એના હૃદયમાં આરપાર ઉતારી દીધી મહાવૈભવમાં પણ મહાવૈરાગ્ય જગાવી દીધો ! આમાં બીજો પણ એક ગુણ કામ કરી ગયો, ને તે છે પ્રજ્ઞા-પનીયતા.

**પ્રજ્ઞાપનીયતાના મહાન લાભ :-**

'પ્રજ્ઞાપનીયતા' એટલે પ્રજ્ઞાપના યાને સમજુતી સદ્બોધ ઝીલવાની યોગ્યતા. માણસ કોઇ વાતમાં ભૂલતો હોય, પણ પોતે સમજતો હોય કે 'હું ભૂલ નથી ખાતો, હું બરાબર કરું છું', તો ત્યાં કોઇ જો એને ભૂલ સમજાવો તો તરત સમજી જાય અને શક્ય હોય તો ભૂલ સુધારી નાખે, એ પ્રજ્ઞાપનીય કહેવાય, અથવા સદ્બોધનો તીવ્ર ઇચ્છુક હોય તે પણ પ્રજ્ઞાપનીય કહેવાય.

ત્યારે પ્રજ્ઞાપનીય ન હોય એને ઘણું ઘણું સમજાવો તો ય પોતાની ભૂલ સમજે જ નહિ, સારી વાત એના ગળે ઊતરે જ નહિ. આપમતિની કલ્પનાથી સમજેલું પકડી રાખે પણ સમ્યગ્બોધને ગ્રહણ ન કરે, એની તૈયારી જ ન હોય.

પ્રજ્ઞાપનીયતા એ મહાન લાભદાયી ગુણ છે. હિતૈષી સારી સાચી વાત કરે એ આ ગુણવાળાને જલદી ગ્રાહ્ય બને છે, કેમકે પ્રજ્ઞાપનીયતા ગુણના યોગે એ

સારી સાચી વાત એને સમજાઇ જાય છે, તે ઝટ એના દિલમાં ઊતરી જાય છે, જચી જાય છે. સાચા પર વિશ્વાસ બેસી જાય છે. આવા ગુણવાળાને શાસ્ત્ર 'પન્નવણિજ્જ' તરીકે ઓળખાવે છે. આવા હતા ૧૫૦૦ તાપસ, તેથી ગણધર ભગવાન શ્રી ગૌતમ સ્વામીજી મહારાજની વાત એમના દિલમાં તરત જચી ગઇ, એના પર વિશ્વાસ બેસી ગયો અને તરત એ સ્વીકારી લીધી કે 'બાપજી ! તમારી વાત સાચી છે, ને અમે એ સ્વીકારી લઇએ છીએ કે એમ જ વસ્તુ છે, ને અમારે એમ જ કરવું છે, એમણે માત્ર હૃદયથી સ્વીકાર્યું એમ નહિ કિન્તુ એને અમલમાં લાવ્યા ત્યાં ને ત્યાં કેશનો લોચ કરી નાખી સાધુવેશ રજોહરણ લઇ લીધાં ! અને ચારિત્ર ઉચ્ચરી લીધું !

૧૫૦૦ તાપસો કેવા સારા પન્નવણિજ્જ ! કેવા સારા પ્રજ્ઞાપનીય ગૌતમસ્વામીજી મહારાજના કહેવા મુજબ સર્વ પાપત્યાગની પ્રતિજ્ઞા યાને સર્વ-વિરતિ લીધા પછી પણ કષાયોને મૂળથી કેવા મારી હટાવવાના છે, એ માટે વીતરાગ ભગવાનનું કેવું અભેદ પ્રણિધાન કરવાનું છે, એ માટે કેવો દેહાધ્યાસ-દેહમમતા અને અહંત્વનો નાશ કરવાનો છે......વગેરે વગેરે વાતો પણ સમજીને ગળે ઊતારી લીધી છે, હૈયામાં ઠસાવી દીધી છે. આ બધો પ્રજ્ઞાપનીયતા ગુણનો પ્રભાવ, જેના યોગે ઠેઠ કેવળજ્ઞાન સુધી પહોંચી જાય છે ! ત્યારે પ્રશ્ન થાય

**ગૌતમસ્વામી ખુદ મહાપ્રજ્ઞાપનીય, તો એમને ઝટ કેવળજ્ઞાન કેમ નહિ ?**

પ્ર.-શું ગૌમતસ્વામીજી મહારાજ પોતે એવા પ્રજ્ઞાપનીય નહિ ? શું એમને ગુરુ મહાવીર પ્રભુએ એ બધું સમજાવ્યું નહિ હોય ? સમજાવ્યું જ હશે ત્યારે તો અહીં એજ વસ્તુ પોતે તાપસોને સમજાવી શક્યા છે. પોતે એ દિલમાં જચાવી પણ હશે, તો પછી એમને કેમ કેવળજ્ઞાન ઝટ નહિ થયું ?

ઉ.-વાત સાચી, શ્રી ગૌતમસ્વામી મહારાજામાં તો મોટો પ્રજ્ઞાપનીયતા ગુણ હતો એટલે તો અલબત્ત પ્રભુ સાથે મૂળ એ વાદવિવાદ કરવા આવેલા છતાં પ્રભુના સમજાવ્યા તરત સમજી ગયા.

પ્ર.-તો પછી એમને તાપસોની જેમ એટલી બધી પ્રજ્ઞાપનીયતા છતે જલ્દી કેવળજ્ઞાન કેમ ન થયું ?

ઉ.-સરળતા-નિખાલસતા-પ્રજ્ઞાપનીયતા એ અલબત મહાપુરુષની હિતવાણી ઝીલવા માટે અને એને હૈયામાં ઓતપ્રોત કરવા માટે મહાન ભૂમિકારૂપ છે, કિન્તુ એ વાણી જીવનમાં અમલી બનાવવા માટે ઊંચા આંતરિક પુરુષાર્થની

યાને ઊંચા વીર્યોલ્લાસની પણ જરૂર છે. તાપસોનો એ આંતરિક વીર્યોલ્લાસ વધી ગયો, અત્યંત જોરદાર બની ગયો, તેથી એમણે ગણધર-વાણીને પૂરેપૂરી ઉત્કૃષ્ટ રીતે અમલી બનાવી દીધી. ત્યારે ખુદ ગણધર ભગવાન શ્રી ગૌતમસ્વામીજી મહારાજને એવો ભગીરથ આંતરિક પુરુષાર્થ જલ્દી થયો નહિ, એટલો જોરદાર વીર્યોલ્લાસ જલ્દી પ્રગટ્યો નહિ, તેથી જલ્દીમાં કેવળજ્ઞાન થયું નહિ

**આમ ગૌતમસ્વામીને આંતરિક જોરદાર પુરુષાર્થની ખામીએ ખામી રહી બાકી તાપસોની જેમ પ્રજ્ઞાપનીયતામાં ખામી નહિ.**

નવી રાણી પૃથ્વીસેનામાં પ્રજ્ઞાપનીયતાનો મહાન ગુણ હતો તેથી મુનિની દેશના સાંભળવા મળતાં અંતરમાં વૈરાગ્ય જળહળી ઊઠયો ને સંસાર તજવાની ભાવના કરે છે.

આપણને મહાપુરુષની વાણી કે શાસ્ત્રવાંચન એવા ચમકાવી ન દેતા હોય, વૈરાગ્ય એવો જ્વલંત ન બનાવતું હોય, તો સમજવું જોઇએ કે આપણામાં પ્રજ્ઞાપનીયતા ગુણની ખામી છે. તેથી વાણી આપણા હૃદયને વીંધી નાખતી નથી.

**દાક્ષિણ્ય-ગુણ :-**

પ્રજ્ઞાપનીયતા ગુણની જેમ દાક્ષિણ્ય પણ આત્માના ઉત્થાનમાં સુંદર કામ કરી જાય છે. દાક્ષિણ્ય ગુણ મન પર ભાર લાવે છે કે 'મારા વડિલ, મારા ઉપકારી મને કહે છે ને હું ન માનું ? ન માનું તો મેં વડિલની શરમ અદબ શી રાખી ?

માતાપિતાના દાક્ષિણ્યથી નાના છોકરા બાલવયે ખોટા લલચાઇ જતા બચે છે. 'મારી માએ મને ના કહી છે કે પાડોશના ઘરમાં ગમે તેવું ખાવા આપે તે ન લેવાય નહિતર આપણે ભિખારડા ગણાઇએ', આ એના મન પર છે, માતાનું માથે દાક્ષિણ્ય છે પણ તેથી એ પાડોશી ગમે તેવું લલચાવે, આગ્રહ કરે, ખાવાની વસ્તુને અડશે ય નહિ, મહેમાન આવ્યા પૈસા આપે તો બાળક માતાના દાક્ષિણ્યથી લેશે નહિ.

દાક્ષિણ્યથી ક્ષુલ્લકમુનિ સાધ્વીમાતા, એમના ગુરુણી, તથા આચાર્ય મહારાજે માગેલા ૧૨-૧૨ વરસ ચારિત્રમાં ટકી ગયા, તો અંતે ચારિત્રમાંથી પતન પામતા અટકી ગયા.

**જે સાધુના માથે ગુરુનું દાક્ષિણ્ય હોય છે, એ ઘણા અનર્થોથી બચી જાય છે.**

દાક્ષિણ્ય નહિ હોય ને કોઇ ભગત આવ્યો તો ગુરુના દેખતાં એની સાથે વાતોમાં પડી જશે. પછી એ ભગત બાહ્યની કેટલીય વાતો કુથલી કરશે એના રાગ

ને દ્વેષમાં પડશે, પાપમાં સંમતિ પણ આપી દેશે. દા.ત. પેલાએ વાતમાં કહ્યું 'સાહેબ ! છોકરી મોટી થઇ પરણાવવી તો પડે ?' ત્યાં સાધુ હુંકારો ભણશે ! એવી હિંમત ક્યાંથી લાવવી કે એમ કહી દેવાય કે ''આમ પૂછીને તમારે દીકરીને લગનમાં અને એના સંસારભોગમાં અમારી સંમતિ જોઇએ છે ? સાધુ આગળ આવી વાત કરાય ? વળી છોકરીને પરણાવવી જોઇએ ? કે પહેલેથી ચારિત્ર માર્ગે ચડાવવાના સત્સંગ અને સંસ્કાર આપવા જોઇતા હતા ?' આવું આવું કહી દેવાની હિંમત ક્યાંથી લાવવી ? એટલે પછી કેમ ? તો કે પાપમાં સંમતિનો હુંકારો ભણવાનું થાય.

આવા કેઇ અનર્થ ભગત સાથેની વાતોમાં માથે લેવાનું થાય છે. વાતોમાં ઇષ્ટ-અનિષ્ઠ કેટલીય વાત વસ્તુ આવે. વાતનો રસ છે એટલે ઇષ્ટ પર રાગ અને અનિષ્ટ પર દ્વેષ થવાના. કેમ ? મૂળમાં, ગુરુનું દાક્ષિણ્ય માથે રાખ્યું નથી એટલે ભગતને લઇ બેસાય છે ને વિકથામાં પડાય છે. દાક્ષિણ્ય હોય તો પહેલેથી જ ભગતને કહી દે 'અહીં મારી પાસે નહિ બેસવાનું. ગુરુજી પાસે બેસો.'

પૃથ્વીસેનામાં દાક્ષિણ્ય છે એટલે મનને એમ થાય કે 'ગુરુજી કહે છે, ને હું ન સ્વીકારી લઉં ?' ઉપદેશ એ જ હતો કે-

**'આ સંસાર પાપ ભરેલો છે. માટે એને છોડો'.**

બસ, 'ગુરુજી સંસાર છોડવાનું કહે છે. મારે આવા મહાન ગુરુની વાણી સ્વીકારી લેવી જોઇએ.' આ દાક્ષિણ્યથી ગુરુવચન તહત્તિ કરવાનું બન્યું.

આમાં સત્પુરુષ ઉપર બહુમાનનો પણ મહાન ગુણ છે.

**સત્પુરુષ પર બહુમાનનો ગુણ :-**

આપણા દિલમાં સંત પુરુષો ઉપર બહુમાન હોય બહુ આદરભાવ હોય એ પણ સારી વસ્તુ પમાડનારો બને છે. અરે ! સંતપુરૂષની વાણી તો પછી પણ સંત પુરુષનું જીવન અસર કરી જાય છે. એમના પર આપણને હૈયામાં ઘણું માન છે એટલે આપણાં મનને એમ થાય કે 'અરે ! આ આવી તપસ્યા કરે છે ! આવી ક્ષમા રાખે છે ! આવા ત્યાગી છે ! તો હું મારા જીવનમાં એમાનું કાંઇ પણ ન લઉં ?'

શાલિભદ્ર દીક્ષા લઇને નીકળ્યા પછી અત્યંત સુકોમળ અને રંગરાગમાં મહાલેલા શરીરે પણ શી રીતે કઠોર તપના માર્ગે ચડી ગયા હશે ? કહો સંત પુરુષ મહાવીર પ્રભુ પરના અત્યંત બહુમાનને લીધે એ વિચાર્યું કે 'મારા મહાવીર પ્રભુએ

સાડા બાર વરસમાં સાડા અગિયાર વરસ જેટલા ઉપવાસ કર્યા, તો શું હું રોજ ખાતો બેસું ?' શાલિભદ્ર-ધનાજીએ વગર ઉપદેશે, પ્રભુના જીવનની અસર લીધી, અને એવા ઘોર તપમાં ચડી ગયા કે ફરીથી પોતાના નગર રાજગૃહીમાં આવ્યાં ને પોતાના આંગણે ગોચરી અર્થે જઇ ઊભા તો એમના હાડપિંજરશા દેહને ઘરે માણસો ઓળખી શક્યા નહિ કે આ તો અમારા એક વખતના માલિક પધાર્યા છે !

**સંત પુરુષ પર અતિ બહુમાન હોય તો આપણા જીવનમાં સંતને અગ્રણી સ્થાન અપાય.**

બહુ ખટાવતા શેઠ પર અત્યંત બહુમાન હોય છે તો કેમ વાતવાતમાં 'મારા શેઠ, મારા શેઠ' એમ શેઠને અગ્રસ્થાન અપાય છે ! કેટલાકને પત્ની પર બહુમાન હોય છે. તો વાતવાતમાં પત્નીને 'અમારા ઘરેથી, અમારા ઘરેથી' એમ આગળ કરે છે. દાન દેવું હશે તો પત્નીને પૂછશે, તપ કરવો હશે તો એને પૂછશે, વ્રત નિયમ લેવા હશે તો એને પૂછશે. પૂછશે એટલું જ નહિ, પણ પછી એની સલાહ મુજબ જ ચાલશે. ગુરુ પર એવું બહુમાન નહિ, એટલે માનશે કે 'ગુરુ તો કહે, પરંતુ પત્નીની સલાહ હોય તો ગુરુનું કહેવું કરાય.' પરંતુ એને ખબર નથી કે

**સંસારનાં સ્વાર્થી સગા પરનાં બહુમાન મારણહાર છે, સંત પુરુષ પરનાં બહુમાન તારણહાર છે.**

એ તો રાજા પ્રદેશી પ્રાણપ્રિય રાણી સૂર્યકાન્તા પરનાં બહુમાનમાંથી સંત પુરુષ કેશી ગણધર મહારાજનાં બહુમાન પર આવ્યો, તો પરમ નાસ્તિક મટીને પરમ આસ્તિક બન્યો ! એવો આસ્તિક કે સંત પુરુષનાં બહુમાનથી એમનું વચન વારંવાર યાદ કરે છે-

**'મા ણં પએસી ! સુંદરો ભુચ્ચા અ-સુંદરો હોહિસી'**

અર્થાત્ હે પ્રદેશી ! તું સુંદર થઇને પછીથી અસુંદર ન થઇશ.

કેશી ગણધર મહારાજે આ કહેલું તે એટલા માટે કે તું આ ધર્મ પામતા પહેલાં પ્રજા પ્રત્યે કોઇપણ જાતના ભેદ વિના જે સર્વ સામાન્ય પરદુઃખભંજન હતો, દાનેશ્વરી હતો, તે હવે ધર્મ પામ્યા પછી પણ એ પરદુઃખભંજનતા છોડીશ નહિ, દાન-પ્રવાહ બંધ ન કરીશ કે આ તો અપાત્ર કહેવાય એને શેનું દાન દેવાનું ? એવો ભેદ કરીને દાનનો પ્રવાહ સંકુચિત ન કરીશ, નહિતર જૈનધર્મની હાંસી થશે, લોક કહેશે-જુઓ એ જૈનધર્મ પામ્યો એણે આ શીખવ્યું કે ગરીબના-અનાથના-દુઃખીનાં

દુઃખ દૂર કરવાનું હવે બંધ કર !' એમ લોક જૈનધર્મની પ્રત્યે સૂગ કરીને અભાવ કરીને દુર્લભબોધિ થાય. માટે હે રાજન્ ! જેવો પહેલાં પરગજુ પરોપકારી તરીકે સુંદર હતો, એવો પછી પણ બન્યો રહેજે.' આ ભાવથી ગુરુએ રાજા પ્રદેશીને કહેલું કે

'મા ણં સુંદરો ભુચ્ચા અ-સુંદરો હોહિસી'

અલબત સંત પુરુષ-ગુરુનાં આ વચનને એમના પરનાં અતિ બહુમાનથી રાજાએ પરગજુ-પરદુઃખ ભંજકપણામાં તો લાગુ કર્યું, પરંતુ જ્યાં સૂર્યકાન્તા રાણીએ દગો કરી રાજાને ઝેર આપ્યું, તો ત્યાં પણ સંતના અત્યંત બહુમાનથી એજ ગુરુવચન યાદ કરે છે-

''મા ણં પએસી સુંદરો ભુચ્ચા અ-સુંદરો હોહિસી''

અર્થાત્ ''હે પ્રદેશી ! તું સમકિતધારી-વ્રતધારી-ધર્માત્મા તરીકે સુંદર બન્યો છું, તો હવે પ્રાણપ્રિય કરેલી રાણી ઝેર દે છે, તો પણ એના પર અ-સુંદર ન થઇશ, ક્ષમાશીલને બદલે દ્વેષ-ગુસ્સાવાળો ન બનીશ, સમતાને બદલે 'હાય હાય ! આ શું થઇ ગયું ! હાય ! મારે આમ મરવાનું ?' આવી વ્યાકુળતા અસમાધિ ન કરીશ.'' બસ, તો ભગવાનના ધર્મમાં શ્રાવક તરીકે સુંદર બન્યા છીએ તે પકડી રાખવાનું

**જીવનમાં દિવાદાંડી -**

'મા ણં પએસી ! સુંદરો ભુચ્ચા અ-સુંદરો હોહિસી'

આ સૂત્ર જીવનમાં ખૂબ જ ઉપયોગી છે, ખૂબ જ આત્મરક્ષક છે, એક દીવાદાંડી છે એમ સમજો. કેમકે જ્યાં ક્યાંય એક ખોટો વિચાર ક્રોધાદિ કષાયનો આવ્યો કે દુન્યવી કોઇ ઇષ્ટ-અનિષ્ટ વિષયનો વિચાર પણ આવ્યો, ત્યાં આ સૂત્ર શુકનીઓની ચેતવણી ઉચ્ચારે છે. સૂત્ર યાદ કરી મનમાં લાવવાનું કે,

''હું અહીં જૈનકુળમાં જન્મીને જૈનધર્મ પામ્યો છું એટલે ધર્મી જીવ છું આસ્તિક છું, શ્રાવક છું, એ હું સુંદર બન્યો છું. પૂર્વ જન્મોમાં તો હું કેવો ય હોઇશ ? મારામાં કોઇ ધર્મનાં ઠેકાણાં કે ગુણના ઠેકાણાં નહિ હોય, ત્યારે અહીં હું જૈનધર્મી બન્યો એટલે સુંદર બન્યો. તો હવે મારાથી અ-સુંદર ન થવાય.

**હલકા વિચાર, કચરાપટ્ટી વિચાર, કે વિષય કષાયોના વિચાર કરવા એ અ-સુંદર થવાનું છે.**

**ઉમદા વિચાર કયા કયા ? :-**

ધર્મી જીવ માટે તો સુંદરતા એ કે ઉમદા જ વિચાર કરાય, ઉમદા જ ધોરણ

રખાય. (૧) પરમાત્માનાં જીવનના તેમજ (૨) મહાપુરુષોનાં જીવનનાં વિચાર કરાય. (૩) એમના આત્મપરાક્રમો અને (૪) ઉપકારોના વિચાર કરાય. (૫) શાસ્ત્ર-પદાર્થોના તેમજ (૬) મૈત્રી આદિ ને (૭) અનિત્યતાદિની ભાવનાઓના વિચાર કરાય આ બધું સુંદરતા છે. એમ

જીવનમાં દેવદર્શન-પૂજન, સાધુભક્તિ, દયા-દાન, શીલ-તપ, વ્રત-નિયમ, સામાયિક-પોષધ-પ્રતિક્રમણ વગેરે ધર્મના આચારો પાળતા હોઇએ એ સુંદરતા છે. એમ મુખેથી સ્તોત્ર-સ્તવન-સૂત્ર-ધર્મકથા વગેરે બોલતા હોઇએ એ સુંદરતા છે. 'જ્યારે હું ધર્મી જીવ તરીકે સુંદર બન્યો છું તો હવે મારે આવા આવા જ ઉમદા વિચાર, વાણી અને વર્તાવ રાખવા જોઇએ જેથી હું સુંદર બન્યો રહું. પાપના વિચાર, વાણી કે વર્તાવને બને તેટલા અટકાવતો જાઉં જેથી મારામાં અસુંદરતા ન આવે.

વિચારો, પ્રદેશી રાજા ધર્મ પામીને આવ્યા પછી રાણી સૂર્યકાન્તાને ધર્મની વાત ન ગમતી જોઇ એના પ્રત્યે રાજાને કેવા ભાવ થયા હશે ? શું મનને એમ ન થાય કે 'અરે ! મારી સાથે પ્રેમના બધા વર્તાવમાં સાથે રહેનારી આ, ધર્મના વિચાર અને પ્રવૃત્તિમાં સાથે નહિ ? કેવી સ્વાર્થિની ! કેવી નાલાયક ?' ના, આવું કાંઇ જ એના મનને થતું નથી. કારણ ? એ કેશી ગણધર મહારાજ પાસેથી ધર્મ પામી ગુણોથી સુંદર બન્યો છે, અને સુંદર થયા પછી હવે અ-સુંદર ન બનવાનો ગુરુનો આદેશ છે. એટલે જ અહીં ક્ષમા, ઉદારતા અને તત્ત્વદ્રષ્ટિ રાખી છે. હજી આ બિચારી સૂર્યકાન્તા રાણી ગયા જનમમાં ધર્મની નિશાળે નહિ બેઠી હોય, તેથી અહીં ધર્મના ઉપલા કલાસમાં શી રીતે આવી શકે ? શી રીતે મારા ધર્મને વધાવી શકે ? કે અપનાવી શકે ?

બિચારી કર્મ પીડિત છે ! દયા ખાવા લાયક છે ! ભવાંતરે એનું શું થશે ? પ્રભુ ! પ્રભુ ! એને સદ્બુદ્ધિ મળો.

**મારે તો મારો ધર્મ આત્મસાક્ષિક છે, સ્વાત્મ-સાપેક્ષ છે.**

**બીજા એને વધાવે-અભિનંદે, એની કિંમત કરે, તો જ મારામાં ધર્મ આવે, નહિતર નહીં, એવું નથી.**

**ફક્ત મારા દિલમાં વૈરાગ્ય-મૈત્રી આદિ ભાવ સાથે દેવાધિદેવ અને ગુરુને રાખું એટલું જ બસ છે.**

પછી તો ધર્મ મારા હૈયે વસવા માટે સ્વતંત્ર છે. એમ ધર્મ એ દેવ-ગુરુ અને મારા આત્માની જ અપેક્ષાએ સિદ્ધ હોઇ એને રાણીના આવકારની કોઇ અપેક્ષા નથી. મારે તો ધર્મની રુએ રાણી પ્રત્યે સહિષ્ણુ અને દયાળુ જ બન્યા રહેવાનું. રાણીનું ભલું થાઓ.

આ સુંદરતા રાજા પ્રદેશીએ જાળવી રાખેલી, તેથી જ જ્યારે એના પર રાણીએ ઝેરનો પ્રયોગ કર્યો, ત્યારે પણ રાણી પ્રત્યે ક્ષમા-સહિષ્ણુતા અને દયા જ રાખી, અને પોતે પોતાના માટે તો આત્મધ્યાનની સુંદરતા જ જાળવી.

**પ્રદેશીનું આત્મધ્યાન શું ? :-**

આત્મધ્યાન આ કર્યું-જગતના સમસ્ત જીવોની ક્ષમા માગી લાગી, પોતાના જન્મ-જન્માંતરના હિંસાદિ દુષ્કૃત્યોની પ્રતિક્રમણ-ગર્હા-નિંદા કરી લીધી, સુકૃતોની અનુમોદના કરી, ને વ્રતોનું પુનરુચ્ચારણ કરી લઇ અરિહંતાદિ ચાર શરણ સ્વીકારી લીધાં, અને પંચપરમેષ્ઠી નમસ્કાર મંત્રના ધ્યાનમાં ચડી ગયા.

કેશી ગણધર મહારાજે ધર્મ પમાડ્યો ત્યારે ભવસ્થિતિ પરિપાક કરવા આ સુંદરતા આપી હતી કે (૧) રોજ ત્રિકાળ, અને સંકલેશ વખતે વારંવાર ચાર શરણનો સ્વીકાર, (૨) દુષ્કૃત-ગર્હા અને (૩) સુકૃતાનુમોદના કર્યા કરવી, તેમજ (૪) સર્વ જીવો પ્રત્યે સ્નેહ-મૈત્રીભાવ, (૫) દ્રવ્યથી કે ભાવથી દુઃખિત જીવોની પ્રત્યે દયાભાવ, (૬) ગુણીના ગુણ પ્રત્યે પ્રમોદભાવ-અનુમોદના, તેમજ (૭) પરદોષોની પ્રત્યે અત્યંત ઉપેક્ષાભાવ રાખવો, ને (૮) પરમેષ્ઠિનાં આલંબને હંમેશાં સમાધિ જાળવવી.

આ સુંદરતાથી સુંદર બનેલો પ્રદેશી હવે રાણીના વિષ પ્રયોગથી અંતકાળ પર આવી ઊભો છે, તો એ બધી સુંદરતા મૂકી અ-સુંદર શાનો બને ? ગુરુ વચન યાદ છે-'મા ણં પએસી ! સુંદરો ભુચ્ચા અ-સુંદરો હોહિસી.' એણે સુંદરતા બરાબર સાચવી સમાધિ-મરણ પામી દેવલોક સાધ્યો.

જીવનમાં આ કેશી ગણધરનું વચન બરાબર યાદ રાખવા જેવું છે, તેથી ધર્મી તરીકે સુંદર બન્યા પછી ગમે તેવા દુષ્ટ અનિષ્ટ પ્રસંગોમાં અ-સુંદર ન થઇએ. પ્રસંગ સંતપુરુષ પર બહુમાન ગુણનો ચાલતો હતો પ્રદેશી રાજા સંતપુરુષ કેશી ગણધર પરના અતિ બહુમાનથી એમના 'મા ણં પએસી...! વચનને યાદ રાખી, વચન પર આદર કરી, સમતા-સમાધિમાં મર્યા, ને પહેલા દેવલોકમાં સૂર્યાભ વિમાનનો માલિક દેવતા થયો.

**સંતપુરુષ પરનું અત્યંત બહુમાન કેવુંક તારણહાર !**

**આંતરિક ભગવદ્-બહુમાન વગેરે એ પુરુષાર્થની વસ્તુ છે.**

આ ખાસ ધ્યાનમાં રાખવાનું છે. તો જ બહુમાન એની મેળે આવી જશે એમ નિષ્ક્રિય બેસી ન રહેતાં આંતરવીર્યોલ્લાસ જગાડીને ભગવદ્-બહુમાન ઊભું કરાય અને અધિકાધિક વધારતા જવાય, તે એવું કે પછી એની સામે જગતના સગાવહાલા પરના માન નહિવત્ થઇ જાય.

એમાં નિયમ નથી કે 'ભણેલો જ ભગવદ્-બહુમાન વગેરેનો વધારે સત્પુરુષાર્થ કરી શકે અને ઓછું ભણેલો એટલો સત્પુરુષાર્થ ન કરી શકે.' જુઓ મહાવીર પ્રભુના પરિવારમાં ગૌતમ-સુધર્મા ગણધરો ઉત્કૃષ્ટ ભણેલા હતા, પરંતુ એ કેવળજ્ઞાન નહોતા પામ્યા, અને એટલું નહિ ભણેલા ૭૦૦ મુનિઓ અને ૧૪૦૦ સાધ્વીજીઓ વીતરાગ બની કેવળજ્ઞાન પામી ચુક્યા હતા, એવું જ અહીં છે. ૧૫૦૦ તાપસોનો ભગવદ્ બહુમાનનો અને રાગાદિ દોષોને ખત્મ કરવાનો આંતરિક પુરુષાર્થ વધી ગયો, તો ગુરુ ગણધર ગૌતમસ્વામીને છદ્મસ્થતાની ધરતી પર રહેવા દઇ, એ વીતરાગતાના આસમાનમાં વિહરતા થઇ ગયા ! પ્રજ્ઞાપનીયતા ગુણની સાથે રાગાદિ નષ્ટ કરવાનો પુરુષાર્થ વધી ગયો. ગૌતમ મહારાજનાં પ્રજ્ઞાપનીયતા વગેરે ગુણો ઉચ્ચ કોટિના, પરંતુ પછી રાગાદિને નિર્મૂળ કરવાનો આંતરિક પુરુષાર્થ એટલો હજી નથી વિકસ્યો તે હજી વીતરાગ સર્વજ્ઞ નથી બન્યા, ને હમણાંના દીક્ષિત તાપસો સર્વજ્ઞ બની ગયા !

આજે દેખાય છે ડીગ્રી સમાન ધરનારાઓમાં પણ કેટલાક વધુ પુરુષાર્થ ખેડી આગળ આવી જાય છે, ત્યારે એવા પુરુષાર્થ વિનાના પાછળ રહી જાય છે. બાપના બે દીકરાઓમાં પણ પુરુષાર્થની તરમતાએ એક આગળ વધી જતો, સમાજમાં આગેવાન થઇ જતો, અને બીજો પાછળ રહી જતો દેખાય છે ને ? મુનિઓમાં પણ કોઇક ઓછું ભણેલા છતાં આંતરિક ભગવદ્ બહુમાન અધ્યાત્મભાવ, યોગ-સાધના, અને ધ્યાન-સ્થિરતાના જોરદાર આંતરિક પુરુષાર્થથી મહાન યોગી જેવા બની જાય છે. આ અધ્યાત્મભાવ અને યોગ-ધ્યાનના પ્રબળ પુરુષાર્થના લીધે એમનામાં સમતાગુણ ઉપશમ-પ્રશાંતતા ગુણ એટલો બધો ખીલ્યો હોય છે કે જાણે ચોથા આરાના જ સાધુ જોઇ લ્યો ! તપસ્યા કરનારાઓમાં પણ આ તરતમતા દેખાય છે કે કેટલાક તપસ્વી ખૂબ જ શાંત પ્રકૃતિના અને સમતાભાવવાળા દેખાય છે, ત્યારે

કેટલાક તપસ્વીમાં ગુસ્સો-ધમધમાટ-અભિમાન હજી જીવતા હોવાનું દેખાય છે. કેમ આ તફાવત ? કહો,

**કષાયો દાબવાના આંતરિક પુરુષાર્થમાં તફાવત છે. તેથી બંને તપ કરનારા છતાં એક કષાયી, ને બીજો શાંત ઉપશાંત સમતાધારી છે.**

**આંતરિક પુરુષાર્થની તરતમતાએ ગુણમાં તફાવત પડે, એ જો ખ્યાલમાં રહે, તો (૧) બીજામાં ગુણની ઓછાશે એના બાહ્ય તપને નિંદવાનું ન થાય, (૨) પોતાનામાં બાહ્ય તપ આદિની ઓછાશે ગુણ વૃદ્ધિમાં સુસ્ત ન રહેવાય.**

(૧) બીજામાં ક્ષમાદિ ઓછા જોઇ જ્ઞાન-તપ-ચારિત્ર-વ્રત-નિયમ વગેરેને નિંદવાનું ગાળ દેવાનું મન ન થાય,

(૨) પોતાની પાસે એવા ઉચ્ચ કોટિના બાહ્ય જ્ઞાન-તપ-ચારિત્ર-વ્રત-નિયમ નહિ, છતાં પણ ઉચ્ચ કોટિના આભ્યન્તર ક્ષમાદિ ગુણના અને શુભ ભાવના આંતરિક પુરુષાર્થ વિકસાવી શકાય.

આમાં પહેલી વાત જુઓ. અબુઝ માણસો કેટલીકવાર કોઇ જ્ઞાનીને અભિમાન કરતો જોઇ ભભૂકી ઊઠે છે કે 'જુઓ, આ ભણેલા ! આટલું બધું ભણેલા છતાં અભિમાન કરવા જોઇએ છે ! અથવા 'જુઓ આ તપસ્વી ! તપ તો કરે છે, પણ ગુસ્સાખોર કેટલા બધા છે !' અથવા જુઓ આ સાધુ થયા છે, પણ ક્રોધનો પારો દોઢ ખાંડી છે ! શા એમના જ્ઞાન ? શા તપ ? શા ચારિત્ર ?' આ શું કર્યું ? કષાયો દાબવાના આંતરિક પુરુષાર્થના વાંકે તેવી ક્ષમા-સમતા નહિ હોઇને પુરુષાર્થને દોષ દેવાને બદલે જ્ઞાન-તપ-ચારિત્રને દોષ દીધો ! ને એને કિંમત વિનાના ગણ્યા ! એ જ્ઞાન-તપ-ચારિત્રને ગાળ જ દીધી ને ?

**ગુણની ખામી જોઇ સાધનાને વખોડશો નહિ.**

કયા કાર્યનું કયું કારણ ? એ જો બરાબર ખ્યાલમાં રાખ્યું હોત તો સમજત અને બોલત કે 'ભાઇનો જ્ઞાન-પરુષાર્થ, તપ-પુરુષાર્થ, ચારિત્ર-પુરુષાર્થ ઉત્તમ, પરંતુ કષાય-નિગ્રહ અને ક્ષમા-સમતાનો આંતરિક પુરુષાર્થ તેવો નહિ, તેથી ક્ષમાદિ ગુણનો એવો વિકાસ નથી દેખાતો. આંતરિક પુરુષાર્થ વિકસતાં ગુણવિકાસ આવશે. આવશે-આવશે અવસરે એ પણ આવશે.' આ વિવેક જોઇએ.

ભગવાન શ્રી મહાવીર પ્રભુ સર્વજ્ઞ હતા, જીવોના ગુણો અને આંતરિક ભાવો જાણતા હતા, છતાં એમણે કદી એમ ન કહ્યું કે 'જુઓ આ જે તપસ્યા કરનારા

ગુસ્સો કરે છે તો એમનો તે કાંઇ તપ છે ? જે જ્ઞાન ભણેલા છે એ ક્યાંક અભિમાન કે વિષયમાં આકર્ષાઇ જાય છે, એમનું તે કાંઇ જ્ઞાન છે ? ચારિત્ર પાળવા છતાં ક્રોધ-અહંત્વ-અભિમાન કરવા જોઇએ છે. એમનું તે કાંઇ ચારિત્ર છે ?' આવું કદી ભગવાને ન કહ્યું, કેમકે પ્રભુ જુએ છે કે એ ક્ષમાદિની ખામી તેવા આંતરિક પુરુષાર્થના અભાવને લીધે છે, તેથી કાંઇ જ્ઞાન-તપ-સંયમ ખોટા નથી. એ તો સાચા જ છે, જીવને ઊંચે લાવનાર તારણહાર છે. આ ખૂબ ધ્યાન રાખવાનું છે, નહિતર બીજાનાં જ્ઞાન-તપ-ચારિત્ર તરફ ઘૃણા કરવાનું મહાપાપ થશે. તપસ્વી-જ્ઞાની-ચારિત્રી ઉપરની સૂગ કે 'જુઓ આ મોટા તપસ્વી ! ગુસ્સાનો તો પાર નથી ! જુઓ આ વિદ્વાન, ખાનપાન-કપડાનો શોખ તો હજી મુકાતો નથી ! જે ભણ્યા પર અભિમાન કરવા જોઇએ છે ! જુઓ આ ચારિત્રી સાધુ કાયાની સુંવાળાશ કરવા જોઇએ છે !' આમ

**તપસ્વી-જ્ઞાની-ચારિત્રી ઉપર સૂગ કરવામાં એમના તપ-જ્ઞાન-ચારિત્ર પર સૂગ કરાય છે**, અને

કેમકે મનને એમ થાય છે કે 'જોયા એમના તપ-જ્ઞાન-ચારિત્ર ?' એમ કરવામાં દુર્લભબોધિ થવાય છે ! તેથી ભવાંતરે તપ-જ્ઞાન-ચારિત્ર ન મળે.

કેમ આ સૂગ ? કારણ છે, જ્ઞાની-તપસ્વી-ચારિત્રીમાં જે મદ-ક્રોધ-દેહમૂર્છા વગેરેને બદલે નમ્રતા-ક્ષમા-દેહઅનાસક્તિ આદિ ગુણોની અપેક્ષા રાખીએ છીએ, એ ગુણો આંતરિક પુરુષાર્થને આધીન છે. એ પુરુષાર્થની તરતમતાને લીધે ગુણમાં તરતમતા હોય. આંતરિક પુરુષાર્થ ઓછો હોય તો ગુણ ઓછો દેખાય, પરંતુ તેથી કાંઇ જ્ઞાન-સાધના, તપ-સાધના, ચારિત્ર-સાધના વગેરેને ન ઉડાવાય, એને ગાળ ન દેવાય, એની અવગણના ન કરાય.

મોટા ગુરુએ નાના મોટા શિષ્યો પર સમાન વાત્સલ્ય શી રીતે ધરતા હશે ? નાના મોટા શિષ્યોમાં કોઇમાં જ્ઞાનની કે તપની યા કાયકષ્ટની ઓછાશ, તો કોઇમાં અધિકતા હોય, છતાં સમાન વાત્સલ્ય ? હા, એ જોતા કે આંતરિક પુરુષાર્થની તરતમતાએ ગુણોની તરતમતા હોય, તેથી ગુણ ઓછા છે માટે એમના પર કે એમની જ્ઞાનાદિ સાધના પર સૂગ ન કરાય. આ સમજથી સમાન વાત્સલ્ય વહેતું રાખતા.

**વ્યક્તિ પર વારેવારે સૂગ કરવાથી એના પર વાત્સલ્ય ઘવાય છે.**

પૂછો,

પ્ર.-તો માતા ભૂલ કરનાર દીકરા પર સૂગ-છણકો કરવા છતાં કેમ એના

પર એને વાત્સલ્ય ઓછું થતું નથી ?

ઉ.-ખરું વાત્સલ્ય ધરનાર માતા દીકરાને સુધારવા માટે બહારથી સૂગ દેખાડે, છણકો કરે એટલું જ, બાકી એના અંતરમાં તો સમજ હોય છે કે 'દીકરો બિચારો કર્મવશ છે, તેથી ભૂલે છે' અંતરમાં માતાને દીકરા પર એવી સૂગ નથી હોતી.

બસ, આ હિસાબ રાખવાનો છે કે પુરુષાર્થની તરતમતાએ ગુણની તરતમતા હોય, કિન્તુ ક્ષમાદિ ગુણ ઓછો છે એથી કાંઇ એની જ્ઞાનની, તપની કે ચારિત્રની બાહ્ય સાધના ખોટી નથી ઠરતી, એમાં જ્ઞાન, તપ કે ચારિત્રની સાધનાને દોષ ના દેવાય, એની સૂગ અવગણના ન કરાય.

ગૌતમ મહારાજમાં પ્રજ્ઞાપનીયતા ગુણ તો મહાન હતો, પરંતુ ૧૫૦૦ તાપસોની જેમ આંતરિક રાગાદિનાશક પુરુષાર્થ તાપસોની અપેક્ષાએ ઓછો, તેથી કેવળજ્ઞાન થતાં વાર લાગી. એટલે સારાંશ આ, કે આંતરિક પુરુષાર્થના હિસાબે આંતરિક ગુણવિકાસનો નિયમ નજર સામે રાખવામાં એક લાભ આ, કે બીજાની બાહ્ય-જ્ઞાન-તપ-ધર્મકષ્ટ વગેરે પર અને એના પર સૂગ ન થાય.

**(૨) બીજો લાભ આ-**

કે આપણી જાત માટે બાહ્ય સાધના ઓછી છતાં, દા.ત. અઠ્ઠમ, અઠ્ઠાઇ વગેરે તપ ન કરી શકતા હોઇએ, કે જ્ઞાન સંપત્તિ ઓછી ચડે છતાં આપણને આંતરિક પુરુષાર્થ વિકસાવીને ક્ષમાદિ ગુણ વિકસાવવાની સ્વતંત્રતા છે, એની પ્રેરણા મળે છે, ને એ કરી શકીએ છીએ. આ કરવાનું છે.

**આંતરિક પુરુષાર્થ વધારતા રહીને ગુણવિકાસ કરતા રહેવું એ મુખ્ય જીવન-કમાઇ છે.**

માષતુષ મુનિમાં જ્ઞાન-સંપત્તિ બહુજ ઓછી ચડતી હતી, છતાં એમનો વૈરાગ્ય, ઉપશમ અને ગુરુ બહુમાન વિકસાવતા જવાનો આંતરિક પુરુષાર્થ જોરદાર હતો, તો એ કેવળજ્ઞાન સુધી પહોંચી ગયેલા !

કૂરગડુ મુનિમાં તપસાધના બંધ પડી ગયેલી, અને મોટા પર્વને દિવસે પણ કૂર (ભાત) વાપરવાનું કરવા જતાં ઉપશમ ગુણનો આંતરિક પુરુષાર્થ એમણે વધારી દીધો ! તો એમના કૂરના પાત્રમાં જ્યાં તપસ્વી મુનિઓ થૂંકેલા, ત્યાં એમના પર કે એમના તપ પર કૂરગડુ મુનિએ રોષ નહિ કરેલો, પણ ઉપશમ ગુણ વિકસાવી એમણે ઊલટું એમને મહાઉપકારી માન્યા ! આંતરિક ઉપશમ પુરુષાર્થ વિકસાવવાનો

આ પ્રભાવ છે. તો પરિણામ ? તપસ્વી મુનિઓ હજી મશ્કરી ઇર્ષ્યા કરતા છે, ને આ કૂરગડુ મહાત્મા વીતરાગ સર્વજ્ઞ બની ગયા ! ત્યારે મશ્કરી કરનાર મુનિઓ મહાતપસ્વી છતાં હજી વીતરાગ નથી બન્યા. ત્યારે જુઓ આમાં દેખાશે કે-

પ્ર.-તપ કરવા છતાં કેવળજ્ઞાન ન મળ્યું, અને તપ નહિ કરનાર મુનિ ભાવનાના બળે કેવળજ્ઞાને પામી ગયા, માટે કિંમત તપની નહિ, પણ ભાવની જ રહીને ?

ઉ.-ના, તપની કિંમત ઓછી નથી, કેમકે ભાવના કરનાર મુનિએ પણ ભાવના શી કરી ? આ જ કે "અરેરેરે ! મારાથી તપ નથી થતો ! ધન્ય છે આ મહામુનિઓને કે જે તપ કરે છે ! ક્યારે મારી શક્તિ આવે ને હું પણ મહાતપ કરું !" બોલો, આ ભાવનામાં તપ કરનારને ધન્યવાદ આપ્યો એ તપને જ મહિમા ગાયો ને ? પોતાના માટે તપનો ઉત્કટ મનોરથ સેવ્યો એ તપનો મહિમા સમજીને જ ને ? 'ના, મારા પાત્રમાં થૂંકનારા તપસ્વીઓનો તપ જોયો ? એમના કરતાં મારામાં ક્રોધ ઉપશમભાવ છે એટલે હવે હું રોજ ખાઉં તો વાંધો નથી. મુખ્ય તો ઉપશમભાવની જરૂર છે' તપની બદલે આવી ખાવાનું યોગ્ય માનવાની ભાવના કરી હોત ને તપને બિનજરૂરી માનવાની ભાવના કરી હોત તો શું એ વીતરાગ બની શકત ? કેવળજ્ઞાન પામી શકત ? ના, એજ વસ્તુ તપનો મહિમા બતાવે છે.

**ભાવના તપની કરાય તો તે તારણહાર, ભાવના ખાવા-પીવાની કરાય તો તે મારણહાર.**

આ નિયમ તપની મહત્તા બતાવે છે. દા.ત. 'ધ્યાન વીતરાગ પ્રભુનું તારણહાર, પણ ધ્યાન સરાગી મોહાંધ વહાલા-વાલેસરીનું કરાય તો તે મારણહાર' એ શું બતાવે છે ? મહત્તા વીતરાગની ? કે મહત્તા વહાલા-વાલેસરીની ? કોની મહત્તા સૂચિત થાય છે ? તો જેમ આમાં વીતરાગની મહત્તા સૂચિત છે, એમ 'ભાવના તપની કરો તો તારણહાર અને ખાવાની કરો તો તે મારણહાર', એમાં પણ મહત્તા તપની જ સૂચિત થાય છે, ખાનપાનની નહિ, કે કેવળ ભાવનાની મહત્તા નહિ. કહેશો-

**મહત્તા ભાવનાની ? કે તપની ? :-**

પ્ર.-ના, 'આમાં તો ખાનપાનની ય મહત્તા નથી, ને તપની ય મહત્તા નથી કિન્તુ મહત્તા ભાવનાની છે,' એમ કેમ ન કહેવાય ?

ઉ.-જો આમ કહેવું હોય તોતો પછી પેલામાં ય મહત્તા વહાલા-વાલેસરીની ય નહિ, ને વીતરાગ ભગવાનની ય નહિ, કિન્તુ 'વીતરાગના ધ્યાનની જ મહત્તા,' એમ કહેવું પડશે, ને એમાં ય 'ભલે એમ હો' એવું પણ નહિ કહી શકાય, કેમકે વહાલા વાલેસરી કરતાં વીતરાગ ભગવાનની મહત્તા જો ન હોય તો તો સવાલ થાય કે વહાલા-વાલેસરીને છોડી મનમાં વીતરાગ ભગવાનને કેમ લવાય છે ? મનમાં વીતરાગને લાવવાની જરૂર જ શી ? ધ્યાન-ભાવના-વિચારણાના આલંબન તરીકે વીતરાગ ભગવાનને પકડવાની જરૂર જ શી ?

**ધ્યાનમાં આલંબન વીતરાગ પ્રભુનું જ લેવું પડે છે, એ જ પ્રભુ આલંબનની વિશેષતા બતાવે છે.**

**ઉપાદાનની જેમ આલંબનની ય મહત્તા છે.**

'ઉપાદાનની યોગ્યતા ને પુરુષાર્થ જ મહત્ત્વનો છે, આલંબનની કશું મહત્તા નથી,' એમ બોલનાર જૂઠો છે, કેમકે એ પાછો શ્રોતાને કહે છે 'તમે મારાં પ્રવચન સાંભળો તો તમને આ સમજાશે,' આમ કહીને એણે પોતાનાં પ્રવચનનું આલંબન મહત્ત્વનું બતાવ્યું જ ને ? નહિતર બોધ તો સામાની યોગ્યતા અને પુરુષાર્થના આધારે જ થવાનો છે, પછી મહત્તા ને વિશેષતા ઉપાદાનની યોગ્યતા ને પુરુષાર્થની જ રહી, પ્રવચનની મહત્તા-વિશેષતા કશી નહિ ! તો પછી ભારપૂર્વક કહે છે 'મારું પ્રવચન સાંભળો તો બોધ થશે એ જૂઠું બોલે છે કે નહિ ? એણે તો એમ કહેવું જોઇએ કે "પ્રવચનના આલંબનની કશી મહત્તા નથી, મહત્તા તમારી યોગ્યતા ને પુરુષાર્થની છે, માટે પ્રવચન મારા સાંભળો કે બીજાનાં એ સરખું છે,' પરંતુ આમ એ કહેતો નથી. કહે છે 'મારી પાસે તત્ત્વનું પ્રવચન સાંભળો,' એ જ આલંબન ભૂત પોતાના પ્રવચનનું મહત્ત્વ કહી રહ્યો છે, એમ, 'ધ્યાન વીતરાગ ભગવાનનું જ ધરવાથી વીતરાગ થવાય,' એ પણ સૂચવે છે કે 'વીતરાગ રૂપ આલંબનનું અતિશય મહત્ત્વ છે,' એજ પ્રમાણે 'ખાનપાનની નહિ, પણ તપની જ ભાવના તારણહાર બને છે', એ પણ સૂચવે છે કે તપની મહત્તા છે. અસ્તુ. વાત આ છે કે

તમારાથી તપ ન જ થઇ શકતો હોય તો ય આંતરિક પુરુષાર્થ ગુણનો ને શુભ ભાવનો જગાવો, ને એને વિસ્તારો, તમારું કલ્યાણ થશે, ઉન્નતિ થશે.

**ગુણના ને શુભ ભાવના આંતરિક પુરુષાર્થમાં તમે સ્વતંત્ર છો.**

સ્વતંત્ર એટલે ? કર્મ તમને બાહ્ય ધર્મ કરતાં કદાચ અટકાવે, પુણ્ય કર્મ

નથી તેથી પૈસા નથી તો દાન નથી દઇ શકાતું. શરીર માંદુ છે તો અમુક ત્યાગના વ્રત નિયમ કે તપસ્યા નથી થઇ શકતી. મતલબ, એમાં તમે કર્મને પરતંત્ર છો, પરંતુ ક્ષમા-નમ્રતાદિ ગુણ કે વીતરાગ દેવ, સદ્ગુરૂને ધર્મ ઉપર જ અતિ પ્રેમનો અને બહુમાનનો ભાવ કેળવવામાં તમે કર્મને પરતંત્ર નથી, તમે એમાં સ્વતંત્ર છો. પુરુષાર્થ કરો તો એ કરી શકો છો. વૈરાગ્ય ક્ષમાદિ ગુણ અને ભગવત્ પ્રેમ-શ્રદ્ધા-બહુમાન આદિનો શુભ ભાવ આંતરિક પુરુષાર્થથી કેળવી શકો છો, ને વધારી ય શકો છો.

આ જ હિસાબ પર આપણને દેખાય છે કે ગૌતમમહારાજ સરળ, નિખાલસ પ્રજ્ઞાપનીય અને શ્રી વીર પ્રભુની અદ્ભૂત સેવા કરનારા છતાં રાગાદિનો નિર્મૂળ નાશ કરનારા શુભ ભાવનો આંતરિક પુરુષાર્થ હજી એટલો ચકાવી નથી શક્યા, તેથી હજી વીતરાગ નથી બન્યા, પણ ૧૫૦૦ તાપસો શુભ ભાવનો આંતરિક પુરુષાર્થ અજબ-ગજબનો ચકાવી દેનારા બન્યા, તો એ તરતમાં વીતરાગ બન્યા ! કેવળજ્ઞાન પામી ગયા ! તો કહો-

**શુભ ભાવનો આંતરિક પુરુષાર્થ કેવોક સ્વાધીન ! ને કેવોક સુખદ !**

એમ કૂરગડુ મહાત્મા તપ નહિ કરી શકવા છતાં શુભ ભાવ અને શુભ ભાવનાનો આંતરિક પુરુષાર્થને ચકાવી દેનારા બન્યા, તો મહાતપસ્વી મુનિઓને એમજ છદ્મસ્થતાની ધરતી પર ઊભા રહેવા દઇ વીતરાગ સર્વજ્ઞતાના ગગનમાં વિચરતા થઇ ગયા ! માટે કહો, ગુણ અને શુભ ભાવનો આંતરિક પુરુષાર્થ ખીલવવામાં-ચકાવવામાં આત્મા સ્વતંત્ર છે, અને એ અનંત સુખદાયી છે.

❀ ❀ ❀ ❀ ❀ ❀

**પૃથ્વીસેનાનો કેમ એકદમ ત્યાગ-નિર્ણય ? :-**

પૃથ્વીસેના, અભયઘોષ રાજાની નવી રાણી છે. રાજા સાથે ઉદ્યાનમાં એ વસંતઋતુની મજા જોવા આવી છે, ને ત્યાં મુનિની વૈરાગ્ય-દેશના સાંભળી કેમ એકદમ જ વૈરાગ્ય જળહળાવનારી અને સંસાર ત્યાગ કરી દીક્ષા લેવાના નિર્ણયવાળી બની જાય છે ? આ જ હિસાબ પર, કે બાહ્ય ધર્મ ઓછો છતાં વૈરાગ્ય ગુણનો આંતરિક પુરુષાર્થ કરવામાં આત્મા સ્વતંત્ર છે.

**રાજાની કેમ એકદમ સંમતિ ? :-**

પૃથ્વીસેનાએ રાજાને પોતાની ભાવના જણાવી આગ્રહપૂર્વક દીક્ષાની સંમતિ

માંગી, અને રાજાને એના પર ભારે રાગ છતાં એને તરત સંમતિ આપી દે છે ! કારણ કાંઇ ? એ જ કે પોતે એની ગુણિયલતાના હિસાબે જ એને પરણેલો, તે હવે એનો અત્યંત આગ્રહ જોઇ એના તેજસ્વી-વૈરાગ્ય અને મહાત્યાગના ગુણ-વિકાસની આડે નથી આવતો, સંમતિ દઇ દે છે. અને પૃથ્વીસેના સંસાર-ત્યાગ કરી દીક્ષા લઇ લે છે.

રાજા અભયઘોષ પૃથ્વીસેનાના આ મહાન આત્મ પરાક્રમ પર ઓવારી જાય છે ! એના મનમાં આશ્ચર્ય અને અનુમોદનાનો પાર નથી. એને એમ થઇ જાય છે, કે-

**રાજાનું આત્મ-નિરીક્ષણ :-**

રાણીએ આ શું કર્યું ? હું મુઢ, સંસાર ઘણો ભોગવ્યો છતાં, હજી એમ જ મોહ અને રંગરાગમાં બેઠો છું ! હજી મને વૈરાગ્ય વધતો નથી, ને આ હમણાંની સંસાર માંડેલી, તે મારા જેટલો સંસાર ભોગવ્યો નહિ છતાં વૈરાગ્ય વિકસાવી દઇ ચારિત્ર લઇ લે છે ? એનો પુરુષાર્થ કેટલો ગજબનો કે એણે મોહને એકદમ જ ફગાવી દીધો ! એમને આંતરિક પુરુષાર્થ કેટલો બધો જોરદાર કે હૈયામાં એક માત્ર વીતરાગ ભગવાનને જ વસાવી, મોહના બધા જ સંબંધીઓ અને બધા જ વહાલા-વાલેસરીને હૈયામાંથી બહાર કાઢી નાખ્યા ! કેવી એની શુધ-બુધ ! અને કેવી મારી અજ્ઞાન-મૂઢ દશા !'

રાજા અભયઘોષ રોજ ને રોજ મનમાં રાણીનું આત્મ પરાક્રમ યાદ કરી કરી આમ વૈરાગ્ય ભાવના વધારી રહ્યો છે. એમાં એક વખતે શ્રી અનંત સ્વામી તીર્થંકર ભગવાન છદ્મસ્થપણે વિચરતા વિચરતા ત્યાં પધાર્યા, ને ગોચરીએ નીકળેલા તે રાજાએ ગવાક્ષમાંથી જોયા. જોતાં જ હર્ષિત થઇ એ નીચે ઊતર્યો, અને પ્રભુને જઇને નમન કરી લાભ આપવા વિનંતી કરે છે.

નીરાગી પ્રભુને રાજાનું ઘર શું, કે રંકનું શું, સમાન હતું. રાજાના ઘર પર કોઇ પ્રતિબંધ-મમત્વ-રાગ નહોતો, પરંતુ રાજાનો ભાગ્યોદય જબરો કે એણે પ્રભુને રાજાના ઘર તરફ ખેંચ્યા !

**પ્રબળ ભાગ્યોદય વિના આ મહાદુર્લભ યોગ મળે નહિ.**

પ્ર.-એમાં પુરુષાર્થ પ્રધાન ખરો કે નહિ ?

ઉ.-ના, અનુપમ હિતકર સુયોગ મળવામાં શુભ કર્મ પ્રધાન છે. પ્રભુને

જઇને નોંતરવાનો રાજાનો પુરુષાર્થ તો સામાન્ય નિમિત્ત કારણ, પરંતુ શુભોદય એ પ્રધાન કારણ છે, કેમકે જો પ્રબળ શુભોદય ન હોત તો રાજાનો પુરુષાર્થ છતાં પ્રભુ ઘરે પધારત નહિ. એથી ઊલટું કદાચ આ પુરુષાર્થ ન કર્યો હોત, પણ પ્રબળ શુભોદય હોત તો પ્રભુ આપમેળે ય રાજાના ઘરે પધારત.

અલબત, આ પ્રબળ ભાગ્ય સરજાવામાં પૂર્વભવનો ધર્મપુરુષાર્થ પ્રધાનપણે કારણભૂત કહેવાય, પરંતુ વર્તમાનમાં સામે જઇને નોંતરવાનો પુરુષાર્થ પ્રધાન કારણ નહિ, અને પૂર્વભવનો સત્‌પુરુષાર્થ પણ નિરાશંસભાવનો ધર્મ પુરુષાર્થ થયેલો, તે પુણ્યાનુબંધી પુણ્યનો સર્જક બન્યો, એટલે અહીં એના ઉદયે પ્રભુનો યોગ થયો. ત્યાં રાજાને હરખનો પાર નથી.

**તીર્થંકર ભગવાનને દાન દઉં એ મારી નાશવંત લક્ષ્મીનો રત્નપાત્રમાં વિનિયોગ થઇ આત્માની અક્ષય લક્ષ્મીને સર્જનારું બને છે.**

**જાતભોગની અપેક્ષાએ પ્રભુ-પૂજાનો ખર્ચ કેટલો ? :-**

આ ઉચ્ચ શુભ ભાવની સદ્‌બુદ્ધિના પરનો હરખ છે. એ પુણ્યાનુબંધી પુણ્યના લીધે છે. જો પુણ્યાનુબંધી ન હોય, પાપાનુબંધી હોય, તો લક્ષ્મી તો મળે, અને તીર્થંકર ભગવાનનો યોગ પણ મળે, કિન્તુ ભાવપૂર્વક લક્ષ્મીનો તીર્થંકર ભગવાન જેવા રત્નપાત્રમાં વિનિયોગ યાને સ્થાપન કરવાનું મન ન થાય.

તમારું પોતાનું વિચારી જોજો. તીર્થંકર ભગવાન સ્થાપના-બિંબ રૂપે મળ્યા તો છે ને ? ને લક્ષ્મી પણ મળી છે, કિન્તુ એ લક્ષ્મીથી સારાં સારાં દ્રવ્યો લાવી પ્રભુના ચરણે ધરવાનું પ્રભુની પૂજામાં લગાવવાનું મન થાય છે ? કે જાતની અને કુટુંબની પૂજામાં લગાવવાનું મન થાય છે ? પ્રભુની પૂજામાં નિત્ય પ્રભાતે ૨ ગ્રામ ઘીની એક બત્તી પણ લઇ જવાની ખરી ? ને જાત અને કુટુંબના ખાખરા પર કેટલા ગ્રામ ઘી ચડાવાય છે ? સવારે પ્રભુની ભક્તિમાં પોતાની અગરબત્તી અને સુગંધિત વાસક્ષેપનો છંટકાવ કેટલો ? ને જાતના તથા કુટુંબના માત્ર નાસ્તા-પાણી ય કેટલા ખર્ચના ? કહે છે વાસક્ષેપ એવા સુગંધિદાર નથી આવતા,' પરંતુ વાસક્ષેપમાં *સહેજ અત્તર ભેળવી દીધું હોય તો એ મહેકથી મઘમઘાયમાન થઇ જાય. એ વાસક્ષેપ* મંદિરે ગભારામાં પ્રભુ પર અને આજુબાજુ છાંટી દો, તો બગીચા જેવી સુગંધ ફેલાઇ જાય.

પરંતુ લક્ષ્મી મળવાનું પુણ્ય પુણ્યાનુબંધી હોય તો જ એને તીર્થંકર ભગવાન

જેવા રત્નપાત્રની ભક્તિમાં લગાવવાનું મન થાય. બાકી તો પત્ની વગેરેને ઠઠારવામાં જ એનો ઉપયોગ થાય.

આજની પત્નીઓ બહાર નીકળે ત્યારે એના ઠઠારા જોયા છે ? પણ એનો પાપાનુબંધી પુણ્યનો ઉદય છે, એટલે પ્રભુને ઠઠારવામાં એને ખરચતાં નથી આવડતું, એ તો પુણ્યાનુબંધી પુણ્યનો ઉદય હોય ત્યારે પત્ની કહે, 'ભલે હું હીરા માણેકની બંગડી ન પહેરું, પરંતુ મારા ભગવાનને રોજ ઘરનાં દ્રવ્યથી સુંદર આંગી રચું ! અમારી લક્ષ્મીના આભૂષણ ચડાવું ! અમારાં ઘી-દૂધ-અગરબત્તી-કેશર સુખડ-અંગલુછણાં વરખ-બાદલુથી રોજ ભક્તિ કરું.'

અમે મુંબઇથી અમદાવાદ આવતા હતા, સુરતમાં અંતરીક્ષજી તીર્થની રક્ષાર્થે ફંડ થયું-ટેમ્પો એવો જામ્યો કે પતિઓએ તો રકમ લખાવી પણ પત્નીઓએ વીંટીઓ, સોનાના દોરા વગેરે ઉતારી દેવા માંડ્યું ! એમાં બે પત્નીઓએ ૫૦-૬૦ ગ્રામ સોનાની ૪-૪ બંગડીઓ ઉતારી દઇ દીધી ! કેમ જીવ ચાલ્યો ? લક્ષ્મી પુણ્યાનુબંધી પુણ્યના ઉદયે મળી હતી એટલે સદ્બુદ્ધિ જાગી કે 'આવા રત્નપાત્રસમા તીર્થંકર ભાવાનની ભક્તિમાં એને લગાવીએ તો એ લેખે લાગે, સદ્ગતિદાયી અને પરંપરાએ અનંત અક્ષય અગમ લક્ષ્મીને સર્જનારી બને. બાકી,

**લક્ષ્મી રાખી મૂકેલી દીર્ઘકાળ ઘોર મૂર્ચ્છાના પાપને પોષત અને મૂર્ચ્છા રહે તો મૂર્ચ્છાભર્યા એકેન્દ્રિયના અવતાર સર્જનારી બને, તેમજ જાતભોગ અને મોજશોખ અમન-ચમનમાં લગાવેલી લક્ષ્મી દુઃખદ દુર્ગતિની ઘોર પીડાવેદનાઓ સર્જનારી બને.**

**અભયઘોષને વૈરાગ્ય વૃદ્ધિ :-**

રાજા અભયઘોષના આંગણે તીર્થંકર ભગવાન પધાર્યા અને પોતે જાતે જ પ્રભુને વહોરાવે છે. રાજાના હૈયાના ભાવ એટલા બધા ચડિયાતા છે કે વર્તમાનમાં ત્યાં પંચદિવ્ય પ્રગટ્યાં ! અને ભાવી માટે જલ્દીથી નિસ્તાર થાય એવા શુભનો બંધ થયો. એનું અદ્ભુત ફળ કેવું !

એ જ પરમાત્મા શ્રી અનંતસ્વામી ભગવાનને કેવળજ્ઞાન થયું તીર્થંકર બન્યા, અને હવે પાછા અભયઘોષના નગર-આંગણે પધાર્યા છે. સમવસરણ મંડાયું છે, રાજાને વધામણી મળવાથી વધામણી દાન દઇ રાજા સપરિવાર ત્યાં જાય છે પ્રભુને વંદન કરી પ્રભુની દેશના સાંભળે છે.

તીર્થંકર ભગવાનની દેશના એટલે શું પૂછવાનું હોય ? પ્રખર સંવેગ-

વૈરાગ્યભરી અને વિશ્વના તત્ત્વોનો પ્રકાશ કરનારી સર્વજ્ઞ ભગવાનની વાણી રાજાને અસર કરી ગઇ. આમે ય રાણી પૃથ્વીસેનાના મહાવૈરાગ્ય અને ચારિત્ર-ગ્રહણને જોઇ રાજાનું દિલ દ્રવિત તો થઇ જ ગયું હતું, અને એના જ વિચારમાં ને વિચારમાં સંસાર પ્રત્યે ઉદ્વિગ્ન ને ઉદાસ રહેતો હતો એમાં તીર્થંકર ભગવાનની આ વાણી મળી એટલે એના દિલમાં વૈરાગ્ય એકદમ જળહળ્યો ! પ્રભુને વિનંતી કરે છે-

'ભગવન્ ! અનંત જન્મ-મરણમય આ દુઃખદ સંસારનાં ભ્રમણથી હું થાક્યો છું. માટે પ્રભુ ! હવે મારા પર દયા કરી ચારિત્ર આપી સંસારમાંથી મારો ઉદ્ધાર કરો. આપ અહીં રોકાઇ જાઓ. હું રાજ્યની વ્યવસ્થા કરીને ચારિત્ર લેવા માટે આવું છું.'

પ્રભુએ કહ્યું "મા પડિબંધં કુણહ" અર્થાત્ 'ક્યાંય મમત્ત્વામાં પડતા નહિ'. વાત સાચી છે.

બસ, રાજા ઘરે આવ્યો, અને પોતાના બે પુત્રોને કહે છે. 'જુઓ વત્સો ! હવે મારી ઉંમર થઇ છે, અને આ મોહમાયાનું ઘણું કર્યું, હવે મારા આત્માનું હિત સાધવું છે, તેથી આ રાજ્યપાટ તમે ગ્રહણ કરો, સંભાળો, જેથી હું ચારિત્ર લઇ એની આરાધના કરું.'

**પુત્રોની રાજ્ય જતું કરી ચારિત્ર લેવા કેમ ભાવના ?**

ત્યારે પુત્રો પણ કોના ? અભયઘોષ રાજાના ને ? એ કહે છે 'પિતાજી ! અમે પણ આ દુઃખદ ભવ ભ્રમણથી થાક્યા છીએ એટલે અમારે પણ અમારા આત્માનો એમાંથી ઉદ્ધાર કરવો છે તો અમારા માથે આ રાજ્યભાર કાં મૂકો ? અમને પણ આપની સાથે જ લો. આપની સાથે જ ચારિત્ર લેવાની રજા આપો, જેથી અમને અહીં ઉપકારી પિતાની સેવાનો લાભ મળે, અને પછી પણ મોક્ષપદ પ્રાપ્તિનો લાભ થાય.'

પુત્રોની તત્ત્વદ્રષ્ટિ કેવી અને વૈરાગ્ય કેવો ? કે મોટું રાજ્ય મળતું જતું કરે છે !

રાજ્યપાટ મળે, મોટો રાજા થવાનું સન્માન અને સત્તા ઠકુરાઇ મળે, ખજાના મળે, ચાર પ્રકારના સૈન્ય અને મંત્રી, અમલદારો વગેરેનો રસાલો મળે, મનમાની રૂપાળી રાજકન્યાઓને રાણીઓ બનાવવાનું મળે, આ બધું માલ વિનાનું, કિંમત વિનાનું સ્વેચ્છાથી પલકમાં જતું કરાય ? પરંતુ કહો કે

**તત્ત્વદ્રષ્ટિ ખુલ્યા પછી આ શું, મોટું છ ખંડનું સામ્રાજ્ય પણ માલ વિનાનું લાગે.**

શું સમજ્યા ? માત્ર ચક્વર્તીપણું નહિ, કિન્તુ અનુત્તર વિમાનની દેવતાઇ સમૃદ્ધિ પણ માલ વિનાની લાગે. સમકિતની સજ્ઝાયમાં સંવેગનું સ્વરૂપ આવે છે ને ? **'અનુત્તર સુખ જે દુઃખ કરી લેખવે.'** કેમ ? કારણ, એ પણ માલ વિનાનું લાગે, કિંમત વિનાનું લાગે છે. તત્ત્વદ્રષ્ટિ એટલે શું સમજો છો ?

**''તત્ત્વદ્રષ્ટિ' એટલે વસ્તુ-તત્ત્વને લક્ષમાં લેવું, વસ્તુના ગુણ-અવગુણ જોવા, વસ્તુ વસ્તુની વચ્ચે સારાસારનો વિવેક કરવો.**

માનો કે સારી વસ્તુ ખાવાની આવી, એમાં વસ્તુ તત્ત્વ શું જોવાનું ? આ જ, કે એનો મનગમતો સ્વાદ એ વસ્તુ તત્ત્વ નહિ. કિન્તુ એની ખરતનાક પ્રલોભક્તો એ વસ્તુ તત્ત્વ આ ખતરનાક પ્રલોભકતાનું તત્ત્વ જો ખ્યાલમાં રહે તો એમાં એવું ન લોભાઇ જવાય કે જે ખતરનાક નીવડે. એવા લોભાઇ જવામાં જીવ એ વસ્તુના ઉપભોગમાં જાણે અંદરમાં ગાડોતુર થઇ જાય છે. ક્ષણભર માટે આત્મભાન બિલકુલ ગુમાવી દે છે. 'અલ્યા ! ખાવામાં જીભને ચટાકો ને કાયાને તુષ્ટિ-પુષ્ટિ મળી એમાં રાજીનો રેડ તો થઇ ગયો. પરંતુ ત્યાં આત્માને કશી તૃષ્ટિ-પુષ્ટિ મળી ? અગર આત્માને તો બિચારાને ચિકણાં રાગવશ કેટલા રાગના અને રસ વિષય-સંજ્ઞાના સંસ્કાર વધ્યા ? કેટલા અશાતા વેદનીય કર્મ વધ્યા ? એનો કશો વિચાર આવ્યો ? ના, એ વિચારની જરૂર જ લાગતી નથી ! કાયાને પુષ્ટિ મળી ? અગર કાયાને માટે આ ભોજન વસ્તુ કસ વિનાની કે નુકસાન કરનારી છે ? એનો વિચાર આવે છે ? આત્માનું ભાન ક્યાં છો ?

**આત્માનું ભાન ભુલાવે એવો વિષયનો રાગ-આવેશ એ આત્મા માટે ખતરનાક છે.**

**એવો તીવ્ર વિષયાવેશ રાગનો તીવ્ર સંકલેશ ઊભો કરી પાપાનુબંધી પાપ સરજે છે.**

*ત્યારે વસ્તુમાં હિતકર તત્ત્વ જોવાની દ્દષ્ટિ હોય, વસ્તુની સારાસારતાનો* વિવેક હોય, તો આવા સ્થાને મનને એમ થાય કે 'આમાં શું મોહવું હતું ? જડ પુદ્ગલની વસ્તુ પેટમાં જઇ માટી થઇ જનારી ચીજ, એ નિકટનાં પરિણામમાં અસર થઇ જનારી વસ્તુ છે, એમાં શો સાર કહેવાય ? અસારમાં મોહ શો કરવો ? હા, શરીરને ટેકો પૂરે તો શરીર દેવ-દર્શનાદિ જિનભક્તિ, સાધુ-સેવા અને ત્યાગ-તપસ્યાદિ આત્મ-હિતકર પ્રવૃત્તિઓમાં ઉપયોગી થાય. એટલા પૂરતો આહારનો આધાર લેવાનો બાકી એમાં જીભને ફાવતું ન ફાવતું કાંઇ મારે જોવાનું નહિ.'

**આ તત્ત્વદ્રષ્ટિ હોય તો વૈરાગ્ય આવવો સહેલો છે.**

મોટા હીરા માણેકના ખજાના ઉપર પણ વૈરાગ્ય શી રીતે થાય ? તો કે એ ખજાનાનું વાસ્તવિક તત્ત્વ જોવાથી હીરા-માણેકના ખજાના અને દેવ-ગુરુ-ધર્મ-શાસ્ત્રો-તીર્થો વગેરેની સંપત્તિ પરના ફરકનો વિવેક કરવાથી વૈરાગ્ય આવે.

વિચારી જુઓ હીરા માણેકના ખજાનામાં વાસ્તવિક તત્ત્વ શું ? 'શું દુનિયામાં મોટી પ્રતિષ્ઠા મળે એ ?' પરંતુ એના અંગે ભય કેટલો રહે ? અભિમાન ગર્વ કેટલો રહે ? ઝગડા-વૈમનસ્ય થવા કેટલા સંભવ ? ખજાના પર આરંભ-સમારંભ, વિષય-વિલાસ, અને ગુણિયલનો તુચ્છકાર કેટલા ચાલે ?

હીરા માણેકના ખજાનાવાળા તવંગરોના જેટલા ખૂન થઇ ગયા એટલા સામાન્ય માણસના નહિ. અભિમાનના પારા ઊંચા જેટલા તવંગરોના, એટલા સામાન્ય માણસોના નહિ. તવંગરોના પિતા-પુત્ર કે છોકરા વચ્ચે જે ઝગડા, એવા સામાન્ય માણસોના છોકરાઓ વચ્ચે નહિ.

**પૈસાના પાપે દત્તક પુત્રથી બાપનું મોત :-**

મારવાડમાં એક તવંગર ભાઇએ છોકરો દત્તક લીધો. છોકરો છોકરા તરીકે બરાબર જામ્યો પછી, બાપ કંજૂસ તે છોકરો કશો ખર્ચ કરે એ એને ઉડાઉ લાગે, એટલે એને ઠપકારવા મંડ્યો. આમ બાપ અને દીકરા વચ્ચે રગડા ચાલુ થઇ ગયા. શા કારણે ? ધનસંપત્તિના જ કારણે ને ? એમ રોજ ને રોજ ચાલતાં અને એમાં છોકરો ટક્કર લેતાં એકવાર રગડાનું રૂપક વધી ગયું. બાપ જોરજોરથી બરાડે છે અને છોકરાને ગાળો દે છે. "સાલા ! હરામખોર ! નાલાયક ! એક તો મારા પૈસા, ને તું એના પર હક કરે છે ? બેવકૂફ ! જેમ તેમ પૈસા ઉરાડવા શીખ્યો છે ને ઉપરથી શિરજોરી કરે છે ? ગધેડા ! આ તારું જરાય નહિ ચાલવા દઉં." એમ કહેતાં છોકરો ય સામા જોરદાર બોલ આપે છે. એટલે બાપનો ગુસ્સો વધી ગયો, ને છોકરાને જોરથી લાકડી ફૂટકારે છે, ત્યાં હવે છોકરો ય ક્યાં ગાંજ્યો જાય એવો છે ? એણે ય લીધી લાકડી હાથમાં ઠોકવાનું સામસામી ચાલ્યું. વધારામાં બાપની મોટી ગાળો ય ચાલુ છે, તે છોકરો ય હવે ચડી ગયો પુરા ગુસ્સામાં, તે બાપને માથાની ખોપરી પર જોરથી લાકડી ઝીંકતાં, બાપ ત્યાં ને ત્યાં મગજ પર જોરદાર પ્રહાર અને આઘાત લાગવાથી પડ્યો ને મરી ગયો !

શાના પાપે બાપનું કમોત મૃત્યુ ? કહો, ધનના ખજાનાના પાપે. મૂરખને

દત્તક તરીકે ધર્મને લેતાં ન આવડ્યું તે ભત્રીજાને દત્તક લીધો ! પરિણામ ? એક ત્રાંબિયા પૈસાનું સુકૃત ન કમાઇ શક્યો, ને ભયંકર રોષ રૌદ્રધ્યાન અને દુર્ગતિ લમણે લખાઇ ! એવા રોષ અને રૌદ્રધ્યાનમાં જરૂર પડ્યે નરકગતિમાં ફેંકાઇ જવાનું થાય !

ધનના ને રાજ્યના આ અનર્થ દેખાય પછી રાજા અભયઘોષના બે પુત્રો ય કેમ વિરાગી ન બની જાય ? હીરા માણેકના ખજાનામાં શું છે ? માનો ને કે જિંદગી સુધી પુણ્યોદય હોય તો આવો કોઇ રગડો ન ય થાય, આવું મૃત્યુ ન ય આવે, પરંતુ ખજાના પર રાગ-સંકલેશ કેટલો ?

**ધન સંપત્તિ પર જોરદાર રાગ-સંકલેશ છે માટે તો ધનથી દાન-પુણ્યનાં કાર્ય નથી થતાં, ને પળે પળે પાપનાં પોટલાં બાંધવાનું થાય છે.**

ધન-સંપત્તિ ઉપર એટલો રાગ-સંકલેશ ન હોય તો તો દાનમાં ને સુકૃતમાં ધન કેમ ન છૂટે ? રાગનો સંકલેશ છે માટે તો દાન કે કોઇ સુકૃતનું કાર્ય સામે આવતાં મનને થાય છે કે 'હાય ! આવા સારા પૈસા ફોગટ ખરચી નાખું ? ફોગટ એટલે સમજ્યા ને ? પોતાના રંગરાગ-મોજશોખ કે પત્નીને રીઝવવા મઠારવામાં ખરચાય એ તો જાણે કામના ખરચ્યા, પરંતુ મંદિર બંધાવ્યું, ઉપાશ્રય બંધાવ્યો, સંઘ કાઢ્યો, ઉપધાન કરાવ્યા, સાધર્મિક-ઉદ્ધારમાં દીધા...વગેરે વગેરે સુકૃતમાં ખરચ્યા એ ફોગટ ગયા એમ એને લાગે છે ! ને સરાસર અવળી મતિ. ખબર નથી કે

**સુકૃતમાં ખરચ્યાથી જીવનભર આનંદ અનુમોદના ચાલે, અને નવું નવું પુણ્ય મળ્યા કરે ! ત્યારે**

રંગરાગમાં ખરચ્યાનો જીવનભર આનંદ ન રહે બલ્કે જ્યારે એ યાદ આવી આનંદ થાય ત્યારે દુષ્કૃતની અનુમોદના હોઇ પાપનાં પોટલાં મળ્યા કરે.

**પરંતુ અર્થ-કામ પર અતિ રાગનો સંકલેશ સાચું સમજવા દેતો નથી તે મિથ્યામતિ મિથ્યાત્વને પોષે છે.**

**મમ્મણ શેઠ કેમ સાતમી નરકે ગયો ?**

રતનના બળદિયાની અર્થ-સંપત્તિ પર અતિ રાગ સંકલેશના લીધે મહામિથ્યાત્વ પોષ્યું, તેથી ગયો નરકમાં...

બ્રહ્મદત્ત ચક્રવર્તી પણ કેમ સાતમી નરકે ગયો ? કહો, કામ વિષયસુખો પર અતિ રાગના સંકલેશથી મહામિથ્યાત્વને પોષ્યું, માટે ગયો નરકમાં.

ચક્રવર્તીની પટ્ટરાણી જરૂર પડ્યે કેમ છઠ્ઠી નરક સુધી સિધાવે ? કામ સુખો પર અતિ રાગના સંકલેશથી મહામિથ્યાત્વ પોષવાથી છઠ્ઠી નરક સુધી જાય છે...

ભૂલેચૂકે ધન-માલની વસ્તુ પર અતિ રાગનો સંકલેશ કરતા નહિ. કોઇપણ વિષયસુખ પર, દા.ત. કેરીની મોસમમાં આફૂસના ટૂકડા કે રસ પર, અતિરાગનો સંકલેશ કરતા નહિ, નહિતર અતિરાગ હૃદયની પરિણતિ સાવ બુઠ્ઠી સાવ કઠોર થઇ જશે.

એમ એ પણ ખ્યાલમાં રાખવાનું છે કે એવા ધનમાલ-મોટર ન મળ્યા હોય, કે એવા રસગુલ્લાદિનાં જમણ યા રૂપાળી પત્ની વગેરેનાં સુખ ન મળ્યા હોય એની અફસોસી આર્તધ્યાન પણ કરતા નહિ કે 'હાય ! આપણને આ ન મળ્યું !' નહિતર એમાં પણ રાગનો સંકલેશ પોષાશે.

**ઇષ્ટ ન મળ્યાની જોરદાર અફસોસી આર્તધ્યાન હોય તો એની પાછળ રાગનો જોરદાર સંકલેશ કામ કરતો હોય છે.**

**ને જોરદાર રાગ સંકલેશ એટલે નરકનાં ભાતાં !**

રાજગૃહીના દ્રમ્મકને (ભિખારીને) ભીખના માલ પર તીવ્ર રાગ સંકલેશ હતો માટે જ ભીખ ન મળતાં એ લોક પ્રત્યે ચડ્યો તીવ્ર દ્વેષ સંકલેશ અને હિંસાનુબંધી રૌદ્રધ્યાનમાં, અને મરીને પહોંચ્યો સાતમી નરકમાં !

એટલે જ આ જોવાનું છે કે હીરા-માણેકના ખજાના, કદાચ જીવનભર પુણ્યોદય હોય તો અહીં એવો અનર્થ ન દેખાડે, પરંતુ નિરંતર પળે પળે રાગનો તીવ્ર સંકલેશ કેવો પોષે ? એના કુસંસ્કારનું ફળ કેવું જાલિમ ? ત્રિપૃષ્ઠ વાસુદેવના એવા તીવ્ર રાગ-દ્વેષના સંકલેશના કુસંસ્કારોનો લીધે એને પછીથી થયેલ ૭ મી નરક, સિંહ અવતાર, ૪ થી નરક, અને પછી દુર્ગતિઓના અગણિત ક્ષુલ્લક ભવોના સર્જનથી સમજી શકાય છે.

**બે પુત્રોનો વૈરાગ્ય ? :-**

રાજા અભયઘોષ બે પુત્રોને જ્યારે કહે છે કે હું મારા આત્માનું સાધી લેવા ચારિત્ર લઇશ ત્યારે પુત્રો જે કહે છે-'પિતાજી અમે પણ આ ભવ ભ્રમણથી થાકેલા છીએ માટે અમો પણ તમારી સાથે ચારિત્ર લઇશું', એની પાછળ એવો ઉત્કટ વૈરાગ્ય શી રીતે આવ્યો ? કહો રાજ્ય-સંપત્તિ વગેરેમાં તીવ્ર રાગસંકલેશ પોષાવાનું દેખ્યું, એનાં મહા કટુ ફળો નજર સામે આવે છે, તેથી એમને રાજ્ય-સંપત્તિ ઉપર પણ

વૈરાગ્ય થઇ ગયો ! અને પિતાજીની સાથે વૈભવ વિલાસથી લચબચતો સંસાર છોડી દેવા અને ચારિત્ર લઇ લેવા તૈયાર થઇ ગયા ! પિતાએ પણ એમાં સંમતિ આપી દીધી, અને રાજ્યગાદી બીજાને સોંપી દીધી.

☙ ☙ ☙ ☙ ☙ ☙

ધન્ય પુત્રો ! ને ધન્ય પિતા ! પૂછો-

**પિતાને પુત્રો માટે રાજ્યસુખની લાગણી કેમ નહિ ? :-**

પ્ર૦-પિતાને કેમ એમ ન થયું કે 'આ દીકરા તો હજી ગુલાબની કોમળ કળી જેવા ઊગીને ઊભા થાય છે, તો ભલે હમણાં રાજ્ય સુખ ભોગવે, અને પછી મોટા થયે મારી માફક ચારિત્ર લે.' આમ પિતાના મનને કેમ ન થયું ?

ઉ.-કારણ એ હતું કે પિતા રાજા અભયઘોષ નવી રાણી રૂપસુંદરી પૃથ્વીસેનાએ જે એકાએક હુંફાળા સંસાર-સુખ કાચી વયે છોડી કઠોર સંયમ-માર્ગ લીધેલો જોયો છે, એનાથી એ હૈયાના ઊંડાણમાં વૈરાગ્ય પામી ગયા હતા, એમાં તીર્થંકર ભગવાનની દેશના સાંભળવા મળી એટલે તો જ્વલંત વૈરાગ્ય ઊછળી આવેલો, એ હવે પુંત્રોના ય સંસાર સુખને શાના બહુ માને ?

**''વૈરાગ્ય'' એટલે આખો ય સંસાર દુઃખદ અને નગુણો છે એવું દેખાવા કરવા પર પોતાના સંસારનો અંત લાવવાની ઉત્કટ તીવ્ર અભિલાષા.**

ત્યારે, જ્યાં સમસ્ત સંસારને દુઃખદ અને નગુણો દેખ્યો. ત્યાં પુત્રોના સંસારને દુઃખદ અને નગુણો દેખે એમાં નવાઇ નથી. એવું દેખ્યા પછી એ પુત્રોનો સંસાર ચાલે એવું શાના ઇચ્છે ? એ છોડવાની રજા માગે એમાં આનાકાની શાની કરે ?

વૈરાગ્ય લો, બ્રહ્મચર્ય લો, ક્ષમા અહિંસા લો, કોઇપણ ગુણ લો, એ તમે સ્વીકારતા હો, તો માત્ર તમારા માટે જ એ ગુણ ભલો, ને બીજાના માટે એ ગુણનો વિરોધી રાગ વગેરે અવગુણ ભલો,' એવું બને જ નહિ, કે એવું મનાય જ નહિ. નહિતર તમે ગુણને સમજ્યા નથી.

**ગુણ તો આપણા માટે એમ બીજા કોઇના માટે પણ ભલો જ લેખવો જોઇએ.**

આ હિસાબ વિચારો કે આપણે બ્રહ્મચર્ય લીધું છે. અને નાનડિયો બ્રહ્મચર્ય વ્રત લેવા ઇચ્છે છે. ત્યાં જો મનને એમ થાય કે આને વળી અત્યારથી શાનું વ્રત ?

તો એમાં શું માન્યું ? એ જ ને કે 'નાનડિયાને બ્રહ્મચર્ય વ્રત સારું નહિ. એણે પહેલાં સંસારના લહાવા લઇ લેવા જોઇએ પછી મોટી ઉંમર થયે ભલે એ વ્રત લે !' આ માનવામાં 'નાનડિયા માટે સંસારના લહાવા ભલા, બ્રહ્મચર્ય ભલું નહિ.' આવું માન્યું ! ત્યાં અવગુણ ભલો માન્યો ને ? પછી દલીલ કરે છે કે

પ્ર.-અત્યારથી વ્રત લઇને પછી એ ભાંગી નાખે તો ? ભાંગે એના કરતાં વ્રત ન લે તે સારું ને ?

ઉ.-આ **'વ્રત લઇને ભાંગનાર કરતાં વ્રત ન લેનાર સારો' એ વચન ઉત્સૂત્ર-વચન છે.** કેમકે શાસ્ત્ર કહે છે, **વ્રત લઇને ભાંગનારને નાનું પ્રાયશ્ચિત્ત છે, પણ વ્રત ન લેનારને મોટું પ્રાયશ્ચિત્ત છે.** નહિતર તો પછી બધે જ આ સૂત્ર લગાડવાનું કરવા જતાં કોઇ વ્રતધર્મ જ નહિ લઇ શકે. કેમકે 'વ્રત લઇને ભાંગવું એના કરતાં ન લેવું સારું' એ સૂત્ર દા.ત. એક એકાસણા જેવું ય વ્રત કરવાની આડે આવશે. કેમકે એમાંય 'એકાસણું કરીને કદાચ ભાંગવું પડે એના કરતાં એકાસણું ન કરવું સારું' એ ધોરણ આગળ આવશે. એટલે પછી કેમ ? તો કે એકાસણાથી ય આઘા રહેવાનું થશે ! પરંતુ એ સૂત્ર ખોટું છે.

હા, પોતાને એમ લાગતું હોય કે મારું મન હજી એટલું દ્રઢ નથી એટલે કદાચ વ્રત ભંગાઇ જાય, તો કાંઇ વ્રત એકદમ જ લઇ લેવાના આંધળિયા નથી કરવાના. ચારિત્ર લેતા પહેલાં જ મન ડગમગ હોય કે 'મારાથી ચારિત્ર પળે કે ન પળે' તો કાંઇ એવા ડગમગ મનથી ચારિત્ર લેવાનું નથી. પરંતુ મન દ્રઢ હોય કે 'હું જીવનભર ચારિત્ર અખંડ પાળવાનો જ છું, ભલે વિઘ્નો આવે કે એવા કોઇ વિપરીત સંજોગ સામે આવો, એની હું પરવા ન કરું. ચારિત્ર લીધું તે લીધું એને મારે અખંડ પાર ઉતારવાનું છે.' આવી દ્રઢતા હોય અને ચારિત્ર લે ત્યાં આપણે ડોયો હલાવવો કે 'અત્યારથી શાનું ચારિત્ર લેવાનું ? લઇને ભાંગી નાખવું એના કરતાં ન લેવું સારું.'' આ દોઢ ડહાપણ છે.

વાત આ છે કે આપણને ગુણ ગમે છે તે બીજાના માટે પણ ગુણ ભલો લાગવો જોઇએ. આ હિસાબ ઉપર સાધુસંઘમાં નાના મોટા અનેક મુનિઓ હોય છે. નાની વયના પણ મુનિઓ માટે ચારિત્ર ગુણ ભલો જ છે.

**નાના રાજપુત્રનું શાસ્ત્રદ્રષ્ટાન્ત :-**

જુઓ, શ્રી આચારાંગ શાસ્ત્રની ટીકામાં નાના રાજકુમારનો વિવેક આવે

છે,-રાજા છે અને રાણી રાજાના માથે ધોળો પળિયો આવ્યો જોઇ પ્રેરણા કરે છે કે-

'આ તમે હજી સુધી સંસારની લહેર ભોગવતા બેઠા છો તો મોહમાયા છોડી તમારા આત્માનું હિત ક્યારે સાધશો ! તપસ્યા ક્યારે કરશો ? તમારા પૂર્વજો તો પળિયાં આવ્યા પહેલાં મોહમાયા છોડી તપોવનમાં ચાલ્યા જતા ને તમને હજી એનો વિચાર નથી ?' છે ને આર્યદેશની મોટી રાણી જેવી પત્નીઓ પોતાના વિલાસ ભૂલી પતિના આત્મહિતની ચિંતા કરનારી ?

રાજા આ સાંભળી ઊભો થઇ ગયો. રાણીની વાત વધાવી લે છે, કહે છે, 'સારું કર્યું તમે મને ચેતવ્યો પણ કુમાર હજી નાનો બાળ છે, તો એને મોટો કોણ કરે ? ને ત્યાં સુધી આ રાજ્ય કોણ સંભાળે ?'

રાણી કહે છે-

**રાણીની વિરાગવાણી :-**

**'દીકરાનું જોવા બેસો છો પરંતુ તમારા પોતાના આયુષ્યનું કેમ નથી જોતા ?**

**આ ખટપટમાં આયુષ્ય પૂરું થઇ ગયું ને પરલોક સુધારનાર માયાત્યાગ ને તપસ્યા કર્યા વિના મર્યા તો પરલોકે શું દીકરો હાથ દેવા આવશે ? અને**

**આ ઉત્તમ ભવમાં સાધનાની મળેલી તક હાથમાંથી ગઇ પછી ક્યા ભવમાં તક ક્યારે મળવાની ?** રાજ્યપાટ સંભાળનાર અને કુમારને મોટો હોશિયાર કરનાર તો વિશ્વાસુ મંત્રી મંડળ છે. માટે એવી

**ફાસકુસિયા ચિંતામાં ઉત્તમ આત્મા-ચિંતા ન ગુમાવો,**

કેમકે ફાસકુસિયા વસ્તુ માત્ર આ જનમ પૂરતી છે, જ્યારે આત્માને અનંત કાળ લેવાનો છે.

રાણીની વેધક વાણી રાજાના દિલમાં સોંસરી ઊતરી ગઇ. એના મનને સચોટ લાગી ગયું કે, 'ખરેખર રાજ્ય વગેરેનો મારે સંબંધ આ જનમ પૂરતો જ છે, જ્યારે મારા આત્માને તો રાજ્યપાટ વગેરે બધું મૂકી આગળ જવાનું છે.

**આત્મા અનંતકાળની ચીજ છે. તો અનંતકાળવાળી ચીજને માત્ર આ જનમની ચીજ ખાતર શા માટે ઉવેખવી-અવગણવી ?**

શા સારુ કામચલાઉ દુન્યવી ચીજ ખાતર શાશ્વત આત્માને ભૂલી એની સામે આંખ મિંચામણા કરવા ? પહેલા નંબરમાં મારા શાશ્વત આત્માને જ સંભળી

લેવો જોઇએ.'

દુનિયામાં દેખાય છે કે માણસ પત્ની-પુત્રાદિને લઇને મુસાફરીએ નીકળ્યો હોય, અને રસ્તામાં બીજા મુસાફર મળી ગયા તો કાંઇ હવે એમની ચિંતામાં પડી પોતાના પત્ની-પુત્રાદિને ભૂલી જતો નથી, કેમકે સમજે છે કે પેલા મુસાફર ૨-૪ કલાકના છે, ને પત્ની-પુત્રાદિ જીવનભરના છે. તો પછી આ સંસારમાં અનંતકાળની મુસાફરીમાં વચ્ચે પત્ની-પુત્રાદિરૂપ મુસાફર મળી ગયા છે, તો શું એમની ચિંતામાં પડી પોતાના શાશ્વત આત્માને ભૂલી જવાનો ?

દાનવીર માણસ દાનમાં કેમ હોંશિલા હોય છે ?

આટલા જ માટે કે પૈસા માત્ર અમુક વરસ કે બહુ તો જીવનભર સાથે રહેનારા હોય છે, ત્યારે એનાથી જે દાન-ધર્મ થાય એ પુણ્ય અને દાનના સંસ્કાર દ્વારા પરલોક સાથે ચાલનારો બને છે. તો કામચલાઉને છોડી દીર્ઘકાળ ચાલનારને જ પકડી રાખવું સલામત અને બુદ્ધિભર્યું ગણાય. માટે

**દીર્ઘજીવી દાન ખાતર અલ્પજીવી પૈસા જતા કરવાના, પરંતુ પૈસા ખાતર દાન જતું ન કરાય.**

મહાપુરુષોએ શી રીતે મહાદાન દીધાં હશે ? આવી જ કોઇ તત્ત્વ-દ્રષ્ટિ પર, કે પૈસા નગુણા અને દોષજનક છે, ઉપરાંત પાછા કામચલાઉ માત્ર આ જીવન સુધી જ ટકનારા છે, ત્યારે દાન 'કદરદાનતા' ગુણનો જનક છે. પૂર્વના દાનધર્મે અહીં પૈસા આપ્યા, હવે જો એ પૈસાથી દાન કરીએ તો આપણે પૂર્વના દાનધર્મની કદર કરી કહેવાય. વળી દાન દીર્ઘકાળ ભવો સુધી ચાલનારું છે, તો આવા કદરદાન બનાવનાર દાનની ખાતર, જો મોકો મળ્યો છે તો, ભલે પૈસા જાઓ, પરંતુ નગુણા પૈસા સાચવી રાખવા ખાતર દાન જતું ન કરું.'

**આભડે મહાદાન કેમ દીધું ? દાનની ભાવના**

આભડમંત્રી કુમારપાળ મહારાજા વતી દુશ્મન રાજાને જીતી કરોડોનો ખજાનો લઇ આવ્યા છે અને કુમારપાળે કદરદાનીમાં એને લાખોનું ઇનામ આપ્યું છે. હવે એ ઇનામ લઇને મંત્રી જ્યાં ઘર તરફ જઇ રહ્યા છે ત્યાં માગણો ભીખ માગવા આવ્યે જ ગયા, આવ્યે જ ગયા ! મંત્રી જુએ છે કે "રાજાઓને તો ગરીબોની હારમાળાને દાન દેવાનો અવસર આવે; પરંતુ મારા જેવાને આવો અવસર ક્યારે મળે ? એટલે મારે આ ખરેખરો અવસર મળ્યો છે તો અવસરને સફળ કરું પૈસા તો

આજ છે ને કાલે નથી. કમમાં કમ જીવનના અંતે તો પૈસા જવાના જ છે, ત્યારે દાન કરેલું અમર થઇ જશે. સેંકડો માણસોના દિલમાં મારા જૈનધર્મ પ્રત્યે અહોભાવ જાગી જશે બોધિબીજનું વાવેતર થશે, અને વધારામાં એમનાં ગરીબીથી સંતપ્ત દિલ ઠરશે. એમને સમાધિ મળશે.''

આ ભાવનાથી ઘરે પહોંચતા સુધીમાં હાથીઓ-ઘોડાઓ સહિત સોનૈયા હીરા-માણેક વગેરે સઘળું ય દાનમાં દઇ દીધું ! શું આવ્યું આમાં ? આ વિવેક કે-

**'કાયમી દાનસંપત્તિ કમાવા ખાતર કામચલાઉ અને નગુણી ધનસંપત્તિ ભલે જાઓ.'**

આ હિસાબ આગળ આવ્યો. એવું પૂછતા નહિ-

પ્ર.-આમ ગરીબોને લાખો રૂપિયા લુંટાવ્યા, એના કરતાં કોઇ સંઘ કાઢ્યો હોત તો ? કોઇ અતિ ભવ્ય જિનમંદિર બંધાવ્યું હોત તો ?

ઉ.-અવસરને માન છે. મહાન આત્માઓ અવસરને ઓળખે છે. પછી ત્યાં લેખું માંડવા નથી બેસતા કે ''આનાં કરતાં ફલાણું કામ કરું તો એ વધુ સારું કામ ગણાય, માટે આ અવસર જવા દો.' ના, એ તો અવસર જુએ છે કે આ અવસર એવો છે કે આમાં બે રીતે મહાલાભ છે-

**અવસરે કરેલા સુકૃતના ૨ મહાન લાભ**

(૧) એક તો સામાના દિલમાં જૈનધર્મ પ્રત્યે અહોભાવ આવીને એ સુલભબોધિ બને. એમાં મને લાભ આ, કે મારા પરમ ઉપકારી જૈનધર્મ પ્રત્યે ભારે કૃતજ્ઞતા દાખવવાનું મને મળે.

(૨) અને બીજું એ કે સુકૃતનો અવસર આવ્યો ને એને તરત ઝીલી લીધો તો એમાં દિલમાં ધર્મપ્રેમ ગજબનો વધી જાય ! ધર્મ પરિણતિ અને શુભ અધ્યવસાય ખૂબજ ખીલી ઉઠે ! આ વસ્તુ ક્યાં બને ? ધર્મનો વર્તમાન સોનેરી અવસર જતો કરું ને બીજો ધર્મ વાયદે રાખું, અને ભવિષ્યમાં એ કરું પણ ખરો, એમાં આ વસ્તુ ન બને.

આભડમંત્રીએ આવું કાંઇક જોયું હશે કે ''બીજું વધુ સારું સુકૃત વાયદે કરવાનું રાખું ને વર્તમાન અવસર જતો કરું એમાં પહેલું તો અત્યારે જ ધનમૂર્ચ્છા પોષાય. વળી કાલની ખબર નથી કે આ ધન રહેશે કે કેમ ? યા હું જીવતો રહીશ કે

કેમ ? ત્યારે જો અત્યારે દાનધર્મ ખાતર આવડી મોટી રકમ જતી કરું, તો મારા દિલમાં ધનની મૂર્ચ્છા મરે, અને ધર્મપ્રેમ ને ધર્મ પરિણતિ ખૂબજ ખૂબ વિકસી ઊઠે ! ત્યારે એ પણ વસ્તુ છે કે આ સેંકડો યાચકોના દિલમાં અને આ મહાદાન સાંભળનાર હજારો અને ભવિષ્યમાં આ જાણનારા લાખો લોકોના દિલમાં જૈનધર્મ પ્રત્યે અદ્‌ભુત અહોભાવ જાગી ઊઠે ! જો આ અવસર ઓળખું તો આ અપૂર્વ અનન્ય લાભ છે, જે કદાચ ભવિષ્યમાં મંદિર બંધાવું કે યાત્રા સંઘ કાઢું તો ય આ મહાન લાભ ન મળે."

પેથડશા મંત્રીએ ગીરનાર તીર્થ દિગંબરોના હાથમાં જતું બચાવ્યું તે ૫૬ ધડી સોનું બોલીને ! પછી આહારપાણી એટલું સોનું ઘરેથી મંગાવી નેમનાથ દાદાના ભંડારમાં નખાવ્યા પછી જ કરવાનું રાખ્યું ! તે સોનું લઇ આવવા ઘર તરફ સાંઢણીઓ દોડાવી સોનું કેટલું મંગાવ્યું ? માત્ર પૂરેપુરૂં છપ્પને છપ્પન ધડી સોનું નહિ, કિન્તુ સાઇઠ ધડી સોનું મંગાવ્યું.

અહીં વધારામાં ચાર ધડી સોનું કેમ મંગાવ્યું ?

યાચકો-ભાટ-બારોટો-પૂજારીઓ વગેરેને ખુશી ખુશાલીનું દાન દેવા માટે વધારાનું ૪ ધડી સોનું ! હવે શું અહીં પ્રશ્ન કરાય કે,

પ્ર-ચાર ધડી સોના જેવી જંગી રકમ આમ માગણોમાં વહેંચીને વેડફી નખાય ? એના કરતાં એવડી મોટી જંગી રકમથી ત્યાં જ ગીરનાર પર મોટું મંદિર બનાવવું હતું, યા કોઇ મોટી સંઘયાત્રા કાઢવી હતી ને ?

**મંદિર નિર્માણ કરતાં યાચકોને દાનની વિશેષતા શી ?**

ઉ.-ના, આવો સવાલ ન કરાય, કેમકે અવસરને માન છે. એક બાજુ છપ્પન ધડી સોના જેવી જંગી રકમનું નાણું ભંડારમાં નખાય, અને બીજી બાજુ યાચકો-ભાટ-ચારણ-ભિખારીઓ હુએ કે 'આટલું બધું નાણું ભંડારમાં નંખાય છે ને અમે એવા છે એવા ભૂખડી-બારસ રહીએ છીએ એ આ લોકો જોતા નથી,' તો એ ઘણું અનુચિત ગણાય. એમાં છૂપો છૂપો ભગવાન અને ભગવાનના ધર્મ ઉપર અભાવ આવી જવા સંભવ ! ત્યારે જો એ લોકોને છૂટથી ન ધારેલું દાન મળી જાય તો એમને 'વાહ ભાઇ વાહ ! કેવા આ સરસ ભગવાન કે એમના ભક્તો આટલું બધું વિપુલ દાન દે છે ! કેવો સરસ જૈનધર્મ કે એમાં આવા મહાદાન કરવાનાં બતાવ્યાં છે ! કેવી સરસ જૈનધર્મની બોલીવિધિ-પ્રતિષ્ઠાવિધિ કે એમાં આવા મહાદાનની પણ વિધિ સમાય છે !' એમ ઇતરોને ભગવાન પર જૈનધર્મ પર અને જૈનધર્મની

બોલીવિધિ-પ્રતિષ્ઠાવિધિ વગેરે પર માન ઉપજે, એ પ્રશંસા કરે, એમને જૈનધર્મનું આકર્ષણ થાય.

**અવસરને માન છે. અવસરનું બજાવ્યું મહાફળદાયી -**

આવો અવસર ચૂક્યા પછી ભલેને એ નાણાંથી નવું દેરાસર બંધાવે કે યાત્રાસંઘ કાઢે, યા બીજુ કાંઇ સુકૃત કરે એમાં આ મહાફળનો લાભ ક્યાં ઊભો થાય ? ને ઔચિત્ય-દાનના અભાવે પેલાઓને ભગવાન પર જૈનધર્મ પર અને જૈનધર્મની વિધિઓ પર સૂગ થવાનું ક્યાંથી અટકે ? અવસરને માન છે.

મહારાજા કુમારપાળના સંઘમાં મહુવાના જગડ શ્રાવકે સવા ક્રોડ રૂપિયા બોલી માળ પહેરી તે અવસર મહાદુર્લભ મળ્યાની ઓળખ કરીને એવી જંગી રકમની બોલી બોલેલો. નહિતર શું જગડને વિચારતાં નહોતું આવડતું કે 'સવા ક્રોડની રકમથી તો ૧।-૧। લાખના ખર્ચે ૧૦૦ યાત્રા સંઘ કાઢી શકું, અગર ૧૦૦ જિનમંદિર ઊભા કરી શકું.' આવડતું હતું પરંતુ એવો વિચાર ન કરતાં કોઇના યાત્રા-સંઘની માત્ર માળ પહેરવામાં આટલી મોટી રકમ આપી દીધી, એ કઇ અક્કલ પર ? આ જ અક્કલ કે 'આ તીર્થ માળનો અવસર અનન્ય છે. કદાચ જનમભરમાં શું, જન્મોજન્મમાં ય ન મળે એવો છે, કેમકે કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજનું નેતૃત્વ, બીજા કેટલાય આચાર્ય મહારાજો, હજારો સાધુ-સાધ્વીજીઓ અને લાખો શ્રાવક-શ્રાવિકાનો યાત્રા સંઘ ! તે પણ ૧૮ દેશના સમ્રાટ કુમારપાળ મહારાજાએ પોતે ચલાવેલ યાત્રા સંઘ ! એની તીર્થમાળ કે જેના પહેરવાના અધિકારી કુમારપાળ મહારાજા પોતે હતા, ને તે અહીં મને પહેરવા મળે ! આ અતિ દુર્ગભ યોગ છે, દુર્લભ અવસર છે. આવા અતિ દુર્લભ યોગમાં વરમાળા પહેરવાનું કદાચ અનેક ભવોમાં ય ન મળે. એવા વરમાળા પરિધાનના અવસરે અંતરમાં અતિ ઊંચા શુભ અધ્યવસાયની છોળો ઉછાળવાનું જે મળે એનું મૂલ્ય શું અંકાય ? ત્યારે

**જીવનનો મહા સાર અંતરમાં અતિ ઊંચા શુભ અધ્યવસાયની છોળો ઊછળે એ છે.**

❀ ❀ ❀ ❀ ❀ ❀

**નાગકેતુએ કેવો અવસર સાધ્યો ? :-**

માટે તો જુઓ નાગકેતુને શ્રી જિનેન્દ્ર ભગવાનની પિછવાઇ અને આજુબાજુમાં પુષ્પરચના કરતાં પ્રભુભક્તિ-પ્રભુપ્રીતિ અને પ્રભુમાં એકતાનતાના

જે શુભ અધ્યવસાય અંતરમાં ઊછળી રહ્યા હતા, એમાં એ વખતે કરંડિયામાંનો સાપ આંગળિયે કરડતાં શુભ અધ્યવસાય અતિ ઊંચા બની ગયા ! કેમ વારુ ? એમણે અવસર ઓળખ્યો કે, બરાબર આ વખતે કાયાની માયા-મૂર્ચ્છા મૂકી દઇ પ્રભુ ભક્તિમય પ્રભુની એકતાનતા ઔર વધારી દેવાની.

**કાયાની માયા ઉછળવાના સંયોગમાં પ્રભુની માયા ઉછાળવી એ અવસર.**

ત્યાં જો એમ વિચારવા જાય કે 'લાવ જરા બહાર જઇ આવી ઝેરી જંતુનું ઝેર ઉતારી નખાવું, તો જીવતો રહીશ. તો આગળ ઘણો ધર્મ થઇ શકશે' એમ કાયાની મમતામાં પડ્યા હોત તો અહીં જે શુભભાવ ધારા વધી વધી શુક્લધ્યાનની ધારા સુધી પહોંચવાની હતી, તે ભાવધારા ભવિષ્યમાં કોને ખબર ક્યારે વધત ?

અવસરને માન છે. અંતરના વધતા જતા શુભભાવને અત્યારે જ આવા કાયાની મમતા થવાના વખતે જે જો એ મમતા સમૂળ ફગાવી દેવાનું બળ કેળવાય તો એ બળ શુભભાવની ધારા કૂદકે ને ભૂસકે વધારવામાં અતિશય ઉપયોગી થાય, શું સમજ્યા ?

**વિષયો પ્રત્યેની નફરત ને વૈરાગ્યને વધારવાનું મનોબળ વીતરાગની ભક્તિના શુભભાવને કૂદકે-ભૂસકે વધારવામાં ઉપયોગી થાય છે.**

માટે તો સ્થૂલભદ્રજીને મંત્રી મુદ્રિકા સામે આવી, અને એમાં મનને થયું કે "આ તો કોશાના અખંડ રંગરાગમાં વિઘ્ન કરનારી બને.' ત્યાં જ ઝટ મનને સ્ફુર્યું કે 'એમ તો કોશાના રંગરાગ પણ આ માનવ-જન્મમાં જ સુલભ વીતરાગની ઉચ્ચ ભક્તિરૂપ ચારિત્રસાધનાની આડે વિઘ્નભૂત છે. તો જેમ કોશા ખાતર મંત્રી મુદ્રિકા ન જોઇએ, એમ ચારિત્ર ખાતર કોશાના રંગરાગ પણ શા સારુ જોઇએ ? અને આ ચારિત્રની વીતરાગ ભક્તિ બજાવ્યા વિના વીતરાગ થવાશે નહિ, તો અનંત જનમ-મરણની પરંપરા અટકશે નહિ. એ અટકાવવાનું મનુષ્ય જનમમાં જ શક્ય છે. તો વીતરાગની ભક્તિ ખાતર કોશાની પ્રીતિ પડતી મૂકું.'

અંતરમાં રહેલી વીતરાગ પ્રત્યેની ભક્તિને સક્રિય અને ઉચ્ચ કોટિની બનાવવા માટે એક માત્ર ઉપાય સર્વ પાપોનો ત્યાગ કરી ચારિત્રનો જ સ્વીકાર અને સાધના કરવી તે છે.

**વીતરાગની ઉચ્ચકોટિની ભક્તિ ચારિત્ર પાળવામાં જ નીપજે.**

સ્થૂલભદ્રજીએ શું કર્યું ? કોશા જેવાની સાથેના રંગરાગના વિષયો પ્રત્યે ભારે નફરત ઊભી કરી ભારે વૈરાગ્ય પ્રગટ કરી દીધો, તો જ બીજી બાજુ વીતરાગ પ્રભુ પ્રત્યેની ભક્તિના પૂર ઉછળ્યા ! એવા ઉછળ્યા કે ત્યાં ને ત્યાં જ ચારિત્ર સ્વીકારી લઇને ઊંચી વીતરાગ-ભક્તિને સાકાર બનાવી દીધી !

સ્થૂલભદ્ર સ્વામીએ અવસર ઓળખ્યો 'હમણાં ચારિત્રની શી ઉતાવળ છે ? હમણાં તો મંત્રી બની જાઉં, મંત્રીપણામાં ધર્મની સાધના અને પ્રભાવના ખૂબ કરીશ, પછી વર્ષો ગયા બાદ ચારિત્ર લઇશ આવા મુફલીસ વિચાર ન કર્યા, પણ અવસર ઓળખ્યો કે

**અત્યારે જ પસંદગીનો ખરો અવસર છે. શું પસંદ ? જેમ મંત્રીપણાનાં મહાસન્માન પસંદ ? કે કોશાના અખંડ રંગરાગ ? એમ શું પસંદ ? દુન્યવી રંગરાગ ? કે વીતરાગ ભક્તિરૂપ ચારિત્ર ?**

**ચારિત્રની તોલે ગૃહસ્થનો કોઇ ધર્મ નહિ**

કોશાના રંગરાગ માટે મંત્રીપણાનાં મહાસન્માનની લાલચને વશ ન થવાનું જો મનોબળ છે, તો એજ મનોબળ ચારિત્ર માટે દુન્યવી રંગરાગની લાલચને વશ ન થવા ઉપયોગી છે. ત્યાં 'ગૃહસ્થ બન્યો રહી મંત્રીપણે મોટી ધર્મસાધના ધર્મપ્રભાવના કરતો રહું' એ વિચાર મુફલીસ વિચાર છે, કેમકે એમાં માનાકાંક્ષા, અભિમાન, વિષયસુખલાલસા વગેરે પાપો સંકળાયેલા છે, તેમજ ચારિત્રની તોલે આવે એવો પાપ ઘરમાં બેઠેલા ગૃહસ્થનો કોઇ ધર્મ નથી. તો પછી એમ કહેતા નહિ કે-

પ્ર.-વિમલકેવળી ભગવાને વિજયશેઠ વિજયા શેઠાણીના, બ્રહ્મચર્યના કેમ એવા ઊંચા ગુણ ગાયા કે વિજય-વિજયાની ભક્તિથી ૮૪૦૦૦ સાધુની ભક્તિ જેટલો લાભ મળે ?

ઉ.-એમાં ય શું કહ્યું ? સાધુ જે સંજોગોમાં બ્રહ્મચર્ય પાળે છે એના કરતાં વિજય-વિજયાના સંજોગ કપરા ગણાય, ને એમાં બ્રહ્મચર્ય પાલન અતિકઠીન હોવાનું કહ્યું. પરંતુ એ નથી કહ્યું કે 'સાધુના ચારિત્ર કરતાં વિજય-વિજયાનો બ્રહ્મચર્યધર્મ ઊંચો.' કેમ એમ ન કહ્યું ? એટલા જ માટે કે ચારિત્ર એ ચારિત્ર. ગૃહસ્થનું બ્રહ્મચર્ય એની તોલે ય ન આવે, તો એનાથી ઊંચું તો કહેવાય જ શાનું ? માટે તો વિજય-વિજયાની ભાવના હતી કે 'આ બ્રહ્મચર્ય બહાર પ્રગટ થઇ જાય, અર્થાત્ માતા-પિતાની જાણમાં આવે, ત્યારે ચારિત્ર લઇ લેવું.

જો એકલું એમનું બ્રહ્મચર્ય ચારિત્ર કરતાં ઊંચું કે ચારિત્રની સમાન હોત, તો શું કામ આ ભાવ રાખત ? પરંતુ સમજતા હતા કે 'ચારિત્ર એ ચારિત્ર એની તોલે ગૃહસ્થનો કોઇ ધર્મ ન આવે. એટલે તો વિમળ કેવળજ્ઞાની ભગવાને ભક્તિના લાભ પૂરતું કહ્યું કે '૮૪૦૦૦ સાધુની ભક્તિ જેટલો લાભ વિજય-વિજયાની ભક્તિ કરવાથી મળશે.' પરંતુ એમ ન કહ્યું કે 'વિજય-વિજયાનું બ્રહ્મચર્ય ૮૪૦૦૦ સાધુના ચારિત્ર જેટલું ઊંચું છે. યા એક સાધુના પણ ચારિત્ર જેટલું ઊંચું છે.' આવું ન કહેવાનું કારણ એજ કે ચારિત્ર એ ચારિત્ર. એની તોલે ગૃહસ્થનો બ્રહ્મચર્યધર્મ પણ ન આવે, તો બીજો કોઇ ધર્મ તો શાનો જ આવે ? પૂછો

પ્ર.-નાગકેતુનો પ્રભુભક્તિ ધર્મ તો ચારિત્ર કરતાં ઊંચો ખરો ને ? તો જ એમાં પરાકાષ્ઠાએ એ કેવળજ્ઞાન પામ્યા ને ?

ઉ.-ના, કેવળજ્ઞાન પામ્યા ખરા, પરંતુ કોરી દ્રવ્યભક્તિથી નહિ, કિન્તુ અંતરમાં પ્રભુભક્તિના ભાવમાં ચારિત્રના ભાવ અર્થાત્ સર્વ પાપત્યાગના ભાવ ઊઠી આવ્યા...યાવત્ સર્વ સંગત્યાગના ભાવ ઊભા થઇ ગયા ! કહો કે ચારિત્રથી સર્વ પાપત્યાગ ને સર્વથા અનાસક્તિના ભાવથી અંતરમાં વીતરાગ પ્રત્યેની ભાવભક્તિ ખરેખરી વિકસી ઊઠી ! તો જ કેવળજ્ઞાન પામ્યા.

**વીતરાગની ભાવભક્તિ આ જ છે કે સર્વ ત્યાગના આંતરિક ભાવથી વીતરાગને ભજાય, વીતરાગમાં દૂધ-સાકરની જેમ ભળી જવાય. સારાંશ.**

**ચારિત્રના આંતરિક ભાવ વિના પ્રભુભક્તિ અધુરી છે.**

એટલે ગૃહસ્થનો કોઇપણ ધર્મ ચારિત્રધર્મની તોલે ક્યાંથી આવે ? કેમકે એનામાં ચારિત્ર યાને સર્વ ત્યાગનો ભાવ નથી. અવસર ઓળખવાની વાત છે. ''આભડમંત્રીએ અવસર ઓળખ્યો કે રાજા પાસેથી આટલું બધું ઇનામ એકલો જ ઘેર લઇ જાઉં ને યાચકોને કશું ન આપું તો મારા જૈનધર્મ પ્રત્યે અભાવ થાય, ને છૂટથી યાચકોને આમાંથી મોં માગ્યું દાન દઉં તો જૈનધર્મની વાહવાહ થાય. એમાં વળી જો બધું જ દઇ દેવાનો અવસર આવ્યો છે ને બધું ય ઝટ દઇ દઉં, તો તો જૈનધર્મની બહુ ભારે વાહવાહ થાય ! એથી કેટલાયને જૈનધર્મ પર આકર્ષણ થાય, અનુમોદના થાય, આસ્થા ઊભી થઇ જાય ! પછી તો એમના ભવ સુધરી ગયા...આવા મહાન લાભ આગળ ધન પરિગ્રહનો લાભ શી વિસાતમાં ?'

આમાં આ ખાસ જોવા જેવું છે કે,

**આપણા નિમિત્તે બીજાઓને જૈનધર્મ પ્રત્યે અભાવ ન થાય, એ તકેદારી મહાન દિલના આત્માઓ ખૂબ રાખતા.**

તેથી તો ધર્મના પ્રસંગ-પ્રસંગમાં ઔચિત્યદાન ને અનુકંપાદાન રાખવાનું ચૂકતા નહિ. દીક્ષા લેતાં પહેલાં ય એ, જિનેન્દ્રભક્તિ મહોત્સવમાં ય એ, બહાર કમાઇ લાવ્યા તોય એ, ગુરુપ્રવેશ મહોત્સવમાં પણ એ. શા માટે ? તો કે જૈનધર્મ પ્રત્યે ભાવ જગાડવા માટે. અને ધર્મ પ્રત્યે દુર્ભાવ ન રહે અભાવ ન થાય એ માટે ઔચિત્યદાન અનુકંપાદાન ખૂબ જ ઉપયોગી અને જરૂરી છે.

તો બોલો, આપણે બોલતી વખતે એ તકેદારી રાખીએ છીએ ખરા કે આ મારા અજુગતા બોલથી સામાને જૈનધર્મ પ્રત્યે અભાવ તો નહિ થાય ? સામામાં રાગદ્વેષાદિ કષાય તો નહિ સળવળે ? પોતાના તેવા વર્તાવથી સામાને ક્રોધ-લોભ વગેરે કષાય તો નહિ જાગે ? એટલા જ માટે સામો ચડભડતો આવે તોય મહાન આત્મા આવેશથી કે ઊંચા સાદે લડવા ધમકાવવાના બોલ નહોતા બોલતા.

ભરુચના મહાન શ્રાવક **અનોપચંદભાઇની** બહારમાં હલકાઇ કરનારા માણસને ત્યાં અનોપભાઇ વહેલી સવારે પોતે જઇ એને કહે છે, "ભાઇ ! તમારી દીકરી એ મારી જ દીકરી છે. મેં સાંભળ્યું છે કે તમારે પણ આ દીકરીના લગ્ન પ્રસંગે નાત જમાડવાની છે તો ખુશીથી જમાડો. ભલે મેં પહેલાં નોંધાવી છે, પરંતુ તમારી નાત પહેલી જમશે, પછી મારું જમણ."

અનોપભાઇના આ બોલ પર એ માણસ ગળગળો થઇ ગયો, ને કહે છે, 'ના શેઠ સાહેબ ! તમારી જ નાત પહેલી જમે. મેં તમારી ખૂબ હલકાઇ કરી છે મને માફ કરો.'

શો હિસાબ હતો અનોપચંદભાઇનો કે "કોઇ માણસ ચડભડીને બોલતો હોય તોય આપણે આવેશમાં નહિ આવવું, કેમકે એમાં સામાને કષાય વધે ને એમાં આપણો આવેશ નિમિત્ત બન્યો ગણાય, આપણે નિમિત્ત બન્યા ગણાઇએ. કારણ કે એમાં સામાને એમ લાગે છે કે 'જોયા આ ધર્મી ? જોયો એમનો ધર્મ ? ગુસ્સો કેટલો દોઢ ખાંડી કરવા જોઇએ છે ?"

આભડે આ જોયું હતું કે 'આટલું મોટું ઇનામ લઇ એમાંથી યાચકોને માગવા છતાં ન આપું તો એમને ધર્મ પ્રત્યે અભાવ થાય, એમાં હું નિમિત્ત બન્યો ગણાઉં, તેથી દેવું જોઇએ.'

પણ દેતાં દેતાં સાવ ખાલી થઇ જવાય ત્યાં સુધી દેવાનું ?

હા, કારણ છે-

**ધન કામચલાઉ છે, ને દાનાદિ સુકૃત કાયમી છે. કાયમી ખાતર કામચલાઉને જતું કરવાનું.**

વાત આ છે-કામચલાઉ ને નગુણા એવા ધનનું મૂળ છે કાયમી ને કદરદાન એવું દાન, મૂળભૂત દાનની કિંમત અંકાય તો ધન જતું કરીને દાન કરાય, પણ દાન જતું કરી ધન સાચવતા ન બેસી રહેવાય.

એમ કામચલાઉ અને નગુણી રોજિંદી ભોજનપટ્ટી જતી કરી કાયમી ને કદરદાન તપની સંપત્તિ કમાઇ લેવાનું કરાય. કામચલાઉ અને કાયમી વચ્ચેનો તથા નગુણા સગુણા વચ્ચેનો તફાવત ઓળખાય, તેમજ તત્ત્વદ્રષ્ટિ કેળવી વિવેક કરાય, તો તન-ધનના ભોગે આ તપ-દાન વગેરેની સાધના વધાવી લેવાય કેટલું સુંદર સૂત્ર !

**'કામચલાઉના મોહમાં કાયમીને ન ભૂલો'.**

**તપમાં કાયમીનો હિસાબ :-**

શરીર કામચલાઉ આ જનમ પૂરતું છે, નાનો મોટો તપ આત્મા પર કાયમી સારી અસર મૂકી જાય છે. તો મનને એમ થાય કે "શા સારુ શરીરની સુખશીલતાના મોહમાં કાયમી તપને ચૂકું ?

"ભલે ને નાનો ય બિયાસણા જેવો કે તિવિહાર જેવો ય તપ હાથ લાગે છે ? તો એનો લાભ લઇ લઉં. ખાવાનું છૂટું રાખીશ, તો એ કામચલાઉ મનને હુંફ રહેશે, જ્યારે નાના પણ તપથી ભવાંતરમાં ય લાભ મળશે. દા.ત. બપોરે સારું જમ્યા, લાગે છે કે સાંજે ન જમું તો ચાલે એવું છે, ઊલટું સારું જમેલાને પચવા સારો અવકાશ રહેશે.' બસ, એમ વિચારી બપોરે જમ્યા પછી તિવિહાર કરી લીધો તો એ નાના તપનો લાભ થયો.

"આજે પર્વતિથિ છે, છૂટા રહેવાનું શું કામ છે ? કમમાં કમ બિયાસણું કરી લીધું. બે વાર જમવા મળે છે, અને તપનો લાભ મળી ગયો."

હિસાબ જોઇએ કે-

**"શરીરને સુખશીલતા કામચલાઉ રહેવાની છે, તપ કાયમી લાભ આપનાર છે."**

તો એ લાભ ખાતર કામચલાઉ સુખશીલતા જતી કરવાનું મન થાય.

ધર્મક્રિયા પ્રમાદ રાખીને બેઠા બેઠા આરામથી કરાય, તો શરીરને સુખશીલતા મળે ખરી, પરંતુ કામચલાઉ. પણ એને જતી કરીને પ્રમાદ ટાળી જ્ઞાનીએ કહેલ વિધિ મુજબ કરાય, તો

(૧) જિનાજ્ઞાપાલનનો કાયમી લાભ મળે,

(૨) પુણ્યાનુબંધી પુણ્યનો કાયમી લાભ મળે,

(૩) દેહદમનનો કાયમી લાભ મળે.

''તો પછી આ બધા કાયમી લાભ શા સારુ જતાં કરું ? એમાં ભલે કામચલાઉ સુખશીલતા જાય તો જાય,'' આમ જો વિચારાય તો ક્રિયા વિધિસર કરવાની ઉજમાળતા આવે.

**પરોપકાર પણ કાયમીના હિસાબ પર :-**

આ જ હિસાબ પર પરોપકાર પરાર્થકરણ જેવો મહાન ગુણ કેળવી શકાય, ખીલવી શકાય, કેમકે પૈસાથી પરોપકાર કરવાનો આવે ત્યાં મન સંકોચાય છે કે 'હું તે કેટલે પહોંચું ?' પરંતુ વિચાર આ જોઇએ કે 'થોડા પણ પૈસાથી પરોપકાર થશે એ કાયમી લાભ કરશે, ને એના બદલે ભલે અત્યારે પરોપકાર જતો કરી પૈસા બચાવી રાખ્યા, પણ એ કામચલાઉ રહેવાના છે, કેમકે ભલું હશે તો કર્મ એવી આપદા ઊભી કરશે કે પૈસા ત્યાં ખરચવા પડશે. પછી પૈસા બચાવી રાખ્યા ક્યાં રહ્યા ?'

ત્યારે કાયાથી પરોપકાર કરવાનો આવ્યો, પરાર્થકરણ પરનું ભલું કરી છૂટવાનો અવસર આવ્યો, ત્યાં એ જતો કરી કાયાને સુખશીલ રાખી, પરંતુ એ સુખશીલતાથી કાંઇ કાયાનું લોહી વધી નથી જવાનું, કે કાયા બેસાડી રાખવાથી આયુષ્ય વધી નથી જવાનું. ઊલટું જો કર્મે બીજી કોઇ ઉપાધી લાવી મૂકી તો એ કર્મ કાયાને એમાં તગડશે. ત્યાં સુખશીલતા ક્યાં સચવાઇ ? સુખશીલતા તો કામચલાઉ જ રહી, એના બદલે પરોપકાર કરેલો કાયમી લાભ કરાવી જાય.

**શેઠ કાયમી લાભના સુકૃત પર મસ્ત :-**

પેલા શેઠે આ જ હિસાબ પર પોતે તો કચ્છના રાણાને ભૂખમરામાં રૂપિયા ત્રણ લાખની સહાયતા કરેલી, પરંતુ એ રાણો હવે શેઠની ભૂખમરાની સ્થિતિમાં

એક બકરી જ આપે છે, ને કહે છે, 'આ સારી બકરી છે, દૂધ સારું દેશે. એને વેચીને તમારે નિભાવ થઇ રહેશે.' ત્યાં બકરી ઘરે લઇ આવી શ્રાવિકાને વાત કરી, તો શ્રાવિકા બોલી, 'આ શું ? તમે એને ભીડમાં ત્રણ લાખ રૂપિયા આપેલા, તે હવે તમારી ભીડમાં એ તમને માત્ર એક બકરી આપે છે ? આવાને ત્રણ લાખ રૂપિયા આપ્યાનું શું આ ફળ ?'

**સુકૃતની ફિલોસોફી :-**

શેઠ કહે, ''આ શું બોલ્યા ? ધીરા પડો, આપણે કાંઇ રૂપિયા ત્રણ લાખ આપ્યા તે અવસરે એ આપણને સવા ત્રણ લાખ આપે એ માટે આપ્યા છે ? ને એણે હવે એટલા ન આપ્યા તો શું આપણું દીધેલું નિષ્ફળ ગયું ? આવું માનશો નહિ. આપણે તો આ રાજા જેવાની ઉપર પરોપકાર કરવા માટે આપેલા પ્રજાના રક્ષક રાજાને ઊભો રાખવો એ મહાન સુકૃત થયું ને એ સુકૃત તો પુણ્ય ને સુસંસ્કારનો કાયમી લાભ કરાવી જ ગયું. ખરેખર જુઓ તો રાજા પર આપણે ઉપકાર નથી કર્યો કિન્તુ આપણા પર રાજાએ આ દાન સુકૃતનો લાભ આપવાનો ઉપકાર કર્યો છે. એ સુકૃત તો પરલોકના મહાન લાભ આપવામાં વસુલ થઇ ગયું, હવે એ ક્યાં ઊભું છે ? કે રૂપિયા ત્રણ લાખ ક્યાં ઊભા છે ? તે એનો બદલો માગો છો ? કામચલાઉ ટકનારા રૂપિયા જતા કરી આપણે સુકૃત કમાયા એ તો અમર કાયમી થઇ ગયું છે. એને વેચવાનું ન હોય.''

સુકૃતને કેવી ફિલોસોફી ! સુકૃતનું કેવું ઊંચું તત્ત્વજ્ઞાન ! આત્મવાદી આપણે જો આ સુકૃત લાભનો વિચાર નહિ કરીએ, તો શું નાસ્તિક કરવાનો હતો ? જેને આત્મા ચીજ જ માન્ય નથી એણે સુકૃતના પારલૌકિક લાભ શાના જોવાના રહે ? એ તો આસ્તિક જુએ કે અહીંના તુચ્છ સ્વાર્થ ખાતર પરલોકના કાયમી લાભ શા માટે ખોઇ નાખવા ? માટે સુકૃતને અકબંધ રહેવા દે.

શ્રાવિકા સમજી ગઇ, હાથ જોડ્યા, કહે છે, 'તમારી વાત સાચી છે. અત્યાર સુધી આપણે ધર્મ કર્યો એ બધો ય પરલોક સુધારવા કર્યો છે. તો એનાથી આ જનમ સુધારવા તુચ્છ કામચલાઉ સ્વાર્થ એનાથી સાધી લેવાનું વ્યાજબી નથી. તો પછી ભલે ત્રણ લાખનું સુકૃત પણ અકબંધ રહો. વર્તમાન અગવડ વેઠી લઇશું. એ કેટલો કાળ રહેવાની છે ? ને સગવડ થાય તો ય કેટલી ટકે ? કામચલાઉં અલ્પકાળ.

શુદ્ધ પરોપકાર આ રીતે કરવાની પ્રેરણા મળે છે. મનની સુખશીલતા અને ધનની સંગ્રહખોરી કામચલાઉ છે. એ જતા કરીને પરોપકારના કાયમી લાભ કેમ ન કમાઇ લેવા ?

અરે ! વિચારશુદ્ધિ પણ આ હિસાબ પર સિદ્ધ થઇ શકે. આડાઅવળા વિકલ્પો આ રીતે અટકાવી શકાય.

**કામચલાઉ તુચ્છ લાભકારી સંકલ્પ-વિકલ્પો જતાં કરી શુભ વિચારોનો કાયમી લાભ કાં ન ઉઠાવવો ?**

મનનો ઉપયોગ તો કરવો જ છે, તો એ મનથી વૈર-વિરોધ ઇર્ષ્યાદિના વિચાર કરવા એના કરતાં મૈત્રી-કરુણા-પ્રમોદના વિચાર કરવા શું ખોટા ? જે કાયમી લાભ કરાવનારા છે. ત્યારે મન અધીરું થાય છે કે-

પ્ર.-તે શું દુશ્મન માટે મૈત્રીના વિચાર કરવા ?

ઉ.-હા, કેમકે વૈર-વિરોધ-દુશ્મનાવટના વિચાર કરવાથી દુશ્મનને કાંઇ હાનિ નથી પહોંચતી કે એ દુશ્મન કાંઇ દબાતો નથી. તો ફોગટિયા વૈર-વિરોધાદિના વિચારો કરીને સમય બગાડી મૈત્રી આદિ દિલમાં ભાવીને મળનાર કાયમી લાભ શા સારુ જતા કરવા ?

**સામંત કવિની મૈત્રી :-**

પેલા સામંત કવિને જાણો છો ને ? એ રાજકવિ બનેલો ચિત્તોડના મહારાણાનો. મૂળ એના પિતા ગામડામાં રહેનાર, પરંતુ એ પિતાના મામાનો કે ફોઇનો દીકરો ભાઇ અનાડીપણું કરી એની સાથે ઝગડેલો અને તે ય ઠેઠ તલવારથી લડવા સુધી પહોંચેલો, એમાં આ સામંતનો બાપ પોતાના રક્ષણાર્થે પ્રયત્ન કરતાં, આ ભાઇને મારી નાખવાની બુદ્ધિ નહિ છતાં, તલવારથી સામાના પ્રહારની ટક્કર લેતાં તલવાર ભાઇ પર લાગી ગઇ, ને એ મરાયો ! એના ઉદ્વેગથી એ ચિતોડમાં આવી વસેલો. ત્યાં એનો પુત્ર સામંત આગળ વધતાં રાજમાન્ય કવિ બનેલો.

હવે એના એ કાકાના બે દીકરા ગામડેથી અહીં ચિતોડમાં વૈર વાળવા આવ્યા છે, ને એકાંત પામી સામંતને પડકારે છે 'તારો બાપ અમારા બાપનું ખૂન કરી અહીં ભાગી આવ્યો છે. એ ભલે મર્યો, પણ અમે હવે તને માર્યા વિના નહિ છોડીએ.'

સામંત હૈયામાં છલોછલ સર્વ જીવ પ્રત્યે મૈત્રી ભાવથી ભરેલો છે. કેમકે

એ સમજે છે કે

**"આ મહાકિંમતી માનવમનથી બીજા પ્રત્યે-વેર-વિરોધ-અંટસ રાખવા એ કામચલાઉ તુચ્છ લાભ કરતાં મૈત્રી-સ્નેહ-ક્ષમાદિના કાયમી ઉત્તમ લાભ લેવા શા ખોટા ? મનમાં મૈત્રી આદિ જ શુભભાવ રાખ્યા કરવા."**

તેથી અહીં એ જરાય વિહ્‌વળ નથી થતો ઊલટું ભાઇઓના દિલમાં પણ મૈત્રી આદિ સુંદર ભાવ પેદા થાય એ માટે સમજાવે છે કે-

"જુઓ, મારા પિતાજીએ કેવા સંયોગમાં શું કર્યું હશે એ આપણે એ વખતે બહુ નાના એટલે તે જાણતા નથી. તો હવે આપણે શા સારુ વૈર રાખવું ? જો આપણે વૈર રાખશું તો આપણા સંતાનમાં પણ વૈર જ ઊતરશે, ને એની પરંપરા પેઢી-ઉતાર ચાલશે ! માટે આવો આપણે મિત્રાચારી કરી લઇએ. પધારો મારા મકાને. મારું ઘર એ તમારું જ ઘર છે. આપણે બધા પ્રેમથી હળીમળીને સાથે જ રહીએ.

સામંતે ઉમદા બોલ આપ્યા તો ખરા, પરંતુ ક્ષુદ્ર દિલના આ બે જણ એ શે ઝીલી શકે ? એ તો ગરજ છે-"જોયો મોટો મિત્રાચારીવાળો ! જોઇ જોઇ તારી મૈત્રીની સુફિયાણી વાત ! અમારા બાપનું ખૂન કરનારનો તું દીકરો, તને મારી વૈરવાળીને જ જપીશું."

તો ય સામંત પૂછી લે છે, 'તમે નહિ જ માનો ?' 'ના, ના, ના,' એમ પેલા બે ઘસીને ના પાડે છે. એટલે સામંત કહે છે-

**સામંતની મૈત્રી ખાતર મરવા તૈયારી :-**

"લ્યો ત્યારે જુઓ, આપણે આગળ વૈર નથી ચાલવા દેવું. માટે એમ કરો તમે ખાનગીમાં વૈર વાળી લ્યો. એ માટે હું એકલો જ આજે સંધ્યાકાળ પછી ગામ બહાર દેવીના મંદિર આગળ આવું છું. તમે પણ ત્યાં આવી જાઓ. હું મરવા તૈયાર છું તમે તમારું કામ પતાવી દો. રાત્રિના એકાંતમાં વાત પતી ગઇ. તમે ચાલ્યા જજો દેશમાં. ન તમારા છોકરા કે કોઇ આ જાણે, ન મારા કોઇ જાણે. એટલે આગળ કોઇને વૈરની ભાવના જ ન રહે, કોઇને કશી ખબર જ ન પડે કે તમે શું કર્યું, ને મારું શું થયું."

પેલા બે ભાઇઓ આ સાંભળીને એમ જ સમજે છે કે "આ સામંત દંભ કરે છે. આમ કહીને કદાચ અત્યારનો સમય ટાળવો હશે, અથવા રાતના કાંઇક પેંતરો આપણને ફસાવવાનો કરવો હશે. ખેર જોયું જાશે પેંતરો હશે તો મારવો જ ક્યાં

છે ? ને જ્યાં સુધી આપણે મારીએ નહિ ત્યાં સુધી આપણે ગુનેગાર તરીકે પકડાવાને કોઇ કારણ નથી." એ સામંતને કહે છે.

"જોયો મોટો શાહુકાર ! કહે છે રાતના એકલો આવીશ, આવજે, આવજે, જોઇશું કેવો આવે છે."

એમ કહીને ગયા. સંધ્યાકાળ પછી સામંત ગામના દેવી મંદિરે એકલો પહોંચી ગયો. ઘરે ચિંતા ન થાય કે ક્યાં ગયા ? કેમ પાછા ન આવ્યા, તેથી એ પોતાના દિલની વૈરનો અંત લાવવા ખાતર મૃત્યુ વધાવી લેવાની વાત કરી દે છે.

ત્યારે શું પત્નીએ આ એમ જ સાંભળી લીધું ? શું એ રાડ પાડી ન ઊઠી કે "આ શું કરવા તૈયાર થયા છો ? મને તમારે વિધવા કરવી છે ? ને શું તમારે આવા ઘમંડીઓના હાથે મરી અમૂલ્ય જિંદગી ગુમાવવી છે ? ન ગુમાવાય. જાઓ રાજા આગળ તમારું ઘણું માન છે, તો રાજાને કહીને પકડાવી દો આવાને જેલમાં જ નખાવી દો."

શું પત્ની આવું ન બોલી ?

ના, એણે પતિનું વચન સ્વીકારી લીધું. કેમ વારુ ? પતિની સાથે જીવન જીવતાં પતિના મૈત્રીભાવના આચરણ અને ઉપદેશથી એ પણ એવી રંગાઇ ગઇ હતી. સમજતી હતી કે-

**આ જીવન અને એની વસ્તુઓ કામચલાઉ છે, પણ એમાં સુકૃતો અને સદ્ગુણો કમાઇએ એ કાયમી છે.**

જીવનની વસ્તુઓમાં મન પણ એક વસ્તુ મળી છે. એ ય કેટલું ચંચળ છે ! એ અનુભવીએ છીએ. પરંતુ એ મનથી સર્વ જીવ મૈત્રીભાવ, પ્રભુપ્રીતિ, દયા-દાનના ભાવ, ઇન્દ્રિય સંયમના ભાવ...વગેરે વગેરે જે કેળવીએ એ કાયમી બનવાના ! ભવાંતરે ચાલનારા બનવાના ! શુભાનુબંધના કાયમી લાભ કરાવનારા બનવાના !

કામચલાઉ મનથી કાયમી શુભભાવ અને શુભાનુબંધના લાભ કાં ન કમાઇ લેવા ?

આમાં જીવન જીવવાની કેવી મજા છે ? જીવન જીવતાં ગમે તે ગમે તે પ્રસંગ આવો, આપણું કામ આ કે મનથી અશુભભાવ થતા રોકવાના, ને શુભભાવ કરવાના ; પછી ભલે ને કોઇક મહાઆપત્તિ આવી એવી કે આપઘાત કરવાનું મન થાય, પરંતુ ત્યાં આ વિચાર કરવાનો કે 'મરું શા માટે ? જ્યાં સુધી જીવતો છું ને

આ માનવ મન મારી પાસે છે, ત્યાં સુધી જ એનાથી શુભભાવ અને શુભવિચારો કરી શકું છું. તો હું શું આ જ ન કરું ?'

ત્યારે શુભભાવો કયા કયા એનું લિસ્ટ નજર સામે રમતું જોઇએ. એમ શુભવિચારો કેવા કેવા, એનું ય લિસ્ટ તૈયાર જોઇએ. આ બંને લિસ્ટ રોજ વંચાય, ધ્યાનમાં લેવાય તો પ્રસંગે પ્રસંગે ઝટ ખ્યાલ આવે, કે ને અમૈત્રી આદિ અશુભભાવ અશુભવિચાર અટકાવી શકાય.

**શુભભાવ કયા કયા ?**

સહિષ્ણુતા, સમતા, સમાધિ, પ્રભુ પર આસ્થા, જગત પ્રત્યે ઉદાસીનતા અલિપ્તતા, પોતાના આત્માની શ્રદ્ધા-સંવેગ-વૈરાગ્ય વગેરે ભાવો એ શુભભાવો છે.

**શુભવિચારો કેવા કેવા ?**

'આપત્તિમાં કર્મવિપાકના વિચારો, કે આ આપત્તિ એ મારા જ અશુભ કર્મનો વિપાક છે, એમાં બીજાઓ તો નિમિત્ત માત્ર છે, એમના પર ગુસ્સો ન કરાય. મારાં અશુભ કર્મ જ વિપાકમાં આવીને એમને અજુગતું કરવા પ્રેરે છે.'

**લડાઇમાં શું થાય છે,** પરંતુ સામો દુશ્મન સમજે છે કે 'આ લોકોને લડવા પ્રેરનાર સેનાપતિ છે, દિવાન છે, રાજા છે. માટે એ સેનાપતિ દિવાન કે રાજાને જ ખત્મ કરો, યા જીતી લો.' એમ અહીં મનને થાય કે, ''બીજાઓને મારી વિરુદ્ધ વર્તવાનું પ્રેરનાર મારા કર્મ છે, માટે કર્મને જ ખત્મ કરો. કર્મોને ખત્મ કરનાર તપ છે. તેથી મહાઆપત્તિમાં મરું શા માટે ? લાવ, મહાતપસ્યા આદરવા દે.

**''વળી આપત્તિ એ કર્મોને ભોગવાઇ ભોગવાઇને ખત્મ થવાનો અવસર છે.**

''તો એ વધાવી જ લઉં ને ? આપત્તિ સહવાનો કાયર શા માટે થાઉં ?''

**આ શુભવિચાર છે.**

એમ, મહાપુરૂષોની ઘોર આપત્તિઓ વિચારવી એ પણ શુભ વિચારણા છે. આપત્તિમાં હાયવોય કરવી, નાસીપાસ થવું ઉદ્વેગ કરવો-એ બધા ભાવો આશ્રવ છે. એથી અશુભ કર્મ બંધાય. એના બદલે પરીસહ સહન, ક્ષમાદિ, અનિત્યતાદિ શુભ ભાવના વગેરેના વિચાર એ સંવરના વિચાર છે. સંવરથી કર્મબંધ અટકે.

સારાંશ, જીવનની એક મહાન વસ્તુ આપણું મન છે. એ કામચલાઉ છે. એનાથી શુભ ભાવો કેળવે, શુભ વિચારો કરે, એ કાયમી લાભની વસ્તુ છે.

આવું કવિ સામંત પોતે તો સમજનાર તો છે જ, પણ સાથે સાથે એની પત્ની એના સહવાસથી સમજતી થઇ ગઇ છે, તેથી એ પતિની સાંજ પછી દેવીના મંદિરે જવાની અને વૈર વાળવા આવેલા બે ભાઇઓના હાથે કપાઇ મરવાની વાતને વધાવી લે છે ! કેટલો બદો ઊંચો મૈત્રીભાવ ! કેટલો ઊંચો સ્વાર્થત્યાગ ! અને સહિષ્ણુતાનો ખ્યાલ ! જો જો હો.

**કિંમતી પણ કામચલાઉ આ મહાકિંમતી કાયમી લાભો શક્ય છે.**

કવિ સાંજ પડી, અંધારું થવા આવ્યું, એટલે એકલો પહોંચ્યો ગામ બહાર દેવી મંદિરે, લોકની અવરજવર બંધ થઇ ગયેલી. પેલા બે ભાઇઓ પણ આવી ગયા. વિશ્વાસ તો નહોતો કે કવિ ત્યાં આવશે, પરંતુ આવી ઊભેલો દેખ્યો એટલે એ વૈરથી ધમધમે છે કહે છે ''ઊભો રહે હવે તારા કાપી કાપીને ટુકડા કરી નાખીએ છીએ.''

આ કહે છે 'હું તૈયાર છું, લ્યોં આ માથું નમાવી ઊભો છું, એના પર ચલાવો એ તમારી તલવાર.'

પરંતુ આ બોલે છે એટલામાં નગરના દરવાજામાંથી એક ઘોડેસ્વાર અને બે ઘોડા ઝટપટ આવતા દેખાયા.

આ જોઇને પેલા બે ભાઇ તડૂકે છે 'હેં આ લુચ્ચાઇ ? કહે છે એકલો આવું છું ને પાછળથી સિપાઇને બોલાવે છે ? કર કર ગમે તે પેંતરા કર પણ હમણાં નહિ તો પછી, કિન્તુ તને માર્યા વિના છોડવાના નથી.'

કવિ કહે છે 'મેં કોઇને બોલાવ્યા નથી મને ખબર પણ નથી કે આ કોણ આવી રહ્યું છે.'

હા, હા, માયાવી ! ખોટાં બોલ, તેથી શું અમે તારી જાળમાં ફસાશું એમ સમજે છે ?

એટલામાં તો બે ઘોડા અને એમાં એક ઘોડા પર કવિની પત્ની જ આવી ઊભી !

**કવિપત્ની કેમ આવી ?**

પેલા બે જાણ બાઇને જોતાં જ ચમક્યા ? કલ્પી લીધું કે આ કવિની પત્ની જ હોવી જોઇએ એટલે તરત બોલી ઉઠે છે ''હં, બાયડીને બચાવવા બોલાવી ? લ્યો ધણીને બચાવવા બીજો ખાલી ઘોડો લઇ આવી છે ? હાં પણ બાયડીના જોર પર

નાચનાર ! એમ તું કાંઇ બચી શકે એમ છે નહિ, એ સમજી રાખજે, ભલે અત્યારે છૂટી શકે છે.''

બિચારા બે ભાઇઓના દિલમાં દ્વેષની એકલી આગ જ સળગે છે તેથી મન ફાવે તેમ કલ્પના કરે છે. દ્વેષની આગમાં હૈયા સાંકડા બની ગયેલા છે. તેથી આ કવિ અને એની પત્નીના દિલની મહાનતા અને વિશાળતાની કલ્પના જ કરી શકતા નથી.

**મહાનના દિલની મહાનતા સમજવા માટે પણ થોડી સ્વસ્થતા-શાંતતાની જરૂર છે.**

રાગ કે દ્વેષના અતિરેકમાં દિલ તદ્દન અસ્વસ્થ છે તેથી કવિપત્નીની મહાનતાની એમને કલ્પના નથી. એટલે તુચ્છ કલ્પના કરી કે પત્ની ધણીને બચાવવા ખાલી ઘોડો લઇ આવી છે. પણ જુઓ, પત્ની શો ખુલાસો કરે છે–

**કવિપત્નીના મહા ઉદાર બોલ :-**

''મારા સોભાગી દિયરિયા ! ખોટી કલ્પના કરો નહિ. આ બે ઘોડા તો તમને બચાવવા માટે લાવી છું. એમના ઘરેથી નીકળ્યા પછી મને વિચાર આવ્યો કે વૈરની આગ ઠારવા એ પોતાની આહુતિ તો આપી દેશે, પરંતુ પછીથી તમે ભાગી છૂટવા પગે ચાલીને કેટલે લાંબે જઇ શકશો ? કેમકે અહીં રાજાને ખબર પડતાં જ ઘોડેસ્વારો દોડાવે તો ૫-૧૦ માઇલમાં તમે પકડાઇ જાઓ, ને પછી રાજા કાંઇ તમને માર્યા વિના ન રહે. તેથી તમારે આ આપત્તિ ન આવે એટલા માટે આ બે ઘોડા તમારે ભાગી જવા માટે લાવી છું, જેથી તમે તમારું કામ પતાવી આ બે ઘોડા પર જલ્દી ભાગી છૂટો.''

''અને જુઓ હું પણ આ તમારા ભાઇના મર્યા પછી એમની કાયા મારા ખોળામાં લઇ અહીં જ ચિતા સળગાવી એમાં બળી મરવાની છું. એટલે પાછળવાળા કોઇને ગંધ પણ ન આવે કે કવિ-દંપતિનું શું થયું ? કેમકે હું જીવતી હોઉં તો કોઇ દી' પણ મારી બુદ્ધિ બગડે ને મને આ વાત કુટુંબીને કહેવાનું મન થાય, તો પાછી વૈરની આગ ચાલુ રહે ને ? માટે હું પણ અહીં જીવન ત્યાગ કરવાની છું. તેથી ભવિષ્યની કશી ફિકર કરશો નહિ, ને તમારું કામ સુખે પતાવી દો, એટલે તમારા દિલને શાંતિ થઇ જાય, અને તરત આ બે ઘોડા પર અહીંથી પરભાર્યા ભાગી જાઓ, જેથી અહીંના કોઇ સિપાઇ વગેરેની પકડમાં તમે આવો નહિ.''

**ભાઇઓના હૃદય-પરિવર્તન :-**

શું પેલા બે ભાઇઓને આ સાંભળીને હવે હૈયું કઠણ રાખવાની તાકાત હતી ? શું એમની મજાલ હતી કે એ હવે વૈરથી હૈયું કઠોર રાખી શકે ? એ બે ભાઇઓનાં હૃદય પરિવર્તન પામી ગયા, દિલ અત્યંત દ્રવિત થઇ ગયા, એમના મનને થયું કે 'આ અમે શું સાંભળી રહ્યા છીએ ? અમે તો આને મારી નાખવાનો વિચાર કરીએ છીએ, પરંતુ આમને તો મરવાની બીક જ નથી ! ઊલટું જાતે મરી જવા તૈયાર છે ! તે ય શા માટે ? અમારા દિલની વૈરની આગ શાંત કરવા માટે, અને આગળ વૈરની પરંપરા ન ચાલે એ માટે ! કેવા આ દેવાંશી આત્મા અને કેવા અમે પશુ જેવા નરાધમો ?'

**ક્ષમાયાચના અને આપઘાતની તૈયારી :-**

બંને ભાઇ તરત તલવાર નીચે મૂકી દઇ ભાઇ-ભાભીના પગમાં પડી જઇ રોઇ પડે છે, આંખમાંથી દડદડ પાણી પડવા સાથે કહે છે-

'ઓ દેવના દૂત સમા ભાઇ અને ભાભીજી ! ક્ષમા કરો ક્ષમા કરો અમારા અપરાધને. આવા તમે દેવાંશી ઉત્તમ આત્માઓ છો એની અમને ઓળખ ન પડી, ને અમે નરાધમ બની તમને મારી નાખવાનો વિચાર કર્યો ? અમે તમારા કેટલા બધા ભયંકર અપરાધી છીએ ? કે તમારી આગળ હવે જીવતા ઊભા રહેવા લાયક નથી. આ ધરતી અમારા જેવા મહાપાપીથી ભારે મરે છે, માટે અમે આપઘાત કરીએ છીએ.'

**સામંતની ભવ્ય હિત શિક્ષા :-**

એમ કહીને બંને જ્યાં તલવાર હાથમાં પકડી આત્મહત્યા કરવા તૈયાર થઇ ગયા, ત્યાં જ સામંત કવિ અને એની પત્ની બંનેના હાથ પકડી લઇ સામંત કહે છે-

*'અરે પુણ્યવાનો ! આ તમે શું કરો છો ? આપઘાત ન કરાય, આપઘાત* એ વળી પૂર્વ પાપોને માથે શિખર પાપ છે, કેમકે

પૂર્વ પાપોનો તો અહીં જીવતા રહ્યો પ્રાયશ્ચિત્તથી નાશ થાય, પણ આપઘાત-પાપનું તો મરી ગયા એટલે પ્રાયશ્ચિત્ત જ ક્યાં ? ને એ પાપનો નાશ ક્યાં ?

**જે પાપનો નાશ થઇ શકે ને નાશ કરાય એ પાપ મોટું છતાં નાનું, પણ જે પાપનો નાશ જ ન થાય એ પાપ નાનું છતાં મોટું.**

તમે સમજો કે અત્યારે તમને થયેલ પાપબુદ્ધિનો ભારે પસ્તાવો છે એ તમારા પાપનાં નાશનું એક સાધન છે, ને કદાચ એમાં થોડા પાપકર્મ બંધાયેલા રહી ગયા હોય, તો ય જીવતા રહેશો તો ગુરુ પાસે પ્રાયશ્ચિત્ત લઇ તપસ્યા વગેરે

કરી શકશો, ને એથી શેષ પાપકર્મ પણ નષ્ટ થશે. પણ તે તો જીવતા રહો છો તો જ ને ? આપઘાતમાં તો મૂળ જિંદગી જ હાથમાંથી ગઇ. પછી પાપ નાશે ય ક્યાં ? જીવતા રહી કરી શકાય એવાં સુકૃતો ય ક્યાં ?

**હાથમાં રહેલી માનવજિંદગી એ સુકૃત ભરવાનો ભંડાર છે, ને પાપનાશનો સોનેરી અવસર છે, દુર્લભ તક હાથમાં છે.**

આપઘાતથી જિંદગી જ ગુમાવી નાખે તો ભંડાર ગયો, હવે સુકૃત શેમાં ભરે ? જિંદગી ગઇ તો અવસર ગયો, તક ગઇ, તો હવે પાપ નાશનાં ઉપાય કયાં આચરે ? આવી અણમોલ જિંદગી હાથે કરીને ખોઇ નાખવી એ મહામૂર્ખાઇ નથી ?

માટે મહાનુભાવો ! તમે આવા આપઘાતના મૂર્ખાઇ ભર્યા વિચાર કરો નહિ. તમે વૈરના પાપવિચાર દીર્ઘકાળ કર્યા એનું હવે વારણ કરવું હોય, તો મૈત્રીભાવના પવિત્ર વિચાર દીર્ઘાતિદીર્ઘ કાળ કરવા જોઇશે. ને તે આ જિંદગી હાથમાં હશે તો જ ઉત્તમ રીતે કરી શકશો. કેમકે,

**ઉચ્ચ કોટિનો મૈત્રીભાવ અને ઉચ્ચ કોટિની મૈત્રીભાવનાના તથા અન્ય ઉચ્ચ કોટિના વિચાર કરવા માટે સમર્થ હોય તો તે એકમાત્ર આર્ય માનવભવ છે.**

એટલે હવે દ્રઢ સંકલ્પ કરો કે 'કેમ વધુમાં વધુ જીવને એમાં બને તેટલા ઊંચા મૈત્રીભાવના વિચાર કરતો રહું, જેથી ભૂતકાળના વૈરના ને દ્વેષના કુસંસ્કારોના થોક રદબાતલ થઇ જાય.' આ સિવાય અનેકાનેક શુભભાવો સાથે બીજી પણ ઢગલાબંધ પરમાત્મ પ્રીતિભક્તિ, સાધુ-સેવા ને વિવિધ તપસ્યાદિ ધર્મસાધનાના અવસર આ જિંદગીમાં છે.

તો પછી આ જિંદગીમાં મળેલા આ બધાના ખરા અવસરને ને અવસરવાળી જિંદગીને એમજ આવેશમાં કોઇ નાખવી છે ?

ભાઇઓ સમજી ગયા, એમની આંખમાં ચમક આવી ગઇ, એવા આશ્ચર્યથી ચમક્યા કે 'અહો ! આટઆટલા ઉચ્ચ શુભભાવો અને સુકૃત સાધનાઓના ખરા અવસરની આ જિંદગી છે ? બસ, તો પછી હવે અમારે જિંદગી આટલી બધી અમૂલ્ય, તે ખોઇ નાખવી નથી. હવે આ ભાઇના ચિંધ્યા માર્ગે જિંદગી સુધારી સફળ કરી લેવાની. આપઘાત માટે ઉપાડેલી તલવાર મ્યાન કરી લીધી ભાઇના પગે પડી હાથ જોડીને આંખમાં આંસુ સાથે કહે છે-

''મોટાભાઇ ! તમે મહાન ઉપકાર કર્યો આ ઉત્તમ જિંદગીની ઓળખ કરાવી. આ કામચલાઉ જિંદગીમાંથી પરલોકના કાયમી લાભ મળે એવા રાહ અમને બતાવો. એ જાણીને હવે અમે દેશમાં ચાલ્યા જઇશું અહીં અમે તમને મોં બતાવવા લાયક નથી.''

સામંત કવિ કહે છે ગઇ ગુજરી ભૂલી જાઓ-તમારું હૃદય-પરિવર્તન જોઇ હવે તો મને તમને જોઇ જોઇ ખૂબ ખૂબ આનંદ થાય છે. તમારા દિલમાં મૈત્રીભાવ ઉગ્યો એ મારા માટે તો મારા જીવનની એક સુંદર સુકૃત કમાઇ જોવા મળી. ચાલો ઘરે ચાલો, આપણે સાથે રહીશું અને તમને રાજ્યમાં સારા હોદ્દે ચડાવી સારા સન્માનના ભાગી કરીશ. બાકી જીવનમાં થાય એટલા સુકૃતો-સત્કાર્યો કરતા રહેજો.

બસ, જેમ કવિએ આશ્વાસન આપ્યું, એમ કવિની પત્નીએ પણ એમને આશ્વાસન આપ્યું, અને એમને ઉત્સાહિત કરી દીધા, જેથી એમના મનને શંકા ન રહે કે 'ભાઇએ તો વધાવી લીધા પણ ભાભી વધાવશે કે કેમ ?'

કવિ બંને ભાઇને ઘરે લઇ જાય છે, ને બીજે દિવસે રાજા પાસે લઇ જઇ ભાઇ તરીકેની ઓળખ કરાવી સારા અમલદારના હોદ્દે ચડાવી દેવરાવે છે.

વાત આ હકી કે-

**કામચલાઉ લાભ જતાં કરી કાયમી લાભ કમાઇ લેવા માટે આ માનવ જનમ સર્વોચ્ચ કોટિનો જનમ છે.**

આ ધ્યાનમાં આવી જાય, વળી હંમેશા ધ્યાનમાં આવ્યા કરે, તો

(૧) વૈર-વિરોધ-દ્વેષ-ઇર્ષ્યા વગેરેથી મનને થતી તુચ્છ તુષ્ટિનો કામચલાઉ લાભ મૂકી મૈત્રીભાવ-સ્નેહભાવ વગેરેના કાયમી લાભ કમાતા રહેવાની મહેનત રહે.

(૨) ધનના ઉપભોગ કે સંગ્રહના કામચલાઉ લાભ જતા કરી દાનના કાયમી લાભ લેતા રહેવાય.

(૩) વિષયોના કામચલાઉ આનંદ જતા કરી ત્યાગ-વ્રત-નિયમ શીલ-સદાચારના કાયમી લાભ કમાતા રહેવાય.

(૪) ખાનપાનના કામચલાઉ લાભ જતા કરી નાનામોટા તપના કાયમી લાભ લેતા જ રહેવાય.

**મેઘરથ બે વિદ્યાધરોનો મૂળપ્રસંગ :**

પ્રસંગ લંબાઇ ગયો પ્રસંગ એ હતો કે શાંતિનાથ ભગવાનનો જીવ

મેઘરથકુમાર પિતા ઘનરથ રાજાના હુકમથી 'બે કૂકડામાં અધિષ્ઠિત થયેલા બે વિદ્યાધરો અહીં કેમ આવ્યા છે,' એનો અધિકાર અવધિજ્ઞાનથી જોઇને બતાવી રહ્યા છે. એમાં એ બતાવ્યું કે આ બે વિદ્યાધરો બહાર ગયેલા ત્યાં જ્ઞાની મહાત્મા મળ્યાથી પોતાનો પૂર્વભવ પૂછે છે. એમાં મુનિ બતાવી રહ્યા છે કે-

તમે બે પૂર્વભવે રાજપુત્રો ચંદ્રતિલક અને સૂર્યતિલક નામે, તે જ્યાં તમારા પિતાજીએ પોતે ચારિત્ર લેવા માટે તમને રાજ્યભાર સંભાળી લેવા કહ્યું ત્યારે તમે બોલ્યા,

"પિતાજી ! અમે પણ હવે ભવભ્રમણથી થાક્યા છીએ, તેથી અમારે ભવના ફેરા વધારનારા રાજ્યપાટથી સર્યું. અમે પણ તમારી સાથે જ ચારિત્ર લઇશું. જેથી ભવભ્રમણનો અંત લાવી પરલોકે મોક્ષ મળે, "અને અહીં પણ તમારા ઉપકારોની યત્કિંચિત્ કૃતજ્ઞતારૂપે તમારી સેવાનો લાભ મળે."

કુમારોએ આવા વિપુલ સુખભર્યા રાજ્યપાટ સામે ચાલીને આવે છે છતાં કેમ એ ન સ્વીકારી લીધા ? ને એકદમ જ ચારિત્ર લેવા કેમ તૈયાર થઇ જાય છે ?

કહો, રાજ્યપાટથી મળતા સુખ-સન્માન કામચલાઉ છે, જ્યારે સંસાર ત્યાગ કરી ચારિત્ર લેવાય અને આરાધાય, એના લાભ કાયમી છે. તે વળી આ ચારિત્રનો લાભ માત્ર માનવ અવતારે જ મળી શકે છે, તો પછી આ જિંદગી એવા કાયમી લાભ કરાવે એવી ભવ્ય સંયમ-સાધનામાં જ કાં ન જોડી દેવી ?

પુત્રો ચંદ્રતિલક-સૂર્યતિલકનાં વચન પર પિતા પ્રસન્ન થયા અને એમને રાજ્યપાટ સંભાળી લેવાનો આગ્રહ ન કર્યો, કેમકે જ્યાં પોતે જ રાજ્ય-ઋદ્ધિ વગેરેને ભયંકર દેખીને એ છોડી દેવા તૈયાર થયા હોય, તે પુત્રોની એ રાજ્યપાટ વગેરે સંસાર ત્યાગી દેવા માટેની તીવ્ર રુચિ જોઇ એમને એ સ્વીકારી લેવા માટે ખોટો આગ્રહ શાના કરે ? રાજ્યગાદીએ બીજાને બેસાડી અભયઘોષ રાજાએ આ બે ચંદ્રતિલક-સૂર્ય તિલક પુત્રો સાથે ચારિત્ર લીધું.

એમાં અભયઘોષ રાજા તીર્થંકરનો જીવ છે, એટલે એમનામાં વિશિષ્ટ તથા ભવ્યત્વ છે, તેથી એમની સમ્યગ્દર્શનની નિર્મળતા એટલી બધી ઊંચી છે કે એના બળ ઉપર એમની આંતરિક સંયમ-પરિણતિ પણ ઘણી ઉચ્ચ કોટિની છે. એની સાથે એ વીસ સ્થાનકની આરાધના પણ ભવ્ય કોટિની કરે છે, ને એના યોગે એ તીર્થંકર નામકર્મનું ઉત્કૃષ્ટ પુણ્ય ઉપાર્જે છે.

બે પુત્ર-મુનિઓની પણ સંયમ-સાધના સુંદર સમ્યગ્દર્શન અને જ્વલંત વૈરાગ્ય સાથે ઉગ્રકોટિની ચાલી રહી છે.

આમ ત્રણેય વિશુદ્ધ સંયમ પાળતાં પાળતાં અંતે અનશન કરી સમાધિપૂર્વક પંડિતમરણ પામીને ગ્રૈવેયક વિમાનમાં ઉત્પન્ન થયા. ગ્રૈવેયકમાંથી આયુષ્ય પૂર્ણ કરી અભયઘોષનો જીવ અહીં ઘનરથ મહારાજા થયા, અને બે પુત્ર ચંદ્રતિલક-સૂર્યતિલકના જીવ વિદ્યાધર તરીકે થયાં.

આ વાત જ્ઞાની મુનિ એ બે વિદ્યાધરોએ કરેલા પૂર્વભવ અંગેના સવાલના જવાબમાં કહે છે. આ બધી વાત મેઘરથકુમાર વિદ્યાધર કોણ અને કેમ અહીં આવી કૂકડાના શરીરમાં પ્રવેશ કર્યો એના ખુલાસામાં કહી રહ્યા છે.

તે મેઘરથકુમાર કહે છે કે 'આ બે વિદ્યાધરો મુનિ પાસેથી પૂર્વભવ સાંભળી રાજીના રેડ થઇ ગયા. કેમકે એમણે જોયું કે 'પોતાના પૂર્વભવના પિતા અહીં ઘનરથ તીર્થંકર થવાના છે !' એમના મનને થયું કે ''વાહ ! આપણા પૂર્વ પિતા તીર્થંકરનો જીવ હતા ! અને એમના ઉપકારથી અમને ભવભ્રમણનો થાક લાગ્યો ! ભવમાં ભમાવનાર વૈભવી સંસારનો ત્યાગ કર્યા ! અને મુનિપણામાં પોતાને તીર્થંકરના જીવની સેવાનો લાભ મળ્યો ! વાહ ! કેવું અમારું અહોભાગ્ય કે આવા પરમ પુરુષની સેવાનો લાભ મળ્યો ! તો લાવો ને અહીં પણ એમનાં દર્શને જઇએ.''

❀ ❀ ❀ ❀ ❀ ❀

અહોભાગ્ય શેમાં ? મહાન પુણ્યોદય શેમાં ? સહેલાઇથી રાજ્ય-સંપત્તિ મળે એમાં ? કે એ છોડી ચારિત્ર લેવાય અને ઉપકારી પિતા મુનિની સેવા કરાય એમાં ? શું કહેશો,- 'એમનો કેવો મહાન પુણ્યોદય કે એમને સહેજમાં રાજ્યપાટ મળી ગયું !' એમ કહેશો ? કે 'કેવો મહાન પુણ્યોદય કે એમને ચારિત્ર અને પિતૃસેવા મળી' એમ કહેશો ? શું કહેશો ? આર્ય માનવભવ મળ્યો છે એટલે નજર સામે એ ય છે, પુણ્યાનુસાર સુખ ભોગવવાની સામગ્રી ધનસંપત્તિ છે, અને પુણ્યાનુસાર દેવ-ગુરુ-ધર્મને આરાધવાની સામગ્રી છે.

**પાપસામગ્રી-ધર્મસામગ્રી એ બેમાંથી કોના પર મદાર ? એ હિસાબે પાપપ્રેમ કે ધર્મપ્રેમ મપાય :-**

પેલી ધનસંપત્તિ-માલમિલકત એ રંગરાગ-મોહ કરવાની સામગ્રી છે, ત્યારે દેવ-ગુરુ-જિનવાણી વગેરે એ ધર્મ કરવાની સામગ્રી છે. બંને જાતની સામગ્રીમાંથી

કઇ સામગ્રી પર મદાર છે ? વધારે રાગ છે ?

માણસ અહીં ભૂલો પડી જાય છે. શરીર સારા રંગરાગ ખેલી શકે છે એટલે એનું મહત્ત્વ મોટું લાગે છે. એટલું મહત્ત્વ આ માનવશરીર સારો ત્યાગ-તપ-પ્રભુભક્તિ વગેરે કરી શકે એમ છે, એનું નથી લાગતું !

આ અવળી ગંગા વહી રહી છે. એનું કારણ ભવભ્રમણાનો થાક લાગ્યો નથી, કંટાળો આવ્યો નથી, કે દુઃખદ ભવમાં ભટકવાનું હવે ક્યાં સુધી ?

જો ભવભ્રમણાનો થાક લાગી જાય, તો

(૧) ધર્મ સહેલો થઇ જાય;

(૨) ધર્મ દિલથી કરવાનું બની આવે;

(૩) ધર્મ ઝટપટ કરી લેવાનું મન રહે.

**ધર્મની લગન માટે ભવભ્રમણનો કંટાળો પહેલો જરૂરી :-**

તેથી ધર્મની એવી લગ્ન લગાડવા માટે પહેલું જરૂરી આ છે કે ભવમાં ભમવાનો કંટાળો ઊભો કરો, વારેવારે જનમ-મરણની વિટંબણા જોવી પડે એની શરમ ઊભી કરો. શાસ્ત્રો 'ભવનિવ્વેઓ' ને પહેલો ગુણ શા માટે કહે છે ? ધર્મ-ઉપદેશ વૈરાગ્યથી કેમ શરૂ થાય છે ? આટલા જ માટે કે એનાથી વૈરાગ્ય જાગે એટલે સંસારના ગમે તેવા દેવતાઇ પણ સુખ હોય, કિન્તુ એની પાછળ મરણ, પછી જનમ, પછી મરણ એ મહાવિટંબણા ઊભી છે, એટલે જ એ સંસારસુખોમાં કશો સાર નથી, કશું મોહાવા જેવું નથી, એની સામે ધર્મ જ સારભૂત છે, એમ દિલને ઠસી જાય, ને તેથી જેટલી ને જેવી શક્તિ હોય તે તે પ્રમાણે ધર્મ સાધતા રહેવાનું છે. એટલે આ આવ્યું કે,

**દાનાદિ કોઇપણ ધર્મ કરવાનો તે ભવભ્રમણનો કંટાળો લાવીને કરવાનો.**

આ જો ધ્યાનમાં રહે તો ધર્મ કરવામાં ભારે ઉજમાળતા આવે અને દુન્યવી કોઇપણ મોટા વૈભવ-વિલાસ કે ઠકુરાઇને ધર્મની આગળ મહત્ત્વના ન લેખાય, માલવાળા ન સમજાય, કેમકે ખબર છે કે આ દુનિયાના વૈભવ-વિલાસ-ઠકુરાઇ વગેરે તો ભવનાં ભ્રમણ વધારનાર છે. આજ સુધી જીવ ભવમાં કેમ ભટકતો રહ્યો ? તીર્થંકર ભગવાનના જીવને પણ પૂર્વ ભવોમાં કેમ રખડપટ્ટી ચાલેલી ? દુન્યવી માલ સંપત્તિના કારણે જ એના પર રંગરાગ-વિલાસ ખેલ્યા, હિંસાદિ પાપો કર્યા,

ક્રોધાદિ કષાયો કર્યા, એટલે પછી ભવના ફેરા વધે જ ને ?

મરીચિનો ઉત્સૂત્ર-ભાષણના મહાપાપ પર કોડાકોડી સાગરોપમ જેટલો સંસાર વધી ગયો ! આ મહાપાપ કરાવનાર કોણ હતું ? ચેલો કરવાનો લોભ કષાય.

રાજકુમાર-કપિલ સંન્યાસી-મરીચિના ઉપદેશથી વૈરાગ્ય પામ્યો, અને પૂછે છે-

તમારી વાણીથી આ સંસાર ઝેર જેવો લાગે છે, તો હવે મારે શું કરવું ?'

મરીચિએ કહ્યું 'પ્રભુના મુનિઓ પાસે ચારિત્ર લે.'

ત્યારે પેલો કહે 'ત્યાં શું કામ લઉં ? મને વૈરાગ્ય તમે પમાડ્યો છે, તેથી દીક્ષા લઉં તો તમારા પાસે જ લઉં, નહિતર ઘરે સારો છું. શું તમારી પાસે ધર્મ નથી ?'

અહીં મરીચિને શિષ્ય બનાવવાનો લોભ જાગ્યો એટલે ભૂલો પડી ગયો. ઝટ કહી દીધું કે, 'કપિલ ! ત્યાં પણ ધર્મ છે અને અહીં પણ ધર્મ છે.'

આમાં શું કર્યું મરીચિએ ? પોતાના ચારિત્ર ભ્રષ્ટપણા ઉપર અને મિથ્યાત્વી સંન્યાસીપણા ઉપર ધર્મનો સિક્કો માર્યો ! અહીં તમે કહેશો-

**મરીચિમાં અણુવ્રતધર્મ છતાં ધર્મનો સિક્કો કેમ ખોટો ? :-**

પ્ર.-ભ્રષ્ટ મરીચિમાં શ્રાવકના અણુવ્રત તો હતા જ, તો એ થોડો ધર્મ તો ખરો ને ? પછી 'અહીં પણ ધર્મ છે' એમ કહેવામાં એણે ખોટું શું કહ્યું ?

ઉ.-પરંતુ અહીં સમજવા જેવું છે કે (૧) પહેલી વાત આ છે-અહીં વાત ચાલે છે ચારિત્ર ધર્મની. તે વૈરાગ્ય પામેલા કપિલને મરીચિએ પહેલાં એજ કહ્યું છે કે 'જો સંસાર ખોટો લાગ્યો છે, તો જા પાપસંસારનો ત્યાગ કરી પ્રભુના સાધુ પાસે જઇ ચારિત્ર લે.' અર્થાત્ સર્વ પાપત્યાગરૂપ સર્વવિરતિ લેવા કહ્યું. આમાં સ્પષ્ટ બતાવ્યું કે

**સંસાર એ પાપ; ને સંસારના સર્વત્યાગરૂપ ચારિત્ર એ ધર્મ.**

એ પ્રતિપાદન પચી હવે પોતાનામાં અણુવ્રત કે જેની સાથે સંસાર ઊભો છે એને એવા ચારિત્ર જેવો ધર્મ માનવો એ ખોટું છે. સાધુ પાસે જ ચારિત્ર લેવા કહેવું એ મહાવ્રતધર્મ જ કર્તવ્ય બતાવ્યો, એની હરોળમાં પોતાના અણુવ્રતને મૂકવા એ ખોટું.

બીજી વાત એ છે કે કપિલ કાંઇ મરીચિમાં અણુવ્રત સમજતો નથી, એ તો મરીચિમાં સંન્યાસીપણું સમજે છે, મરીચિના પૂર્વે કહેવા મુજબ ચારિત્રભ્રષ્ટતાને

સમજે છે, એટલે હવે ચારિત્રની સામે તુલનામાં ચારિત્રભ્રષ્ટતાને અને મિથ્યાત્વી સંન્યાસીપણાને ધર્મ તરીકે મૂક્યું એ કેટલું બધું બેહુંદુ છે ! કેટલું બધું જુઠું છે ! સાચા હીરાને કાચના પહેલ પાડેલા ટુકડા સાથે મૂકી કહેવું કે 'આ પીસ પણ હીરા છે અને પીસ પણ હીરો છે,' એ કેટલું બેહૂદું અને જૂઠું કહેવાય ?

**કાચની ટૂકડાની હરોળમાં હીરાને મૂકવો એ હીરાની નાલેશી કરવા જેવું છે, અવગણના કરવા જેવું છે, એમ મિથ્યા-ધર્મની હરોળમાં જૈન ચારિત્ર-ધર્મને મૂકવો એ જૈન ધર્મની નાલેશી કરવા જેવું અવગણના કરવા જેવું છે, અને મિથ્યાત્વના આવકાર-સન્માન કરવા જેવું છે.**

**મરીચિને પછી જૈનધર્મ પ્રાપ્તિ કેમ નહિ ? વિષયાસક્તિ કેમ ? :-**

એટલે જ મરીચિને ચોથા ભવે સ્વર્ગ પછી પાંચમા ભવે જૈનધર્મ ન મળ્યો, બ્રાહ્મણ અવતાર મળ્યો, તે વિષયાસક્ત અવતાર મળ્યો.

જૈન ધર્મની જે અવગણના કરી હતી એ જૈન ધર્મને એક પ્રકારનો જાકારો દીધો હતો.

ઘરે સારો મહેમાન આવ્યો હોય એની જો અવગણના કરો તો એ મહેમાનને એક પ્રકારનો જાકારો છે. એવી અવગણના ને એવો જાકારો કર્યા પછી સારો મહેમાન ફરીથી આપણા ઘરે આવે ? ન જ આવે.

એમ આ બ્રાહ્મણના અવતારે મોટા મહેમાન જેવો જૈન ધર્મ એની પાસે ન આવ્યો, ઊલટું મરીચિના ભવે ચારિત્ર-ભ્રષ્ટતા અને શિથિલાચારની મનગમતી સુખશીલતા પર ધર્મનો સિક્કો માર્યો હતો એટલે એ સુખશીલતા અહીં એવી ગુણાકાર થઇને ઊતરી આવી કે એનામાં વિષયાસક્તિ જામી પડી.

**મનુષ્યભવમાં રાચીમાચીને સેવેલા શુભ-અશુભ ભાવના પરભવે પ્રાયઃ ગુણાકાર થાય છે.**

સાધુએ, દેડકી મર્યા નિમિત્તે શિખામણ આપતા નાના મુનિ પર ગુસ્સો કર્યો તો એના ગુણાકાર થતાં અંતે ચંડકોશિક સાપના અવતારે ગુણાકાર પામેલા એ ગુસ્સાના ભાવે માઝા મૂકી.

મેતારજે પૂર્વભવે ગુરુ માટે એટલું જ વિચાર્યું કે 'એમણે જે ચારિત્ર આપ્યું તે તો ઉત્તમ, પરંતુ ચારિત્ર પરાણે આપ્યું તે ઠીક નહિ.' આ વિચારણામાં ગર્ભિત એ રહ્યું કે 'સામાની ઇચ્છા હોય તો ચારિત્ર-સંયમ સારું અને સામાની ઇચ્છા ન

હોય તો અસંયમ સારું.' આમ અસંયમની અનુમોદના કરી, અસંયમમાં એમને વાંધો ન લાગ્યો, અસંયમનો પક્ષ કર્યો, તો એના ગુણાકાર કેવા થયા ! કે અહીં તો અમુક જ મિનિટ કે કલાક આ વિચાર કર્યો હશે, પરંતુ એના ફળમાં લગભગ ૪૦ વરસ દુર્લભબોધિપણું લમણે લાગ્યું !

**દેવ, ગુરુ કે ધર્મ પર અભાવ કરો તો દુર્લભબોધિપણાનું કર્મ બંધાય.**

અહીં ગુરુ પર આટલો અભાવ થયો કે-'ગુરુએ સંયમ પરાણે આપ્યું એ ઠીક ન કર્યું.' એમ ધર્મ ઉપર પર અભાવ થયો કે 'સંયમ પરાણે અપાયેલ ઠીક નહિ' એવો અભાવ કરવાને લીધે એ પાકું મોહનીય કર્મ બાંધી દુર્લભબોધિ થયા ! મેતારજના અવતારમાં મિત્ર-દેવતા પ્રતિબોધ કરવા આવ્યો છે, અને પોતાને ખબર પણ પડી છે કે સંયમના યોગે જ દેવતાઇ સુખ મળવાનું થયેલું છે, છતાં હવે અહીં સંયમ લેવાનું દિલ જ નથી થતું. દેવતાએ ઘણું સમજાવ્યા છતાં 'બોધિ' એટલે કે સંયમ ધર્મની ભાવના દુર્લભ બની ગઇ છે.

'તમે આડકતરો ય અસંયમનો પાપનો પક્ષ કેમ કર્યો ? તો ભવાંતર માટે લ્યો લેતા જાઓ અસંયમનો રસ, પાપનો રસ.' એવા અશુભ અનુબંધ આત્મામાં ઊભા થઇ ગયા એણે મેતારજના અવતારે ભાવ ભજવ્યો કે દેવતાઇ ભોગ માનવીય ભોગ ગલીચ હોવાનું સમજાવા છતાં એનો રસ રહ્યો એવો જોરદાર કે સંયમનો ભાવ જ ન થવા દે !

**ભલે પરાણે અપાયેલા સંયમની જ ઉપર અભાવ, પરંતુ અભાવ તો સંયમની ઉપર જ ને ? તેથી દુર્લભબોધિપણું.**

એટલે હવે અહીં મેતારજના ભવે દેવતાના પ્રયત્ન છતાં સંયમ પર ભાવ થવો મુશ્કેલ બની ગયો છે.

આ ખાસ ધ્યાન રાખવાનું છે કે ક્યારે ય દેવાધિદેવ ઉપર, સદ્‌ગુરુ ઉપર, કે ધર્મના કોઇ પ્રકાર ઉપર અભાવ-સૂગ-અરુચિ કરશો નહિ, નહિતર દુર્લભબોધિ થવાશે.

ધર્મના કોઇપણ પ્રકાર એટલે દાન પ્રત્યે યા શીલ-વ્રત-નિયમ પ્રત્યે, યા પ્રભુભક્તિ સાધુસેવા...વગેરે પ્રત્યે સૂગ અરુચિ કરાય નહિ. દા.ત. આપણા વિરોધીએ સાધર્મિક વાત્સલ્યનો જમણવાર કર્યો એમાં કદાચ થોડી કચાશ રહી, પરંતુ આપણાથી એમ ન બોલાય કે 'જોયું એનું સ્વામિવચ્છલ્લ ! ડાલડાનું પકવાન્ન ખવરાવ્યું.' આ

'જોયું સ્વામિવચ્છલ્લ' એ શબ્દો સ્વામિવાત્સલ્ય ઉપર સૂગના શબ્દ છે. વ્યક્તિ પર સૂગ એ જુદી વસ્તુ છે, અને એના ગુણ કે ધર્મ પર સૂગ એ જુદી વસ્તુ છે. વ્યક્તિ પર સૂગથી ભવાંતરે એના પર અભાવ થાય, જેમકે ત્રિપૃષ્ઠ વાસુદેવ પર એનાથી ચિરાયેલા સિંહે સૂગ કરી, તો કાળાન્તરે એ ખેડૂત બન્યો ત્યારે ત્યાં એણે ત્રિપૃષ્ઠના જીવ શ્રી મહાવીર પરમાત્મા પર પણ સૂગ કરી !

કેવી દુર્દશા ! કેવી કમનસીબી ! જગત જેમના ઉપર ભારે બહુમાન-સદ્ભાવ ધરતું હતું અને જગત જેમનાથી તરતું હતું, એમની જ સામે આ ખેડૂત અવગણના-અવમાન-અભાવ કરે છે ! શાથી ? પૂર્વના એક ભવમાં એણે સિંહ બની વ્યક્તિ પરત્વે વિરોધ અભાવ-સૂગ કરેલ તેથીસ્તો. વ્યક્તિ સામેનો વિરોધ ભવાંતરે એ વ્યક્તિ પરત્વે વિરોધ કરાવે.

**જેમ વ્યક્તિ પરની સૂગથી ભવિષ્યમાં વ્યક્તિ પર સૂગ આવે, એમ ગુણ કે ધર્મ પરની સૂગથી ભવિષ્યમાં ગુણ કે ધર્મ પર સૂગ થાય. એટલે જ વ્યક્તિ પરના વિરોધથી એના સુકૃતનો વિરોધ ન કરાય.**

દા.ત. આપણા વિરોધીએ ઓચ્છવ કર્યો, એ સુકૃત છે, ધર્મનો એક પ્રકાર છે, તો ત્યાં એમ ન બોલાય કે 'કર્યો કર્યો એણે ઓચ્છવ ? બાપનું બુધવારું કર્યું'. કેમ ન બોલાય ? કારણ આ જ, કે આમાં પ્રભુના ઓચ્છવને બુધવારું કહી ઓચ્છવ પર મનમાં અભાવ લાવ્યા, સૂગ લાવ્યા. આ ધર્મના એક પ્રકાર પર સૂગ છે.

એમ કોઇ તપસ્વીને ગુસ્સો થઇ આવેલો જોઇ જો એમ બોલીએ કે 'તપસ્વી થઇને આટલો ગુસ્સો કરવા જોઇએ છે ! જોયો જોયો એમનો તપ !' તો આવું બોલવામાં પણ તપ ઉપર અભાવ કર્યો ગણાય.

સદા સાવધાન રહેવું જોઇએ કે દેવ-ગુરુ કે ધર્મ ઉપર ક્યારે ય દિલમાં અભાવ ન લાવીએ. એ માટે આ વિચારીએ કે-

'જો દેવાધિદેવ ગુરુ કે ધર્મ પર અભાવ લાવ્યો છું, તો દુર્લભબોધિ થઇશ, ને પરભવે ધર્મ નહિ મળે ! ધર્મ પર રૂચિ જ નહિ થાય ! ધર્મ ન મળે એટલે લમણે પાપ, પાપ ને પાપ કરવાનું લખાયેલું રહેશે !'

ભવાંતરે ધર્મ પર રૂચિ ન મળે એટલે શું મળવાનું ? અધર્મ અને પાપ પર સરાસર રૂચિ ! પછી જીવન કેવું ? અધર્મી, એકલું પાપરક્ત. એનું પરિણામ શું ? દીર્ઘ દુર્ગતિના ભવોની પરંપરા !

મેતારજનો જીવ પૂર્વભવે આ જોવું ભૂલ્યો એટલે ગુરુ મહારાજે ચારિત્ર પરાણે આપ્યું તે ઠીક નહિ.' એમ વિચારતાં ગુરુ પર એણે અભાવ કર્યો. એટલે જ કહેવાય છે-

**દેવ-ગુરુ-ધર્મ પર પ્રીતિ એટલે ભવનો સંક્ષેપઃ દેવ-ગુરુ-ધર્મ પર અભાવ એટલે ભવની વૃદ્ધિ. માટે ધર્મ કરો તે ભવભ્રમણનો કંટાળો લાવીને કરો.**

દિલમાં આ કંટાળો જાગતો બેઠો હોય તો ધર્મ પર અભાવ ન થાય. ધર્મ કરતાં કરતાં ટેસથી અવિધિ અને ખોટા વિચાર કરીને ધર્મની અવગણના કરવાનું ન કરીએ, કેમકે એથી ભવભ્રમણ વધે છે.

પેલા અભયઘોષ રાજાના બે પુત્ર બાપને એ કહી રહ્યા છે કે 'ભવનાં ભ્રમણ વધારે એવા રાજ્યપાટ અમને શા સારું સોપો ? અમે તો હવે ભવભ્રમણથી થાક્યા છીએ, તેથી આપની સાથે ચારિત્ર જ લઇશું.' બાપે પણ પછી રાજ્યપાટનો આગ્રહ ન કર્યો, અને બંને પુત્રો બાપની સાથે દીક્ષિત થયા.

**રાજા અભયઘોષ અને બે પુત્રો ચારિત્રમાર્ગે અને ગ્રૈવેયકમાંઃ**

એમાં અભયઘોષ રાજાની આરાધના તો વિશિષ્ટ કોટિની છે. એ વીસ-સ્થાનકની ઉત્તમ આરાધના કરે છે, ને એમાં તીર્થંકર નામકર્મનું પુણ્ય ઉપાર્જે છે. પુત્ર મુનિઓની પણ આરાધના ઉત્તમકોટિની છે, ને ત્રણે જણ અંતે અનશન કરી ગ્રૈવેયક દેવલોકમાં દેવ થાય છે.

**અભયઘોષ એ જ મહારાજા ઘનરથ :-**

ત્યાંથી ચ્યવીને અભયઘોષનો જીવ અહીં ઘનરથ રાજા થયા છે, અને તમે બે જણ વિદ્યાધર થયા છો.

આ પ્રમાણે કોણ કોને કહે છે ?

બે વિદ્યાધરો જે ઘનરથ રાજાની સાથે કૂકડાના શરીરમાં પ્રવેશ કરીને રહ્યા છે, એ પહેલાં પોતાના દેશમાં જ્યારે બહાર ગયેલા, અને એમને ત્યાં જ્ઞાની ગુરુ મળેલા, ને એમને પોતાનો પૂર્વભવ એમણે પૂછેલો, ત્યારે જ્ઞાની ગુરુ એમને આ કહી રહ્યા છે કે,-'તમે પૂર્વે અભયઘોષ રાજાના બે પુત્ર, તે પિતા સાથે ચારિત્ર પાળી દેવ થઇ અહીં વિદ્યાધર તરીકે જનમ્યા છો, ને પિતા અભયઘોષ અહીં ઘનરથ તીર્થંકરનો અવતાર પામ્યા છે.'

આ સાંભળીને બંને વિદ્યાધરો બહુ પ્રસન્ન થયા ને મનને ઉલટ જાગી કે 'લાવો, પિતા તીર્થંકર થનાર હાલ રાજા ઘનરથ છે, તો એમના દર્શન કરીએ.' એથી એ અહીં આવી કૂકડાના શરીરમાં પેઠા છે.

**બે વિદ્યાધરો પિતા તીર્થંકર રાજાના પેટ ભરીને દર્શન કરવા અહીં:-**

આ બધો અધિકાર, આપણા શ્રી શાંતિનાથ ભગવાનનો પૂર્વભવે જીવ જે મેઘરથ રાજકુમાર છે, એ પિતા ઘનરથ રાજાના આદેશથી કુટુંબીઓની સભામાં કહી રહેલ છે. એ કહે છે કે "વિદ્યાધરોને પિતાજીનું સારી રીતે દર્શન મળ્યું રહે એ માટે કૂકડાના શરીરમાં પ્રવેશ કરીને પરસ્પરની લડાઇ લંબાવ્યે જાય છે ! ન કોઇની જીત, કે ન કોઇની હાર ! દેખાવમાં દેખાય કે બે કૂકડા ગમતમાં કે ચડસા-ચડસીથી લડ્યા કરે છે ! પરંતુ ખરેખર તો લડાઇ લંબાવવાના બહાને બંને વિદ્યાધરોને પિતાજીનાં પેટ ભરીને દર્શન કરવાં છે."

❀ ❀ ❀ ❀ ❀ ❀

કેવોક ભક્તિભાવ ! પૂછવાનું મન થાય-

પ્ર.-શું એમ ને એમ મૂળ વિદ્યાધર સ્વરૂપે જ ઘનરથ રાજાનાં દર્શન ન કરી શકતે ?

ઉ.-કરી શકતે, પરંતુ એમાં એમ લાગ્યું હોય કે રાજાને એમજ જોતા ઊભા રહીએ એમાં પોતાને માત્ર દર્શનનો લાભ મળતે કિન્તુ, મહારાજા ઘનરથ બે કૂકડાનાં જે યુદ્ધનો ખેલ જોઇ આનંદ લઇ રહ્યા છે, એ યુદ્ધ લંબાવીએ તો મહારાજાને એ જોવાનો આનંદ વધારે લાંબો સમય આપી શકાય. એ પણ લાભ વધારામાં મળે.

**પૂજ્યને શાતા આપવી. પૂજ્યને શાતા વધારવી, એમાં મહાન લાભ છે.**

આમે ય કોઇ જીવને આપણે શાતા આપીએ તો આપણને શાતા-વેદનીયનું પુણ્ય મળે છે, તો ઉપકારી વડિલને-પૂજ્યને શાતા આપીએ એ વિશેષ શાતા-વેદનીયનું પુણ્ય આપે, એમાં નવાઇ નથી. કુદરતનો હિસાબ છે.

**"વાવો તેવું લણો, કરો તેવું પામો."**

આ હિસાબ ઉપર આપણે બીજાને શાતા આપીએ તો આપણને શાતા મળે, ને અશાતા આપીએ તો બદલામાં અશાતા મળે. રાવણે સીતાને ઉપાડી રામને સીતાને અને બીજા અનેકોને અશાતા આપી, તો બદલામાં એને લક્ષ્મણના હાથે

મોતની ભયંકર અશાતા વેઠવી પડી !

નાગદત્ત શેઠના બાપે ચંડાળને બે રૂપિયા ઠગવામાં અશાતા આપી, તો બદલામાં એને બોકડો થઇ એજ ચંડાળના હાથમાં બે રૂપિયામાં ખરીદાઇ આવવું પડ્યું ! અને એના હાથે હલાલ થવું પડ્યું ! ચંડાળ બોકડો ખરીદી બજારમાંથી જતો હતો ત્યાં વચમાં એને પુત્ર નાગદત્ત શેઠની દુકાનમાં ચડી જવાનું મળ્યું ખરું, અને ચંડાળે બોકડો રાખી લેવા અને ખરીદ-કિંમત બે રૂપિયા ફેંકી દેવા કહ્યું ય ખરું, આમ છતાં છોકરાને એને ખરીદી લેવાનું મન ન થયું ! કેમકે બે રૂપિયાની ઠગાઇથી ચંડાળને આપેલી અશાતાથી ઊભું થયેલ પાપકર્મ આડે આવ્યું. પૂછો ને-

પ્ર.-પણ માત્ર બે રૂપિયા ઠગી ચંડાળને આપેલી અશાતાના ફળમાં ચંડાળના હાથે કપાઇ મરવાની ઘોર અશાતા ?

ઉ.-કપાઇ મરવાની ઘોર અશાતા એ માત્ર એકલા ચંડાળને ઠગીને આપેલી અશાતાનું ફળ નથી, કિન્તુ જીવનમાં અનેકોને ઠગી ઠગી આપેલી અશાતાનું સંયુક્ત ફળ છે. તે પણ હવે તો અહીં માત્ર એકવાર કપાઇ મરવાની અશાતાથી પતે એમ નથી ! આગળ નરકની ઘોરાતિઘોર અશાતા પામવાની છે ! વળી આ પણ ધ્યાન રાખવાનું છે-

**અશાતાના ફળમાં તિર્યંચપણે અશાતા મળે એ બહુ ભૂંડું ! કેમકે ભવ ખરાબમાં ધર્મ ન મળે, ને પાપ જ પાપ મળે !**

તિર્યંચગતિના દુઃખ તો ભયંકર છે જ, પરંતુ એથી વધુ ભયંકર તો 'ત્યાં નરદમ પાપમય જીવન મળે એ છે. કેમકે એવા પાપમય જીવનમાંથી શું નીપજવાનું ? આગળ આગળ દુર્ગતિના પાપિષ્ઠ જીવન જ નીપજવાના ! એમાં અશાતાનો પાર નહિ ! આ બધાનું મૂળ શું ? અહીં મનુષ્યભવે બીજા જીવોને અશાતા આપી એ.

માટે તો,

**જૈન ધર્મના આચાર-અનુષ્ઠાનોનું બહુ મૂલ્ય છે, કેમકે એમાં લાગવાથી જીવને અશાતા કર્મદાયી સાંસારિક આરંભ-સમારંભ અને વિષય-વિલાસોથી બચવાનું થાય છે.**

એટલો ટાઇમ એ દુન્યવી આરંભો અને વિષયોથી સહેજે દૂર રહે છે, તેમજ આચાર-અનુષ્ઠાનોના પાલનમાં જીવજયણાનું પાલન કરવામાં આવે છે, એટલે જીવદયાનો લાભ મળે છે.

**જૈન શાસનના દાન-શીલ-તપ આદિ, ધર્મનાં પાલનમાં જયણા ઠામ ઠામ.**

જુઓ, પ્રભુપૂજા માટે સ્નાન કરવું છે તો એમાંય બહુ ઓછા પાણીએ સ્નાન કરવાનું કહ્યું, તે પણ એવી જગ્યાએ કે જ્યાં નીચે જીવ-જંતુ હોય નહિ, અરે ! સ્નાનનું પાણી પણ ગટરમાં ન જતાં જમીન પર પડ્યું સુકાઇ જાય એ રીતે સ્નાન ! ભગવાનની પૂજામાં પાણી પણ ગળેલું વાપરવાનું. કેમ ! પાણી ગળવાથી' એની અંદરના ત્રસ જીવોની રક્ષા થઇ જાય. પાણી ગાળવાનું તે પણ બહુ ઝીણાં કપડાથી નહિ, પણ ખાદી જેવા જાડા કપડાથી, જેથી ત્રસ જીવો કપડામાંથી ગળાઇ ન જાય, પણ કપડાની ઉપર આવે. એ કપડા પર આવી ગયેલા ઝીણા જીવોની પણ જયણા રક્ષા કરવા માટે એ કપડાને બીજા અણગળ પાણીમાં ઝબોળી દેવાનું, જેથી એ જીવો એ પાણીમાં ભળી ક્ષેમકુશળ જીવતા રહે.

બોલો, આ રીતની જીવજતના-જીવજયણા બીજા ક્યા ધર્મમાં જોવા મળે ?

**'ભગવાનની પૂજાનો ધર્મ કરવો છે તે જીવોની અજયણાનો અધર્મ કરીને ન કરાય,' એમ જૈન ધર્મ કહે છે.**

ત્યારે તપસ્યાનો ધર્મ પણ જીવજયણાથી ભરેલો છે. માટે તો એક નાના બિયાસણના તપમાં પાણી ઉકાળેલું વાપરવાનું કહ્યું. કેમ ? કાચું પાણી વાપરવામાં આપણા મુખમાં જીવતા જીવોને નાખવાનું થાય, ને એમાં આપણા હૃદયનાં પરિણામ નિષ્ઠુર બને.

અલબત પાણી ઉકાળવા જતાં અગ્નિના ને વાયુના જીવ મરે છે ખરા, પરંતુ એ બહારમાં મરે છે. જ્યારે કાચું પાણી પીવામાં જીવતા જીવો સીધા આપણા મુખમાં ચાવી ખાવાનું થાય છે. ને એમાં આપણી લેશ્યા બગડે છે.

આ એના જેવું છે કે માનો કોઇ હિંસક માણસ જીવતી મરઘીને બચકા ભરીને જામફળની જેમ બટકતો દેખાય છે, ત્યારે બીજો મરઘી મારી નાખેલી, એનું માંસ ખાતો દેખાય છે તો બેમાં વધારે ક્રૂર કોણ લાગે ? કહેવું જ પડશે કે જે જીવતી મરઘીને જામફળની માફક બટકી બટકીને ખાય છે એ જ વધારે ક્રૂર લેશ્યાવાળો છે.

બસ, એ રીતે કાચું પાણી પીવામાં કે કાચાં શાક-ફળ ખાવામાં વધારે ક્રૂર લેશ્યા છે. એટલા માટે તો શાસ્ત્રે કહ્યું-

**શ્રાવક મુખ્યપણે સચિત્તનો ત્યાગી હોય.**

સચિત્ત એટલે સજીવ પુદ્ગલ. કાચું પાણી સચિત્ત છે, કેમકે પાણી એ અપકાયિક જીવોનાં શરીર છે. એને અગ્નિ વગેરે શસ્ત્ર લાગે તો એમાંના જીવ

એમાંથી ચ્યવી જાય, ને પાણી પુદ્ગલ મડદા જેવું નિર્જીવ અચિત્ત બની જાય.

એમ બજારમાંથી કાકડી લઇ આવ્યા એ સચિત્ત યાને સજીવ છે. એમાં વનસ્પતિકાયિક જીવ છે. વાડીમાંથી તોડી લાવ્યા એટલે તો એનું ડીંટિયું કે જેના દ્વારા એને છોડમાંથી પોષણ મળતું હતું એ તૂટ્યું પરંતુ કાકડીનો જીવ તો અકબંધ ઊભો છે. બાઇને છોકરાનો જનમ થાય ત્યાં શું કરે છે ? એની નાભિનો નાળ કે જે માતાના શરીર સાથે સંલગ્ન હતો એને કાપી નાખવામાં આવે છે, પરંતુ તેથી કાંઇ બાળક મરી જતું નથી. બાળકનું શરીર જીવતું જીવયુક્ત ઊભું જ રહે છે.

એમ કાકડી, ભીંડા કારેલા બજારમાં આવ્યા એ જીવતા છે. હવે એ કાકડી સીધી જ લઇને ખાવા મંડી પડો એટલે શું કર્યું ? જીવતા જીવને મોંમાં નાખી ચાવી ખાવાનું જ કામ ને ? એમાં હૃદયના પરિણામ નિષ્ઠુર થાય છે.

તમે કહેશો કે 'અમે ક્યાં એને જીવતા જીવ તરીકે જોઇએ છીએ ? પછી ક્રૂરતા શાની આવે ?' પરંતુ એમ તો જંગલના વાઘ-વરુ હરણિયાને 'આ જીવતો જીવ છે એને ન મરાય' એ તરીકે ક્યાં જુએ છે ? એ તો અજ્ઞાનતાથી હરણિયાને પોતાનું ભક્ષ્ય જ સમજે છે. તો શું એના પરિણામ ક્રૂર નહિ ? શું એને પાપ ન લાગે ? અરે ! પાપકર્મ એને નરકમાં તાણી જાય એવા લાગે છે.

બસ, એ રીતે તમે અજ્ઞાનથી કાકડીને જીવ તરીકે ન દેખી, ને કાચી ને કાચી બટકી ખાધી, તેથી શું પરિણામ ક્રૂર નહિ ? શું એથી પાપ ન લાગે ?

આ હિસાબ છે-

**શ્રાવક જીવતા જીવને મોંમાં ચાવી ખાવાની ક્રૂરતા ન પસંદ કરે. તેથી એ સચિત્તનો ત્યાગી હોય.**

કાચી કાકડી ય ન ખાય, ને કાચું પાણી ય ન પીએ. એટલો એ જીવો પ્રત્યે દયાભાવવાળો હોય. સમજે છે કે-'બીજાને અશાતા આપવાથી આપણને અશાતા જ મળવાની. માટે મારું ચાલે ત્યાં ત્યાં જીવને અશાતા ન આપું.'

આમ જ્યારે પોતાના તરફથી બીજા જીવોને ય અશાતા થાય એવું પસંદ ન કરે, તો પછી પૂજ્યોને, વડિલોને ય પોતાનાથી અશાતા પહોંચે એવું કેમ જ પસંદ કરે ? ઊલટું 'એમને વધુ શાતા આપવી' એ જ નિરંતર ગણતરીમાં હોય. પૂજ્યોને શાતા આપીએ એટલે એમનાં મન પ્રફુલ્લિત રહે, મનને સારી સમાધિ સ્વસ્થતા ઊભી થાય.

બીજા સામાન્ય જીવને શાતા-સમાધિ ઊભી કરીએ એ પણ એક મહાન કર્તવ્ય છે, તો પૂજ્યોને શાતા-સમાધિ ઊભી કરવી એ તો એથી ય વિશેષ મહાન કર્તવ્ય બની જાય છે. અરે ! શાતા-સમાધિ ઊભી કરવાની શી વાત ?

**પૂજ્યને શાતા-સમાધિ આપવાની બુદ્ધિ એ પણ મહાન કર્તવ્ય છે.**

**ચંડરુદ્રાચાર્યના શિષ્યને કેમ કેવળજ્ઞાન ? :-**

જુઓ ચંડરુદ્રાચાર્યના શિષ્યને આ બુદ્ધિ પર કેવળજ્ઞાન થાય છે ! પોતે સંધ્યાકાળે સાધુ બન્યા પછી સગાઓથી ગુરુને ઉપદ્રવ ન આવે એ માટે ગુરુને લઇને રાતના જંગલના રસ્તે ચાલ્યા જતા હતા. એમાં જંગલના રસ્તાના ઊંચા નીચા ભાગ દેખાતા નહિ હોવાથી વારેવારે ટીચાવું પડતું, તેથી આમેય ચંડરુદ્રાચાર્ય ગરમ સ્વભાવનાં તે ટીચાવા પડવાથી શિષ્ય પર ગુસ્સે થઇ જતા અને ઠપકારતા 'આ હું શાંતિથી મુકામમાં બેઠો હતો તે હરામીને લાવીને મને અહીં ટીચાવામાં નાખ્યો !'

અહીં શિષ્યને એક જ ચિંતા છે, 'પૂજ્ય ગુરુને કેમ શાતા આપું ?' પણ કરે શું ? રસ્તો જ એવો છે, ને વળી અંધારું છે. ત્યારે અંતે ગુરુને પોતાની ખાંધ પર ઊંચકી લે છે. છતાં રસ્તે ઊંચું નીચું પોતાને ય દેખાય નહિ એટલે ટીચાવું પડે છે, એના આઘાત ખાંધે બેઠેલા ગુરુને લાગતાં ગુરુએ વધારે ગુસ્સે થઇ 'પાગલ ! ચાલતાં આવડે છે ? હરામી ! આ મારી નાખ, મારી નાખ મને,' એમ કહેતાં તાજા લોચવાળા માથા પર ડંડો ઠોકે છે ! માથામાંથી લોહી છૂટે છે ! આ અવસરે પૂજ્યની શાતાની પરવા ન હોય અને પોતાની શાતાની બહુ કિંમત હોય, એ તો ગુરુને સૂણાવી દે કે 'એક તો ઊંચકીને ચાલીએ એમાં વળી આટલો બધો રોફ ને રોષ કે મને ડંડો ઠોકવાનો ?' પરંતુ આ શિષ્ય તો ગૂરુની જ શાતાની બહુ ચિંતાવાળો છે એટલે એના મનને થાય છે કે-

**શિષ્યને ગુરુશાતાની બુદ્ધિ વિચારણા :-**

'અરેરે ! આ હું કેવો અભાગિયો કે ગુરુમહારાજ મુકામે શાંતિથી બેઠા હતા એમને મેં આ અશાંતિમાં નાખ્યા ! કેવા જ્ઞાનાવરણ કર્મવાળો કે મને અત્યારે રસ્તો દેખાતો નથી તેથી ટીચાઉં છું ને ગુરુને કષ્ટ પડે છે ! અહો ! ક્યારે હું ગુરુને શાતા-શાંતિ-સમાધિ આપનારો થઇશ ?'

પૂજ્યને શાતા આપવાની આ ચિંતા શિષ્યને એટલી જોરદાર ચાલી કે પોતાના માથાને ડંડામારથી ઊઠતી લહાય ભૂલી ગયા ! પોતાની કાયા અને પોતાના

અહંત્વ પરની ય આસક્તિ ઊડી ! ત્યાં બીજા બધા દુન્યવી પદાર્થ પરની આસક્તિ ઊઠે એમાં શી નવાઇ ? ગુણસ્થાનકની શ્રેણિ પર ચડ્યા, વીતરાગ થઇ કેવળજ્ઞાન પામ્યા !

શિષ્યની કેટલી બધી યોગ્યતા ! ગુરુને રાતના વિહારમાં લીધા હતા, તે કુટુંબીઓના ઉપદ્રવથી ગુરુને બચાવી લેવાની એક શુદ્ધ કામનાથી લીધેલા. એના પર હવે ગુરુ'ટોણાં ઠપકા ડંડાપ્રહાર કરે ત્યાં એક જ લેશ્યા કે 'હું કેમ ગુરુને શાતા આપું !' આ કેટલી મોટી યોગ્યતા ? એક તો રાત્રિનું અંધારું અને બીજું રસ્તો જંગલનો, એમાં ગુરુને શાતા આપી તો શકતા નથી છતાં શાતા આપવાની માત્ર સતત ચિંતા જ હતી, તો ય એમાં ભાવના વધતાં કેવળજ્ઞાન પામે છે ! શાતા આપવાની ચિંતાનો કેટલો ચમત્કાર !

**પૂજ્યને શાતા આપવાની ચિંતા ય કેટલી બધી પ્રભાવક ! ત્યારે, ખરેખર શાતા આપવાનો કેટલો બધો ઊંચો પ્રભાવ !**

**લક્ષ્યશુદ્ધિ નહિ તેથી અવળી ચાલ ચાલુ -**

અયોગ્ય શિષ્ય ગુરુને શાતા આપવી તો દૂર, ઊલટું અશાતા કરાવે છે. ગુરુને એવા ટોણાં-મેણાં મારે છે, ગુરુ સામે એવી અવિનય-ઉદ્ધતાઇ કરે છે, દોઢ-ડહાપણથી ગુરુનાં એવા કામ બગાડે છે, કે એથી ગુરુને ભારે અશાતા-અશાંતિ-અસમાધિ થાય છે. કેમ આવા વર્તાવ ? કહો, આ આર્ય માનવભવે કયું ઊંચું લક્ષ્ય સિદ્ધ કરવું છે એનો વિચાર જ નથી.

**લક્ષ્યશુદ્ધિ :-**

લક્ષ્યશુદ્ધિ નહિ, તેથી અવળાં આચરણ ચાલે એ સહજ છે.

સંસારમાં જનમ્યા-માબાપ કર્યા કે ચારિત્ર લીધું ગુરુ કર્યા, એટલે આ લક્ષ્ય નક્કી થઇ જવું જોઇએ કે 'બધું કરું પણ એમાં માબાપને કે ગુરુને અશાતા-અશાંતિ-અસમાધિ થાય એવું તો નહિ જ કરવાનું. ઉપરાંત એમને બને એટલી શાતા આપું, એમની શાંતિ-પ્રસન્નતા વધારું.' અયોગ્ય શિષ્યને મન તો ગુરુ કર્યા તે જાણે ગુરુ પાસેથી પોતે શાતા-સુખ-સગવડ લેવા માટે ! એટલે પોતાની જ શાતાનું ધ્યાન રાખ્યા કરે ને ? આ ઊંધું લક્ષ્ય છે. સીધું લક્ષ્ય હોય તો ડગલે ને પગલે ગુરુને શાતા આપવાનું જોયા કરે. 'પોતાનાથી એક શબ્દ એવો ન બોલાઇ જાય કે એવો નાનો પણ વર્તાવ ન થઇ જાય કે જેથી ગુરુને અશાતા થાય,' એનું બરાબર ધ્યાન રાખે.

**જીવનમાં લક્ષ્યશુદ્ધિની ભારે આવશ્યકતા છે.**

ત્યારે જોવા જેવું આ છે કે આપણે અનેક વાતમાં સારું કરતા હોઇએ છતાં 'આપણે ક્યાં ભૂલીયે છીએ ? લક્ષ્યશુદ્ધિ કેટલી સલામત છે ?' સાધુ સાધુની સેવા કરે, ને પેલો આભારના શબ્દ ન બોલે તો જો દુઃખ થાય, ને પોતાના સમયે પેલો સેવા લેનારો જો સેવામાં ન ઊભો રહે, તો દુઃખ થાય કે 'હાય ! પેલો કેટલો સ્વાર્થિલો છે ! કેવોક કદરહીન છે ! એની બિમારીમાં આપણે તૂટી મર્યા ને હવે એ થોડી ય સેવા આપતો નથી ! આજે કાળ કેવો આવી લાગ્યો છે ? માણસો કેટલા બેકદર ? કેવા નગુણા ?'...આવા આવા મુફલીસ વિચારથી દુઃખ થાય એ શું સૂચવે છે ? આ જ કે આ જીવનમાં સેવાના ભરચક સુકૃત કમાઇ જવાનું મુખ્ય લક્ષ્ય નથી રાખ્યું.

**જો લક્ષ્યશુદ્ધિ નહિ, તો એનું જ આ ફળ કે પોતાના મનથી જ રીબાવવાનું થાય છે.**

સામો સેવામાં ન ઊભો એ દુઃખ તો બાહ્ય ઊભું જ હતું, પરંતુ એના પર આવા મુફલીસ વિચાર કરે એ આભ્યન્તર યાને માનસિક રિબામણનું નવું દુઃખ જાતે ઊભું કરે છે ! કારણ ? લક્ષ્યશુદ્ધિ નહિ, ને લૌકિક ફળની જીવતી જાગતી લાલસા-આપણી અનેકાનેક ધર્મપ્રવૃત્તિમાં જોવા જેવું છે કે એમાં લૌકિક ફળની કેટકેટલી લાલસા રહે છે ?

'ઉપધાન કરીએ ને સારી પ્રભાવના મળે,' 'તપ કરીએ ને સારું પારણું મળે,' 'દાન દઇએ ને પ્રશંસા-તકતી મળે,' 'પરોપકાર કરીએ ને બદલો મળે,' 'જનસેવા કરીએ ને સન્માન મળે,' આ બધાં લૌકિક ફળ છે. કોઇને ભણાવીએ ને એ આપણી સેવા કરે એ લૌકિક ફળ છે. આની બિલકુલ લાલસા ન રખાય તો જ લક્ષ્યશુદ્ધિ આવે. શું ?

**લૌકિક ફળની લાલસા જ ન રાખીએ તો લક્ષ્યશુદ્ધિ આવે.**

'ગુરુ મને સારો રાખે' એ લક્ષ્ય નહિ, પણ 'હું ગુરુને કેમ સારા રાખું ગુરુને મારા તરફથી લેશ પણ અશાતા-અશાંતિ ન થવા દઉં, એમને ખૂબ શાતા-શાંતિ-સમાધિ આપું,' આ લક્ષ્ય નજર સામે ને નજર સામે રહ્યા કરે, ને એ પ્રમાણે પ્રયત્ન રાખે, તો એ લક્ષ્યશુદ્ધિ સલામત કહેવાય. પછી ભલે શિષ્યનો પોતાનો વાંક નથી છતાં ગુરુએ ગેરસમજમાં એનો વાંક સમજી એને ઝાડી નાખ્યો, ત્યાં 'હું ગુરુનું આટલું બધું સાચવું છતાં ગુરુ મને ઝાડી નાખે છે ? ગુરુને મારી કદર જ નથી. આવી બુદ્ધિ થઇ તો ત્યાં એ પોતે કરેલ ગુરુભક્તિરૂપ સુકૃતની કદરરૂપી લૌકિક ફળની

કામના રહી.'

એને કોણ કહે 'અરે ! મહાનુભાવ ! તેં કરેલ સુકૃતનાં પારલૌકિક મહાન ફળ તો નક્કી થઇ જ ગયા છે, હવે એના બદલે અહીં કદરરૂપી લૌકિક ફળ શું કામ ઇચ્છી રહ્યો છે ? ખરું તો, તું બહુ બધાં સુકૃત કરે પણ મોટું લક્ષ આ રાખવાનું છે કે 'ગુરુને કેમ શાતા આપું !' શાતા આપવી હોય તો એમના તીખા બોલ સામે તીખા બોલ ન કઢાય, કે ગુરુની ભૂલ બતાવી પોતાની મહત્તા ન ગવાય. ઊલટું મહત્તા ગુરુની ગાઇ પોતાની ભૂલ નહિ છતાં માફી મંગાય કે ''પ્રભુ ! આપ કેવા ઉપકારી છો કે મને સુધારવા મારી ભૂલ બતાવો છો ! ગુરુ વિના આ કોણ કરે ? સાચું જ છે-'ગુરુ દીવો ગુરુ દેવતા' મારી ભૂલ થઇ, મને ક્ષમા આપો, ફરીથી આમ નહિ થવા દઉં. મારા પર દયા રાખજો, આપનાથી જ મારે તરવાનું છે.''

આમ ગુરુની મહત્તા ગાય તો ગુરુના ચિત્તને શાંતિ વળે, શાતા-પ્રફુલ્લિતતા આવે. લક્ષ્યશુદ્ધિ હોય કે 'ચારિત્ર જીવનમાં મારે મુખ્ય સાધવાનું ગુરુની શાતા છે,' તો આ સહેલું છે.

જુઓ, મૃગાવતી સાધ્વીજી કેવળજ્ઞાન શી રીતે પામ્યા ? આ લક્ષ્યશુદ્ધિ પરસ્તો, સમવસરણમાંથી મોડા આવ્યા ને ગુરુણી ચંદનબાળાએ ઠપકો આપ્યો હે- 'ભદ્રે ! તમારા જેવા કુલીનને આમ મોડું આવવું ન છાજે.' ક્યાં અમે રખડવા ગયા હતા ? ગયા હતા તે સમવસરણમાં, ને ત્યાંથી સીધા સીધા ચાલી આવીએ છીએ એમાં અછાજતું શું કર્યું ? એવો બચાવ ન કરતાં એક જ વિચાર્યું કે 'અહો ! આ ગુરુણીએ તો મને તારી, પણ હું એમને અશાતા આપનારી બની ! એમને ક્યારની ય ચિંતા થતી હશે, અશાંતિ થતી હશે કે મૃગાવતી કેમ હજી ન આવી ! અરેરે ! કેવું મારું પ્રમાદાચરણ કે એથી એમને અશાતા થઇ ! ગુરુણી એટલા મોટા ઉપકારીણી છે, એટલા બધા ગુણિયલ છે, એટલા મોટા પૂજ્ય છે, કે એમને તો મારે મહાશાતા આપવી જોઇએ...' બસ, ચિંતનમાં ચડતાં વીતરાગ સર્વજ્ઞ બની ગયા !

**લક્ષ્યશુદ્ધિ સલામત તો આત્મસમૃદ્ધિ હાથવેંતમાં.**

આજે શાણા ગૃહસ્થો કે જેમણે આ ત્રણ લક્ષ્ય નક્કી કર્યા છે-

'કમ ખાના, ગમ ખાના, નમ જાના.'

એમના જીવન જુઓ, તો એમાં એને અનુરૂપ રોજના વાણી-વર્તાવ દેખાશે.

એમ પૂજ્યોને શાતા આપવી એ લક્ષ્યશુદ્ધિ હોય, અર્થાત્ એ મુખ્ય

જીવનસાધ્ય બનાવ્યું હોય, તો પછી એને યોગ્ય વાણી-વર્તાવ સહેજે આદરાય.

**બે કૂકડામાં પ્રવિષ્ટ બે વિદ્યાધરો :-**

પેલા બે વિદ્યાધર ચંદ્રતિલક અને સૂર્યતિલક પોતાના પૂર્વભવના પિતા અને એજ આ વર્તમાન ભવમાં તીર્થંકર થનાર ઘનરથ રાજાને વિશેષ શાતા આપવા કૂકડાના યુદ્ધના ખેલને લંબાવી રહ્યા હતા. અલબત તીર્થંકર ભગવાન થનારને જનમથી મહાવૈરાગ્ય હોય છે તેથી એમને આવી તુચ્છ વાતના આનંદ લેવાના ન હોય, પછી વિદ્યાધરોના આ વર્તાવથી વિશેષ આનંદ શાનો થવાનો હોય ? છતાં વિદ્યાધરો ઉપર ઉપરથી જોઇને કલ્પી લે છે કે 'મહારાજાને કૂકડાની રમત જોવામાં શાતા રહે છે,' તેથી એમના પ્રત્યેની ભક્તિથી પ્રેરાઇ આનો જ અધિક આનંદ અધિક શાતા આપવા આ પ્રયત્ન કરનાર બન્યા છે.

**કૂકડાને જાતિસ્મરણ અને હિતજિજ્ઞાસા :-**

હવે જ્યાં ઘનરથ રાજકુમાર બધી વાતનો ખુલાસો કરી રહ્યા હતા, ત્યાં ઘનરથ મહારાજાએ કૂકડાના જે પૂર્વભવ કહેલા તે સાંભળી કૂકડાને જાતિસ્મરણ જ્ઞાન થયું, અને એમાં પોતાની પૂર્વભવની પાપમય દુર્દશા જોઇ કંપી ઉઠ્યા ! કૂકડા પોતાની ભાષામાં ઘનરથ મહારાજાને કહે છે-

'મહારાજા ! મહારાજા ! તો તો અમે ભારે પાપી જીવો છીએ. અમે મનુષ્યભવ ફોગટ ગાળ્યો !

**સુકૃતો કરી લેવા યોગ્ય ખરેખરા જનમમાં અમે દુષ્કૃતો જ કર્યે રાખ્યા !**

હવે અમને અમારા પૂર્વભવના દુષ્કૃત્યો જાણી ભારે ખેદ અને પસ્તાવો થાય છે. અમે તો દીર્ઘકાલ દુર્ગતિઓમાં ભટકવાનો ધંધો કર્યો છે. ખરેખર આ સંસાર કલેશોની પરંપરાનો હેતુ છે. પ્રભુ ! અમારો ઉદ્ધારનો કોઇ ઉપાય ?'

કૂકડાને આપવીતી જાણમાં આવી ગઇ કે 'મનુષ્ય જનમમાં લોભ, અનીતિ, જીવો પર નિર્દયતા, વગેરે પાપો કર્યે ગયા તો પછીથી તિર્યંચના અવતાર થતા ગયા !' એટલે જાત અનુભવ થયો કે 'મનુષ્ય જનમનાં દુષ્કૃત્યોએ જ આ દુઃખદ દુર્ગતિઓની પરંપરા ચાલી !' એ પરથી કહેવાય કે મનુષ્ય જનમ ફોગટ ગુમાવ્યો, વધારામાં દુર્ગતિના ભવો સરજનારો બનાવ્યો !

જ્ઞાનીના વચન પર શ્રદ્ધા ન બેસે કે 'હિંસા-જૂઠ-ચોરી વગેરે પાપોમાં જીવન પસાર કરતાં આ જનમ દુર્ગતિઓની પરંપરા સરજનારો બને છે,' આ વસ્તુ આ

શ્રદ્ધા ન બેસે એને શ્રદ્ધા માટે તો આ કૂકડાની માફક જનમ ભારે કરી આગળ સરજાતા કોઇ તિર્યંચભવમાં જાતિસ્મરણ જ્ઞાનની આશામાં જ રહેવાનું ને ? પ્રતિબોધ જ્ઞાનીઓનાં વચનથી નહિ પણ જાતિસ્મરણ જ્ઞાનથી પામવાનો ને ?

**ભીલને જાતિસ્મરણ પણ નકામું ગયું :-**

પણ જો જો હો, મનુષ્ય-જનમનાં દુષ્કૃત્ય ભારે હશે તો પછીથી જાતિસ્મરણ જ્ઞાન થાય તો ય પ્રતિબોધ નહિ લાગે પાપનો પસ્તારો નહિ થાય.

❀ ❀ ❀ ❀ ❀ ❀

શાસ્ત્રોમાં આવાય અનેક દાખલા મળે છે. જંગલમાંથી જ્ઞાની મુનિ પસાર થતા હતા. એમણે એક હિંસક ભીલને જોયો. એમને દયા આવી કે આ બિચારો દુર્ગતિઓમાં ઠેલાઇ જશે ! તેથી એને ઉપદેશ કરે છે 'ઓ ભલા આદમી ! આ તું શા સારુ નિર્દોષ નિરપરાધી જીવોને મારે છે ? એનાથી ભારે પાપકર્મો બંધાય અને દુર્ગતિઓના ભવોમાં ભટકવું પડે.'

પેલો ભીલ કહે 'તમારું શાસ્તર તમારી પાસે રાખો. પરભવ કોણે વળી જોયો છે ? કુદરતે એમને આમ મરવા માટે જ સરજ્યા છે.'

ત્યારે મુનિએ અવધિજ્ઞાનથી એનો પૂર્વભવ જોઇ વિચાર્યું કે 'આને જો એનો પૂર્વભવ સંભળાવું તો કદાચ જાતિસ્મરણ જ્ઞાનથી એને સ્વાનુભાવ થાય, પરલોકની શ્રદ્ધા થાય, અને પાપનો ભય લાગીને પાપ છોડે તો સારું.' એમ વિચારીને મુનિએ એને પૂર્વભવ કહી સંભળાવ્યો, ને કહ્યું 'જો આ પૂર્વનાં હિંસાદિ પાપથી તું અહીં નિર્ધન હલકા જન્મમાં આવ્યો છે. માટે હિંસા છોડ.'

ભીલને એ સાંભળી ઉહાપોહ થયો કે 'શું હું પૂર્વે એવો અવતાર પામેલો ? શું મેં એવું એવું કર્યું છે ?' એ ઉહાપોહમાં એને જાતિસ્મરણ જ્ઞાન થયું, પૂર્વભવ દેખ્યો, પરંતુ ભારેકર્મી છે એટલે એના પર શ્રદ્ધા ન કરતાં મુનિને કહે છે-

'વાહ રે વાહ માયાવી ! આ તો તું જેવું કહે છે, એવું પાછો દેખાડી બતાવે છે ! ખરો ઇન્દ્રજાળિયો !' પોતાને પોતાનો પૂર્વભવ યાદ આવ્યો એટલે તો આ ભવ પરભવનો જાત અનુભવ થયો, છતાં એને મુનિની માયાજાળ સમજે છે ! કહે છે 'ખરો માયાવી ધૂર્ત ! જેવું બોલે છે એવું જાણે ખરેખર બન્યું હોય એવું પાછું દેખાડી આપે છે ! પરંતુ એ તો માણસના મનને આંજી દેવાની કળા છે. તેથી હું કાંઇ એના પર અંજાઉ નહિ, દોરવાઇ ન જાઉં.' તે મુનિના ઉપદેશની લેશ પણ અસર

લીધા વિના મુનિને કહે છે 'જા જા ધૂર્ત ! તારે રસ્તે પડ, મારે તારું કાંઇ સાંભળવું નથી.' બોલો જાતિસ્મરણ થયું તો ય શો પ્રતિબોધ લાગ્યો ?

**ભારેકર્મી ક્રૂરકર્મી અને નિષ્ઠુર હૃદયવાળાને બોધ લાગે નહિ.**

સમરાદિત્ય કેવળી ચરિત્રમાં આ આવે છે. બારવ્રતની પરિગ્રહ પરિમાણ વ્રતની પૂજામાં બોલો છો ને 'ત્રીજે ભવ સમરાદિત્ય, સાધુ-ચરિતને સાંભળે રે.' સમરાદિત્યનો જીવ ત્રીજા ભવમાં સાધુનું ચરિત્ર સાંભળે છે. ત્યાં એ અવધિજ્ઞાની સાધુ પોતાને પ્રતિબોધ કેમ થયો એ બતાવવા પોતાનું ચરિત્ર કહે છે. એમાં બતાવે છે કે 'એક ભવમાં પોતે ભાઇ સાથે પરદેશથી ૭ લાખ સોનૈયા કમાઇને પાછા ચાલ્યા આવતા હતા. ભાઇએ લોભથી પોતાને કૂવામાં ધકેલી દીધો, અને પછી એ જંગલમાં જ ધન દાટી રાખેલાનું રક્ષણ કરતાં કરતાં જંગલી જનાવરથી ચવાઇ મર્યો. એ પછી એ ઉંદર-બકરો વગેરે થઇ થઇ એ દાટેલા ધનની આસપાસની જગા જોઇ જાતિસ્મરણ જ્ઞાન પામે છે ! પરંતુ શું એથી એને પ્રતિબોધ થયો ખરો કે 'હાય ! આ ધનની મૂર્ચ્છામાં કાળું કામ કરી આ હું દુર્ગતિમાં પટકાયો ! લાવ હું હવે પાપથી પાછો વળી જાઉં ?' ના કશો પ્રતિબોધ નહિ, ઊલટું જાતિસ્મરણથી પોતે દાટેલા ધન પર મૂર્ચ્છા ઉભરાઇ આવી, તે ત્યાં ને ત્યાં રહી એની મૂર્ચ્છામાં કમોત મૃત્યુ પામે છે !

હજી આપણને આ સાંભળી એમ થાય કે 'હાય ! લક્ષ્મી આવી ગોઝારી મૂર્ચ્છા કરાવનારી છે ? તો લાવ હું ધનની મૂર્ચ્છા ઘટાડતો આવું, દાન સુકૃતોમાં લક્ષ્મીને લેખે લગાડતો જાઉં, ને તાકાત આવ્યે,

**ગોઝારી ધનમૂર્ચ્છા જ્યાં કરવી પડે છે એવા પાપી સંસારનો ત્યાગ કરી ચારિત્ર લઉં.**

હજી ભવી જીવને આવા ચરિત્ર સાંભળી બોધ લાગે, પરંતુ એ ભારેકર્મી અને નિષ્ઠુર જીવને જાતિસ્મરણથી જાત અનુભવ થવા છતાં બોધ નથી લાગતો ! કારણ ? ભારે કર્મ અને નિષ્ઠુરતા.

પેલા કૂકડાને જાતિસ્મરણથી બોધ લાગી ગયો, અને લાગ્યું કે 'હાય ! જે મનુષ્યભવમાં સારા સુકૃતો કરી સદ્ગતિની પરંપરા ઊભી કરી શકતા, એવા મનુષ્યભવમાં અમે દુષ્કૃત્યો આચરી આચરીને જનમ, સુકૃતો કર્યા વિના, વ્યર્થ ગુમાવ્યો! વધારામાં દુષ્કૃત્યો સેવીને હલકા તિર્યંચના અવતારના કલેશ પામ્યા ! આ સંસાર રમા અને રામાના પ્રલોભનથી જીવને કેવો ઠગે છે ! અને જીવની પાસે કેવા પાપો આચરાવે છે ! અને અંતે દુર્ગતિઓના કેવા ભારે કલેશ ઊભી કરી આપે

છે ! ખરેખર,

**સંસાર એ કલેશમાળાનો હેતુ છે.**

બે કૂકડાઓને પસ્તાવો ભારે છે, અને હવે ઉદ્ધારનો કોઇ ઉપાય હોય તો પૂછે છે, ત્યારે મહારાજા ઘનરથ કહે છે 'તમે જીવો પર દયા કરો, જીવોની હિંસા કરો નહિ, અને દેવ-ગુરુનું શરણું પકડો, તો તમારો ઉદ્ધાર થશે.'

જુઓ ઉદ્ધાર માટે દયા કેમ બતાવી ? ચોખ્ખો હિસાબ છે કે

**જીવોની હિંસાથી અને જીવો પ્રત્યે નિર્દય થવાથી પાપો અશુભ-કર્મો ઊભા કરી દુર્ગતિના અવતાર મળ્યા છે, તો એ હિંસા બંધ કરી જીવા પ્રત્યે દયા કરવાથી જ ઉદ્ધાર થાય.**

જીવહિંસા એ મૂળ પાપ છે, કેમકે પૈસા કમાવા જોઇએ છે, અને દુનિયાની સુખ-સગવડો ભોગવવા જોઇએ છે, તે હિંસામય આરંભ-સમારંભો કરીને, પછી એમાં સાથે જૂઠ-અનીતિ પણ ચલાવાય છે, ભલે એમાં સામા જીવને દુઃખ થાય. સંસારના સુખ ભોગવાય છે એમાં પણ જ્ઞાનીઓ કહે છે 'એકેકે સંયોગે બેથી નવ લાખ ગર્ભજ મનુષ્યો મરે છે.' પરિગ્રહ સાચવવામાં પણ જરૂર પડ્યે હિંસામય ક્રૂર લેશ્યા કરવી પડે છે, અને જો એ સાચવવામાં કોઇના તરફથી વાંધો દેખાયો, તો એને કચરવામાં આંચકો નથી આવતો !

**ધનિક વાણિયાની ક્રૂરતા :-**

પેલા ધનિક વાણિયાની વાત જાણો છો ને ? ૫૦ લાખનું ઝવેરાત ગુપ્ત દાટવા છોકરાને લઇ જંગલમાં ગયો. એમની પાછળ એક જુગારી પડી ગયેલો તે પિતા-પુત્રને જંગલની મધ્યમાં ઊભા રહેલા જોઇ ઝાડ પૂંઠે છુપાઇ ગયો. બાપે ચારેબાજુ નજર નાખી 'કોઇ નથી ને ?' એમ લાગતાં ખાડો ખોદ્યો. હવે એમાં ધન દાટતાં પહેલાં છોકરાને કહે 'ભલા ! જા જરા જોઇ આવ તો કોઇ છૂપાઇને રહ્યું નથી ને ? આ સાંભળતાં જ પેલો જુગારી નીચે ઊંધો પડીને સૂઇ ગયો, ભલાભાઇએ આવી એને ઢંઢોળ્યો પણ પેલાએ મડદાનો દેખાવ રાખ્યો એટલે બાપને આવીને કહે કોઇ છે નહિ. એક મડદું પડ્યું છે, 'અરે ! જો, જો, જીવતો ન હોય ? લે આ ડંડો, બે ચાર ફટકા લગાવી આવ.' લગાવ્યા. પેલાને ધનનો મોટો દલ્લો જોઇતો હતો એટલે બરડામાં ડંડા ખામી લીધા.

ધનની માયા શું કામ કરે છે !

'ડંડ પ્રહાર ન ઝીલું તો જીવતો ને જીવતો જ દેખાઉં, ને એમ આ ધનનો

મોટો દલ્લો ન મળે' આ ગણતરી છે. તેથી ખુશીથી દંડ-પ્રહાર ઝીલી લીધા. 'ભલે ડંડા પડે, જીવતો નથી દેખાવું.' ધનની માયા આ સહન કરાવે છે.

મોક્ષની માયા પણ આવું કામ કરે છે. કોઇના તરફથી માનો કે માથામાં વાગે એવા તીખા અપમાન ભર્યા બોલ સાંભળવા મળ્યા, કે તમાચ-ડંડા ખાવા મળ્યા, તો ત્યાં મનને એમ થાય કે 'જો આ ખુશીથી ઝીલી ન લઉં, ને સામનો કરું, તો સંસારીનો સંસારી રહું ને મોક્ષનો દલ્લો ન મળે. બસ, ભલે ગાળ કે મારપીટ આવી પણ એ લક્ષથી ક્રોધ કષાય કરી હવે સંસારી નથી બનવું'. શું ? આ ખૂબ યાદ રાખવા જેવું છે. કેમકે આપણે મુક્ત થવા ઇચ્છીએ છીએ, સંસારી રહેવા નથી ઇચ્છતા, એટલે જો કષાય કરીએ તો સંસારીના સંસારી રહીએ, મોક્ષનો દલ્લો ન મળે.

છોકરો કહે 'બાપુ જરાય સડસડ્યો નહિ, ઝાડ પરથી પડ્યો હશે ને મરી ગયેલો.'

'પણ એને બરડામાં સોળ ઊઠેલા ?'

'હા.'

'અલ્યા મૂરખ મડદાને સોળ ઊઠતા હશે ?'

'બાપુ ! તરતનો મરેલો હોય તો કેમ ન ઊઠે ?'

'લે હવે તારું દોઢ ડહાપણ રહેવા દે. લે આ છરી, કાન કાપી લાવ.'

પેલાએ કાન કપાવા દીધા ! ભલો કાન કાપી લાવી બાપને કહે 'લ્યો આ કાન !'

'અલ્યા પણ આ લોહી નીતરતા છે ! માણસ જીવતો હોવો જોઇએ. માળાએ કાન પણ કપાવા દીધા ? પણ પૈસા માટે શું સહન ન કરે ? ખરે, પણ જા નાક કાપી લાવ. જીવતો હશે તો નાક તો નહિ જ કપાવા દે. કાન કટ્ટાપણું તો બુકાની બાંધીને ઢાંકી શકાય, પણ નાક કટ્ટાપણું ક્યાં ઢાંકે ?

પેલાએ જોયું કે 'હવે માર્યા ! પરંતુ લોકમાં પાસે પૈસા ન હોય ને ક્યાંક માગવા જાય તો છતે નાકે નાકકટ્ટો કહેવાય છે. પાસે સારા પૈસા હોય તો એના તેજમાં અંજાઇ કોઇની મજાલ નથી કે નાકકટ્ટો કહે. માટે ભલે નાક જાય, પૈસા લેવા દે.'

નાક પણ કપાવા દીધું ! ભલિયો નાક લાવી બાપને આપે છે. એ ય લોહી

નીગળતું છે, પરંતુ બાપે મન વાળ્યું કદાચ તરતનો પડેલો મર્યો હતો તો આ બને.' બસ ધન દાટ્યું. બાપ દીકરો ત્યાંથી ગયા. જુગારીએ ઊઠી સુક્કટ પાંદડાંનો ભૂકો નાક કાન પર દાબી દીધો, ને ધન ઊઠાવી ચાલતો થયો.

પછી તો શહેરના એક ભાગમાં બંગલો નાખી લહેરથી રહે છે. એકવાર બાપે આને જોયો, મનને આશ્ચર્ય થયું. 'અરે ! મોઢે બુકાની છે, નાક લાકડાનું છે !' વહેમ પડ્યો કે 'તો આ પેલો તો નહિ હોય ?' આજુબાજુવાળા પાસેથી જાણ્યું કે ''આ તો નવા રહેવા આવેલા મોટા શેઠ છે, કાને શરદી રહે છે તેથી બુકાની બાંધી રાખે છે, ને નાક તો ક્યાં અનાડી સાથે ઝગડામાં અનાડીએ કાપી નાખ્યું છે. અનાડી સાથે ઝગડો ખોટો.''

આ વાણિયો વહેમાયો, ગયો જંગલમાં, જોયું તો ખાડામાં ધૂળ ઢફા ને કાંકરા ! ખાતરી થઇ કે પેલો મડદાની જેમ પડેલો જ ધન ઉઠાવી ગયેલો. શોકનો પાર નહિ, મનને થાય છે. 'અરેરેરે ! તે વખતે નાક-કાન કપાવ્યા તો ગળું કેમ ન કપાવ્યું ? હું કેટલો મોટો મૂરખ ! આ જરાક ગફલતમાં ૫૦ લાખનું ઝવેરાત ગયું.'

**જુઓ મૂર્ખાઇ, જે પાપ અમલમાં નથી લાવી શકાવાનું, એના વિચાર કરી વાણિયો નરકનાં પાપ બાંધે છે !**

બોલો, જુગારી ગળું કપાવા દેત ? ના, સમજે છે કે ગળું કપાયું એટલે તો મર્યા, પછી ધન ક્યાં લેવાનું રહે ? આ પરથી એ પણ સમજવા જેવું છે કે ધર્મ તો કરી રહ્યા છીએ પણ માનો કે કોઇ મોટું પાપ થઇ ગયું તો આપઘાતનો વિચાર આવે છે, પરંતુ ત્યાં એ વિચારવું જોઇએ કે

**'આપઘાત એ પ્રાયશ્ચિત્ત નથી, ને આપઘાતથી આપણે મર્યા, પણ આપણા પાપ નથી મર્યા. એ તો ઊભા જ રહ્યા,**

ને આપણે મર્યા એટલે પછી પ્રાયશ્ચિત્ત કરવાનું ક્યાં રહે ? પ્રાયશ્ચિત તો જીવતા હોઇએ તો થઇ શકે, મર્યા પછી નહિ. એમ મર્યા પછી ધર્મ કરવાનો પણ ક્યાં ?' અસ્તુ.

વિચારો, વાણિયો ક્યાં સુધી પહોંચ્યો ? જુગારીનું ગળું કપાવી નાખવાની લેશ્યા સુધી ! એમાં નરકનું આયુષ્ય બાંધીને મરીને ગયો નરકમાં !

હિંસાની માત્ર લેશ્યા પણ નરકે લઇ જાય તો હિંસાની લેશ્યા સહિત પ્રવૃત્તિ ક્યાં લઇ જાય ?

હિંસા એ મોટું પાપ. એ પરિગ્રહ-જૂઠ-અનીતિ બધા સાથે સંલગ્ન રહે છે. એમ અહિંસા-દયા એ મોટો ધર્મ બીજા બધા ધર્મોમાં સંલગ્ન રહે.

જો હિંસાની લેશ્યા અધમાધમ, તો દયાની લેશ્યા ઉત્તમોત્તમ.

ઘનરથ મહારાજાએ પેલા બે કૂકડાને આત્મોદ્ધાર માટે (૧) દયા પાળવાની કહી, ને (૨) દેવ-ગુરુનું શરણું લેવા કહ્યું.

*અરિહંતાદિ ચારનું શરણ લેવાનું શા માટે ?*

કહો, કૂકડાનો અવતાર છે મનુષ્ય જેવી ધર્મપ્રવૃત્તિ કરવાનું એને ન આવડે, ન ફાવે, તેથી સરળ ધર્મ-આ ચાર શરણનો સ્વીકારરૂપ ધર્મ-એ બતાવ્યો.

પ્ર.-કેમ ? વ્રત-પચ્ચક્ખાણ તો કરી શકે ને ? તો એ ધર્મ કરવાનું કેમ ન બતાવ્યું ? ''નથી બતાવ્યું એ સૂચવે છે કે આ કૂકડાઓને સંસારસુખ ખરાબ ક્યાં લાગે છે ? ને સંસારસુખ ખરાબ ન લાગતા હોય તો ભાવ બગડેલા છે, ને બગડેલા ભાવે વ્રત-નિયમ કરે તો એ સંસારવર્ધક થાય, એટલા માટે વ્રત-નિયમ ન બતાવ્યા.'' એમ કહેવાય ને ? ત્યારે વીતરાગનું શરણું સ્વીકારે એથી સંસારસુખ ભૂંડા લાગવાનું બને એવું છે. તેથી શરણ-સ્વીકારનો ધર્મ બતાવ્યો એમ કહેવાય ને ?

ઉ.-આ બધી ખોટી ગણતરી છે. પહેલી વાત તો એ, કે મૂળમાં જીવો પરનો દયાધર્મ બતાવ્યો એમાં એ ગર્ભિત છે કે જીવોની દયા પાળવી હોય, હિંસા ન કરવી હોય, તો મુખ્યત્વે ત્યાગ-તપના વ્રત નિયમમાં આવી જવું જોઇએ. જેટલું ત્યાગમાં ને તપમાં અવાય એટલા આરંભ-સમારંભ ઓછા થાય તો હિંસા ઓછી થાય. બાકી ''સંસારસુખ મીઠાં લાગે છે, ભૂંડા ખરાબ નથી લાગતા તો પછી વ્રત-નિયમ ભવવર્ધક થાય'' એમ કહેવું એમાં અજ્ઞાનતા છે, કેમકે સમકિતી જીવ પણ અત્યંત રાગના કારણે જીવ સંસારસુખમાં પ્રવર્તે છે, ને મિઠાશ અનુભવે છે એમ શાસ્ત્રવાર્તા ટીકા કહે છે, ભલે સમકિતી જીવને મિથ્યાત્વ નથી એટલે 'સંસારસુખો ખરાબ છે' એવું મનમાં તો હોય જ છે, છતાં અવિરતિ હોવાથી અવિરતિનાં ઘરનો રાગ સંસારસુખોમાં મિઠાશ લગાડી એના રાગથી પ્રવૃત્તિ કરાવે છે, ને એ સુખ ઇન્દ્રિય-આસક્તિના કારણે એને ખરાબ-કડવા નહિ પણ મીઠાં મીઠાં લાગે છે. એટલે જ અવિરતિ શ્રાવક અને વિરતિધર સાધુ માટે કહેવાય છે કે,

**શ્રાવક બહારથી સુખી, પણ અંદરથી દુઃખી હોય.**

**સાધુ બહારથી દુઃખી, પણ અંદરથી સુખી હોય.**

કેમ આમ કહ્યું ? કારણ આ જ કે શ્રાવક સંસારસુખના રાગના કારણે સુખો એને મીઠા લાગે છે ને તેથી સુખો ભોગવે છે. એટલે બહારમાં સુખી દેખાય છે, પરંતુ અંદરથી એનું હૈયું દુખિત હોય છે કે 'આ સુખો ભૂંડા છે, ખરાબ છે, એ દુર્ગતિ દાતા અને ભવના ફેરા વધારનારા છે, તો આ સુખોમાં પડી રહ્યા મારા આત્માનું શું થશે ?' આ ચિંતામાં અંદરમાં દુઃખ છે. મિથ્યાત્વીને આ દુઃખ ન હોય, કેમકે એને મિથ્યાત્વના યોગે 'સંસારસુખ ભૂંડું ખરાબ' એવું લાગતું જ નથી, સમકિતીને સમ્યગ્ દર્શનના યોગે એવું અવશ્ય લાગે છે ખરું કે 'સંસારસુખ ભૂંડું, સુખ ખરાબ,' પરંતુ અનુભવમાં દુઃખ ભૂંડું લાગે છે એવું સુખ ભૂંડું લાગતું નથી. અવિરતિ-આસક્તિના યોગે એવાય સુખ પર રાગ થાય છે, સુખ ભૂંડું કડવું નહિ પણ મીઠું મીઠું લાગે છે, તેથીસ્તો એ તરફ દોડે છે. નહિતર ભૂંડા લાગતા દુઃખની જેમ ભૂંડા લાગતા સુખ તરફ એ દોડે શું કામ ?

**સાધુ બહારથી દુઃખી, અંદરથી સુખી કેમ ?**

સાધુ સમ્યક્ત્વના યોગે 'સંસારસુખ ભૂંડા' એમ સમજ્યા પછી 'તો હવે આ સુખમાં શા રાગ કરીને દોડવું ?' એમ કરી એનો રાગ અટકાવી ત્યાગ કરે છે. એટલે બહારમાં દેખાય કે 'આ દુઃખી કષ્ટ ભોગવનારા કેમકે આમની પાસે પૈસા નહિ, મકાન નહિ, મનગમતી સુખસગવડો નહિ, પગે ચાલીને જ વિહાર કરવાનો, માથાના મોવાળા હાથથી ખેંચી કાઢી લોચ કરવાનાં, ખાવાનું ભિક્ષામાં મળે તે લૂખું સૂકું-પાકું ! કેટકેટલા કષ્ટ વેઠે છે !' એમ સાધુ બહારથી કષ્ટભર્યું દુઃખભર્યું જીવન જીવનારા દેખાય ખરા, પરંતુ અંદર હૈયામાં સુખી છે, કેમકે એમને આનંદ છે કે 'આ દુર્ગતિ દેનારા અને ભવમાળા વધારનારા સંસારસુખ છુટી ગયા તે હાશ ! બહુ સારું થયું.' એમ સાધુ બહારથી દુઃખી અંદરથી સુખી.

તફાવત જોજો, સાધુને પોતાનું આંતર હૃદય કહે છે કે 'સંસારસુખ ભૂંડા', અને બહારથી ત્યાગ છે તેથી અંતરમાં એનો રાગ જ નથી રાખ્યો. જ્યારે શ્રાવકને અંતર કહે છે ખરું કે 'સંસારસુખ ભૂંડા,' પરંતુ બહારથી ત્યાગ નથી ભોગ છે ઉપભોગ છે, તેથી અંતરમાં રાગ છે, અથવા કહો, અંતરમાં રાગ છે તેથી બાહ્યમાં ભોગ ઉપભોગ છે. અંતરમાં સુખનો રાગ જાગ્યા વિના બહારમાં સુખ લેવા દોડાય નહિ, અને રાગ છે શાથી ? સુખના ભોગવટામાં આસ્વાદમાં સુખ મીઠા લાગે છે તેથી, આસ્વાદમાં સુખ કડવા ખરાબ નથી લાગતા. એટલે આમ જોઇએ તો

સમકિતીને અંતરમાં એવું લાગે તો છે કે 'સંસાર સુખ ખરા', પરંતુ સુખની અવિરતિ-આસક્તિ નહિ છુટવાને લીધે સુખ મીઠા મીઠા લાગે છે.

આ પરથી સારાંશ એ સમજાશે કે ''સમકિતીને સંસારસુખ ભૂંડા છે, ખરાબ છે, એવું મનને જરૂર લાગે છે છતાં રાગ-આસક્તિના યોગે અનુભવમાં સુખ ખરાબ કડવા લાગતા નથી, મીઠા લાગે છે. જ્યારે, મિથ્યાત્વીને મૂળ પાયામાં હૈયે 'સંસારસુખ ખરાબ' એવું લાગતું જ નથી. ''આમ,-

**'સુખ ખરાબ છે' એવું મનને લાગે એ જુદું, ને અનુભવમાં સુખ ખરાબ લાગવું એ જુદું.**

**દુઃખ સારું સુખ ભૂંડું તો મહાત્માને લાગે -**

ઘરવાસમાં રહેલા સમકિતી જીવનો આ અનુભવ કે ગરીબી, ગુલામી, શેઠની ગાળો, પત્નીના કકળાટ વગેરે દુઃખ ભૂંડા લાગે છે ખરાબ લાગે છે, એથી ઊલટું ગરીબી મટી શ્રીમંતાઇ મળે, ગુલામી મટી શેઠાઇ મળે, પત્નીના આજ્ઞાંકિત વિનયભર્યા પ્રિય બોલ હોય...તો એ બધું સુખ મીઠું મીઠું લાગે છે. માટે તો પેલી ગરીબી વગેરેમાં દિલ ઉદ્વિગ્ન રહે છે, ને આ શ્રીમંતાઇ વગેરેમાં પ્રફુલ્લિતતા રહે છે. આમ છતાં એના અંતરમાં તો એ જ બેઠું છે કે 'સંસાર સુખ ભૂંડા, કેમકે ભવવર્ધક-રાગ-મહારાગને પોષનારા છે.' છતાં અનુભવમાં દુઃખ ભૂંડા ને સુખ મીઠા લાગ્યા તેથી એનામાં સમકિત નથી એમ કહેવાય ? એમ કહીએ તો સમકિતને હજી આપણે જ સમજ્યા નથી.

સુખ ભૂંડું ને દુઃખ સારું તો મુનિ મહાત્માને લાગે, ગૃહસ્થને નહિ, કેમકે ગૃહસ્થ તો દુઃખ-દુઃખ સાધનોને ટાળે છે ટાળવા મથે છે, ને સુખ-સુખ સાધનોને આવકારે છે, મેળવવા પ્રયત્ન કરે છે. જો દુઃખ સારું લાગતું હોય તો એને ટાળવા મથે ? સુખ ભૂંડું લાગતું હોય તો એ મેળવવા મથે ? દુઃખ ભૂંડું લાગવાથી દુઃખ મેળવવા જરાય યત્ન નથી કરતો, એમ સુખ ભૂંડું લાગતું હોય તો એ મેળવવા શાનો મથે ?

આમ છતાં મિથ્યાત્વી કરતાં સમકિતી ઊંચો સારો એટલા માટે છે કે એના અંતરમાં આ લાગે છે કે 'સુખ ભૂંડું, દુઃખ સારું. કેમકે સુખ રાગ ને મદ કરાવે છે, દુઃખ રાગ-મદ નથી કરાવતું' સારાંશ, સમકિતીને સુખ ખરાબ છે એવું મનને લાગે છે, ખરું, પરંતુ અનુભવમાં સુખ ખરાબ ભૂંડા લાગતા નથી મીઠા મીઠા લાગે છે. તેથી તો સુખ લેવા ભોગવવા દોડે છે. પેંડા ખરાબ કડવા લાગતા હોય તો પેંડા

લેવા ખાવા શું કામ જાય ? અરે ! સાવ ફિક્કા ને ખાતાં ઉબકા આવે એવા લુકખા રોટલા જ ન ખાય ? મેડી ખરાબ લાગે છે, ને બંગલો સારો લાગે છે તેથી તો મેડી કાઢી બંગલો કરે છે. બંગલો સારો લાગ્યા વિના મેડી કાઢી બંગલો બંધાવે ? પણ હા, એના અંતરમાં બેઠું છે કે,

**'આ બંગલો ભૂંડો, ખરાબ, કેમકે એ વધુ રાગ ને વધુ મૂર્ચ્છા વારંવાર કરાવી વારંવાર પાપ આપે છે.**

પણ શું કરું ? રાગમાં મરું છું. રાગથી બંગલો સારો લાગે છે.' આમ મનને બંગલો ખરાબ એવું લાગવા છતાં રાગ આસક્તિના યોગે મેડી નહિ પણ બંગલો ગમે છે, મેડી કરતાં બંગલો સારો લાગે છે. જો કે અંતરથી મેડીવાલાને આશીર્વાદ આપે છે કે 'આ ભાગ્યશાળી છે, બંગલાના પાપથી બચ્યા છે. હું કમનસીબ, બંગલો ભૂંડો માનવા છતાં રાગથી બંગલો મને સારો લાગે છે ને સારો કરી એમાં ફસ્યો રહું છું.'

હવે અહીં સમકિતીને અંતરમાં લાગતું હોય છે કે 'સંસારસુખ બંગલો, મોટર, વગેરે ભૂંડા ખરાબ' પરંતુ રાગથી એ બંગલો, મોટર વગેરે એને સારા મીઠા લાગે છે, તેથી જો આપણે એના પર સિક્કો લગાવીએ કે 'તને સંસારસુખ મીઠા લાગે છે ? ખરાબ નથી લાગતા ? તો તારામાં મિથ્યાત્વ છે, સમકિત નહિ. તારા ભાવ બગડેલાં છે, તેથી તું ધર્મક્રિયા કરે એ દુર્ગતિ દેનારી ભવવર્ધકક્રિયા છે.' તો એ કેટલું યુક્તિ યુક્ત ગણાય ? કેટલું વાજબી ગણાય ? કેટલું શાસ્ત્ર સંગત ગણાય ? જૈન શાસ્ત્રો આ કહે છે-

**'સમ્યક્ત્વથી મનને સંસારસુખ ભૂંડા છે એવું લાગે છે, મિથ્યાત્વથી મનને સંસારસુખ મીઠાં' એવું લાગે છે, પણ બંનેને અવિરતિ રાગથી ઇન્દ્રિયોને સંસારસુખ મીઠાં લાગે છે.**

આ તફાવત સમજ્યા વિના સિક્કો મારવો કે 'તમને સંસારસુખ ભૂંડા ખરાબ લાગતા નથી, મીઠા લાગે છે, માટે તમારામાં સમકિત નહિ,' એ શાસ્ત્રવિરુદ્ધ વાત છે.

ભરત ચક્રવર્તીને સંસારસુખ મીઠા લાગ્યા હતા તેથી તો એ એ સુખના ત્યાગના વ્રત-નિયમ નહોતા કરી શકતા. પરંતુ એમાં એમનું હૈયું કકળતું હતું,

કેમકે હૈયું એમ સમજતું હતું કે 'આ સુખ ભૂંડા છે, છતાં હું છોડી શકતો નથી મીઠાં લગાડી ભોગવું છું, ને એને વળગી રહું છું, મારું શું થશે ?'

શું આજના ધર્મશ્રદ્ધાળુ જીવોના દિલમાં આ દુઃખ નથી આ ભય નથી કે 'અમે આ ઘરવાસ-પૈસાટકા પરિવાર વગેરે મીઠા મીઠા લગાડી એમાં બેસી રહ્યા છીએ ને એનો ત્યાગ નથી કરતા તો અમારું શું થશે ?' આ ભય લાગે જ છે. એ સૂચવે છે કે એમને એમ તો લાગ્યું જ છે કે 'સંસારસુખ ભૂંડા છે ખરાબ છે.' આવા જીવોને એમ કહેવું કે "તમને સંસારસુખ ખરાબ નથી લાગતા, મીઠા લાગે છે, માટે તમારામાં સમકિત નહિ, અને તમારા ભાવ બગડેલા છે એટલે તમારી દેવ દર્શન-પૂજા વગેરે ધર્મક્રિયા સંસાર વધારનારી છે." આવું કહેવું એ સત્યભાષા કે મૃષાભાષા ? એ માર્ગ દેશના ? કે ઉન્માર્ગ દેશના ? આજુથી બાજુથી મઠારી મઠારીને અથવા એક યા બીજા વચન-પ્રકારથી આવું ને આવું ધર્મી જીવોને ઠસાવ્યા કરાય કે "સંસારસુખ તમને ગમે છે, તમને ભૂંડા ખરાબ નથી લાગતા, માટે તમારી ધર્મક્રિયાઓ ભવવર્ધક થઇ, તમે જનમ હારી ગયા," એથી એ જીવોને પોતાની ધર્મક્રિયાની અનુમોદના તો રહે જ નહિ ને ? ઊલટું, જો હવે ક્રિયા પ્રત્યે અભાવ થાય તો એ દુર્લભબોધિ બનાવે ! વળી શાસ્ત્ર જીવનમાં સ્વસુકૃતની પણ અનુમોદના કરવાની કહે છે, તે ક્યાં ઊભી રહે ?

કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજ શ્રી વીતરાગ સ્તોત્રમાં કહે છે.

**'સ્વકૃતં દુષ્કૃતં ગર્હન્ સુકૃતં ચાનુમોદયન્ ।'**

**"નાથ ! ત્વચ્ચરણૌ યામિ શરણં શરણોજ્ઝિતઃ ।।"**

અર્થાત્ "પોતે કરેલા દુષ્કૃતની ગર્હા કરતો અને પોતે કરેલા સુકૃત (તથા અન્યોના સુકૃત)ની અનુમોદના કરતો, આ જગતમાં શરણરહિત નિરાધાર એવો હું હે નાથ ! તમારા બંને ચરણનું શરણું પકડું છું.

**આ સ્વસુકૃતની અનુમોદના એ મહાન કર્તવ્ય છે, કેમકે એનાથી શુભાનુબંધ ઊભા થાય છે,**

જે એ આગળ ઉપર ઉદયમાં આવે ત્યારે સદ્બુદ્ધિ આપે છે. પણ જો પોતાની ધર્મક્રિયાને ભવવર્ધક માનવાની હોય તો આવું સ્વસુકૃતાનુમોદનાનું મહાન કર્તવ્ય બજાવવાનું ક્યાં રહ્યું ?

સારાંશ,-'સંસારસુખ ખરાબ છે' એવું લાગવું એ જુદું, ને સંસારસુખ

ખરાબ લાગવા એ જુદું. અવિરતિના યોગે રાગ-આસક્તિના યોગે સંસારસુખ અનુભવમાં સારા મીઠા લાગતા હોય છે-ખરાબ કડવા નહિ, છતાં સમકિતના યોગે હૈયાને 'સંસારસુખ ખરાબ છે' એવું જરૂર લાગતું હોય છે એટલે એ વ્રત-નિયમ કરે એમાં ભાવ બગડેલા ન કહેવાય, પછી બીજી બાજુ અનુભવમાં સુખ મીઠા લાગતા હોય છે. કેમકે હૈયું સમજે છે કે 'આ સુખ ખરાબ.' તેથી એ વ્રત-નિયમ સંસારવર્ધક ન કહેવાય. તો સવાલ આ ઊભો રહ્યો કે-

પ્ર. ઘનરથ મહારાજાએ પેલા બે કુકડાનો માત્ર દેવ-ગુરુ શરણ લેવાનું બતાવ્યું, તો વ્રત-નિયમ કેમ ન બતાવ્યા ?

ઉ.-આનું સમાધાન સરળ છે. તે એ, કે દેવ-ગુરુનું શરણું લેવા કહ્યું એમાં રાજા સમજે છે કે જો દિલથી દુનિયાના વિષયોનું શરણું મૂકી દઇ દેવાધિદેવ અને ગુરુનું શરણું પકડશે, તો પછી એવા શરણભૂત દેવ અને ગુરુની શક્ય સેવા સહેજે કરવા માંડશે. એ સેવામાં એમની આજ્ઞા પાળવાનું પણ સમાઇ જાય છે, એટલે શક્ય વ્રત-નિયમની પણ આજ્ઞા પાળવાનું એમાં ગર્ભિત છે.

એકબાજુ વિષયો શરણભૂત માનવાનું મૂકી દીધું એટલે સહેજે પછી એનો શક્ય ત્યાગ કરતા રહેવાય, અને બીજી બાજુ દેવ-ગુરુ શરણભૂત લાગ્યા એટલે એમની વ્રત-નિયમની આજ્ઞા પાળવાનું સહેજે બને. અસ્તુ દેવ-ગુરુનું શરણું લેવું એ મોટી ચીજ છે, કેમકે જીવ અનંતાકાળથી દુનિયાની જડ-ચેતન વસ્તુનું શરણું લેતો આવ્યો છે. વાતવાતમાં એને થયા કરે છે કે 'પત્ની મારે આધાર છે, પુત્ર મારે આધાર છે, પૈસા, દુકાન, વેપાર મારે આધાર છે', આધાર કહો શરણ કહો એક ચીજ છે. હવે જ્યારે આ બધાને શરણભૂત આધારભૂત માન્યા એટલે એ સહજ છે કે રાત-દિવસ એની જ ચિંતા રહે, ને મહેનત મજૂરી એ બધાને સલામત અને સદ્ધર કરવાની થાય. પછી એમાં પાપો અને કષાયો કરવામાં પાછું વળીને જોવાની વાતે ય શી ?

**દુન્યવી વસ્તુની ચિંતા કેમ ઘટે ? :-**

એ તો દુન્યવી વિષયોની ચિંતા કર્યા કરવાનું ઓછું તો જ થાય અને ચિંતા સમૂળગી બંધ તો જ પડે, કે જો એને જીવનના આધારભૂત ન મનાય. તેમ એને જ સલામત અને સદ્ધર બનાવવાનું પણ તો જ અટકે કે જો એને જીવનના આધાર ન મનાય. તથા એની પાછળ કાળાં પાપ અને કારમા કષાય કરવાથી તો જ પાછા

હટાય કે જો એ પદાર્થોને શરણભૂત આધારભૂત ન મનાય. એ તો સમજે કે 'આ બધા મને ચિંતા-અશાંતિ-અસમાધિમાં રાખનારા છે, ને જો કર્મ વિફર્યા તો અહીં મારા જીવતે જ એક દિવસ બગડી જવાના ! પ્રતિકૂળ થવાના દગો દેવાના ! કે રવાના થવાના છે ! નહિતર જીવનના અંતે તો અચૂક જ એ બધાય મારાથી છૂટી જવાના છે. તેથી જ એ અંતે શાંતિ આપી શકવાના નથી.' અને આમ જ્યારે

**દુન્યવી પદાર્થો ખરેખર શરણ-આધારભૂત ન લાગે એટલે સહેજે એની ચિંતા-મહેનત-મજૂરી તથા એની ખાતર થતા પાપો-કષાયો ઓછા કરાય.**

આની સામે જીવ જો દેવ-ગુરુનું શરણ સ્વીકારે તો એને એમ લાગે કે 'મારે ખરેખર આધારભૂત દેવાધિદેવ અને ગુરુ છે, કેમકે એ જ અહીં મને જીવતાં પણ શાંતિ અને સમાધિ આપનારા છે, તેમજ અંતે પણ એ જ હુંફ-શાંતિ-સમાધિ આપનારા છે, તથા પરલોક માટે પણ એ દેવ-ગુરુ જ શાંતિ, સમાધિ સરજી આપનારા છે, માટે મારે તો દેવ-ગુરુ જ શરણભૂત હો, ને હું એમની જ ચિંતા કર્યા કરું.'

**જુલ્મી રાજા દંડીને ધક્કો કેમ લાગ્યો ? :-**

દંડી રાજા જુલ્મી હતો, પ્રજામાં ત્રાસ વર્તાવતો, શ્રીમંતોને ખોટી રીતે ગુનેગાર ઠરાવી એમની પાસેથી ભારે દંડમાં મોટી રકમો આંચકતો. બીજાને જેલ મારપીટ વગેરે દંડ ઠોકતો. આની સામે કોઇ દિવાન કે મહાજનનું ય સાંભળતો નહિ. કેમ વારુ ? એને આ પૈસા-ટકા-સત્તાધીશતા વગેરે મનુષ્ય જીવનના આધારભૂત લાગતા, 'આ છે તો હું જીવતો છું, નહિતર તો મુઆ જેવો જ થાઉં' એમ એને લાગતું. પરંતુ એક દિવસ કુળદેવતાએ જ્યારે રાજા રાજ્યસભામાં સિંહાસન પર બેઠો છે, ત્યારે એકાએક અદ્ધરથી એક ચિઠ્ઠી ફેંકી. રાજાએ જોઇ 'કોઇ દી' નહિ ને આજે એકાએક આકાશમાંથી ચિઠ્ઠી ?'

દંડીના મનને થયું, 'આ શું ?' આકાશમાંથી ચિઠ્ઠી ? લાવ જોઉં શું લખ્યું છે.'

ત્યાં રાજાએ ચિઠ્ઠી ખોલી, વાંચી, ને વાંચતાં જ એના હોશકોશ ઊડી ગયા !

એવું તે શું હશે ચિઠ્ઠીમાં જેણે રાજાને ચમકારો લગાવી હોશકોશ ઉરાડી દીધા ? હોશકોશ ઊડ્યા એટલું જ નહિ, પણ મનને લાગ્યું કે 'હેં ? તો પછી આ મોટું રાજ્ય, ખજાના, પરિવાર વગેરે બધું કશું જ મારે શું આધારભૂત નહિ ? એ કોઇ જ એવા સમયે મને નહિ બચાવે ? તો

**મારે શરણ નહિ કે મારા આધાર નહિ, એવામાં મારે ક્યાં સુધી અહીં બેસી રહેવાનું ?'**

બસ, આ વિચારીને ઊઠ્યો ! તો ચિઠ્ઠીમાં એવું તે શું લખ્યું હતું ? આ-

'હે નરાધમ ! આ સિંહાસન પર તારા જેવા અસંખ્ય નરાધમ રાજાઓ આવી આવી મરીને ભટકતા થઇ ગયા, પણ તે તો મરીને ભટકતા થયા, ને તું તો આ જનમમાં જીવતો જ ભટકતો થઇ જવાનો છે.'

બસ, આ વાંચતાં રાજાની આંખે અંધારા આવી ગયા. મનને થયું કે 'તો તે પૂર્વના રાજાઓ શું મારી જેમ રોફ નહિ મારતા હોય ? લૂંટ નહિ ચલાવતા હોય ? શું માલને ખજાના, સુંદર-સુંદર રાણીઓ વગેરે ભેગું કરી કરી ભોગવતા નહિ હોય ? તો એ બધા ય ભટકતા થઇ ગયા ? ને મારે વળી અહીં જીવતો રહીને જ ભટકતા થવાનું ? તો પછી શું કામનો આ બધો રસાલો ? મારું શું ભલું કરે ?'

દંડી રાજાએ તરત બધું છોડી દઇ નીકળી જવાનો નિર્ણય લીધો, અને મંત્રીઓને એ કહી રાજ્યગાદી બીજાને ભળાવી દઇ પોતે એકલો નીકળી પડ્યો ! ક્યાં જવું એ કાંઇ નક્કી નથી કર્યું કેમકે દુન્યવી બધું જ શરણભૂત તથા આધારભૂત લેશમાત્ર નથી માટે એના આધારે બેસી ન રહેતાં એને છોડી દેવું એટલું મનમાં આવ્યું. પરંતુ 'અરિહંતદેવ શરણભૂત છે, સાધુ શરણભૂત છે' એ મનમાં ન આવ્યું. તેથી એમના શરણે જવાનો વિચાર ન આવ્યો. કારણ ? એવા સુદેવ-ગુરુ મળવાનું પુણ્ય નહિ, પુણ્યની ખામી કેવી નડે છે ! જેમ દુન્યવી સાધન-સગવડ પુણ્ય હોય તો જ મળે, તેમ ધાર્મિક સાધન-સગવડ પુણ્ય હોય તો જ મળે, આવા પુણ્ય-વિહોણા પ્રાણી આ જગતમાં અનંતા છે કે જેમને ધાર્મિક સાધન-સગવડ નથી મળી ત્યારે તમને આર્ય માનવભવ, જૈનકુળ, કુળના ધાર્મિક આચાર, મંદિર, ઉપાશ્રય, સાધુ-સાધ્વી, જિનવાણી...વગેરે ભરપૂર ધાર્મિક સાધન-સગવડ મળી છે. તો એની હૈયે કદર કેટલી ?

**શેના પર તમે રાજી રાજી ?**

**સારા ઘર, દુકાન, વેપાર, ધનમાલ, પત્ની, પરિવાર વગેરે દુન્યવી સાધન-સગવડ મળ્યા પર ? કે મંદિર, ઉપાશ્રય, સાધુ, વ્યાખ્યાન-વાણી મળ્યા પર ?**

**દુકાન નાશવંત એવું માટીનું ધન આપે છે, ને પરલોકે દુઃખકારી પાપ આપે છે, ત્યારે મંદિર-ઉપાશ્રય અવિનાશી ધર્મનું ધન આપે છે, પરલોક-સુખકારી પુણ્ય આપે છે.**

**ઘર, દુકાન પૂર્વનાં પુણ્ય ખલાસ કરે છે. મંદિર-ઉપાશ્રય નવાં પુણ્યનો ભંડાર ઊભો કરે છે. ધનથી પરલોક સદ્ધર સલામત ન બને, ધર્મથી પરલોક સદ્ધર સલામત બને.**

ધન અને ધર્મ બંનેનો ફરક સમજી લેવા જેવો છે, નજર સામે બંનેનાં પરિણામ દેખાય તો પછી જીવનમાં કોનું શરણ ? કઇ સાધન-સગવડ પર રાચવાનું-રીઝવાનું ? ને કઇ સાધન-સામગ્રી પર દાઝવાનું ને ગભરાવાનું ? ધર્મની કે દુન્યવી સાધન સગવડ પર ?

કઇ સાધન-સગવડનો પૂરો પૂરો ઉપયોગ કરી લેવાનો ? અને

**કઇ સાધન-સગવડ, બને ત્યાં સુધી, ઉપયોગ વિના એળે જ જવા દેવાની ?**

દુન્યવી જ એળે કાઢવાની ને ? ધાર્મિક સાધન સગવડનો તો બને તેટલો વધુ ઉપયોગ જ કરી લેવાનો ને ? જીવનમાં આ ચાલુ છે ? પેલા દંડી રાજાને નજર સામે રાખજો કે એને બિચારાને સંસારની ગભરામણ તો થઇ, પરંતુ શુદ્ધ ધર્મની સાધન-સગવડ નથી મળી એટલે શું કરે ? તો આપણને એ મળ્યા છતાં એનો બને તેટલો સારો ઉપયોગ કરી લેવાની તમન્ના નહિ ?

પેલો દંડી રાજા તો રાજ્યનો ત્યાગ કરી એકલો નીકળી પડ્યો છે ! અને પછી તો એને ઘણાં ઘણાં દેવતાઇ કષ્ટ આવે છે, છતાં એ પાછો વળતો નથી ! કેમકે તમન્ના ઘણી છે કે કષ્ટ સહી લઇશ પણ દુનિયાના પદાર્થને આધારે હવે રહેવું નથી.

**જો દુન્યવી સાધન-સગવડ અંતે આપણને નિરાધાર કરી મૂકે છે, તો અત્યારે એનો આધાર શો માનવો ?**

આપણે જૈનશાસન પામ્યા, એ આપણને અશરણભાવના બતાવીને આ જ ચિંતવવાનું કહે છે કે 'આ જગતમાં કોઇ તારું શરણ નથી. શરણભૂત હોય તો એકમાત્ર ધર્મ છે, શરણ અરિહંત છે, જે અહીંથી શાંતિથી જ રવાના થવાનું બળ આપે છે.'

જિનશાસન પુણ્યના યોગે મળ્યું એણે ધર્મસામગ્રીમાં આ ભાવના આપી. એનો ઉપયોગ કરી લેવાનો વિવેક જોઇએ.

**પુણ્યે સુખસામગ્રી આપી, ને પુણ્યે ધર્મસામગ્રી આપી. બેમાં હૈયે કઇ મહાન લાગે છે ?**

એમાં મહત્ત્વ ધર્મસામગ્રીનું કેમ વારું ? સુખ સામગ્રીમાં દા.ત. ક્રોડ રૂપિયા

મળ્યા છે, પરંતુ ભયંકર રોગ-આપત્તિ-અવસાન વખતે એ જીવને શાંતિ-હિંમત-ધીરજ ન આપી શકે. ધર્મસામગ્રીમાં અનિત્યતા અશરણ વગેરેની શુભભાવનાઓ મળી છે, તો એ રોગ-આપત્તિ-અવસાન વખતે શાંતિ-હિંમત-ધીરજ આપી શકે છે.

એટલે પુણ્યે મળેલી ધર્મસામગ્રીનું આ જો મહત્ત્વ સમજીએ તો દુન્યવી સુખસામગ્રી ઓછી મળ્યાનું રોદણું ન હોય. પરંતુ સાથે ધર્મસામગ્રી સારી મળ્યાની હુંફ હોય કે 'ફિકર નથી આ મને જે ધર્મસામગ્રી મળી છે એ મારી મોટી મૂડી છે. એનાથી હું સાચો તવંગર છું, અને જીવનમાં મુખ્ય કામ મારે ધર્મસામગ્રીના મળેલા પુણ્યને અને ધર્મ સામગ્રીને લેખે લગાડવાનું જ રહેવું જોઇએ.'

પેલા બે કૂકડાને આ મહત્ત્વ સમજાઇ ગયું. પોતાના પૂર્વના મનુષ્ય જનમમાં પુણ્યે મળેલી માત્ર દુન્યવી સામગ્રીનું મહત્ત્વ સમજી એને પાપવેપારમાં લેખે લગાડવાનું કર્યું, તો તે પછી થયેલા દુઃખદ તિર્યંચના અવતાર હવે જાતિસ્મરણજ્ઞાનથી નજર સામે તરવરે છે, અને દિલને સંતાપી રહ્યા છે.

એટલે હવે તો મહારાજા ઘનરથ જેવા ઉપદેશદાતા મળ્યાનું અને એમના હિતોપદેશ જેવી ધર્મસામગ્રી મળ્યાનું મહત્ત્વ સમજી એને લેખે લગાડવાનો નિર્ધાર કરી લીધો, તો

**બે કૂકડાએ હવે શું કર્યું ? :-**

**હેયે ધર્મસામગ્રીનું મહત્ત્વ હોય તો સુખ સામગ્રી ઓછી મળ્યાનું રોદણું ન કરાય, પરંતુ ધર્મસામગ્રી સારી મળ્યાની હુંફ રખાય ને એને ધર્મસાધનાથી સફળ કરાય.**

એટલે બે કૂકડાએ હવે તિર્યંચભવનું રોદણું ન રોતાં ધર્મસામગ્રી લેખે લગાડી. બે કૂકડાએ દેવ-ગુરુનું શરણું સ્વીકારી લઇ દયાધર્મનું પાલન કરવા જીવનભરનું અનશન સ્વીકારી લીધું ! સમજે છે કે ખાવાનું જો ઊભું રાખ્યું તો જીવતા કીડા આદિ ખાવાનું થશે, ને એમાં દયાધર્મ ઊડી જશે. વળી.

**ખાઇએ પીઇએ એટલે તગડા થઇ હરવા-ફરવાનું મન થાય. એમાં ય દયા સંપૂર્ણ ન પળે, બોલવાનું-વિચારવાનું થાય એમાં ય હિંસા ઘૂસી જાય, માટે અનશન એ મહાન ધર્મ.**

કૂકડા અનશન બરાબર પાળે છે. ભૂખનું દુઃખ મોટું કહેવાય છે પરંતુ એ એમના મનને લાગતું નથી, કેમકે પોતે જ અગણિત કીડાઓને મારી ખાધા છે, એ જીવોના ભયંકર મોતનાં દુઃખ નજર સામે છે. 'એ દુઃખ આગળ આ ભૂખનું દુઃખ

શી વિસાતમાં છે ?' એમ મનને લાગે છે તેથી ખૂબ શાંતિથી હોંશપૂર્વક અનશનનું મહાકષ્ટ પણ સહન કરે છે.

**કૂકડા દેવ થઇને રાજા ઘનરથ પાસે :-**

બસ, અનશનમાં કાળ કરીને બંને કૂકડા વ્યંતર દેવ થાય છે. એક તામ્રચૂલ, બીજો સ્વર્ણચૂલ. અવધિજ્ઞાનથી જુએ છે 'ક્યાંથી આવ્યો ?' એમાં ઉપકારી ઘનરથ રાજાને જોઇ એમની પાસે આવી પ્રણામ કરીને કહે છે-

'મહારાજા ! અમે બે કૂકડા આપના ઉપદેશથી અનશન કરી દેવ-ગુરુ અને દયાધર્મનું શરણ પકડવાના પ્રભાવે વ્યંતર દેવ થયા છીએ. આપનો અસીમ ઉપકાર ! આપે જો આ ઉપકાર ન કર્યો હોત તો અમે તો બાકીની જિંદગી અગણિત જીવતાં જીવડાં ખાઇ ખાઇને જિંદગી પૂરી કરત ! ને તો એ ઘોર નિર્દયતા અને હિંસાના પ્રતાપે અમે કેટકેટલી નરકાદિ દુર્ગતિના દુઃખદ અવતાર પામત ? ત્યાં અમારો શે ઉદ્ધાર થાત ? આપે તો દયાધર્મમાં જોડી અમારી ભાવીની દુર્ગતિની પરંપરા એકદમ જ અટકાવી દીધી ! આપે અમને સદ્ગતિમાં ચડાવી દીધા ! એના પર હવે સદ્ગતિની પરંપરા ચલાવી અંતે મોક્ષ પહોંચી જવાની અનુપમ સગવડ કરી આપી ! આપનો અનુપમ ઉપકાર છે ! એના જેવો બીજો ઉપકાર કયો છે ?'

આજે ઘોર હિંસાનો યુગ આવી લાગ્યો છે. ત્યારે જાતે એ હિંસાથી બચાય એટલા બચી, બીજાઓને બચાવી લેવા જેવા છે. એનું મોટું સાધન દયાનો ઉપદેશ છે, અને દયાનો ઉપદેશ કરનારા સાહિત્યનો પ્રચાર છે, કેવી કેવી કરપીણ રીતે આજે હિંસાઓ ચાલી પડી છે. એનાં ચિત્ર સાથેનો વર્ણન વાંચતાં માણસને કમકમી આવી જાય છે, મનોમન થાય છે કે 'હું જાતે આનાથી બચું'. 'એવી ઘોર હિંસાથી પેદા થતી વસ્તુ ન વાપરું' એવા એવા ત્યાગના નિયમ કરાય, ને એ ચુસ્તપણે પળાય, તો દયાધર્મ જીવનમાં આવે.

પેલા બે વ્યંતરદેવ ઘનરથ રાજાને કહે છે-'આપનો અમારા પર અનુપમ ઉપકાર છે તો અમે આપની ભક્તિ કરવા ચાહીયે છીએ-જો કે આપ તો જ્ઞાની છો, એટલે આખી પૃથ્વીને પ્રત્યક્ષ જોઇ શકો છો, કિન્તુ અમે વિમાન વિકુર્વીએ છીએ, એમાં આપ સપરિવાર બિરાજમાન થાઓ અને આપને એમાં આકાશમાં ફેરવીએ અને પૃથ્વી-દર્શન કરાવીએ, પૃથ્વી પરનાં રમણીય સ્થાનો દેખાડીએ.''

**સંસાર નિર્ગુણ લાગે એને સંસારનું કશું ન આકર્ષે :-**

મહારાજા ઘનરથ તીર્થંકરના ભવમાં છે, એમને એટલો બધો જ્વલંત વૈરાગ્ય હોય છે કે સંસાર આખાને નિર્ગુણ દેખનારા છે, ને એના તરફ અભાવવાળા છે. લેશમાત્ર પણ એનું કશું જ એમને આકર્ષી શકતું નથી. સંસાર આખો નિર્ગુણ, એટલે એમાંની જો મહાકિંમતી કિંમતી અને અતિશય સુંદર સુંદર ગણાતી વસ્તુ પણ નિર્ગુણી-નગુણી લાગે છે, તો બીજું બધું તો નગણું ભાસે જ એમાં શી નવાઇ ?

એટલે એમને પૃથ્વીદર્શન કરવાનું કોઇ જ કૌતુક નથી, કોઇ જ આતુરતા નથી, છતાં પેલા બે મહર્દ્ધિક વ્યંતરદેવની વિનંતી માન્ય રાખે છે. કેમ વારુ ? કહો, ભક્તના અનુગ્રહ માટે. ભક્તવત્સલ ભગવંત પ્રભુ ભક્તો પર વાત્સલ્યવાળા હોય છે, તેથી ભક્તને કાંઇ ઉપકાર થતો હોય, ભક્તનું માન વધતું હોય, તો એ માટે, પોતાને કોઇ અભિલાષા નહિ છતાં, ભક્તની માંગણી મંજુર કરે છે, ભક્તની સેવા-ભક્તિનો સ્વીકાર કરે છે. એટલે,

**મહાવિરાગીની દેખીતી રાગની પ્રવૃત્તિ ખરેખર તો વાત્સલ્યની પ્રવૃત્તિ હોય છે.**

એટલે તો મહાવીર પ્રભુ બાળવયે પણ મહાવિરાગી છતાં સમવયસ્ક મિત્રોનું મન રાખવા એમની સાથે ક્રીડામાં જોડાતાં.

શ્રી મહાવીર પ્રભુને ગોશાળાની તેજોલેશ્યાની પ્રદક્ષિણાથી એના તાપે શરીરમાં ગરમી પ્રસરેલી લોહીના ઝાડા થતા હતા. છતાં પ્રભુ નિસ્પૃહ હતા, કશો ઉપચાર નહોતા કરતા, ત્યારે આ ઉપદ્રવ જોઇ સિંહ નામના અણગારથી સહન થયું નહિ, તે જંગલમાં જઇ પોકે પોક રડવા માંડ્યા, ''ઓ મારા નાથ ! હું તગડો ને તમારે પીડા ? મારાથી નથી જોવાતી આ તમારી પીડા, ઓ વિધાતા ! આ પ્રભુની પીડા મને દઇ દે, ને મારું સ્વાસ્થ્ય પ્રભુને દે, મારા નાથને ક્ષેમકુશળ કરી દે.''

પ્રભુ વીતરાગ છે એમને કશો રાગદ્વેષ નહિ તે પોતાના શરીર પર ને આરોગ્ય પર પણ રાગ નથી, તો શું કામ એની સેવા સરભરા કરે ? પરંતુ ભક્તના અનુગ્રહની ખાતર ભક્ત પરની દયાને ખાતર પ્રભુએ સિંહ અણગારને બોલાવી મંગાવ્યા, ને કહ્યું-

''હે મહાત્મન્ ! તું શોક કર નહિ. પૂર્વભવે કરેલા કર્મના વિપાક તીર્થંકરને પણ ભોગવવા પડે છે, છતાં જા, મારા ઓષધ માટે તું રેવતી શ્રાવિકાને ત્યાં જા, અને એણે સાધુ માટે તૈયાર કરેલ કોળાપાક નહિ, કિન્તુ પોતાના ઘર માટે તૈયાર

કરેલ કોળાપાક લઇ આવ, તે હું લઇ લઇશ, ને ગરમી શાંત થશે.''

પ્રભુ કેવા નિસ્પૃહી નીરાગી ! છતાં પ્રભુ કેવા ભક્તવત્સલ ને પોતાની ઇચ્છા નહિ છતાં એની ભક્તિ સ્વીકારી એના દિલને શાતા-સમાધિ-સ્ફુર્તિ આપે છે ?

**આવા મોટા તીર્થંકર પુરુષ જેમના ઇન્દ્રો પણ ચરણ ચૂમે છે, એમને પણ ભક્તના દિલને ઠારવાની એને શાંતિ-સમાધિ-સ્ફુર્તિ આપવાની તૈયારી હોય છે, તો આપણા માથે કોઇ આવી ફરજ ?**

આપણા સારા સ્નેહી, મિત્રમંડળ આશ્રિત, ને ઉપકારી કે ગુણિયલના દિલ ઠારવાની ફરજ કોઇ ખરી ? અથવા,

જીવનમાં થતા પારાવાર અશુભ વાણી-વિચાર-વર્તાવોના દુષ્કૃત્યોની વચમાં આવા કોઇ સુકૃતને આચરવાની જરૂર ખરી ? બોલો જો, તમને આવા કોઇ સુકૃતની ધગશ-તત્પરતા-ઇન્તેજારી રહે છે ને કે આપણે બીજાના દિલ ઠારનારી વિચારણા-વાણી-વર્તાવ પ્રવર્તાવીએ ? કહે છે ને ? કે-

**ઠાર્યા તેવા ઠરીએ-બાળ્યા તેવા બળીએ.**

આપણે આપણી જાત માટે આ ઇચ્છીયે છીએ કે 'મારી આગળ બીજાઓ મારું દિલ ઠારનારા બોલ બોલે, ને દિલ ઠારનારા વર્તાવ કરે, પણ મારું દિલ બાળનારા બોલ ન બોલે મારા દિલને સંતાપ થાય એવા વર્તાવ ન કરે,' તો પછી બીજાઓ આપણી પાસેથી શું આ ન ઇચ્છે ?

આ આપણું ઇચ્છેલું એમજ પૂર્ણ થશે ? શું આપણે બીજાને વાણી-વિચાર-વર્તાવથી ઠાર્યા વિના આપણને બીજાઓ વાણી-વર્તાવથી ઠારનારા મળશે ? આપણી પાસે બીજાને ઠારનારી વિચારણા નથી એટલા બધા આપણા પૌદ્ગલિક સ્વાર્થ તથા સ્વમાનના વિચારમાં અને જડ વિષયોના વિચારમાં મગ્ન મશગુલ ને ઓતપ્રોત રહીએ છીએ ! પછી ત્યાં 'બીજાને સંતાપ થશે તો ?' એનો વિચાર જ નથી. 'કમમાં કમ બીજાને બાળનારો ન થાઉં, બીજાને સંતાપ કરનારો ન થાઉં,' એવો વિચારે ય નથી. ખરેખર તો ઝંખના જોઇએ કે 'ક્યાં ક્યાં હું બીજાને ને ખાસ કરીને પૂજ્યોને શાતા આપનારો બનું ?' રાત પડ્યે સરવૈયું લેવું જોઇએ કે 'આજે પૂજ્યો આદિને ક્યાં ક્યાં શાતા આપી ? ક્યાં ક્યાં એમનાં દિલ ઠાર્યાં ?'

પ્ર.-પત્ની પતિની સેવા કરે કે છોકરો મા-બાપની સેવા કરે યા વડેરો કુટુંબની સેવા કરે, એ સામાના દિલને ઠારનારી પ્રવૃત્તિ નથી ?

ઉ.-સેવાની પ્રવૃત્તિ ભલે સામાના દિલને ઠારનારી હોય, પરંતુ સાથે આ વિચાર મુખ્ય નથી રહેતો કે 'મારે સામાના દિલને ઠારવું છે એના દિલને સંતાપ થાય એવું કશું વિચારવું નથી, બોલવું નથી કે લેશમાત્ર એવો વર્તાવ કરવો નથી.' આ વિચાર મુખ્ય પણે જીવતો જાગતો નહિ, તેથી સેવા તો કરાય છે, પણ એમાં ય આપમતિ એવી ચલાવે છે કે સામાને તેથી ઊલટું સંતાપ થાય ! એમ આવેશના કે વગર વિચારના અનુચિત બોલ એવા બોલી નખાય છે કે સામાને સંતાપ થાય.

પ્ર.-ઠપકો ન આપવો પડે ? એમાં સામાને સંતાપ થવાની બીક રાખીએ તો ઠપકો જ ન દેવાય. તો પછી નાનડિયા બગડી જ જાય ને ?

ઉ.-નાનડિયાને ઠપકો તો જરૂર આપવાનો, પરંતુ એ આપવાની રીત જોઇએ. પહેલું તો ઠપકો દેવા પૂર્વે સામાને એવો પ્રફૂલ્લિત કરી દીધો હોય, તેમજ અવસરે અવસરે એના પર પ્રેમવાત્સલ્ય દાખવ્યું હોય, તથા એવી એના છતા ગુણની પ્રશંસા કરી હોય, કે એનું દિલ આપણા તરફ એવું આકર્ષાયેલું રહે કે ત્યાં એને પ્રેમથી ઠપકો આપેલો એ આનંદથી ઝીલે.

વળી ઠપકો અપાય એના શબ્દો તીખા તમતમતા ન હોય, ગરમાગરમ ન હોય, તો એ ઠપકો ઝીલે.

કોઇને સોનાની બંગડી હાથોહાથ ભેટ આપીએ તો એ રાજી થઇને લે કે નહિ ? લે પરંતુ બંગડી સીધી ભટ્ટીમાંથી ગરમાગરમ તપેલી સાણસીથી પકડીને કાઢી, જો સામાને કહો કે 'લ્યો આ બંગડી તમને ભેટ, પરંતુ મારે તમારા હાથમાં જ ભેટ આપવી છે.' તો સામો લે ખરો ? ના, તો પછી ઠપકો તીખા તમતમતા શબ્દોમાં જ દેવા જઇએ તો સામો શી રીતે એને રાજીથી લે ? વાત આ છે-

**સેવા હજી સહેલી છે પરંતુ સામાના દિલને સંતાપ ન પહોંચાડવો એ ભારે કઠિન છે.**

મનોવૃત્તિ આવી જોઇએ કે સામાને બને ત્યાં સુધી લેશ પણ દુઃખ ન ઉપજાવું, પછી ભલે મારે ભોગ આપવો પડે તો આપવાનો, પોતાનો સ્વાર્થ ગૌણ કરવો પડે તો ગૌણ કરવાનો. પરંતુ મારે બીજાને સંતાપવાનું નહિ.

આપણે આપણને ગમતું મુખ્ય કરીએ છીએ એટલે જ બીજાને ગમતું હોય તે કરવાનું ને બીજાને ઠારવાનું આપણે મન ગૌણ બની જાય છે. પૂછો-

**બંનેને ગમતું કરીએ એમાં સામાને ઠારવાની વૃત્તિ નથી ?**

પ્ર.-બંનેને ગમતું મુખ્ય ન રહે ? ચાલો મારું ય સચવાય છે ને એનું ય સચવાય છે, એવું જ્યાં થાય છે ત્યાં તો બંનેનું ય ગમતું મુખ્ય રહ્યું ને ?

ઉ.-ના, આપણું બરાબર સચવાઇ જાય છે માટે જ એ સચવાઇને સામાનું સચવાય એ મંજૂર કરાય છે. ત્યાં જો પોતાનું ન સચવાતું હોત તો તો સામાનું સાચવવાની પરવા નહોતી, એટલે 'આપણને ગમતું સચવાય' એ એમાં મુખ્ય રહે છે, પછી બીજાને ગમતું તો ગૌણપણે સાચવવાનું એટલા માટે કરાય છે કે 'એમાં આપણું કાંઇ બગડતું નથી, ને સામાનું ગમતું કરવામાં જશ મળે છે. આપણે એને સારા લાગીએ છીએ.' આમાં મુખ્યપણે બીજાને ઠારવાની વૃત્તિ ક્યાં રહી ?

**અંદરની વૃત્તિ તપાસજો. પોતાનું બગડીને પણ સામાને ગમતું કરવાની વૃત્તિ હોય એમાં જ મુખ્યપણે સામાને ઠારવાની વૃત્તિ આવી.**

સામાનું બગડીને અર્થાત્ સામાનું અણગમતું થઇને આપણું ગમતું થતું હોય, આપણું સચવાઇ જતું હોય, તો તે આપણને ખપે છે ને ? પરંતુ આપણું બગડીને એટલે કે આપણું અણગમતું થઇને બીજાનું ગમતું થતું હોય તે તે આપણને નથી પાલવતું.' આ વૃત્તિ શું સૂચવે છે ? એ જ કે આપણને ગમતું મુખ્ય રખાય છે, બીજાને ગમતું ને બીજાને ઠારતું ગૌણ કરાય છે.

બંનેને ગમતું મુખ્ય નથી કરી શકાતું માટે તો કહેવત છે ને કે 'હૈયો ભૈયો બંને ન સચવાય.' બે ભાઇ ભાગ પાડવા બેઠા. એમાં એક વસ્તુ બંનેને ગમતી હોય ને તેના બે ટુકડા કરાય એવા ન હોય, તો શું કરાય છે ? કાં તો ભાઇને સાચવવો હોય તો એને એ દઇ દેવી પડે. પછી ભલે પોતાને ગમતી વસ્તુ ગઇ એનું પોતાના હૈયે દુ:ખ થાય. ભાઇને રાજી રાખવો હોય તો પોતાના હૈયાને નારાજ કરવું જ પડે. તો જ સામાને ઠારવાની વૃત્તિ મુખ્ય રહી. પરંતુ જો પોતાના હૈયાને ગમતું જ કરવું હોય, અર્થાત્ પોતાનું હૈયું સાચવવું-ઠારવું હોય તો પછી ભાઇ નહિ સચવાય, ભાઇને નહિ ઠારી શકાય એને નહિ ગમતું નહિ કરી શકાય. ત્યાં પછી ભાઇ સાથે ઝઘડવાનું આવશે કે 'આ વસ્તુ તો હું રાખીશ, તને નહિ મળે.'

**મનુષ્ય સ્વભાવજ આવો છે કે પ્રાય: સૌને પોતાના ગમતામાં જ વધારે રસ છે.**

એટલે તો દા.ત. કોઇ બિમાર સ્નેહીની ખબર કાઢવા ગયો તો એ બિમારની બિમારીની વાત ચાર વાક્યમાં પતાવે છે, ને પોતાની બિમારીની વાત ૪૦ વાક્યમાં કરે છે ! 'મને ય આવી બિમારી આવેલા, ત્યારે બહુ હેરાન થયેલ. કેમેય ઠેકાણું પંડે

નહિ. ઘરના-દુકાનના વ્યવહારના કેટલાય કામ બગડતા. ધંધાની સીઝન હતી પણ શું થાય ? માંદા પડયા બજારમાં જવાય નહિ. પહેલો ડાકટર ય એવો હજામ મળેલો કે રોગ કાંઇ, ને દવા બીજી જ લગાવી...' ચાલ્યું પોતાની બિમારીના ૪૦ વાક્ય ચલાવશે.

કહો આ એનો કથલો શું સામા બિમારને ઠારે ? કે સામાને એમ થાય કે 'આ બલા ક્યારે ટળે ?' એના બદલે જો સામા બિમારની જ વાત લંબાવે તો સામાને ગમતી થશે, સામાને ઠારનારી બનશે.

જીવન જીવતાં આ જ કરવાનું છે કે

**લોકપ્રિય થવાની ચાવી :-**

**બીજાને બાળનારા ન બનીએ, સંતાપ કરાવનારા ન થઇએ, બીજાને ઠારનારા બનીએ.' લોકપ્રિય થવાની આ ચાવી છે.**

ઘનરથ રાજાને પોતાને પૃથ્વીદર્શન કરવાનો કોઇ રસ નથી. પરંતુ 'બે ભક્ત દેવતાઓનું દિલ અમને પૃથ્વીદર્શન કરાવવામાં ઠરે છે ? તો ભલે એમનું દિલ રાજી થાઓ,' એમ કરી મંજૂર થયા. પણ દેવતાને ના ન પાડી કે 'મને કાંઇ એમાં રસ નથી, એટલે મારે પૃથ્વીદર્શન નથી કરવું !'

લોકપ્રિય થવું છે ? તો આ ચાવી છે કે બીજાને ઠારનારા બનીએ. ભાઇ-ભાંડુને વહાલા થવું છે ? તો એમને ગમતું આગળ કરવાનું, ને પોતાને ગમતું ગૌણ કરવાનું. દા.ત. બંને ભાઇ શ્રમિત થયા છે પરંતુ પોતાનો આરામ ગૌણ કરી ભાઇના શરીરની શુશ્રૂષા કરવા જાય, અથવા એનું કામ પોતે કરી લે, ને એને આરામ આપે, તો એનું દિલ ઠરે, ને પોતે એને વહાલો હેમ થઇ પડે. જોજો-

**બીજાને સારો લાગું એ તુચ્છ આશય છે. જાતે સારો બનું એ મહાન આશય છે.**

અલબત એટલું ખરું કે બીજાને ઠારનારા બનવાનું છે તે એને વહાલા થવાના આશયથી નહિ એટલે કે એની નજરમાં આપણે સારા લાગીએ એવા આશયથી નહિ, કેમકે એ તુચ્છ આશય છે. કિન્તુ આપણા અંતરાત્માને ઠારવા માટે 'ચાલો આપણે આટલું સુકૃત થયું, જીવન લઇને બીજાને સંતાપ પહોંચાડવાનાં દુષ્કૃત તો ઘણા કર્યાં, પશુ થઇને એ જ કરેલું છે, ત્યારે આવા ઊંચા માનવભવે જ બીજાને સંતાપ ઉપજાવવાનું ટાળીને એને ઠારવાનું સુકૃત કરવાની મહાન તક મળી છે, તો એ જ કરું' એમ આપણા અંતરાત્માને સુકૃતની વાત ગમતી કરી એટલે એ સુકૃત બની આવે ત્યાં આપણો અંતરાત્મા ઠરે એ સ્વાભાવિક છે, આમાં ખૂબી જુઓ,

**સામાને ઠારવાનું સુકૃત કરતાં આપણું બગડ્યું એટલે આપણે ઠરવાનું ન થયું એમ બાહ્યથી દેખાય, પરંતુ એ સુકૃત થવાથી આપણો અંતરાત્મા તો ઠર્યો જ.**

આપણા પૂર્વ મહાપુરુષો આટલા જ માટે ભરમાર સુકૃતો કરતા, પરોપકાર કરતા, સેવા વૈયાવચ્ચ કરતા. એમાં પોતાને સહન કરવાનું આવે તો પરવા નહિ. ખુશી આનંદથી એ સહી લેતા. એક જ હિસાબ, કે-'બીજાને આપણે ઠારવાનું બને છે ને ? વધાવી લો ! જીવનનું એ મહાન સુકૃત છે.'

પેલા અમીચંદની વાત ખબર છે ને ? નાના ભાઇના દિલને ઠારવા માટે એણે કેટકેટલું કિંમતી જતું કરેલું ? અલબત પોતાને ભારે સહવાનું આવ્યું, વેપાર પડી ભાંગ્યો ! દુકાન ગઇ ! ઘરનો સરસામાન વેચી વેચી ચલાવવું પડ્યું ! છ મહિના જેલ ભોગવવી પડી ! પણ બધું સહર્ષ સહ્યું કેમ ? ભાઇને ઠાર્યો ને ? બસ, 'આ જીવનમાં બીજાને ઠારનારા બનીએ એ મહાન સુકૃત છે, બાળનારા બનીએ, એ મહાન દુષ્કૃત છે,' આ હિસાબ હતો.

ત્યારે અમીચંદને પછીથી પોતાનો ઉદયકાળ આવ્યો ને રંજાડનારો ભાઇ ખુવાર થઇ ગયો, તો ત્યાં પણ ભાઇને પોતાના ઘેર લાવીને એને છાર્યો.

**બીજાને ઠારતા ચાલો તો જીવન જીતી ગયા, બીજાને બાળતા ચાલો તો જીવન હારી ગયા.**

વૈયાવચ્ચી નંદીષેણમુનિ એ હિસાબ પર જ ઇન્દ્રના મુખે ચડી ગયા ! અને દેવતાની પરીક્ષામાં પાસ થઇ ગયા ! દેવતાએ બિમાર મુનિનું રૂપ કરેલું એમાં ઝાડાનું દરદ બતાવ્યું. નંદીષેણ મહાત્મા વૈયાવચ્ચમાં જોડાયા. એ બિમારે એમને બહુ રંજાડયા, પરંતુ મહાત્માએ એક જ કામ રાખ્યું કે 'બિમારને કેમ ઠારું ! કેમ એમને શાતા ઉપજે એવું કર્યે જાઉં !'

**બીજાને ઠારવામાં શાતા ઉપજાવવામાં પહેલું તો નરમ વાણી જોઇએ.**

**ક્લેશ-કંકાસ સામાને ન ઠારવાની વૃત્તિ પર :-**

પેલો બિમાર દેવમુનિ મહાત્માને ટોણાં મારે છે, દંડાનો પ્રહાર કરે છે, એમની ખાંધે ઉચકાયેલો એમના શરીર પર જ ઝાડો છોડે છે, છતાં પણ મહાત્મા નંદીષેણ સર્વત્ર નરમ વાણી જ બોલે છે.

આજના મા-બાપોને કે છોકરા-વહુરોને જો આ આવડે કે 'આપણે સામાને બાળવા નથી, ઠારવા છે, તો પહેલું તો આપણી વાણી નરમ જ રાખવાની. પોતાનો જ દોષ ગણવો, અને સામાનો ઉપકાર ને સામાના ગુણ વર્ણવતી જ વાણી

બોલવાની.' જો આ આવડે તો કલેશ-કંકાસ ત્યાં ઊભા રહે નહિ.

પરંતુ કેમ જાણે માનવયુગ મરી પરવાર્યો ! અને જનાવરયુગ શરૂ થઇ ગયો છે ! તે મહાઉપકારી માતાપિતાના ય દિલ ઠારવાનું દીકરાઓને નથી આવડતું ને ઊલટું માતા-પિતાને બાળવાનું સંતાપવાનું આવડે છે ! શું આમાં માનવતા છે ?

ધનાજી લાખો કરોડો કમાઇ લાવતા, પરંતુ એક વસ્તુ જોતા કે ઇર્ષ્યાળુ ભાઇઓનાં દિલ ઠરવા જોઇએ. એમાં જ્યાં એકવાર એ જોયું કે ભાઇઓ બાપને 'અમને ફારગતિ કરી આપો. મઝિયારી મિલકત છે માટે સૌને સરખું વહેંચી આપો,' એમ કહે છે, ને બાપને તંગ કરી રહ્યા છે, તો વહેલી સવારે ધનાજી પહેર્યે લૂગડે ઘરમાંથી નીકળી જઇ પરદેશ ચાલ્યા ! કેમ ? ભાઇઓનાં દિલ ઠરો.

**કોઇના દિલને સંતાપમાં આપણે નિમિત્ત ન બનવું. બને તેટલું બીજાને ઠારતા ચાલવું, એ માનવભવનો લહાવો છે.**

**દેવના વિમાનમાં ઘનરથ રાજાને પૃથ્વીદર્શન :-**

ઘનરથ મહારાજા એટલા જ માટે ભક્ત દેવતાનું કહેવું મંજૂર કરી લે છે, અને ત્યાં જ બે દેવતાઓ ઘનરથ મહારાજાને સપરિવાર ઉંચે આકાશમાં વિમાનમાં ફેરવતાં બતાવી રહ્યાં છે-

''જુઓ મહારાજા ! આ નીચે મેરુ પર્વતની ચૂલિકા અને એની આસપાસ ચાર દિશાઓમાં જે અર્ધ ચંદ્રાકાર શિલાઓ કેવી સુંદર દીપી રહી છે ! અહીં તીર્થંકર ભગવંતોના જન્માભિષેક ઉજવાય છે. આ મેરુ પરના શાશ્વતા જિનમંદિરો ! આ પાંડુકવન ! કેવું શીતળ સુરમ્ય વૃક્ષો લતાઓ પુષ્પોથી શોભી રહ્યું છે !'' વિમાન આગળ વધી રહ્યું છે ત્યાં દેવતા નિર્દેશે છે.

'પ્રભુ ! આ નીચે છે હિમવંત વગેરે વર્ષધર પર્વતો પાતાળે મૂળ ઘાલીને ઊભેલા કેવી શાશ્વતી રચના ! તે 'વર્ષ' એટલે કે મોટા દેશોને બરાબર પકડીને જાણે ધારણ કરી રહ્યા છે માટે વર્ષધર કહેવાય છે. કેવા તોતિંગ પર્વતો ! એના પર પહોળાઇમાં અડધા માપના મોટા દ્રહ અને પદ્મસરોવર વગેરે સરોવરો કેવા શોભિતા છે !''

''પ્રભુ ! એ દ્રહોમાંથી શાશ્વતી મહાનદીઓ વહી રહી છે તે તો જુઓ ! કેવી જાણે હરખભેર પતિ સમુદ્રને મળવા વગર અટકણે આગળ ને આગળ ધસી રહી છે ! આ જુઓ વૈતાઢ્ય પર્વત આવ્યો ! ભરત ક્ષેત્રના જાણે બે ભાગ કરવા વચમાં લાંબો પાટ પડ્યો છે ! પર્વત પર જુઓ સિદ્ધચૈત્યો શોભી કેવાક રહ્યા છે ! આ હવે

તો આખા જંબૂદ્વીપને લવણ-સમુદ્રની મહા ભરતીથી જાણે ધોવાઇ જતા બચાવનારી દ્વીપને ફરતી મોટી દિવાલ ન હોય એવી જગતી કેટલી સુંદર દેખાય છે ?"

❀ ❀ ❀ ❀ ❀ ❀

"આ તો સાહેબ ! હવે આપણે આગળ વધ્યા તે નીચે અઢી દ્વીપ સ્પષ્ટ દેખાય છે. વચમાં બે મહાસાગર છે. અઢી દ્વીપને ફરતો ચારે બાજુ આ તોતિંગ માનુષોત્તર પર્વતનો કિલ્લો તો જુએ ! એ કિલ્લાએ જાણે મનુષ્યોને સાફ ઇન્કાર કરી દીધો છે કે હવે પગે ચાલીને કે મનુષ્યકૃત યાંત્રિક વાહનથી આગળ એક ડગ નહિ માંડી શકાય."

**કૂકડાદેવનો પ્રશ્ચાત્તાપ :-**

આમ બધે ફેરવીને વિમાનને પાછું રાજધાનીમાં લાવી ઘનરથ મહારાજાને સપરિવાર મહેલમાં ઉતારી દીધા, બંને કૂકડા દેવ મહારાજાને પગે પડી કહે છે "મહારાજા ! અમારા જેવા અધમ જીવો પર બહુ ઉપકાર કર્યો. ક્યાં અમારું જીવડા ખાઇને પેટ ભરનારું કૂકડાપણાનું પાપિષ્ઠ જીવન ? એક જ જીવનમાં અસંખ્ય કીડા ખાઇને દુર્ગતિના ભવોના ભવો કરત ? એમાંથી અમારો ઉદ્ધાર કરી અમને આપે ધર્મ પમાડયો તો આપના પસાયે આજે સ્વર્ગમાં જનમ્યા છીએ, અને આપની ભક્તિનો લાભ મળ્યો !" એમ બહુ બહુ ઉપકાર માનીને દેવતા ગયા.

શ્રી શાંતિનાથ ભગવાન ૧૦ માં ભવમાં મેઘરથ રાજકુમાર છે ને એમના પિતા ઘનરથ મહારાજા એજ ભવે તીર્થંકર થનાર છે. એમને હવે લોકાન્તિક દેવતા આવીને પ્રણામ કરીને કહે છે-

'બુજ્ઝાહિ લોગનાહા !' હે ત્રણ લોકના નાથ ! આપ પ્રતિબોધ પામો, ચારિત્રમાર્ગ સ્વીકારો, અને કેવળજ્ઞાન ઉપાર્જી ધર્મતીર્થ પ્રવર્તાવો."

**બુઝેલા પ્રભુને લોકાંતિક દેવો કેમ 'બુજ્ઝો' કહે ?**

પ્ર.-શું ભગવાન બોધ પામેલા નથી ? તે લોકાન્તિક દેવ બોધ પમાડે છે ? ભગવાન તો જનમથી બોધ પામેલા છે માટે તો ભગવાન માતાના ઉદરમાં આવતાં ઇન્દ્ર એમને સ્તવે છે, 'નમુત્થુણં અરિહંતાણ સયં-સંબુદ્ધાણં' સ્વયં-સંબુદ્ધ તરીકે એમની સ્તુતિ કરે છે. ગુરુના ઉપદેશની એમને જરૂર નહિ, સ્વયં સારી રીતે બોધ પામેલા હોય છે. તો પછી લોકાન્તિક દેવો કેમ કહે છે કે 'બોધ પામો ?'

ઉ.-એ ભગવાનને બુઝવવા નથી કહેતા, પરંતુ લોકાન્તિક દેવોનો આ અનાદિ-સિદ્ધ આચાર છે કે તીર્થંકર ભગવાન ચારિત્ર લેવાના હોય એની એક વર્ષ

પહેલાં પ્રભુ પાસે આવી ચારિત્ર લેવાની વિનંતી કરવી. માત્ર આ આચાર પાળવા માટે લોકાન્તિક દેવતાઓ પ્રભુને એમ કહે છે, **'બુજ્ઝાહિ લોકનાહા !'**

કુદરતની કેવી અવ્વલ વ્યવસ્થા છે ! પ્રભુને આ ધ્યાનમાં છે માટે પ્રભુને અપમાન નથી લાગતું કે હું તો બૂઝેલો જ છું તો તમે તમે વળી મને 'બોધ પામો' એમ કહેનારા કોણ ? ના, કુદરતની અનાદિકાળથી ચાલી આવતી આ વ્યવસ્થાને પ્રભુ સમજે છે માટે અપમાન કે ખોટું ન લગાડતાં દેવોની પ્રાર્થના સ્વીકારી લે છે. એમ કુદરતની વ્યવસ્થાને અનુસરતા લોકાન્તિક દેવોને ય અભિમાન નથી થતું કે 'અમે પ્રભુને કેવા બુઝવનારા !' સમજે છે પ્રભુ તો સ્વયંબુદ્ધ છે. માત્ર અમારો અમારે આ આચાર જ પાળવાનો છે.

**વર્ષીદાન કેટલું ? :-**

ઘનરથ મહારાજાને લોકાંતિક દેવતાઓ ચારિત્ર લેવા માટે વિનંતિ કરી પછી બીજા દિવસથી રોજ સવારે એમણે વર્ષીદાન દેવાનું શરૂ કર્યું. રોજ સવારે સૂર્યોદયથી દાન દેવાનું શરૂ થાય, તે બે ઘડી સુધી સતત દાન દેવાનું ચાલુ ! 'રોજનું માત્ર બે જ ઘડીનું દાન ?' એમ સવાલ ઊઠાવતા નહિ, કેમકે બે ઘડીમાં દાન કેટલી રકમનું દેતા એ ખબર છે ? એક કરોડ ને આઠ લાખ સોનૈયાની રકમનું દાન ! આ તો સોનૈયા, એના રૂપિયા કેટલા થાય ? એ પણ દેવાનું તે ભગવાનની મરજી જેટલું નહિ, કિન્તુ યાચકની મરજી જેટલું દેવાનું. એ માટે તો દેવતાઓ આકાશમાં રહી સાદ આપે કે 'ઇચ્છિત માંગો ઇચ્છિત માંગો' ને ગામડે ગામડેથી લોક આવી આવીને પોતાનું ઇચ્છિત માગી જાય. એક વરસ સુધી રોજને રોજ આ પ્રમાણે દાન ચાલુ !

એમ એક વરસ સુધી દાન દીધા પછી હવે ઘનરથ મહારાજાના દીક્ષા-કલ્યાણકની ઉજવણી રાજા અને દેવતાઓ કરે છે. એ પહલા ઘનરથ મહારાજા મોટા પુત્ર મેઘરથને રાજ્યગાદી સોંપે છે, ને નાના પુત્ર દ્રઢરથને યુવરાજ પદે સ્થાપે છે, અને સગા સંબંધીઓને કેટલું ય ધન આપે છે, હવે મેઘરથ પોતે રાજા બનેલા તે ઘનરથ મહારાજાનો દીક્ષા મહોત્સવ માંડે છે.

**ઇન્દ્રે કેમ ગુપ્ત કળશા અને ગુપ્ત શિબિર ઉતારે છે ? :-**

એમાં દીક્ષાના અભિષેક માટે સોનાના-ચાંદીના વગેરે કળશાઓ તૈયાર કરાવે છે ત્યાં ઇન્દ્ર આવીને પોતાના કળશા રાજાના કળશની અંદરમાં ઉતારી દે છે. કેમ બહાર નહિ ? ઇન્દ્ર સમજે છે કે લોક-દ્રષ્ટિમાં રાજાનું માન રહેવું જોઇએ. તેથી

લોકો કળશા જુએ એ બહારથી જુએ તો રાજાના જ કળશા દેખાય.

રાજા અને ઇંદ્રો મળીને ઘનરથ મહારાજાને દીક્ષાનો અભિષેક કરે છે. પછી વસ્ત્રો-મુગટ-અલંકાર પહેરાવે છે, અને હવે રાજા તરફથી દીક્ષાનો વરઘોડો કાઢવામાં આવે છે. એમાં ઘનરથ મહારાજાને મોટી રત્નજડિત શિબિકામાં બિરાજમાન કરે છે. અહીં પણ ઇંદ્ર પોતાના તરફથી ભક્તિ કરવા એ શિબિકાની અંદર પોતાની વિકુર્વેલી શિબિકા ઉતારી દે છે.

આમાં પણ ઇંદ્રની દ્રષ્ટિ લોકમાં રાજાનું ગૌરવ સાચવવાની છે. લોકોને લાગે કે 'અમારા રાજાએ પ્રભુને માટે કેવી ભવ્ય પાલખી બનાવરાવી છે ?' પૂછો-

પ્ર.-તો પછી ઇંદ્રે પોતાની શિબિકા અંદરમાં ગુપ્ત દાખલ કરવાની જરૂર જ શી હતી ?

ઉ.-આ સવાલ તુચ્છ દ્રષ્ટિનો છે. તુચ્છ દ્રષ્ટિ આ કે 'લોકમાં જાણમાં આવે એવું કરીએ તો કામનું. લોક ન જાણે તો કર્યું નકામું.' આ દ્રષ્ટિ તુચ્છ એટલા માટે છે કે સુકૃત કરવાનું તે આત્મહિત માટે કરવાનું ન જોયું. કિન્તુ લોકરંજન માટે કરવાનું જોયું. ઇન્દ્રને સુકૃત કરવું છે. પ્રભુની દીક્ષાનો અનુપમ અવસર છે, એમાં ઇંદ્રને પોતાની શિબિકામાં પ્રભુને બિરાજમાન કરવાનો શુભ હેતુ છે. 'પ્રભુ મારી શિબિકામાં બિરાજે એવો સુવર્ણલાભ મને ક્યાંથી મળે !!' આ શુદ્ધ આત્મહિતની દ્રષ્ટિ છે.

આ પરથી જાતનું માપ કાઢવા જેવું છે કે કોઇ મહાન સુકૃત કરે અને એમાં ખાનગી રીતે આપણે આપણો ફાળો આપી શકીએ એમ હોઇએ, માત્ર લોકની જાણમાં એ ફાળો આવે એમ ન હોય, તો આપણે ફાળો આપવા કેટલા તૈયાર ? જો તૈયાર હોઇએ તો આપણને શુદ્ધ આત્મહિતની ગરજ છે એમ કહેવાય. 'ના, મારું લોકમાં દેખાવું જોઇએ,' આ દ્રષ્ટિ હોય તો એ શુદ્ધ સુકૃત દ્રષ્ટિ નહિ, પણ લોકરંજનની તુચ્છ દ્રષ્ટિ થઇ.

ભૂલશો નહિ, લોકરંજન અનંતા કર્યા પણ બધા ય એળે ગયા. શુદ્ધ સુકૃત થોડા પણ કરેલાં તે આત્માને ઊંચે લાવે છે, તારે છે. એટલે જ અહીં ઇંદ્ર એવું તારણહાર સુકૃત કરવા પોતાની શિબિકા રાજાની શિબિકાની અંદર ભેળવી દે છે.

દીક્ષા કલ્યાણકનો જે વરઘોડો નીકળે છે, એનું વર્ણન કલ્પસૂત્રમાં સાંભળ્યું છે ને ? એવો ભવ્યાતિભવ્ય વરઘોડો નીકળે છે, કે નગરવાસીઓ અને બહારગામ દૂર દૂરથી જોવા આવલાઓ વરઘોડો જોઇ જોઇ મુગ્ધ થઇ જાય છે !

જોતાં જૈનેતરોના પણ માથાં હલી જાય છે કે 'અહો ! આવી દિવ્યસંપત્તિ-

વૈભવનો ત્યાગ કરી પ્રભુ દીક્ષા-સાધુપણું લે છે ! જૈન ધર્મ કેટલો બધો ઊંચો કે એમાં આવા મહાત્યાગ કરવામાં આવે છે !' આમ લોકો બોધિબીજ પામી જાય છે. આજનાઓ કહે છે-

**વરઘોડા એ લક્ષ્મીનું પ્રદર્શન કેમ નહિ ? :-**

પ્ર.-શું આવા વરઘોડા એ પોતાની લક્ષ્મીનું પ્રદર્શન નથી ?

ઉ.-તો આનો જવાબ એ છે કે ના, એવું માનવું એ નરી ભ્રાન્તિ છે. લક્ષ્મીનું પ્રદર્શન તો બીજી રીતે ય થઇ શકે છે, પરંતુ આવા દીક્ષા પ્રસંગે આ વરઘોડો કઢાય છે તે

(૧) એક તો પોતે આવા મહાગુણિયલ ઉત્તમ પુરુષની ભક્તિ કરવાના મહાન લાભ મેળવે એ હેતુ છે, અને

(૨) બીજું એ કે વરઘોડો જોઇને હળુ કર્મી જૈનેતર જીવો જૈન ધર્મની પ્રશંસા કરી કરીને બોધિબીજ પામી જાય એ હેતુ છે.

વરઘોડો નગરની બહાર ઉદ્યાનમાં ઊતરે છે, ને પ્રભુ પંચમુષ્ટિ લોચ કરી જીવનભરની સર્વ પાપત્યાગની પ્રતિજ્ઞા યાને સર્વવિરતિ સામાયિક ઉચ્ચરે છે. પછી પ્રભુ પૃથ્વીતલ પર એકાકી ઉત્કૃષ્ટ સંયમ સાથે વિહરે છે. એમાં રાત-દિવસ લગભગ કાઉસ્સગ્ગ-ધ્યાનમાં ખડાખડા રહેવાનું, એમાં તત્વચિંતન કરવાનું, અને જે જે પરીસહ-ઉપસર્ગ આવે એને શાંતિ-સમતાથી સહન કર્યે જવાના. ખૂબી એ કે 'એ પરિસહાદિ ખરાબ છે' એવો ય એક ક્ષણ પણ મનમાં વિકલ્પ વિચાર નહિ લાવવાનો ! પછી એનાથી ભાગવાની કે એમાં દુઃખ માનવાની વાતે ય શી ? એક જ હિસાબ કે

**'સહન કરવાનું ગમે તેટલું આવો, કર્મક્ષયના લાભમાં છે. ઉપસર્ગ કરનાર કર્મક્ષયનો લાભ કરાવનાર ઉપકારી છે.'**

આવી કર્મક્ષયના એકાંતે લાભની જ સમ્યગ્દષ્ટિ હોય ત્યાં એ પરીસહ-ઉપસર્ગને લેશ પણ ખરાબ માનવાની વાત ક્યાં રહે ? ધન્ય સંયમ જીવન ! ધન્ય સાધના ! ધન્ય સમ્યગ્દ્રષ્ટિ !

પ્રભુની આ સમ્યગ્દ્રષ્ટિ સાધુને ખૂબ જ ઉપયોગી છે. એ જો જીવનમાં ઊતારાય તો મનના કેટલાય કલેશ શમી જાય. વાત આ છે કે જીવન કર્મક્ષય માટે જીવવાનું છે એ લક્ષ્ય નિશ્ચિત જોઇએ.

**કર્મક્ષય ક્યાં થાય ?**

(૧) કામ, ક્રોધ, લોભ વગેરે કષાયોથી જેટલા પાછા ફરો,

(૨) રાગ-દ્વેષ, હાસ્ય-મજાક, હરખ-ઉદ્વેગ વગેરે કષાયોથી જેટલા પાછા હટો,

(૩) એ ઊઠવા જાય એવા સંયોગો છે ત્યાં એને ઊઠવા ન દો, દબાવો, અટકાવો, ત્યાં કર્મક્ષય થાય.

(૪) ઇન્દ્રિયોના વિષયો સામે આવ્યા છે પણ ઇન્દ્રિયોને એમાં જતી અટકાવો એમાં ન જોડો ત્યાં કર્મક્ષય થાય.

(૫) અરે ! મનમાં સારા શબ્દ-રુપ-રસ વગેરે વિષયો ઊઠવા જાય છે એને પડતા મૂકો, મનમાંથી એને હટાવી દો, અને સારી વસ્તુ પરમાત્મા, તીર્થો શાસ્ત્રો, ગુરુ-ઉપદેશ, નવતત્ત્વ, મહાપુરુષોનાં પરાક્રમે વગેરેમાં મનને જોડી દો, મનને એના વિચાર કરતું કરો, ત્યાં કર્મક્ષય થાય.

ઊઘાડો હિસાબ છે-કષાયો કામ-ક્રોધ-લોભ, માન-મદ-અહંકાર, હાસ્ય-મજાક, રાગ-દ્વેષ, હરખ-ઉદ્વેગ વગેરેને દિલમાં જાગતા કરવાથી કર્મ બંધાય છે. સારા સારા ભોજનની, રૂપ-સ્પર્શ વગેરે વિષયોની, અને આરંભ-સમારંભ-પરિગ્રહ વગેરેની લગન લગન રાખવાથી કર્મ બંધાય છે. હિંસા-જુઠ-ચોરી-અબ્રહ્મ-પરિગ્રહના પાપે કર્મ બંધાય છે, તો એથી ઊલટા રસ્તે ચાલતાં કર્મનો ક્ષય થાય. ઊલટો રસ્તો આ કે કામને બદલે બ્રહ્મચર્ય, ક્રોધને બદલે ક્ષમા, લોભને બદલે નિસ્પૃહતા-નિર્મમતા-અનાસક્તિ...એને દિલમાં વસાવવાથી એથી કર્મક્ષય થાય.

બધી અનાદિની જડમુખી અવળી વૃત્તિઓના સામા પૂરે જવાનું છે, તો જ કર્મબંધને બદલે કર્મક્ષય થાય, ને ભવ પાર કરી જવાય પૂજામાં ગાઓ છો ને ?-

**''એક અચરિજ પ્રતિ શ્રોતે તરતાં, આવે ભવસાયર તટમાં,**

**તપ કરીએ સમતા રાખી ઘટમાં.''**

**પ્રતિકૂળ પ્રવાહે ચાલો તો મોક્ષ :-**

કવિ કહે છે એક આશ્ચર્ય એવું છે કે પ્રતિશ્રોત અર્થાત્ સામા પૂરે તરતાં તરતાં ભવસાગરના કિનારે પહોંચી જવાય. સમુદ્રમાં કિનારા તરફ જઇ રહેલ મોજામાં પાટિયાને વળગ્યો તો તો તે કિનારા તરફ લઇ જાય. એના બદલે જો મોજા સમુદ્રની અંદર તરફ વળતા હોય ને એમાં પાટિયે વળગ્યો હોય, તો તે સમુદ્રની વધારે અંદરમાં ફસાતો જાય. પરંતુ અહીં સંસાર-સમુદ્રમાં ઊલટો ન્યાય છે. અનાદિના કામ, ક્રોધ, લોભ આદિ કષાયોની વૃત્તિઓના સામા પૂરે ચાલો, અર્થાત્ ક્ષમાદિ રાખો તથા ઇન્દ્રિયોના વિષયો તરફ જે આકર્ષણ અને જોડાણ છે. એનાથી સામા પૂરે જો ચાલા, અર્થાત્ તે તે ઇન્દ્રિયોને એના વિષય તરફ ન જવા દો, તો સંસાર તટે મોક્ષમાં

પહોંચાય. મનને જરાક કઠણ તો કરવું પડે, કેમકે મનને જાણે સહજ સ્વભાવ બની ગયો છે કે મનગમતો વિષય સામે આવ્યો કે ઇન્દ્રિયને ઝટ એમાં જોડી દે છે. એટલે એવા મનને મારવું પડે, દબાવવું પડે, સમજ-વિવેક કરી કહેવું પડે 'ઘણું જોયું, ઘણું ખાધું, ઘણું ભોગવ્યું, છતાં તૃપ્તિ નથી. તેથી હવે એ નહિ જોઇએ.'

મન અને ઇન્દ્રિયોને વિષયથી પરાઙ્મુખ કરવું પડે, તેમ મનને કામ-ક્રોધાદિ કષાયની લાગણીમાં ન તણાવા દેવાય. એને બ્રહ્મચર્ય, બ્રહ્મચર્યધારી નિર્વિકાર પરમાત્મા, તથા ક્ષમાદિની લાગણીમાં જોડવું પડે. આ પ્રસંગ વિના પણ ભાવનારૂપે કરતા રહેવાય.

બસ, આમ મન તથા ઇન્દ્રિયોને વિષયો તથા કષાયો તરફ અનુકૂળ પ્રવાહમાં ન જવા દેતાં એનાથી વૈરાગ્ય અને ઉપશમના પ્રવાહમાં લઇ જવાય તો કર્મક્ષય થતો આવે, નવાં કર્મ બંધાતા અટકે, ને ભવસાગરના કિનારા તરફ પહોંચાય.

એમ હિંસા, જૂઠ વગેરે પાપો તરફ દોડવા ટેવાયેલા ને અટકાવી અહિંસા, સત્ય વગેરે તરફ દોડતું કરવું પડે, તો સંસાર ઘણો લંઘાઇ જાય.

તીર્થંકર પ્રભુ જે એકમાત્ર કર્મક્ષયના લક્ષ્યથી વિકટ ચારિત્ર પાળી રહ્યા છે, એના પરથી સાધુની જેમ શ્રાવકે પણ ધડો લેવાનો છે અને જ્યાં જ્યાં એનું ચાલે ત્યાં મનને અનુકૂળ વિષયોમાં ને કષાયોમાં તથા હિંસાદિ પાપોમાં જતું અટકાવવું જોઇએ. કર્મક્ષયનું લક્ષ્ય હોય તો આ કઠિન નથી.

ઘનરથ તીર્થંકર ભગવાન એ કર્મક્ષયના લક્ષ્યથી કઠોર ચારિત્ર પાળી રહ્યા છે. એમાં ક્રમશઃ મન બળવાન સમર્થ બની જતાં સામર્થ્યયોગમાં ચડે છે, ધર્મકાયામાંથી શુક્લ ધ્યાનમાં જાય છે, અને કેવળજ્ઞાન પામે છે, વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર બને છે.

આપણને એમ લાગે કે તીર્થંકર ભગવાન દા.ત. શ્રી મહાવીર ભગવાને કેવળજ્ઞાન પૂર્વેના ચારિત્રકાળમાં કેવી કમાલ કરી કે અતિ કઠોર ચારિત્ર પાળ્યું ! પરંતુ એની ચાવી આ છે કે પોતાના આત્માને ધૂન લગાવી–

**'મારે જગતમાં ભળવું નથી', આ કઠોર સંયમની ચાવી.**

જગતની વચમાં બેઠા છીએ, એટલે વિષયો સામે આવ્યા કરવાના, કામ ક્રોધાદિના નિમિત્તો મળ્યા કરવાના, પરંતુ મનને એક ધૂન લગાવી કે 'મારે જગતમાં ભળવું નથી,' વિધવિધ સંયોગો નિમિત્તો આવે એ વખતે અજ્ઞાન દુનિયા ભલે

એમાં ભળતી થાય, પણ હું તીર્થંકર ભગવાનને પામ્યાથી સજ્ઞાન બન્યો છું, તેથી એમની જેમ હું પણ શા માટે જ ગતમાં ભળું ? ભળ્યો, અનંતા જનમ જગતમાં લ્યો, હવે મારે એમાં નહિ ભળવાનું. જીવન જીવવું તો એમાં આ ધૂન જ લગાડી દેવાની.

જગતના વિષયોમાં અને જગતના પ્રાણીઓમાં ન ભળીએ.' અર્થાત્ સામે મનોહર રૂપ આવ્યું પણ એમાં આંખ ન જોડીએ, સારે રસ આવ્યો પણ ન ખાઇએ, સામે કોઇ આપણું અપમાન કરતો કે નુકસાન કરતો આવ્યો પરંતુ એનામાં આપણે ન ભળીએ, અર્થાત્ એના પર ક્રોધ ન કરીએ, મોહ કરતો આવ્યો ને આપણે રાગ ન કરીએ, તે એથી કાંઇ આપણું બગડી નથી જતું. સારું રૂપ આંખેથી ન જોઇએ, કે મનથી યાદ ન કરીએ, તો શું આંખ બગડી જાય છે ? શું મન બગડી જાય ? ના રે ના, ઊલટું આંખ લગાવીએ ને સારું કે નરસું રૂપ જોઇએ, તો રાગ કે સૂગથી મન બગડે છે. માટે તો કહેવાય છે કે

"ન જોયામાં નવ ગુણ"

**આ એક પ્રયોગ છે, આપણા આત્માને બાહ્ય જડ-ચેતનથી અલિપ્ત રાખીએ, અને બને તેટલા એમાં ન ભળીએ. આ મુખ્ય દ્રષ્ટિ રાખવાની, મુખ્ય લક્ષ રાખવાનું.**

**વિષયોથી બચવા શુદ્ધ આત્મસ્વરૂપ ચિંતવો :-**

પ્ર.-પરંતુ જ્યાં રૂપ રસ સામે આવે ત્યાં ઇન્દ્રિય એનામાં ઝટ લાગી જ જાય છે. કોઇ ઇષ્ટ અનિષ્ઠ કાંક કહે ત્યાં એના પર રાગ-દ્વેષ ઊછળી જ આવે છે. તેનું શું થાય ?

ઉ.-એ રોકવાનો ઉપાય છે કે આપણા આત્માનું સિદ્ધ ભગવાન જેવું નિર્વિકાર શુદ્ધ સ્થિર સ્વરૂપ જોયા કરીએ, અને ત્યાં એમ વિચારીએ, કે-

હું નિરંજન નિર્વિકાર શુદ્ધ સ્ફટિક જેવો છું, મારે વળી રાગ-દ્વેષ ને હર્ષ-ખેદના ડાઘ શા ? હું જગતથી અલિપ્ત અને શુદ્ધ જ્ઞાનમય છું, મારે વળી જગત સાથે લેણદેણ શી ? મારે તો શુદ્ધ જ્ઞાનમાં જગતને માત્ર જોવાનું એટલું જ, બાકી પાંચ કારણના સમવાયથી જગતમાં તેવા તેવા કાર્યો થયા કરે છે, તેવા તેવા બનાવો બન્યા કરે છે. એમાં 'આ બહુ સારું, આ ખોટું', એ સિક્કા મારવાનું મારે કામ શું ? સિક્કાને ને મારે નિસ્બત શી ? જગતને ચાલવું હોય એમ ચાલવા દો, હું સ્થિર સ્વભાવનો છું. મારે પલટાતા જગત પર રાગ-દ્વેષ રતિ-અરતિ વગેરેના આંદોલનો શા સારું આવકારવા અપનાવવા ?

આવો સ્થિર નિર્વિકાર શુદ્ધ જ્ઞાન પ્રકાશમય સ્વરૂપનો કાલ્પનિક અનુભવ વારંવાર કરતા રહીએ, દિલને એનાથી વારંવાર ભાવિત કરતા રહીએ તો પછી ગમતો-અણગમતો વિષય ખરેખર સામે આવે એમાં ઇંદ્રિય ઝટ લહેવાઇ ન જાય. એમ કામ-ક્રોધ-લોભ, મદ-માયા-અહંકાર વગેરે કષાયો જલદી ન ઊઠે. આવા પ્રયોગ કરવા જેવા.

**બીજો ઉપાય નિત્ય પ્રસન્નતા :-**

આ તો એક પ્રયોગની વાત છે એવો બીજો પ્રયોગ નિત્ય પ્રસન્નતાનો છે. એમાં ગમે તેવા ગમતા જડ પદાર્થ કે ગમતા અનુકૂળ જીવ સામે આતે ત્યાં જરાય હરખાઇ ન જઇએ, સહજ પ્રસન્ન, 'અવધુ સદા મગનમેં રહના' કરીએ, એ માટે સર્વ સંયોગોમાં 'બધું બરાબર છે' એમ લેખીએ. અણગમતામાં પણ આજ સૂત્ર. એમ બધું બરાબર લેખીને ચાલીએ એટલે મન વ્યાકુળ ન થાય, પ્રસન્ન રહે.

પ્ર.-ધરાર વાંકું બનતું હોય ત્યાં આ બરાબર બને છે એમ કેમ લેખાય ?

ઉ.-કુદરતના સંચાલન સામે દલીલ કરવી ખોટી છે કે 'બરાબર છે એમ કેમ કહી શકાય ?' આ સવાલ જ ખોટો છે, કેમકે એ સવાલથી કુદરતી સર્જન અર્થાત્ પાંચ કારણ ભેગા થઇને થતાં સર્જન શું મિટવાના છે ? કે સારાં થવાનાં છે ? એ તો સમજી જ રાખવાનું કે આ વખતે વિશ્વના અસંખ્ય ભાવો પૈકી આ ભાવ પણ પાંચ કારણ સમવાયે આમ જ બનવાનો બન્યો.

સીતાજી રામચંદ્રની સાથે બાર વરસ વનમાં ભટક્યા ત્યાં સીતાજીના મનને ઓછું કેમ ન આવ્યું ? એટલા માટે મનને ઓછું ન આવ્યું કે એમણે આ સૂત્ર પકડ્યું હશે કે

**'બધું બરાબર' કરીને ચાલો તો સદા પ્રસન્નતા.**

**તે તે કારણો ભેગા થયે જે થનારું હોય એમાં મનને ઓછું લાવ્યે શું સુધરવાનું હતું ?**

એ તો કુદરતે યાને પાંચ કારણોએ જે બનાવ્યું તે બધું બરાબર. શું ? બધું બરાબર કરીને ચાલવાનું. આવું કાંઇક સીતાજીએ માન્યું હશે માટે વનવાસ જેવામાં એ નિત્ય પ્રસન્ન રહ્યો. અહીં એમ કહેતા નહિ કે,

પ્ર.-તો પછી રાવણે એમને ઉપાડ્યા ત્યાં કેમ બધું બરાબર છે, એમ ન માન્યું ?

ઉ.-કારણ એ છે કે ત્યાં પોતાના શીલની રક્ષાનો સવાલ હતો એટલે તો રાવણની અશોક વાટિકામાં મૂકાયે એમણે રાવણને પડકાર કર્યો કે 'સાડા ત્રણ હાથ દૂર રહીને વાત કરજે, નહિતર જો નજીક આવ્યો છે તો તારા હાથમાં સીતા નહિ આવે, સીતાનું મડદું આવશે. આ પડકાર સ્વીકારી લઇ રાવણને આઘોને આઘો રહેતો દેખ્યો એટલે સીતાજીને ધરપત વળી કે 'હાશ ! હવે શીલને વાંધો નહિ આવે' પછી તો 'બધું બરાબર છે કારણ નિયમાનુસાર બને છે' એમ કહી, હાયવોય કરતા ન બેઠા કિન્તુ નિશ્ચિંત થયા. માટે તો હનુમાનજી આવ્યા ને ખાંધે બેસાડી આકાશ માર્ગે લઇ જવાની તૈયારી બતાવી ત્યારે મહાસતીએ ઘસીને ના પાડી કે 'તું મારે પરપુરુષ છે, ને પરપુરુષનો સ્પર્શ મને ખપે નહિ.' સીતાજીને રાવણની કેદમાંથી છૂટવા મળે છે. હનુમાનજી ખભે ઊંચકી લઇ જવા તૈયાર છે. પણ હનુમાનજીને ઘસીને ના પાડી. તો શું એમને ભય ન લાગ્યો કે 'અહીં ને અહીં રહેવામાં હવે પછી રાવણ શું ય કરે ?' ના કેમકે

**સીતાજીને મન શીલ સચવાયે બધું બરાબર લાગતું હતું.**

હનુમાનજીના ખભે બેસી જવામાં એમને પરપુરુષનો સ્પર્શ થવાથી શીલ મર્યાદાનો ભંગ દેખાતો હતો, તેથી શીલની બિનસલામતી દેખાતી હતી, પણ એ અસલામતી પોતે હનુમાનને ઇન્કાર કરવાથી ટાળી શકવાનું દેખતા હતા. મર્યાદાભંગ ટાળીને શીલ સલામત જુએ છે.

પ્ર.-તો શું રાવણ સામે આવીને બેસે કે ઊભો રહે એમાં શીલ-મર્યાદાનો ભંગ નહોતો થતો ?

ઉ.-ના, કેમકે એમણે રાવણને ૩।। હાથ દૂર રહેવા તાકીદ આપેલી, ને તે પ્રમાણે રાવણ ૩।। હાથ દૂર બેસતો કે ઊભો રહેતો. ત્યારે પોતે એની હાજરીમાં નીચી મૂંડીએ બેસી રહેતા. મોં નીચું, દ્રષ્ટિ નીચી, દ્રષ્ટિ એવી નીચી કે બહુ બહુ તો રાવણના પગનાં તળિયાં દેખાઇ જાય, તળિયાં સિવાય રાવણનું કશું જ અંગોપાંગ ન દેખાય. એટલે તો જ્યારે રાવણને હરાવીને રામ સીતાજીને પાછા અયોધ્યા લઇ જાય છે, હવે ત્યાં એકવાર શું બને છે એ જુઓ.

સીતાજીને ફસાવવાના હેતુથી એમની ચાર શોક્ય રાણીઓ એમને વાતમાં

વાત મિલાવી પૂછે છે-'તે હેં સીતાબેન ! એ રાવણનું મુખ શરીર કેવું હતું ?"

સીતાજી કહે 'એ જાણે મારી બલા, મને એણે પહેલાં ઉઠાવી જવા ઉપાડેલી ત્યારે મારી તો આંખ જ મિંચાઇ ગયેલી એટલે મેં એનું શરીર કે મુખ જોયું નથી. તેમ અશોક વાટિકામાં એ મારી સામે આવી ઊભો રહેતો ત્યારે મારા પડકારથી ૩।। હાથ દૂર જ રહેતો, એ વખતે હું તો નીચી મૂંડીએ જ બેસી રહેતી, તેથી એનું શરીર મારી દ્રષ્ટિમાં જ આવ્યું નથી. એટલે મને એનું શરીર કે રૂપ કેવું હતું એની ખબર જ નથી.'

પેલીઓ કહે 'તો હેં સીતાબેન ? તમને એનું માથું મોઢું હાથ પગ કશું ય દેખાયું નથી ?'

સીતા કહે ના, માત્ર એના પગનો પંજો ક્યારેક દેખાઇ જતો,

'તે કેવો હતો એ જરા ચીતરી બતાવો ને'

સીતાજી શોક્યોને સગી બેન જેવી ગણતા, તેથી એમને સ્નેહવશ આમાં કશી કપટની ગંધ ન આવી કે આજે આ આમ કેમ પૂછે છે ? એ તો નવરાશની સામાન્ય વાત જ સમજતા તેથી ભોળે ભાવે એમણે એક કાગળ પર રાવણના પગનો પંજો ચીતરી બતાવ્યો.

પેલીઓએ પછી ઇધર-ઉધરની વાતો કરી ઊઠીને છૂપી રીતિએ પેલો કાગળ લઇ લીધો, અને રામની પાસે જઇ કાગળ પરનું ચિત્ર બતાવી કહે છે-"લ્યો જુઓ આ તમારી બહુ વહાલી સુશીલ માનેલી સીતા હજી પણ રાવણનું ધ્યાન નથી છોડતી. આ રાવણના પગનું ચિત્ર સામે રાખી રાવણનું ધ્યાન કર્યા કરે છે ! ને તમને એના પર બહુ રાગ અને વિશ્વાસ છે કે સીતા મારી મહાસતી છે."

અલબત રામની નજરમાં સીતાને અસતી ઠેરવવા એ ચારે રાણીઓએ પ્રપંચ આટલે સુધી પહોંચાડ્યો ખરો, પરંતુ એમાં એમને ફાવટ ન આવી કેમકે રામે તરત રોકડું પરખાવી દીધું કે-

"બેસો, બેસો, સીતાને હું સારી રીતે ઓળખું છું રાવણની કેદમાં પૂરાયા ત્યારથી મારા કુશળ સમાચાર દિવસો સુધી ન પહોંચ્યા ત્યાં સુધી ભોજન ત્યાગ રાખેલું. વળી ત્યાંથી છોડાવવા હનુમાને ખાંધે ઉપાડી લઇ ચાલવા તૈયારી બતાવેલી છતાં પરપુરુષનો સ્પર્શ ખપે નહિ એ મર્યાદા પાળવા એણે એમ ચાલવા ઘસીને ના પાડેલી, અને એને રાવણને ત્યાં રહી જવું હોત તો એને કોણ રોકવાનું હતું ? ને એમ કર્યું હોત તો અમે એને છોડાવી લાવવા લડાઇ પણ શું કામ કરત ? આ તો

ગમે તે પ્રપંચ કરીને તમે લોકોએ આવું કાગળિયું બનાવી લાવી ખોટે ખોટું તૂત ઊભું કર્યું લાગે છે !

આમાં જોવાનું આ છે કે સીતાએ સામે ઊભેલા રાવણ પર દ્રષ્ટિ જ નથી નાખી પછી એણે શીલ મર્યાદાનો ક્યાં ભંગ કર્યો ? એમ જ એ શીલ સલામત રાખી શકેલી. એટલે બાકીનું બધું બરાબર લેખી હાયવોય નહિ કરેલી.

અહીં રાવણની કેદમાં પૂરાયા એકલા અટુલા રહેવું પડયું...વગેરે બધું-પોતાના કર્માનુસાર બનેલું. એ નિયમ મુજબ બરાબર બનેલું સમજતા તેથી દિલ સ્વસ્થ રાખી શકેલા. બધું બરાબર માનીએ તો દિલને ખેદ ન થાય.

**સીતાજીને વનમાં હકાલપટ્ટીમાંય 'બધું બરાબર છે' :-**

આગળ જુઓ સીતાજીએ 'બધું બરાબર છે' નું સૂત્ર ક્યાં સુધી લગાવ્યું ? રામ રાવણને જીતી સીતાજીને લઇ આવ્યા ને શોક્ય રાણીઓનો, સીતા પાસે રાવણના પગનું ચિત્ર કરાવી, રામને ભરમાવવાનો એક પ્રપંચ નિષ્ફળ ગયો ત્યારે બીજો પ્રપંચ કર્યો,- મહાજન પાસે, રામને કહેવરાવવાનો કે ''લોક આપની નિંદા કરે છે કે આ અમારા રાજા રામ કેવા બાયડીઘેલા કે પારકે ઘેર રહી આવેલી સીતાને ઘરમાં ઘાલી !'' ત્યારે રામે એમાં ભરમાઇને સીતાને જંગલમાં તરછોડાવી દીધા ! પરંતુ ત્યાં ય સીતાએ વનમાં એકલા અટુલા મન વાળ્યું કે 'મારાં તેવા પૂર્વ કર્મના જ હિસાબે આ બન્યું એ નિયમસર જ બન્યું છે, અને હવે બીજો રાજા મને ધર્મની બેન કરીને લઇ જાય છે ને પાળે છે એ પણ પૂર્વના મારાં કોઇ શુભ કર્મના હિસાબે જ બન્યું એટલે એ પણ નિયમસર જ છે, અને નિયમસર એ બરાબર કહેવાય,' આમ સીતાજી 'બધું બરાબર છે' એમ કરીને ચાલ્યા ! એટલે જ ત્યાં નવા બીજા રાજાને ઘરે પોતાને બે પુત્રો જનમ્યા એમને મોટા થયા ત્યાંસુધી સીતાજીએ પોતાનાં દુઃખની કરુણ કથની કહી નહિ ! પૂછો ને,

પ્ર.-આટલી બધી સીતમ દુઃખની વિગત પુત્રોને કહેવાનું મન ન થાય ?

ઉ.-ના, 'બધું બરાબર બનતું રહ્યું છે કર્મના નિયમ અનુસાર બનતું રહ્યું છે' એમ માન્યું એટલે પછી એનું હૈયે દુઃખ નહિ ધરવાનું, ને

**જેનું હૈયે દુઃખ ન હોય એનું પિંજણ શાનું ?**

પિંજણ કરવાનું તો જ બને છે કે જો હૈયામાં એનું દુઃખ છે, સીતાજી 'બધું બરાબર નિયમાનુસાર છે' કરનારા તેથી હૈયે દુઃખ નથી એટલે એનું પિંજણ કરતા

નથી. ઊલટું, પુત્રો મોટા થઇ બહારથી જાણી લાવી જ્યારે સીતાજીને કહે

**લવણ-અંકુશ પિતા સાથે લડવા મા સીતાના આશીર્વાદ માગે છેઃ**

''મા ! તેં તો અમને અમારા પિતાજીએ તારી કેવી દુર્દશા કરી હતી એ ન કહ્યું, પરંતુ અમે હવે એ બહારથી જાણી લાવ્યા છીએ તેથી હવે અમારે એમને બતાવી આપવું છે કે 'આ સીતાનો કોઇ બેલી નહિ એમ તમે સમજ્યા એટલે જ તમે આવી એની દુર્દશા કરો ને ? પણ હવે અમે સીતાના બેલી-રક્ષક તૈયાર થઇ ગયા છીએ, તેથી આવો લડવા સામે, ને તમારું પાણી બતાવો કે સીતાજીના રક્ષકને કેમ જીતાય છે ?' ને તેથી હવે અમે એ તમારી દુર્દશા કરનાર પિતાજી સામે લડવા જઇએ છીએ. તો મા ! અમારા માથે હાથ મૂક અને આશીર્વાદ આપ જેથી લડાઇમાં એમને જીતી લઇએ, અને તારી દુર્દશા કરી એની એમની પાસે તારી આગળ માફી મંગાવીએ.'' ત્યાં સીતા ''બધું બરાબર છે'' કરનારા દિલથી ખૂબ સ્વસ્થ છે, કર્મ વગેરે પાંચ કારણોના નિયમાનુસાર બનવાનું નિશ્ચિતપણે માનનારા છે તેથી રામ પ્રત્યે જરાય ઉદ્વેગ નહિ રાખનારા છે, એટલે પુત્રોને કહી શકે છે 'ગાંડાઓ ! બાપુજી સામે લડવા જવાય ? લડવા નહિ પણ એમનાં દર્શને જવું હોય પગે પડવા જવું હોય તો જાઓ, મારા તમને આશીર્વાદ છે.'

**'બધું બરાબર છે' કરનાર સીતાજીનું સમર્થ પુત્રો સામે પણ પતિનું કેવું માન !** હજી આગળ જુઓ,

સીતાજી 'બધું બરાબર છે' કરનારા તે રામે દિવ્ય કરાવ્યું તો એમણે શું કર્યું ? દિવ્યમાં સીતાજી પાસ ઉત્તીર્ણ થઇ ગયા, અગ્નિની ખાઇ પાણીનું તળાવ બની ગઇ ! ને રામ ચકિત તથા પસ્તાવાભર્યા થઇ જ્યાં કહે છે કે 'માફ કરજો અમારા અપરાધને' ત્યારે સીતાજી કહે છે-

'અરે ! તમારો અપરાધ શાનો ? તમારો તો મારા પર ઉપકાર છે. આ તમે મારા દિલમાં હતા, તો જ આ અગ્નિ પાણી થઇ ગયો. તમારા બદલે જો બીજો કોઇ મારા હૃદયમાં હોત તો તો અગ્નિ મને ભસ્મીભૂત કરી નાખતે. આ તમારો ઓછો ઉપકાર છે ?' આ બોલ સ્વસ્થ મન વિના નીકળે ? એ સ્વસ્થતા શાના પર ? 'બધું બરાબર છે' કરવા પર. હજી આગળ જુઓ.

રામ સીતાજીને કહે છે, 'ચાલો આ રથમાં બેસી જાઓ, આપણે અયોધ્યામાં મહેલમાં જઇએ' ત્યાં પણ 'બધું બરાબર' કરનારા સીતાજી જુએ છે કે 'શુભ કર્મ

અનુસાર આ પણ બનનારું બરાબર છે. પરંતુ...

**હવે કર્મની આ શિરજોરી ક્યાં સુધી ચલાવી લેવી ?**

**આ મનુષ્ય અવતાર જ એક એવો છે કે એમાં કર્મની શિરજોરીનો અંત લાવી શકાય. અને એ માટે એમાં જ સંયમ-ચારિત્ર ધર્મની સાધના કરી શકાય.**

તો અત્યાર સુધી તો મોહમૂઢતામાં જિંદગી ઘણી ગુમાવી, ચારિત્રની સાધના ન કરી, પરંતુ હવે શા સારુ એ ચૂકું ? બસ, હવે તો ચારિત્ર-સાધના રૂડી કરીને કર્મની શિરજોરીનો અંત લાવું' બસ ચારિત્રના પુરુષાર્થથી કર્મનો અંત લાવવાના નિર્ધારથી કહી દીધું 'કર્મે મને બહુ વિડંબી, બહુ કચરી, હવે હું કર્મને કચરી નાખીશ. એ માટે ચારિત્ર લેવા જાઉં છું. રામ એ સાંભળી બેભાન થઇ જાય છે, છતાં એથી જરાય ચલિત ન થતાં કેશનો લોચ કરી ત્યાંથી સીતાજી ચારિત્ર માટે નીકળી પડે છે. કેટલી બધી સ્વસ્થતા ? શાના પર ? કહો 'પાંચ કારણ સમવાયી બને તે નિયમાનુસાર બરાબર છે' એમ મનને સમજુતી પાકી રાખેલી એના પર.

ઘનરથ મહારાજાએ દીક્ષા લીધી છે, તીર્થંકર થયા છે. એ પૂર્વે ચારિત્ર ઉત્કૃષ્ટ ઉગ્ર પાળવા પર. એ પાળવાનું કેમ બન્યું ? ચિત્તની સ્વસ્થતા પર, અને ઉગ્ર ઉપસર્ગોમાં પણ સ્વસ્થતા કેમ રહી ? 'બધું બરાબર છે' કરવા પર.

'બધું બરાબર છે, અર્થાત્ કાર્ય–કારણના નિયમ અનુસારે બરાબર જ બને છે,' આ દ્રષ્ટિ રાખી, પછી ચારિત્ર જીવનમાં મોટા પરીસહ કે ઉપસર્ગ સહવાના આવે એમાંય એ જ દેખાય કે 'આ મારા પૂર્વ કર્મના હિસાબે બરાબર જ બને છે', તો એમાં કશોજ ઉદ્વેગ નહિ કરવાનો, એમાં મોટા ત્યાગ કર્યા, તપ કર્યા, ત્યાં શરીરને કઠિનાઇ લાગી, તો એ પણ 'બધુ બરાબર છે' તેથી એ બરાબર જ બને છે. એમ ત્યાગતપથી શરીર કૃશ થાય તેમ આત્મા કર્મક્ષયથી પુષ્ટ થાય છે એ પણ બરાબર નિયમાનુસાર છે.

**ખાન-પાનાદિ મોજથી શરીર પુષ્ટ થાય છે, ને આત્મા કર્મભાર વગેરે રોગ વધવાથી કૃશ થાય છે.** તો વિપરીતપણે આત્માપુષ્ટ કેમ ન થાય ?

બસ, બધું બરાબર કરીને પ્રભુ ઘનરથમુનિ ચાલનારા હતા, એમાં અંતે શુકલધ્યાન અને ક્ષપક શ્રેણિમાં ચડી કેવળજ્ઞાન પામે છે.

અહીં હવે શાન્તિનાથ ભગવાનનો જીવ મેઘરથ મહારાજા બન્યા છે. એમને પટ્ટરાણી પ્રિયમતી છે. ભાઇ દઢરથ યુવરાજપદ સંભાળે છે. હવે આગળ શું બને છે

તે જુઓ.

**મેઘરથરાજા ઉદ્યાનમાં : ભૂત સંગીત :-**

રાજા મેઘરથને નગરવાસીઓ તરફથી વસંત ઋતુ જોવા માટે બહાર ઉદ્યાનમાં પધારવા વિનંતિ કરવામાં આવે છે, એટલે રાજા પ્રિયમતી રાણી આદિ પરિવાર સાથે ઉદ્યાને જાય છે. ત્યાં સંગીતકારો સંગીતનો પ્રારંભ કરે છે. એમાં આશ્ચર્ય એવું બને છે કે હજારો ભૂતડાં ભિન્ન ભિન્ન રૂપે ઉપસ્થિત થઇ સંગીતની રમઝટ મચાવે છે ! ભૂતડાનાં રૂપ કેવાં વિચિત્ર કે કેટલાક મોટા પેટવાલા ગણપતિ જેવાં છે, તો બીજા તદ્દન કૃશ પેટવાળા છે ! ત્યારે કેટલાકના વળી પગ ઊંટિયા લાંબા લચક છે ! તો કોઇના હાથ લાંબા લચક છે ! કેટલાક ભૂતડાના હાથમાં ખોપરી છે ! તો કોઇ કોઇના ગળામાં સર્પનો હાર ! કોઇને નોળિયાનું આભુષણ ! તો બીજાઓએ શરીરે વાઘનું ચામડું લગાવ્યું છે ! ત્યારે કેટલાકે શરીરે લોહીનાં વિલેપન કર્યા છે ! બીજાઓએ વળી ઘુવડના કુંડલ કર્યા છે ! તો અન્યોએ ગીધડાના મુગટ પહેર્યા છે ! ત્યારે કેટલાકે ઉંદરના હાર પહેર્યા છે ! કોઇએ કાચિંડાના હાર લગાવ્યા છે !'

ભૂતડાઓનો આ બધો દેખાવ તો એવો વિચિત્ર છે કે જોનારા ભય પામી જાય, પરંતુ સૌમ્ય દ્રષ્ટિવાળા અને ભક્તિ-સંગીતની ધૂનમાં હોઇ ભયકારી નથી લાગતા. સંગીત ભૂતડાનું ને ? તે વાજિંત્રથી કોઇ હાથીનો સૂર કાઢે છે ! તો બીજાઓ ઘોડાનો ધ્વનિ કાઢે છે ! ત્યારે બીજાઓ મુખને જ વાજિંત્ર બનાવે છે એટલે કે વાજિંત્ર જેવા સૂર મુખમાંથી કાઢે છે !

સંગીત ગાતાં બજાવતાં એ ભૂતડાઓ નૃત્ય પર ચડે છે, એમાં એવું તાંડવ મચાવે છે કે જાણે હમણાં પૃથ્વીને ફાડી નાખશે કે ગગનને ભેદી નાખશે એમ લાગે.

આ બધું રાજા મેઘરથની ભક્તિ માટે બની રહ્યું છે. લોકોને લાગે કે રાજા કેવા મહાન છે કે દેવતાઓ એમની સેવામાં ઊતરી પડે છે.

એટલામાં એવું બને છે કે ભૂત-સંગીત અલોપ થઇ જાય છે, ને ત્યાં વિમાનમાં એક યુગલ ઊતરી આવે છે. રાણી પ્રિયમતિ પૂછે છે આ બે કોણ છે ? ને કેમ અહીં આવ્યા છે ?

**વિમાનમાં યુગલ કોણ ઊતર્યું ? વિદ્યુદ્રથની (વિદ્યુદ્રથ) વૈરાગ્યભાવના -**

અહીં મેઘરથ મહારાજા યુગલની ઓળખ કરાવવા કહે છે કે 'આ યુગલ

વિદ્યાધર ચક્રવર્તી રાજા સિંહરથ અને એમની પત્ની છે. એમના પિતા હતા વિદ્યુદ્રથ રાજા, તે એકવાર કોઇ નિમિત્ત પામીને વિચારમાં ચડી ગયા કે

"અહો ! સંસારમાં બધું વિજળીની જેમ ચંચળ છે, અસ્થિર છે, ઊડી જનારું છે, જ્યારે મારો આત્મા તો સ્થિર કાયમી શાશ્વત છે, તો શા સારુ આવો શાશ્વત હું આ અસ્થિર સંસારની પૂંઠે લાગ્યો છું ? શા સારુ અસ્થિરના ભરોસે બેઠો છું ?

અનંતાકાળ આવા અસ્થિર પદાર્થો પાછળ હું લાગ્યો ને એના ભરોસો બેઠો, પરંતુ પરિણામ શું ? સંસારના પદાર્થો આવ્યા ને ગયા, મારા આત્માને કશું સારું મળ્યું નહિ, ને ઊલટું રાગ દ્વેષના વિકારો પોષાયા, ને નકામી જડની વેઠ કરી. પરંતુ હવે મારે આ તત્ત્વ સમજના અવતારમાં એવી વેઠ શા સારુ રાખવી ? આમેય મૃત્યુ સમયે આ બધું અવશ્ય ઊડી તો જનારું જ છે, તો લાવ હમણાં જ એનો ત્યાગ કરી દઉં, જેથી એની વેઠથી છુટાય તો મારા આત્માના હિતની સાધના થાય.

**જડ પદાર્થો મળ્યાની વેઠમાં જ સાધના ગુમાવવાનું થાય છે.**

**જડની વેઠ જાય તો જ આત્મહિતની સાધના થાય.**

સાધના પરલોકનું સાથી છે, એટલે માત્ર આલોકસ્થાયી જડ સંયોગોની અપેક્ષાએ એ સ્થિર છે, તો એ સાધના જ કાં ન સાધી લઉં ?"

બસ, રાજા વિદ્યુદ્રથ ઊઠ્યા, પુત્ર સિંહરથને રાજ્યગાદી સોંપી, ને પોતે ચારિત્ર માર્ગે નીકળી પડ્યા. પછી તો કેમ ? 'અસ્થિરની વેઠ મૂકી સ્થિર સાધી લેવું છે' એ હિસાબ પર નીકળ્યા છે, તેથી હવે અસ્થિર કાયાની પણ વેઠ મૂકી દે છે, ત્યાગ-તપસ્યામાં લાગી પડે છે, શરીર સુખ-શીલતા ફગાવી દઇ પ્રચંડ સ્વાધ્યાય-પુરુષાર્થમાં લાગી જાય છે, ને એમ કરતાં સર્વ કર્મનાશ કરી કેવળજ્ઞાન પામીને મોક્ષપદ પ્રાપ્ત કરે છે. વિદ્યુદ્રથનો કેવો ધન્ય આત્મા !

અહીં એમનો પુત્ર સિંહરથ રાજા થયા પછી પરાક્રમથી રાજાઓને વશમાં લાવી વિદ્યાધર ચક્રવર્તી રાજા બને છે. એકવાર એને મનમાં એવી ભાવના ઊઠે છે કે-

**સિંહરથની સમવસરણ-દર્શનની ભાવના**

"અહો ! મને આ ઉત્તમ મનુષ્ય-અવતાર મળ્યો ! છતાં વિદ્યમાન તીર્થંકર ભગવાનનાં સમવસરણ પર બિરાજમાન રૂપે અરે ! મેં દર્શન કર્યાં નહિ ? મારી પાસે યથેચ્છગમનની વિદ્યા હોવા છતાં એ શા કામની જો આ ઉત્તમ કાર્ય મેં કર્યું નહિ ? ખરેખર ! જેમ જંગલમાં ઉગેલું માલતીનું ફૂલ કોઇને ય કામ ન લાગ્યું,

કોઇને ય એણે સુવાસ આપી નહિ, ને એમજ કરમાઇ જઇ માલતી-જીવન ફોગટ ગુમાવ્યું, એમ મેં પણ શક્ય એવા સમવસરણસ્થ પ્રભુ દર્શન કર્યા વિના કિંમતી માનવજન્મ એળે ગુમાવ્યો. કાંઇ નહિ, જાગ્યા ત્યાંથી સવાર, સુકૃત ન થયાના ફોગટ રોદણાથી શું બને ? ચાલ જીવ ! ઊઠ, વિમાન વિકુર્વી પહોંચી જા વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર ભગવાન વિચરતા હોય એ દેશમાં, અને સમવસરણ પર બિરાજમાન પ્રભુને જોઇ જોઇ આનંદિત થા.''

રાજા સિંહરથ મોટો વિદ્યાધર ચક્રવર્તી છે, છતાં મનને વિચાર આવતાં એને આ કેવી ઉત્તમ ભાવના સ્ફૂરે છે ! દ્રષ્ટિ પરમાત્મા પર જાય છે- 'હેં ? ભગવાનને મેં સમવસરણસ્થ જોયા નહિ ?'

જનમ અરણ્ય પુષ્પની જેમ એળે ગયો ! આ જ ફરક છે-

**નિકટ મોક્ષગામી જીવોને ધ્યાન વારે વારે ભગવાન તરફ જાય છે. દીર્ઘ સંસારી જીવોને વારે વારે ધ્યાન જડ પુદ્‌ગલ તરફ જાય છે.**

**નિકટ મોક્ષગામી બનવાની ચાવી :-**

આપણે કયા ગ્રુપમાં છીએ એ આના પરથી માપ નીકળે છે અથવા કહો, આપણે નિકટ મોક્ષગામી જીવ બનવું હોય તો આ ચાવી છે કે ધ્યાન વારે વારે ભગવાન તરફ લઇ જવું જોઇએ. પછી

ભગવાન તરફ ધ્યાન ભલે

(૧) નામસ્મરણ રૂપે હોય યા

(૨) પ્રભુનાં દર્શન રૂપે હો, યા

(૩) નમસ્કાર રૂપે હો અથવા

(૪) ભગવાનની કોઇ પૂજા રૂપે હો, યા

(૫) પ્રાર્થના-સ્તુતિ રૂપે હો, કે

(૬) પ્રભુના ગુણ-સ્મરણ રૂપે હો,

ગમે તે રૂપે આપણા મનનું ધ્યાન ભગવાન તરફ લઇ જવાનું.

(૭) પ્રભુનાં વચનનું સ્મરણ એ પણ પ્રભુનું ધ્યાન છે. એટલે કે પ્રભુએ કહેલ શાસ્ત્રની ગાથાઓ સૂત્રો અથવા શાસ્ત્રે કહેલ તત્ત્વમાં પદાર્થમાં મન લઇ જવાનું. આટલું મનમાં હોવું જોઇએ કે 'આ મારા પ્રભુની ગાથા છે, પ્રભુનું સૂત્ર છે

પ્રભુનું તત્ત્વ છે, જિનોક્ત પદાર્થ છે. 'ભગવાન તરફ ધ્યાન લઇ જવું છે ? તો ભગવાને શી શી આજ્ઞા કરી છે ? શું શું છોડવા કહ્યું છે ? શું શું આદરવા-આચરવા જેવું કહ્યું છે ? ભગવાને શું કહ્યું છે, કેવું બોલાય ? કેવું ન બોલાય ? કેવું ખવાય ? કેવું ન ખવાય ? કેવા કેવા વિચાર કરાય ? કેવા કેવા વિચાર ન કરાય ? આમ વિચારાય એ ભગવાનમાં જ મન લઇ ગયા ગણાય.

**ભગવાનની આજ્ઞાનું ધ્યાન એ ભગવાનનું જ ધ્યાન છે.**

અને ભગવાનના એકલા નામના ધ્યાન કરતાં ભગવાનનાં વચનોનું ધ્યાન મનને વધુ લયલીન કરે છે, એકાગ્ર અને સ્થિર કરે છે, કેમકે આપણું મન વિવિધતા-રંગી છે. એકલું નામ જપવામાં વિવિધતા નથી આવતી તેથી મન થોડોક જાપ કરતા કંટાળી જાય છે, સુસ્ત બને છે, અધિકાધિક ઉલ્લાસી નહિ. ત્યારે શાસ્ત્ર વચનોનાં સ્મરણમાં મનને વિવિધતા મળે છે, એટલે એમાં લયલીન બને છે, એકાગ્ર સ્થિર બને છે, અરે ! અધિકાધિક ઉલ્લાસી બને છે.

માટે તો મોટા જિનકલ્પી મુનિઓ જેવા પણ કે જેમણે મનને બહુ કેળવેલું છે, સ્થિર કર્યું છે, એ પણ વિવિધ સૂત્રોનો અને સૂત્રોના વિવિધ અર્થોનો સ્વાધ્યાય કરે છે ચિંતન કરે છે. કેમ વારુ ?

**જાપ કરતાં શાસ્ત્ર-સ્વાધ્યાયમાં મન વધુ પકડાય છે, વધુ રસ-તરબોળ વધુ ઉલ્લાસી બને છે.**

અનુભવ કરી જુઓ. એક બાજુ એકલું 'ૐ હ્રીં પાર્શ્વનાથાય નમઃ' નો જાપ કરો, અને બીજી બાજુ પાર્શ્વપ્રભુનાં સ્તોત્ર સૂત્ર કલ્યાણ મંદિરની ગાથાઓનું અર્થ-વિચાર સાથે પારાયણ કરો, તો આ જણાશે, આ અનુભવ થશે, કે જાપ કરતાં સ્તોત્રમાં મન વધુ રસ-તરબોળ બને છે. એથી વિશેષ કોઇ ઉપદેશમાળા યોગશાસ્ત્ર-શ્રાદ્ધવિધિ-સમરાદિત્ય કથા વગેરેનું પદાર્થ સમજ સાથે પારાયણ કરવામાં મન વધારે રસ-તરબોળ બને છે. ભૂલશો નહિ-

**આ જિનાગમ એટલે કે જિનવચનના પારાયણમાં વધુ રસ-તરબોળતા એ જિન ભગવાનમાં જ વધુ રસ લીનતા છે.**

**વીતરાગ પ્રભુનો ૩ પ્રકારે ઉપકાર :-**

ભગવાન તરફ ધ્યાન લઇ જવું છે ને ? ભગવાનના પૂર્વ ભવ ચરમભવના ચરિત્રનું સ્મરણ કરો, તો તેમાં પણ ભગવાન તરફ ધ્યાન ગયું ગણાય. ચરિત્ર

પરથી પ્રભુના એકેક ગુણનું સ્મરણ કરાય, પ્રભુના એકેક સુકૃતને યાદ કરાય, પ્રભુનું સાધનામાર્ગે કરાયેલ એકેક પરાક્રમ મનમાં લવાય, પ્રભુની એકેક સાધનામાં મન પરોવાય, એ બધું ભગવાનનું ધ્યાન છે. એમ પ્રભુના એકેક તત્ત્વ-પ્રકાશદાન, એકેક માર્ગદાન, ને એકેક આલંબનદાનનો ઉપકાર યાદ કરાય એ પણ પ્રભુમાં મન લઇ ગયા ગણાય. દા. ત.

પ્રભુએ (૧) ક્યા ક્યા તત્ત્વનો ઉપદેશ કર્યો, (૨) ભવ્યોને જીવનમાં જીવવા માટે ક્યો ક્યો મોક્ષમાર્ગ બતાવ્યો, તેમજ (૩) પ્રભુએ આપણને કઇ કઇ સાધનામાં આલંબન આપ્યું, અર્થાત્ પ્રભુને અવલંબીને કઇ કઇ સાધના સુંદર થઇ શકે છે. દર્શન,-વંદન, પૂજન, ભક્તિ, સત્કાર, સન્માન વગેરે વીતરાગ પ્રભુના કરીએ તો તેના ઉત્તમોત્તમ લાભ છે. માટે આ બધી સાધનામાં પ્રભુ આલંબન થયા. એમાં પ્રભુનો આલંબન આપવાનો ઉપકાર છે.

પ્રભુના આ ત્રણ પ્રકારના ઉપકાર વિસ્તારથી યાદ કરીએ એ પ્રભુનું જ ધ્યાન છે.

આમ, ભગવાનમાં મન લઇ જવા માટે અનેકાનેક પ્રક્રિયા છે અનેકાનેક વિષયો છે.

**નિકટ મોક્ષગામી બનવું છે ? તો વારે વારે મન પ્રભુમાં લઇ જાઓ.**

**મન પ્રભુમાં લઇ જતાં પ્રસન્ન ને સાત્ત્વિક બને છે.**

એથી પહેલો તો મન પ્રસન્નતાનો મહાન લાભ મળશે. દુન્યવી વેપાર-ધંધો, પૈસાટકા, વહાલા-વાલેસરી વગેરેમાં મન લઇ જતાં મન વિહ્વળ ને રાજસી-તામસી બને છે, ભગવાનમાં મન લઇ જતાં પ્રસન્ન અને સાત્ત્વિક બને છે. કારણ સ્પષ્ટ છે કે આપણને પ્રભુ વધારે ગમે છે તેથી એમનું, એમના જીવનનું, અને એમના ગુણોનું સ્મરણ કરવામાં પ્રસન્નતા આવે છે.

**રોગ વખતે મન પ્રસન્ન પ્રફુલ્લિત કેમ રહે ?**

અરે ! રોગ બિમારી હોય ત્યાં પણ રોગ-દવા ડૉક્ટર વગેરેમાં મન લઇ જતાં મન વિહ્વળ બને છે. ત્યારે વીતરાગ પ્રભુમાં મન લઇ જતાં મન પ્રસન્ન બને. 'મને આવો આવો રોગ મને આવી આવી પીડા ?' એમ સંકલ્પ વિકલ્પોમાં મન લઇ જતાં એ વિહ્વળ-સુસ્ત-નિરાશ-હતાશ થઇ જાય છે. એની સામે 'મારા પ્રભુએ આવા આવા પરીસહ સહ્યા ! આવા આવા ઉપસર્ગ સહ્યા ! આવા કઠોર ત્યાગ-તપ

કર્યા !' ઇત્યાદિમાં, રોગ વખતે ય, મન લઇ જઇએ તો મન પ્રસન્ન-પ્રફુલ્લિત અહોભાવવાળું બને છે.

'અહો ! અહો ! પ્રભુએ કેવું કેવું ભયંકર સહન કર્યું છે ! ત્યારે મારે આ રોગમાં શું એવું સહવાનું છે કે કર્મક્ષયના અવસરે હાયવોય કરી કર્મ બાંધું ? પ્રભુએ તો આ કહ્યું, આ સહ્યું, પેલું સાધ્યું...' એમ એકેક પરીસહ એકેક ઉપસર્ગ યાદ કરાય ને 'અહો અહો' કરીને, અને સાથે વિચારાય કે 'તો પછી મારે તો એમની અપેક્ષાએ આ કયો મોટો રોગ કે કઇ મોટી વેદના સહવાની આવી છે ?' એ વિચારતાં મન ફોરું થઇ જાય 'મારા' કરીને મુનિસુવ્રત ભગવાનને દિલમાં રાખી ૫૦૦ મુનિઓએ ઘાણીમાં પીલાઇ-કચરાઇ-છુંદાઇ જવાની ઘોરાતિઘોર વેદના સહી ! છતાં એમાં મન ન બગાડ્યું, પણ એવું પ્રસન્ન ને પ્રફુલ્લિત સૌમ્ય ને શાંત રાખ્યું કે કેવળજ્ઞાન ને મોક્ષ પામ્યા ! એમને દિલમાં પ્રભુ આવ્યે પ્રભુનો કેવો જબરદસ્ત પ્રભાવ પડ્યો !

જગતના મોહમૂઢ જીવો કે મિથ્યાધર્મમાં મૂઢ જીવો કરતાં જૈન જુદો શી રીતે પડે ? આ રીતે, કે એ જિનેશ્વર ભગવાનને વાતવાતમાં ધ્યાનમાં લાવતો હોય.

**ઇતર ધર્મીનું ભગવાનમાં મન કેવું કેવું ?**

એમ તો ઇતર ધર્મવાળા પણ કેટલાક એવા હોય છે કે વાતવાતમાં પોતાના માનેલા ભગવાનને ધ્યાનમાં લાવતા હોય છે-દા.ત. કાંઇક સારું બની આવ્યું તો તરત મનમાં લાવશે કે 'ભગવાનની કૃપા કે આ બની આવ્યું,' ને આપત્તિ આવી તો ય માનશે કે 'ભગવાનની જેવી મરજી.' સવારે ઊઠતાં ભગવાન અને રાત્રે સૂતાં ભગવાન મનમાં લાવે છે. પાસે બે પૈસા હશે ને કોઇ દુઃખી દેખાશે તો ય આ વિચારશે કે 'ભગવાને મને બહુ દીધું છે તો દુઃખીનું દુઃખ ફેડું.' કંઇક પરાક્રમ કર્યું ને કોઇ એની પ્રશંસા કરતો આવશે તો કહેશે 'ભલા ભાઇ ! આમાં હું શું કરું છું ? મારી શી તાકાત ? આ તો ભગવાનની દયા છે. ભગવાન મારી પાસે આ પરાક્રમ કરાવે છે. ભગવાનની મરજી ન હોય તો એક પાંદડું પણ હાલી ન શકે !' જીવનની ઉત્તર અવસ્થામાં દુનિયાદારી ઓછી કરી નાખે છે, અને ભગવાનનું ભજન વધારી દે છે, મંગલપાઠ, સ્તોત્રપાઠ, ગીતાપાઠ, ભગવાનના નામનું રટણ...વગેરે કેટલું ય કરતા રહે છે. જો મિથ્યાધર્મીને આ જરૂર, તો જૈનને અરિહંત ભગવાન વાતવાતમાં

ધ્યાન પર લાવવાની જરૂર નહિ ?

**મહાતાર્કિક પંડિતજીની ભગવન્નામ રટણા -**

અમારે પંડિતજી ભણાવવા આવતા એ કહેતા કે અમારા ગુરુજી મહાતાર્કિક અને શાસ્ત્રોના અગાધ વિદ્વાન છતાં ભગવાનના નામની રટણા એવી ધારાબદ્ધ રાખતા કે, દા.ત. યુનીવર્સિટીના કોઇ પ્રોફેસર શાસ્ત્રની કે દર્શનની કોઇ વાત પૂછવા આવે, કહે 'ગુરુજી ! એક શંકા પૂછવી છે ?' ત્યારે જુઓ તો ગુરુજી 'ૐ નમઃ શિવાય' રટતા હોય. એમાંથી માથું ઊંચુ ય ન કરે ને કહે 'ભાઇ પૂછો,' પછી તરત 'ૐ નમઃ શિવાય'ની રટણા ચાલુ. અહીં પ્રોફેસર પોતાની શંકા કે સવાલ કહે એ વખતે ગુરુજીની રટણા ચાલુ હોય, ને જ્યાં પ્રોફેસરનું વક્તવ્ય પૂરું થાય, એટલે પોતાની રટણા બંધ કરી કહે 'જુઓ તમારી શંકાનું આ સમાધાન છે, અમુક શાસ્ત્રમાં આ'પ્રમાણે જણાવ્યું છે. તર્કથી આ પ્રમાણે સિદ્ધ થાય છે. સમજાયું ? હજી પણ આમાં કાંઇ પૂછવું હોય તો પૂછો.' બસ, એટલું કહીને તરત પાછી પોતાની રટણા ચાલુ કરી દે કઇ ? 'ૐ નમઃ શિવાય'ની રટણા. એમાં ને એમાં પેલો કાંઇ કહેતો હોય તો સાંભળ્યા કરે વળી એનો જવાબ દેવા વખત પૂરતું જ રટણા બંધ અને જવાબ બોલી જાય. એ બોલીને પાછા કહે 'હાં, હજી પણ કાંઇ પૂછવું હોય તો પૂછો એમ કહીને પેલી રટણા ચાલુ જ થઇ જાય.

આ રટણા કોણ કરે છે ? શાસ્ત્રોનો મોટો જબરદસ્ત વિદ્વાન ! જિજ્ઞાસુ પ્રોફેસરોના સવાલ આવે તો ય જવાબ માટે પુસ્તકાલયમાં શાસ્ત્ર જોવા જવાની જરૂર નહિ, હૃદયમાં જ શાસ્ત્રો ઉપસ્થિત, કેમ જાણે Living Library જંગમ જ્ઞાનભંડાર ! ને તરત જ ફલાણા શાસ્ત્રમાં આ પ્રમાણે લખ્યું છે કહીને એ કહેવા માંડે.

**જૈનધર્મીનું કર્તવ્ય :-**

આપણું એ કહેવું છે કે જૈનેતર શાસ્ત્રોના મહાન વિદ્વાનને પણ ભગવાનને ધ્યાનમાં રાખવાની આટલી બધી જરૂર લાગે કે ભગવાનના નામની નમસ્કાર સાથે રટણા ચાલુ, તો પછી લોકોત્તર શાસન પામેલા જૈનને જિનેશ્વર ભગવાનને ધ્યાનમાં રાખવા એમના નામની

'નમો અરિહંતાણં' કે 'મહાવીરાય નમઃ' અથવા 'નમો જિણાણં જિયભયાણં' વગેરેની કોઇ રટણાની જરૂર નહી ?

પહેલાં જે કહ્યું કે મિથ્યાધર્મી વાતવાતમાં 'આ તો ભગવાનની મહેરબાની'

'આ તો ભગવાનની મરજી' યાદ કરે છે તો જૈન ધર્મી અરિહંત ભગવાનની મહેરબાની-પ્રભાવ વાતે વાતે યાદ ન કરે ? ત્યાં ઝટ સવાલ ઊઠે છે-

પ્ર.-ઇતર ધર્મી તો ભગવાનને જગતકર્તા માને છે એટલે એ પ્રસંગ પ્રસંગમાં ભગવાનની મરજી માની શકે, પણ આપણે કાંઇ સિદ્ધ-બુદ્ધ-મુક્ત બનેલા ભગવાનને કે વિચરતા અરિહંત ભગવાનને જગતના કર્તા નથી માનતા, તો પછી આપણા જીવનમાં કશું નાનું મોટું બની જાય ત્યાં 'આ તો ભગવાનની દયા ભગવાનની મરજી ભગવાને કર્યું' એમ શી રીતે માની શકીએ ? ને એમ ભગવાનને વાતવાતમાં શી રીતે ધ્યાનમાં લવાય ?

ઉ.-આ સવાલનો જવાબ તાત્ત્વિક રીતે સમજવો પડશે.

કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય વીતરાગ સ્તોત્રમાં પ્રભુની સ્તુતિ કરે છે-

**'वीतराग ! सपर्यातस्तवाज्ञा पालनं परम् ।**

**आज्ञाऽऽराद्धा विराद्धा च शिवाय च भवाय च ।।'**

અર્થાત્ હે વીતરાગ તમારી પૂજા (દ્રવ્યપૂજા-દ્રવ્યસ્તવ) કરતાં તમારી આજ્ઞાનું પાલન ચડિયાતું છે, (કેમકે) તમારી આજ્ઞા આરાધેલી મોક્ષ માટે થાય છે, ને વિરાધેલી સંસાર ભવભ્રમણ માટે થાય છે. એટલે કે આરાધેલી આજ્ઞા મોક્ષ આપે છે, ને વિરાધેલી ભવમાં ભટકાવે છે.

અહીં શું કહ્યું ? 'આજ્ઞાની આરાધના મોક્ષ આપે છે' એમ ન કહ્યું પરંતુ આરાધેલી આજ્ઞા જ મોક્ષ આપનારી બતાવી. આરાધના એ આરાધકનો પુરુષાર્થ છે. ત્યારે આજ્ઞા એ વીતરાગ ભગવાનનાં વચન છે. અલબત ભવી જીવની જિનાજ્ઞા-આરાધના મોક્ષ અપાવનારી છે જ, પરંતુ અહીં મુખ્યતા એની આરાધનાને ન આપી, કિન્તુ જિનેન્દ્ર ભગવાનની આજ્ઞાને આપી, ને કહ્યું આરાધેલી જિનાજ્ઞા મોક્ષદાયક છે, અને વિરાધેલી આજ્ઞા ભવવર્ધક છે. આમ આજ્ઞાને મહત્ત્વ આપ્યું, આજ્ઞાનો પ્રભાવ સૂચવ્યો. એમ કહેતા નહિ, કે

પ્ર.-જિનાજ્ઞા તો જગતમાં છે જ, પણ એની આરાધના ન કરાય તો કલ્યાણ ક્યાં થાય છે ? એટલે આરાધનાનું જ મહત્ત્વ રહ્યું ને ?

ઉ.-ના, મહત્ત્વ જિનાજ્ઞાનું-જિનવચનનું જ છે. કેમકે જગતમાં જિનાજ્ઞા છે, તો જ જિનાજ્ઞાની આરાધનાનો લાભ મળે છે. કૃતજ્ઞ આરાધક પણ આ જ સમજે છે-

**'કેવા મારાં અહોભાગ્ય મને જિનાજ્ઞા આરાધવા મળી !'**

એટલે મહત્ત્વ જિનાજ્ઞાનું જ આવ્યું. વાત પણ સાચી છે કે આજ્ઞા યાની વચન તો વિશ્વમાં મિથ્યાધર્મી દેવ-દેવીઓના ઘણા ય મળે, પરંતુ એની આરાધના કરનારો શું ખાટે ? કેટલું ખાટે ? લૌકિક સુખ ખાટે, પણ મોક્ષના સુખ નહિ, ને લૌકિક કદાચ દેવતાઇ સુખ પણ સંકલેશવાળા અને મામૂલી સુખ ખાટે ! ત્યારે જો આરાધના જિનાજ્ઞાની કરાય તો ઉચ્ચ કોટિના દેવતાઇ સુખ તો ય સંકલેશ વિનાના ! અને અંતે મોક્ષના અનંત સુખ પામી શકે છે ! એ બતાવે છે કે મહત્ત્વ જિનાજ્ઞાનું જ આવ્યું. બીજે આરાધના ગમે તેટલી લગાવો તો એથી કાયમી શું મળે ? એ તો જિનાજ્ઞાની જ આરાધના ગમે તેટલી લગાવો તો જ કાયમી મોક્ષ સુખ સુધી પહોંચાય છે. એ શું બતાવે છે ? મહત્ત્વ જિનાજ્ઞાનું જુઓ-

**મંત્રની આરાધનામાં મંત્રનું મહત્ત્વ :-**

મંત્રોમાં શું થાય છે ? સર્પનું ઝેર ઉતારવાનો મંત્ર અને બીજા મંત્રોની આરાધના કરવી પડે છે, ત્યારે એ સિદ્ધ થાય છે. પછી તો એ મંત્રને માત્ર યાદ કરતાં કામ થઇ જાય છે. અહીં બોલો, પ્રભાવ કોનો મનાય છે ? મંત્રનો કે આરાધનાનો ? વાત સાચી છે કે આરાધના કર્યા વિના એમ ને એમ મંત્ર યાદ કરે તો કાંઇ વળતું નથી, આરાધના કરે તો જ મંત્રથી ઇષ્ટ કાર્ય નીપજે છે, છતાં બોલાય છે શું ? રૂડા પ્રતાપ આ મંત્રના કે એનાથી કાર્ય સિદ્ધ થયું ! માટે જ કહેવાય છે કે આરાધેલો મંત્ર ઇષ્ટસાધક બને છે, વિરાધેલો મંત્ર અનિષ્ટકારી બને છે. પ્રભાવ મંત્રનો છે. મંત્ર 'પ્રભાવક' કહેવાય છે, આરાધના પ્રભાવક નહિ.

**જેમ પ્રભાવ મંત્રનો, એમ અહીં પ્રભાવ જિનાજ્ઞાનો.**

હવે એક ડગલું આગળ વધીને જોઇએ, કે

જિનેશ્વર ભગવાનની આજ્ઞાનું મહત્ત્વ ? કે જિનેશ્વર ભગવાનનું ?

કહેવું જ પડે, 'ભગવાન શ્રી જિનેશ્વર દેવનું જ મહત્ત્વ.' કેમકે જેમ પહેલાં જોયું કે જગતમાં જિનાજ્ઞા છે તો જ એની આરાધનાનો લાભ મળે છે, એટલે મહત્ત્વ આજ્ઞાનું, એમ અહીં પણ કહેવાય કે જગતમાં જિનેશ્વર ભગવાન છે તો જ આપણને એમની આજ્ઞા મળે છે. જગત પર જિનેશ્વર ભગવાન જ ન હોત તો જિનવચન-જિનાજ્ઞા ક્યાં મળવાની હતી ? એ બતાવે છે કે-

**જિનાજ્ઞા કરતાં પણ જિનેશ્વર ભગવાનની વડાઇ :-**

જિનેશ્વર વીતરાગ સર્વજ્ઞ ભગવાનની વડાઇ છે, મહત્તા છે, ભવ્ય જીવો પર અનન્ય ઉપકારતા છે. માટે તો પહેલું શરણું અરિહંત ભગવાનનું લઇએ છીએ. પાંચ પરમેષ્ઠીમાં પહેલા પરમેષ્ઠી અરિહંત ભગવાન છે.

સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય-સાધુ એ ચાર જે પરમેષ્ઠી બને છે તે અરિહંત ભગવાનના ઉપકારથી જ બને છે. એટલે જે કહેવાય કે અરિહંત જેવા જગતમાં બીજા કોઇ ઉપકારી નથી. માટે આ ઉત્તમ માનવભવમાં અરિહંત પ્રભુનાં દર્શન-વંદન-પૂજન-સ્તુતિ-પ્રશંસા પ્રાર્થના...યાવત્ આજ્ઞાપાલન સુધીની બધી ઉપાસના કરી લઇએ, એ આ ઉત્તમ ભવનું ઉત્તમ ફળ છે.

**રાજા સિંહરથ સમવસરણનાં દર્શને :-**

પેલો રાજા વિદ્યુદ્રથનો પુત્ર સિંહરથ રાજા બનેલો, આગળ બીજા રાજાઓને વશ કરી વિદ્યાધર ચક્રવર્તી રાજા બને છે. એવા પરાક્રમી અને સમૃદ્ધ રાજાને પણ એકવાર આ વિચાર આવે છે કે, 'મેં વિચરતા તીર્થંકર ભગવાનને સમવસરણ પર બિરાજમાન અને જોજનગામિની વાણી વરસતા જોયા નહિ, એમનાં દર્શન-વંદન કર્યા નહિ, ને એમની વાણીનાં અમૃત પીધાં નહિ, ખરેખર મારો આ માનવ અવતાર અરણ્યના માલતી ફૂલની જેમ એળે ગયો ! પરંતુ હજી શું બગડી ગયું છે ? હજી જીવતો છું તો જાઉં પ્રભુના દેશમાં ને પ્રભુનું દર્શન કરું.'

રાજાની ઉત્તમ લેશ્યા જુઓ, મોટા સમ્રાટ રાજાની સમૃદ્ધિ મળી છે, એ પ્રમાણે ભરચક રસથી લચપચતા વિષયોનો વિલાસ પણ મળ્યો હશે ને ? છતાં એ બધું એને મન "કૂછ નહિ' લાગે છે અને સારભૂત અરિહંત પ્રભુનું દર્શન લાગે છે. એ દર્શન મળે તો જનમ કાંઇક સફળ થયો લાગે છે, નહિતર અરિહંત દર્શન વિના જનમ નિષ્ફળ લાગે છે.

રાજા બીજી સવારે ઊઠીને તૈયારી કરે છે. વિદ્યાધર છે, વિદ્યાઓનો સ્વામી છે, તે વિદ્યાના બળે વિમાન વિકૂર્વે છે, અને પરિવારને લઇને ધાતકી ખંડમાં જ્યાં અરિહંત ભગવાનનું સમવસરણ મંડાયું છે ત્યાં વિમાનમાં ઊડીને પહોંચી જાય છે. પ્રભુનું દર્શન કરી અપૂર્વ હર્ષ અનુભવે છે !

**સમવસરણ પર અરિહંત પરમાત્માનું દર્શન એટલે ?**

પહેલું તો દૂરથી જ જોજન-પ્રમાણ મોટા ચાંદીના કિલ્લા પર સોનાનો કિલ્લો ! અને એના પર રત્નોનો કિલ્લો દેખાય ! ને એના ઉપર જગદગુરુ અરિહંત

પ્રભુ વચમાં પ્રમુખ સ્થાને બિરાજમાન દેખાય ! ને એમના માથે અદ્ધર ત્રણ છત્ર ને એની ઉપરમાં ઊંચે જંગીકાય અશોકવૃક્ષ દેખાય ! જે એટલું બધું મોટું કે આખા જોજનના ચાર ગાઉના મોટા સમવસરણને છાયા આપતું હોય છે. એવા અરિહંત પ્રભુ ચતુર્મુખ અર્થાત્ ચારે દિશામાં બિરાજમાન છે. પૂર્વ દિશામાં તો પ્રભુ પોતે સ્વદેહે રત્નમય સિંહાસન ઉપર બિરાજમાન થાય છે અને બાકીની ત્રણ દિશામાં દેવતા પ્રભુનાં આબેહુબ જીવંત જેવા બિંબ સ્થાપે છે ! ચારે બાજુ પ્રભુને ચામર વીંજાઇ રહ્યા છે !

**સમવસરણ પર કોણ કોણ ? -**

એવા ચતુર્મુખ ભગવાન સમોસરણની રત્ન કિલ્લાની ઉપરની ભૂમિની બરાબર વચમાં છે, ને પ્રભુની ચારે બાજુ બાર પર્ષદા ગોઠવાઇ ગઇ છે. એમાં વૈમાનિક, જ્યોતિષી, ભવનપતિ અને વ્યંતર એ ચારે નિકાયના દેવો અને દેવીઓ એમ આઠ પર્ષદા ગોઠવાઇ ગઇ છે, એમ ત્યાં મનુષ્યોની ચાર પર્ષદામાં સાધુ-સાધ્વી-શ્રાવક અને શ્રાવિકાઓ, એમ કુલ ૧૨ પર્ષદા ! એમાં દેવી દેવતા કેટલી સંખ્યામાં ? કરોડોની સંખ્યામાં ! કેમકે આમે ય તીર્થંકર ભગવાનની સાથે ચોવીસે કલાક માટે ઓછામાં ઓછા એક ક્રોડ દેવતા સેવામાં રહે છે. એમાં વળી સમવસરણ મંડાય અને પ્રભુની ૩૫ અતિશયવાળી વાણી વરસે ! પછી દેવી દેવતાઓ ક્રોડોની સંખ્યામાં ઊતરી પડે એમાં પૂછવાનું શું ? ભગવાનનો આ એક અતિશય છે કે સમવસરણ પર ક્રોડો ગમે દેવતાઓ સમાઇ જાય ! વળી એક ખૂબી, જંગલી-શહેરી, પશુ-પંખી પણ ત્યાં આવે ! તે દુશ્મન જેવા પણ ત્યાં મિત્ર થઇને બેસે ! ને સહુ પ્રભુની દેશના સાંભળે, ને પોત-પોતાની ભાષામાં સમજે ! આવા સમવસરણનાં દર્શન અને એના પર બિરાજમાન અરિહંત પ્રભુનાં દર્શનની કેવી બલિહારી !

રાજા સિંહરથ અહીં પ્રભુનાં દર્શન કરી ગદ્ગદ થઇ જાય છે, ધન્ય અવતાર માને છે. દિલને થાય છે કે 'અરે ! જો આ દર્શન ન મળ્યું હોત, તો ખરેખર મારો જનમ નિષ્ફળ બન્યો હોત.' પ્રભુને વંદના કરી વાણી સાંભળીને પાવન થાય છે.

સમવસરણ પર વરસતી પ્રભુની ૩૫ અતિશયવાળી સંગીતમય વાણી એટલે ? કવિ કહે છે-

**''રુડી ને રઢિયાળી રે...વીર તારી દેશના રે એ તો ભલી રે યોજનમાં સંભળાય, વીર તારી દેશના રે ષટ્ મહિનાની ભૂખ તરસ શમે રે વીર તારી દેશના રે''**

અર્થાત્ પ્રભુ તારી દેશના રુડી ને રઢિયાળી છે. એક જોજનમાં એ સંભળાય છે. એવી ભલી છે, ને જો એ છ મહિના સુધી લગાતાર વરસતી સાંભળવા મળે તો ય ત્યાં ભૂખ તરસ એવી શાંત રહે છે કે વાણી સતત છ મહિના સુધી સાંભળતાં કશી ભૂખ તરસ લાગતી નથી, કશો થાક નહિ, ઊંઘ નહિ !

આ જિનવાણી-શ્રવણનો રસ કોને ?

માત્ર વાણીમાં અપાતા તત્ત્વ-ઉપદેશ અને માર્ગ ઉપદેશનો રસ હોય એમને જ નહિ, કિન્તુ ખાલી સંગીતમય વાણી સાંભળવાનો રસ હોય એવા અભવી જેવા જીવોને પણ એટલો જ શ્રવણનો રસ ! ભલે ને કાલસૌકરિક કસાઇ કે જંગલી વાઘ વરુ છ મહિના જગદગુરુની દેશના સાંભળતા બેસે, એમને ય ન ભૂખ, ન તરસ, ન થાક, કે ન નિદ્રા આવે.

ત્યારે આપણને એમ થાય કે 'આવું સમવસરણ ! એના પર એવા અતિશયવંતા અરિહંત ભગવાન ! અને એવી ચમત્કારિક તત્ત્વભરી સંવેગ-વૈરાગ્યનો ધોધ વરસાવતી વાણી ! એ બધું ક્યારે જોવા મળે !'

અલબત ભૂતકાળ અનંતાકાળમાં એ બધું જોવા તો મળેલું, પરંતુ ભાવ વિના જોયું-સાંભળ્યું. માત્ર સારું અવનવું જોવાના જ રસથી જોયું, ને અદ્ભુત અનન્ય સંગીતમય માત્ર સાંભળવાના જ રસથી સાંભળ્યું, તેથી જોયું-સાંભળ્યું બધું જ એળે ગયું.

❀ ❀ ❀ ❀ ❀ ❀

મંદિરે જઇ અદ્ભુત આંગી અંગરચના જુઓ છો ને ? પણ માત્ર અવનવું જોવાના રસથી જ જોયું, હૈયામાં કશો ભાવ નહિ, તો એ આંગી સહિત પ્રભુનાં દર્શન એળે ગયા ! આંગી જોતાં શું થાય છે ? આ કે 'વાહ કેવી સરસ આંગી છે ! જાણે જોયા જ કરીએ !' કિન્તુ પછી 'અહો ! આ વીતરાગ પ્રભુ કેવા સરસ !' એમ અહોભાવ થયો નહિ. વીતરાગ પ્રભુમાં ચિત્ત ઠર્યું નહિ. પ્રભુની વીતરાગતા-નિર્વિકારતા અને જગત પર અનન્ય ઉપકારકતા...વગેરેમાં ચિત્ત ઠર્યું નહિ, એની આગળ મોટી દેવતાઇ ઋદ્ધિ સિદ્ધિ પણ કૂચા લાગી નહિ, તો એ આંગીના માત્ર દર્શનથી શું વળ્યું ? ખાલી એક કૌતુક જ પોષ્યું ને ? એમ તો એક વખતના ભૂતકાળમાં નાસ્તિક દુર્ભવી આપણે પ્રભનો ઠેઠ સમવસરણ સુધીનો ઠાઠ અને પ્રભુના ૮ પ્રાતિહાર્યનો ઠાઠ જોઇને ચમકેલા કે 'વાહ ! કેવી સરસ પ્રભુની શોભા

!' બસ ચમત્કાર પામ્યા એટલું જ, પણ પ્રભુ પર અહોભાવ જાગ્યા નહિ, મન પ્રભુમાં ઠરેલું નહિ. પ્રભુની રાગ-દ્વેષાદિ વિકાર રહિત નિર્વિકાર દશામાં આપણું મન ઠરેલું નહિ, એમાં અને આ સરસ આંગી-શોભાનું દર્શન કરીએ એમાં શો ફરક પડ્યો ?

**આંગીની રોનકતામાંથી મનને પ્રભુમાં ઠારો :-**

કરવાનું આ છે-મંદિરની તીર્થની આંગીની શોભા-સજાવટની રોનકતામાંથી મનને પ્રભુની વીતરાગતા અને કોઇ અનન્ય ઉપકારકતામાં લાવો, મન આ નિર્વિકારતા અને ભાવોપરાકતામાં ઠરે એમ કરો.

પ્ર.-પ્રભુમાં ચિત્ત ઠર્યું એમ શી રીતે લાગે ?

ઉ.-એ રીતે લાગે કે પ્રભુની સામે દુન્યવી માલ-મિલકત અને પત્ની-પુત્રાદિ પરિવાર અસાર લાગે, માલ વિનાના લાગે. મનને એમ થાય કે 'પ્રભુ તે પ્રભુ ! કેવા તારણહાર પ્રભુ ! કેવા અનંત ગુણના ભંડાર પ્રભુ ! ત્યારે પૈસા પરિવાર બધું મારણહાર અને અનંત દોષોની ખાણ ! એ માલ-પરિવારમાં પલોટાયો રહ્યો તો પરભવે તારા ડૂચા નીકળી જશે ! નજર સામે અસંખ્ય પશુ-પંખી-કીડા-મંકોડાની દુર્દશા દેખાય છે ને ? 'આ સ્થિતિમાં ઘસડી જનાર ધન પરિવાર ક્યાં ? ને ક્યાં મારા આ ભવસાગરથી તારનારા વીતરાગ અરિહંત પ્રભુ !' આવું મનને લાગે એ મન પ્રભુમાં કાંઇક ઠર્યું કહેવાય. એમ-

**મનને પ્રભુની નિર્વિકારતામાં ઠારો :-**

પ્ર.-પ્રભુની વીતરાગતા-નિર્વિકારતામાં આપણું મન ઠર્યું શી રીતે લાગે ?

ઉ.-બસ, એ જ રીતે કે પ્રભુની ચક્ષુમાં વીતરાગતા જોઇ મનને એમ થાય કે 'આ કેવી અનુપમ દશા ! આ ક્યાં, અને ક્યાં મારી, રાગ-દ્વેષ-મોહ-મદ-માયાથી ભરેલી ગંદી અધમ કૂતરા-ગધેડા જેવી દુર્દશા ? કેટલી બધી એમાં અસ્વસ્થ-અશાંત-ઉકળાટભરી દશા ! ત્યારે વીતરાગ પ્રભુની કેવી પ્રશાંત-ઉપશાંત અને તદ્દન સ્વસ્થ તથા સ્વચ્છ અવસ્થા ! આ પ્રભુની આગળ શું હું એક મનુષ્ય તરીકે પણ ઊભવા લાયક છું ? ના રે, ના, ગધેડા કે વાઘ-વરુમાં પણ આ રાગ-દ્વેષ-મોહ-મદ-અભિમાન વગેરે ઉકળાટ તો હોય છે. મારામાં મનુષ્ય તરીકે ઓળખાવનાર કઇ, થોડી પણ શાંતતા-સ્વસ્થતા છે જે પેલા પશુમાં નથી ?'

**પ્રભુમાં દિલ કેમ ઠરે ?**

એમ અરિહંત પ્રભુની ચક્ષુમાં નિર્વિકારતા જોઇ એની સામે આપણા ઘડીઘડીમાં ફરતા રાગાદિ વિકારો, જન્મ-જીવન-મરણના વિકારો, ઘડીઘડીમાં પલટાતા વાણી-વર્તાવ-વિચારના વિકારો, ક્રોધાદિ કષાયોના વિકલ્પો, હિંસાદિ પાપોના વિકલ્પો, હાસ્ય-શોક-ભય વગેરેના વિકલ્પો, આ બધું જોઇ એના પ્રત્યે ઘૃણા થાય, અને એની સામે પ્રભુની તદ્દન નિર્વિકાર દશા જોઇ એની અનુમોદનાથી દિલ મલકે ! દિલમાં એ મેળવવાનો અભરખો થાય. એનું નામ મન પ્રભુની નિર્વિકારતામાં કંઇક ઠર્યું એમ માની શકીએ.

અહીં એટલું ધ્યાનમાં રાખવાનું છે કે આપણા રાગ-દ્વેષ-હાસ્ય-શોક વગેરે વિકારો પર ઘૃણા લાવવાનું વાસ્તવિક ત્યારે જ બને કે આપણા જીવનના પ્રસંગો જે રાગાદિ વિકારોને પોષતા હોય એને ઓછા કરતા ચાલવાનું પાકું લક્ષ રાખ્યું હોય, જીવનમાં યથાશક્તિ કેટલાક વ્રત-નિયમોનો સારો આદર કરવો જોઇએ. એ વ્રત-નિયમોનું એવું છે કે ત્યાગના વ્રત-નિયમમાં સર્વથા ત્યાગનો નિયમ ન કરી શકીએ તો પણ અંશે ત્યાગના નિયમ કરી શકાય.

દા.ત. મિઠાઇનો સર્વથા ત્યાગ નથી બની શકે એવો, તો અમુક મિઠાઇનો ત્યાગ રાખી શકાય, અથવા મહિનામાં દસ કે પાંચ પર્વતિથિ મિઠાઇ ત્યાગ કરી શકાય. આવો કોઇ જ ત્યાગનો નિયમ જ ન હોય, અને જ્યારે જ્યારે જે જે મિઠાઇ મળે ત્યારે ત્યારે તે મિઠાઇ ખપે છે, તો મિઠાઇ ઉપરનો રાગ ક્યાંથી મોળો પડે ? કે મિઠાઇ પર ઘૃણા શી રીતે થાય ? જો મિઠાઇ પર ઘૃણા નથી, ખેદ નથી, તો એના પર રાગ મોળો કેમ પડે ? જો રાગ પાકો છે તો ઘૃણા કે ખેદ ક્યાં ઊભો રહે ? 'ના, ના ભલે હું મિઠાઇ છૂટથી ખાઉં છું, પરંતુ મને એના પર રાગ નથી' એમ બચાવ કરે એ સાચો બચાવ ? કે ખોટો ? શું મિઠાઇ પર રાગ નથી તો ઘૃણા છે ? નફરત છે ? તિરસ્કાર છે ? જો ઘૃણા હોય તો મિઠાઇ છૂટથી આરોગવાનું બને ? લુખ્ખા ઠંડાગાર રોટલા છૂટથી ખાઇ શકે છે ? ના, ન ખાય. કેમ વારુ ? કહો એના પર ઘૃણા છે. અને મિઠાઇ ? એ છૂટથી અને મલકતા ખવાય છે. કેમ વારુ ? કહો એના પર રાગ છે, ઘૃણા છે જ નહિ.

પ્રભુની ચક્ષુમાં નિર્વિકારતાનાં દર્શન કરવા છે, ને એ નિર્વિકારતા મનને ગમતી કરવી છે, એ ત્યારે જ બને કે રાગાદિ વિકારો અણગમતા થાય. રાગાદિ વિકારો અણગમતા કરવા છે, તો રાગના વિષય અણગમતા કરવા પડે. જો વિષયને

ગમતા રાખવા છે, તો શું એના પરનો રાગ હટે ? શું એ રાગ મનને ખૂંચે ખરો ? મિઠાઇ પ્યારી પ્યારી લાગે છે માટે તો એનું છૂટથી સેવન થાય છે. અને કહેવું કે 'મને મિઠાઇ ખૂંચેં છે, મિઠાઇ પરનો રાગ ખૂંચેં છે' એ કેટલું સાચું રહે ?

હજી એમ બને કે મનને કકળાટ થતો હોય કે 'અરેરે ! આ મિઠાઇ પર શો મને ભારે રાગ ? એ રાગ ભવોનાં ભવ પીડનારો છે, તો મારું શું થશે ? ક્યારે આ ગોઝારો રાગ છૂટશે ?' આવો કકળાટ હોય તો મિઠાઇ ખૂંચી કહેવાય, એના રાગ પર ઘૃણા થઇ કહેવાય. પરંતુ જેને છૂટથી મિઠાઇ ખાવા જોઇએ છે, અને તે પણ ટેસપૂર્વક-રસપૂર્વક, એને આ કકળાટ હૈયે શે આવે ? એના પર અંતરમાં ઘૃણા શે આવે ?

**ભરત ચક્રી વગેરેનો વાદ ન લેવાય :-**

મહાપુરુષોની કે ભરત ચક્રવર્તી જેવાની વાત કરશો નહિ. યા એમનો વાદ લેશો નહિ કે 'ભરતજી મનહી મેં વૈરાગી હતા જ ને ? ત્યાગના કશાય નિયમ વિના રહી શકાય ને ? એમ અમે પણ છૂટથી મિઠાઇ વગેરે ઇષ્ટ વિષય સેવીએ છતાં મનથી અમે વૈરાગી રહી શકીએ ને ?' આવો વાદ કરવા જેવો નથી. કેમકે એ ભરતજી વગેરે મહાપુરુષોના દિલ ક્યાં ? ને આપણા દિલ ક્યાં ?

બોલો, ભરત મહારાજએ આરિસાભવનમાં ઘરેણાં ઉતારી અનિત્યતા-ભાવના કરતાં વીતરાગ સર્વજ્ઞ બન્યા એવું આપણું ગજું છે ? ત્યારે એમનું કેવુંક દિલ હશે કે એમાં વૈરાગ્ય જળહળ્યો તે વીતરાગ સુધી પહોંચી ગયા ?

પૃથ્વીચંદ્ર સમૃદ્ધ રાજકુમારના પિતાના આગ્રહે આઠ કન્યાને પરણ્યા બરાબર એને બ્રહ્મચર્ય અને ચારિત્ર માટે ઊભી કરી દે છે ! એ ગજું છે તમારું ? વળી એ રાજ્યસભામાં સિંહાસન પર મોટા રાજવી પદે બિરાજમાન તે ગુણસાગરનો ચોરીમાં કેવળજ્ઞાન પામવાનો પ્રસંગ સાંભળતાં મહાવૈરાગ્યમાં ચડી વીતરાગ બને છે ! એ ગજું છે આપણું ? તો એમનું દિલ ક્યાં ને ક્યાં આપણું દિલ ?

ગુણસાગર ચોરીમાં નગરશેઠિઓની આઠ કન્યા સાથે પાણિગ્રહણ કરતાં એ આઠના દિલમાં ય ચારિત્ર લેવાની અને ઉત્કૃષ્ટ આરાધનાની ભાવના વધી તે ત્યાં જ ગુણસાગરની હારોહાર વીતરાગ સર્વજ્ઞ બને છે ! એ ગજું આપણું છે ?

ઝાંઝરિયા મુનિનો ઘાતક રાજા મુનિની ઓળખ થતાં પશ્ચાત્તાપમાં ચડતાં ૪થે ૫મે ૬ઠ્ઠે ગુણસ્થાનકે ચડી આગળ વધતાં ૧૦ મા ના અંતે વીતરાગ બને છે !

અને ૧૨મા ગુણસ્થાનકના અંતે કેવળજ્ઞાન પામી જાય છે ! તો એ દિલમાં પાપનો પસ્તાવો કેવો ? કેટલો ? અને એમાં આગળ વધતાં અનાસક્ત યોગ સાધી જાય એ વધતી ભાવના કેવી ? ને એ વીતરાગ સર્વજ્ઞ બને એ દિલ કેવું ? દિલમાં મહાવૈરાગ્ય અને ત્યાગવૃત્તિ કેવીક ?

મહાન આત્માઓના દિલમાં ઊઠેલી આટલી બધી શુભ પરિણતિને લક્ષમાં લીધા વિના એટલું જ જોવાય કે 'એ પણ રંગરાગ ઉડાવતા હતા, તો પછી અમે પણ એ ઉડાવતા રહીએ ને રાગ ન કરીએ એમાં શો વાંધો ?' આ ધોરણે ચાલવામાં ઉન્નતિ થાય કે મહા અધઃપતન ?

રાગ વિના વિષયો ભોગવવાના ચાળામાં-દંભમાં તો ભોગવિલાસનું દુઃખ જ ઉડી ગયું ! હૈયે કંપારોય રહ્યો નહિ ! પછી એ વિલાસો કેવા મગ્ન ને મસ્ત દિલે થાય ? ત્યાં એવી કારમી ઇન્દ્રિય ગુલામીમાં મહા અધઃપતન કેમ ન થાય ?

**એ તો કારમી ઇન્દ્રિય ગુલામીમાં પછી ૮૪ લાખ યોનિઓના ક્ષુદ્ર અસંખ્ય અવતારોમાં પૂરાઇ જવાનું થાય.**

જુઓ, મહાવીર પ્રભુનો જીવ પાંચમા ભવે એવો વિષયાસક્ત થયેલો તો તે પછી છઠ્ઠો ભવ આવતા પહેલાં અગણિત સૂક્ષ્મ ભવોમાં ભમેલો.

માટે "મહાપુરુષોએ ક્યાં પૂર્વ અવસ્થામાં ત્યાગ કર્યા હતા છતાં અંતરથી વિરાગી રહી સમય આવ્યે વીતરાગ થઇ ગયા ને ? એમ અમે પણ રાગ વિના વિષયો ભોગવતા રહીએ અને સમય આવ્યે એકદમ જ વીતરાગ થઇ જઇશું." આવો ચાળો કરે એ પછાડ ખાય, સામાન્ય પતન નહિ પણ મહા અધઃપતન પામે ! કેમકે જેણે આવું માન્યું એ વિષયો ભોગવવામાં નિઃશંક નિઃશુક લીન બની જવાનો, અને એમાં ભવોના ભવો ચાલે, એવા ઉગ્ર અશુભાનુબંધો ઊભા થઇ જવાના. અશુભાનુબંધથી અધઃપતન થાય. ખબર નથી કે એ ભરત, પૃથ્વીચંદ્ર-ગુણસાગર, વગેરે મહાપુરુષોએ પૂર્વ ભવોમાં કેવા કેવા મહાત્યાગની કઠોર સાધનાઓ કરેલી ! ત્યારે છેલ્લા ભવમાં અંતરથી ખરેખરા વૈરાગી બનેલા અને પછી સમય આવી લાગતાં એમના અનેરા દિલમાં ભાવના વધતાં વીતરાગતા પામી ગયા, એ પૂર્વના રાંધણાનું ફળ હતું. ત્યાં છેલ્લા ભવના જ રંગરાગ ન જોવાય માટે માર્ગ આ છે-

**રાગ ઓછા કરવા છે ? બે ઉપાય-**

(૧) ઇષ્ટના ત્યાગનો ખૂબ અભ્યાસ રાખો. તેમજ

(૨) અનિષ્ટ વિષયો કે કષ્ટ આવી પડતાં હૈયામાં કચવાટ થતો રોકો. કષ્ટ-અનિષ્ટને આનંદભેર વધાવી લો.

**(૧) રાગ ઘટાડવા ઇષ્ટત્યાગ એ પહેલો ઉપાય–**

હાસ્ય-મજાક-વિનોદના શબ્દો અને વિકથા, કુથલી તથા નિરર્થક બોલવાનું બંધ કરો. આવી પડતાં ભરપૂર કષ્ટ આનંદથી સહન કરો. એટલું જ નહિ પણ કષ્ટ ઊભા કરીને સહો.

ગભરાશો નહિ, શાસ્ત્ર કહે છે 'દેહે દુઃખં મહા ફલમ્' આપણા મહાવીર ભગવાન સામે જુઓ. એમણે કેટકેટલાં દુઃખ સહન કર્યા ? શું દુઃખ ભગાડવાની શક્તિ નહોતી ? દુઃખથી આઘા રહેવું હોત તો ઘર છોડીને ચારિત્ર લેત જ શું કામ ? પણ એમને રાગને મારવો હતો તેથી ઇષ્ટ વિષયોના ત્યાગ કર્યા, અને અનિષ્ટ વિષયો વધાવી લીધા.

**આપણા આત્માને રાગ ઓછા થયાને વિશ્વાસ આ રીતે જ પડે કે રાગના વિષયોનો ત્યાગ રાખ્યો હોય.**

જેમ જેમ ત્યાગમાં આગળ વધીએ, તેમ તેમ હૈયું નિશ્ચિત થતું જાય કે 'હાશ ! આટલો તો રાગ કપાતો આવ્યો ?' પ્રશ્ન થાય કે-

પ્ર.-અમુક દિવસ મિઠાઇનો ત્યાગ તો કર્યો, પણ પછી ત્યાગ વિનાના દિવસે મિઠાઇ મળે ત્યાં એના પર તૂટી પડાય છે, એને હોંશે હોંશે ખવાય છે, તો ત્યાં મિઠાઇનો રાગ ક્યાં ઘટ્યો ?

ઉ-અહીં સમજવા જેવું છે કે મિઠાઇનો જે સર્વ દિવસ ખાવાનો રાગ હતો, તે તો અમુક દિવસના ત્યાગથી ઘટ્યો જ છે. એટલો રાગ તોડ્યો ન હોત, રાગ જતો ન કર્યો હોત, તો એટલા દિવસ ત્યાગ શાનો કરત ?

વળી બધા ય દિવસ મિઠાઇ ખાવાની છૂટવાળાને તો સંભવ છે કે મિઠાઇ પર આંધળો રાગ છે. મન કહે છે 'મિઠાઇ શાની છોડવાની ? મળે તો ખાઇ જ લેવી જોઇએ.' એમ એના મનને થાય છે. પછી એને થોડો ય ત્યાગ ન કરવા બદલ થોડું જ રોવું આવે છે કે 'હાય ! હું કેવો પામર કે આ ગોઝારી મિઠાઇના સર્વેસર્વા સંગમાં પડ્યો છું ? પરભવે મારું શું થશે ?' આ કશું રુદન નથી, હાયકારો નથી, અફસોસી નથી. તો એ મિઠાઇનો રાગ આંધળો છે, અનંતાનુબંધી કષાયના ઘરનો છે.

ત્યારે જે થોડો પણ ત્યાગ કરે છે એ તો સમજીને જ કરે છે કે 'મિઠાઇ

ગોઝારી છે, તીવ્ર રાગ-આસક્તિ કરાવનારી છે. માટે લાવ થોડા દિવસ પણ એનો ત્યાગ રાખું. તો એટલો એ ગોઝારીનો સંગ ઓછો થાય.'

બ્રહ્મચર્યના પ્રેમીના વિષયાંધ પત્ની પિયર જાય ત્યારે શું થાય છે ? આ જ કે 'હાશ ! ચાલો ગોઝારી વિષયમૂઢ પત્નીનો થોડા દિવસ પણ સંગ ટળ્યો ! તો એટલું બ્રહ્મચર્ય પાળવા મળ્યું !' પરંતુ આ કોને ? વિષય-સંગનો આંધળો રાગ ન હોય એને. જ્યારે આંધળા રાગવાળાને તો એટલી રાત્રિ રોઇને કાઢવાની થશે. બ્રહ્મચર્યના માત્ર પાંચ તિથિના ત્યાગવાળાને આ વસ્તુ તો અંદરખાને બેઠી છે કે વિષય-સંગ ગોઝારો માટે લાવ થોડો પણ ત્યાગ રાખું તો એટલો તો પાપ ને અશુભાનુબંધથી બચું.

સારાંશ, ત્યાગ કરનારને રાગ અને રાગના વિષય પર અંદરખાને ઘૃણા છે. એ રાગ અનંતાનુબંધીનો નહિ, પણ અપ્રત્યાખ્યાનીય રાગ છે. એ પેલા કરતાં મંદ રાગ થયો. માટે ડહાપણનું કામ આ છે, કે

**રાગ ઘટાડવા માટે વિવિધ ત્યાગના પ્રતિજ્ઞાબદ્ધ અભ્યાસ લગાવવા જોઇએ.**

મહાવીર ભગવાને ચારિત્ર લઇ શું કરેલું ? એમણે સંસાર-ઘરવાસ છોડ્યો. એટલે ત્યાગ થઇ ગયો. હવે શા સારુ નવ નવા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના અભિગ્રહ કરે ? એમને તો પાત્રે પચ્ચકખાણ જેવું કહેવાય. માત્ર હાથમાં ગોચરી વહોરી વાપરી જવાની. હાથમાં ક્યા એટલા બધા દ્રવ્યો અને રસો આવવાના હતા કે એનો પહેલેથી ત્યાગ કરવો પડે ? પરંતુ પ્રભુ ત્યાગના નિયમ કરતા એ એટલા જ માટે કરતા કે ત્યાગથી રાગ ઘસાતો જશે.

**(૨) રાગ ઘટાડવાનો બીજો ઉપાય અનિષ્ટનો આદર :-**

અનિષ્ટ વિષય કે કષ્ટ આવી પડે એ આનંદભેર વધાવી લેવાના મનમાં કચવાટ થતો અટકાવવાનો. કષ્ટ ને પ્રતિકૂળતાને થોડું પણ વધાવી લેતાં ન આવડે, કચવાટ ઓછો કરવાનું ન આવડે, તો આપણને સુખશીલતા અને અનુકૂળતાનો રાગ ઓછો હોવાનું શાને કહેવાય ?

અહીં કોઇ ચાળો કરે કે-

પ્ર.-ભલે અમે ધર્મનાં કષ્ટ ન ભોગવતા હોઇએ, અને સુખશીલતામાં બેઠા દેખાતા હોઇએ, પરંતુ અમને કાંઇ સુખશીલતા પર રાગ નથી અમે અંતરથી અલિપ્ત છીએ. બાકી કષ્ટથી જો તરાતું હોય તો પશુઓ કષ્ટ ક્યાં ઓછા વેઠે છે ? છતાં એ

ભવપાર નથી કરી શકતા. કારણ કે અંતરમાં રાગ-દ્વેષથી લેપાયેલા છે. રાગ-દ્વેષથી લેપાયેલા હોય એ શી રીતે ભવ પાર કરી શકે ? અમે અંતરથી અલિપ્ત રહીએ પછી શો વાંધો ?

ઉ.-આ અંતરથી અલિપ્તતાનો ચાળો કરવો છે, અને ધર્મનાં કષ્ટ નથી ઊઠાવવા, એ કષ્ટથી ભાગેડાપણું છે, તેમજ હંમેશા સુખશીલતા બન્યા રહેવાનું પસંદ છે. તો એનો અર્થ એ છે કે કષ્ટ પર દ્વેષ છે, અને સુખશીલતા પર પાકો રાગ છે.

**સુખશીલતા પર રાગ 'પાકો' એટલા માટે કે એ રાગ મોહમૂઢતા સાથે કરાવે છે, કેમકે પોતાને થતો રાગ દેખાતો નથી, એટલે એનો ભય નથી. કે 'હાય ! રાગમાં મારું શું થશે !'**

આ રાગ તીવ્ર અનંતાનુબંધીના ઘરનો રાગ થયો કહેવાય, જે જનમ જનમ રાગમાં જીવને ફસાયેલો જ રાખે છે. ધર્મના કષ્ટથી આઘું ભાગવું છે ને વિષયોની સુખશીલતામાં મહાલ્યા કરવું છે, ને અમે અંતરથી અલિપ્ત છીએ, એવો ચાળો કરવો છે, એનો જન્મો સુધી ઉદ્ધાર ન થાય.

**સુખ ભૂંડું લાગવાનો ચાળો કરવો એ મોહમૂઢતા :-**

એવી જ દશા સુખ ભૂંડું લાગવાનો ચાળો કરનારની છે. જેને મોટર, બંગલો, મેવા-મિઠાઇ વગેરે ભોગવતા બેસવું છે, કશો ત્યાગ કરવો નથી અને જે કહે છે 'અમને સંસારનું સુખ ભૂંડું લાગે છે', એમની એવી મોહમૂઢ દશા છે સુખ ભૂંડું લાગવાનો એમનો માત્ર ચાળો છે. કેમકે એ મોહમૂઢ એવા છે કે મોંઢેથી માત્ર શબ્દના સાથિયા પૂરે છે કે, 'સુખ ભૂંડું લાગે છે,' પણ એમને ખબર નથી પડતી કે 'વાસ્તવમાં સુખ એમને અંતરમાં તો મીઠાં મીઠાં લાગે છે' માટે તો એમાં જરાક વાંકુ પડતાં ધમધમાટ કરી મૂકે છે ! એ સૂચવે છે કે અંતરમાં સુખ સારું લાગે છે, અને દાવો આ રાખે છે કે 'અમને સંસારનું સુખ ભૂંડું લાગે છે.' આ મોહમૂઢતા નહિ તો બીજું શું છે ?

**ત્યાગ વિના સુખ ભૂંડું લાગે એમ શિખવનાર મોહમૂઢ :-**

ત્યારે જે એમને શિખવાડે છે કે ''ભલે તમે સંસારનું સુખ ભોગવતા હો, મેવા-મીઠાઇ, મોટર વગેરેનાં સુખમાં બેઠા હો, અરે ! પત્ની સાથે વિષય સુખમાં બેઠા હો, અને એનો ત્યાગ ન કરતા હો, છતાં જો તમને એ સુખ ભૂંડું લાગે છે, તો

તમે ચોથા ગુણઠાણે રહી એકાન્તે કર્મ-નિર્જરા કરી રહ્યા છો,'' આવું જે શિખવાડી રહ્યા છે એ પણ મોહમૂઢ છે. કેમકે જે યથેચ્છ સુખ-વિલાસ કરતો રહે છે અને એમાં ઊંચા ટકાનું સુખ પકડીને નીચા ટકાનું સુખ જતું કરે છે, એને સુખ ભૂંડું નહિ, પણ મીઠું લાગે છે. માટે જ તો સુખમાં ટકાવારી મૂકે છે. મીઠામાં ટકાવારી હોય કે 'આ મીઠું, આ વધારે મીઠું.' ભૂંડામાં ટકાવારી ન કરે કે 'આ વધારે ભૂંડાને મૂકી, ઓછું ભૂંડું પકડું' ટકાવારી મૂકે છે એ જ બતાવે છે કે એને સુખ ભૂંડું નહિ, પણ મીઠું લાગે છે. એવા માટે સિક્કો લગાડવો કે 'સુખ ભોગવે છે, પણ ભૂંડું લાગે છે, તો વાંધો નહિ,' એ મોહમુઢતા જ છે.

❀ ❀ ❀ ❀ ❀ ❀

**સુખ ભૂંડા લેખ્યા અને લાગ્યાનો ભેદ :-**

બહુ સમજવા જેવું છે-સમકિતીને સુખ ભૂંડું લાગતું હોય તો એ સુખના સાધનોમાં ટકાવારી મૂકે ? 'ભાઇ ! ચાલવા કરતાં બળદગાડી સારી, પરંતુ બળદગાડી કરતાં ઘોડાગાડી સારી, ને ઘોડાગાડી કરતાં મોટર સારી, મોટરમાં ય એસ.ટી. બસ કરતાં ઘરની મોટર સારી.'

**આવી ટકાવારી ભૂંડું લાગે માટે થાય ? કે રૂડું લાગે એના માટે થાય ?**

તો શું સમકિતી આ ટકાવારી કરે ? એને એ સુખ-સાધનોમાં ટકાવારી તો શું સુખ ભૂંડા લાગ્યા માટે મૂકી ? કે રુડાં લાગ્યા માટે ટકાવારી મૂકી ? અને રૂડાં લાગ્યા તો એનું સમકિત ગયું ? ધર્મ ગયો ? અને મિથ્યાત્વ લાગ્યું ? હા, એને પૂછો

'ભાઇ ! તને આ સુખ-સાધન અને સુખ રૂડાં લાગે છે, પરંતુ તારું અંતર શું કહે છે ? એ રૂડાં ? કે ભૂંડા ?'

તો સમકિતી ઝટ કહેશે 'મારું અંતર તો ભગવાનના વચન પરની શ્રદ્ધાથી કહે છે કે 'એ સુખ અને સુખના સાધન ભારે ભૂંડા છે'. આ શું કહ્યું એણે ? સુખ અંતરથી ભૂંડા લેખ્યા છે, પણ ઇન્દ્રિયોને ભૂંડા લાગતા નથી.

એને પૂછો, 'ભલા આદમી ! જો અંતર કહે છે કે એ ભારે ભૂંડા છે, તો કેમ એ ભોગવતા રૂડાં લાગે છે ?'

તો સમકિતી કહેશે કે ''શું કરું ? મારી રાગદશા મને મારે છે. અંતરથી ભૂંડા સમજવા છતાં રાગદશાને લઇને એ રૂડાં લાગે છે, ને એમાં ટકાવારી મૂકી, વધુ રૂડાં સુખસાધન મળતા હોય તો ઓછા રૂડાં જતા કરવાનું મન રહે છે. બળી

મારી રાગદશા ! ઇચ્છું છું કે ક્યારે ત્યાગ માટે જાઉં, ને મારી રાગદશા ઓછી થાય, જેથી પછી મારે એ ભૂંડા સુખસાધન રૂડાં લાગવાનું રહે નહિ."

રાગદશા જે એનું નામ છે કે રાગ કરાવનારી સુખ લગાડનારી વસ્તુ રૂડી લાગે, જેમ દ્વેષદશા જ એનું નામ કે દ્વેષ કરાવનારી દુઃખ કરાવનારી વસ્તુ ભૂંડી લાગે છે ને ?

રાગદશા કેમ ઓછી થાય ? ખાલી ખાલી ભાવના કરવાથી નહિ, કિન્તુ રાગના સાધનનો ત્યાગ કરતા આવવાથી રાગદશા ઓછી થાય. એટલા માટે તો ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજે ઉપદેશ રહસ્ય નામના શાસ્ત્રમાં ઉપદેશના સાર તરીકે,

**ઉપદેશનાં અંતિમ રહસ્ય તરીકે રાગદ્વેષનો હ્રાસ થતો આવે એવી એવી પ્રવૃત્તિ કરતા ચાલવાનું બતાવ્યું.**

**तह तह पयट्टियत्वं जह जह रागद्दोसा विलिज्जंति एसा जिणाणमाणा...।**

'તેવી તેવી રીતે પ્રવર્તવું કે જેમ જેમ રાગદ્વેષ વિલય પામતા જાય, આ જિનાજ્ઞા છે, જિનેશ્વર ભગવાનોનો ઉપદેશ છે.'

અહીં ખૂબી જુઓ, 'પ્રવર્તવું' કહ્યું 'વિચારવું ચિંતવવું' ન કહ્યું. 'તેવું તેવું વિચારવું કે જેમ જેમ રાગદ્વેષ વિલય પામતા જાય,' એમ ન કહ્યું. કારણ આ જ કે, પ્રવૃત્તિ ઊંધી એટલે કે રાગદ્વેષની પોષક હોય તો વિચારણા ભાવના ગમે તેટલી કરતા રહો પણ રાગદ્વેષ ઘટતા ન આવે.

પ્ર.-કેમ ? ભરતચક્રવર્તી આરિસાભવનમાં ગયા ત્યાં સુધી રાગદ્વેષ પોષક જ પ્રવૃત્તિ હતી, છતાં ત્યાં ભાવનામાં ચઢ્યા તો રાગદ્વેષ તદ્દન લય પામી ગયા ને ?

ઉ.-ભૂલ્યા, ત્યાં ભાવના ક્યારે કામ લાગી ? કહો, આભૂષણો ઊતારવાની આભૂષણોનો ત્યાગ કરવાની પ્રવૃત્તિ કરતા ગયા ત્યારે ભાવના વધતી ચાલી. જવું હતું રાજસભામાં, તેથી આભૂષણોથી સજ્જ બનીને અહીં આવ્યા હતા. કદાચ એક વીંટી સરકી પડી તો ઉઠાવીને ફરીથી આંગળીએ બરાબર ફીટ કરી શકતે, યા નવી મંગાવીને પહેરી શકતે, અને ત્યાં અનિત્યતાની ભાવના કરતે તો શું રાગદ્વેષ ઓછા થતા આવતે ? 'ભગવાન ! ભગવાન !' કરો, એમાં કાંઇ વળે નહિ. એમ તો.

**વૈરાગ્યભાવના ભરતચક્રીની રોજ ચાલુ હતી, તો ત્યાં કેમ વીતરાગ ન થયા ?**

**કહો, રાગપોષક પ્રવૃત્તિ ચાલુ હોય ત્યાં રાગ હટવાનું શે બને ? પૂછો-**

પ્ર.-તો પછી એમની વર્ષોની વૈરાગ્યભાવના શું કામ લાગી ?

ઉ.-કામ એ લાગી કે એના સંસ્કાર એવા અધિક ને અધિક જોરદાર થતા જ ગયા, થતા જ ગયા, કે જ્યારે આરિસાભવનમાં આ મોકો આવ્યો ત્યારે આભૂષણના ત્યાગ કરવા સાથે આભૂષણાદિ એટલા બધા ભૂંડા લાગ્યા કે મન પરથી જડમાત્રની આસક્તિ ઊતરી ગઇ.

જો જો આભૂષણ પહેરતા હતા ત્યારે એ રૂડા લાગતા હતા માટે તો પહેરવામાં મનથી ટકાવારી માંડી નોકર દ્વારા સામે ધરાતા આભૂષણોમાંથી અમુક અમુક પસંદ કરીને એ પહેરતાં. પસંદગી ભૂંડા લાગીને હોય ? કે રૂડા લાગીને ? આ રૂડા, આ વધારે રૂડા, આ એનાથી ય વધુ રૂડા, એમ રૂડામાં તરતમતા લાગે તો જ પસંદગી હોય ને ? તો પછી પૂછો,

પ્ર.-એમની વૈરાગ્યભાવના શું કામ કરતી હતી ?

ઉ.-વૈરાગ્યભાવના મનને સુખસાધન ભૂંડા લગાડતી. વૈરાગ્યથી એમના મનને થતું કે "અરે ! આ ધનમાલ-રાજ્યપાટ ને કુટુંબ-પરિવાર કેવા ગોઝારા છે, કેવા ભૂંડા છે, કે મને રાગદ્વેષ કરાવી કરાવી પ્રતિસમય દુઃખદ કર્મ બંધાવે છે ! એક ભવમાંથી અનેક અધમ ભવોનાં સર્જન કરાવે છે ! તો કેમ હું એના ભોગવટામાં પડ્યો છું ? કેમ એને રૂડા રૂડા કરીને ભોગવી રહ્યો છું ? ક્યાં સુધી એને રૂડા લગાડી-લગાડી ભોગવ્યા કરવાના ? નહિતર એ બધા કેટલા બધા જલ્લાદ ભૂંડા ને ભયંકર છે !" આમ રોજ ને રોજ અંતરમાં એ વધુ ને વધુ ભૂંડા જ ભૂંડા લાગ્યા કરતા તેથી સુખભોગના અનુભવમાં રૂડા લાગવાનું ઝેર નહોતું ચડતું બલ્કે વર્ષોની વૈરાગ્ય ભાવનાએ ભૂંડાપણાના સંસ્કાર એવા જોરદાર બનાવી દીધા કે હવે આરિસાભવનમાં આભૂષણ ત્યાગની પ્રવૃત્તિ સાથે વૈરાગ્યભાવ વધતો ચાલ્યો. એમાં જાણે અનુભવથી પણ એ સુખો મહાભૂંડા લાગ્યા, ને રાગદ્વેષ ઘટતા ચાલ્યા. એમાં અંતે રાગાદિનો સર્વનાશ સાધ્યો ! ને એ વીતરાગ સર્વજ્ઞ બની ગયા !

**ભરતચક્રીએ પૂર્વભવે કેવું સાધ્યું હતું ?**

આ ભરતચક્રવર્તીએ તો પૂર્વ જન્મમાં કેટલી ઊંચી ત્યાગમાર્ગની સાધના કરેલી એ જાણો છો ? પૂર્વ ભવે ચક્રવર્તીના દીકરા હતા. ચક્રવર્તીના ઘરમાં કેવા ઊંચા ભોગસાધનો હોય ? અને રંગવિલાસ કેવા ઊંચા ? એ બધું પડતું મૂકી ઊભા થઇ ગયેલા અને ચારિત્ર લીધા પછી ય ઓછો ત્યાગ ? કેટલો ત્યાગ ? ઊંચા માલ-

મલીદા, રેશમી-જરિયાન આછા સુકોમલ વસ્ત્રો, હીરા-માણેક મોતીના દાગીના, રથ-ઘોડા-હાથીનાં વાહન, નોકર-ચાકરના અને દેવાંગનાશી રાજ કન્યાઓના પત્નીરૂપે પરિવાર ! આ બધાના સર્વેસર્વા ત્યાગ કેમ ? સુખ ભૂંડા લાગ્યા, ત્યાગ નહોતો રંગરાગમાં હતા ત્યારે માન્યતામાં સુખ ભૂંડા હતા, હવે ત્યાગમાં અનુભવથી ભૂંડા લાગ્યા.

**૫૦૦ મુનિઓની ભક્તિનો નિયમ**

ચારિત્ર લીધા પછી ય જુઓ કેવા ત્યાગ અને કષ્ટ ? મનને થયું કે અહીં પણ જ્યારે ૫૦૦ મુનિઓની ગોચરી-પાણી લાવી જનમ જનમના કર્મોનો ક્ષય કરવાનો લાભ લેવાનો સોનેરી અને અતિ દુર્લભ અવસર મળ્યો છે, ત્યારે જો કાયાની મમતા અને કાયાને આરામીના સુખનો રાગ રાખી બેસું, તો એ આરામીનું સુખ રાગના લીધે મીઠું લાગતું રહે, ભૂંડુ ન લાગે, ને આત્માના મોક્ષનું સુખ આઘું રહે, નિકટ ન આવે. માટે જવા દે આ આરામીનું ભૂંડું સુખ, બસ, અભિગ્રહ કે 'આ કાયા ચાલે ત્યાં સુધી ૫૦૦ મહાત્માઓની ગોચરી-પાણી લાવવાની ભક્તિ મારે કરવાની.'

આ અભિગ્રહ કરીને ૫૦૦ મુનિઓની રોજ ગોચરી-પાણી લઇ આવવાનાં ભગીરથ કષ્ટ ઉપાડ્યા ! શું ?

(૧) સંસાર છોડયો એમાં રાગનાં સાધન છોડ્યા.

(૨) મુનિઓની ભક્તિ કરવા માંડી એમાં તન- મનનાં કષ્ટ ઉપાડ્યા. ત્યાગ અને કષ્ટ, આ બે જબરદસ્ત સાધનામાં સુખ ભૂંડું કેવું અનુભવાય ? એના સુસંસ્કાર કેટલા જંગી ઊભા થાય ?

એ વારસો લઇને અહીં આવેલા છે, ને નિકાચિત કર્મના યોગે એમને ચક્રવર્તી થવું પડે છે, પરંતુ અંતરથી કેવા ન્યારા રહે ?

અલબત નિકાચિત રાગ મોહનીય કર્મના યોગે ચક્રવર્તીના ભોગ સુખો છોડી ત્યાગમાર્ગ-સંયમમાર્ગે જવાના મનના પરિણામ નહિ, એ નિકાચિત-રાગના યોગે સુખ અનુભવમાં મીઠા મીઠા લાગે, પરંતુ અંતરથી વિરાગી, જ્વલંત વૈરાગ્ય, તે અંતર કહે, 'આ સુખ મહા ભૂંડા છે, હું કેવો પામર કે હજી આ ગોઝારા સુખ મને રૂડા લાગીને એને ભોગવવા બેઠો છું ! ક્યારે આ ભૂંડાનો સંગ છૂટે ?'

અંતરમાં આ વર્ષો સુધી ગડમથલ હતી ને આરિસાભવનમાં મોકો આવતાં આભૂષણ ત્યાગ કરતાં કરતાં સંસારસુખમાત્ર અનુભવે ભૂંડા લગાડી મનથી એનાથી

અલિપ્ત બનતા ગયા, સર્વથા અનાસક્ત ભાવ પર ચડી ગયા, નિર્વિકાર વીતરાગ બની સર્વજ્ઞ બની ગયા.

વાત આ છે-એવી એવી પ્રવૃત્તિ કરવી કે જેથી રાગદ્વેષ ઘટતા આવે. રાગદશા ઘટાડવા માટે તેવી તેવી પ્રવૃત્તિની જરૂર છે. અલબત સંસારસુખ ભૂંડા છે એવું અંતરમાં ઠસી ગયું છે, છતાં ઘરવાસમાં રહ્યે સુખ પર રાગદશા છે તેથી સુખ રૂડું લાગે છે, એ ભૂંડું ક્યારે લાગે ? ત્યાગ કરો ત્યારે ભૂંડું લાગે, ભરતચક્રવર્તીએ આભૂષણોનો ત્યાગ કરવા માંડ્યો ને જોયું કે 'આ તો ભાડુતી શોભા ? તો પછી મારા આત્માનું કશું સૌંદર્ય જ નહિ ? આ નાશવંતપરની શોભા કેવી ગોઝારી કે મારા આત્માની પોતાની જે અવિનાશી અનંતજ્ઞાનમય વીતરાગતામય શોભા, એ શોભાને ભૂલાવી દીધી !' બસ, એ પરની શોભા તે, પર માત્ર અનુભવમાં ભૂંડા લાગ્યા પણ ક્યારે ? ત્યાગની પ્રવૃત્તિ કરી ત્યારે, એટલે ઉપદેશનો સાર આ છે કે રાગદ્વેષ ઘટતા આવે તેવી તેવી પ્રવૃત્તિ કરવી. દાખલા તરીકે-

નવરા પડ્યા વાતોચીતો કરવા બેસાય છે, વાતોચીતો એ રાગદ્વેષવર્ધક છે. એના બદલે તીર્થંકર ભગવાનનું ચરિત્ર લઇ વાંચવા બેસો, ભગવાને કહેલ કથાચરિત્ર વાંચવા લઇ બેસો, જેથી એ વાંચતાં રાગદ્વેષ કાંક મંદ પડે, કષાય પાતળા પડે. બોલો છો ને 'વંદિત્તું' સૂત્રમાં શ્રાવકની ભાવના

**"ચિરસંચિય પાવપ્પણાસણીઇ, ભવસય સહસ્સ મહણીએ,**

**ચઉવીસ જિણ વિણિગ્ગય કહાઇ, વોલંતુ મે દિયહા"**

અર્થાત્ ચોવીસ જિનેશ્વર ભગવાનના મુખમાંથી નીકળેલી કથાઓ વડે મારા દિવસો પસાર થાઓ કેમકે એ કથાઓ દીર્ઘકાળ સુધી ભેગા કરેલા પાપોનો નાશ કરનારી છે, અને લાખો ભવોને મથી નાખનારી છે, કાપી નાખનારી છે.

જુઓ અહીં પણ મહાપુરુષોના ચરિત્ર વાંચવા સાંભળવાની પ્રવૃત્તિ બતાવી, જેથી રાગદ્વેષ ઘટતા આવે. પ્રવૃત્તિ કર્યા વિના ખાલી વિચારણા માત્રથી રાગદ્વેષ ઘટતા આવશે એવી આશા નિષ્ફળ છે, કેમકે એક બાજુ વિચારણા તો સુફિયાણી કરવાનું રાખ્યું કે 'અમને રાગદ્વેષ ભૂંડા લાગે છે, રાગદ્વેષ કરાવનાર સંસારસુખ અને સંસારના વિષયો અમને ભૂંડા લાગે છે,' પરંતુ પ્રવૃત્તિમાં રાગદ્વેષના પોષક ખાનપાન હરવું ફરવું, વાતોચીતો ધંધા ધાપા, સ્નેહીઓની મુલાકાતો...વગેરે વગેરે કોઇ અંકુશ વિના છૂટથી ચાલુ રાખ્યું, તો રાગદ્વેષ ક્યાંથી ઓછા થાય ? એ તો

વાતો મૂકી મહાપુરુષના ચરિત્રો વાંચવાની પ્રવૃત્તિ કરાય, ખાનપાનમાં શક્ય થોડા પણ ત્યાગ રખાય, ધંધા ધાપામાંથી અવસરે પણ થોડી નિવૃત્તિ લઇ સત્સંગ સામાયિક વગેરે પ્રવૃત્તિ કરાય, તો જ રાગદ્વેષ ઘટતા આવે.

ભરત મહારાજાનો તમારે ચાળો કરવો છે ? કે 'ભલે એમની જેમ અમે સંસારસુખમાં બેઠા હોઇએ પરંતુ અમને સુખ ભૂંડું લાગે છે, એટલે અમે તરી જઇશું ?' એ ભરતે ય પોતાની જાત માટે એવો દાવો નહોતા રાખતા. એ તો સમજતા હતા કે **"હું માનુ છું કે સંસારસુખ ભૂંડા છે, પરંતુ અનુભવમાં હજી મને સુખ ભૂંડા નહિ પણ રૂડા લાગે છે.** એટલે તો હું સુખ ભોગવતો બેઠો છું. ક્યારે એવો ધન્ય દિવસ આવે કે સુખ ખરેખર અનુભવમાં ભૂંડા લાગીને એને સાપની કાંચળીની જેમ ફગાવી દઉં અને સંયમ માર્ગે ચડી જાઉં !"

નિઃસંકોચ સુખો ભોગવતા રહેતાં, 'સુખ અમને ભૂંડા લાગે છે,' એવા ભ્રમમાં રહેશો નહિ. ભૂંડા નહિ પણ રૂડા લાગે છે માટે જ પસંદગીપૂર્વક અને ઓછા રૂડા લાગતા સુખ જતા કરીને વધારે રૂડા લાગતા સુખ મળતા હોય તો લઇને સુખ ભોગવતા બેઠા છો.

ત્યાં તમને ભ્રમ થાય કે "ભલે સુખ ભોગવતા બેઠા છીએ, પરંતુ અમને સુખ ભૂંડા લાગે એટલે અમારામાં સમકિત, ને રૂડા લાગે તો અમારામાં મિથ્યાત્વ." તો આવા ભ્રમમાં રહેવાથી તો જિનવચન કથિત સારી ધર્મક્રિયાઓ આચરતા હશો, તેની અનુમોદના ગુમાવવાનું થશે.

જિનવચન આ કહે છે-**સુખના રાગના યોગે સુખ રૂડા જ લાગવાના. રાગનું કામ જ એ છે. પરંતુ જો તમારૂં અંતર પોકારતું હોય કે 'આ સુખ ગોઝારા છે, ભૂંડા છે, સંસારની ૮૪ લાખ યોનિઓમાં ભટકાવનારા છે, હું ક્યાં સુધી મૂઢ બન્યો રહી આ ભૂંડાને રૂડા મીઠા મીઠા લગાડતો એના ભોગવટામાં બેઠો રહીશ ? મારૂં શું થશે ?' એમ જો મનને લાગતું હોય, સુખ રૂડા મીઠા લાગવાનો હેયે જિનવચનથી કાળો કકળાટ હોય, તો તમારામાં સમકિત છે, અને જો બહારથી રૂડા લાગતા સુખ અંતરથી પણ રૂડા જ લાગતા હોય તો તમારામા મિથ્યાત્વ છે.**

આ જ જિનવચન શ્રાવકના બારવ્રત અને અનેકાનેક પ્રકારના સમ્યકત્વના તથા શ્રાવકપણાના આચારો અને અનુષ્ઠાનો તથા દાનાદિ સુકૃતો જે ફરમાવે છે, તે શા માટે ? **સુકૃતોથી સુખના ત્યાગ થતા આવે અને ધર્મના કષ્ટ ઉપાડાય તો સુખ ભૂંડું**

**એવો કંઇક કંઇક અનુભવ થતો આવે, ને સુખનો રાગ કપાતો આવે.**

**પ્રભુદર્શને શું જોવાનું ?**

વાત એ ચાલી હતી કે પ્રભુની આંગીના દર્શન કરો છો ત્યાં મન સારી આંગીમાં જ ઠરી બેસે છે ? કે આંગીનાં દર્શન પછી મન પ્રભુમાં પ્રભુની નિર્વિકારતામાં ઠરે છે ? જો અંતરની સચોટ માન્યતાથી સુખ ભૂંડું નહિ સમજતા હો, તો મન માત્ર સરસ આંગીમાં જ ઠરી બેસશે. ત્યારે જો અંતરથી સુખ ભૂંડું સમજાય છે, ને તેથી બહારમાં સુખ રૂડુ લાગવા પર કાળો કકળાટ રહેતો હશે, તો તો મન આંગી પરથી ઊઠીને તરત વીતરાગ પ્રભુમાં અને પ્રભુની વીતરાગતામાં જશે, અને પ્રભુનાં દર્શને આ જ કામ કરવાનું છે-પ્રભુની નિર્વિકાર ચક્ષુ પર ધ્યાન લઇ જવાનું છે. પ્રભુની ચક્ષુ પર નજર ફિક્સ કરી નજર ચોંટાડી દઇ એમાં નીતરતી નિર્વિકારતા જોવાની છે.

એ જોવાનું છે કે પ્રભુ સર્વજ્ઞ છે એટલે અસંખ્ય ઇંદ્રાણીઓ અને અપ્સરાઓને તથા એમના શરીરનાં પ્રત્યેક અંગનાં સૌંદર્ય દેખે છે, છતાં પ્રભુ તદન નિર્વિકાર છે. એમને લેશમાત્ર વિકાર નથી થતો. એવી પ્રભુની નિર્વિકારતા વારંવાર જોઇએ એટલે આપણામાં રૂપનાં આકર્ષણ ઘટતા આવે. મનને એમ થાય કે-

'મારા પ્રભુની સામે અસંખ્ય સુંદર રૂપ છે, છતાં પ્રભુને એ અસંખ્યનું કશું આકર્ષણ નથી, એની કશી સારાપણાની અસર નથી, તો પછી હું એકના રૂપમાં શું લોભાઉં ?'

**પ્રભુની ચક્ષુમાં વારંવાર નિર્વિકારતાના દર્શન કરતાં કરતાં બ્રહ્મચર્યનું બળ મળે છે.**

હિસાબ માત્ર આટલો, કે મન એ નિર્વિકારતામાં ઠરવું જોઇએ. એ ઠરવા માટે પોતાના રાગાદિ વિકારો પ્રત્યે ઘૃણા થવી જોઇએ. એમ રાગના સાધનો પ્રત્યે ઘૃણા ઊભી કરવી પડે. ત્યારે પ્રભુની નિર્વિકારતા પર ઓવારી જવાય.

પેલો રાજા સિંહરથ વિદ્યાધર ચક્રવર્તી છે, પણ એને એકવાર ચાનક લાગી કે 'અરે ! મેં જીવંત તીર્થંકર ભગવાનનાં સમવસરણ પર દર્શન ન કર્યા ? મારો જનમ એળે ગયો ! લાવ, જાઉં પ્રભુનાં દર્શને'. ઊપડ્યો મહાવિદેહક્ષેત્રમાં, અને ત્યાં સમવસરણ પર બિરાજમાન તીર્થંકર ભગવાનના દર્શન કર્યા, અને પ્રભુની નિર્વિકાર શાંત સુધારસ ઝીલતી મુદ્રા પર ઠરી ગયો. પ્રભુને જોઇ મનને થયું કે 'અહાહા ! આ ભગવાનને ન જોયા હોત, તો જંગલના માલતી પુષ્પની જેમ મારો જનમ એળે જાત !'

**સિંહરથ દર્શન બાદઃ વિમાનને સ્ખલના :-**

પ્રભુનાં દર્શન કરી હવે એ પાછો ફરે છે એમાં જ્યાં રાજા મેઘરથ ઉદ્યાનમાં રહેલા છે. એના ઉપરથી સિંહરથનું વિમાન જઇ રહ્યું છે ત્યાં, વિમાન ખચકાય છે, સ્ખલના પામે છે.

આ અધિકાર મેઘરથ રાજા પોતાની રાણીના પ્રશ્નના ઉત્તરમાં કહી રહ્યા છે. પ્રશ્ન આ હતો કે 'અહીં જે સંગીતની રમઝટ મચાવી તે એકાએક શી રીતે ઊભી થઇ ? કોણે ઊભી કરી ? ને આ દંપતી કોણ ?' એના જવાબમાં મેઘરથ રાજા સિંહરથનો અધિકાર કહી રહ્યાં છે. અધિકાર કહેતાં કહેતાં આટલે આવ્યા કે સિંહરથરાજાનું વિમાન સ્ખલના પામ્યું. હવે આગળ મેઘરથ કહે છે-ત્યાં સિંહરથ વિમાન કેમ ખચકાયું ? એમ કહી નીચે જુએ છે તો ઉદ્યાનમાં મને જુએ છે. હું મહાસમૃદ્ધિ અને રાણીઓના પરિવાર સાથે છું એટલે સિંહરથને મન એમ થાય છે કે ''હેં ? આ મેઘરથને અભિમાન ચડ્યું છે કે મારૂં વિમાન સ્ખલિત કરે છે ? માટે લાવ, જરા એને બોધ પાઠ આપું જેથી ખબર પડે કે બીજાનાં વિમાનને સ્ખલના પહોંચાડવાનું અભિમાન કેમ રખાય છે ?''

**વિમાન કેમ ખચકાયું ?**

રાજા ઘનરથે આમાં કશું કર્યું નથી, તો પછી વિમાન કેમ સ્ખલના પામ્યું ? કિન્તુ જેમ કોઇ વિશિષ્ટ સ્થાવર તીર્થ પરથી વિમાન જતું હોય અને તીર્થના પ્રભાવે સ્ખલના પામે, જેથી વિમાનવાળાને ખ્યાલ આવે અને તીર્થની ભક્તિ કરીને પછી આગળ વધે, એમ કોકવાર જંગમ તીર્થસમા વિશિષ્ટ મહાપુરૂષના પ્રભાવે પણ વિમાન સ્ખલિત થાય તો વિમાનવાળાને એનો ખ્યાલ આવવાથી નીચે ઊતરી કમમાં કમ આ મહાપુરૂષને નમસ્કાર કરીને પછી આગળ વધે.

**ભૂતડાનાં સંગીત અને આકાશીય યુગલનો ખુલાસો :-**

રાજા મેઘરથ એવા વિશિષ્ટ મહાપુરૂષ છે, તેથી તો જુઓ કુમારપણે હતા ત્યારે પણ અવધિજ્ઞાનના ધણી હતા, અને બે વિદ્યાધરના પૂર્વભવ એમણે અવધિજ્ઞાનથી જોઇને કહ્યા હતા.

સિંહરથ રાજાએ એ જોવું જોઇતું હતું કે 'મારૂં વિમાન સ્ખલિત કરી શકે છે ? તો એ કોઇ વિશિષ્ટ શક્તિવાળા છે, તો લાવ એમને પ્રણામ કરીને પછી આગળ વધું,' પરંતુ એ ન જોયું તે કલ્પના કરે છે કે 'આ અભિમાની છે તે મારૂં

વિમાન સ્ખલિત કરે છે, માટે આને શિક્ષા કરૂં' ત્યારે જુઓ આ ખોટા વિચારનું શું ફળ મળે છે. ઘનરથ રાજા પોતાની રાણીને ભૂતડાના સંગીત અંગે ખુલાસો કરતાં આ કહી રહ્યા છે કે 'રાજા સિંહરથે મારા માટે વિમાન અટકાવવાની ખોટી કલ્પના કરી મને શિક્ષા કરવા પોતે નીચે ઊતરી આવીને મને ઉપાડવા પ્રયંત્ન કરે છે. મને તરત ખ્યાલ આવીને મને ઉપાડવા પ્રયત્ન કરે છે. મને તરત ખ્યાલ આવી ગયો એટલે મેં મારા ડાબા હાથથી એના ડાબા હાથને દબાવ્યો. માત્ર એક હાથની પણ કચરામણ એને અસહ્ય હતી. તેથી એ કરૂણ સ્વરે રોવા લાગ્યો. એ સાંભળીને એની પત્ની ગભરાઇ ગઇ, અને એને ભય લાગ્યો કે 'હાય ! મારા પતિને આ શું ય કરી નાખશે ?' તે દોડતી આવી મારી પાસે, અને હાથ જોડી નમીને એણે પતિના જીવતદાનની ભિક્ષા માગી પૂછો-

પ્ર૦- મોટા વિદ્યાધર સમ્રાટ રાજા સિંહરથની આ દશા ?

ઉ૦- હા, માણસ વિદ્યાશક્તિ, ભાષણશક્તિ, યા બીજી શક્તિના બળ પર બીજાને દબાવવા જાય ત્યારે ત્યાં એને ભાન નથી રહેતું કે-

**કુદરતના સામ્રાજ્યમાં વિવિધ વિશિષ્ટ શક્તિઓ પડેલી હોય છે. એની સામે આંખ મિચામણા કરી પોતાની એક શક્તિના ભરોસે દોડવા જાય એને સામેની કોઇ વિશિષ્ટ શક્તિથી પાછા પડવું પડે.**

કહીએ છીએ ને કે શેરના માથે સવાશેર હોય ?

એટલે ? આપણી પાસે કોઇ શક્તિ, તો બીજા પાસે એનાથી સવાયી શક્તિ હોવા સંભવ છે. એથી આપણી શક્તિના અભિમાનમાં તણાઇ અજુગતું કરવાનું સાહસ કરવું એમાં સામેથી માર ખાવાનું આવે, એવું બનવા જોગ છે.

રાવણ ને વાલીનો ખ્યાલ છે ને ? રાવણ પાસે ચંદ્રહાસ ખડગની વિશિષ્ટ શક્તિ હતી, તો એની સામે વાલીરાજા પાસે અગાધ બળની વિશિષ્ટ શક્તિ હતી. રાવણે એનો ખ્યાલ જ ન કર્યો અને પોતાની આ શક્તિના આધારે અભિમાન કરી વાલીને ખત્મ કરવાનું વિચાર્યું, અને ચંદ્રહાસ ખડગ ઉગામી વાલી તરફ એ દોડયો, 'જાણે હમણાં જ ઘા કરી ધડથી ડોકું ઉડાવી દઉં !'

ॐ ॐ ॐ ॐ ॐ ॐ

અભિમાનની કેવી દુર્દશા કે એ જોવા નથી દેતું કે અત્યાર સુધીમાં વાલિએ બધાં શસ્ત્રો નકામા કરી મને વિજય નથી પામવા દીધો, તો સામેનામાં જરૂર અગાધ

શક્તિ છે. તો હવે શા સારુ ચદ્રહાસ ખડગ પર ભરોસો રાખી દોડું ? નથી ને કોઇ એની વિશિષ્ટ શક્તિ આ પણ નિષ્ફળ કરે ને મારે ઊલટું પછાડ ખાવી પડે. એ નાલેશી વહોરવા કરતાં લાવને મિત્રાચારી જ માંગી લઉં.'

**અભિમાન અંધાપો છે, એ સાચું જોવા ન દે.**

રાવણને અભિમાનના આ પ્રયત્ને એને કેવી પછાડ ખવરાવી દીધી ! તલવાર પકડેલો હાથ જ ઘા કરવા જાય તે પહેલાં જ એને વાલિએ પોતાના ડાબા હાથથી પકડી લીધો ! અને જમણા હાથથી રાવણને કમરમાંથી ઊંચકી રાવણને પોતાની બગલમાં છત્રીની જેમ આડો દબાવી લીધો ! અને આકાશગામિની શક્તિથી આખા જંબૂદ્વીપને ક્ષણમાં એક રોન-લટાર મારી ! પાછા યુદ્ધભૂમિ પર આવી રાવણને બગલમાંથી બહાર કાઢી સામે ખડો કરી દીધો !

બોલો, અહીં હવે રાવણની મજાલ છે કે મોઢું ઊંચું કરી શકે ? ના, કારણ કે એ જુએ છે કે 'જ્યારે બગલમાં લીધો હતો ત્યારે જ વાલિએ ધાર્યું હોત તો બગલમાં જ વધારે દબાવી મને બાપ રે બાપ બોલાવ્યો હોત ! યા પ્રાણથી ખત્મ કર્યો હોત ! અથવા જેલના સળિયા પાછળ જીવનભરને માટે પૂરી દીધો હોત.' સામેવાળાની આ વિશિષ્ટ શક્તિ આગળ મોં શું ઊંચું રાખી શકે ?

એટલે જ આ પરથી આપણે કોઇ વિશિષ્ટ શક્તિ પર અભિમાન કરતાં થોભવા જેવું છે, અભિમાનમાં આવી અજુગતું સાહસ કરતાં કે અજુગતા બોલ બોલતાં પહેલાં વિચાર કરવા જેવો છે, કે-

**કુદરતના સામ્રાજ્યમાં અનેક વિશિષ્ટ શક્તિઓ પડેલી હોય છે. તો મારી શક્તિ પર મદ કરવો નકામો છે.**

**સંભવ છે કોઇની વિશિષ્ટ શક્તિ મને મહાત કરી નાખે તો મારું અભિમાન સોંસરું નીકળી જાય.**

રાજા સિંહરથ અભિમાનથી મેઘરથને ઉંચકવા લીધો તો જુઓ મેઘરથથી એનો એક હાથ કચરાતાં એને એક બાળકની જેમ રુદન કરવાનો પ્રસંગ આવ્યો !

વિચારો-'જીવનમાં આવું કેટલીવાર બને અર્થાત્ શક્તિનો મદ કરી આંધળિયા કરવામાં કેટલીવાર રોવાનું આવે તો આપણે પછી કદી ય એમ મદ ન કરીએ ?' ના, એ કશું નક્કી નહિ. અનેકાનેક વાર રોવાનું આવ્યું, પસ્તાવાનું આવ્યું, પછાડ ખાધી, તો ય મદ-મોહની પૂઠે પડવાનું નથી છોડ્યું ! એટલે તો

ચારિત્ર લેવાનું તો સ્વપ્નું ય નથી આવતું ને ? પરંતુ સારા ત્યાગી અને ભક્ત મહાન શ્રાવક બનવાના ય અભરખા નથી થતા. આમાં આત્માનો ઉદ્ધાર શે થાય ?

સમજાય છે ? આપણને જીવનમાં અભરખા અને કે છે, ઓરતા અનેકાનેક વસ્તુના થાય છે, એમાં ખરેખર તો આ ઓરતા આ અભરખો દાખલ કરવા જેવો છે કે 'ક્યારે હું હવે મહાન શ્રાવકના વ્રતો, સાધનાઓ અને મનોવૃત્તિવાળો બનીશ !' ક્યારે હું પ્રભુના પગલે પગલે સાધુજીવન જીવનારો બનીશ !' ભૂલશો નહિ.

મહાન શ્રાવકના વ્રતો પણ મહાન હોય, સાધનાઓ ય મહાન હોય, અને મનોવૃત્તિ ય મહાન હોય.

**પ્રભુનાં પગલે સાધુજીવન એટલે ?**

એમ પ્રભુનાં પગલે સાધુજીવન એટલે ? કોઇ જ પૌદ્‌ગલિક વિકલ્પ વિનાનું ઉત્સર્ગમાર્ગનું સંયમ જીવન જેમાં રાગદ્વેષ-કામક્રોધાદિ કષાયોને નામશેષ જેવા કરી નખાય, અને ત્યાગ તથા કષ્ટસહનમાં શક્ય એટલું બાકી ન રખાય, તેમજ તત્ત્વચિંતન તો ચોવીસે કલાક મનમાં એવું રમતું હોય કે, કાંઇ અસદ્-અનુપયોગી વિચાર-વિકલ્પ ત્યાં ઊઠે જ નહિ.

**વ્રતો-સાધનાઓ-મનોવૃત્તિ ત્રણે ય પૂરી :-**

જીવનમાં ઉત્થાન માટે મહાન વ્રતો-સાધનાઓ અને મનોવૃત્તિ ખૂબ જરૂરી છે. વ્રતો છે પણ સાધનાઓ નથી, તો તન-ધનના મોહ નહિ ખસે. સાધનાઓ હોય તો હાડકાં હરામ ન થાય, ધનની કૃપણતા ન થાય, વ્રતો અને સાધનાઓ બંને હોય પણ મનોવૃત્તિ ન સુધારાય, તો પહેલા બે પર રેલો ફરી વળે. આમ ત્રણે ય જોઇએ. એના ઓરતા કરાતા રહેવાય તો અમલ સુલભ થાય. સિંહરથ રાજાને જીવતદાન મળ્યું એટલે જુઓ એને કેવો ઓરતો થાય છે-

**મેઘરથ ખુલાસો કરે છે :-**

મેઘરથ રાજા કહી રહ્યા છે કે ''વિદ્યાધર સમ્રાટ રાજા સિંહરથની પત્નીએ પતિના કરુણ રૂદન પર મને કરગરીને વિનંતિ કરી કે 'કૃપા કરી એમની ઉદ્ધતાઇને ક્ષમા આપો. અને એમના હાથને છોડી દો એમને જીવતદાન આપો.' એટલે મેં તરત જ એનો દબાવેલો હાથ છોડી દીધો, અને એણે ક્ષમાં માગી, પછી એણે મારી ભક્તિ કરવા માટે ભૂતડાનાં નૃત્ય અને સંગીત વિકૂર્વ્યા, એ નૃત્ય-સંગીત પાછળ આ કારણ હતુ.''

મેઘરથ રાજાએ આ ખુલાસો કર્યો અને અંતે કહ્યું કે 'એ જ રાજા સિંહરથ અને એની રાણી હમણાં વિમાનમાં નીચે ઊતર્યા.'

મેઘરથ રાજાની રાણી પ્રિયમતી અને પરિવારે ભૂતડાનાં સંગીત જોયેલાં, તેમજ હમણાં વિમાનમાં યુગલ ઉતરેલું જોયેલું, પરંતુ એની પાછળ શું કારણ હતું એની કશી ખબર નહોતી, તે હવે મેઘરથ રાજાના ખુલાસાથી જાણ્યું એટલે બધા ચકિત થઇ ગયા કે 'અહો ! મહારાજાનું કેવું જબરદસ્ત દિવ્યજ્ઞાન કે આ બધું એમની નજરમાં આવી ગયું !' એક બાજુ લોક એમના દિવ્યજ્ઞાન રાજાની દિવ્ય સમૃદ્ધિ છતાં અલ્પજ્ઞતા પર લોકોને દયા આવી ગઇ છે.

હવે રાણી પ્રિયમતી પૂછે છે 'પ્રભુ ! આ રાજા સિંહરથને આટલી બધી સમૃદ્ધિ અને શક્તિ શી રીતે મળી ? 'પૂર્વભવે કેવું સુકૃત એમણે કરેલું ?'

**સિંહરથનો પૂર્વભવ-નિર્ધન રાજગુપ્ત :-**

મેઘરથ મહારાજા એ બતાવવા કહે છે કે આ રાજા સિંહરથ પૂર્વભવે પુષ્કરાર્ધદ્વીપના પૂર્વ ભરતક્ષેત્રમાં રાજગુપ્ત નામે એક નિર્ધન વણિક પુત્ર હતો. એની આજ પત્ની એ ભવમાં શંખિડા નામે પત્ની હતી. અને અશુભ કર્મના ઉદયે બહુ ગરીબીમાં દિવસો ગુજરતા હતા, એમાં એક વખતે રાજગૃપ્તને સંઘગિરિ નામના પર્વત પર જવાનું થયું. ત્યાં સર્વગુપ્ત મુનિવર ધર્મની દેશના આપતા હતા. તે સાંભળવા જઇ બેઠો. મહાત્માએ વ્યાખ્યાનમાં એ સમજાવ્યું કે ઉત્તમ પુરુષોને બહુ દુખિયારા જીવો પર અધિક વાત્સલ્ય હોય છે, એટલે ઉત્તમ બનવું હોય એણે બહુ દુખિયારા જીવો પર અધિક પ્રેમ દેખાડવો જોઇએ.

માણસની મહાનતા ત્યાં વર્તાય છે કે એ દુખિયારા પર અધિક સ્નેહ દર્શાવે છે ને ?

**ભાવનગરના રાજાનો દુઃખિયારા પર પ્રેમ :-**

ભાવનગરના મહારાજા નગર બહાર ફરવા નીકળેલા. ત્યાં એક ગરીબ છોકરો આંબાના ઝાડ પરથી કેરી પાડવા પત્થર ઠોકતો હતો, એમાં એક પત્થર સીધો રાજા પર આવી રાજાને વાગ્યો, સાથેના સિપાઇઓ આ જોઇ નજર નાખી કે પત્થર ક્યાંથી આવ્યો ? તો પેલા છોકરાને જોયો. તરત એને મહારાજા પાસે પકડી લાવ્યા અને કહે 'જુઓ સાહેબ ! આ તોફાની છોકરાએ આપને પત્થર માર્યો !'

છોકરો થરથર ધ્રુજી રહ્યો છે. રોતાં રોતાં હાથ જોડી કહે 'સાહેબ ! મારી

ભૂલ થઇ. હું કેરી નીચે પાડવા પત્થર મારતો હતો એમાં આપને પત્થર લાગી ગયો. મેં કશું તોફાન નથી કર્યું, પણ આપને પત્થર વાગી ગયો, મારી મોટી ભૂલ થઇ છે મને માફ કરો.'

સિપાઇઓ કહે 'લુચ્ચા ! શું તારે જોવું જોઇતું નહોતું કે કોણ આવે છે ? ને મહારાજા સાહેબને પત્થર વગાડ્યો ? ઊભો રહે હવે તારું આવી બન્યું છે.'

ભાવનગરના મહારાજા મહાન હતા, એમણે જોયું 'આ બિચારો ગરીબ દુખિયારો છોકરો છે. કેરી ખાવા એની પાસે પૈસા ક્યાંથી હોય ? એટલે અહીં મફતમાં કેરી પાડતો હશે.

**દુખિયારા પર તો અધિક પ્રેમ દેખાડવો જોઇએ.'**

સિપાઇઓને મહારાજા કહે 'એને છોડી મૂકો. જુઓ એક જડ આંબા જેવું ઝાડ પત્થર લાગે તો કેરી આપે છે ! તો હું તો મોટો રાજા ગણાઉં, તો મારે તો પત્થર લાગતાં મોટી બક્ષીસ કરવી જોઇએ.' એમ કહી મહારાજાએ ખીસામાંથી બે રૂપિયા કાઢી છોકરાને હાથમાં આપતા કહે 'જા એની કેરીઓ લઇ ખુશીથી ખાજે !'

છોકરો સ્તબ્ધ થઇ ગયો, કહે 'ના ભાઇ સાહેબ ! હું તમને પત્થર મારું ને ઉપરથી પૈસા લઉં ? ન લેવાય મારાથી !' મહારાજાએ વહાલથી સમજાવ્યો 'જા, જા, તેં મને મારવા માટે થોડો જ પત્થર ફેંક્યો છે ? લઇ જા આ બે રૂપિયા'. સિપાઇઓ ને હજુરિયા ડઘાઇ ગયા ! સમજતા હતા કે 'મહારાજા એને બે ચાર ધોલ લગાવી દેશે, એના બદલે બે રૂપિયા બક્ષીસ કરે છે !' હજુરિયા મહારાજાને કહે, 'ધન્ય મહારાજા આપને ! આવું મોટું દિલ આપ જ ધરાવી શકો ! અમારા સાંકડા દિલમાં આવી કલ્પના જ આવવી મુશ્કેલ છે. ધન્ય ધન્ય પ્રભુ !'

**માણસની મહાનતા દુખિયારાને તિરસ્કારવામાં નહિ, પણ એને અધિક સ્નેહ પીરસવામાં હોય.**

એથી દુખિયારાને જે આશ્વાસન મળે છે, દિલને જે શાતા ઉપજે છે, એ અવર્ણનીય છે. કેમકે દુનિયામાં મોટા ભાગે નીચી કક્ષાના માણસો હોય છે, ને એ દુખિયારાને તુચ્છકારતા હોય છે, એટલે એ દુખિયારા મનમાં સમસમી રહે છે. હૈયું એમનું ભાગી જાય છે, જુએ છે કે 'એક બાજુ અમારો પાપનો ઉદય અમને દુઃખી તો કરી રહ્યો છે, એમાં બીજી બાજુ વળી આ ભાઇ અમને તુચ્છકારે તિરસ્કારે છે, અમારું અપમાન અવગણના કરે છે, એથી અમને વધુ દુઃખ લાગે છે.' એમ કહી એ

દુખિયારાના હૈયા હતાશ નિરાશ થયેલા હોય, એમાં મહાન પુરુષ એના પ્રત્યે પ્રેમ દેખાડે, ને એમાં વળી પ્રેમ કોરો કોરો નહિ પણ એનું દુઃખ કાંઇક હળવું કરવા પૈસા વગેરેનો ભોગ આપીને પ્રેમ દેખાડે, ત્યારે પેલા બિચારાને કેટલી બધી શાતા વળે ? કેટલી બધી હુંફ મળે ? તો કુદરત આનો બદલો કેટલા ગુણો કરીને આપે છે ? અરે ! ભોગ આપવાનો તો પછી, પરંતુ પ્રેમના શબ્દો પણ દુખિયારાને મળે તો ય એને આશાએસ મળે છે, જાણો છો ને કમઠના લાકડાના સાપને બળેલો ઝળેલો છતાં પાર્શ્વકુમારના માણસ પાસેથી નવકાર સાંભળતાં કેટલી બધી આશાએસ મળી ! સમાધિ મળી ! કે એણે ધરર્ણેન્દ્રપણાનું પુણ્ય ઊભું કર્યું ! ત્યારે પ્રેમના શબ્દમાં શો ખર્ચ લાગે છે ? પરંતુ

મહાન ન હોય એને દુઃખીને પ્રેમના શબ્દ પણ પીરસતા આવડતું નથી.

પૂછો-

પ્ર.-આજના શ્રીમંતોને દુખિયારા પ્રત્યે આટલા સસ્તા પણ પ્રેમના શબ્દો પીરસવાનું કેમ નહિ આવડતું હોય ?

ઉ.-કારણ કે એમને શ્રીમંતાઇનું અભિમાન છે. શ્રીમંતાઇના તોરમાં બિચારા તણાયે જાય છે, એટલે એ જોવા ફુરસદ નથી કે 'મારે માત્ર એક ચીજની ઉણપ પડે તો ય દિલ દુભાય છે, તો આ બિચારા દુખિયારાને લગભગ બધી વાતે ઉણપ હોવાથી એમના દિલ કેટલા બધી દુભાતા હશે !' જો આ સમવેદન પોતાના મન પર આવી જાય તો મહાન આત્માઓનાં દિલ પીગળી જાય, અને સહેજે એ દુખિયારા પર અધિક સ્નેહ દેખાડે.

પૂર્વના મહાન રાજાઓ 'પ્રજામાં દુઃખી કોણ છે ?' એ જોવા ગુપ્તવેશે નીકળી પડતા, અને દુખિયારાને જોઇ એના પર અધિક વાત્સલ્ય દેખાડી એનું દુઃખ દૂર કરતા, પૂર્વના સુખી માણસો પણ પોતાના ઘરેથી ગરીબોને છાશ દેતા. એમાં વધુ દુખિયારા દેખાય એની તાંબડીમાં છૂપી રીતે સોનૈયા નખાવી દેતા.

**મધ્યમ માણસની પરોપકારની એક રીત :-**

મુંબઇમાં કેટલાક વર્ષો પૂર્વે એક શ્રાવકને એવો જ શોખ કે છૂપી તપાસ કરાવે કે 'કોણ સાધર્મિક અત્યંત ગરીબ છે ?' પછી કોઇ પર્વ તહેવાર આવવાનો હોય તેની અગાઉના દિવસે લાડુની પેંડાની છાબડીઓ મોકલે, ને કહેવરાવે કે 'આ તો અમે જાત્રાએ ગયા હતા તે લેતા આવેલા, એમાંથી આ જાત્રાનું સંભારણું

મોકલ્યું છે.' તો કોઇકવાર આમ કહે, ત્યારે બીજીવાર 'આજે મારે સાલગીરી છે તેની ખુશાલીમાં સેંપલ મોકલ્યું છે.' તો કોઇકવાર વળી એમ કહેવરાવે 'અમારે ઘરવાળાની સાલગીરીની ખુશાલીની વાનગી મોકલી છે.' કેમ મોકલે ? એ સમજતા કે 'ગરીબને ત્યાં છોકરા બિચારા તહેવારના દહાડે આસપાસમાં માલપાણી ખવાતા જુએ ને નિરાશ ન થાય માટે લાવ થોડી મિઠાઇ મોકલું તો એ રાજી થાય.'

એ શ્રાવક મોટા શ્રીમંત નહોતા, પરંતુ ઘરમાં હુંતો હુંતી બે જ જણ, તેથી ખરચો ઘણો ઓછો રાખેલો, એટલે કમાઇની બચતનો આ ઉપયોગ કરતા. જુઓ કવિ કહે છે-

''જન્મી જગે દીન-દુઃખીના જેણે દુઃખો ફેડ્યા નહિ,
તે ખોળિયે માનવ છતાં હૈયા પશુ જાણે સહી.''

શ્રાવક શ્રીમંત નહિ છતાં મહાન હતા, એટલે દુખિયારા પ્રત્યે અધિક પ્રેમ બતાવતા, ત્યારે આજના કેટલાય શ્રીમંત શ્રીમંતાઇના તોરમાં દુખિયારાને પ્રેમથી બોલાવવાની તો વાતેય શી, ઉપરથી તોછડાઇ તિરસ્કાર બતાવતા રહે છે ! એ કેવી એમની દુર્દશા ! કુદરતનો કાનુન કહે છે કે 'ઠાર્યા તેવા ઠરશો, ને બાળ્યા તેવા બળશો' **'ભગવાન તેરે રાજ્ય મેં અંધેર નહિ, દેર હૈ'** 'એમ ઇતરો બોલે છે. એટલે ? અહીં પરોપકાર વિનાની શ્રીમંતાઇ ભોગવી લો, પછી જોઇ લેજો ભગવાન કેવી સજા કરે છે ! આમ ઇતરોનું કહેવું છે.

જૈનશાસન તો કહે છે ધર્મનો પાયો સમ્યકત્વ અને સમ્યકત્વના પાંચ લક્ષણમાં ચોથું લક્ષણ અનુકંપા છે. ઉપા૦ યશોવિજયજી મહારાજ કહે છે-

'દ્રવ્ય થકી દુખિયાની જે દયા, ધર્મ હીણાની રે ભાવ,
ચોથું લક્ષણ અનુકંપા કહી, નિજ શક્તે મન લાવ.'

પ્ર-અહીં 'નિજ શક્તે' કેમ કહ્યું ? દયા કરવામાં શક્તિ શી જોવાની ?

ઉ.-એટલા જ માટે કહ્યું કે અનુકંપા-દયા માત્ર શબ્દોના સવાસલાથી કે હૈયું માત્ર પીગળી જવાથી નથી થતી, પરંતુ દુઃખીના દુઃખ ફેડવાથી થાય છે. તો એ ફેડવાનું પોતાની શક્તિ અનુસાર ભોગ આપીને કરાય તે અનુકંપા છે.

**પોતે ભોગ આપીને બીજાનાં દુઃખ દૂર કરવાની ભાવના એ કરુણાભાવના છે.**

**કરુણા ત્રણ કક્ષાની :-**

એટલા માટે તો 'પંચસંગ્રહ' શાસ્ત્રમાં કહ્યું કે,

(૧) જગતના જીવમાત્રની કરુણા ચિંતવે, કરુણા ભાવના કરે તે તીર્થંકર નામકર્મનું પુણ્ય ઉપાર્જે.

(૨) દેશ, ગામ કે કુટુંબની કરુણા ચિંતવે તે ગણધરપણાનું પુણ્ય ઉપાર્જે.

(૩) પોતાના જ આત્માની કરુણા ભાવે એ મુંડ કેળવી થાય. અર્થાત્ પોતે જ કેવળજ્ઞાન પામીને મુક્ત થાય.

**મૈત્રી અને કરુણાભાવનામાં તફાવત :-**

હવે અહીં જોઇએ તો જગતના સર્વ જીવોની કરુણા કોઇપણ માણસ કેમ ન ચિંતવી શકે ? 'બધા જ જીવોનો ઉદ્ધાર થાઓ' એમ ચિંતવવામાં શો ખર્ચ લાગે છે ? કશો જ ખર્ચ કે કષ્ટ નથી, સૌ કોઇ એમ ચિંતવી શકે છે. પરંતુ એ કરુણાભાવના નથી, એ તો મૈત્રીભાવના છે. સોનું ભલું થાઓ એ જેમ મૈત્રીભાવના છે, એમ સૌનાં દુઃખ ટળો, સૌનાં પાપ ટળો, સૌનો મોક્ષ થાઓ, એ પણ મૈત્રીભાવના છે. કરુણાભાવના આ છે કે 'હું બીજાના દુઃખ દૂર કરું ! ક્યારે મારી શક્તિ આવે ને હું જગતના જીવમાત્રનો ઉદ્ધાર કરું, શાસનરસિક બનાવું, મોક્ષમાર્ગ પમાડું, કર્મની વિટંબણામાંથી છોડાવું !'

તીર્થંકર થનાર આત્મા પૂર્વના ત્રીજા ભવમાં જગતના જીવમાત્રની આ કરુણાભાવના કરે છે. સ્નાત્રમાં બોલો છો ને ? કે-

**''જે હોવે મુજ શક્તિ ઇસી સવિ જીવ કરું શાસનરસી.''**

'મારી શક્તિ આવે એટલે ? એ જ કે હું એવી કષ્ટમય સાધના કરું, ને એનાથી સૌને તારવાની મારામાં પુણ્ય-શક્તિ આવે.

તાત્પર્ય, કરુણા કરવામાં ભોગ આપવાનો છે. ખાલી 'બિચારા દુઃખીનાં દુઃખ ટળો' એ કરુણા નથી, એ તો મૈત્રીભાવના છે. માટે કહ્યું-

**'पर हित चिन्ता मैत्री पर दुःखविनाशिनी तथा करुणा ।।'**

અર્થાત્ પરના ભલાની ભાવના એ મૈત્રી છે, અને પરના દુઃખને દૂર કરનારી કરુણા છે.

'દુઃખીનાં દુઃખ ટળો' એ મૈત્રી. 'હું દુઃખીનાં દુઃખ ટાળું એ કરુણા.

કુમારપાળ મહારાજા ગણધર કેમ થવાના છે ? ગણધરપણાનું એમણે પુણ્ય ઉપાર્જ્યું છે માટે, એ પુણ્ય શી રીતે ઉપાર્જ્યું ? પોતાના અઢાર દેશના જીવોનું

ભાવ દુઃખ ટાળ્યું તેથી ઊપાજર્યું...કયું ભાવ દુઃખ ? આ, કે પંચેન્દ્રિય જીવોની હિંસાનું મહાપાપ એ ભાવ દુઃખ, એ કુમારપાળ મહારાજાએ પોતાના અઢાર દેશના મનુષ્યો પાસે પંચેન્દ્રિય-હિંસા બંધ કરાવી.

અઢાર દેશમાંથી આ હિંસા એમ ને એમ બંધ થઇ ? ડંડાની જોહુકમીથી બંધ થઇ ? ના, એની પાછળ ભોગ આપ્યો. પારધિઓ, માછીમારો, કસાઇઓ વગેરેને એ હિંસાના ધંધા બંધ કરાવી બીજા ધંધામાં જોડવા લાખો કરોડો રૂપિયા સહાયતામાં ખર્ચ્યા હશે.

આમ કરુણામાં જાતે ભોગ આપવાનો છે. માટે કહ્યું "ચોથું લક્ષણ અનુકંપા કહી, નિજ શક્તે મન લાય.' 'પોતાની શક્તિ અનુસાર એટલે કે શક્તિ ખરચીને અનુકંપા-કરુણા કરવાનું મન પર લે.' આને સમકિતનું ચોથું લક્ષણ કહ્યું.

સમકિત જોઇએ છે ? તો પહેલાં આ તન-મન-ધનની સ્વશક્તિનો ભોગ આપીને કરુણા કરતાં શીખો. જો જો નિર્વેદ-સંવેગ પણ સમકિતનાં લક્ષણ કહ્યાં છે, કિન્તુ પહેલાં અનુકંપા લાવો, પછી નિર્વેદ-સંવેગ આવશે.

શ્રી તત્ત્વાર્થ મહાશાસ્ત્રના ભાષ્યમાં કહ્યું છે. 'શમ-સંવેગ-નિર્વેદ-અનુકંપા-આસ્તિકય એ સમ્યકત્વનાં પાંચ લક્ષણ છે, પરંતુ એ પાંચ લક્ષણનો ક્રમ પ્રશસ્તતાની દ્રષ્ટિએ છે.

બાકી ઉત્પત્તિની દ્રષ્ટિથી ઊલટો ક્રમ પશ્ચાનુપૂર્વી ક્રમ સમજવાનો. અર્થાત્ સૌથી પ્રશસ્તગુણ શમ, એનાથી ઊતરતો સંવેગગુણ. સંવેગથી ઊતરતો ગુણ નિર્વેદ. નિર્વેદથી ઊતરતો ગુણ અનુકંપા, અને અનુકંપાથી ઉતરતો ગુણ આસ્તિકય. આમ શમ પહેલો ગુણ એ પ્રશસ્તતાની દ્રષ્ટિએ, પણ ઉત્પત્તિની દ્રષ્ટિએ પહેલો આસ્તિક્ય ગુણ જન્મે. પછી સાચી અનુકંપા દ્રવ્ય-ભાવ કરુણા ગુણ જન્મે, એ આવે પછી નિર્વેદગુણ પ્રગટે. નિર્વેદ આવ્યા પછી જ સંવેગગુણ પ્રગટ થાય. સંવેગ પ્રગટ્યા પછી જ શમગુણ જન્મે. અહીં એક પ્રશ્ન-

પ્ર.-મેઘકુમારના જીવ પૂર્વભવે હાથીએ સસલાની અનુકંપા કરી હતી. એમ શાસ્ત્ર કહે છે પણ એનામાં આસ્તિક્ય ક્યાં આવ્યું હતું ? અનુકંપા તો આસ્તિક્ય પછી જન્મે છે.

ઉ.-એ અનુકંપા ગૌણ અનુકંપા સમજવી. પરંતુ સમ્યકૃત્વના ઘરની મુખ્ય

અનુકંપા નહિ. તો પૂછો-

પ્ર.-સમ્યક્ત્વ વિનાની અનુકંપા હોય ?

ઉ.-હોય. યોગદ્રષ્ટિ શાસ્ત્રમાં સમ્યકત્વ અવસ્થા પૂર્વની 'સહજ મલહ્રાસ' ની અવસ્થા બતાવી છે, ને એના ત્રણ લક્ષણમાં પહેલું લક્ષણ આ કહ્યું છે. 'દુઃખિતેષુ દયાત્યન્તં' અર્થાત્ દુખિયારા જીવ પર અત્યંત દયા હોય, દયા આવે, દયાકર હાથીને સસલું દુખિયારું દેખાયું. સસલાને બિચારાને બીજી જગા સરખી બેસવાની નહિ, તે હાથીના પગઠામમાં જ બેસી ગયું ! હાથીએ ખણજ ખણવા માટે પગ ઉપાડેલો, ને હવે પગ નીચે મૂકે તો સસલું બિચારું છુંદાઇ જ જાય, માટે એ દુખિયારું. એના પર હાથીને અત્યંત દયા આવી કે 'આ બિચારું મરી ન જાઓ, હું એને બચાવી લઉં,' અને પગ ઊંચો જ રાખી એને બચાવી લઉં,' અને પગ ઊંચો જ રાખી એને બચાવી લીધું. આ દયા 'સહજ મલહ્રાસ' અવસ્થાની દયા-અનુકંપા કહી શકાય. ત્યારે પૂછશો-

પ્ર.-એ અનુકંપા અને સમ્યકત્વના ઘરની અનુકંપામાં ફરક છે ?

ઉ.-હા, સમ્યકત્વના ઘરની અનુકંપા વિશેષ વિવેકવાળી છે, કેમકે એ આસ્તિક્યના પાયા ઉપર ઊભી છે.

**'આસ્તિક્ય' એટલે :-**

**'જે જિન-ભાખ્યું તે નવિ અન્યથા, એવો જે દ્રઢરંગ.'** અર્થાત્ જિનવચન પર 'અસ્તિ-અવશ્ય સાચાં છે જ' એવી આસ્થા-શ્રદ્ધા એ આસ્તિક્ય. આ શ્રદ્ધા આવી એટલે જિનવચનના અનુસારે વિવેક પ્રગટે, અને તદનુસાર દ્રવ્ય-ભાવદયા કરાય તે અનુકંપા એ વિશેષ વિવેકવંતી બની કહેવાય.

પ્ર.-અનુકંપા તે અનુકંપા, એમાં વિશેષ વિવેક શો ?

ઉ.-વિશેષ વિવેક આ, કે દા.ત. તરસ્યાને પાણી પાય પણ અણગળ પાણી પાય એ સામાન્ય અનુકંપા, પરંતુ પાણી ગળેલું જ પાય એ વિશેષ વિવેકવાળી અનુકંપા.

વાત આ હતી કે સમ્યકત્વના પાંચ લક્ષણોમાં ઉત્પત્તિ ક્રમમાં પહેલા અનુકંપા આવે, પછી નિર્વેદ અને સંવેગ આવે, કેમકે અનુકંપા ગુણ કરતાં એ નિર્વેદ સંવેગ ઊંચા ઊંચા ગુણ છે, ને એ અનુકંપા ગુણ વિના ન પ્રગટે. ગુણ પ્રગટ્યા પછી જ પ્રગટ થાય. જ્ઞાનીઓએ કહેલી આ વસ્તુસ્થિતિ સૂચવે છે કે આપણે નિર્વેદ અર્થાત્ સંસાર નરકાગાર અને કારાગાર સમાન હોવાથી સંસારવાસ પર વૈરાગ્ય હોવાનો

દાવો કરતા હોઇએ, તો એ જોવું જોઇએ કે આપણામાં અનુકંપા ગુણ આવ્યો છે ? દુખિયારાના દુઃખ ફેડવાની ઇચ્છા આપણામાં છે ? એ ઇચ્છા હોય તો જ નિર્વેદ સાચો આવે.

પ્ર.-શું અનુકંપા ન હોય અને વૈરાગ્ય હોય એમ ન બને ?

ઉ.-ના, ન બને, એનું કારણ આ છે, કે અનુકંપા કેમ ન હોય ? એમાં પૈસા ખરચવા પડે છે માટે જ ને ? તો

**જેને દુઃખે રીબાતા જીવ કરતાં પૈસા વધારે ગમે છે, એને સંસાર પર વૈરાગ્ય કેવો ?**

એણે સંસારવાસને નરકાગાર અને કારાગાર સમાન શું માન્યો ? સસાર 'નરકાગાર' એટલા માટે છે કે એ દુઃખરૂપ, દુઃખમય, દુઃખફલક અને દુઃખાનુબંધી છે.

પૈસા એ એક પ્રકારનો સંસાર છે. તેથી એ પૈસા પણ દુઃખરૂપ, દુઃખફલક અને દુઃખાનુબંધી છે.

**(૧) પૈસા દુઃખરૂપ ?** હા ! દુઃખમાં જીવને અશાન્તિ હોય છે. પૈસા આવ્યાથી ચિત્તને અશાન્તિ ઊભી થાય છે કે 'આને કેમ સાચવું ? એ કેમ ઓછા ખરચાય, જીવનભર કેમ એ ટકયા રહે ? કેમ એનાથી વેપાર કરતાં નફો વધારે આવે ? વ્યાજે મૂકવાથી વ્યાજ વધુ આવે ? વધુ વ્યાજમાં મૂડી સલામત રહેશે ને ? એમાં કોઇ ભાગ માગનારા નથી ને ? પૈસા છોકરાને આપી દેતાં મારે છોકરાની ને એની વહુની ગુલામી તો નહિ આવે ?...' બોલો જે પૈસામાં આવી આવી અનેક પ્રકારની ચિંતાઓ-વ્યગ્રતાઓ ભરી પડી હોય, એ પૈસા સુખરૂપ ? કે દુઃખરૂપ ?

**(૨) વળી પૈસા દુઃખફલક છે,** કેમકે એ રાગ-મમતા-તૃષ્ણા તથા હિંસા-જૂઠ-અનીતિ અને કષાય-દુર્ધ્યાન-અસમાધિ વગેરે પાપો કરાવે છે કે જેના ફળમાં જીવને નરકાદિ દુર્ગતિના સીતમ ફળ્ મળે છે.

**(૩) વળી પૈસા એ દુઃખાનુબંધી** એટલે કે દુઃખની પરંપરા ચલાવનારા એટલા માટે છે કે આ રાગાદિ પાપો જે સેવાય છે એ સંક્લિષ્ટ રાગાદિ હોય છે, તીવ્ર સંકલેશવાળા રાગાદિ હોય છે, તેથી એમાં પાપકર્મબંધ સાથે ભારે અશુભ અનુબંધો ભારે પાપાનુબંધો પડે છે, ને એ પાપાનુબંધો જનમ જનમ પાપબુદ્ધિ કરાવ્યા કરે છે. તેથી જનમ જનમ પાપાચરણ અને એનાં ફળમાં જનમ જનમ દુઃખાનુભવ ચાલ્યા કરે છે ! આમ પૈસા દુઃખની પરંપરા ચલાવનારા છે, અર્થાત્ દુઃખાનુબંધી છે.

આવા પૈસા સારા ? કે ગોઝારા ? સામે જીવ દુઃખથી રીબાઇ રહ્યો છે એથી દિલ પીગળતું નથી, પૈસાથી એનું દુઃખ દૂર કરવાનું સૂઝતું નથી, રુચતું નથી, એટલા બધા પૈસા જેને ગમે છે, એને સંસાર પર વૈરાગ્ય કેવો ?

ભરત મહારાજાને પૈસા કરતાં સાધર્મિક એટલા બધા ગમતા કે સાધર્મિકો માટે અભંગદ્વાર, સાધર્મિકો માટે રસોડા ખુલ્લા કરેલાં. આવો મારા પ્યારા સાધર્મિક બંધુઓ ! આવો, પધારો, અહીં જ રહો, જમવાનું અહીં જ રાખજો, ભક્તિનો લાભ મને જ આપજો, અને ધંધો ધાપો કરવાની જરૂર નથી, ધર્મધ્યાન કરતા રહેજો, તેમજ મને રોજ રાજ્યસભામાં મંગળવાણી સુણાવજો કે ''હે ચક્રવર્તી ભરત તું જિતાઇ ગયો છે, ભય વધે છે, માટે હણ નહિ, હણ નહિ''.

બોલો, લાખો સાધર્મિકોને રોજ જમાડવાનો ખર્ચ કેટલો ? પૈસા રોજ કેટલા ખરચાય ? કેમ સાધર્મિક ખાતર પૈસા જતા કરે છે ? કારણ, પૈસા કરતાં સાધર્મિક વધારે ગમે છે. પૈસા તો સંસાર છે માટે દુઃખરૂપ, દુઃખફલક અને દુઃખાનુબંધી છે. એને શા એવા વહાલા કરવા ? શા સારુ સાધર્મિક વાત્સલ્ય જતું કરવું પડે ? ભરતજી મનહી મેં વૈરાગી ભરતજીના મનમાં જ વૈરાગ્ય ભર્યો હતો, પછી એ વૈરાગ્ય તન-ધનમાં કેમ ન ઊતરે ?

મૂળ, મનમાં જ વૈરાગ્ય ન હોય એટલે ધન પર આવો વૈરાગ્ય નથી આવતો કે ''પૈસા જતા કરીને જિનભક્તિ, સાધુ-સેવા અને સાધર્મિક-ભક્તિ તથા અનુકંપા કરી લઉં ? પૈસા પર અગાધ પ્રેમ હોય, એને દયા કરવાનું લેવાનું મન થાય ? એના ય મૂળમાં દેવ-ગુરુ સાધર્મિક અને દુઃખી જીવો પર એવો પ્રેમ નહિ, ને પૈસા પર ભારે પ્રેમ, તેથી ભલે એ બધા એમ જ ઊભા રહો, એમનું હું કશું ન કરું, પણ મારા પૈસા ન જાઓ.' દુઃખી જીવો પ્રત્યે આવી કઠણ હૃદયની ઉપેક્ષા હોય, દયા ન હોય, એને વૈરાગ્ય ક્યાંથી આવે ? માટે,

**વૈરાગ્યનો દાવો રાખતા પહેલાં જોજો અનુકંપા આવી છે ને ? અનુકંપા એટલે કે ગાંઠના પૈસા ખરચીને દુઃખીનાં દુઃખ ફેડવા મન છે ?**

માત્ર વૈરાગ્ય નિર્વેદ પહેલાં જ નહિ, કિન્તુ સંવેગ પહેલાં પણ અનુકંપા જરૂરી છે.

**'સંવેગ' એટલે ?**

**''સુર નર સુખ જે દુઃખ કરી લેખવે, વંછે શિવ સુખ એક,**

**બીજું લક્ષણ તે અંગીકરે, સાર સંવેગ શું ટેક."**

દેવ અને મનુષ્યના સુખને દુઃખ કરી લેખે, અને એકમાત્ર મોક્ષસુખ ઇચ્છે, તે સંવેગનો સાર છે, અને સમકિતીને એની ટેક હોય કે સુખ તો મોક્ષનું જ જોઇએ 'સંસારસુખ દુઃખરૂપ છે, એની શી ઝંખના રાખવી ?' અહીં સંવેગનો સાર એટલા માટે કહ્યો કે-આમ તો સંવેગમાં દેવાધિદેવ અરિહંતપ્રભુ, મહાવ્રતધારી સદ્ગુરુ, મંદિર, ઉપાશ્રય, તીર્થ શાસ્ત્રો સંઘ વગેરે પ્રત્યે અનહદ પ્રીતિ આવે, ધર્મ પર અથાગ રાગ આવે, સંસારસુખ પર આંતરિક અભાવ સાથે મોક્ષ પર અનન્ય રાગ આવે, પરંતુ આ બધામાં 'સંસારસુખ પર અભાવ અને મોક્ષસુખ પર તીવ્ર સદ્ભાવ' મુખ્ય છે. કેમકે મોક્ષનો તીવ્ર રાગ છે માટે તો એ મેળવી આપનાર દેવાધિદેવ, સદ્ગુરુ અને અહિંસાદિ-ધર્મ, દાનાદિ-ધર્મ, તથા જિનમંદિર, તીર્થ, શાસ્ત્રો...વગેરે પર પ્રીતિ થાય છે. આ મોક્ષ-પ્રીતિને નિર્વેદ-વૈરાગ્ય લાગેલો છે. સંસારસુખ દુઃખરૂપ ભૂંડું હોવાની માન્યતા એટલે જેમ સંવેગનો સાર મોક્ષની અથાગ પ્રીતિ એમ સંસારસુખને દુઃખરૂપ ભૂંડું હોવાની સચોટ ગણતરી. સંસારસુખને દુઃખ કરી લેખવાનું ને મોક્ષસુખની જ એક ઝંખના, મોક્ષનો જ એક રાગ. આ સંવેગનું સ્વરૂપ છે.

**એમાં મોક્ષનો રાગ કેવો ?** તો કે જેમ,

**'મન મહિલાનું વહાલા ઉપરે, ઘરનાં કામ કરતાં.'**

નવી પત્ની ઘરનાં બધાં કામ બજાવતી હોય પરંતુ એનું મન પતિમાં હોય છે. એનું મન વિચાર્યા કરે છે કે 'એમને આ રસોઇ ફાવશે, એમને આ ગાદી ફાવશે, એમનો પ્રેમ અને સ્વભાવ બહુ સારો. મારે એમની આજ્ઞાંકિત થઇને રહેવાનું, વિશ્વાસપાત્ર બનવાનું.' આવા આવા કેઇ વિચાર મનમાં ચાલતા હોય. ક્યાં ? ઘરનાં કામ બજાવતી હોય તે વખતે પણ એમ.

**સમકિતીનું મન મોક્ષમાં -**

સમકિતી સંસારના બધાં કામ બજાવતો હોય, મેવા-મિઠાઇ સુંવાળી શય્યા, વાહન-ગાડી, વગેરે બધું ભોગવતો હોય, પરંતુ એનું મન મોક્ષમાં હોય. એને આ બધા વચ્ચે લાગતું હોય કે 'આ બધી મોહવશ મારા જીવની વિટંબણા છે. અરૂપી નિરાકાર નિરંજન મારા આત્માને આ શી બધી વેઠ ? ક્યારે આ ફાંસલામાંથી છૂટું ? મોક્ષમાં કેવી મઝા ! જનમ નહિ, પરવેઠનું જીવન નહિ, રોગ નહિ, જરા નહિ, મૃત્યુ નહિ, શુદ્ધ જ્ઞાનમાં રમવાનું...સંસારમાં આ રમણતા ક્યાં મળે ? અહીં તો

કુટુંબીઓનાં ને સ્નેહીઓનાં મોઢાં સાચવવા માટે ન ગમતી કેટલીય પાપ-વેઠો કરવાની, આવા આવા વિચાર મનમાં ચાલતા હોય.

**આવો મોક્ષની જ એક લગનનો ગુણ એ સંવેગ.**

**લેખવા-લાગવા પર નજરકેદી રાજાનું દ્રષ્ટાન્ત :-**

આ લગનમાં સંસારના સુખને કેવા લેખે છે ? દુઃખરૂપ અને ખરાબ. અનુભવમાં આ સુખ લાગે છે કેવાં ? સારા મીઠાં-મીઠાં. રાગદશા મીઠાં લગાડે છે એટલે તો એ છોડી શકતો નથી. સુખ લાગે છે સારાં, પણ લેખે છે ખરાબ નજરકેદી રાજાને જમવા ભાણું આવે, એમાં એની જે રુચિ હોય તે ખાઇ શકે એટલા માટે રોટલી, પૂરી, લાડુ, પેંડા, અનેક શાક, વિવિધ ચટણી, અથાણાં વગેરે વગેરે આવે. ત્યારે એ નજરકેદી રાજા એમાંથી પસંદ પસંદ વસ્તુ તારવીને ખાશે, એને એ લાગે કેવાં ? અનુભવમાં કડવા ખરાબ નહિ લાગવાના, પણ સારા મીઠાં જ લાગવાનાં. સારા લાગવાના હિસાબે તો એમાંથી એ ચૂંટણી-પસંદગી કરી કરીને ખાય છે. નહિતર ખરાબમાં શી પસંદગી કરવાની ? એમ પસંદ કરેલ ચીજો લાગે છે સારી, પરંતુ એ બધી સુખ સગવડને એ લેખે છે કેવી ? દુશ્મનના ઘરની, અને પરાધીનતાથી ખરડાયેલી, માટે ખરાબ લેખે છે. લેખે છે એટલે ? માને છે, ગણે છે, સ્વીકારે છે. દુશ્મનના ઘરની માટે અંતરથી માને છે ખરાબ, પણ અનુભવથી લાગે છે સારી.

એમ સમકિતી જીવને સંસારમાં બેઠો રાગવશ સંસારસુખો પસંદ કરીને સારા સારા બનાવી ભોગવે છે. નાહીને ઊઠ્યો, સામે કપડાં બંને છે-એક ગઇકાલના મેલાં અને બીજા ધોઇને ઉજળા બનાવેલા. ત્યાં મેલાં છોડી ઊજળાં પહેરે છે, એ ઊજળાનું સુખ કેવું લાગે છે ? ખરાબ ? ના, સારું જ લાગે છે. સુખ ખરાબ જ લાગતું હોય તો તો શું કામ મેલાં જ ન પહેરે ? સમકિતીને જો સુખ ભૂંડું ને દુઃખ સારું જ લાગતું હોય, તો તો એણે ઊજળા છોડીને મેલાં જ કપડાં પહેરવા જોઇએ. પરંતુ પહેરે છે મેલાં છોડીને ઊજળાં, એ જ સૂચવે છે કે એને મેલાં ખરાબ અને ઊજળાં સારા લાગ્યા તેથી મેલાં છોડ્યાં ને ઉજળાં પહેર્યાં, તો તો પૂછો-

પ્ર.-એમ તો મિથ્યાદ્રષ્ટિ ય મેલાં છોડી ઊજળાં પહેરે છે, તો પછી એનામાં ને સમકિતદ્રષ્ટિમાં શો ફરક પડ્યો ?

ઉ.-ફરક આ કે મિથ્યાદ્રષ્ટિને ઊજળાં સારાં લાગે તો છે, પરંતુ તે અંતરમાં ય માને છે કે ઊજળાં વસ્ત્રનું સુખ સારું અર્થાત્ ઉજળાને સારા લેખે પણ છે, ત્યારે

સમ્યગ્દ્રષ્ટિને ઊજળાં સારા લાગે છે ખરાં, પણ એ અંતરથી ઊજળાંને સારાં લેખતો નથી, કેમકે સુખ ભૂંડા છે એવું એનું અંતર કહે છે તેથી સુખને રાગ કરાવનારા હોવાથી ખરાબ લેખે છે. મોટા દેવતાઇ સુખ સમકિતીને મળે અને એને સારા લાગે ય ખરા, પણ એને એ લેખે છે ભૂંડા. એટલે જ એ ઝંખે છે કે 'ક્યારે આ સોનાની બેડી જેવો દેવભવ પૂરો થાય ને મનુષ્યભવ મળે ! જેથી આઠ વરસની ઉંમરે આ ભૂંડા સુખ છોડી ચારિત્ર લઉં !'

**લેખવું જુદું, ને લાગવું જુદું, લેખવું એ માન્યતા છે, લાગવું એ અનુભવ છે.**

સંસારસુખ ભૂંડા લેખવા એ સમ્યકત્વ છે, ભૂંડા લાગવા એ વિરતિ છે, અનાસક્તિ છે.

જુવાનજોધ વહાલો છોકરો એકાએક મરી જાય, એની વહુ રાંડેલી ઘરમાં છે, ત્યાં માબાપ ડાહ્યા પણ વિષયાંધ હોય તો એમને વિષયસેવન મીઠું લાગે છે, કિન્તુ એને ભૂંડું લેખે છે. એમના મનને થાય છે કે 'આ અમારી કેવી પામર દશા કે ઘરમાં નાની વિધવા વહુ બેઠી છે, એનું દુઃખ ન જોતાં વિષય-સેવનમાં પડીએ છીએ ! કેવું ભૂંડું આ સુખ !' એમ સુખને ભૂંડું લેખે છે, પરંતુ અનુભવમાં સારું લાગે છે, ભૂંડું નહિ.

ત્યારે જો માબાપ એવા વિષયાંધ નહિ હોય તો નાની રૂપાળી પુત્રવધુ રાંડવા પર બ્રહ્મચર્ય જ અપનાવી લેશે. આ શું કર્યું એમણે ? વિષયસુખ ભૂંડું લેખ્યું ય ખરું અને એમને ભૂંડું લાગ્યું પણ ખરું. ભૂંડ્યું લાગ્યું માટે એનો સંગ છોડ્યો. ભૂંડાનો શો સંગ કરવો ? 'લેખવું' ને 'લાગવું' બેય સાથે થઇ ગયા.

દુકાનપર સારું વેચાણ કરી શકનારો મુનીમ લાગે છે સારો, પણ જો વિશ્વસનીય નથી તો એને શેઠ અંતરથી ખરાબ લેખે છે. પૈસા સારા કમાવી આપે છે માટે સારો લાગે છે તેથી કાંઇ એને અવિશ્વસનીય હોવાથી અંતરથી સારો લેખતા નથી.

અચૂંકારી ભટ્ટા અભિમાનના તોરમાં, પતિ દિવાન એક દિવસ જરા મોડો આવ્યો, તો અંધારે બહાર નીકળી ગઇ 'જાઓ આ ઘર તમારું છે ને ? રહો ખુશીથી, હું જાઉં છું મારા બાપને ઘેર' ચાલી જંગલના માર્ગે ! ચોરોએ પકડી લૂંટી અને અનાર્ય દેશમાં એને વેચી.

ત્યાં એને ખરીદનારા એના શરીરમાં ખીલા ભોંકી લોહી કાઢે છે, ને બીજી બાજુ મેવા-મલાઇ-મિઠાઇ ખવરાવે છે. લગાતાર આઠ દિવસ સુધી એને નીચોવી

નાખી લોહી બન્યું તેટલું કાઢી લીધું, ફોતરા જેવી કરી નાખી, અને હવે એને મલમપટ્ટા કરે છે, તથા મલાઇ માખણ ફ્રુટ વગેરે ખવરાવે છે ! શું અચૂંકારી એ ખાય ? ન ખાય તો શું કરે ? પેટ કરાવે વેઠ. ભૂખ કકડીને લાગે છે તેથી ખાવું પડે છે. એ મેવા મિઠાઇ મલાઇ માખણ એને અનુભવમાં કેવા લાગે ? કડવા ? કે મીઠા ? મીઠા જ લાગે, પરંતુ અંતરથી એને એ લેખે કેવા ? ભૂંડા, ગોઝારાં, એના મનને થાય કે બળ્યા આ માલમેવા ! એના પર જ પાછું શરીરમાં લોહી વધશે ને ખીલા ખાવા પડશે ! પણ શું કરું ? ભૂખ્યું રહેવાતું નથી ને આ માલમેવા ખાધા વિના ચાલતું નથી.' આમ માલમેવાને ગોઝારા ભૂંડા લેખે છે, પરંતુ ખાતાં અનુભવમાં એ ખરાબ લાગતા નથી, મીઠા જ લાગે છે.

એમ 'સંવેગ' એનું નામ કે સંસારસુખો ભલે ભોગવતાં મીઠાં લાગતા હોય. કિન્તુ હૃદયથી એને ભૂંડા લેખે, કેમકે એના પર જ જીવ પાપો કરીને ભારે કર્મબંધ કરે છે, અને પરલોકમાં એથી જીવ પર ઘોર અશાતા વગેરે દુઃખો વરસે છે. આ બધું સુખો પર જ દેખાય છે. આમ સુખ ભલે ભોગવતાં ભૂંડા નહિ પણ મીઠા લાગતા હોય, છતાં સંવેગ ગુણના લીધે અંતરથી એને ગોઝારા લેખતો હોય, ને એને અંતરમાં સંતાપ રહેતો હોય કે 'આ હું કોની સંગતિ કરી રહ્યો છું ? કોને સારા મીઠા રૂડા તરીકે ભોગવીને ખુશ થાઉં છું ? વિષમય વિષયોને ? વિષમય સંસારસુખોને ? ક્યારે આ ભૂંડા સંસારસુખનો સંગ છૂટે ને ચારિત્ર લઉં ! તો આ સંવેગ એ સમકિતનું લક્ષણ છે.

કુલટા પણ રૂપ રૂપનો અંબાર પત્નીનું સુખ ભૂંડું નથી લાગતું પરંતુ અંતરથી એને લેખે છે ભૂંડૂં. મન બળે છે કે 'આ કોને હું જોઇ જોઇને રાજી થાઉં છું ? ભૂંડી મને સારી રૂપાળી લાગી રહી છે ! કેવી મારી પામર દશા ? બીજામાં રાચનારી મને સારી લાગી રહી છે ?' શું છે આ ? અંતરથી ભૂંડી લેખે છે, પરંતુ જોવા-ભોગવવામાં સારી લાગી રહી છે.

**મુંબઇના શેઠિયાનો પ્રસંગ**

મુંબઇમાં એક શેઠિયાને ૪૦-૪૫ વરસની ઉંમરે પત્ની મરી ગઇ, તો શ્રીમંતાઇથી ૧૮-૨૦ વરસની બીજી રૂપાળી કન્યા પરણ્યો. નવી પત્નીએ આવીને જોયું કે પતિએ પહેલી પત્નીમાં કે બહાર, ગમે તેમ પણ સત્ત્વ ગુમાવી દીધું છે. તેથી એને પતિથી તૃપ્તિ થાય નહિ. એના મનને થયું 'આમ જિંદગી વેડફી

નાખવાની ? ના, ના, ઘરમાં રસોઇઓ ફાંકડો જુવાન છે. એને સાધું.' હવે તો એ ઘરની માલિકણ બડી શેઠાણી બનેલી હતી તેથી રસોઇયાને હાવભાવથી પાનો ચડાવ્યો અને પોતીની ઇચ્છા દેખાડી.

રસોઇઓ કહે 'ના બા ! શેઠ જાણે તો મને પાણીચું જ પકડાવે.' બાઇ કહે 'અલ્યા ! ગભરાય શાનો ? શેઠ મારા ગુલામ છે, એમની શી તાકાત હતી કે એ તને કાઢી મૂકે ? હું બેઠી છું પછી તારે કશી ફિકર કરવાની નહિ, ને પગાર ઉપરાંત પૈસા જોઇએ તો કહેજે તને આપીશ.'

બસ, રસોઇઆને પાડ્યો, એમાં એકવાર શેઠ વહેલા આવી ગયા, બંધ બારણાની ફળાંતરમાંથી જોઇ ગયા, બારણે સાંકળ ખખડાવી, બાઇ કહે 'બહાર બેસો, નાહવાનું પૂરું કરી ઉઘાડું છું.'

શું કરે શેઠ ? બેઠા બહાર, પછીથી બારણું ખૂલ્યું શેઠ આવ્યા અંદર, ને પત્નીને કહે, 'આ તમે શું કરતા હતા ? મેં તરાડમાંથી નજરે જોયું છે.'

**કુલટા શેઠાણી શેઠને ચૂપ કરે છે !**

શેઠાણી કહે 'ચૂપ રહો. પરણ્યા તે સમજીને નહોતા પરણ્યા કે આ હું સત્ત્વહીન નવી યુવાનીમાં આવેલીને પરણું છું તે એને શું સંતોષ આપીશ ? બળી મરવાનું અમારે તમારા ઘરમાં ? ગરબડ કરશો નહિ, બધું ચાલશે, અને ખબરદાર છે રસોઇયાને જરાય ઠપકો આપ્યો તો ?' બસ ખલાસ, શેઠને ચૂપ થઇ જવું પડ્યું, ને સમજ્યા કે 'રસોઇયાને એણે જ પાડ્યો લાગે છે તેથી હવે રસોઇયાને શું કહેવું ? એને કહું ને આ વળી કોક નવું તોફાન ઉપાડે કે મારા સગા-સ્નેહીમાં મારી હલકાઇ કરે તો ? નાગીને શું ? એ તો બહારમાં કહીને ઊભી રહે કે 'મારા ધણીમાં પુરુષત્વ જ નથી જુઓને એથી તો પહેલીને બિચારીને કોઇ સંતાન જ ન થયા !' આવું આવું કાંઇક શેઠને ચૂપકીદી પકડવી પડી.

**ગધ્ધાકલાસ વિષયગુલામી :-**

પરંતુ બીજી બાજુ બાઇ બહુ રૂપાળી અપ્સરા જેવી, અને વ્યવહારમાં બહુ કુશળ, શેઠના મેમાન આડતિયા કે સગા-સ્નેહી વગેરેની સરભરા સારી કરે, બોલ મીઠા બોલે, કામકાજમાં ભારે ચપળ-હોશિયાર, શેઠને પાંચે ઇન્દ્રિયોનાં સુખ આપે, એટલે શેઠ પાછા એમાં લટ્ટુ છે.' એટલે શેઠ પેલી વાત પર આંખ આડા કાન કર્યા.

મનને વસવસો રહ્યો કે 'આ કુલટા ક્યાં માથે પડી !' અંતરથી એને ભૂંડી લેખે છે, પરંતુ એનાં રૂપ-સ્પર્શ-બોલના સુખ મીઠા લાગીને છોડાતા નથી ? જીવનો કેવો સંસાર ! કેવી ગદ્ધાકલાસ વિષયગુલામી !

બોલો, અહીં શેઠને એ પત્નીનાં આ બધાં સુખ કેવા લાગતા હતા ? સારા જ. પરંતુ એને અંતરથી કેવા લેખતા હતા ? ભૂંડા. બસ, સમકિતીની આ દશા હોય છે, એને અવિરતિથી આસક્તિથી સંસારસુખ પર રાગ રહે છે, સંસારસુખ ગમે છે, સંસારસુખ ભોગવટામાં સારા લાગે છે, ભૂંડા નહિ, પણ અંતરથી એ સુખને એ ભૂંડા લેખે છે.

**લાગવું જુદું ને લેખવું જુદું.**

**સંસારી સમકિતીને વિષયો લાગે સારા, પણ એને એ લેખે ભૂંડા.**

સંવેગ આ માગે છે-'સુર નર સુખ જે દુઃખ કરી લેખવે'. મોટા દેવતાઇ સુખ કે માનવીય સુખને દુઃખરૂપ લેખે છે. સારા રૂડા નહિ પણ ભૂંડા લેખે છે, અને 'વંછે શિવસુખ એક', એકમાત્ર મોક્ષસુખને ઝંખે છે. આ સંવેગનો ભાવ સાચો ક્યારે આવે ? તો બતાવ્યું કે એની પૂર્વે નિર્વેદ આવે તો સંસારવાસને નરકાગાર અને કારાગાર સમાન સમજી એનાથી ઊભગી જઇ 'ચાહે નીકળવું' એમાંથી વહેલી તકે નીકળી જવા ચાહે, તો વૈરાગ્ય-નિર્વેદ આવ્યો ગણાય, અને એના પછી સંવેગ આવે મોક્ષપ્રીતિ-ધર્મપ્રીતિ-દેવગુરુ ધર્મનો રંગ આવે.

નિર્વેદનો ભાવ પણ ક્યારે આવે ? તો કે એની પૂર્વે દ્રવ્ય-દુઃખી અને ભાવ-દુઃખી જીવો પર અનુકંપાભાવ આવે. 'કેમ એમને એ દુઃખમાંથી મારો યથાશક્તિ ભોગ આપીને છોડાવું !' એ ભાવ આવે એ અનુકંપાભાવ છે. દા.ત. 'દ્રવ્ય-દુઃખી ભૂખ્યાને અન્ન આપું. ભાવ-દુઃખી કષાયમાં ચડેલાને એનો કષાય શમે, શાંત થાય, એવા બોલ ને એવા વર્તાવ રાખું. એમ, ભાવદુઃખી અજ્ઞાનને ભૂલતાને તિરસ્કારું, નહિ પણ પ્રેમ આપી સમજાવું, ભૂલ સુધરાવું', આ અનુકંપા. એ અનુકંપા પછી જ નિર્વેદ. એટલે હવે સમજાશે કે-

અનુકંપા વિના નિર્વેદ કેમ આવે ? કારણ આ જ કે જો દયા અનુકંપા ન હોય, ભૂખ્યાને ટળવળતો જોઇ રહે પણ પોતાની પાસે અન્ન છતાં એને ખાવા ન આપે, એ સંસારને નરકાગાર શું સમજ્યો ? ભૂલનાર પર પ્રેમને બદલે દ્વેષ-તિરસ્કાર કરે એ સંસારને કારાગાર શું સમજ્યો ? 'સંસાર કારાગાર એટલે કે હિંસાદી પાપો

અને જ્ઞાનાવરણીયાદિ કર્મોના બંધન-બેડીવાળો છે.' એ ભાવ દિલમાં ક્યાં રહ્યા ?

**દ્રવ્યદયા નહિ એણે તુચ્છ અન્નાદિને માલ માન્યો, દયાનો નહિ !**

જો સંસારને ખરેખર નરકાગાર સમજ્યો છે, તો ખાનપાન વગેરેના સુખને દુઃખભર્યા સમજી એના પ્રત્યે આંધળો મોહ ન કરે, એવો સ્વાર્થી ય ન બને કે ભુખ્યાને ટળવળતા દેખીને એનું ભૂખનું દુઃખ ટાળવાની પરવા જ ન રાખે. એને એમ થાય કે 'મારા અન્નની શી કિંમત છે ? આ બિચારાનું ભૂખનું દુઃખ મારું અન્ન આપીને ટાળું'. આ અનુકંપા જો નથી તો એનો અર્થ એ કે પોતાની પાસેના અન્નને 'માલ' ગણ્યો-દયા 'માલ' નહિ, પોતાનું અન્ન એ 'માલ' એટલે એના પર નિર્વેદભાવ ન રહ્યો અભાવ ન રહ્યો.

**ભાવદયા વિના વૈરાગ્ય કેમ નહિ ?**

એમ ભૂલ કરનાર પર દ્વેષ કરે તો 'સંસાર એ કર્મની બેડીવાળો કારાગાર છે, જેલ છે, તેથી આ બિચારો ભૂલ કરે છે'. એ ભાવ પણ મનમાં ક્યાં રહ્યો ? ભાવ-અનુકંપા ક્યાં આવી ? એણે કર્મથી જકડિત સંસારને કારાગાર ક્યાં લેખ્યો ? એ નહિ, તો વૈરાગ્ય ક્યાં રીઢો પડ્યો છે.

તાત્પર્ય, અનુકંપા પહેલી લાવો, પછી જ નિર્વેદ અને સંવેગના ભાવ આવે. એટલે જ અહીં મહાત્મા સભામાં, જ્યાં પેલા નિર્ધન રાજગુપ્ત છે ત્યાં, કહી રહ્યા છે કે 'દુખિયારા પર અધિક પ્રેમ રાખવો જોઇએ.'

**રાજગુપ્તનો મહાત્માને સવાલ :-**

અહીં પેલા સિંહરથ રાજાનો જીવ પૂર્વભવે રાજગુપ્ત નામે નિર્ધન માણસ આ સાંભળીને વિચારે છે કે 'હું દુખિયારો છુ, ને આ મહાત્મા આ ઉપદેશ કરે છે, તેથી પોતે મારા જેવા દુખિયારા પર અધિક પ્રેમ દાખવનારા હોય જ, તો લાવ, એમને મારું દુઃખ કહું ને એ અધિક પ્રેમવશ મને એના નિવારણનો ઉપાય બતાવે.'

આમ વિચારી એ રાજગુપ્ત મહાત્માને કહે છે-"પ્રભુ ! મેં પૂર્વ જનમમાં કશો તપ નહિ કર્યો હોય, તેથી અહીં દુઃખી છું. તો પ્રભુ ! હવે મને કોઇ તપ બતાવો જે આરાધું, તો મારે પાછા આવા દુઃખ જોવા ન પડે."

**સાધુ પાસે શું મંગાય ?**

મહાત્મા દયાળુ હતા, એમાં આણે માગણી કરી, તો તરત એમણે જ કહ્યું તે જાણવા પહેલાં જોવા જેવું છે કે-

કેવા ઉત્તમ આત્મા ! ગરીબી ભારે છે ને દયાળુ સાધુ મહારાજ મળ્યા છે, તો (૧) એમની પાસેથી પૈસાનો મંતર-જંતર ન માગ્યો, યા (૨) આપનો મંત્રેલો વાસક્ષેપ નાખો' એવી માગણી ન કરી, કે (૩) તત્કાલનું નિર્ધનતાનું દુઃખ ટાળવા કોઇ શ્રાવક પાસે મદદ કરાવવા ન કહ્યું કેમ વારૂ ? એટલા માટે કે,

(૧) નિર્ધનતા ટાળવા મંતર-જંતર અને વાસક્ષેપ માગવામાં હરામ ખાઉ થવું પડે ! પોતાને કોઇ કષ્ટ નહિ ને હરામના પૈસા મળી જાય, એ એને પસંદ નહોતું, તો પછી વર્તમાનમાં કેમ પસંદ ? ગરીબી શી રીતે જાય ? એમ કહેતા નહિ, કેમકે ગરીબી ભલેને એ ન જાય, સવાલ તો માત્ર આજીવિકાનો છે ને ? 'આજીવિકા-પેટિયું તો ગમે તે વેઠ કરીને ઊભી કરી લેવાનું, પણ ભીખ નહિ માગવાની' એવી પૂર્વે ટેક હતી. તેમજ જે કોઇ કમાઇ મળે એમાં 'ભલી મારી દાળ-રોટી, ઓર સબ બાત ખોટી' થી ચલાવી લેવું, એ હિસાબ હતો, 'બીજા દૂધ પીએ છે માટે અમારે દૂધ પીવું,' એવો ખોટો આગ્રહ જ નહિ.

આજે પણ કેટલાક એવા ખાનદાન કુટુંબો છે કે છોકરા સિખ્ખે બહુ સાદાઇથી ચલાવી લેનારો હોય છે, પરંતુ ભીખ માગવાની વાત નહિ કે દયા-દાન લેવાની વાત નહિ. એક માળમાં અમે જોયું કે એક નિર્ધન કુટુંબમાં ૬ ઉપવાસ, ૩ ઉપવાસ, ૧ ઉપવાસ વગેરે તપસ્યાને પારણે સાદું ગોળનું પાણી પી લીધું. પરંતુ કોઇ સારું પારણું કરાવે એની અપેક્ષા જ રાખી નહિ. ત્યારે આજે કેટલાકોને ભીખ માગતા શરમ નથી. કારણ હરામનું ખાતાં સંકોચ નથી.

**ધનાજીની હરામનું ન ખાવાની ટેક :-**

ધનાજી ભાઇઓનાં કકળાટથી બધી સંપત્તિ પડતી મૂકી ઘરેથી એકલા પહેર્યે લૂગડે નીકળી પડેલા. ચાલતાં ચાલતાં મધ્યાહ્ન થવા આવ્યો ત્યાં પાણી પીવા એક ખેતરના કોશ પાસે ગયા, ખેડૂતને કહે 'ભાઇ પાણી પાઇશ ?'

ખેડૂત કહે 'હોય ભાઇસાબ ? આ મારા માટે ભાતું આવ્યું છે એમાંથી થોડું વાપરી પછી પાણી પીઓ.' ત્યાં ધનાજીએ શું કહ્યું ? ભૂખ તો લાગેલી જ હતી, તો 'લાવો ત્યારે, તમારા ભાવ છે, તો થોડું લઇ લઉં' ન કહ્યું.

એ તો કહે 'ભાઇ ! હું હરામનું ખાતો નથી. તમારો બહુ આગ્રહ છે તો મને તમારું હળ થોડું ચલાવવા દો, એટલી મહેનત-મજૂરી કરીને પછી તમારું ખાઉં.' હરામનું ન ખાવાની કેવી ટેક !

ત્યારે પટેલ કહે 'આ શું બોલ્યા ? તમે મારા મહેમાન ગણાઓ ને તમારી પાસે મજૂરી કરાવું ? મારો 'દિ' ઊઠ્યો છે ?'

પરંતુ ધનાજી મક્કમ છે, એ કહે છે 'તો રહેવા દો, પાણી ય બીજે પી લઇશ.

પટેલ કહે, 'હાય હાય ! આંગણે આવેલા તે શું પાણી ય પાયા વિના જવા દઉં ? લ્યો ભાઇ ! લ્યો, આ હળ થોડું ચલાવી લો, પણ મારો રોટલો ખાધા વિના ન જશો.'

ધનાજી લાગ્યા હળ ફેરવવા, ને એમાં એક જગાએ મોટો પથરો ઉચકાઇ પડ્યો ને નીચે જમીનમાંથી સોનૈયા ભરેલો ચરુ નીકળી પડ્યો !

જુઓ અહીં પણ ધનાજીની નેકી ! પટેલને બૂમ મારીને કહે 'પટેલ ! પટેલ ! લ્યો આ તમારા નસીબનો સોનૈયાનો કળશ.'

પટેલ પણ એવો જ મળ્યો, એ કહે 'ના, એ તો તમે પ્રગટ કર્યો તેથી તમારો કહેવાય માટે તમે જ એ લઇ જાઓ.'

જુઓ ચકચકતા સોનૈયા મફતમાં મળે છે છતાં છે કોઇને એનાં ગિલગિલિયાં ? આજે નોટો દેખી પાણી પાણી થઇ જવાય છે !

ધનાજી કહે 'હોય પટેલ ? એ તો તમારી જમીનમાંથી નીકળ્યો તેથી એના પર તમારી જ માલિકી ગણાય કશું હરામનું લેવું મને ન ખપે. તમે જ લઇ લો એને.'

**હરામનું ખાવું એ આત્મરોગ :-**

જુઓ અહીં પણ ધનાજી હરામનું ઇચ્છતા નથી, સમજે છે હરામનું લેવું-ખાવું એ ભયંકર આત્મરોગ છે ! એના અનેક અનર્થો છે.

(૧) પહેલું તો એ જીવને માગણિયો, દીન-ચાટુ બનાવે. મફતિયું ખાવાનો હરામ ચસકો લાગ્યો એટલે મફતિયું મળે ત્યાં લેવા માટે ચાટુ કરવાનું, દીનતા બતાવવાની, યાચના કરવાની...વગેરે કરતાં એમ સંકોચ નહિ રહે, ને આ જગતમાં માગણિયા ભૂંડા દેખાય છે, એટલે ભૂંડામાં ખપશે !

(૨) હરામનું ખાવામાં હાડકા હરામ કર્યા એટલે ધર્મના ક્ષેત્રમાં ય હાડકા હરામ કરાશે ! સાધર્મિક પાસે પોતાનું કામ કરાવશે, પણ પોતે સાધર્મિકનું નહિ કરે. હરામી માટે કહે છે ને કે 'વાઢી આંગળી પર મૂતરે એવો નથી.' દેરાસરમાં કે ધર્મક્રિયામાં ખમાસમણાં બેઠા બેઠા દેશે ! કેમકે હાડકા હરામ ! તેથી ઊભા થઇ થઇ દેવાનું મન નહિ થાય. ગુરુની સેવાનું કામ કોઇ કરી લેશે એ એને ખપશે ! પોતે શેઠાઇ ભોગવશે, કેમકે હાડકા હરામ ! એમ દેરાસરમાં પ્રભુને વાશી કેસર

ચંદન ઉતારવાનું, અંગ-લૂછણાં કરવાનું...વગેરે પૂજારી કરી લે એ એને ખપશે ! પણ પોતે નહિ કરે, કેમકે હાડકા હરામ ! શું આ ?

**દેવાધિદેવ અને ગુરુ સામે પણ શેઠાઇ ભોગવતાં હરામ ખાઉને આંચકો નહિ !**

આવાને કર્મ સત્તા છોડે ? પરભવ માટે એવું નીચ નોકરપણું અપાવે કે જ્યાં ગુલામી-ટોણાં-અપમાન-તિરસ્કાર આદિ ભારે સહવાના હોય !

(૩) હરામખાઉંપણામાં નફટાઇ, નિર્લજ્જતા, વડિલોની આશાતના અને જરૂર પડ્યે જૂઠ-માયા-કપટ-અનીતિ વગેરે અનર્થો આવતાં વાર નહિ. દા.ત. ઉપધાનમાં કોઇ એવો દાતાર આવ્યો એ કહે જેણે બરાબર ઉપધાન ક્રિયા કરી હોય એમને મારે સો સો રૂપિયાની પ્રભાવના આપવાની છે. તો શું આ હરામ ખાઉં એમ કહેશે ખરો કે 'મેં ૧૦૦ ખમાસમણા બરાબર નથી આપ્યા, તેથી મારે પ્રભાવના ન ખપે ?' ના, એ તો જૂઠ લલકારશે કે 'મેં ક્રિયા બરાબર કરી છે.' એમાં વળી જો સામેથી પૂછતા નહિ હોય તો માયાથી દેખાવ સારી ક્રિયા કરનાર તરીકેનો રાખીને પ્રભાવના ઉપાડશે !

(૪) હરામખાઉ માણસ દેવ-ગુરુ, માતા-પિતા ઉપકારીની કૃતજ્ઞતા ને વફાદારી ચૂકશે. આજે દેખાય છે કે હરામખાઉ છોકરા માતા-પિતાની સેવા કરવાના અવસરે ઊલટું એમની પાસે સેવા કરાવતા હોય છે ! એમ હરામખાઉને જો ભગવાનની પૂજા કરવા જોઇએ છે, તો કે તે પોતાના દ્રવ્યથી નહિ કિન્તુ લાગ આવે તો દેવદ્રવ્યના એટલે કે ભગવાનના જ ચંદન-કેસર-અગરબત્તીથી ! અગર કોઇ દાતારના મૂકેલા ચંદન વગેરેથી ! એમ

**હરામખાઉ લોકોને સાધારણના નાણાં એટલે જાણે પોતાના બાપનાં નાણાં !**

સાધારણના ખરચા કરવા હોય તો તે પોતાના દ્રવ્યથી નહિ, પરંતુ કોઇક માનાકાંક્ષી સાધારણ ખાતાની સારી બોલી બોલેલા, એની ઉપજમાંથી કરે છે ! પાછા કહે છે શું ? 'સાધારણ ખાતાના એટલે સંઘના જ નાણાં છે ને ?' કેમ જાણે સંઘના એટલે પોતે અને પોતાના બાપ પણ સંઘમાં જ છે એટલે જાણે પોતાના કે પોતાના બાપાના નાણાં સાધારણ ખાતે જમા મૂકેલા છે ! તે હવે એમાંથી પોતાના લાભનો ખર્ચ કરાય એ જાણે પોતે જ ખીસામાંથી નાણાં કાઢ્યા ગણાય ! હરામખાઉ જ ને ?

**હરામખાઉપણું ક્યાં ક્યાં પહોંચ્યું ?**

(૧) કઇ મનોદશા છે ? મારવાડમાં પ્રભુના ઓચ્છવની કંકોત્રી નીચે સહી કરવાની બોલી બોલાય છે. બહારમાં નામ આવે છે માટે નામના લાલચુ ભાગ્યવાન

મોટી રકમની બોલી બોલે છે. એ રકમ સાધારણ ખાતે લઇ જાય છે. એમ નવકારશી સ્વામિવાત્સલ્ય જમાડવાના ચડાવા બોલાય છે, એમાંથી જમણ જમ્યા પછી નાણાં વધે એ સાધારણ ખાતે લઇ જાય છે. હવે સાધારણ ખાતે ખર્ચ આવે જે વાસ્તવિક રીતે સંઘે એટલે કે સંઘના દરેક સભ્યે પોતાના નાણાંથી ખર્ચ કરવાનો છે, પરંતુ ત્યાં તરાપ આ સાધારણ ખાતા ઉપર લઇ જવાય છે !

(૨) ગામમાં સાધુ ચાતુર્માસાર્થે લાવ્યા, બહારથી મહેમાનો આવે છે એને જમાડવાની ફરજ કોની ? સંઘના દરેક સભ્યની ખરી ને ? કે શ્રાવકના નાણાં માત્ર જાત અને પોતાના કુટુંબનાં ભરણ-પોષણમાં જાય એજ સુકૃત મોટું ? ને હવે મહેમાન-સાધર્મિકની ભક્તિની એને ત્યાં જગા જ નહિ ? પરંતુ હરામખાઉ વૃત્તિ સાધારણ ખાતા પર તરાપ મારશે, પોતાને હરામ કાંઇ જોખવાનું હોય તો ! હરામ ખાઉપણું ક્યાં ક્યાં પહોંચી ગયું છે !

(૩) સત્તર ભેદી પૂજા પછી અઢારમો ભેદ જમણનો રાખ્યો હોય, તો પૂજામાં બેસવાની ફુરસદ નથી ! અગર છેલ્લે પૂજા ઉઠાડવા જ આવશે, પણ જમણમાં આવવા બધી ફુરસદ છે.

(૪) ઉપધાનમાં બેઠો હશે તો ક્રિયામાં લોચા-લાપશી, પણ નીવીમાં એને ટીપટોપ બરાબર જોઇશે ! ત્યાં નીવીમાં લોચાલાપશી નહિ ચલાવી લે, થોડી બદામ ઓછી આવી હશે તો બૂમરાડ મચાવવા જોઇશે ! તો પછી ક્રિયામાં કેમ લોચાલાપશી ? કહો, હરામખાઉ વૃત્તિ છે માટે.

(૫) સાધુ ય જે એકલી આરાધક વૃત્તિવાળા નહિ હોય અને સુખશીલ પ્રમાદી હશે, એને પણ ગોચરી-પાણી વગેરે બધું બરાબર ટીપટોપ જોઇશે, ટીપટોપ ભોગવશે, પરંતુ ક્રિયા શૂન્યચિત્તે કે રખડતા ચિત્તે અને જેમ તેમ ગબડાવશે ! સૂત્રોના પદપદના કે ક્રિયાના ભાવ વિચારવા પરવા નહિ હોય.

(૬) એમ દિવસ રાતના પહેલા છેલ્લા પહોરમાં સ્વાધ્યાયની જિનાજ્ઞા હોવા છતાં એમાં ઘણા ગાબડા ચલાવશે, સાંજનું પ્રતિક્રમણ કરી ઇધર ઉધર વાતો કરીને સૂવાનું ને સવારે પ્રતિક્રમણ વહેલા કરી લઇ પાછું સૂવાનું ! ને પડિલેહણ વખતે ઊઠી પડિલેહણ જેમ તેમ કરી લેવાનું, આમાં રાત્રિના પહેલા છેલ્લા પહોરનો સ્વાધ્યાય ક્યાં કર્યો ?

તો સાધુ થઇને આરાધનામાં લોચાલાપશી ગરબડ ગોટો ? ને ગોચરી-પાણીની સગવડ લોચા વિનાની ટીપટોપ બરાબર મનમાની ભોગવવાની? કહો, હરામખાઉ વૃત્તિ હોય એને આમ જ બને.

**પં. ભદ્રંકરવિજયજી મ. ની હિતશિક્ષાઃ ધર્માદાનું ખાધા પછી ?**

સ્વર્ગસ્થ પૂ.પં. ભદ્રંકરવિજયજી મહારાજને એકવાર મુનિઓ કહે 'સાહેબ ! અમને હિતશિક્ષા આપો.' પૂજ્યશ્રીએ કહ્યું 'સારું આપીશ.' પછી ગોચરી બેઠી ત્યારે પોતે વાપરતા પહેલાં એક કોળિયો હાથમાં ઉપાડી મુનિઓને કહે-'જુઓ આ કોળિયો આપણી પોતાની કમાઇનો નથી. શ્રાવકોએ આપણને સાધુ માનીને સુપાત્ર દાનધર્મની બુદ્ધિથી વહોરાવેલ છે, એટલે કે ભેટ કરેલ છે, એટલે આ ધર્માદાનો કોળિયો ગણાય. ત્યારે ગૃહસ્થપણે ક્યાંક ધર્માદાનું થોડું પણ ખાવામાં આવ્યું હોય તો એનો બદલો વાળવા તત્પરતા રહે છે, બદલો વાળ્યા વિના ચેન નથી પડતું. તો પછી આપણે સાધુ થયા એટલે ઊંચા ગુણ ઊંચી લાયકીવાળા બન્યા, તો ગોચરીપાણી-કપડાં-કામળી-મકાન વગેરે ધર્માદાનો માલ ભોગવ્યા પછી આપણને એનો બદલો વાળ્યા વિના ચેન નથી પડતું ને ? બદલો એટલે ક્ષણનો પણ પ્રમાદ કર્યા વિના એક ક્ષણ પણ નકામી ન જવા દેતાં, ચોવીસે કલાક આરાધનામાં લાગ્યા રહેવું. એમાં ય દશ પ્રકારનો યતિધર્મ તથા બધી સામાચારી સાધુસેવા-ગુરુસેવા અને 'ચાઉક્કાલં સજ્ઝાય' એ બરાબર જ સાચવીએ છીએ ને ? એ જોયું. જો એ બરાબર નહિ સચવાય તો ધર્માદાનું ખાધેલું ભોગવેલું કેટલું ભારે પડશે ? એ વિચારી જુઓ.'

પંન્યાસજી મહારાજની કેવી આ દિવ્ય વાણી ! એમણે કહ્યા પ્રમાણે ૧૦ પ્રકારનો યતિધર્મ, સાધુ સામાચારી અને સ્વાધ્યાયમાં જો મોટા ગાબડા હોય, અને બીજી બાજુ વસ્ત્ર-પાત્ર-ગોચરી-મુકામ વગેરેની ટીપટોપ રાજાશાહી સગવડ ભોગવવાની હોય, તો એ શાને આભારી છે ? કહો, હરામખાઉ વૃત્તિને આભારી છે.

**હરામખાઉ વૃત્તિમાં સગવડ ટીપટોપ જોઇએ છે, ધર્મક્રિયા ગરબડકલાસ !**

એટલે પછી ત્યાં પ્રમાદ શિથિલાચાર અને સુખશીલતાની અફસોસી પણ રહેતી નથી ! ઉપરથી સાધુ થયા એટલે જાણે સમાજ પર હકદાર થયા ! ને સમાજ જાણે બધી અનુકૂળતા-સગવડો માનભેર આપવા બંધાયેલો ! આ ક્ષુદ્ર માન્યતા હરામખાઉ વૃત્તિમાંથી જન્મે છે, નહિતર સાધુના માથે તો એટલા બધા ભાર મૂક્યા છે, અને આહાર અંતપ્રાંત લેવાના કહ્યા છે, કે એ સામાન્ય ખોરાકમાંથી પણ સાધુ

જાતનું તેલ કાઢતા હોય.

**હરામનું ખાવામાં સત્ત્વ ખલાસ થાય છે.**

માટે તો જુઓ, ધનાજીએ પેલા પટેલનો રોટલો હરામનો ન ખાવા માટે એનું હળ લઇ જમીન ખેડતાં સોનૈયાનો ચરુ નીકળ્યો તો તે ય લઇ લેવો નથી ખપતો. પટેલે આગ્રહ કર્યો કે આ તો તમારા નસીબનો, કેમકે હમણાં તમારાથી ખેડતાં એ નીકળ્યો, નહિતર મેં તો આ જમીન વરસોવરસ ખેડી પણ કાંઇ નીકળ્યો નહિ, કેમકે મારા નસીબમાં નહિ. તમારા નસીબનો માટે તમારે જ રાખવાનો. પટેલનો આગ્રહ છતાં ધનાજી એ લઇ લેવા તૈયાર નથી. કેમકે સમજે છે કે 'પટેલની જમીનનો એટલે ન્યાયસર પટેલનો ગણાય, મારે તો હરામનો ગણાય.'

**હરામનું કુદરત તાણી જાય :-**

જુઓ ધનાજી પહેર્યે લૂગડે નીકળ્યા છે, તેથી આગળ વેપાર કરવો હોય તો પૈસાની જરૂર છે. છતાં હરામખાઉ નથી બનવું, માટે લેતા નથી. સમજે છે કે 'નસીબમાં ધન હશે તો ન્યાયસર ગમે ત્યાંથી મળી જશે. બાકી હરામનું લેવામાં સત્ત્વ હણાય ને હરામનું ધન કદાચ કુદરત બીજે રસ્તે લૂંટી ય લે ! એટલે સત્ત્વ તો ગયું ને ધન પણ ગયું.'

પછી તો આ કેસ રાજા પાસે લઇ જાય છે.

ધનાજીએ આમ વારે વારે સત્ત્વની રક્ષા કરી છે, વૃદ્ધિ કરી છે, ત્યારે તો અવસર આવી લાગતાં એક મિનિટમાં આઠે ય રૂપાળી પત્નીઓ અને ક્રોડોની સંપત્તિ વગેરેથી સુખ-સમૃદ્ધિભર્યો સંસાર છોડી દેતાં એમને આંચકો ન આવ્યો. વિશિષ્ટ સત્ત્વ વિના આ મહાત્યાગ બને ? હરામખાઉ નહોતા, તેથી એ વિશિષ્ટ સત્ત્વ ખીલી ઉઠેલું ! 'અષ્ટક' શાસ્ત્ર કહે છે-

**હરામખાઉ બનવામાં પુરુષાર્થ-શક્તિ ક્ષીણ થાય છે.**

**ભિખારી ને બળદનો દાખલો :-**

પુરુષાર્થ-શક્તિ ક્ષીણ એટલે ભિખારીનું હૃદય બને. ભિખારીનું હૃદય એટલે (૧) ભિખારીને મહેનત મજૂરી વિના માગી માગીને ખાવાની કુટેવ પડી હોય છે, ને પછી (૨) એ હાડકાં હરામ કરે છે તે જાતભાઇને ય ઉપયોગી ન થાય.

એક ભિખારીના ઠીકરામાંથી રસ્તે જતાં એક બળદે મોં ઘાલી લોટ ચાટવા માંડ્યો, ત્યારે ભિખારી રોવા બેઠો. એટલે બળદની પાછળ પાછળ આવતો એનો માલિક પટેલ ભિખારીને કહે, "આટલો જરાક શો તારો લોટ ચાટ્યો એમાં રોવા

શું બેઠો ? લે આ બે પૈસા બીજો લોટ લઇ લેજે.''

ભિખારી કહે ''મા-બાપ ! મારું ગયાનું હું નથી રોતો, પરંતુ આ તારા બળદે હરામનું ખાધું એટલે હવે એ એટલો તારા કામમાં નહિ આવે, એને હું રોઉં છું, કેમકે હરામનું ખાઇને એના હાડકા હરામના થયા, પછી તે બીજાને ઉપયોગી ના થાય. આ અમે ભિખારીઓ હરામનું ખાઇએ છીએ તેથી અમારા હાડકાં હરામ થઇ જવાથી અમે નવરા બેસી રહીએ તે હા, પણ અમારા જાતભાઇને ય કામમાં નથી આવતા. માટે તું ડાહ્યો થઇને તારા બળદને જલ્દી ઊલટી કરાવી નાખ, અને એનાં પેટમાં ગયેલો હરામનો માલ બહાર ઓકાવી નાખ.''

**હરામખાઉંને પરોપકારના ય વાંધા ને ધર્મરાગના ય વાંધા.**

ત્યારે જીવનમાં જો પરોપકાર નહિ, તો પોતાની કાયા અને પુણ્યે મળેલી માયા પર મોહ જાલિમ ! જે પછી દેવ-ગુરુ-ધર્મ પર એવો રાગ નહિ થવા દે.

વાત સાચી છે કે છતી કાયાની શક્તિ અને છતી માયાની અનુકૂળતા, પરોપકારની ભાવના નથી, બીજાનું કરી છૂટવું નથી, તો એનો અર્થ તો એજ થયો કે પોતાની કાયાની આરામી અને સુખશીલતા તથા પૈસા પરિવાર પર એને તીવ્ર મોહ છે. એ હોય તો એ કાયા અને માયા દેવાધિદેવની સદ્‌ગુરુની અને તપ વગેરે ધર્મની સેવા-સાધનામાં એવી એ શાનો લગાડે ? કદાચ થોડું ઘણું કરતો દેખાય તો ય તે મોટો સ્વાર્થ સાધવાની આકાંક્ષાથી કરતો હોય. કહે છે ને પતાસુ આપીને કલ્લી કાઢી લેવાનો ધંધો. 'પ્રભુ ! હું તને ચપટી ચોખા ચડાઉં, મને તું ચોખાની ગુણી ભેટ કરજે' આ અંદરનો ઇરાદો.

પોતાની પાસે પૂરતું ધન-માલ છે, છતાં એના પર રાગ જાલિમ છે એટલે મનને એમ થાય છે કે 'પરોપકારમાં એટલે કે મફતમાં શાના વેડફી નાખવાના ?' આવું જેના મનને લાગે એ માણસ દેવ-ગુરુ-ધર્મ કરતાં પોતાના ધન-માલ પર અત્યધિક રાગવાળો હોઇ એમની સેવામાં એ માલ શાનો લગાવે ? એ તો જાણે કહી રહ્યો છે કે ''ભગવાન ! તમે વહાલા, પણ તમારા કરતાં મારા પૈસા મને વધારે વહાલા, એટલે તમારી સેવામાં પૈસા શાનો લગાવું ? હજી જરૂર પડયે મારા પૈસાની સેવામાં એટલે કે પૈસા વધારવામાં તમારો ઉપયોગ કરી લઇશ ! તમારી પાંચ માળા વધુ ફેરવીશ.''

મૂળ પરોપકાર-વૃત્તિ નથી હરામખાઉ-વૃત્તિ છે, એટલે દેવ-ગુરુ-ધર્મની સેવામાં નિઃસ્વાર્થ ભાવે તન-ધન લગાડવાની ગરજ નથી. કદાચ નામનાના મોહથી

લગાડે તોય એની કશી કિંમત નથી. પછી ભલેને રૂપિયા લાખ લગાડી દીધા ! કેમકે પૈસા ખરચીને પ્રભુનો રાગ ન વધાર્યો, પણ નામનાનો રાગ વધાર્યો. નામના મોહથી મંદિર-પ્રતિષ્ઠામાં હરખ થયો, પણ શાનો ? કીર્તિ મળ્યાનો હરખ થયો, કિન્તુ પ્રભુ ભજવા મળ્યા એમાં હરખ નહિ. નામનાના મોહમાં મંદિર-પ્રતિષ્ઠામાં એક બાજુ ધજાની મોટી બોલી બોલશે, પરંતુ બીજી બાજુએ પ્રભુની પૂજામાં પોતાના સારાં દ્રવ્ય વાપરવાની ત્રેવડ નહિ હોય ! કે પ્રભુને પોતાના તરફથી કાયમી પોતાનું દૂધ ચડે, ચંદન ચડે, આંગી થાય, એની પરવા નહિ હોય, કેમકે એમાં નામના ન મળે ને ?

નામના માટે સંઘ મોટો કાઢશે, બે પાંચ લાખ રૂપિયા ખરચી નાખશે, કિન્તુ સીદાતા સાધર્મિક ભાઇને ઉદ્ધાર માટે ૨૫-૫૦ હજાર પણ ખરચવા તૈયાર નહિ ! કેમકે એમાં નામના ક્યાં મળે ?

દેવ-ગુરુ-ધર્મ પર એવો રાગ નહિ એટલો બધો તીવ્ર રાગ પોતાની કાયા-માયા પર હોય છે, એનું કારણ આંધળી સ્વાર્થમાયા છે, પણ પરોપકાર-વૃત્તિ નથી અને,

**હરામખાઉપણાની કુટેવ હાડકાં ને નાણાં હરામ કરીને પરોપકાર-વૃત્તિ નથી આવવા દેતી.**

તો બોલો, હરામખાઉપણું જીવને ક્યાં સુધી પહોંચાડે છે ? કહેવું જ પડશે કે 'હરામ ખાઉ માણસ સગાબાપનો ય થઇને નહિ રહે, અને દેવ-ગુરુ-ધર્મનો ય થઇને નહિ રહે.'

**હરામખાઉની વફાદારી પોતાની કાયા પ્રત્યે અને પોતાની માયા પ્રત્યે. પરંતુ દેવ ગુરુ-ધર્મ પ્રત્યે નહિ.**

'જેના પ્રત્યે વફાદારી એને સાચવી લેવાય છે', એ નિયમ છે. એટલે હરામખાઉ બનવામાં કાયા માયાને એવા સાચવતા રહેવાશે કે પછી જરૂર પડ્યે દેવ-ગુરુ-ધર્મના ય ભોગે એ સાચવી લેવાય તો વાંધો નહિ લાગે. એટલે ? 'દેવ-ગુરુ-ધર્મ પછી, પહેલાં પોતાની કાયા-માયા સાચવી લેવાની. એ સાચવીને દેવ-ગુરુ-ધર્મનું થતું હોય તો કરવાનું', આ કનિષ્ઠ અધમવૃત્તિ હોય છે. એટલે જ હરામખાઉ માણસ કોઇપણ પરોપકાર કે ધર્મનું કામ કરવાનું આવી પડે તો પહેલું આ જોશે કે 'આપણને કષ્ટ તો નહિ પડે ને ? આપણું કામ બગડશે નહિ ને ? તેમ આમાં પૈસા તો ખરચવા નથી પડતા ને ?' ને આ જ જોવાનું હોય ત્યાં એ સુકૃત એટલે કે સારાં કામ કે સાધનાના ક્ષેત્રમાં શું લીલું વાળે ? ભલે ને ઊંચું સાધુપણું ય

હાથમાં આવી ગયું હોય પરંતુ આ હરામખાઉ વૃત્તિ એની આરાધનામાં એવો ભલીવાર નહિ આવવા દે, હૈયું પાકું ધિટ્ઠું બનાવશે-'ભાઇ ! આપણે તે કેટલા કષ્ટ ઉઠાવીએ ? કરનારા કરશે,' આવી જ સુંવાળી વૃત્તિ રાખ્યા કરશે.

દા.ત. દૂર દૂર ફરીને સાધુ ગોચરી લઇ આવ્યા, હવે સમુદાય મોટો છે, તેથી ગોચરી થોડી ખૂટી, તો હરામખાઉ નહિ હોય એ સાધુઓ તો પડાપડી કરશે કે 'આ નવું લાવવાનો લાભ મને આપો, મને આપો...' પરંતુ હરામખાઉ સાધુ હશે એ તો એમ જ બેઠા રહેશે અને વિચારશે કે 'ગોચરી લાવનારની ફરજ છે કે પૂરી ગોચરી લાવવી જોઇએ. એટલે જો ખૂટ્યું છે તો એ જ જાય. અમારે શું ? અમે તો અમારી ડ્યુટી બજાવી લીધી છે,' આમ કરીને ઉપેક્ષા કેવી કરશે કે પેલો બિચારો માઇલ ફરીને ગોચરી લઇ આવ્યો, હવે ખૂટતા માટે પણ જો એને જવાનું હશે તો આના પેટનું પાણી નહિ હાલે, એટલી બધી કઠોર નિર્દયવૃત્તિ આવશે, એના દિલને જરાય લાગણી નહિ થાય કે 'આ મહાત્મા ધૂમ તાપમાં માઇલ ૦।। માઇલ તો ફરી આવ્યા છે, એ પાછા, અરે ! ગોચરી વાપર્યા-કર્યા વિના, ફરીથી ગોચરી લેવા જઇ રહ્યા છે !'

**હરામખાઉ દીકરાની દુર્દશા :-**

હરામખાઉનું હૈયું નિષ્ઠુર, તે એમાં સાધુ માટે પણ સદ્ભાવ કે સહાનુભૂતિ નહિ ઊઠે ! બાપને ત્રણ દીકરા હશે એમાં એક સારો વિનય ભક્તિવાળો હશે તે બાપની સેવા કરતો હશે, તો બીજા બે સંતોષ વાળશે 'ચાલો, નાનો કરી લે છે તો બા-બાપુજીનાં કામ થાય છે ને ?' 'અલ્યા પણ એમાં તારું શું વળ્યું ? તને સેવા-કૃતજ્ઞતાનો શો લાભ મળ્યો ? બા-બાપુજીનાં કામ થઇ જાય છે એટલું જ બસ છે ? કે જન્મથી માંડી અત્યાર સુધી બા-બાપુજીની સેવા લીધી એની કૃતજ્ઞતા રૂપે પણ તારે કાંઇ જોખવું જરૂરી છે ? ના, હરામખાઉ, તે માબાપે પેટે પાટા બાંધી મહેનત કરીને મોટો કરી દીધો. હવે માબાપ પાસેથી શું મળવાનું છે કે શું જોઇએ છે ? તે મા-બાપની સેવાનો લાભ લેવા દોડાદાડ કરે ? ગઇ ગુજરી વીતી ગઇ તે મા-બાપનો ઉપકારનો બદલો વાળવાનું એને સૂઝે જ શાનું ? હરામખાઉ હૈયું આટલું બધું નિષ્ઠુર કરે છે કે હજી આજકાલની આવેલી બાયડીની સેવા કરશે ! પણ જનમની ઉપકારી બાની સેવા નહિ ! જેને માબાપની સેવા ન સૂઝે જેને એમના કષ્ટમાં સહાનુભૂતિ ન થાય, એ બીજા દુઃખી જીવો પર શી સહાનુભૂતિ ને શો પ્રેમ દાખવવાનો ?

પેલો સિંહરથ રાજાનો જીવ પૂર્વ ભવે નિર્ધન રાજગુપ્ત, એને મુનિ મળતાં

અને મુનિનો ઉપદેશ સાંભળતાં કે 'દુખિયારા પર અધિક પ્રેમ દાખવવો જોઇએ...' વગેરે, એ અને એની પત્ની મુનિને કહે છે 'હે જગત પૂજ્ય ! આપ કહો છો એ પ્રમાણે આપ દુખિયારા પર અધિક પ્રેમવાળા છો, તો અમે તો બહુ પાપી જીવો છીએ તો હે સમસ્ત વિશ્વનું હિત કરનારા ગુરુદેવ ! પાપી એવા અમારો ઉદ્ધાર કરવા માટે કોઇ તપ બતાવો.'

મુનિ પાસે શું મંગાય ? હરામખાઉને એકલો વાસક્ષેપ માગવાનો હોય છે ! કેમ ? 'મહારાજના આશીર્વાદથી ખાધે-પીધે સુખી રહીએ.' સાધુ પાસેથી શું લેવાનું ? ધર્મ લેવાનો ? કે સંસાર સુખના આશીર્વાદ ?

**વાસક્ષેપ ક્યારે નખાય છે ?**

પ્ર.-ધર્મના આશીર્વાદ માગે તો ?

ઉ.-જેને ધર્મના આશીર્વાદ જોઇતા હોય એને સંસારના પાપ કરડતા હોય અને ધર્મ ગમતો હોય. ધર્મની ગરજ હોય તો જ ધર્મના આશીર્વાદ માગે, એ વાત ખરી ને ? તો ધર્મની ગરજવાળો ધર્મની પ્રીતિવાળો, નાનો પણ ધર્મ ન માગે ? તે એકલા વાસક્ષેપથી આશીર્વાદ માગે ? એમ તો મહારાજના સૌને આશીર્વાદ છે જ, શુભેચ્છા છે જ, કે 'સૌ ધર્મ કરો', પછી વાસક્ષેપનું શું કામ છે ? સમકિત વ્રત ઉચ્ચરવાનું, બાર વ્રતો ઉચ્ચરવાના, દીક્ષા ઉચ્ચરવાની... વગેરેની ક્રિયા થાય છે એમાં પહેલો વાસક્ષેપ આ ઉચ્ચરાવવા નિમિત્તે નખાય છે, અને પછી વ્રત ઉચ્ચર્યા બાદ એ વ્રતો સ્વીકારતા અભિનંદન રૂપે અને એ વ્રતોના સ્થિરીકરણ માટે વાસક્ષેપ નાખવામાં આવે છે.

બોલો, વાસક્ષેપ નાખવા આ પ્રસંગો આવે છે, તમારે વાસક્ષેપ નખાવવાનું બને તે કશું વ્રત લેવા માટે ? યા કશું વ્રત લીધું એના અભિનંદન રૂપે ! અથવા કશું વ્રત લઇ એની પુષ્ટિ અર્થે ? સ્થિરીકરણ અર્થે ? જો આમાનું કશું નહિ તો વાસક્ષેપ શા માટે ?

**ધર્મલાભના આશીર્વાદમાં શું અપાય છે ?**

પ્ર.-પણ તમે વાસક્ષેપ નાખતાં 'નિત્થારગ પારગા હોહ' બોલો છો એમાં 'તારો સંસારમાંથી નિસ્તાર થાઓ, છૂટકારો થાઓ અને તું ભવપાર કરી જા' એ આશીર્વાદ માટે વાસક્ષેપ નખાવાય ને ?

ઉ.-એ આશીર્વાદ તો તમને પહેલા ય ધર્મલાભનો આશીર્વાદ આપીએ છીએ એમાં આવી જાય છે, પછી વાસક્ષેપની શી જરૂર છે ? ધર્મલાભનો આશીર્વાદ

એટલા માટે જ આપીએ છીએ કે તમને ધર્મનો લાભ થાય તો તમારો સંસારમાંથી વહેલા નિસ્તાર થઇ તમે ભવપાર કરી જાઓ. હવે વાસક્ષેપ એ શા માટે ? તમારા મનમાં શું બેઠું છે ? 'મહારાજ વાસક્ષેપ નાખે એટલે આ ઘરવાસના પાપથી જલ્દી છૂટીએ અને ભવોદ્ધારક ચારિત્ર પામીએ એ માટે ? કે મહારાજ વાસક્ષેપ નાખે એટલે અમારે સંસારમાં રૂડું ચાલે, ક્ષેમકુશળ ચાલે' એ જ મનમાં બેઠું છે ? એનો અર્થ એ કે અમારે વાસક્ષેપ નાખી તમારે 'સંસારમાં વિષય-વિલાસો, ને એ માટે આરંભ સમારંભ અને પરિગ્રહ સારા ચાલે એની સગવડ કરી આપવાની ? અને એ સારા ચાલે એની પર આરંભ વિષય-પરિગ્રહના ત્યાગી સાધુએ સિક્કો મારવાનો ?

**હરામખાઉને સામાના અહિતનો વિચાર નહિ**

ભૂલશો નહિ, સાધુએ ત્રિવિધે ત્રિવિધે ત્યાગ કર્યો છે, જાતે આરંભ-વિષય-સેવન-પરિગ્રહ કરવાના તો નહિ, પણ કરાવવાના ય નહિ, અને કરતાની અનુમોદના ય નહિ કરવાની, કરવામાં સંમતિ ય આપવાની નહિ. આવા ત્યાગીને તમારે સાધુપણામાંથી ભ્રષ્ટ કરવાનું જ પાપ કરવાનું ને ?

પરંતુ હરામખાઉપણાને લીધે આવું પાપ કરવામાં કોઇ વિચાર નથી રહેતો, કોઇ અફસોસી થતી નથી, કે ''હાય ! હું તો આ આરંભાદિની પાપની લોથમાં પડ્યો છું. એમાં વળી પવિત્ર નિષ્પાપ સાધુ મહારાજને કાં આ લોથમાં પાડું ?'' હરામખાઉને સામાનું કશું જોવાનું હોતું નથી કે ''મારી પ્રવૃત્તિથી આમને કશું નુકસાન તો નહિ થાય ? આ સામો કોણ છે ? એમનો દરજ્જો ક્યો ? હરામખાઉને આ કશું જોવું નથી. એને તો એનો પોતાનો અધમ સ્વાર્થ મફતમાં સામા પાસેથી સધાવવો હોય છે !

સાધુ પાસે વાસક્ષેપ નખાવતા પહેલાં એમની સાધુ તરીકેની ઓળખ ખરી ? એ ઓળખ હોય તો ઝટ લક્ષમાં આવે કે 'સાધુ મહારાજ સંસાર-પાપોના ત્રિવિધ ત્રિવિધે ત્યાગી છે,' ને એમની અનુમોદના થાય કે 'અહો ! ધન્ય અવતાર ! ધન્ય સાધુ-જીવન ! કે સંસાર-પાયોના એ કેવા ત્રિવિધ ત્રિવિધે ત્યાગી ! એ આરંભ-પરિગ્રહ-વિષયોના પાપો સ્વયં કરે નહિ, બીજાને કરાવે નહિ, કરતા હોય એમાં ન સંમતિ ન અનુમોદના કરે !'

**જો સાધુના સર્વ પાપત્યાગની અનુમોદના સાથે સાધુને વંદના કરાતી હોય તો પછી એમની પાસે એ પાપોની સગવડ માટે વાસક્ષેપથી આશીર્વાદ માગવાનું મન થાય ?**

**કે એ સગવડની સાધુ પાસેથી મનમાં ઇચ્છા પણ કરાય ?**

એવી ઇચ્છા મનમાં કદાચ ઊભી થઇ તો જાતને ધિક્કારવાનું મન ન થાય ? હાય ! આ મારી કેવી ગોઝારી પાપલાલસા કે એમાં સંસારથી પર થઇ બેઠેલા અને પોતાનું આત્મહિત સાધતા સાધુ મહારાજને પણ પાડવા ઇચ્છું છું ? ધિક્કાર છે મને !'

**સાધુને કેમ માનો ?**

આ વિચાર કેમ નથી આવતો ? સાધુની સાધુ તરીકે ઓળખ નથી, નહિતર વિચાર હોય કે સાધુએ તો જ્ઞાન-ધ્યાન કરવા-કરાવવાનું ? કે આવા લાલચુ ભગતોની આરતી જ ઉતારવાની ? કેમ જાણે સાધુ એટલે ગોરજી મહારાજ, એમણે વાસક્ષેપની કુંડી લઇને બેસવાનું અને સંસાર પાપો લીલાછમ રહે એ માટે વાસક્ષેપ નખાવવા આવતા ભગતોના માથે ચૂરણ નાખ્યા કરવાનું !

ગામે ગામ આ ચેપ ચાલ્યો, સાધુ પાસે આવવાનું, વંદન કરવાના, એ તો સરસ, પણ પછી સાધુ પાસેથી શું જોઇએ છે ? તો કે વાસક્ષેપ ! ગામ મોટું હોય, સંઘમાંથી મોટો ભાગ ઊતરી પડશે, બધાને સાધુ પાસેથી શું જોઇએ છે ? વાસક્ષેપ ! સાધુ પાસે ધર્મ તો કોઇ માગતું જ નથી કે "અમને ૨૫ સામાયિક કે ૫૦ નવકારવાળી, કે ૫ આંબેલ યા ૮ દિન બ્રહ્મચર્યની બાધા આપો, ને એ સારી રીતે પળે એનો વાસક્ષેપ નાખો." ના, સૌને માત્ર વાસક્ષેપ જોઇએ છે. ભલે ને સેંકડો આવશે, એમાંથી એક બચ્ચો કે બચ્ચી ધર્મ નહિ માગે ! દરેકે દરેક માથું ધરશે, 'બસ, બાપજી ! વાસક્ષેપ નાખો !'

**સાધુ પાસેથી વાસક્ષેપ જોઇએ છે, ધર્મ નહિ !**

મહાવીર ભગવાને ચતુર્વિધ સંઘ સ્થાપ્યો એમાં સાધુ માટે આ મફતિયો વાસક્ષેપ નાખ્યા કરવાનું અને શ્રાવક માટે સંસાર લીલોછમ રાખવા સાધુ પાસે માથે વાસક્ષેપ નખાયા કરવાનું કર્તવ્ય મૂકેલું ? ના, તો પછી કેમ આ હરામખાઉપણું ચાલ્યું ? ચાલે જ ને ? અમારે સાધુઓએ ભગતોને વહાલા થવું હોય; ભગતો તો 'આ સારા મહારાજ છે એઓ ઝટ મંત્રેલો વાસક્ષેપ નાખી આપે છે કે આપણે સંસારમાં સારું ચાલે છે' એમ ભગતોમાં સારા તરીકે ખપવું હોય, એટલે અમે કશું પૂછીએ નહિ કે 'ભાઇ સાધુ પાસેથી ધર્મ લેવાનો ? કે વાસક્ષેપ લેવાનો ?' ને ચટ વાસક્ષેપ નાખતા જ જઇએ, એટલે પછી આ હરામખાઉવૃત્તિ પોષવાનું ડિંડવાણું ચાલે જ ને ? પૂછો-

પ્ર.-ગુરુપૂજન કરીને વાસક્ષેપ નખાવીએ એમાં ક્યાં હરામ ખાઉ પણું આવ્યું ? કાંઇ મફત નથી નખાવતા ?

ઉ.-પૂજનમાં મૂકો કેટલું ? ને વાસક્ષેપથી આશીર્વાદ કેટલી રકમો મળવાનો ઇચ્છો છો ? જે મળવાનું ઇચ્છો છો એની આગળ પૂજનનો એક રૂપિયો વિસાતમાં છે ? ના, તો પછી હરામનું જ લૂંટવાનો ધંધો કે બીજું કાંઇ ? એ રૂપિયો દેવદ્રવ્યમાં તો જાય, પણ મહારાજને કાંક વ્રત-નિયમ કરાવવાનો લાભ ને એની અનુમોદનાનો લાભ મળે ? પરંતુ આજે વાસક્ષેપ વ્રત-નિયમ લઇને નખાવવો જ કોને છે ?

પ્ર.-પણ મહારાજને દેવદ્રવ્યમાં રૂપિયો નખાવ્યાનો લાભ મળે ને ?

ઉ.-મળે, પણ જો શુદ્ધ દેવદ્રવ્યની ભક્તિ માટે જ રૂપિયો નખાતો હોય તો. બાકી રૂપિયાથી વાસક્ષેપ જ નખાવવો હોય અને એ સંસારલાલસા પોષવી હોય તો રૂપિયો તો એમાં જ વટાવાઇ ગયો, મહારાજને કઇ અનુમોદનાનો લાભ મળ્યો ?

પેલો સિંહરથનો જીવ નિર્ધન રાજગુપ્ત, સાધુ મળ્યા તો હરામખાઉ બની એમની પાસેથી પૈસા મળવાનો આશીર્વાદ નથી માગતો, પરંતુ એમની પાસે ધર્મ માગે છે, કહે છે 'હે જગતપૂજ્ય ! અમે બહુ પાપી જીવો છીએ, આપ તો વિશ્વના દયાળુ છો, તો અમને પાપથી બચાવવા કોઇ તપ ધર્મ બતાવો.'

મુનિ કહે છે 'મહાનુભાવો ! તમે ૩૨ કલ્યાણકનો તપ કરો એ માટે ૧-૧ કલ્યાણકનો ૧-૧ ઉપવાસ કરવાનો, અને સાથે બ્રહ્મચર્ય જિનભક્તિ વગેરે ખૂબ ધર્મપ્રવૃત્તિ રાખવાના.' એમ કહી મહાત્માએ વિધિ બતાવી, અને રાજગુપ્ત અને એની પત્ની બહુ હર્ષિત થઇ ગયા ! અને મહાત્માનો ખૂબ ખૂબ ઉપકાર માન્યો.

**સરળ ભદ્રક પ્રકૃતિના અને નિકટમાં મોક્ષગામી જીવોને સાધુ પાસેથી ધર્મ લેવાની જ ઝંખના હોય અને ધર્મ મળે એનો અપરંપાર આનંદ થાય.**

રાજગુપ્ત અને એની પત્ની હવે લાગી ગયા તપમાં ! ૩૨ કલ્યાણકનો તપ એવો કર્યે જાય છે કે એમને ધર્મભાવના વધતી જાય છે. એટલું જ નહિ, પણ હવે તો એમ લાગે છે કે ''જો ધર્મનો આટલો બધો અહીં પણ આનંદ છે ને પછી તો મહાન સદ્‌ગતિ વગેરેનો લાભ થવાનું પૂછવાનું જ શું ? તો પછી શા સારુ પાપમય અને દુઃખમય સંસાર ચલાવે રાખવો ? આવા ઉંચા માનવ અવતારે પણ આવો સુખદ ધર્મ પાળવાનું મૂકી શા સારુ સંસારની હજામપટ્ટી કરવી ?'' બસ, દિન પ્રતિદિન વૈરાગ્ય પણ વધતો ચાલ્યો.

શુભ નિષ્ઠાથી કોઇ પણ ધર્મસાધના કરતા ચાલો એનો આ પ્રભાવ છે કે

વૈરાગ્યભાવના અને ધર્મભાવના વધતી ચાલે. શરત આ, નિષ્ઠા શુભ જોઇએ, ધર્મના બદલામાં દુન્યવી સ્વાર્થ સાધી લેવાની વૃત્તિ ન જોઇએ, એ શુભ નિષ્ઠા છે.

નવકાર ગણતા હો અને મનમાં જો રાખો કે નવકારના પ્રતાપે મારે સંસારમાં જાહોજલાલી થાઓ, તો એ નવકાર જાપની ધર્મસાધના અશુભ નિષ્ઠાવાળી થઇ. એનાથી વૈરાગ્યભાવના કે ધર્મભાવના નહિ વધે. એનું કારણ આ છે કે મૂળમાં જ આ ધર્મ સાધનાની પાછળ ધર્મભાવના નથી, પરંતુ અર્થ-ભાવના છે, સુખ-કામના છે.

**મૂળમાં સંસારની જાહોજલાલીની ઇચ્છાથી કરાતી ધર્મસાધનાથી ધર્મભાવના ન વધે પરંતુ અર્થભાવના વધે.**

સાધનાની પાછળ ધર્મભાવના કેવી હોય ! મનને એમ થાય કે 'અહો ! કેવું મારું સદ્ભાગ્ય કે મને ધર્મસાધના મળી ! જીવન મારું ધર્મથી ધન્ય બની રહ્યું છે ! ધર્મ વિહોણું પાપભર્યું જીવન તો અધમ જીવન છે. પશુ જીવન છે. ધર્મથી જ જીવનની ધન્યતા છે. આ તો ઉપકાર સદ્ગુરુનો કે એમણે મને ધર્મ આપ્યો !'

આ છે શુદ્ધ ધર્મભાવના. આમાં ક્યાંય પણ ધર્મ કરીને ધર્મ પાસેથી પૈસા કે વિષયસુખો આંચકી લેવાની ગંધ પણ નથી. કેમ એમ ? શુદ્ધ નિષ્ઠાથી ધર્મ કરવાનું મન સમજે છે કે-

**વિષયસુખો એ જીવનું પોતાનું સુખ નથી -**

(૧) વિષયસુખો વિષયોને આધીન હોઇ, એ જીવનું પોતાનું સુખ નથી, પોતાનું હોય તો સ્વભાવે જ સુખ રહ્યા કરે. ત્યારે હકીકતમાં ઇષ્ટ વિષય મળે તો જ સુખ અનુભવાય છે, ઇષ્ટ વિષય ન મળે કે અનિષ્ટ વિષય આવી પડે તો સુખનો અનુભવ નથી થતો. વળી

(૨) વિષયો નાશવંત, એની સાથે સુખ પણ નાશવંત. વળી

(૩) વહાલા કરેલા વિષયો પરિણામે જીવને દુર્ગતિઓમાં ભમાવનારા છે અને ભયંકર અશાતા વગેરે ઘોર દુઃખો દેખાડનારા છે. વળી

(૪) વિષયસુખો એના જીવને રસ-ચટકો લગાડી આત્મસુખના સાધનભૂત ત્યાગ-વ્રત-નિયમ, દેવભક્તિ ગુરુસેવા, શીલ-સંયમ...વગેરે નિર્મળ સાધનાઓને ગુમાવરાવનારા છે.

તો આવા વિષય સુખોમાં શું રાચવું ?

**ઇષ્ટ વિષયો હૈયે ભૂંડા પણ ઇન્દ્રિયોને સારા લાગે છે**

આ તાત્ત્વિક સાચી સમજથી ધર્મી જીવ એ સુખોને ભૂંડા લેખે છે. એના મનને દુઃખ પણ છે કે ''અરેરેરે ! અંતરથી આ વિષયસુખોને ભૂંડા માનવા છતાં, હજી ક્યાં સુધી એ સુખો મારી ઇંદ્રિયોને રૂડા રૂડા લાગી એનો કેડો પકડાવ્યા કરશે ? ક્યારે એનો ત્યાગ કરીને મને એ ખરેખરા ભૂંડા લાગશે ? ત્યાગ કર્યા વિના તો મારી કંગાળ દશા છે કે વિષયોમાં ટકાવારી કરું છું કે 'આ વિષય રૂડા, આ વધારે રૂડા, આ વળી એના કરતાં ય વધારે રૂડા, રોટલી કરતાં લાપશીનું સુખ વધારે સારું, અને એના કરતાં શિખંડ-પૂરી હોય તો તો હાઇકલાસ સુખ !'...આવી ટકાવારી મૂકીને વિષયો અને સુખ રૂડા રૂડા તરીકે અનુભવી રહ્યો છું. કેવું બેહૂદું ! જ્યાં હૈયું એને ભૂંડા લેખે છે, ત્યાં જીભને ને આંખ કાન વગેરેને એ આનંદકારી રૂડા લાગે છે ! આ હૃદય અને ઇન્દ્રિયોનો રગડો ક્યાં સુધી ચલાવવાનો ? એ ક્યારે મટશે ?''

કેવી વિચિત્રતા પુણ્યકર્મની કે એણે જીવને એવી ઇન્દ્રિયો પકડાવી કે એને એ ઇષ્ટ વિષયો અને વિષયસુખો રૂડા રૂડા લાગ્યા કરે ! ને એમાં જીવનું આ ચાર ગતિમય સંસારમાં કુટિયું નીકળી જાય છે !

આ બધી ધર્મીજીવની આંતર વેદના છે. એટલે એને હવે ધર્મના ફળમાં આવા ગોઝારા વિષયસુખ મળે એ ગમતું નથી. તેથી શું કામ એને ધર્મના ફળમાં ઇચ્છે ? કે માગે ?

**ધર્મીજીવ તો જેમ જેમ ધર્મસાધના કરતો જાય છે તેમ તેમ એને વિષયો પ્રત્યે નફરત વધતી જાય છે. અને ત્યાગ. નિવૃત્તિ, તૃપ્તિ વગેરે આત્મસુખને બહુ માનતો જાય છે.**

પેલા સિંહરથ વિદ્યાધર સમ્રાટ અને એની પત્નિના જીવ પૂર્વ ભવે નિર્ધન રાજગુપ્ત દંપતી મહાત્મા પાસેથી ૩૨ કલ્યાણકનો તપ લઇ એની આરાધના કરતાં કરતાં, શુભ નિષ્ઠાવાળા છે, અસાર સંસારમાં એક માત્ર ધર્મને સારભૂત લેખનારા છે, તેથી એમની વૈરાગ્યભાવના અને ધર્મભાવના વધતી ચાલી છે.

એમાં એકવાર ગુરુને સમાગમ મળે છે ત્યારે એ ગુરુ પાસેથી વૈરાગ્યવાણી સાંભળીને સંસારનો ત્યાગ કરી દઇ દીક્ષા લઇ લે છે.

ગુરુના એક વખતના સમાગમમાં ધર્મ મળ્યો, એણે એની આરાધનામાં એને વિકસાવતાં વિકસાવતાં એવી સ્થિતિએ લાવી મૂક્યા કે ગુરુના બીજી વખતના સમાગમે એમને સર્વ-વિરતિ ચારિત્ર સુધી પહોંચાડી દીધા !

**વેપારીની જેમ ધર્મમૂડીને વિકસાવો તો :-**

લાયક વેપારી શું કરે છે ? કોઇએ મૂડી ઉછીની દીધી, તો એના પર ખંત

રાખીને પરિશ્રમ એવો કરશે કે વેપાર અને નફો એવો વધારતો જશે કે પેલા મૂડીદારની બીજી મુલાકાતે વ્યાજ સાથે એની મૂડી પાછી દેતાં અને પોતાની સદ્ધર વેપાર-સ્થિતિ બતાવતાં મૂડીદાર એને મોટી મૂડી વ્યાજે દેશે, અગર ભાગીદારીમાં આપશે ! એવી સ્થિતિ અહીં રાજગુપ્ત દંપતીએ એકવાર ગુરુ સમાગમે મળેલ ધર્મમૂડી પર કર્યું, ગુરુએ દીધેલા ૩૨ કલ્યાણક તપને એવો આરાધ્યો એવો વિકસાવ્યો કે સંવેગ-વૈરાગ્યનો નફો વધતો જ ગયો, તે બીજીવારના ગુરુ-સમાગમે સર્વ વિરતિ-ચારિત્રની મૂડી મળી.

**ધર્મમૂડી મળ્યા પછી ક્યાં ઊભા છો ?**

ગુરુ સમાગમથી ધર્મ પામીએ, પછી ૩ વિકલ્પ-

(૧) એને એવો ને એવો જ સાચવવાનો ? કે,

(૨) એને વિકસાવવાનો ? કે,

(૩) એને દૂબળો પાડવાનો ?

તમે શું કરી રહ્યા છો એ તપાસજો. ગુરુ પાસેથી કોઇ ને કોઇ દાનનો કે શીલનો, યા તપનો કે ઉપધાનનો, અથવા જિન-ભક્તિનો કે સાધુ-સેવાનો,...વગેરે કોઇ ને કોઇ ધર્મ તો પામ્યા જ હશો ને ? એને પછીથી એવો ને એવો જ પાળ્યો ? કે એને વિકસાવ્યો ? અથવા એને દૂબળો પાડ્યો ? સરવૈયું કાઢો કે ક્યાં ઊભા છો ?

ગુરુએ આપેલ ધર્મની મૂડી સલામત ? કે ધર્મ મૂડીમાં જંગી વધારો ? યા ધર્મની મૂડીમાં ઘાટો ?

મોટા ભાગે ઘાટો જ દેખાડશે, એકવાર ગુરુ મળ્યા ને ધર્મ કાંક લીધો, ફરીથી ગુરુ મળતાં પૂછે-

'કેમ ભાઇ ! ધર્મ-પ્રવૃત્તિ કેમ ચાલે છે ?' તો શ્રાવક કહે છે 'સાહેબ ! સત્સંગ વિના તો બધું એવું જ ને ? ધર્મનો એટલો ઉલ્લાસ નથી થતો. આપ મળ્યા ત્યારે જે ઉલ્લાસ જાગેલો, તે આજે નથી.' શું સરવૈયું દેખાડ્યું ? ધર્મમાં ઘાટાનું.

**ધર્મમાં ઘાટાના દ્રષ્ટાન્ત :-**

(૧) પહેલાં પ્રભુ-પૂજા શરૂ કરી ત્યારે જે ભારે ઉલ્લાસથી પૂજા થતી હતી તે ઉલ્લાસ આજે પૂજામાં નથી થતો !

(૨) રોજ નવકારશી કરતાં પહેલાં જે ઊંચા તપના ભાવ રહેતા, ને વચમાં વચમાં પોરિસી કરી લેતા, તે ઉલ્લાસ આજે નથી ! આજે નવકારશી તો થાય છે, પરંતુ ઉલ્લાસ વિના જ ટેવાઇ ગયા એટલે થાય છે. નવકારશીમાંથી પોરિસીમાં

જવાનું મન નથી થતું.

(૩) પહેલાં ઉલ્લાસથી દાન કરતા હતા, હવે એવો ઉલ્લાસ નથી થતો !

(૪) પહેલાં સ્વાધ્યાયની ધૂન લાગેલી એવી આજે નથી. આમ સરવૈયામાં ઘાટો કેમ ? કહો,

**ધર્મમૂડીમાં ઘાટો ન આવે એનો ઉપાય**

**ધર્મમાં વિકાસ કરવા માટે ધર્મને સાધતાં સંવેગ-વૈરાગ્ય તથા ત્યાગ અને ક્ષમાદિગુણો વિકસાવતા ચાલીએ તો ધર્મમાં ઘાટો ન આવે.**

આમાં **'સંવેગ'** એટલે હૃદયમાં દેવ, ગુરુ અને ધર્મ પર પ્રીતિ-બહુમાન ખૂબ ઉછળતા રાખવા તે.

**'વૈરાગ્ય'** એટલે સંસારને નરકાગાર અને કારાગાર સમાન લેખી હૈયે એના પ્રત્યે અભાવ-અરુચિ અનુભવવી તે.

**'ત્યાગ'** એટલે સુખ-ચેન-આરામી પર કાપ મૂકતા ચાલવું તે.

**''ક્ષમાદિગુણો'** એટલે ક્ષમા-નમ્રતા-નિરહંકાર ગંભીરતા-સહિષ્ણુતા-ઉમદાદિલ-પરાર્થવૃત્તિ અને મૈત્રી આદિ ભાવો.

થોડો પણ ધર્મ સાધતા જઇએ અને સાથે આ સંવેગ-વૈરાગ્ય, ત્યાગ અને ક્ષમાદિ વધારતા જઇએ તો એ થોડો પણ ધર્મ વિકાસવાળો બને.

રાજગુપ્ત દંપતિએ આ કર્યું હતું, ગુરુ પાસેથી માત્ર ૩૨ કલ્યાણક તપ મળેલો તે આરાધતાં આરાધતાં સંવેગ-વૈરાગ્ય વગેરે વધારતા ચાલ્યા એટલે બીજીવારની ગુરુની સંગતિમાં ચારિત્રમાર્ગે ચડી ગયા.

**અનામિકાનો ધર્મવિકાસ :-**

ઋષભદેવ પ્રભુના જીવ લલિતાંગદેવની સ્વયંપ્રભાદેવી, જે શ્રેયાંસનો જીવ છે, એ મરીને અત્યંત ગરીબ બ્રાહ્મણીની દીકરી અનામિકા થયેલી એણે પણ આ ધર્મવિકાસ કરેલો. જાણો છો ને ?

જુઓ, તફાવત જોજો-લલિતાંગદેવ મરીને સારા ઊંચા માનવજન્મમાં જાય છે. ત્યારે તે પહેલાં આ સ્વયંપ્રભા એની દેવી પહેલીવાર મરીને ગરીબ બ્રાહ્મણીના પેટમાં જાય છે ! પાછી અભાગણી એવી કે માતાના પેટમાં ગયે માતાનું પેટ ઊંચું થતાં માતા-બ્રાહ્મણીને પતિ-બ્રાહ્મણે સંભળાવી દીધું 'આ છ છ છોકરીઓનું તો મારાથી પૂરું થતું નથી, ને હવે પાછું પેટ ઊંચું કરી બેઠી ! હવે જો છોકરીને જનમ આપ્યો છે તો હું ઘર મૂકીને પરદેશ ભાગી જઇશ.'

પેલી કહે 'પણ છોકરી જન્મે કે છોકરો જન્મે શું એ મારા હાથની વાત છે ? બ્રાહ્મણ કહે 'એ હું કાંઇ જાણું નહિ. મેં તો તને કહી દીધું.' અને સાતમી પ્રસૂતિમાં સ્વયંપ્રભાનો જીવ છોકરી તરીકે જ જનમ્યો ! તે એ જોતાં જ બ્રાહ્મણ ઘર મૂકીને રવાના થઇ ગયો ! ત્યારે માતા ગુસ્સામાં કહે 'અભાગણી ! આ તેં જન્મીને મારો ધણી ખોવરાવ્યો ? જા, તારું નામ જ નહિ પાડું.'

આમ માતાએ એનું નામ ન પાડ્યું એટલે એ લોકમાં અનામિકા-નિર્નામિકા તરીકે પ્રસિદ્ધ થઇ.

કેવી અભાગણી? અગર એ પિતાને રુચિ નહિ ને એ ભાગી ગયો, તો સગી માતાને તો રુચે ને? કહેવાય છે મા તે મા ! પણ માતાને ય રુચી નહિ ! તે એણે એનું નામ જ ન પાડ્યું. વધારામાં માતાને સાત છોકરીઓમાં સૌથી વધારે અપ્રિય-અળખામણી એ થઇ. પૂછો-

પ્ર.-મોટી સ્વયંપ્રભાદેવી જેવી કેમ આવી અભાગણી અતિ ગરીબ બ્રાહ્મણની કન્યા થઇ ?

ઉ.-કહો, સ્વયંપ્રભાદેવી તરીકે લલિતાંગદેવ સાથે દેવતાઇ રંગરાગમાં મહાલી હશે, પરંતુ એમાં એવો પોતાના આત્માનો વિચાર અને અરિહંત ભક્તિની હોંશ નહિ રાખી હોય. એમ લલિતાંગદેવ સાથે પ્રભુનાં કલ્યાણકો વગેરેમાં ગઇ હશે તો ય તે પતિદેવનું મન રાખવા પૂરતું ગઇ હશે, પણ પોતાની હોંશ-ઉલટ ઉમેદથી પ્રભુભક્તિ અર્થે નહિ.

**સ્વાત્મવિચાર અને દિલની જિનભક્તિ જિનાજ્ઞાભક્તિ વિના પરભવે એવા ઐશ્વર્ય, આદર અને સૌભાગ્ય શાના મળે ?**

**નયસારને** જંગલમાં મુનિ મળ્યા પછી મુનિના કહેવાથી સમકિત પામ્યા, એમાં પોતાના આત્માનો વિચાર ઊભો થયેલો દિલમાં જિનભક્તિ આવેલી, તેથી એમને પછીથી મરીચિના અવતારમાં ચક્રવર્તીનાં ઘરનાં ઐશ્વર્ય તથા આદર સૌભાગ્ય મળી ગયા !

**નંદીષેણે** ગરીબીમાંથી સાધુ થઇ એવો સ્વાત્મવિચાર અને સાધુ-વૈયાવચ્ચરૂપે જિનભક્તિ જિનાજ્ઞાભક્તિ કરી કે સ્વર્ગે જઇ એવું સૌભાગ્ય લઇને વસુદેવ રાજપુત્ર થયા કે સૌભાગ્ય તો એટલું બધું કે નગરના માર્ગો પર ફરતાં હોય ત્યાં નગરની સ્ત્રીઓ કામકાજ પડતા મૂકી એને જોવા અને ઓવારણાં લેવા લાગી જાય !

આ જ સ્વયંપ્રભા બીજીવારના દેવીના અવતારમાં પૂર્વના બ્રાહ્મણીના અવતારના આત્મવિચાર અને જિનભક્તિના સંસ્કારથી એમાં લાગી જાય છે, તો હવે આગળ સૌભાગ્ય લઇને મનુષ્ય અવતાર પામે છે, પરંતુ પહેલા સ્વયંપ્રભાદેવીના અવતારમાં સંભવ છે એણે દિલથી જિનભક્તિ નહિ સાધી હોય, તેથી ગરીબ બ્રાહ્મણીની અભાગિણી કન્યા તરીકે જન્મી. પણ હવે એટલી ભાગ્યશાલી કે મુનિ મળ્યા ! ને એમના ઉપદેશથી વ્રત-નિયમ પામી ! આ પહેલીવાર, પણ બીજીવાર ગુરૂ મળ્યા ત્યારે અનશન પર ચડી જાય છે.

ત્યારે અહીં સવાલ આ છે કે ત્યાં બીજીવાર મુનિ આવ્યા તો એ એકદમ જ મોટું અનશન લેવા શી રીતે તૈયાર થઇ ગઇ ? બીજીવારના ગુરુના સમાગમમાં ધર્મમાં આવડી મોટી ફલાંગ ? હા, આપણી વાત આ ચાલી હતી કે ગુરુ પાસેથી એકવાર ધર્મ પામ્યા પછી એ સાધતી વખતે એમાં વિકાસ કરતા રહેવાય તો ફરી વાર ગુરુ મળે એટલે ધર્મમાં ફલાંગ મારવાનું સહેજે કરાય.

જો આ ધર્મ વિકાસ કરવાનું ન કરાય તો સંભવ છે એમાં હ્રાસ થતો જાય અને સરવાળે ધર્મમૂડી ખોઇ દરિદ્ર બની જવાય.

**નંદમણિયારને ધર્મમૂડીમાં ઘાટો**

નંદમણિયાર શ્રાવકને એમ બનેલું. એ પાર્શ્વનાથ પ્રભુના સાધુ પાસેથી ધર્મ તો પામ્યો, બારવ્રતધારી શ્રાવક થયો, પર્વતિથિએ પોષધ ઉપવાસ કરનારો ! પણ પછીથી ધર્મમાં વિકાસનું લક્ષ ન રાખ્યું ને સત્સંગ ભૂલી કુસંગમાં ફસાયો, તો ગુરુ પાસેથી મળેલી ધર્મમૂડીમાં ઘાટો આવ્યો. એ ધર્મમાં ઢીલો પડતો ગયો. પરિણામ ક્યાં સુધી પહોંચ્યું કે મરીને પોતે બનાવેલી વાવડીમાં દેડકા તરીકે જનમ્યો ! એ તો સારું થયું કે એને જાતિસ્મરણ જ્ઞાન થયું તે પોતાની પૂર્વભવની પહેલાંની ધાર્મિક સ્થિતિ અને પછીની પ્રમાદની સ્થિતિ ખ્યાલમાં આવી ગઇ, તે હવે દેડકાના અવતારે શક્ય ધર્મ સાધવા તરફ મન વળ્યું, ને એમાં જગદ્ગુરુ મહાવીર પ્રભુ પધાર્યાનો કોલાહલ સાંભળતાં ઉપડ્યો પ્રભુના દર્શન-વંદનાર્થે ! એમાં ઘોડાના પગ નીચે કચડાઇ મર્યો, પરંતુ શુભ ભાવમાં મર્યો, તેથી મરીને દેવ થયો ! પ્રભુનો ભક્ત બન્યો !

આ તો દેડકાને જાતિસ્મરણ જ્ઞાન થયું તો આ ઉદય થયો. બાકી એ ન થયું હોત તો દેડકાના અવતારમાં એકલી અજ્ઞાન દશા કેવી ? મૂઢ ચેષ્ટાઓ કેવી ? અને એનું પરિણામ કેવું ? તથા પરંપરા કેવી ?

**આ બધી અજ્ઞાન ચેષ્ટાઓ અને કષાયોનાં પરિણામમાં શું ?**

**કોઇ એવી દુઃખદ દુર્ગતિનો અવતાર કે જ્યાં જીવન પાપિષ્ઠ જ મળે !**

પછી તો આગળ દુર્ગતિના ભવોની પરંપરા એવી ચાલે કે કોઇ એમાંથી જીવને પાછો વાળનાર નહિ ! આવી દીર્ઘાતિદીર્ઘ કાળની દુઃખદ દુર્દશા શાના પર ? મનુષ્ય જનમમાં એકવાર ધર્મ પામ્યા છતાં એમાં વિકાસ કરવાનું પાકું લક્ષ ન રાખ્યું, ને શિથિલતા આવતી ગઇ, જેથી આડાઅવળા કે ધર્મબાહ્ય પાપ વિચારમાં પડી ગયા એનું આ પરિણામ કે દુઃખદ દુર્દશાની પરંપરા ચાલી !

જાણો છો ને ? નંદમણિયાર ધર્મમાં શિથિલ બહુ પડેલો, છતાં પર્વતિથિનો ઉપવાસ પોષધ રાખેલો ! એમાં એકવાર ઉપવાસની રાતે ભારે તરસ લાગી ત્યાં વિચારમાં ચડ્યો-કે 'આ મને તૃષા ભારે પીડે છે તો મુસાફરો ગરમીમાં ગાઉના ગાઉ ચાલીને આવે એમને તરસ કેવી પીડતી હશે ! માટે ગામના નાકે વાવ બનાવરાવું જેથી એ તૃષાતુરોના પાણી પીને કલેજાં ઠરે !' જુઓ આ આડોઅવળો અને ધર્મબાહ્ય વિચાર કેવો ઠેઠ દેડકાના અવતાર સુધી લઇ જાય છે ! કેમ ?

બસ, વિચાર કરીને થોભ્યો નહિ, વાવ બનાવરાવી. લોકો વખાણ કરે છે, અને આ એ સાંભળીને ફૂલીને ફાળકો થાય છે, અનુમોદના કરે છે, કે 'વાહ ! વાહ ! વાવ-નિર્માણનું કેવું સુંદર સુકૃત થયું !' એમાં એણે પાણીના જીવ દેડકો થવાના કર્મ બાંધ્યા ! અને મરીને એજ વાવડીમાં દેડકા તરીકે જનમ્યો !

અહીં વિચારો-જો એનો વાવડી બંધાવવાનો વિચાર યોગ્ય દયાનો વિચાર હોત, વાવડી-નિર્માણનું કાર્ય યોગ્ય દયાનું સુકૃત હોત, અને એની અનુમોદના શુદ્ધ સુકૃતાનુમોદના હોત, તો દેડકો થવાનાં કર્મ શા માટે બાંધતે ? પરંતુ કહો-

**તૃષામાં વાસ્તવિક સુવિચારો કેવા ?**

(૧) પહેલું તો ઉપવાસ પોષધમાં તૃષા-પરીસહ સમતાથી સહવાનો વિચાર, ને

(૨) એમાં, પૂર્વ પુરુષોએ તૃષા-પરીસહ કેવાં સુંદર સહન કરેલાં એનો વિચાર, તેમજ,

(૩) જીવે નરકગતિમાં કેવી જાલિમ અને અહીં કરતાં અનંતગુણી તૃષાવેદના સહન કરી છે ! એની આગળ વર્તમાન તૃષાવેદના શી વિસાતમાં છે ? એનો વિચાર, તથા

(૪) સાધનાકાળમાં આ તૃષા એ એક કસોટી છે, સાધનાથી આત્મ-મમતા

વધારી આત્મ-ગુણધર્મો ખીલવવાનો અવસર છે, ત્યાં તૃષા દ્રષ્ટિ ને શરીર ધર્મ તરફ ખેંચી જાય છે ! દેહાધ્યાસ-દેહમમતા પોષે છે ! એનો વિચાર,

વગેરે વિચાર કરવાની જરૂર હતી, એના બદલે પ્રવાસીઓ કેવા તરસ્યા થતા હશે...વગેરે વિચાર કર્યા એ આડાઅવળા વિચાર છે, એમાં વળી,

(૨) વાવડી બનાવવાનો વિચાર શ્રાવકધર્મથી બાહ્ય વિચાર છે, કેમકે વાવડીમાં બીજા પારાવાર અનેકાનેક જીવો જન્મવાના ! એ હિંસાદિ કરી કરી પાપજીવન જીવવાના અને દુઃખે મરવાના !...વગેરેથી વાવડી જાણે એક પાપ-કારખાનું ચાલવાનું ! આમાં, વાવડીથી માત્ર ગણતરીના જીવોને ફક્ત જળપાનનો આનંદ થાય એટલા અતિ અલ્પ લાભના જ આરામની સામે નુકસાનો કેટલા મોટા ? શુદ્ધ ધર્મ આને વાસ્તવિક દયાનું સુકૃત કહેવાય નહિ, જેમકે દયાથી બિલાડીને પોષે, દયાથી કસાઇ જેવાને પૈસા ધીરે, એ બધું મહાપાપોનું પોષણ રૂપ હોવાથી, એને યોગ્ય દયાનું સુકૃત ન કહેવાય. પછી વાવડીનો વિચાર, એનું નિર્માણ, એની અનુમોદના વગેરે બધું શ્રાવક ધર્મથી બાહ્ય ગણાય, એમાં નવાઇ નથી. નંદમણિયાર ધર્મનો વિકાસ ન કરતો ગયો, કિન્તુ ધર્મમાં શિથિલ પડતો ગયો ! એનું પરિણામ આ આવ્યું કે આડાઅવળા અને શ્રાવક ધર્મની બાહ્યના વિચારમાં ચડ્યો, જેનું અંતિમ દેડકાના અવતારમાં આવ્યું ! ત્યારે પેલા સિંહરથ રાજાનો જીવ રાજગુપ્ત ગરીબીમાં પણ ગુરુ પાસેથી ૩૨ કલ્યાણકનો તપધર્મ પામ્યો, તપ આરાધ્યો, પણ સાથે સાથે ધર્મમાં વિકાસ કરતો ચાલ્યો, તો બીજીવાર ગુરુની ભેટ થતાં ગુરુના ઉપદેશે ઠેઠ અનશનમાર્ગે ચડી જાય છે !

**ધર્મમાં વિકાસ કરવાનો એટલે શું કરવાનું ?**

**(૧) ધર્મ પર પ્રેમ-અહોભાવ વધારો :-**

પહેલું તો ધર્મ પર પ્રેમ અને અહોભાવ વધારવાનો. ગુરુ પાસેથી કોઇ દેવદર્શન-પૂજા કે સામાયિકનો ધર્મ તો લીધો, પરંતુ પછીથી 'ચાલો, બાધા લીધી છે એટલે પહેલાં દર્શન પતાવો, પહેલાં પૂજા પતાવો, સામાયિક પતાવો,' એમ ધર્મને પતાવવાની વસ્તુ બનાવાય ત્યાં ધર્મ પર એવો પ્રેમ ઉલ્લાસ રહે નહિ ! ધર્મ પર અહોભાવ આવે નહિ ! એ તો મનને જો એમ થાય કે 'કેવો હું ભાગ્યશાળી કે એકલી પાપ-દુનિયાદારીમાં રુલ્યો હતો ને ગુરુએ દેવદર્શન-પૂજાનો તારણહાર ધર્મ પકડાવ્યો !

'અહો કેવો સુંદર આ વીતરાગ પ્રભુનાં દર્શનનો ને પૂજાનો પવિત્ર ધર્મ !

હેં, મારા જેવા ભારેકર્મી જીવને આ પવિત્ર તારણહાર ધર્મ મળ્યો ? ધન્ય ઘડી ! ધન્ય અવતાર ! કેવી પ્રભુની મારા પર કરુણા !'

આમ રોજ ને રોજ ઊછળતા પ્રેમ અને અહોભાવ સાથે ધર્મ સેવાતો જાય તો ધર્મમાં વિકાસ થતો જાય.

**(૨) ધર્મમાં અત્યંત કર્તવ્યબુદ્ધિ લાવો.**

વિકાસ માટે વળી આ કરવાનું કે જે ધર્મકાર્ય હાથમાં લીધું એના પર અત્યંત કર્તવ્યબુદ્ધિ અત્યંત ઉપાદેયબુદ્ધિ જાગતી રહે, એ કરવાનું. અત્યંત કર્તવ્યબુદ્ધિ એવી, કે એ ધર્મકાર્યની સામે બીજા મોટાં સુખ-સાધન, પૈસા-મોટર-બંગલો વગેરે ઊભા કરવાનું કે એ સુખ-સાધન ભોગવવાનું કોઇ વિસાતમાં ન લાગે ! એટલું કિંમતી આ ધર્મકાર્ય લાગે. તેથી પેલાં કાર્યો કરતાં આ ધર્મકાર્ય અતિશય કર્તવ્ય લાગે. કેમ શા માટે ? તો કે મનને સમજ છે કે-

''પૈસાટકા વિષય-વિલાસ વગેરે તો નાશવંત છે, અને રાગદ્વેષને ભારે પોષનારા છે, અને તેથી ભવોનાં ભ્રમણ ભવના ફેરા વધારનારા છે ! ત્યારે આ ધર્મકાર્ય રાગદ્વેષને ઘટાડનાર, અને ભવના ફેરા કાપનાર અવિનાશી કાર્ય છે. માટે આ જ કર્તવ્ય હોય, આ જ ઉપાદેય ગણાય.''

**(૩) એષણાઓ-આવશ્યકતાઓ ઓછી કરો.**

આવી જ્યારે સમજ હોય એટલે ધર્મના વિકાસ માટે આ પણ એક બહુ અગત્યનું કર્તવ્ય રહે છે કે ધર્મ પામ્યા પછી દુન્યવી એષણાઓ એટલે કે ઇચ્છાઓ-લાલસાઓ કાંઇક પણ ઓછી કરતા અવાય, ને આવશ્યકતાઓ-જરૂરિયાતો ઓછી કરતા ચલાય. આ બહુ સમજી રાખવા જેવું છે કે ઘણી બધી આવશ્યક્તાઓ હોય ને ઘણી બધી એષણાઓ હોય, એટલે મન એ પૂરવાનું ભૂખારવું બન્યું રહે છે. ત્યાં એનો પ્રેમ ધર્મપ્રેમ કરતાં વધી જાય છે, એથી ધર્મ સાધતાં મન ધર્મમાંથી ઊઠી ઊઠીને એમાં જતું રહે છે.

**રાજા કુમારપાળે આવશ્યકતા-એષણાઓ કેવી ઘટાડી ?**

કુમારપાળ મહારાજ મોટા અઢાર દેશના સામ્રાજ્ય વૈભવવાળા છતાં ધર્મપ્રેમ વધારવા, ધર્મમાં વિકાસ કરવા, જરૂરિયાતો એષણાઓ એમણે કેવી ઘટાડી નાખેલી કે દર ચોમાસુ બેસે એટલે ચારે મહિના માટે પૂર્ણ બ્રહ્મચર્ય ! પાટણ બહાર જવાનું નહિ ! પાટણમાં ય પ્રાયઃ મંદિર ઉપાશ્રય સિવાય બીજે જવાનું નહિ ! નિત્ય એકાસણું ! પાંચ વિગઇનો ત્યાગ ! લીલોતરી ત્યાગ ! શું ? આ બધું ચારેય મહિના

માટે ! આપણે જરૂરિયાતોમાં ને એષણાઓમાં મરીએ છીએ-'મારે દૂધ વિના ન ચાલે, ને ઘી વિના ન ચાલે, ગોળ વિના ય ન ચાલે ને સાકર વિના ય ન ચાલે.' ચોમાસામાં ય રોજ ૨-૩ વિગઇઓ પણ ત્યાગ નહિ ?

મહારાજા કુમારપાળને દયાધર્મ પ્રત્યે કેટલી બધી કર્તવ્યબુદ્ધિ કે ત્યાં પોતાની શરીર સુખાકારિતાની એવી એષણા નહિ. ત્યારે તો પોષધમાં પગ પર મંકોડો ચોંટી ગયો તો એની દયાખાતર મંકોડા નીચેની પોતાના શરીરની ચામડી ઉખેડી, એ ચામડી સાથે મંકોડાને અખંડ ક્ષેમકુશલ રાખી બહાર મૂકી દીધો ! ત્યાં શરીરે સુખાકારિતાની એષણા બાજુએ મૂકી દીધી.

જીવનમાં ધર્મનો વિકાસ સાધવો છે એ શા માટે ? શું એનાથી અધિક પુણ્ય મળે એટલે દુનિયાના માલ-મેવા સારા મળે એટલા માટે ? ના, તો તો ધર્મનું શરણું લીધા પછી ઊલટું ભવમાં સારી રીતે ભટકવાનું વિશેષ ઊભું કર્યું ગણાય. કેમકે

**જીવ ભવમાં કેમ ભટકે છે ?**

**તો કે દુન્યવી માલ-મેવામાં લોભાઇ રાગદ્વેષાદિ કષાયો અને હિંસાદિ પાપો ધૂમ કરે છે માટે.**

એમાં વળી ધર્મથી એ સુખ માગી લીધા એટલે એ મળેલામાં ચીકણા રાગદ્વેષાદિ અને હિંસા-જુઠ આદિ પાપો થવાના ! તેથી જાલિમ ભવભ્રમણા નીપજે.

એટલે જ ધર્મનો વિકાસ દુન્યવી માલ-મેવા માટે કરવાનો જ નથી, કિન્તુ પાપોથી અધિક મુક્તિ મળે, તો વહેલો મોક્ષ થાય, એ હેતુથી ધર્મ કરવાનો છે. જો આ હેતુથી ધર્મનો વિકાસ ઇચ્છીએ છીએ તો દુન્યવી એષણાઓ અને ભરપૂર આવશ્યકતાઓ રાખ્યે ક્યાં પાલવે ? એ ધર્મનો વિકાસ થવા જ ન દે.

દુન્યવી બહુ એષણાઓ અને આવશ્યકતાઓ જીવને જડ પુદ્ગલમાં તાણ તાણ કરે છે, તેથી ધર્મને વિકસવા દેતા નથી.

**જડની એષણાઓ-આવશ્યકતાઓ એ જડનાં બંધન છે.**

**એ બંધનો જીવને ધર્મમાં મુક્ત પણે વિહરવા ન દે, ધર્મમાં સ્થિર ન રહેવા દે.**

જડની એષણાઓ-આવશ્યકતાઓ મનને જડમાં જ ગાંઠી રાખે છે. કેમકે બહુ એષણાઓ છે એ મનને ગમતી વાતોની જ એષણાઓ ઇચ્છાઓ છે. પછી મન એમાં ને એમાં ચોંટ્યું રહે એમાં શી નવાઇ ? મનને પરાણે ધર્મમાં લઇ જાઓ તો ય જેવી એષણા તાલાવેલી-તીવ્ર અભિલાષા દુન્યવી વાત વસ્તુની રહેવાની એવી ધર્મની નહિ ! એટલે મન ધર્મમાં શી રીતે સ્થિર રહે ? એક પ્રશ્ન થાય-

પ્ર.-એમ તો માણસનું મન ઘર-કુટુંબમાં બહુ લાગેલું ને મનને એ બહુ ગમતું હોઇ મન એમાં હોય છે, છતાં ધંધો લઇ બેસે ત્યારે કેમ મન ધંધામાં એકાકાર થઇને રહે છે ? કેમ એ વખતે મન ઘર-કુટુંબમાં નથી જતું ?

ઉ.-કારણ એ છે કે મન સમજે છે કે આ ધંધાનું કામ ઘર-કુટુંબને લાભ કરનારું છે એટલે ધંધા વખતે ઘર-કુટુંબનો વિચાર ન કરે તો શું બગડે છે ? હા, પત્ની કે પુત્ર વધુ બિમાર હોય તો ધંધા વખતે પણ એના વિચાર આવી જાય છે, કેમકે એ વખતે એમ નથી લાગતું કે ધંધો બિમાર કુટુંબના લાભમાં છે. બાકી ચાલુ સંયોગોમાં ધંધાને ઘર-કુટુંબના લાભમાં સમજી ઘર-કુટુંબનો વિચાર ન કરે એ સ્વાભાવિક છે. જ્યારે અહીં.

**'ધર્મ એ દુન્યવી વાત-વસ્તુના લાભમાં જ છે' એમ સમજ નથી, તેથી મન ધર્મને મૂકી દુન્યવી બાબતના વિચાર કરવા દોડે છે.**

કેવી કમનસીબી છે કે ધર્મ એવો ઘર-કુટુંબના લાભમાં ન દેખાય અને ધંધો લાભમાં દેખાય ! 'ધંધો કરી પૈસા કમાઇશ તો ઘર ચલાવવા અને કુટુંબને મહલાવવાનું સારું થશે, અને તંગી નહિ નડે.' એમ હજી મનને લાગે છે, **પરંતુ 'ધર્મ' કરીશ તો ઘર સુખ-સમાધીએ ચાલશે; કુટુંબ-પોષણ સુખે સમાધે થશે, મારા ધર્મ-સેવનથી ઘરમાં એવા પાપ નહિ પેસે, કુટુંબમાં કલેશ અશાંતિ નહિ રહે:-'** આ શ્રદ્ધા નથી. તો ધર્મની શ્રદ્ધાને શું સમજો છો ?

**ધર્મશ્રદ્ધા એટલે ?**

ધર્મ મોક્ષ-દાતાર છે એટલો જ વિશ્વાસ ? કે ધર્મ જ અર્થ કામ અને મોક્ષના દાતાર છે, એ વિશ્વાસ ?

'ધર્મ તો ભાઇ ! મોક્ષ આપે, અર્થ કામ નહિ' આવું કાંક મનમાં બેઠું છે, એટલે જ અર્થ-કામ સેવા બીજાં એનાં બાહ્ય સાધનો મેળવવા મથાય છે, પરંતુ ધર્મ કરવા ધર્મ વધારવા નથી મથાતું. પૂછો-

પ્ર૦- તો શું પૈસા માટે ધર્મ કરવાનો ?

ઉ૦- ના, પૈસા માટે ધર્મ કરવાની વાત નથી, પરંતુ

**'પૈસા મળશે તો ધર્મથી જ મળશે, સુખ મળશે તો ધર્મથી જ મળશે, એટલે ધર્મ એ સર્વ પુરુષાર્થમાં પ્રધાન-પુરુષાર્થ છે. માટે સર્વત્ર ધર્મ-પુરુષાર્થને આગળ કરું.'**

એ વાત છે.

એટલે તો શ્રી ધર્મસંગ્રહ-શાસ્ત્રમાં લખ્યું કે 'શ્રાવક આજીવિકા ધંધાની ચિંતા અર્થે ઘરેથી નીકળવા જાય, ત્યારે નમસ્કારાદિ મંગલ કરીને નીકળે,' અને આ ધંધાર્થે આજીવિકાની કમાઇ અર્થે બહાર નીકળવા નવકાર-સ્મરણ આદિ ધર્મ કરવામાં હેતુ એ કહ્યો કે,-

**'ધર્મસ્ય સર્વ પુરુષાર્થ પ્રધાનત્વાત્'**

અર્થાત્ ધર્મ એ સર્વ પુરુષાર્થમાં પ્રધાન હોવાથી ધર્મ-અર્થ-કામ-મોક્ષના પુરુષાર્થમાં ધર્મનો પુરુષાર્થ પ્રધાન છે, મુખ્ય છે.

**ધર્મશ્રદ્ધા કેવી ? :-**

આ શ્રદ્ધા હોય એટલે સમજતો હોય કે **"અર્થ-કામ-મોક્ષ દરેકનો નેતા ધર્મ છે, દરેકનો પ્રાણ ધર્મ છે. માટે વાતવાતમાં ધર્મને જ આગળ કરું. 'બધું સારું ધર્મથી જ થવાનું છે. ધર્મ સેનાપતિ છે, એની પાછળ અર્થ-કામ-મોક્ષ બધા પુરુષાર્થનું સૈન્ય છે. તો ધર્મ તો મારે પ્રાણ ! મારે સર્વે સર્વ આધાર શરણ ! ધર્મ તો મારે સર્વત્ર આગળ કરવા લાયક !"**

આ શ્રદ્ધા એ ધર્મશ્રદ્ધા છે.

હવે આનો અર્થ જો એવો કાઢો કે 'મહારાજે કહ્યું પૈસા માટે ધર્મ થાય.' તો એવો અર્થ કાઢવો એ કેટલું અજ્ઞાન છે ? કેટલી બધી મૂઢતા છે ? શાસ્ત્રો જ્યારે આપણી ધર્મ પર શ્રદ્ધા વધે એ માટે ધર્મના આ ગુણ ગાય છે કે,-

**ધર્મનો પ્રભાવ :-**

**"ધન દો ધનાર્થિનાં પ્રોક્તઃ, કામિનાં સર્વ-કામદઃ,**
**ધર્મ એવાપવર્ગસ્ય, પારંપર્યેણ સાધકઃ"**

અર્થાત્ 'ધર્મ એવ' એટલે કે ધર્મ જ ધનના અર્થીને ધન આપનાર છે, એમ 'પ્રોક્તઃ'થી જ્ઞાની ભગવંતો એમ કહે છે એ સૂચવ્યું. એમ સુખના અર્થીને પણ ધર્મ જ સુખદાતા અને મોક્ષાર્થીને ક્રમશઃ મોક્ષદાતા ધર્મ જ છે.

તો પછી ધનનો અર્થી ધન લેવા જાય ત્યારે ધર્મને પ્રધાન કારણ સમજી ધર્મને યાદ કરે એમાં એણે શું પૈસા માટે ધર્મ કર્યો ? કે ધર્મમાં શ્રદ્ધા દૃઢ કરી ? જો એમ કહો કે પૈસા માટે ધર્મ કર્યો; તો તો સૂતા બેસતાં ઊઠતાં વગેરે વગેરેમાં નવકાર યાદ કરવાનું, અરિહંતને યાદ કરવાનું કહ્યું છે, એનું

શું કરશો ? ઊઠતાં નવકાર ગણ્યો શું એણે પાપકામ કર્યું ? ખાવાનું શરુ કરતા પહેલાં નવકાર ગણ્યો, શું એણે સંસારસુખ માટે ધર્મ કર્યો ? અહીં કાંઇ મોક્ષ માટે નવકાર યાદ નથી કર્યો, પણ ધર્મને મુખ્ય રાખવા યાદ કર્યો છે, મંગળ રૂપે યાદ કર્યો છે વિઘ્નોને હટાવવા માટે. મુખ્ય મુદ્દો તો આ જ છે કે,-

**ધર્મ એ પ્રધાન-પુરુષાર્થ હોવાથી એને બધા કામમાં એને આગળ કરવો, પહેલો યાદ કરવો.**

ત્યાં પછી એ નહિ જોવાનું કે 'આ તો સંસારનું કામ છે, અહીં ધર્મ શાનો આગળ કરવો ?' દાખલા તરીકે બહારથી આવ્યા ઘરમાં પેસવું છે, અરે ! દેરાસરે જઇ આવ્યા હવે ઘરમાં પેસવું છે, તો નવકાર ગણીને ઘરમાં પેસો. કહો, ક્યાંથી ક્યાં જવું છે ? દેરાસરે તો ધર્મના કાર્યમાં લાગેલા હતા હવે ઘરમાં પેસવું છે તો સંસારિક આરંભ-સમારંભ અને સુખભોગ માટે પેસવું છે, તો ત્યાં શું નવકાર ગણીને પેસવાનું ? **હા, શ્રાવક બેસતાં કે ઊઠતાં, ઘરમાંથી નીકળતાં કે ઘરમાં પેસતાં, સૂતાં કે જાગતાં બધે નવકાર ગણે. નવકાર યાદ કરવો એ ધર્મ છે. એ ક્યાં કરવાનો મૂક્યો ? સાંસારિક કામોમાં પણ !**

હવે આ રીતે ધર્મને મુખ્ય કરવાનો ઉપદેશ અપાય ત્યાં શું એમ આક્ષેપ કરાય કે 'લ્યો હવે મહારાજ કહે છે સંસાર માટે ધર્મ થાય ?' આવો આક્ષેપ કરનારા એ જિનશાસનના પવિત્ર માર્ગને લોપી રહ્યા છે.

**જિનશાસનનો આ પવિત્ર માર્ગ છે કે જીવનમાં ધર્મને જ પ્રાધાન્ય આપવું. ધર્મને પ્રાધાન્ય આપવા માટે દરેક કાર્યમાં ધર્મને યાદ કરવો.**

અહીં એમ પૂછવાના-

પ્ર.-તો શું મેવા-મિઠાઇ ઉડાવવા પહેલાં પણ ધર્મ યાદ કરવાનો ?

ઉ.-હા, એમ યાદ કરીને કે "આ મેવા-મિઠાઇ મળે છે એ અહીંના હોશિયારીના પ્રભાવે નહિ, કિન્તુ પૂર્વ જનમમાં સાધેલા ધર્મના પ્રભાવે મળે છે. મેવા-મિઠાઇ વગેરે દુન્યવી સુખ-સગવડો ધર્મનું ફળ છે, તો શું ધર્મનું ફળ ઉડાવતાં ધર્મને જ ભૂલી જાઉં ? ધર્મ તો પહેલો યાદ કરું." એમ યાદ કરીને નવકાર ગણે.

અરે ! 'વિશિષ્ટ દેવદર્શન કરી આવું પછી જ મિઠાઇનું ભોજન કરું.' એમ મોટા દેરાસરે યા બે ચાર દહેરે દર્શન કરી આવે. પછી જ મિઠાઇનું જમણ જમે. આ વિશિષ્ટ દેવદર્શનાદિ ધર્મ કર્યો તે શું મેવા-મિઠાઇ જમવા માટે ધર્મ કર્યો ? આ શું સંસારસુખ માટે ધર્મ કર્યો ? કે ધર્મ પ્રત્યે કૃતજ્ઞતા બજાવી ?

**(૧) સંસારસુખ માટે ધર્મ કરવો એ જૂદું ને,**

**(૨) ધર્મને સંસારસુખમાં પણ મુખ્ય કરવો એ જૂદું.**

સુખ માટે જ ધર્મથી અધઃપતન :-

(૧) પહેલામાં હૈયું ધર્મમય નથી, પણ સંસારસુખ લંપટ છે, એટલે સુખની ગરજ પડી ત્યારે ધર્મ પાસે જાય છે, અને ધર્મ પૂર્વનું પુણ્ય સાબૂત હોવાથી માગ્યું સુખ આપી દીધું એટલે પછી ધર્મને 'રામ ! રામ !' કરવા છે, એકલા સુખમાં જ લયલીન બનવું છે. આવા માણસનો ધર્મ એ ધર્મ નથી, વિષક્રિયા છે. અથવા હૈયું ધર્મમય હતું, ધર્મ સારો કર્યો, પરંતુ પ્રબળ મોહનો ઉદય થવાથી મનને થયું કે 'મારા ધર્મના ફળરૂપે મારે સંસારસુખ જ જોઇએ, બીજું કાંઇ જોઇતું નથી,' તો એનો કરેલો ધર્મ પણ ધર્મરૂપ ન રહેતાં વિષરૂપ થઇ જાય છે.

આ બંને સ્થિતિમાં સંસારસુખનો તીવ્ર રાગ રહેવાથી અશુભ અનુબંધો પાપાનુબંધો ઊભા થાય છે, અને આત્મામાં કરેલા ધર્મના પુણ્યની હારોહાર ઊભા રહે છે એ પુણ્ય પાપાનુબંધી પુણ્ય બને છે. તેથી હવે જ્યારે એ પુણ્ય ઉદયમાં આવી સુખ દેખાડશે ત્યારે એ પાપાનુબંધો પણ ઉદયમાં આવી, નવી પાપબુદ્ધિ કરાવશે. જેનું પરિણામ ? દુર્ગતિમાં પ્રયાણ ! અને ત્યાં પણ પાપાનુબંધો ઉદયમાં ચાલુ રહી પાપબુદ્ધિ અને પાપ-કાર્યવાહી કરાવશે, એમ દુર્ગતિઓની પરંપરા ચાલવાની !

**સંસારસુખને માટે જ ધર્મ કરનાર જીવની આ દુઃખમય ભવભ્રમણની દુર્દશા, એ અધઃપતન થાય છે.**

આ ઉપરથી આપણા આત્માનો ક્યાસ કાઢી શકીએ છીએ. આપણને રૂડો મનુષ્યજન્મ, પાંચ ઇન્દ્રિયો પૂર્ણ, આરોગ્ય, દીર્ઘ આયુષ્ય અને ખાનપાન વગેરે રૂડા મળ્યા, એ બધો પુણ્યનો ઉદય છે. હવે તપાસવાનું કે એજ વખતે આપણા દિલમાં ધર્મભાવના રમે છે ? કે સાંસારિક મોહની અને ૧૮ પાપસ્થાનકની જ લાગણીઓ ? જો મોહ અને પાપ લાગણીઓ જ દિલમાં રમ્યા કરે છે, તો સમજી લેવાનું કે પૂર્વેથી પુણ્યની સાથે તીવ્ર પાપાનુબંધો લઇને આવ્યા છીએ, તે અહીં પણ પાપબુદ્ધિ રમતી રાખે છે, અને આગળ ચાલતાં પણ પાપબુદ્ધિ કરાવ્યા કરશે.

આજે અમે ધર્મનો ઉપદેશ કરીએ ત્યારે કેટલાય જણ કહે છે 'પણ સાહેબ ! અમને ધર્મની ભાવના જ થતી નથી.' પાછું આ કહેશે તે રોતાં રોતાં નહિ, દુખાતા દિલે નહિ, કિન્તુ લુખ્ખા દિલથી કહે છે આવાને ક્યાં સમજવું છે કે-

'ભલા આદમી ! અમારી આગળ તો ધર્મ ન કરવા માટેનો બચાવ કરીને શાણો થશે. પરંતુ ધર્મભાવનાને બદલે પાપબુદ્ધિ રાખી રાખીને પૂર્વના પાપાનુબંધોને મજબૂત કરીશ. એનું આગામી ભવોમાં કેવું પરિણામ ? કહો, અહીં ધર્મબુદ્ધિ રાખી નથી, ધર્મ પણ કર્યો નથી, એટલે ભવાંતરે સુખના ય વાખા, અને સદ્‌બુદ્ધિના ય વાખા. ત્યાં પારાવાર દુઃખ છતાં ધર્મભાવના નહિ, પણ કોરી કુબુદ્ધિ પાપભાવના જ રહેવાની.

અહીં ધર્મભાવના નહિ, એનો બેવડો મરો ! અહીં પણ પાપબુદ્ધિ, અને પરલોકે પણ પાપબુદ્ધિ !

પાપાનુબંધો તોડવાના ઉપાય :-

પ્ર.-પણ પૂર્વના પાપાનુબંધ ઉદયમાં હોય ત્યાં ધર્મભાવના થાય જ શી રીતે ?

ઉ.-પાપાનુબંધને લીધે ભલે દિલ ધર્મ માટે માનતું ન હોય, પરંતુ 'જિનેશ્વર ભગવાનનો હુકમ છે, ગુરુઓનો હુકમ છે, માટે ધર્મ કરવાનો,' એમ કરીને દયાદિ ધર્મ કરતા રહેવાય, ને સામે પોતાની દિલની પાપવૃત્તિઓ તથા પાપોનો પશ્ચાત્તાપ રખાય, તો પાપાનુબંધો તૂટતા આવે છે, ને પછી દિલમાં સહેજે ધર્મભાવના-ધર્મવૃત્તિ ઊભી થાય છે. એમ 'શ્રી પંચસૂત્ર' અને 'શ્રી અષ્ટકશાસ્ત્ર' કહે છે. અરિહંતાદિ ચાર શરણનો સ્વીકાર, દુષ્કૃતગર્હા ને પાપ-સંતાપ, અને સુકૃત-સેવનથી અશુભ અનુબંધો પાપાનુબંધો છેદાતા આવે છે, ને શુભાનુબંધો એકત્રિત થાય છે.

શ્રી અષ્ટકશાસ્ત્ર 'દયા ભૂતેષુ, વૈરાગ્યં...' એ શ્લોકથી કહે છે કે જો તમારા જીવનમાં જીવો પર દયા, સંસારસુખો પર વૈરાગ્ય, દેવગુરુનું વિધિસર પૂજન અને વિશુદ્ધ શીલવૃત્તિ હોય તો તમારું પુણ્ય પુણ્યાનુબંધી છે. આમ કહીને,

શ્રી પંચસૂત્ર શાસ્ત્ર એ સૂચવે છે કે ભલે તમારા આત્મામાં અશુભ અનુબંધો હોય, પરંતુ તમે હવે અરિહંતાદિ ચારનાં શરણનો સ્વીકાર દુષ્કૃતગર્હા સંતાપ અને સુકૃત આસેવન-અનુમોદના, આ ત્રણ ઉપાય કરતા રહો, એમાં દુષ્કૃતગર્હા એટલે પાપોનો તીવ્ર પસ્તાવો કરતા રહો, અને ભાવથી દયા-દાનાદિ સુકૃત સેવતા રહો, તેમજ બીજાઓના દયા-દાનાદિ સુકૃતોની અનુમોદના કરતા રહો. તેથી તમારા

પાપાનુબંધોને મર્યે જ છૂટકો છે, અને શુભાનુબંધો અદૃશ્ય એકત્રિત થતા જ જવાના છે.

શ્રી અષ્ટકજી શાસ્ત્ર એ સૂચવે છે કે ભલે તમે પુણ્ય સાથે પાપાનુબંધ લઇ આવ્યા હો, તેથી દિલમાં સહજ રીતે પાપભાવના થતી હોય, ધર્મ ભાવના ન થતી હોય, પૈસા મળ્યા તો રાખી મૂકવાની કે સુખ ભોગવવાની જ વૃત્તિ થતી હોય, દાનની વૃત્તિ નહિ, શરીર મળ્યું તો મોજ-મજાહના જ ભાવ થતા હોય કિન્તુ ત્યાગના ને સદ્-આચારોના ભાવ નહિ, છતાં પણ જો તમે જિનાજ્ઞા કે ગુર્વાજ્ઞાનો ભાર માથે લઇ દયા, વૈરાગ્ય, દેવ-ગુરુપૂજા, તથા શીલ સદાચારો પાળતા રહો તેથી તમારું પુણ્ય હવે પુણ્યાનુબંધી બને છે.

બંને શાસ્ત્રકારોનાં વિધાન માત્ર પુણ્યાનુબંધવાળા માટે જ નથી, કિન્તુ પાપાનુબંધવાળા જીવો માટે પણ છે. પૂછો-

પ્ર.-પાપાનુબંધ હોય તો પાપબુદ્ધિ જ રહે, પણ જિનાજ્ઞા-ગુર્વાજ્ઞાના ભાર માથે લેવાનું મન જ શાનું થાય ?

ઉ.-આ સવાલ એવી સમજનો છે કે 'જગત પર કે આત્મા પર જાણે એકલી કર્મસત્તા જ કામ કરે છે, પણ પુરુષાર્થશક્તિ કશું કરી જ શકતી નથી !' પરંતુ આ સમજ ખોટી છે કેમકે

**જો પુરુષાર્થશક્તિ કશું કરી જ ન શકતી હોત તો પ્રભુએ ધર્મશાસન અને મોક્ષમાર્ગ સ્થાપ્યો જ ન હોત.**

પ્રભુએ મોક્ષમાર્ગ-ધર્મશાસન સ્થાપ્યું એ પુરુષાર્થ શક્તિનો અશુભ અનુબંધો પર વિજય સૂચવે છે.

જે જીવોને પહેલ પહેલો ધર્મ પામવો છે એવા જીવો પૂર્વે સંસારમાં પાપો રાચી-માચીને કરનારા હતા, એટલે અશુભ કર્મો સાથે અશુભ અનુબંધો પાપાનુબંધો પણ ઉપાર્જનારા હોય. એમની પાસે પાપાનુબંધોનું પૂછવું જ શું ? ઢગલો હોય. બીજા જીવો પણ પૂર્વ ભવે ધર્મનો પ્રારંભ કરી ચૂકેલા હોય, કિન્તુ એમને કાંઇ ચોવીસે કલાક ને રોજ ને રોજ એકલી ધર્મભાવનામાં જ રમણતા ન હોય. વળી એમાં ય સંસારમાં રહેતાં પાપોમાં અનહદ આનંદ આવ્યા હોય એટલે અશુભ અનુબંધો એમણે પણ ઉપાર્જ્યા હોય, તાત્પર્ય, પ્રભુ ધર્મશાસન સ્થાપે છે ત્યારે એમની સામે જીવો પાપાનુબંધોવાળા હોય જ છે. હવે જો પ્રભુએ ધર્મશાસન સ્થાપવા છતાં, જીવોને પાપાનુબંધો છે માટે એમને પાપબુદ્ધિ જ રહેવાની હોય, ને એમ

પાપો જ કરતા રહેવાના હોય, તો ધર્મશાસન સ્થાપવાનો અર્થ જ શો રહે? શું એકલા શુભાનુબંધવાળા જીવો માટે જ શાસન-સ્થાપના? એવા જીવો મળે નહિ કે જેમને લેશમાત્ર પાપાનુબંધ હોય જ નહિ, અને પાપાનુબંધો છે માટે ધર્મ કરવાના જ ન હોય, તો પછી પ્રભુએ ધર્મશાસન કોના માટે સ્થાપવાનું?

**પાપાનુબંધ છતાં ધર્મ કેમ થાય ?**

પ્રભુ ધર્મશાસન સ્થાપે છે અને જીવોને ફરમાવે છે કે "તમે આ સંસારમાં ચારે ગતિઓમાં ભ્રમણ અને જન્મ-મરણાદિ દુઃખો ભોગવી રહ્યા છો તેનાથી છૂટવું હોય, તો ધર્મ કરો, દાન કરો, શીલ-વ્રત નિયમ પાળો, તપ કરો, ત્યાગ કરો, સારી ભાવના કરો, સમ્યગ્દર્શન જ્ઞાન-ચારિત્રની આરાધના કરો...' વગેરે જે ધર્મ કરવાનું ફરમાવે છે એજ સૂચવે છે જીવો પુરુષાર્થ શક્તિને કામે લગાડે તો આ ધર્મ કરી શકે છે, પછી ભલે પાપાનુબંધના યોગે સહેજે પાપબુદ્ધિ રહેતી હોય, ધર્મભાવના નહિ, પરંતુ (૧) જ્ઞાનીની આજ્ઞા છે માટે, યા (૨) પરલોકનો ભય છે માટે, અથવા (૩) ગુરુનો આદેશ છે માટે, કે (૪) સારા કુળમાં જનમ્યા હોઇ કુલાચાર ચાલી આવે છે માટે, પુરુષાર્થ શક્તિથી ધર્મપ્રવૃત્તિ કરતા રહેશો તો પાપાનુબંધો તુટતા આવશે, અને એથી હૈયે ધર્મભાવના ધર્મબુદ્ધિ ધર્મવૃત્તિ ધર્મલેશ્યા સહેજે સહેજે જાગશે, જામશે.

**પ્રભુએ ધર્મશાસન સ્થાપ્યું છે એ સૂચવે છે કે પુરુષાર્થશક્તિ સ્વતંત્ર છે.**

ને એ પુરુષાર્થ શક્તિ અમલી કરેલી પાપાનુબંધોને તોડતી આવે છે. મતલબ *પુરુષાર્થ શક્તિનો પાપાનુબંધ પર વિજય છે. તો જ ધર્મશાસન સ્થાપ્યાની સફળતા* છે. અહીં સવાલ થાય,

પ્ર.-પાપાનુબંધના ઉદયે હૈયે પાપવૃત્તિ જ ઊઠે છે, ધર્મવૃત્તિ નહિ, તો પછી જ્ઞાનીનાં વચનનો ભાર પણ મન પર શાનો લેવાય કે એનાં દબાણથી ધર્મપ્રવૃત્તિ થાય? ને એ ધર્મપ્રવૃત્તિ ન થઇ શકે એનો અર્થ જ એ, કે પુરુષાર્થશક્તિ પાપાનુબંધથી કુંઠિત જ થઇ જાય, એમ કહેવાય ને?

ઉ.-અહીં પાપાનુબંધનું સ્વરૂપ સમજવા જેવું છે કે એ શું કરે છે. એ અંતરમાં પાપવૃત્તિ જગાવે છે એ સાચું. દા.ત. ધનની મૂર્ચ્છા બહુ કરી આવ્યો છે, કદાચ દાનધર્મનું કોઇ સુકૃત કરવા ગયો તો ય ત્યાં સુકૃતની ચિંતા કરવાને બદલે પૈસા બહુ ન ખરચાઇ જાય એની જ બહુ ચિંતા કર્યા કરી, તો એવી પૈસાની ગાઢ મૂર્ચ્છાના યોગે પાપાનુબંધો બાંધવાનો. સુકૃતની ચિંતા ન કરી એટલે કે દા.ત. 'પ્રભુભક્તિ-

પ્રભુશોભા કેમ સારી થાય, સાધર્મિક-ભક્તિ કેમ સારી થાય' એ ન જોયું, પણ પૈસા કેમ ઓછા ખરચાય એ જ જોયા કર્યું, એમાં પૈસા જરાક વધારે ખરચાયા તો ભલે ભક્તિ તો સારી થઇ પરતુ એ દિલ બાળશે 'હાય ! પૈસા બહુ ખરચાઇ ગયા ! આ કારભારી કેવા ઉડાઉ છે ? એમને પૈસાની જાણે કિંમત નથી ! પારકા પૈસે તાગડધિન્ના કરવા છે !'...આવો આવો સંતાપ કર્યા કરે, પૈસાની ગાઢમૂર્ચ્છા પોષ્યા કરે, તો સુકૃતથી તો પુણ્ય ઉપાર્જે પરંતુ સાથોસાથ ધનમૂર્ચ્છાથી પાપાનુબંધો ઉપાર્જ્યા કરવાનો !

એ ધનમૂર્ચ્છાના કુસંસ્કાર અર્થાત્ પાપાનુબંધ અહીં દાનવૃત્તિ નહિ થવા દે. સુકૃત કરવાનો અવસર હશે પણ એમાં ખરચવાનું મન નહિ થાય. દેરાસર જશે પણ પૂજાનાં પોતાના સારા દ્રવ્યો લઇને નહિ. 'મંદિરમાં છે ને?' એમ કરી પૂજામાં એજ વાપરશે. ઘરે જાતસુખ કે કુટુંબસુખ માટે ખરચવામાં એને સંકોચ નહિ ! કેમકે પાપાનુબંધો પાપબુદ્ધિ-વિષય-વિલાસબુદ્ધિ કરાવતી જ રહે છે. નથી કરાવતી માત્ર દાનધર્મની બુદ્ધિ. જોજો આમ છતાં પણ દાનની પ્રવૃત્તિ થઇ શકે.

**દાનની વૃત્તિ નહિ છતાં પ્રવૃત્તિ કેવી રીતે ?**

આમ, ધનમૂર્ચ્છાના પાપાનુબંધ એટલે કે ધનમૂર્ચ્છાના કુસંસ્કારો દાનબુદ્ધિ ન થવા દે, પરંતુ (૧) કોઇક વિનયના સુસંસ્કાર અર્થાત્ શુભાનુબંધ હોય એ જ્ઞાનીનો, ગુરુનો, વડીલનો, કુળનો ભાર માથે આવવા દે, ને એ ભારથી દાન દેવાય. અથવા (૨) સુશીલ રૂપાળી પત્ની પર બહુ રાગ હોય અને એ ધર્માત્મા હોઇ કહે કે 'કરો, આ સુકૃત કરો, આટલું દાન દો,' તો એના રાગને વશ થઇને પણ દાનની પ્રવૃત્તિ થાય. અલબત અંતરમાં હજી દાનની વૃત્તિ થઇ નથી, પરંતુ દાનની પ્રવૃત્તિ થઇ શકે છે. તો આ આવ્યું કે પાપાનુબંધ છતાં ભગવાનની આજ્ઞા વગેરેના માથે ભારથી કે શરમથી ધર્મપ્રવૃત્તિ થાય.

**પાપાનુબંધ પર વિજય કેવી રીતે ?**

ત્યાં અંતરમાં એવી ધર્મવૃત્તિ નહિ છતાં પુરુષાર્થ શક્તિ કામ કરી રહી છે એમ બહુવાર દાન દેવાતું જાય, અંતરમાં ખરેખરી દાનવૃત્તિ ન ઊઠતી હોય એનો પારાવાર ખેદ-સંતાપ થયા કરે, એટલે દાનપુરુષાર્થના બહુ અભ્યાસ થાય એથી અને આ પાપસંતાપથી ધનમૂર્ચ્છાના પાપાનુબંધ-કુસંસ્કારો તૂટતા આવે, એમ કરતાં પછી દાનવૃત્તિ સહજરૂપે જાગે. એમ પુરુષાર્થ શક્તિનાં અમલી કરણનો પાપાનુબંધ પર વિજય થયો.

આ ઉપરથી જણાશે કે પાપાનુબંધો પાપસંસ્કારો તૂટે જ નહિ એવું નથી, સતત ધર્મ પુરુષાર્થથી એ તુટી શકે છે.

**વીર પ્રભુના જીવે પાપાનુબંધો ક્યાં તોડ્યા ?**

એકવાર વિચારેલું છે કે શ્રી મહાવીર ભગવાનના જીવ ત્રિપૃષ્ઠ વાસુદેવે શય્યાપાલકના કાનમાં ધગધગતું સીસું રેડાવ્યું ત્યારે તીવ્ર અશાતા-વેદનીયકર્મ બાંધેલું. એ વખતે તીવ્ર સંકલેશ હતો એટલે આ પાપની આ દુષ્કૃત્યની કોઇ જ અફસોસી નહોતી, તેથી તીવ્ર કર્મ ઉપાર્જવા સાથે તીવ્ર અશુભ અનુબંધો પાપાનુબંધો પણ ઉપાર્જેલા. કહો, પાપાનુબંધી પાપ ઉપાર્જેલાં.

એ અશાતા વેદનીયકર્મ નિકાચિત કરેલું હોઇ અવશ્ય ભોગવવું પડે. એ કાંઇ તપ-સંયમથી તૂટે નહિ, એ તો ભોગવ્યે જ છૂટકો. એટલે જ એ કર્મો ભોગવતાં ભોગવતાં સહેજ શેષ રહી ગયેલું તે છેલ્લા ભવે ઉદયમાં આવ્યું અને કાનમાં ખીલા ઠોકાવાની ઘોર પીડા આવી. છેલ્લા ભવની પૂર્વે મહાન અહિંસા સંયમ-તપની આરાધનાના પ્રિયમિત્ર ચક્રવર્તી અને નંદન રાજાના ભવ આવી ગયા. આરાધનાથી કેટલાય કર્મ તોડી નાખ્યા, છેલ્લા ભવમાં તો ઉત્કૃષ્ટ ચારિત્રની આરાધનાએ અપરંપાર કર્મો તોડી નાખ્યા ! પણ આ ૧૮મા ભવના અશાતા-કર્મનું છેવાડિયું તૂટયું નહિ, અકબંધ ઊભું રહ્યું ! કારણ કે એ નિકાચિત કર્મ હતું તે તપ-સંયમાદિથી તૂટે નહિ, એ તો ભોગવાઇને જ જાય એટલે ભોગવ્યે જ છૂટકો.

હવે સામાન્ય નિયમ એવો છે કે પુણ્યાનુબંધી કર્મ કે પાપાનુબંધી કર્મ જ્યારે ઉદયમાં આવે ત્યારે એની સાથે એ પુણ્યાનુબંધ કે પાપાનુબંધ પણ ઉદયમાં આવે અને પોતાનો ભાવ ભજવે, અર્થાત્ પુણ્યાનુબંધ એ દયા-ક્ષમા-વૈરાગ્ય-દેવગુરુભક્તિ-આદિની સદ્‌બુદ્ધિ કરાવે, સદ્‌વૃત્તિ ધર્મલેશ્યા પ્રગટ કરે. ત્યારે પાપાનુબંધ ઉદયમાં આવી વિષયાશક્તિ, કષાયો, મિથ્યાત્વ અને હિંસાદીની દુર્બુદ્ધિ જગાડે.

આ હિસાબે ત્રિપૃષ્ઠ મરીને સાતમીમાં ગયા તો ત્યાં તીવ્ર કર્મ ભોગવવા સાથે તીવ્ર પાપાનુબંધોથી તીવ્ર ક્રોધાદિ કષાય અને ભયંકર હિંસાની બુદ્ધિ પણ સાથે જ પ્રગટ રહી. એમાં મરીને સિંહ તરીકેનો અવતાર પામ્યા અહીં પણ પાપાનુબંધી જાલિમ કામ કરે છે ! તે હિંસાવૃત્તિ તે કેવી કે જીવતા ને જીવતા હરણિયા ભરખી ખાય છે ! એનું પરિણામ મરીને ચોથી નરકમાં જનમવું પડ્યું.

આમ આ સામાન્ય નિયમ મુજબ પાપાનુબંધી અશાતા વેદનીયકર્મ

ભોગવવાની સાથોસાથ પાપાનુબંધોના ઉદયથી હિંસાદિની દુષ્ટબુદ્ધિ રહી. તો પછી પ્રશ્ન થાય,

પ્ર.-છેલ્લા ભવે કાનમાં ખીલા ઠોકાયા ત્યાં પેલું તીવ્ર અશાતા વેદનીયકર્મ ઉદયમાં આવ્યું તો એની સાથોસાથ એના પાપાનુબંધો કેમ ઉદયમાં ન આવ્યા ? ને કષાય-હિંસાદિની બુદ્ધિ કેમ ન થઇ ? કર્મ તો એ જ હતું જે શય્યાપાલકના કાનમાં ધગધગતું સીસું રેડાવ્યાથી બાંધેલું હતું, ને એ તીવ્ર પાપાનુબંધી બાંધેલું હતું. તો પૂર્વના ભવોમાં સાતમી નરકના ભવથી માંડીને એ કર્મથી અશાતા ભોગવતાં ભોગવતાં, પાપાનુબંધથી દુષ્ટબુદ્ધિ પણ સાથે કરતા ગયેલ તો અહીં કાનમાં ખીલા ઠોકાવા વખતે અશાતાની સાથે દુષ્ટબુદ્ધિ કેમ ન થઇ ?

ઉ.-અહીં ખુલાસો કરવો પડે કે કર્મ ઊભું હતું પણ પાપાનુબંધો વચમાં તોડી નાખેલા તે હવે અહીં આત્મામાં ઊભા જ નથી, ઊભા હોય તો ઉદયમાં આવે ને ? મલિન ભાવ અહીં થયા નથી,' એ જ સૂચવે છે પાપાનુબંધો તોડી નાખેલ. પૂછો-

પ્ર.-મહાવીર પ્રભુએ પાપાનુબંધો ક્યાં અને શી રીતે તોડયા ?

ઉ.-પ્રભુએ પ્રિયમિત્ર ચક્રવર્તીના ભવમાં અને નંદનરાજર્ષિના ભવમાં તથા છેલ્લા ભવમાં, અહિંસા સંયમ-તપ રૂપી સુકૃતોની ઉચ્ચ આરાધના કરી, જન્મ જન્મના દુષ્કૃત્યોની નિંદા-ગર્હા, અફસોસી, તીવ્ર સંતાપ તથા ચાર શરણના સ્વીકારથી પાપાનુબંધી તોડી નાખેલા. કહેશો,-

પ્ર.-આના માટે શાસ્ત્રપ્રમાણ મળે ?

ઉ.-આ તો હકીકત છે એમાં વળી શાસ્ત્ર પ્રમાણની શી જરૂર છે. છતાં હકીકતનું શાસ્ત્ર પ્રમાણ જોઇએ. એ પ્રભુનાં ચરિત્ર શાસ્ત્રો પ્રમાણ તરીકે છે. હકીકત આ છે. 'કાનમાં ખીલા ઠોકાયાની તીવ્ર અશાતા પેલા કર્મના દોષથી આવી છે, પણ ત્યાં સાથે લેશ પણ દુષ્ટબુદ્ધિ-પાપબુદ્ધિ થઇ નથી. આ હકીકત શાસ્ત્રો બતાવે છે, એટલે માનવું જ પડે કે એ પાપાનુબંધી કર્મ નિકાચિત હતું તે ભલે વચમાં ન તૂટી ગયું, *કિન્તુ એની સાથે*ના પાપાનુબંધ તૂટી ગયા.

પાપાનુબંધ શી રીતે તૂટે ?

પાપબુદ્ધિ-પાપવચનો અને કાયિક પાપપ્રવૃત્તિથી ન તૂટે, પણ ધર્મબુદ્ધિ-ધર્મવચન-ધર્મપ્રવૃત્તિથી તુટે. એટલે શાસ્ત્રે આપેલ હકીકત પરથી આ જ ફલિત થાય છે કે વચ્ચેના આરાધનાના ભવોમાં ધર્મની આરાધનાથી પાપાનુબંધો તોડી

નાખેલા, માટે જ છેલ્લા ભવે એ રહેલા જ નહિ ! એટલે યાં દુષ્ટબુદ્ધિ કષાયો વગેરે થયું નહિ. આ એ પણ સૂચવે છે, કે-

કર્મ નિકાચિત હતું પણ અનુબંધ નિકાચિત હતા નહિ. એટલે અહીં જો સવાલ થાય કે-

પ્ર.-ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવે તીવ્ર રાગદ્વેષના સંકલેશથી કર્મ નિકાચિત બાધ્યું તો સાથે સાથે શું પાપાનુબંધી નિકાચિત નહિ બાંધેલા ?

ઉ.-તો આના સમાધાનમાં કહેવું પડે કે પાપાનુબંધ વચ્ચે તૂટી ગયા છે. એ સૂચવે છે કે એ નિકાચિત નહોતા. અનુબંધ શું છે? સંસ્કાર છે. શુભાનુબંધ-પુણ્યાનુબંધ એટલે શુભસંસ્કાર ધર્મસંસ્કાર ગુણસંસ્કાર, ને અશુભાનુબંધ-પાપાનુબંધ એટલે અશુભસંસ્કાર પાપસંસ્કાર...એ વિપરીત ભાવથી તૂટી શકે છે અને પછી કાંઇ અવશ્ય ભોગવવાના રહેતા નથી. એ સૂચવે છે કે એ નિકાચિત નથી ત્યારે પૂછવાનું મન થશે કે-

પ્ર-અમે શુભભાવ કરીએ છીએ, ધર્મપ્રવૃત્તિ કરીએ છીએ તો અમારા પાપાનુબંધ કેમ તુટતા નથી? ને કેમ ઊભા રહી રહી પાપબુદ્ધિ ને કષાયાદિ કરાવી જાય છે ? માટે માનવું પડે ને કે એ નિકાચિત પાપાનુબંધ લઇ આવ્યા છીએ?

ઉ.-ના, અહીં સમજવાનું છે કે એ પાપાનુબંધ પાપસંસ્કાર નિકાચિત નહિ પણ ઉગ્ર છે, અને

**ઉગ્ર પાપાનુબંધ તોડવા માટે ઊંચા શુભભાવ અને ઊંચી શુભકરણી જોઇએ.**

પણ સામાન્ય શુભભાવ-શુભકરણીથી એ કામ ન પતે. દા.ત. નિયમ કહ્યો 'દૂધમાં સાકર નાખવાથી દૂધ ગળ્યું થાય.' હવે ૧૦ લીટર દૂધમાં ૧૦ ગ્રામ સાકર નાખી તો દૂધ ગળ્યું થતું નથી, તો નિયમ ખોટો ? ના, નિયમ ખોટો નથી, પણ નિયમમાં ગર્ભિત છે કે દૂધમાં સાકર એટલે પ્રમાણસર સાકર નાખવાથી દૂધ ગળ્યું થાય.

બસ, આ જ પ્રમાણે અહીં સમજવાનું છે કે 'શુભભાવ અને શુભપ્રવૃત્તિથી અશુભ સંસ્કાર તુટે' આ નિયમમાં ગર્ભિત છે કે જેવા ઉગ્ર-મધ્યમ-મંદ પાપાનુબંધ, એને તોડવા માટે તેવા ઉગ્ર-મધ્યમ-મંદ શુભભાવ શુભપ્રવૃત્તિ જોઇએ. પાપાનુબંધ ઉગ્ર હોય અને શુભ ભાવ મંદ મામૂલી કરવામાં આવે તો એનાથી ઉગ્ર પાપાનુબંધી શેના તુટે? માટે કહો, આપણા પાપાનુબંધ નિકાચિત નહિ કિન્તુ ઉગ્ર છે, ને બીજી બાજુ આપણા શુભભાવ, પાપસંતાપ, ચાર શરણ-સ્વીકાર અને દયા-જિનભક્તિ આદિ સુકૃત-સેવન મંદ છે ! મામૂલી છે ! પછી એનાથી ઉગ્ર પાપાનુબંધો શે

તુટે ? એ તો તીવ્ર સાધના અને તીવ્ર ઊંચા શુભભાવ જીવનમાં લાવો તો તીવ્ર અનુબંધોને પણ મર્યે જ છૂટકો છે.

કહે છે ને કહે 'પ્રભુ બધું માફ કરવા તૈયાર છે.' અહીં 'પ્રભુ' એટલે કર્મ. કર્મ બધું માફ કરવા તૈયાર છે, પરંતુ તમે જે જોસથી પાપો કરેલા છે તેટલા જોસથી ધર્મસાધના કરો, તો કર્મ માફ કરે. જુઓ, ત્રિપૃષ્ઠ વાસુદેવે તીવ્ર વિષયાશક્તિ અને ઉગ્ર કષાયો તથા હિંસાદિ પાપોથી અશુભ સંસ્કારો ઊભા કરેલા, પણ તેટલા શું, કદાચ તેથી વધુ જોશથી પ્રિયમિત્ર ચક્રવર્તી અને નંદન રાજાના ભવમાં ચારિત્ર લઇને ત્યાગ, વૈરાગ્ય, ઉપશમ, અહિંસા, સંમય વગેરેની સાધનાઓ આચરેલી, તો ગુના માફ થયા, અર્થાત્ પાપાનુબંધો તૂટ્યા. જાણો છો ને કે નંદન રાજર્ષિના ભવમાં એક લાખ વરસ સુધી માસખમણ ને પારણે માસખમણ એટલે કે કુલ ૧૧ લાખ ૮૦ હજાર ઉપર માસખમણ કરેલા ! પછી પાપાનુબંધોના ભુક્કા કેમ ન બોલે ? અને પછી લેશ પણ દુર્બુદ્ધિ ગમે તેવા ઘોર અશાતાના ઉદયમાં પણ શાની ઊઠે ?

**કર્મના અશુભ અનુબંધ તોડી નાખ્યા પછી કર્મના ઉદય બુદ્ધિ બગાડી શકતા નથી.**

બુદ્ધિ ન બગડે તો ભવના ફેરા ક્યાંથી વધે ? માટે

**કર્મક્ષય કરતાં અશુભાનુબંધ-ક્ષય પર મુખ્ય ચોંટ રાખો.**

મુખ્ય ચોંટ શાના પર રાખવાની ? કર્મ તોડવા કરતાં અશુભ અનુબંધના ક્ષય પર એટલે કે દુર્બુદ્ધિક્ષય પર.

એ શી રીતે થાય? અરિહંતાદિ શરણ સ્વીકાર પાપસંતાપ અને સુકૃત-સેવનથી પાપાનુબંધનો ક્ષય થાય. ફલતઃ દુર્બુદ્ધિનો ક્ષય થાય. આમ દુર્બુદ્ધિ ક્ષય માટે આ ત્રણ વસ્તુ કરવાની કહી, એમાં પૂછવાનું કે 'આ સુકૃત કેમ કરવા જાઉં છું ? તો કે એમાંથી

❀ ❀ ❀ ❀ ❀ ❀

પાપાનુબંધ તુટે છે માટે' એણે આ આપ્યું કે દાન એ સુકૃત છે, 'દાન કેમ કરો છો ?' તો કે પાપાનુબંધ તોડવા માટે. 'દાનથી મારા પાપાનુબંધ તૂટે એ માટે અર્થાત્ મારી દુર્બુદ્ધિઓ તૂટે એ માટે દાન કરું, શીલ પાળુ, વ્રત-નિયમ આદરું, સાધુસેવા કરું, દયા કરું, દેવદર્શનાદિ જિનભક્તિ કરું...બધું પાપાનુબંધો અને પાપબુદ્ધિઓ તોડવા માટે કરું.'

**બધાજ સુકૃત આચરતાં આ લક્ષ્ય, આ ઉદ્દેશ, આ આશય કે દુર્બુદ્ધિઓ-પાપબુદ્ધિઓ ખત્મ થાય.**

**જો જો દુર્બુદ્ધિઓમાં શું શું આવે ?**

(૧) ક્રોધ અભિમાન વગેરે કષાયોની બુદ્ધિ એ દુર્બુદ્ધિ.

(૨) ઇન્દ્રિયના વિષયો પ્રત્યે રાગ કે દ્વેષની બુદ્ધિ એ દુર્બુદ્ધિ.

(૩) મૈત્રી-કરુણા-પ્રમોદને બદલે વૈર-વિરોધ-ક્રૂરતા-કઠોરતા-ઇર્ષ્યા-નિંદા વગેરેની બુદ્ધિ એ દુર્બુદ્ધિ.

(૪) હિંસા-જુઠ અનીતિ વગેરેની બુદ્ધિ એ દુર્બુદ્ધિ.

(૫) માત્ર પરસ્ત્રી એક જોવાની પણ બુદ્ધિ એ દુર્બુદ્ધિ. અર્થાત્ પરસ્ત્રી દર્શનની આતુરતા એ દુર્બુદ્ધિ.

(૬) પરસ્ત્રી પર આંખ લઇ જવાની વૃત્તિ એ દુર્બુદ્ધિ.

(૭) પરસ્ત્રી દર્શને મનને આનંદ એ દુર્બુદ્ધિ.

(૮) અરે ! કોઇ પણ ઇન્દ્રિયને વિષય સંબંધમાં થતી શાતા ને આનંદમાં હાશનો ભાવ એ દુર્બુદ્ધિ.

દા.ત. પેંડો મોંમાં મૂક્યો એના મીઠા સ્વાદથી મનને થયું 'હાશ ! સરસ મિઠાશ !' આ ભાવ એ દુર્બુદ્ધિ. એવું જ પ્રતિકૂળ રસમાં ખેદ થાય, દા.ત. 'હાય ! આ કડવી બદામ, કડવી વખ દવા ક્યાં આવી ? આ વધુ મીઠાવાળી ખારી ખારી દાળ ક્યાં આવી ?' એમ ખેદ થાય એ દુર્બુદ્ધિ. 'આવી બધી દુર્બુદ્ધિઓ પડતી મૂકવા માટે અટકાવવા માટે ધર્મ આચરવાનો', આ લક્ષ્ય જો નજર સામે ને નજર સામે રહ્યા કરે, તો પછી જીવન જીવતાં દુર્બુદ્ધિઓનો પાવર કેટલો રહે? કેટલો રખાય?

**મોક્ષનો જ આશય યાદ રાખવાનો ? કે દુર્બુદ્ધિ નાશનો પણ ?**

'મારે દુર્બુદ્ધિ નાશ થાઓ' એ લક્ષ્ય લક્ષમાં લાવ્યા ત્યાં 'મારો મોક્ષ મોક્ષનો આશય ક્યાં એ વખતે ધ્યાનમાં છે? તો શું આ દુર્બુદ્ધિ-નાશના આશયથી દેવદર્શનાદિ ધર્મક્રિયા કરી, એ શું ધર્મ ન કર્યો? પાપ કર્યું? 'ધર્મ મોક્ષ માટે જ થાય મોક્ષ સિવાય બીજો કોઇપણ આશય રખાય જ નહિ' એવો જ એક આગ્રહ રાખ્યા કરે 'મોક્ષ સિવાયના બીજા કોઇપણ આશયથી ધર્મક્રિયા કરે એ ધર્મ નથી' એમ માન્યા કરે, એ ધર્મ ઉપર પણ અધર્મનો સિક્કો લગાડવાના પાપમાં નહિ પડે? કેમકે મોક્ષ સિવાયનો આશય દુર્બુદ્ધિનાશનો આશય છે, એ આશયથી ધર્મક્રિયા કરે છે એ ધર્મ જ કરે છે છતાં એના પર અધર્મનો સિક્કો લગાડવાનું થાય.

'એક મોક્ષનો જ આશય રખાય, મોક્ષનો જ આશય રખાય' એમ ગાતાં ગાતાં શું કરશો? જાણો છો? 'દર્શનથી મારે મોક્ષ જોઇએ છે, પૂજાથી મારે મોક્ષ

જોઇએ છે, તપથી મારે મોક્ષ જોઇએ છે,' એજ એક ધૂન રાખનારના હાલ જુઓ કે જીવનમાં કષાયો, રાગદ્વેષ, આહારાદિ સંજ્ઞાઓ, ધનલાલસા, ભોગ પિપાસા, વાસના, વિકારો વગેરે દુર્બુદ્ધિઓ કેટકેટલી એમ જ ભરી પડી છે? કેમ વારુ? કહો ધર્મ કરીને દુર્બુદ્ધિ ટાળવાનું લક્ષ્ય જ નથી બાંધ્યું, એટલે એ શી રીતે ટળે ?

**જીવનમાં જેનું લક્ષ્ય નહિ, એ વસ્તુ સાધવાની લગન નહિ રહે, એના યોગ્ય જોરદાર ઉદ્યમ નહિ થાય.**

**મોક્ષનો આશય છતાં કેવા ભૂલા પડાય ?**

દા.ત. જો પૈસા કમાવવાનું જ લક્ષ્ય છે, પણ અસત્ય-અનીતિ-વિશ્વાસઘાતની દુર્બુદ્ધિ ટાળવાનું લક્ષ્ય જ નથી, તો એ તો મનમનામણું કરશે કે 'આપણે મોક્ષનું લક્ષ્ય રાખ્યું છે, ને મોક્ષ એ ચારિત્ર સિવાય મળવાનો નથી, પણ હમણાં કાંઇ ચારિત્ર લેવાય એમ નથી, એટલે હમણાં તો ઘરવાસમાં છીએ, તો એમાં તો વેપાર-ધંધા વર્તમાનકાળ હિસાબે જૂઠ અનીતિ-દ્રોહ વગેરેથી ચાલે છે એમ ચાલવા દો. એથી કાંઇ આપણા દિલમાં મોક્ષના લક્ષ્યને વાંધો નથી આવતો. અંતે તો આપણે ચારિત્ર ને મોક્ષ જ જોઇએ છે. મોક્ષ સારો, સંસાર ભૂંડો', આમ મનમનામણું કરશે ! આવાના જીવનમાંથી દુર્બુદ્ધિ ખસે ?

**દુર્બુદ્ધિ ટાળવાનું લક્ષ્ય તારણહાર :-**

ત્યારે દુર્બુદ્ધિ ટાળવાનું લક્ષ્ય રાખ્યું હોય એ તો ધર્મ કરતો જાય ને ફળમાં જોતો જાય 'દુર્બુદ્ધિ કાંક ઓછી થઇ ? એ જો ઓછી ન થઇ તો હાય ! મારો ધર્મ કરેલો એળે ગયો !' ધર્મ સિવાયના સાંસારિક કામો વખતે પણ આ જોયા કરશે કે 'દુર્બુદ્ધિ ઓછી રહે છે ને?' કેમકે લક્ષ્ય એનું બાંધ્યું છે. એકલું મોક્ષના લક્ષ્યનું ગીતડું ગાનારાને આ ક્યાં જોવાનું છે ? એણે તો નિરાંત વાળી છે કે 'મોક્ષ તો ચારિત્ર લઇશું ત્યારે જ મળશે, હમણાં કાંઇ ચારિત્ર લેવાય એમ નથી, તેથી હમણાં તો જેમ ચાલે છે એમ ચાલવા દો' યાને ક્યાં દુર્બુદ્ધિ ટાળવા પર ઝોક જ છે? પૂછો-

પ્ર.-પણ ખરેખરા મોક્ષના આશયમાં દુર્બુદ્ધિ ટાળવાનો આશય આવી જાય ને?

ઉ.-જો એમ સમજતો હોય તો તો દુર્બુદ્ધિ રોકવા પર કેટકેટલી જહેમત હોય? હજી એમ કહો કે દુર્બુદ્ધિ ટાળવાના આશયમાં પરંપરાએ મોક્ષનો આશય લાવી શકાય, એટલે મુખ્ય લક્ષ્ય દુર્બુદ્ધિ ટાળવાનું બાંધ્યું હોય ત્યાં પરંપરાએ મોક્ષનું લક્ષ્ય રહે, અને દુર્બુદ્ધિ ટાળવાનું મુખ્ય લક્ષ્ય હોવાથી એ દુર્બુદ્ધિત્યાગ સાધવા વારેવારે જાગૃતિ રહે.

**એકલા મોક્ષના લક્ષ્યવાળાની સ્થિતિ :-**

એકલા મોક્ષના જ મુખ્ય લક્ષ્યવાળો દાન દેશે પણ કાતરી વેતરીને 'ઓછામાં પતે તો સારું' એ ભાવથી દેશે ! મનને મનાવશે કે 'આપણે કાંઇ આ દાનથી માન-કીર્તિ કે પૈસા-ટકાદિનું સંસારસુખ નથી જોઇતું આપણે તો મોક્ષ માટે જ દાન કરીએ છીએ.' એને એ ખ્યાલ ક્યાંથી આવે કે 'અલ્યા પણ આ તું સંસારના કાર્યમાં ખરચતાં કાતરવા-વેતરવાનું નથી કરતો, ને અહીં જ ધર્મમાં કેમ કાતરવા-વેતરવાનું કરે છે ? એ કરે છે એમાં તારી ધનમૂર્ચ્છા, દાન દેવા છતાં, કેવી અકબંધ ઊભી રહે છે ? ધનની મૂર્ચ્છા એ દુર્બુદ્ધિ છે. એ ધર્મ કરતી વખતે યે પોષવાની ?' આ ખ્યાલ એને આવે નહિ.

**ધનમૂર્ચ્છાની દુર્બુદ્ધિ તોડવાના લક્ષ્યવાળો શું વિચારશે ?**

એ તો જેણે દુર્બુદ્ધિ ટાળવાનું મુખ્ય લક્ષ્ય બાંધ્યું હોય એને એમ થાય કે ''રુડું દાન દઉં તે ધનની મૂર્ચ્છાની દુર્બુદ્ધિ તોડવા માટે દઉં, તેથી ધર્મના કાર્યમાં ખરચતાં શું કામ કાતરવા-વેતરવાનું કરું ? શા સારુ કૃપણતા કરું ? ધર્મમાં પૈસા વધુ ખરચાશે એટલી ધનમૂર્ચ્છાની દુર્બુદ્ધિ ઓછી થશે, ને પહોંચ નહિ હોય તો સંસારના કાર્યમાં વેતરણ કરીશ, લહેર ઓછી ઉડાવીશ, આડાઅવળા ખરચા ઓછા કરીશ તો ત્યાં પણ મોજવિલાસની દુર્બુદ્ધિ પર કાપ પડશે. એટલે મારે તો ડબલ ફાયદો ! ધનમૂર્ચ્છાની દુર્બુદ્ધિ ય કપાય, ને ભોગવિલાસની દુર્બુદ્ધિ કપાય.''

આ ભાવ કોણ લાવી શકે ? ધર્મ કરીને દુર્બુદ્ધિ તોડવાનું મુખ્ય લક્ષ્ય બાંધ્યું હોય એ, નહિતર એકલી મોક્ષની જ રટણા કરનારો આ ખ્યાલ ક્યાંથી કરી શકે ?

**એકલા મોક્ષના લક્ષ્યમાં બીજી આપત્તિ :-**

એકલું મોક્ષ લક્ષ્ય રાખનાર કદાચ ભૂલો પડે તો એને ધર્મના ફળમાં શંકા થવાનો સંભવ છે. માનો કે એ ધર્મપ્રવૃત્તિ કર્યે જાય છે, એમાં શરીર તપથી દૂબળું પડ્યું, કે ધનને કર્મ-સંજોગે ફટકો પડ્યો, ત્યારે એના મનને એમ શંકા થવા સંભવ છે કે 'અરે ! જબ્બર તપ કરીને આ કાયા ઓગાળી નાખી, પૈસા પણ બહુ ખરચી નાખ્યા, પણ આ ધર્મનું કાંઇ ફળ મને મળશે કે નહિ ? કેમકે મોક્ષ તો ચારિત્રથી મળવાનો છે, તો આ દાન-તપ વગેરેથી કાંઇ મળશે ખરું ?' આમ એકલા મોક્ષની રટણા કરનારને અર્થાત્ માત્ર અંતિમ મોક્ષનું જ લક્ષ્ય રાખનારને ધર્મના ફળમાં શંકા થવા સંભવ છે.

ત્યારે દુર્બુદ્ધિ નષ્ટ કરવાના લક્ષ્યથી જે ધર્મ કરે છે એણે તો લક્ષ્ય જ આ બાંધ્યું છે, એટલે ધર્મ કરતાં કરતાં ય ફળમાં આ જ જોયા કરે છે, 'મારી દુર્બુદ્ધિ કપાતી આવે છે ને ? દુર્બુદ્ધિ ઓછી થઇને સદ્બુદ્ધિ-ધર્મબુદ્ધિ ઘડાતી આવે છે ને ?'

અને એવું મુખ્ય પાકું લક્ષ્ય રાખ્યું એને તો દુર્બુદ્ધિ જરૂર ઓછી થતી આવવાની. એટલે એ તો ધર્મ કરી કરીને દુર્બુદ્ધિહ્રાસનું આ ફળ સીઝતું જોઇ એને તો ધર્મ કર્યો તે સફલ જ થયો લાગે છે. દુર્બુદ્ધિ ઓછી ઓછી થવા રૂપ ફળ નીપજ્યું જ દેખાય છે, પછી એને શંકા જ શાની થાય કે 'મારે ધર્મ કરેલાનું ફળ મળશે કે નહિ ?' દુર્બુદ્ધિઓ ઓછી થતી ગઇ એ જ ફળ મળી ગયું દેખાય છે. વાત આ છે-

**ધર્મના ફળ તરીકે એક માત્ર મોક્ષ જેવું દૂરનું ફળ એકલા લક્ષ્ય તરીકે રાખવામાં નજીકમાં કાંઇ પામવાનું સાધવાનું મન પર રહેતું નથી ત્યારે**

**દુર્બુદ્ધિનાશ-પાપાનુબંધનાશ-જિનાજ્ઞાપાલન - જિનભક્તિ. પાપથી એટલો બચાવ, માનવ કર્તવ્યપાલન, ચિત્ત-સમાધિ...વગેરે નજીકના ફળનું લક્ષ્ય રાખવાથી એ સાધવા તરફ મનની જાગૃતિ રહે છે.**

આપણી વાત એ હતી કે-

પ્ર.-પૂર્વના પાપાનુબંધ નડતા હોય તો ધર્મભાવના-ધર્મબુદ્ધિ જ ક્યાંથી થાય? અને એ ન થાય તો ધર્મપ્રવૃત્તિ પણ શી રીતે થાય?

ઉ.-એના પર આ ખુલાસો કર્યો કે પાપાનુબંધથી હૈયે દાનાદિ ધર્મની બુદ્ધિ ન થવા છતાં કુલાચાર, વડિલનાં દાક્ષિણ્ય, પત્ની કે મિત્રના આગ્રહ વગેરેના માથે ભારથી, યા જિનાજ્ઞાના માથે ભાર રાખ્યાથી દાનાદિની પ્રવૃત્તિ થાય, પુરુષાર્થશક્તિ ધર્મપ્રવૃત્તિમાં અજમાવાય.

પાપાનુબંધ એટલે અશુભ પ્રારબ્ધ, એ અંતરમાં શુભભાવ ન જાગવા દે એટલું જ, પરંતુ એની સામે પેલા કુલાચાર વગેરે કોઇના મન પર ભાર-દાક્ષિણ્ય આગ્રહ પુરુષાર્થ શક્તિને કામ કરવા દે છે. એથી ધર્મપ્રવૃત્તિ થાય. આમ પ્રારબ્ધની સાથે પુરુષાર્થશક્તિ કામ કરી જાય છે. એમ કહેતા નહિ-

પ્ર.-ભાવ વિના ધર્મ થઇ શકે ?

ઉ.-હા, થઇ શકે. ભાવ વિના બાળક માતા-પિતાની પાછળ પાછળ દહેરે જાય છે, ઉપાશ્રયે જાય છે. કેટલાક બાળક વળી મોટા દહાડે બેસણું-એકાસણું તપ કરે છે. વ્યાખ્યાન સભામાં ટીપનો પ્રસંગ આવે તો અંતરના ભાવ વિના પણ ટીપમાં લખાવે છે, દાનધર્મની પ્રવૃત્તિ કરે છે. 'નારી પ્રેર્યા વળી નિજ કુલવટ ધર્મી ધર્મ સખાઇ' સ્નાત્ર પૂજામાં આ બોલો છો એનો ભાવ શો છે? આ જ કે ભગવાનના *જન્મ કલ્યાણક મેરુ પર ઉજવવાનો પ્રસંગ આવે ત્યારે સમકિતી દેવ હોય એ તો 'આતમ ભક્તિ મળ્યા કેઇ દેવા' પોતાની સહજ પ્રભુભક્તિથી જાય છે,* પરંતુ

અંતરમાં એવા ભક્તિના ભાવ નથી છતાં કેટલાક નારી-પ્રેર્યા અર્થાત્ રૂપાળી વહાલી દેવીની પ્રેરણાથી જન્માભિષેક ઉજવવા જાય છે. ત્યારે બીજા વળી નિજકુલવટના ભારથી ઉજવવા જાય છે. કેટલાક વળી ધર્મી મિત્રદેવના આગ્રહથી અગર એનાં સંતોષની ખાતર ઉજવવા જાય છે.

બોલો, આ બધી ધર્મપ્રવૃત્તિ થઇ કે નહિ? આમાં હૃદયના એવા ધર્મના ભાવ છે ખરા? કે વિષયોના રંગરાગ કરતાં આ પ્રભુભક્તિ લાખ દરજ્જે સારી, માટે રંગરાગ મૂકી લાવ ભક્તિ કરવા જાઉં ! એવા ભાવ છે ? એ હોત તો તો દેવી કે મિત્રની પ્રેરણા વિના સ્વતઃ ઊભા થઇ જઇ ભક્તિ અર્થે ચાલવા માંડત.

આ બતાવે છે કે ભલે તમને કદાચ પાપાનુબંધ પાપસંસ્કાર યાને મોહના સંસ્કાર નડતા હોય તેથી સ્વતઃ ધર્મનો સહેજે સહેજે ભાવ ન ઊઠતો હોય, તોય 'હું શ્રાવિકાનો દીકરો છું તો મારે આ આ ધર્મ પ્રવૃત્તિ કરવી જ જોઇએ' એ વિચારથી, અથવા

**'ધર્મપ્રવૃત્તિમાં જો નહિ રહું તો પાપ પ્રવૃત્તિ ઊલટા પાપાનુબંધ પુષ્ટ કરશે-વધારશે !**

**ને એમાં તો ભવાંતરે કદાચ દુર્ગતિ થાય, ને ત્યાં આ પુષ્ટ પાપાનુબંધોથી મારી દુર્દશાનો પાર ન રહે !**

સંભવ છે એમાં હું મહાજીવહિંસક મહાપાતકી મહાવિષયલાલચુ વગેરે બની જાઉં !' આ વિચારથી પણ ધર્મપ્રવૃત્તિ કરવી જોઇએ.

ધર્મપ્રવૃત્તિ એ સત્પુરુષાર્થ-શક્તિનો ઉપયોગ છે. એ કરતાં કરતાં પાપાનુબંધો કપાતા તૂટતા આવે છે, ઘસાતા આવે છે, ને એ બહુ મંદ પડી જતાં સહજ ધર્મબુદ્ધિ સ્ફુરવા માંડે છે. મન મનાવીને પણ દાન દેતા રહેનારને, બેસણા-એકાસણા-આયંબિલ વગેરે તપ કરતા રહેનારને આ અનુભવ છે કે પહેલાં તો સહજ ધર્મરુચિ જાગ્રત્ થઇને ધર્મ કરતા રહેવાનું થાય છે. આમ પુરુષાર્થશક્તિનો પાપાનુબંધો પર વિજય થાય છે.

**પ્રભુએ શાસન સ્થાપી મોક્ષમાર્ગ ઉપદેશ્યો છે, એ પ્રારબ્ધ સામે ન જોતાં-બેસતાં મોક્ષ-માર્ગનો પુરુષાર્થ કરવા માટે ઉપદેશ્યો છે.** એ સૂચવે છે-

## શ્રી શાન્તિનાથ ભવ-૧૦મો મેઘરથ-દઢરથ

(૧) પ્રારબ્ધ ઉપર પુરુષાર્થનો વિજય છે, તેમજ

(૨) પુરુષાર્થ કરો એ કાંઇ ને કાંઇ ફળ નિપજાવે જ છે.

(૧) પુરુષાર્થ કર્યે જાઓ, પ્રારબ્ધ અંતે વિખરાઇ જશે.

**શાલિભદ્ર ચારિત્ર માટે પુણ્યોદય જોવા ન બેઠા :-**

શાલિભદ્ર-ધનાજી-જંબૂકુમાર વગેરે જેવા પણ જ્યાં મોકો મળ્યો કે ચારિત્ર તપના પુરુષાર્થમાં લાગી ગયા ! ત્યાં પ્રારબ્ધ જોવા ન ઊભા કે 'આપણા કર્મ અનુકુળ છે? આપણા પ્રારબ્ધમાં દીક્ષા છે?' એ જોવા ઊભા હોત, તો મનમાન્યો જવાબ મળત. મન કહેત 'ચારિત્રના કેટલા જબ્બર કષ્ટ ! આપણી પુણ્યાઇમાં ભારે સુકોમલ કાયા અને લચપચતા સુખોની સગવડોથી સુખશીલતા છે. આ બધું કાંઇ ચારિત્ર અને તપને અનુકૂળ નહિ. વળી માતાને સંભાળવી રહી. આમાં આપણને ચારિત્ર માટે પ્રારબ્ધ ક્યાં અનુકૂળ કહેવાય?' પરંતુ શાલિભદ્ર વગેરેએ આવું કાંઇજ વિચાર્યું નહિ એમણે તો ઊલટું વિચાર્યું કે,

**શાલિભદ્રે શું વિચાર્યું ?**

**જગતમાં ચારિત્ર માટે એક જ ભવ છે મનુષ્યભવ.**

માનવભવ મળ્યો છે એજ મોટી પ્રારબ્ધની અનુકૂળતા છે અને ચારિત્ર એટલે કે સર્વ પાપત્યાગ માટે શરીર કાંઇ આડે આવતું નથી. શરીર સુકોમળ હોય છતાં જો આત્મપુરુષાર્થ બળવાન બને તો આત્મા ખડતલ બને છે, ને શરીરની સુકોમળતા એક બાજુ મૂકી દે છે. એ માટે તીર્થંકર ભગવાનનું મોટું આલંબન છે, જેમણે ભગીરથ પુરુષાર્થ વિકસાવ્યા છે. એ મળ્યા પછી શરીરસુંવાળાશ ને સુખશીલતાને શા ગણવા હતા? એ ગણતા રહેવામાં જો અમૂલ્ય અને અતિદુર્લભ માનવભવ ચાલી ગયો, તો પછી હલકા ભવમાં કાં તો સુંવાળી એટલે કે અસહિષ્ણુ કાયા તો મળવાની પણ માર ખવરાવનારી ! અથવા જો ખડતલ કાયા મળશે તો ય ત્યાં સર્વ પાપત્યાગ રૂપ ચારિત્ર ક્યાં છે ?''

શાલિભદ્ર જેવાની આ વિચારસરણી એ પણ માનસિક પુરુષાર્થ છે. ત્યાં પ્રારબ્ધ ક્યાં નડ્યું ? બસ, તન-મન-ધન અને વચનથી સત્ પુરુષાર્થ કરો, તો પ્રારબ્ધને વશ થયે છૂટકો છે. તો પૂછો-

પ્ર.-શ્રેણિક પુત્ર નંદીષેણ દેવીએ ના પાડી કે 'હજી તારે ભોગાવલિકર્મ બાકી છે અર્થાત્ ભોગનું પ્રબળ પ્રારબ્ધ ઊભું છે, માટે હમણાં ચારિત્રનો પુરુષાર્થ રહેવા દે,' છતાં નંદીષેણે 'એ પ્રારબ્ધ મને શું કરવાનું હતું ? ભગવાનના ત્યાગ-તપના પુરુષાર્થથી એ પ્રારબ્ધને તોડી નાખીશ,' એમ કરી ચારિત્ર લીધું, ચારિત્ર-તપનો પુરુષાર્થ ય ઘણો કર્યો, પરંતુ કેમ એથી પ્રારબ્ધ પર વિજય ન થયો ? ને

પ્રારબ્ધે એમને કેમ પછાડી ચારિત્ર મૂકાવી વેશ્યાને ત્યાં બેસાડ્યા ? ચારિત્રનો પુરુષાર્થ નિષ્ફળ જ ગયો ને ?'

૭૦-અહીં આપણી બીજી વાત આવીને ઊભી રહે છે-

**(૨) સત્પુરુષાર્થ નિષ્ફળ નથી જતો : ફળ પાપાનુબંધનાશ.**

નંદીષેણનું ચારિત્ર, ત્યાગ અને તપસ્યા નિષ્ફળ ગયા જ નથી, કેમકે એ બધાનું મહાન ફળ એ આવ્યું કે એમના ભોગાવલિકર્મ યાને ભોગપ્રારબ્ધ ભલે નિકાચિત હોઇ નાશ ન પામ્યાં પરંતુ એમના પાપાનુબંધો પાપસંસ્કારો ભરચક નાશ પામ્યા. માટે તો વેશ્યાને ત્યાં બેસતા પહેલાં એ શરત મૂકી કે 'દસ જણને બૂઝવ્યા પછી જ હું ભોજન કરીશ' એવી વેશ્યા સાથે શરત કરવાની સદ્બુદ્ધિ રહી, એ પાપાનુબંધ નષ્ટ કરેલા એનું પરિણામ હતું. શું વેશ્યાને ત્યાં ચાહીને બેસી જવું ને આ શરત કરવી એ સહેલી વાત છે? ને શું તે પ્રમાણે રોજ ને રોજ અમલ કરવો સહેલો છે? પરંતુ પાપાનુબંધ તૂટી ગયા હોય, શુભાનુબંધ ઊભા થઇ ગયા હોય, એટલે આ સદ્બુદ્ધિ સહેલી છે.

પેલી શરતનો અમલ કરે ત્યારે મન કેવું હોય? શું 'લાવ, દસને બૂઝવી દઉં એટલે મારે ભોજન થાય, ખાવાનું ખુલ્લું થાય' એવું મન હોય? માનો કે બાધા હોય કે મારે પ્રભુનાં દર્શન કર્યા વિના ખાવું નહિ' અને સવારે દર્શન કરવા જાઓ ત્યારે કયા ભાવથી? 'લાવ, દર્શન કર્યા વિના વપરાશે નહિ, માટે દર્શન કરી આવવા દે' આ જ ભાવ ને? એટલે દર્શન કરવા જતાં દર્શન કરવાનો ભાવ ખરો, પણ મુખ્ય ભાવ 'ખાવાનું ખુલ્લું થાય' એજ ઇંતેજારીનો ને? આમાં સદ્બુદ્ધિ શી ? તો,

**અહીં સદ્બુદ્ધિ કેવી હોય ?**

આવી, કે 'અહો ! વીતરાગ પ્રભુનો મારા પર અનંત ઉપકાર છે. એમના જ પ્રભાવે હું આટલો ઊંચે આવ્યો છું. તો હવે દિવસનો મંગળપ્રારંભ એ અનંતોપકારી પ્રભુનું દર્શન-વંદન કરીને કરું.' આ સદ્બુદ્ધિ થાય, અથવા 'લાવ, રાત આખી પ્રમાદમાં ગઇ, વીતરાગ પ્રભુનાં દર્શન વિના ગઇ, તો હવે વીતરાગનાં દર્શન કરવા જાઉં જેથી પાપો ટળે, રાગાદિ મોળા પડે અને સદ્બુદ્ધિ મળે, સારું થયું કે દર્શન વિના નહિ ખાવાનો નિયમ રાખ્યો તો મારે નિયમિત વહેલી સવારે પ્રભુનું દર્શન થાય છે !' આમાં મુખ્યતા પ્રભુના પ્રેમની અને દર્શનના પ્રેમની થઇ.

ત્યારે 'ચાલો દર્શન કરી આવીએ એટલે નવકારશી વપરાય' એમાં ખાવાની વૃત્તિની મુખ્યતા ઘટે, ખાવાના પ્રેમની મુખ્યતા થઇ એમાં અલબત સાથે દર્શનનો

પ્રેમ છે, પરંતુ એ ગૌણ છે, કેમકે ખાવાનું ખુલ્લું કરવા માટે દર્શને જાય છે એટલે તો જો પોરિસી પચ્ચક્ખાણ હશે તો સંભવ છે વહેલી સવારે એને દર્શન કરવા જવાની ઉતાવળ નહિ હોય ! સંભવ છે કે એ જલ્દી દર્શન કરવા જવા આળસી જશે ! મન માનશે કે 'આજે ક્યાં નવકારશી કરવી છે? તેથી દર્શને જવાની શી ઉતાવળ છે ? બીજા કામ છે એ પતાવી દઉં, પછી પોરિસી પહેલાં પૂજા દર્શન સાથે પતાવીશ' આનો મતલબ શો થયો? આ જ કે 'પોરિસી ખાવાનું ખુલ્લું કરવા માટે એ વખતે દર્શને જવાનું', એમ મન સમજે છે.

**પ્રભુદર્શનનો હેતુ :-**

ત્યારે દર્શનની મુખ્યતાવાળાને તો વહેલી સવારથી દર્શનની ઉતાવળ છે, ઝંખના છે, 'ક્યારે મંદિરે જાઉં કે મારા અનંત ઉપકારી પરમાત્માનાં દર્શન કરી આત્માને પાવન કરું ! મને ઠેઠ નિગોદમાંથી અહીં સુધી ઊંચે ચડવામાં અસાધારણ ઉપકાર મારા ભગવાનનો છે. અરિહંતના પ્રભાવે જ હું આટલો બધો ઊંચો આવ્યો છું. આગળ પણ એમના જ પ્રભાવે ઊંચે ઊંચે ઠેઠ મોક્ષ સુધી પહોંચવાનો છું. અહીં પણ રોજ મને મારા પ્રભુ દર્શન આપીને પણ મહાઉપકાર કરી રહ્યા છે. તો દિવસનો મંગળપ્રારંભ પ્રભુનાં દર્શનથી કરું. દિવસનું પહેલામાં પહેલું કાર્ય મારે પ્રભુદર્શનનું.'' હૈયામાં આવા ભાવ રમતા હોય એનો દર્શન કરવા જવામાં ખાવાનું ખુલ્લું કરવાનો કશો ઉદ્દેશ નથી.

આજ હિસાબ પર વેશ્યાને ત્યાં જઇ બેઠેલા નંદીષેણને રોજ દશ જણને પ્રતિબોધ કરવામાં ભોજન ખુલ્લું કરવાનો કશો ઉદ્દેશ નથી. કે 'દશ જણને પ્રતિબોધું એટલે મારે ભોજન કરવાનું ખુલ્લું થાય, મારે ભોજન કરી શકાય'. અહીં સવાલ થશે-

પ્ર.-તો પછી વેશ્યાને ત્યાં રહ્યા કેમ દશને પ્રતિબોધ કરવાનું કામ પહેલા કરતા હતા ? દશને બુઝવવામાં શો ઉદ્દેશ હતો ?

ઉ.-કહો (૧) એક તો પોતાના ચારિત્ર રોકનારા મોહનીયકર્મ તોડવા છે, જેથી એ જલ્દી તૂટ્યે જલ્દી વેશ્યાને ત્યાંથી છૂટકારો થઇ ચારિત્રમાર્ગે ચડી જવાય. (૨) બીજો ઉદ્દેશ એ હોય કે 'અહીં પાપમાં પડ્યો છું તો પાપનું થોડું વળતર વાળવા દશને પાપમાંથી બહાર કાઢુ' રોજ દશને બુઝવવામાં આ બંને પવિત્ર ઉદ્દેશ છે. દુષ્કૃત્યનું પરિમાર્જન કરવા શક્ય સારું કરી છૂટવાની બુદ્ધિ અને ધર્મ-સુકૃત કરવા આડે નડતા મોહનીયકર્મને તોડવા એ સુકૃતથી નીચેના બીજા કોઇ શક્ય સુકૃતનો સત્પુરુષાર્થ કરવાની બુદ્ધિ, એ બંને પવિત્ર બુદ્ધિ છે, નિર્મળ ભાવ છે. એ

નિર્મળ ભાવ શી રીતે આવ્યા ? કહો, આ પૂર્વની તપ-સંયમની વિશુદ્ધ સાધનાથી પાપાનુબંધો તોડી નાખેલા, તેથી અલબત્ નિકાચિત ભોગાવલિકર્મ એટલે મોહનીયકર્મ, અવિરતિકર્મ, ભોગાસક્તિકર્મ ઉદયમાં છે એટલે ભોગની આસક્તિ પ્રગટ થઇ છે, પરંતુ એ વખતે હૈયામાં એકલી ભોગસુખોની મસ્તી નથી, કિન્તુ દશ જણને ભોગસુખોમાંથી ઊભો કરી દેવાની તાલાવેલી છે. કહો-

**અશુભ પાપાનુબંધવાળાને એકલી ભોગની મસ્તી હોય, ભોગની લગન હોય, પણ ભોગવિલાસના પાપનો કશો ખેદ નહિ.**

**શુભાનુબંધવાળાને ભોગાદિ પાપના ખેદ સાથે કંઇક સારું કરી લેવાની લગન હોય.**

નંદીષેણનો મહાન આત્મા શુભાનુબંધવાળો છે એટલે એમને વેશ્યાના ભોગનો ખેદ છે અને દશ જણને ભોગમુક્ત કરવાની તાલાવેલી છે. એમણે પાપાનુબંધો તોડી નાખ્યા છે. ક્યાં તોડી નાખ્યા ? કહો, (૧) એક તો પૂર્વભવે નિરાશંસ ભાવે મુનિઓને સુપાત્રદાન દેતાં ભારે હરખ માણ્યો છે અને બીજું એ કે અહીં, વેશ્યાને ત્યાં બેસતા પહેલાં જે ચારિત્ર સુંદર પાળ્યું અને એમાંય જે એકમાત્ર કર્મક્ષયના હેતુથી પ્રખર ત્યાગ અને તપ કર્યા, એનાથી પાપાનુબંધો તોડી નાખ્યા છે.

**આમાં હવે બોલો, ચારિત્ર ભાંગ્યા પહેલાનું ચારિત્ર નિષ્ફળ ગયું ? કે મહાન ફળ પેદા કરનારું બન્યું ?**

પાપાનુબંધો તોડ્યા છે માટે વેશ્યાને ત્યાં ય જાગ્રત્ છે. બાકી તો પાપાનુબંધો ઉદયમાં હોય એ કેટલા બધા ભયંકર નીવડે ? આવા જે ભયંકર પાપાનુબંધોનો ક્ષય ચારિત્રપાલનથી સાધ્યો, ચારિત્રનું એ ફળ કેવું ? સામાન્ય ફળ ? કે મહાન મહાન ફળ ? એટલે એ ફળ લાવનાર ચારિત્ર નિષ્ફળ ગયું ? કે મહાન સફળ થયું ? આ જો હવે સમજી ગયા હો તો કદી મનમાં લાવશો નહિ કે 'ચારિત્રથી પડનારનું ચારિત્ર નિષ્ફળ ગયું. 'લ્યો નંદીષેણે દેવીના ના કહેવા છતાં મોટે ઉપાડે ચારિત્ર લીધું તો અંતે પડવું પડ્યું ! ને ચારિત્ર નિષ્ફળ ગયું' આવું બોલશો નહિ, કે મનમાં પણ લાવશો નહિ. આ જોજો ને આ બોલજો, કે-

**નંદીષેણનું ચારિત્ર નિષ્ફળ નથી ગયું, પરંતુ એણે તીવ્ર પાપાનુબંધો તોડવાનું મહાન ફળ ઊભું કર્યું છે.**

આપણે કોઇપણ ધર્મસાધના કરીએ એમાં 'એનું ફળ મળશે કે નહિ ?' આવી ધર્મના ફળમાં શંકાનો દોષ સેવવાની જરૂર જ નથી, કેમકે પ્રખર પાપાનુબંધો તૂટવાનું મહાન ફળ મળે જ છે. તરત જ આ ફળ નીપજે છે.

**પાપાનુબંધનાશ એ મહાન સિદ્ધિ છે.**

આત્મામાં ખડકાયેલા પડેલા અને પાપબુદ્ધિ કરાવનારા પાપાનુબંધોનો-પાપસંસ્કારોનો નાશ થતો આવે એ જીવનમાં એક મહાન સિદ્ધિ છે. કેમકે એથી હવે, પાપાનુબંધથી જે પાપબુદ્ધિ થવાની હતી તે નહિ થાય. એ મોહ પર મોટો વિજય થયો. એટલે જ પાપાનુબંધનાશ એ નક્કર ફળ નીપજતું જોઇ એ કામ કરો.

(૧) ક્યારેય ધર્મના ફળમાં શંકાય કરવાની નહિ, તેમજ

(૨) ક્યારેય બીજા જેટલો જોરદાર ધર્મ ન થઇ શકતો હોય યા પોતે પહેલાં શક્તિ હતી ત્યારે જોરદાર ધર્મસાધના કરેલી પણ હવે શક્તિ ઘટી ગઇ છે, અગર સંજોગ બાધક છે, માટે જોરદાર ધર્મસાધના નથી થઇ શકતી, તો પણ નિરાશ થવાની ય જરૂર નથી. કેમકે

**શુદ્ધ ભાવથી જે કંઇ યથાશક્તિ ધર્મસુકૃત થાય છે એનાથી પાપાનુબંધોના ક્ષયનું મહાન ફળ આવે છે. પછી નિરાશા શી કરવી ?**

**વળી સાધનામાં શુદ્ધ ભાવ જેટલા પ્રબળ, એટલા વિશેષ પાપાનુબંધ તુટે.**

એટલે પહેલાં શક્તિ હતી ત્યારે ઉપવાસ પ્રબળ શુદ્ધ ભાવથી કરી પ્રબળ પાપાનુબંધ ક્ષય કરતા હતા, પણ હવે એકાસણાની જ શક્તિ હોઇ એકાસણું જ કરીએ છીએ, પરંતુ એમાં શુદ્ધ ભાવ પ્રબળ છે તો પાપાનુબંધ ક્ષય પણ પ્રબળ થવાનો. ઓછા ધર્મમાં પણ જો આવું સુંદર ફળ આવતું હોય તો શા માટે નિરાશ થવાનું હોય કે 'હાય ! મારાથી ધર્મ બહુ ઓછો થાય છે !'

શક્તિ પહોંચતી હતી ત્યારે મોટી રકમનાં દાન દીધાં હતાં, હવે એટલી પહોંચ નથી તેથી નાની રકમનાં જ દાન કરાય છે, તો ફિકર નહિ કરવાની, નિરાશા નહિ અનુભવવાની, કેમકે નાનાં દાન-સુકૃતમાં પણ હૃદયમાં શુદ્ધ ભાવ જો પ્રબળ છે તો પ્રબળ પાપાનુબંધ ક્ષય થઇ જ રહ્યો છે. અને

**ધર્મ-સુકૃતનું પ્રબળ પાપાનુબંધ-ક્ષય તથા શુભાનુબંધ કમાઇ જેવું બીજું સુંદર ફળ નથી.**

કેમકે આગળ પર દુષ્ટબુદ્ધિઓ પાપબુદ્ધિઓ કષાયથી બુદ્ધિઓ અટકવાનું પાપાનુબંધ-ક્ષય પર અવલંબે છે, તથા સુંદર સદ્‌બુદ્ધિઓ થવાનું શુભાનુબંધ ઉપર અવલંબે છે. ત્યારે અહીં અને આગળ પર આ બે બની જાય. (૧) પાપબુદ્ધિઓ અટકી જાય અને (૨) સદ્‌બુદ્ધિઓ સ્ફુર્યા કરે પછી બીજું જોઇએ જ શું ? એના પર જ અસત્ પુરુષાર્થ અટકી જવાના અને સત્ પુરુષાર્થ કૂદકે ને ભૂસકે વધતા રહેવાના

એથી જ કહેવાય કે

**નિકટમાં મોક્ષ સુધી પહોંચી જવાનો મૂળ પાયો પાપાનુબંધ ક્ષય.**

જુઓ પૂર્વ પુરુષનાં ચરિત્ર. એક ભવમાં ધર્મ-સુકૃત શરૂ કર્યું તે ધર્મસાધના નાની જ શરૂ કરી, પણ પછી ૨-૩-૪-૫ ભવમાં જ મોક્ષ પામી ગયા ! એ કેમ બન્યું ? કહો એ પ્રારંભની ધર્મસાધના પ્રબળ શુદ્ધ ભાવથી કરી તેથી પાપાનુબંધો એવા તોડ્યા, એવા તોડ્યા કે પછીના ભવે દુષ્ટબુદ્ધિઓ લગભગ લોપ પામી ગઇ. પૂર્વની સાધનાના પુણ્યથી બીજા ભવે સુખ-વૈભવ મોટા મળ્યા છતાં એમાં એવી તીવ્ર આસક્તિ-લંપટતા વગેરે દુષ્ટબુદ્ધિ જ જાગી નહિ. તેમ અવસર આવ્યો તો સુખ-વૈભવમાં ચિટકી રહેવાની દુષ્ટબુદ્ધિ ય નહિ.

**શુભ-અશુભ અનુબંધનાં ફળ :-**

પૂર્વે પ્રબળ શુદ્ધ ભાવે કરેલી ધર્મસાધનાથી પ્રબળ પાપાનુબંધ ક્ષય કર્યો એનું આ ફળ દુષ્ટબુદ્ધિઓનો અભાવ, ને એનું ફળ દુષ્કૃત્યોનો અભાવ.

તેમજ પૂર્વે પ્રબળ શુદ્ધ ભાવે ધર્મસાધના કરી એનું બીજું ફળ શુભાનુબંધોની જમાવટ.

એ પ્રબળ શુભાનુબંધોથી અહીં પ્રબળ સદ્‌બુદ્ધિ ! તે એવી કે જે ઉચ્ચ કોટિના ધર્મ પુરૂષાર્થ કરાવે.

**તરવાનું છે દુષ્ટબુદ્ધિના અભાવથી અને સદ્‌બુદ્ધિના વિકાસથી.**

**તે થાય પાપાનુબંધ-ક્ષયથી અને શુભાનુબંધ-વિકાસથી, તથા એ થાય પ્રબળ શુભ ભાવવાળા સુકૃતથી.**

જુઓ શુદ્ધ ભાવના ધર્મસુકૃત-ધર્મસાધનાથી સુદર્શન શેઠના જીવ પૂર્વ ભવે નોકરને શું થયું ? એ માત્ર 'નમો અરિહંતાણ'ની રટણા લઇ બેઠેલો. એ રટણા પાછી પ્રબળ શુદ્ધ ભાવથી હતી તેથી ત્યારે પાપાનુબંધોનો ક્ષય એવો પ્રબળ કર્યો કે પછીના ભવે એ જ ઘરમાં એ જ શેઠનો સુદર્શન તરીકે પુત્ર થયો અને આગળ જતાં એમને અભયારાણીએ ફસાવ્યા, કલંક ચડાવ્યું ! રાજા શેઠને પૂછે છે 'બોલો તમારે શું કહેવું છે ?' તો 'લાવ રાણીના પ્રપંચની સાચી વાત કહી દેવા દે, પછી કદાચ રાજા એના પર ગુસ્સે થઇ એને મારે તો મારે, એમાં મારે શું ? માર ખાશે તો એના પાપે'. આવી દુર્બુદ્ધિ ના થઇ. કેમ વારુ ? પાપાનુબંધ તોડી ને આવ્યા છે. દુર્બુદ્ધિ કરાવનાર પાપાનુબંધ છે, એ હવે છે નહિ, તો દુર્બુદ્ધિ ય થઇ નહિ, ઉપરથી રાણી પર પણ દયાભાવ જ રહ્યો. પૂછો,-

પ્ર૦-શૂળીની સજા પામેલા સુદર્શન શેઠને રાણી પર દયાભાવ હતો ?

ઉ૦-હા, દયાભાવ હતો. માટે તો જ્યારે શાસન દેવતાએ શૂળી પર સિંહાસન બનાવી દીધું અને આકાશવાણી કરી કે 'હે મૂર્ખ રાજા ! તારી લુચ્ચી રાણીના પ્રપંચને જોતો નથી ને પવિત્ર અને નિર્દોષ સુદર્શન શેઠને શૂળીની સજા ઠોકે છે ? તારા રાણીવાસના રક્ષક કોટવાલને રાતનો પ્રપંચ પૂછ્યા વિના આ ધર્માત્મા શેઠ પર લુચ્ચી રાણીનો જુઠો આરોપ સાચો માની લીધો ?'

આ આકાશવાણી સાંભળીને રાજા તો પ્રાણપ્રિય લુચ્ચી રાણી પર ભયંકર ગુસ્સે થઇ ગયો, પરંતુ સુદર્શન શેઠને શું થયું ? 'હાશ ! ચાલો આપણા વગર બોલ્યે આપોઆપ રાણીનો ભંડો ફૂટયો અને આપણા માથેથી ખોટો આરોપ ઊતરી ગયો !' એમ 'હાશ !' થયું ? ના, હાશ નહિ પણ હાય થઇ, કે 'હાય ! આ ભરમ ખુલ્લો થવાથી હવે રાણીનું બિચારીનું શું થશે ?' રાણી પર દયા ઉપજી.

રાણી પર આફત આવવાની ચિંતા થઇ પણ પોતે આફતથી બચી ગયાની નિરાંત નહિ ! કેમકે એમની આવી સમજ છે કે-

**દયાભાવ કઇ ભાવનાથી ? :-**

''શરીર તો નાશવંત છે, એટલે આમેય એક દિવસ નષ્ટ તો થવાનું જ હતું, તે જરાક વહેલું નષ્ટ થાય છે. એટલે એની કશી અફસોસી નહિ કરવાની. આપણે તો અહિંસાવ્રતનો આશય સચવાય છે. કેમકે રાણીની હિંસા નીપજે એ હિંસામાં નિમિત્ત થાય એવા બોલ આપણે બોલવા નથી. મારા સાચા ખુલાસાના બોલનું નિમિત્ત પામી રાજા રાણી પર ગુસ્સે થાય, તો એ બિચારીની હિંસા થાય.'' આમ 'એ બિચારી' એ બિચારી' એમ ચિંતન કરવામાં શેઠને રાણી પર ઉભરતો દયાભાવ છે.

આવા જાત-કલંક અને શૂળી જેવા સંયોગમાં દુશ્મન પર દયાભાવ ? હા, **ભયંકર દુશ્મન પર દયાભાવ એ માનવ હૃદયનો ઉચ્ચ કોટિનો સદુપયોગ છે.**

❀ ❀ ❀ ❀ ❀ ❀

**દ્વેષ-હિંસાભાવ વગેરે વિચારવા માટેનાં હૃદય આ જગતમાં ઘણા જીવોના, પરંતુ ઉચ્ચ દયાભાવ, અહિંસાભાવ. ક્ષમાભાવ વગેરે વિચારવા માટેનું હૃદય એકમાત્ર માનવનું.**

તો આ હૃદયમાં આ ઉચ્ચ દયાભાવ જ રખાય.

પ્ર.-સુદર્શન શેઠને ક્યાંથી આટલો બધો ઉચ્ચ દયાભાવ ?

ઉ.-પૂર્વના ને અહીંના ઉચ્ચ અશુભાનુબંધ-ક્ષય અને ઉચ્ચ શુભાનુબંધનો

આ પ્રભાવ છે કે ઉચ્ચ દયાભાવ કપરા સંયોગમાં પણ ઝગમગાવે છે.

અશુભ અનુબંધથી અશુભ ભાવ.

શુભ અનુબંધથી શુભ ભાવ.

સુદર્શન શેઠના પૂર્વ ભવે નવકારના પ્રથમ પદની ખૂબ ઊંચા શુભ ભાવે રટણા કરવાના સુકૃત-સેવનથી શુભાનુબંધ ઊભા થયેલા છે અને આ ભવમાં ઉચ્ચ સમ્યકત્વ સહિત ઊંચા શુભ ભાવે શ્રાવક ધર્મનાં સુકૃત-સેવનથી શુભ અનુબંધ ઊભા થયેલા છે, પછી એ ઉચ્ચ કોટિના શુભ ભાવ આવે એમાં નવાઇ નથી. તમને ને મને જો એથી વિપરીત ભાવ આવતા હોય તો સમજી રાખવાનું કે અશુભાનુબંધોનું પોટલું લઇ આવ્યા છીએ

**જીવન-કર્તવ્ય :-**

બસ, સારાંશ આ છે કે જીવનમાંથી બને તેટલા દુષ્કૃત સેવવા જ બંધ કરો અને અનિવાર્ય સેવાઇ જતા દુષ્કૃતનો ભારે ખેદ-સંતાપ રાખો, તેમજ વિચારમાં, વાણીમાં અને વર્તાવમાં એમ ત્રિવિધે જ્યાં જ્યાં શક્ય હોય ત્યાં ત્યાં દયા જિનભક્તિ વગેરેનાં સુકૃત ઉતારતા રહો.

જો આ શક્ય વધુ દુષ્કૃત-ત્યાગ, દુષ્કૃત-સંતાપ અને ભરચક ત્રિવિધ સુકૃત-સેવન કરવાની અહીં મળેલી અતિ દુર્લભ પુરુષાર્થશક્તિને કામે લગાડી દેવામાં આવે, તો પાપાનુબંધો મટે અને પુણ્યાનુબંધો વિકસે એટલે પછી અશુભ પ્રારબ્ધ બિચારું મરવા જ પડ્યું છે.

**ધર્મ નિષ્ફળ જતો જ નથી :-**

આ હિસાબે જોઇએ તો નિર્મલ ભાવે કરેલી કોઇ પણ ધર્મસાધના અને ધર્મ-સુકૃત નિષ્ફળ જતું જ નથી, કેમકે એમાંથી અશુભાનુબંધ-નાશ અને શુભાનુબંધ વિકાસ થયે જ જાય છે. ત્યારે આ કાંઇ જેવું તેવું ફળ છે ? મહાન ફળ છે. માટે જ જીવનભર ધર્મ કર્યે ગયા અને બાહ્યથી દરિદ્રતા-અપયશ-અનાદર વગેરે દુઃખ ઊભા રહ્યાં તો ત્યાં જરાય નહિ માનવાનું કે 'મારો ધર્મ કાંઇ ફળ્યો નહિ' આંતરિક અશુભ અનુબંધ તૂટતા ગયા ને શુભાનુબંધ ઊભા થતા ગયા એ જ ધર્મનું મોટું ફળ છે.

**વીર પ્રભુ શેના પર જીવન જીતી ગયા ?**

મહાવીર ભગવાન જેવા પણ આના ઉપર જ જીવન જીતી ગયા. પ્રભુ એકલા કઠોર તપ પર નથી જીતી ગયા, પરંતુ તપની સાથે સાથે જીવલેણ દુશ્મન પર પણ સ્નેહ-વાત્સલ્યભાવ, ક્ષમાભાવ, કરુણાભાવ, સમતાભાવ વગેરે શુભ ભાવ જ

રાખેલા, એના પર જીવન જીતી ગયા છે.

જો તપની કઠોર સાધના તો હોત, પરંતુ ઉપસર્ગ પરીસહમાં ભાગેડાપણું અને ખેદ-કંટાળો હોત, તો કાંઇ જીવન જીતી શકે નહિ અને જો અશુભ અનુબંધો હોત તો એ ધરાર મલિન ભાવો કરાવ્યા વિના રહે નહિ. પરંતુ અશુભ અનુબંધો આત્માના સ્ટોકમાં જ હતા નહિ, તેથી ક્યાંથી અશુભ ભાવ જાગે ? તેમ શુભાનુબંધો ભરચક હતા, તેથી ઉચ્ચ કોટિના શુભ ભાવો પ્રભુના દિલમાં કેમ રમતા ન રહે ? શુભ ભાવ અંતરમાં રમતા જ રહ્યા, ગમે તેવા કપરા સંયોગમાં પણ શુભ ભાવને જ હૈયામાં સ્થાન હતું, અશુભને નહિ એ સૂચવે છે કે અશુભ અનુબંધો ધર્મથી તૂટે.

જુઓને ચંડકોશિયા સાપે પ્રભુ પર ઓછું કર્યું છે ? છતાં પ્રભુના અંતરમાં એના પર નીતરતા કરુણાભાવ સિવાય બીજું કાંઇ છે જ નહિ, તો બોલો

**પ્રભુને કોણે જીતાડ્યા ?**

ખાલી તપસ્યાએ નહિ, કિન્તુ મુખ્યપણે અશુભ ભાવના રોકાણ અને શુભ ભાવની જાહોજલાલીએ પ્રભુને જીતાડ્યા. તપ હોત છતાં આ બે ન હોત તો જીવન જીતી જાત નહિ.

પ્ર.-તો શું તપસ્યા ન કરવી ?

ઉ.-ના, ન કરવી એમ નહિ, કિન્તુ અશુભ ભાવની અટકાયત અને શુભ ભાવના વિકાસ અર્થે તપ કરવો. એટલે ?

**ધર્મ કરવામાં મહાન ઉદ્દેશ અશુભ ભાવની અટકાયત અને શુભ ભાવના વિકાસનો રખાય.**

તપ કરવામાં આ લક્ષ્ય રાખવું કે,-'મારામાં અશુભ ભાવ અટકી જાય અને શુભ ભાવ જાગતા રહે. તપ નથી કરતો તો આહારસંજ્ઞાના અશુભ ભાવ રહ્યા કરે છે, ને તપ કરું તો કમમાં કમ તપના કાળ પૂરતું એ અશુભ ભાવ રોકાય, એમ (૧) તપના આનંદના અને અનુમોદનાના શુભ ભાવ રહે, (૨) જિનાજ્ઞા-પાલનના શુભ ભાવ રહે, (૩) તપમાં વિશેષ જિનભક્તિ, બ્રહ્મચર્ય આદિના શુભ ભાવ રહે, (૪) 'ચાલો તપ કરશું તો, ભોજન બનાવવા નિમિત્તના આરંભ-સમારંભમાં થતી જીવહિંસા તપના હિસાબે અટકીને જીવ દયા પળાશે' એમ શુભ ભાવ રહે.

અલબત આમાં અશુભ ભાવ અટકાવી શુભ ભાવ જાગતા રાખવાની વાત આવી, અર્થાત્ આંતરિક ભાવની વાત આવી, પરંતુ તેથી કાંઇ બાહ્ય તપ નકામો ન ઠર્યો.

બાહ્ય તપ કરે તો જ આ આંતરિક ભાવોનું કાર્ય બની આવે, માટે બાહ્ય તપનું

**કેટલું બધું મહત્ત્વ છે !**

એટલે સમજાશે કે તપ નકામો છે એવું નથી કે તપ ન કરવો એવું નથી, પરંતુ બાહ્ય તપ આ લક્ષ્યથી જરૂરાજરૂર કરવો.

જેને બાહ્ય તપ નથી એ આહારસંજ્ઞાના અશુભ ભાવ શી રીતે રોકી શકે ? તેમજ તપમાં જિનાજ્ઞા પાળ્યાનાં શુભ ભાવ શી રીતે લાવી શકે ? કેમકે જિનાજ્ઞા એમ નથી કહેતી કે 'ભલે તમે માલ-મેવા-મિઠાઇ ખાવો, પરંતુ અંતરમાં તમારા ભાવ ચોક્ખા રાખો એટલે તમારો મોક્ષ થઇ જશે' જિનાજ્ઞા જો આમ કહેતી હોય તો તો ખુદ જિનેશ્વર ભગવાનને દીક્ષા લઇને શું ભાવ ચોક્ખા રાખવાનું નહોતું આવડતું તે એમણે ઉપવાસો વગેરે તપસ્યા આદરી ? શું ગાદીએ બેસીને રહેવાનું ન કરતાં વર્ષોના વર્ષો સુધી કાઉસ્સગ્ગનાં ભારે કાયકષ્ટ ઉપાડવાનું કર્યું તે સમજ વિના કર્યું ? શું એમને બહારથી આરંભ-સમારંભ ને વિષયસંગ ચાલુ રાખી અંદરથી દયાભાવ-અહિંસાભાવ-અલિપ્તભાવ રાખતા નહોતા આવડતા તે ઘરવાસ ને કુટુંબ છોડી નીકળી પડ્યા ? **ભગવાને જોરદાર કષ્ટમય બાહ્ય સાધનાઓ કેમ ઉપાડી ? કહો, એનાથી જે અશુભ ભાવોની અટકાયત અને શુભ ભાવોની જાગૃતિ જોઇ માટે.**

વાત આ છે-સદા બાહ્ય તપ આચરતા રહો, એની જરાય ઉપેક્ષા ન કરો, તો અંતરમાં એનાથી અશુભ ભાવો રોકાય ને શુભ ભાવો ઉલસતા રહે. તપ કરવાનો છે તે આના માટે કરવાનો છે, આના માટે ખાસ જરૂરી જ છે અને તપ આચરતા રહો એટલા પ્રમાણમાં એ સફળ થાય જ છે, અશુભ ભાવ નિરોધ અને શુભ ભાવ જાગૃતિ રૂપ ફળ પેદા કરે જ છે.

**સારુ કર્યું કશું નિષ્ફળ જતું નથી.**

સાધર્મિક-વાત્સલ્ય માટે દૂધપાકનો તાવડો ચૂલે ચડાવ્યો છે, ને એમાં કશી ખટાશ વગેરેનો યોગ થઇ જવાથી દૂધ ફાટી ગયું, તો બધી મહેનત નિષ્ફળ ગઇ ? ના, એ બનાવતાં સાધર્મિક-ભક્તિના જે શુભ ભાવ જાગતા રહ્યા, તેમજ જાત ઉપભોગના અશુભ ભાવ અટક્યા, એ ફળ નીપજી જ ગયું, એનાથી અશુભાનુબંધ ક્ષય અને શુભાનુબંધ પ્રાપ્તિ રૂપ ફળ નીપજી જ ગયું.

**'પુરુષાર્થશક્તિનો પ્રારબ્ધ પર પ્રારબ્ધમાં સંકળાયેલ અશુભાનુબંધ તોડવા દ્વારા વિજય છે,'**

એમ સમજી ધર્મનો પુરુષાર્થ સદા ચકાવતા રહેવું જોઇએ.

**સિંહરથના જીવ રાજગુપ્તે શું કર્યું ? -**

પેલા સિંહરથ રાજાનો જીવ પૂર્વ ભવે રાજગુપ્ત અને એની પત્નીએ મુનિ પાસેથી ૩૨ કલ્યાણકના તપનો ઉપદેશ મેળવ્યા પછી તપાચાર સાથે વીર્યાચાર જોડ્યો. અર્થાત્ તપનો પુરુષાર્થ એમણે એવો ચકાવ્યો કે એમાં એમને વૈરાગ્યભાવના અને ધર્મભાવના વધતી ચાલી, તે ફરીથી મુનિનો યોગ થતાં બંને જણે ચારિત્ર લીધું અને સાધુ-જીવનમાં વર્ધમાન આયંબિલ તપ આદર્યો.

**તપના સ્વાદ આવ્યા પછી તપ વિના દહાડા ગુમાવવાનું ગમે નહિ.**

તપના રસવાળાને તપ વિનાના દહાડા બેકાર લાગે, એળે વહી જતા લાગે. માટે જ તો એને પારણાના દહાડામાં એવો ઉલ્લાસ નહિ, જેવો ઉલ્લાસ તપના દહાડે હોય. રસ શું કામ કરે છે એ દુનિયાના ક્ષેત્રોમાં જુઓ તો ઠામ ઠામ દેખાય છે કે જેનો રસ, એના વિના દિવસ બેકાર લાગે. રસની વાત છે. તપનો રસ લાગવો જોઇએ જેને જેમાં રસ, એમાં એને ઉલ્લાસ-ઉલ્લાસ હોય છે. ખાવકલા માણસને ખાવામાં રસ છે એટલે જમણવારના દહાડે જોઇ લ્યો એનો રંગ ! એ ભારે ઉલ્લાસમાં રહેવાનો. એમ તપના રસવાળો તપના દહાડામાં ઉલ્લાસમાં રહેશે.

**આપણો ઉલ્લાસ ક્યાં રહે છે એ પરથી આપણને શેનો રસ એનું માપ નીકળે છે.**

**એકલા ધનના રસમાં ભોરિંગ બનાય :-**

દેવામાં ઉલ્લાસ હોય એને દાનનો રસ છે. એના બદલે જો એકલું ભેગું કરવામાં ઉલ્લાસ રહે છે, તો સમજવું કે એને ધનનો ઢેર કરવામાં જ રસ છે. આવા રસવાળો મરીને કોઇ ભોરિંગ થઇ દાટેલા ધન પર રાફડો જમાવી બેસે એમાં શી નવાઇ? ત્યાં પછી રસ એવો કે જો કોઇ ભલો ભોળો માણસ સહજ સ્વભાવે રાફડા આગળ જઇ બેઠો, તો પેલો ભોરિંગ વહેમાશે કે 'આ ધન તો લઇ નહિ જાય ?' બસ, વહેમ અને ભયમાં પેલા પ્રવાસી ઉપર ડંખ માર્યો જ સમજો.

ધન-સંગ્રહનો રસ માણસને ક્યાં કેટલો નીચે ઉતારી દે ? ત્યારે દાનના રસવાળાને ધનનો ઢેર કરી રાખી મૂકવા રસ જ નથી, દાન કર્યે જ રાખે છે, એ શું કામ એવો ભોરિંગ થાય?

દાનના રસવાળાને દાનમાં ઉલ્લાસ, એમ તપના રસવાળાને તપમાં ઉલ્લાસ.

**રાજગુપ્તનો વર્ધમાન આંબેલ-તપ :-**

પેલો રાજગુપ્ત વર્ધમાન આયંબિલ તપ ખુશ મિશાલ કર્યે જાય છે. ચિત્તને ભારે ઉલ્લાસ ને ભારે પ્રસન્નતા છે, કેમકે તપનો રસ છે એટલે અથાગ કર્મ-નિર્જરા કરે છે ! અને અથાગ પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જે છે ! મરીને દેવલોકમાં જઇ અહીં

સિંહરથ તરીકે વિદ્યાધર રાજપુત્ર બને છે. પૂર્વના સુકૃત જબરદસ્ત, તેથી પુણ્ય અથાગ છે. એટલે બાપ કરતાં સવાયો થાય છે, વિદ્યાધર ચક્રવર્તી રાજા થાય છે.

શાંતિનાથ ભગવાનનો જીવ પૂર્વના ત્રીજાભવે મેઘરથ રાજા છે, ઉદ્યાનમાં ગયેલા છે, ત્યાં સિંહરથ રાજાએ મેઘરથ રાજાની ભક્તિ કરવા અર્થે વિદ્યાના બળે ભૂતડાનાં ગીત-નૃત્ય સરજેલા એટલે મેઘરથ રાજાની પ્રિયમતી રાણીએ પૂછેલું છે કે 'આને આ આટલી બધી શક્તિ-વૈભવ શી રીતે મળ્યા ? પૂર્વ ભવમાં એણે શી વિશિષ્ટ ધર્મસાધના કરેલી હશે ?'

અહીં રાજા મેઘરથે સિંહરથનો પૂર્વ ભવ કહ્યો છે એ હવે કહે છે કે-'આ રાજારાણી આપણા પિતાશ્રી ઘનરથ તીર્થંકર ભગવાન પાસે ચારિત્ર લઇ સુંદર પાળીને મોક્ષે જનારા છે !'

જુઓ સિંહરથ રાજા પૂર્વ ભવે રાજગુપ્ત એક ગરીબ માણસ હતો, પરંતુ ધર્મનો આશરો લીધો ને ધર્મનો ત્રિવિધ પુરુષાર્થ વધારી ઉત્તરોત્તર ધર્મનો કેવો ઉદય પામતો ગયો !'

**'મારે પુણ્ય નથી એટલે ધર્મ શી રીતે કરું, શી રીતે વધારું ?' આમ બહાનું કાઢનારા જિંદગી આખી પૂરી થશે ત્યાં સુધીમાં શું પામવાના ?**

**કેટલા બધા પુણ્યના ઉદય ચાલુ છે ?**

પુણ્યના ઉદય તો છે જ, એટલે તો મનુષ્યભવ મળ્યો છે, પાંચ ઇન્દ્રિયો પૂરી મળી છે, અદ્‌ભુત વચનશક્તિ ને મનઃશક્તિ મળી છે. પુણ્યના ઉદયે જ કેન્સર, ટી.બી., લકવા જેવો રોગ નહિ, એવું આરોગ્ય મળ્યું છે, પુણ્યના જ ઉદયે દીર્ઘ આયુષ્ય મળ્યું છે, નહિતર માતાના ઉદરમાંથી જ પરલોકે રવાના થયા હોત ! યા જનમ પામતાં જ કે જનમીને ૨-૫ વરસના થતાં ઊડી ગયા હોત ! પુણ્યના ઉદયે જ ખાનપાન, મકાન, વસ્ત્ર મળી રહે છે. પુણ્યના ઉદયે જ મૂંગાપણું નહિ, પણ બોલનારી જીભ મળી છે. પુણ્યોદયે જ મન પાગલ નહિ, પણ સ્વસ્થ મળ્યું છે. ધર્મ કરવા યા વધારવા માટે હવે શું જોઇએ છે કે બહાનું કઢાય કે 'મારે પુણ્યનો ઉદય નથી એટલે ધર્મ શી રીતે થાય ? શી રીતે વધારાય ?' બહાનામાં તો ધર્મ અળખામણો કરી આઘો જ રાખતાં જિંદગી પૂરી થઇ જવાની. પછી કયા કાકાને ત્યાં જઇને ઊભું રહેવાનું ?

**પરલોક ખાતે પુણ્યની ચિઠ્ઠિ ઉપર જ જીવને સદ્‌ગતિ સંઘરે છે.**

વિચારો કે આ રૂડા માનવજનમમાં શી રીતે આવ્યા ? પૂર્વ ભવે પાપો જ કરેલા માટે અહીં આવ્યા? કે ધર્મ કરેલો માટે અહીં આવ્યા? તો હવે અહીં ધર્મ

રીતસર નથી કરવો, પાપો ઠમઠોક કરવા છે, એકલી કાયાથી નહિ, પણ વાણીથી ય પાપો જ કરવા છે, ને મનથી ય પાપો જ કરવા છે તો શું આગળ સદ્‌ગતિ મળવાની ? માટે, આ વાત જ ખોટી છે કે 'પુણ્યનો ઉદય નથી તો ધર્મ શી રીતે થાય ?'

ઉદય પુણ્યનો નહિ પણ ધર્મનો જોવાની જરૂર છે.

**જીવનમાં પુણ્યનો ઉદય કેમ વધે એ ન જુઓ, પરંતુ ધર્મનો ઉદય કેમ વધે એ જુઓ.**

અને તે આપણા હાથની વાત છે. પુણ્યનો ઉદય પુણ્યને આધીન છે, ધર્મનો ઉદય પુરુષાર્થને આધીન છે. પુરુષાર્થ વધારીએ તો ધર્મનો ઉદય વધશે. ભૂલશો નહિ, ધર્મ કાયાના પુરુષાર્થની જેમ વચનનો પુરુષાર્થ વધારવાથી પણ વધે છે, તેમજ મનનો પુરુષાર્થ અર્થાત્ શુભ ભાવો, શુભ ભાવનાઓ અને શુભ વિચારોનો પુરુષાર્થ વધારવાથી પણ ધર્મ વધે છે.

સંતાનોને ધર્મમાં જોડવા હિતશિક્ષા, પ્રેરણા, પ્રોત્સાહન આપો છતાં એમાં કદાચ દીકરા-દીકરી ધર્મમાં ન જોડાય, તો ય ધર્મની હિતશિક્ષા દેવામાં તમારે પોતાને તો ધર્મનો વચન-પુરુષાર્થ થયો જ. એ તમારે ધર્મનો ઉદય વધ્યો.

**ધર્મમાં કાયિક ઓછો પુરુષાર્થ છતાં મનથી પુરુષાર્થ વધારી શકાય-**

એમાં કાયાથી દા.ત. એક જ દેરાસર જવા સમય છે છતાં મનથી પુરુષાર્થ વધારી શકાય, અંતરના ભાવોલ્લાસ વધારાય, ભાવના ઉત્તમ કરાય, વિચારો એના જ વધારાય, તો એ ધર્મનો માનસિક પુરુષાર્થ વધ્યો, ને આ એક જ દેરાસર કરવા છતાં ધર્મનો ઉદય વધારનારું બન્યું ! અર્થાત્ કાયિક પુરુષાર્થમાં ઉદય વધવાનું નહીં સહી, તો મનથી ધર્મનો ઉદય વધાર્યો ગણાય.

જીવનમાં ઘણા અવસર એવા મળે છે જ્યાં કદાચ કાયાથી ધર્મ ન વધારી શકો, પરંતુ વચનથી ધર્મ વધારી શકો. એમ મનના પુરુષાર્થથી ધર્મ વધારી શકો.

**સામાયિકમાં ધર્મપુરુષાર્થ કેમ વધે ? :-**

ધારો કે કાયાથી સામાયિક એક જ થઇ શકે એવું છે, પરંતુ એ સામાયિકમાં વચનથી એક ક્ષણવાર પણ અટક્યા વિના સળંગ સ્વાધ્યાય બોલ્યે જ જઇએ, તો એ ધર્મપુરુષાર્થ વધાર્યો, ધર્મ વધાર્યા ગણાય. એટલે ? જુના સૂત્રો બોલવાની કે નવા સૂત્રો ગોખવાની ગાડી ઉપડી તે ઉપડી ! ઠેઠ સામાયિકનો સમય પૂરો થાય ત્યારે એ બોલવા રટવાનું બંધ પડે.

**સામાયિકમાં ભવ્ય ભાવનાઓ :-**

એમ મનથી પુરુષાર્થ વધારવાનો એટલે ? સામાયિકમાં વિચાર આવે કે 'અહો ! કેવું મારું સદ્‌ભાગ્ય કે મને આ હિંસા-આરંભ-સમારંભ વિષય પરિગ્રહ આદિ પાપવ્યાપારો પ્રતિજ્ઞાબદ્ધ બંધ કરવાનો મોકો મળ્યો ! 'સામાયિક'ના અર્થ સમતાભાવ લાવનારી ક્રિયા અને એ ક્રિયા એટલે ''સાવજ્જં જોગં પચ્ચક્ખામિ'', અર્થાત્ 'પાપવ્યાપાર હું કરીશ નહિ ને કરાવીશ નહિ એવી પ્રતિજ્ઞા કરું છું એ પાપવ્યાપાર મનથી ય નહિ કરું, નહિ કરાવું, વચનથી ય નહિ કરું, નહિ કરાવું, ને કાયાથી ય નહિ કરું, નહિ કરાવું. 'અહો મારી કેવી આ ધન્ય ઘડી કે અનંત અનંતકાળ પાપત્યાગની બાધા વિના પાપવ્યાપારો કરવાની છૂટ રાખી અવિરતિમાં ગળાબૂડ ડૂબેલા મારા આત્માને બે ઘડી માટે પણ વિરતિ-પચ્ચક્ખાણ પ્રતિજ્ઞા લઇને એમાંથી બહાર નીકળવાની સુવર્ણ તક મળી ! અહો ! ત્યારે મને જીવનભર માટે સર્વ પાપવ્યાપારના ત્યાગની પ્રતિજ્ઞા યાને સર્વવિરતિ સ્વીકારવાની અને તે જીવનભર પાળવાની મળે !

મને નિશ્ચિતપણે લાગ્યું છે કે હિંસા-જૂઠ-અનીતિ વગેરેના પાપવ્યાપારો ખરાબ છે. મારે એ સર્વેસર્વા ત્યાજ્ય તરીકે માન્ય છે.

**પાપવ્યાપારની મમતા છોડ્યા વિના સમતા આવે નહિ, ને આત્મામાં ઠરવાનું પરમાત્મામાં ઠરવાનું, ને આત્માની કલ્યાણ પ્રવૃત્તિમાં ઠરવાનું બને નહિ.**

'બૈરી મારી' કર્યા કરું ત્યાં સુધી 'ભગવાન મારા' શી રીતે હૈયે બેસે ?

'પૈસા મારા' કર્યા કરું ત્યાંસુધી 'દાનાદિ ધર્મ મારો' એવું સચોટ લાગવાનું શે બને ?

'વેપાર-રોજગાર વગેરે આરંભ-સમારંભ મારા' એમ હૈયે રાખ્યા કરું ત્યાં હૈયામાં 'જીવદયા-જિનભક્તિ સામાયિક-પોષધાદિ મારા' એવું શી રીતે જચે ?

ખરેખર અરિહંત ભગવાને જીવોના મનનું નિદાન જોઇને આ પ્રતિજ્ઞાબદ્ધ પાપવ્યાપાર-ત્યાગરૂપ સામાયિક ઠીક જ બતાવ્યું છે. આ સામાયિક વિના જીવનો આ દુઃખદ ભવ સંસારમાંથી ઉદ્ધાર થાય જ નહિ. ત્યારે મારે એવી ધન્ય ઘડી ક્યારે આવે કે સમસ્ત પાપવ્યાપારોનો માત્ર બે ઘડી શું, જીવનભર માટે સર્વેસર્વા ત્યાગ કરી દઉં !''

સામાયિકમાં મનથી પુરુષાર્થ વધારવાને માટે આવી આવી વિચારસરણી રખાય, તો ધર્મનો ઉદય વધતો છે કહેવાય.

એવું બીજી પણ ધર્મક્રિયાઓમાં માનસિક શુદ્ધ ભાવ વધારવાની વિચારણા કરાય.

રાજા સિંહરથે પૂર્વ ભવે રાજગુપ્ત શ્રાવક અને મુનિ બની ધર્મના કાયિક-

વાચિક-માનસિક પુરુષાર્થ વિકસાવેલા ! એટલે અઢળક પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જી અહીં રાજા સિંહરથ વિદ્યાધર ચક્રવર્તી બન્યા છે, અઢળક સમૃદ્ધિ પામ્યા છે, ને હવે સંસારની મમતા મૂકી ઘનરથ તીર્થંકર ભગવાન પાસે ચારિત્ર લઇ સુંદર પાળી મોક્ષે જવાના છે.

મેઘરથ મહારાજાએ આ અધિકાર વર્ણવ્યા પછી ત્યાં હાજર વિદ્યાધર સમ્રાટ સિંહરથ રાજા મેઘરથ મહારાજાને પગે પડીને નમસ્કાર કરે છે, મહાઉપકાર માને છે અને વિદાય માગી પરિવાર સાથે પોતાના સ્થાને રવાના થાય છે.

**મેઘરથની ઇન્દ્ર-પ્રશંસા ને દેવપરીક્ષા**

હવે એકવારનો પ્રસંગ એવો બને છે કે ઇશાનઇન્દ્ર પોતાની સભામાં મેઘરથ રાજાના ગુણ ગાય છે. એમાં મેઘરથના ધર્મસત્ત્વની ખૂબ પ્રશંસા કરે છે, કહે છે 'અહો ! મેઘરથ રાજાનું કેવું જબરદસ્ત સુંદર ધર્મ-સત્ત્વ છે કે મોટો દેવતા પણ એમને ચલાયમાન કરી શકે નહિ !'

આ સાંભળીને બીજા દેવતાઓ તો અનુમોદના કરે છે, પણ એક મિથ્યાત્વી દેવથી આ વાત સહન ન થઇ, તે હવે મેઘરથ રાજાને એમના ધર્મસત્ત્વમાંથી ગમે તેમ કરી ચલાયમાન કરવા માટે નીચે ઊતરી આવે છે.

**પારેવું શરણે -**

દેવતા આવે છે ત્યારે રસ્તામાં એક બાજપક્ષી અને પારેવાને ઝઘડતા જુએ છે, એટલે બંનેના શરીરમાં દેવતા પ્રવેશ કરી બંનેને પોતાનાથી અધિષ્ઠિત કરે છે. પછી પારેવું તરફડતું તરફડતું મેઘરથ રાજા પાસે આવે છે. મેઘરથ રાજા એ વખતે પર્વ-તિથિના હિસાબે પૌષધમાં બેઠા છે ત્યાં પારેવું તરફડતું એમના ખોળામાં બેસી જાય છે, ને કંપવા લાગે છે અને મનુષ્યની ભાષામાં બોલે છે-

'મહારાજા ! મહારાજા ! મને બચાવો, બચાવો. મને રક્ષણ આપો, શરણ આપો. નહિતર પેલા બાજપક્ષીથી હું ખત્મ થઇ જઇશ. મને એ પીખી નાખશે, ફેંદી નાખશે, મને ચાવી ખાશે ! માટે મને શરણું આપો !'

રાજા તરત જ કહે છે 'તું નિર્ભય રહે, નિર્ભય રહે, તને મારું શરણ છે. તને જરાય બાધ નહિ આવવા દઉં !;

શું આમ પૂર્વ વિગત જાણ્યા કર્યા વિના શરણું આપવાના એકદમ જ આંધળિયા કરવાના? (ક્રમશઃ)

# ભુવનભાનુ એન્સાઇક્લોપીડિયા ભાગની વિગત

**ભાગ - ૧ થી ૧૦, અગ્રલેખામૃત**

**-: સુકૃત અનુમોદન :-**

કે.પી. સંઘવી પરિવાર, (સ્વદ્રવ્ય) માલગાંવ, સુરત, અમદાવાદ.
શ્રી ધર્મનાથ પો.હે. જૈનનગર જૈન સંઘ (જ્ઞાનખાતા) અમદાવાદ.
શ્રી મુલુંડ ઘોઘારી વિશાશ્રીમાળી જૈન સમાજ (જ્ઞાનખાતા) મુલુંડ, મુંબઇ.
શ્રી નમિનાથ ગૃહ જિનાલય (જ્ઞાનખાતા) ઘાટકોપર-ઇસ્ટ, મુંબઇ

---

**ભાગ - ૧૧ અગ્રલેખામૃત + દિવ્યદર્શન + ગણધરવાદ**

**-: સુકૃત અનુમોદન :-**

શેઠશ્રી ઘેલાભાઇ કરમચંદ સેનિટોરિયમ ટ્રસ્ટ, (જ્ઞાનખાતા), વિલેપાર્લે (વે.) મુંબઇ

---

**ભાગ - ૧૨ સાધર્મિક ભક્તિ + જીવનના આદર્શ + અનંતના પ્રવાસે**

**-: સુકૃત અનુમોદન :-**

શ્રી ગીતાંજલી શ્વે.મૂ.પૂ. જૈન સંઘ, (જ્ઞાનખાતા), બોરીવલી, મુંબઇ

---

**ભાગ - ૧૩/૧૪ શ્રી યોગદષ્ટિ સમુચ્ચય**

---

**ભાગ - ૧૫ શ્રી યોગદષ્ટિ સમુચ્ચય + નિશ્ચય અને વ્યવહાર**

**-: સુકૃત અનુમોદન :-**

શ્રી શાંતિ નિકેતન જૈન સંઘ (જ્ઞાનખાતા), સુરત.

---

**ભાગ-૧૬ અનાથી મુનિ + કલ્યાણ મિત્ર + નમિરાજર્ષિ + અંજનાસુંદરી**

---

**ભાગ-૧૭ સંસારની જડ + જીવનમાં દિશાનું પરિમાણ +**
**+ સંસારના ત્રિવિધ તાપ**

---

**ભાગ-૧૮ દર્શનની ષડ્વિધ કલા + અરિહંત પરમાત્માની ઓળખાણ, જૈન શાસનમાં ભાગવતી દીક્ષાનું સ્થાન + ગૃહસ્થ ધર્મ કેમ દીપે ?**

**-: સુકૃત અનુમોદન :- શ્રી રિદ્ધિ સિદ્ધિ આદર્શ શ્વે.મૂ. જૈન સંઘ**
(જ્ઞાનખાતા) માર્વેરોડ, મલાડ (પશ્ચિમ), મુંબઇ-૬૪.

---

**ભાગ - ૧૯ ધ્યાન અને જીવન**

**-: સુકૃત અનુમોદન :- શ્રી લબ્ધિનિધાન સીમંધરસ્વામી જૈન સંઘ**

ભાગ - ૨૦ ધ્યાન અને જીવન + ચિંતા ચાર પ્રકારની

-: સુકૃત અનુમોદન :-

શ્રી લબ્ધિનિધાન સીમંધરસ્વામી જૈન સંઘની

આરાધક શ્રાવિકાઓ (જ્ઞાનખાતા) એલફીન્સ્ટન, વરલી, મુંબઇ.

---

ભાગ - ૨૧/૨૨/૨૩ શ્રી સમરાદિત્ય કથા

-: સુકૃત અનુમોદન :-

શ્રી નવજીવન શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, (જ્ઞાનખાતા) નવજીવન, મુંબઇ.

---

ભાગ - ૨૪/૨૫/૨૬ શ્રી સમરાદિત્ય કથા

સુકૃત અનુમોદન :- શ્રી વિલેપાર્લે શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ,

એન્ડ ચેરિટી ટ્રસ્ટ (જ્ઞાનખાતા) પાર્લા (ઇ), મુંબઇ.

---

ભાગ - ૨૭ પર્યુષણ પર્વના પ્રવચનો

ભાગ-૨૮/૨૯ મહાસતી સિતાજી

-: સુકૃત અનુમોદન : શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર મંદિર ટ્રસ્ટ (બાહુબલી)

શ્રી કુંભોજગિરિ જૈન તીર્થ (જ્ઞાનખાતા)

---

ભાગ - ૩૦ લલિત વિસ્તરા

ભાગ - ૩૧ શ્રી શાંતિનાથ ભવ ૧ થી ૪

ભાગ - ૩૨ શ્રી શાંતિનાથ ભવ ૪ થી ૬

-: સુકૃત અનુમોદન :-

પૂજ્ય સાધ્વી શ્રી રત્નત્રયીશ્રીજી મ.સા.ની દીક્ષામાં થયેલ (જ્ઞાનખાતા)

---

ભાગ - ૩૩ શ્રી શાંતિનાથ ભવ ૬ થી ૮

ભાગ - ૩૪ શ્રી શાંતિનાથ ભવ ૮ થી ૧૦

ભાગ - ૩૫ શ્રી શાંતિનાથ ભવ ૧૦,

પ્રારબ્ધ પર પુરુષાર્થનો વિજય, ઉબ્બુડો મા પુણો નિબુડ્ડિજ્જા

-: સુકૃત અનુમોદન :-

શ્રી શાંતિ સુધા પાર્ક જૈન સંઘ, ઘાટકોપર (ઇસ્ટ), મુંબઇ. (જ્ઞાનખાતા)

ભુવનભાનુસૂરિ જન્મ શતાબ્દી



# શ્રી શાંતિનાથ ચરિત્ર




SHUBHAY Art
Cell : 98205 30299